અનુક્રમણિકા

ક્રમ	નામ	પાના નં.
૧.	સીતાપુરમાં દીક્ષાનો ડંકો	૧
૨.	સાબરમતી - અમદાવાદ ઓળી	૪
૩.	સુરત ચાતુર્માસ પ્રવેશ - આરાધના	૧૦/૧૨
૪.	વાપી - બે દીક્ષા	૧૬
૫.	ભુવાસણ - દીક્ષા	૧૭
૬.	ખંભાત - અંજનશલાકા	૨૦
૭.	આચાર્ય પદ મહોત્સવ	૩૬
૮.	નડીયાદ - ૯ પ્રવજ્યા, પ્રતિષ્ઠા, પદવી મહોત્સવ	૪૩
૯.	વડોદરા - નિજામપુરા પ્રતિષ્ઠા	૫૦
૧૦.	કલિકુંડ - પ્રતિષ્ઠા	૫૩
૧૧.	સંગમનેર - દીક્ષા	૫૪
૧૨.	પાલનપુર - આરાધના + ઉપધાન	૫૬/૫૮
૧૩.	અમદાવાદ - વિદ્યાશાળા દીક્ષા	૬૩
૧૪.	નવસારી - શિબિર + ગ્રંથ પ્રકાશન (સંભારણા સૂરિપ્રેમના)	૬૪
૧૫.	અમલનેર - બે પ્રતિષ્ઠા, ચાર દીક્ષા-વડી દીક્ષા સ્મૃતિમંદિર ઉદઘાટન + શાસ્ત્ર ભંડાર	૬૯
૧૬.	જલગાંવ - બે આચાર્ય પદવી	૭૮
૧૭.	ભુસાવળ - પ્રતિષ્ઠા	૯૫
૧૮.	સંગમનેર - છ દીક્ષા	૯૮
૧૯.	સંગમનેરથી મંચર	૧૧૦
૨૦.	પૂનામાં પધરામણી	૧૧૬
૨૧.	ઈર્લા (અંધેરી) - યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ વિમોચન	૧૧૮
૨૨.	અહમદનગર - અંજનશલાકા	૧૨૯
૨૩.	જ્ઞાત થતાં અજ્ઞાત આ.જયઘોષસૂરિ મ.સા.	૧૩૭
૨૪.	પૂના - ઉપધાન તપ	૧૪૪
૨૫.	મુંબઈ - ૧૦૦ ઓળીના પારણા + પદવી	૧૪૮
૨૬.	ઘાટકોપર - દીક્ષા	૧૫૧
૨૭.	ઈર્લા (અંધેરી) - ઉપધાન - દીક્ષા	૧૫૪
૨૮.	મુલુન્ડ - મહાપૂજા	૧૬૧

ક્રમ	નામ	પાના નં.
૨૯.	નવસારી - તપોવન પ્રતિષ્ઠા	૧૬૯
૩૦.	૧૦૮ પાર્શ્વનાથ તીર્થદર્શન ભાગ-૧નું વિમોચન	૧૭૫
૩૧.	દક્ષિણ મહારાષ્ટ્ર શાસન પ્રભાવના	૧૭૮
૩૨.	કોલ્હાપુર - ૩ આચાર્ય + ૧ ઉપાધ્યાય પદ પ્રદાન	૧૮૦/૨૨૧
૩૩.	ગુજરાતમાં સેવા કાર્ય	૧૮૬
૩૪.	અમદાવાદ - નારણપુરા આરાધના	૧૯૦
૩૫.	કુંભોજગિરિ - આરાધના	૧૯૭
૩૬.	સાંગલી - અંજનશલાકા	૧૯૯
૩૭.	કુંભોજગિરિથી બેંગલોર - છ'રિ'પાલન યાત્રા સંઘ	૨૦૮
૩૮.	એદલાબાદ પ્રતિષ્ઠા	૨૨૭
૩૯.	ભદ્રાવતી (કર્ણાટક) અંજનશલાકા પ્રતિષ્ઠા	૨૩૦
૪૦.	ભાવનગર શાસન પ્રભાવના	૨૪૩
૪૧.	બેંગલોર - અંજનશલાકા, પ્રતિષ્ઠા	૨૪૬
૪૨.	મદ્રાસ - સ્વાગત + આરાધના	૨૫૪/૨૫૯
૪૩.	મદ્રાસ - દીક્ષા + ઉપધાન	૨૬૫
૪૪.	મદ્રાસ - એગમોર અંજનશલાકા	૨૭૧
૪૫.	કોઈમ્બતુરમાં શાસન પ્રભાવના	૨૭૯/૨૮૩
૪૬.	રાજકોટ - અજબ ગજબનું થયું	૨૮૧
૪૭.	ઈરોડ - અંજનશલાકા, પ્રતિષ્ઠા	૨૮૫
૪૮.	અમદાવાદ - અપૂર્વ ભક્તિ	૨૯૫
૪૯.	બેંગલોર - પાંચદીક્ષા	૩૦૧
૫૦.	હુબલી ધર્મ આરાધના	૩૦૮
૫૧.	નરગુંદ - પ્રતિષ્ઠા	૩૧૨
૫૨.	ગદગ - શાસન પ્રભાવના	૩૧૫
૫૩.	અમદાવાદ - શંખેશ્વર સંઘ	૩૧૯
૫૪.	બીજાપુર - ઉપધાન	૩૨૦
૫૫.	સોલાપુર - ચમત્કાર	૩૨૪
૫૬.	શિરડી - અંજનશલાકા - પ્રતિષ્ઠા	૩૨૭
૫૭.	નાસિક - ધર્મચક્ર તીર્થની સ્થાપના પાંચ ગણિવર્યોને પંન્યાસપદ	૩૩૨
૫૮.	સૂરત - ગોપીપુરા પાવન પગલાં	૩૩૫
૫૯.	ગોરેગાંવ - ગચ્છાધિપતિશ્રી પદાર્પણ	૩૪૦

હજારોના અંતરમાં પ્રકાશ પાથરતો એક યુવાનનો સંસારત્યાગ : સીતાપુરમાં દીક્ષાનો ડંકો

પુણ્યવંતા મહેશની દીક્ષા પ્રસંગમાં ચમકતા મહત્ત્વના મુદ્દા :

દીક્ષાના બે મહિના અગાઉથી જ ગામમાં ઉલ્લાસનું વાતાવરણ, ગામની ભીંતો સંયમના સુવાક્યોથી શોભવા લાગી. ગ્રામ્યજનોની દીક્ષા કમિટી, એક મહિનાથી સમગ્ર ગામમાં અમારી પ્રવર્તન આખા ગામના ૭૦૦ ઘરોએ દીક્ષાર્થીના પગલાં પોતાના ઘરે, અને ઉચિત ભક્તિ, આઠે દિવસ ખેતી બંધ, છએક હજાર માણસોની હાજરી વચ્ચે સામૈયું અત્યંત ભવ્ય. વ્યાખ્યાન, પૂજા, ભાવનામાં જૈનેતર માનવમેદની ચિક્કાર. આખો દિવસ સાધુભગવંતોના દર્શનાર્થે જૈનેતરોના ટોળા જામેલા રહેતા. સાંજે પ્રતિક્રમણ જોવા માટે ઉપાશ્રયે ઈતરો ગોઠવાઈ જતા, જૈનેતરો સાધુને વહોરાવા લઈ જવા પડાપડી, પૂજા આરતી વગેરેના ચડાવામાં ઈતરોએ ઉલ્લાસથી ભાગ લીધો. ગામ લોકોએ તન-મન-ધનનો ભોગ આપ્યો. કોળી અને હરીજન પણ દીક્ષાના ગીતો, વરસીદાનનો વરઘોડો ભારે ઠાઠ દશેક-હજાર માણસ ઘેલું બનેલું હજારોની મેદની વચ્ચે દીક્ષાર્થીનું ગ્રામજનોએ બહુમાન, મહા સુદ-તેરસના દિવસે હજારોની મેદની વચ્ચે દીક્ષા. યુવાનનો આ ત્યાગ જોઈ લોકોની આંખે અશ્રુ-છેલ્લે ત્રણેય દિવસ જૈનેતરોમાં ૪૦ થી ૫૦ આયંબિલ. જૈનેતરોમાં દારૂ-માંસ વગેરેના ત્યાગની પ્રતિજ્ઞા.

દીક્ષાર્થી મહેશનો આછો પરિચય :

B.Com. સુધી વ્યાવહારિક અભ્યાસ કપડવંજની શિબિરમાં એમના પર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની વેધક વાચનાઓથી જાદુઈ કરામત. શિબિર દરમ્યાન આજીવન સિનેમા ત્યાગ અને ઉકાળેલા પાણીનો નિયમ-કૉલેજકાળમાં પણ નિયમો, શ્રી મહાવીર જૈન વિદ્યાલયે શ્રેષ્ઠ વિદ્યાર્થીનો એવોર્ડ, ટંકે ચારથી વધુ દ્રવ્ય ન લેવાનો અભિગ્રહ, મલાડમાં સોળ દીક્ષાના પ્રસંગે દીક્ષાની ભાવના પ્રબળ સંયમની તાલીમરૂપે ગુરુ પાસે રહી તપ અને સ્વાધ્યાયની જોરદાર સાધના, ત્રણ અઠ્ઠાઈ, વર્ધમાનતપની ૧૪ ઓળી, ઉપધાનતપની આરાધના-ઉપધાનમાં પણ નિવી માત્ર બે દ્રવ્ય સાથે, નવસ્મરણ, પ્રકરણો, તત્ત્વાર્થ, સંસ્કૃત બે બુક, કાવ્ય ને સ્વાધ્યાય તીર્થો સમેતશિખરજી આદિની સ્પર્શના.

હજારો અજૈનોના હૈયે જૈન ધર્મ પ્રત્યેનો ભારે અહોભાવ પેદા કરી દેનાર

એક અજોડ દીક્ષા મહોત્સવ સીતાપુર ગામે ઉજવાઈ ગયો. સીતાપુર ગામ બેચરાજીથી ૬ માઈલ વીરમગામ તાલુકાનું રમણીય ગામ છે. ૪ થી ૫ હજારની વસતિવાળું ગામ છે. સંપ્રતિકાલીન શ્રી સંભવનાથ ભગવાનનું શિખરબંધ નયનરમ્ય દહેરાસરથી સુશોભિત આ ગામ છે. જૈનોના માત્ર ૪ ઘર, તેમાં શા. અમૃતલાલ મોહનલાલના શ્રીમંત કુટુંબે દીલની અમીરાઈથી આખા ગામને પોતાના અમૃત જેવા સ્વભાવથી વશ કરેલું. એમાં વળી આ કુટુંબના યૌવનના ઉંબરે પદાર્પણ કરી ચૂકેલા B.Com. સુધી અભ્યાસ કરેલા હામ દામ અને ઠામથી પરિપૂર્ણ એવા મહેશભાઈના પ્રવ્રજ્યાના પુનીતપંથે સંચરણ થવાના સમાચારથી આખાંય નગરના બાળકો કે કુમારો, યુવાનો કે વૃદ્ધો, સ્ત્રીઓ કે પુરુષો બધાના હૈયામાં અપૂર્વ અહોભાવ પેદા થયો. સૌ જાણે પોતાના કુટુંબનો સભ્ય જ દીક્ષા લેવાનો હોય એવા ભાવવિભોર બની ગયા, જેથી છેલ્લા બે મહિનાથી આખું ગામ હર્ષઘેલું બન્યું હતું. ગામની બધી જ દીવાલો સંયમના ગુણ ગાતા વાક્યોથી સુશોભિત બનાવી દેવાઈ. પ્રસંગને ભવ્ય સફળતા સાંપડે તે લક્ષમાં રાખીને ગ્રામજનોએ એક કમિટી નીમી. એક મહિનાથી સમગ્ર ગામમાં સંપૂર્ણ અમારી પ્રવર્તન ચાલુ થઈ ગયું. દીક્ષાના દિવસો નજીક આવતાં ગયા તેમ તેમ ઉલ્લાસનો વેગ વધતો ચાલ્યો.

દરબાર, પાટીદાર, રબારી, ઠાકોર, હરિજન, વાઘરી સહિત ગામના પ્રત્યેક કુટુંબે દીક્ષાર્થીના પોતાના આંગણે વાજતે ગાજતે પગલા કરાવ્યા અને રૂા. ૨૫-૫૧ વગેરેથી દીક્ષાર્થીની ઉચિત ભક્તિ કરીને કૃતાર્થતા અનુભવી. મુમુક્ષુ મહેશકુમારને દીક્ષા પ્રદાન કરવા બે વાર સો ઓળી પૂર્ણ કરનાર ભદ્ર પરિણામી. સરળ હૃદયી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજા તથા મુંબઈથી ૪૦૦ માઈલનો ઉગ્ર વિહાર કરી પધારનાર કર્મ-સાહિત્ય નિષ્ણાત પ.પૂ. ગણિવર્ય શ્રી ધર્મજિત વિ.મ.સા. તથા પ.પૂ. મુનિરાજશ્રી પુંડરીક વિ.મ.સા. આદિ વિશાળ પરિવાર પધારવાના છે, તે જાણીને તો આખા ગામમાં આનંદ આનંદ છવાઈ ગયો.

મહા સુદ-પાંચમે છ થી સાત હજાર માણસોની હાજરી વચ્ચે આચાર્ય ભગવંતનું ભારે દબદબાપૂર્વક ભવ્ય સામૈયું થયું. બેન્ડવાજાં, પનિહારીઓ, ઘોડેસવારો, સ્કુટરસવારો, વિવિધ સાંબેલાઓ વગેરે અનેક વિવિધતાઓથી શોભતી આ લાંબી પ્રવેશ યાત્રાના દર્શન કરી લોકોએ ધન્યતા અનુભવી. પાંચમથી અઠ્ઠાઈ મહોત્સવનો શુભ પ્રારંભ થયો. આખું ગામ ધજા પતાકાઓ અને કમાનોથી શણગારેલ હતું. દીક્ષાર્થીના પરિવાર તરફથી સમગ્ર ગામને જમણ અપાયું. કપાસની લણણીની મોસમ હોવા છતાં આ આઠ દિવસ દરમ્યાન ખેતી અંગેની સર્વ પ્રવૃત્તિઓ બંધ કરીને તમામ કાર્યક્રમોમાં ઉલ્લાસભેર ભાગ લેવાનો ગ્રામજનોએ ઠરાવ કર્યો. આઠે

ય દિવસે વ્યાખ્યાન પૂજા ભાવનામાં લોકોની ભારે ઠઠ જામતી. પ્રભુજીને દરરોજ ભવ્ય અંગરચના થતી. પ્રભુજીના દર્શનાર્થે સાંજના સમયે જૈનેતર દર્શનાર્થીઓના ટોળાં ઉમટતા.

આખો દિવસ સાધુ ભગવંતોના દર્શનાર્થે ઉપાશ્રયમાં લોકોના ટોળા જામેલા રહેતા, સાંજે સાધુ ભગવંતોનું પ્રતિક્રમણ સાંભળવા માટે પણ ઉપાશ્રયમાં ઇતરો શિસ્તપૂર્વક ગોઠવાઈ જતા, જૈનેતરો પણ સાધુ ભગવંતોને પોતાને ત્યાં વહોરવા લઈ જવા માટે પડા પડી કરતા. જૈનેતરો પૂજા આરતીના ચડાવા પણ જૈનોને ભાગે ભાગ્યે જ જવા દેતા. આખા પ્રસંગનું બધું જ આયોજન અને વ્યવસ્થા જૈનેતરોએ જ સંભાળી લીધી. રાત્રિના કાર્યક્રમમાં ઠાકોર અને બીજા ભાઈઓ પણ દીક્ષાના ભાવવાહી ગીતો રચીને ગાતા. અગિયારસના દિવસે સિદ્ધચક્ર પૂજન પણ હજારોની હાજરી વચ્ચે અત્યંત ઠાઠથી ભણાવ્યું. વિધિકાર હીરાભાઈએ લોકોના આ ઉલ્લાસને ઐતિહાસિક ગણાવ્યા. બારસના દિવસે વરસીદાનનો વરઘોડો અત્યંત ઠાઠપૂર્વક નીકળ્યો. આખી દુનિયા જેની પાછળ પાગલ બની છે એ તુચ્છ સંપત્તિને ભારે ખુમારીપૂર્વક ત્યાગી દેતા આ યુવાનના દર્શને લોકોના દીલને હચમચાવી નાખ્યા. સૌની ધનની લાલસાને એક દેવ કન્યાએ માળા પહેરાવી દીક્ષાર્થીનું બહુમાન કર્યું. બારસની રાતે હજારોની મેદની વચ્ચે ગ્રામજનોએ અત્યંત સત્કારપૂર્વક દીક્ષાર્થીનું બહુમાન કર્યું. આજે થોકબંધ અલંકારો સહિત રજવાડી વેશમાં સજ્જ થયેલો રાજપુરુષ કાલે બધા વાઘા ઉતારી એક સંત બની જશે તે કોઈની કલ્પનામાં બેસતું નહોતું. આ સંસારત્યાગને સૌ વંદી અને અભિનંદી રહ્યા. મહા સુદ-૧૩ના દિવસે સવારથી જ વાતાવરણ શોકઘેરૂ બની ગયું હતું. જૈનેતરોની આંખોમાંથી પણ અશ્રુની ધારા ચાલી જતી હતી.

આખું ગામ જાણે એક કુટુંબ બની ગયું હતું. હજારોની મેદની વચ્ચે ભારે ઉલ્લાસપૂર્વક દીક્ષા-વિધિ થઈ. આ ત્યાગને બિરદાવવા માટે લોકો પાસે અશ્રુ સિવાય બીજું કાંઈ ન હતું. દીક્ષા વિધિ જોવા માટે આજુબાજુના ગામડાના લોકો પણ સવારથી આવી ગયા હતા. સૌ અશ્રુપૂર્ણ આંખે ભાવવિભોર હૈયે હજારો લોકો દીક્ષા જોઈ રહ્યા હતા. પ.પૂ. આચાર્યભગવંતે જેવો રજોહરણ મહેશભાઈના હાથમાં આપ્યો તેઓ એવા નાચ્યા કે જાણે ત્રિભુવન રાજ્ય પ્રાપ્ત થઈ ગયું ! આ દૃશ્યે ભલભલાના હૈયા હચમચાવી મૂક્યા. બધાના મનમાં એમજ ભાવના ઉછળવા માંડી કે ક્યારે અમને પણ સંયમ પ્રાપ્ત થાય ! ક્યારે અમે પણ મુક્તિ નગરના મુસાફર બનીએ ! મહેશભાઈને સ્નાન કરાવી સાધુવેષ પહેરાવી લાવવામાં આવ્યા ત્યારે તો એક આંખમાંથી વિયોગના અશ્રુ વહી રહ્યા હતા જ્યારે બીજી આંખમાંથી તેઓ જે

પરમસુખના ધામરૂપ સંયમ પામી રહ્યા હતા, તેના આનંદ હર્ષના અશ્રુ વહી રહ્યા હતા. વિધિઓ પૂર્ણ થયા બાદ મહેશભાઈનું શું નામકરણ થશે એની લોકોને ખૂબજ ઈંતેજારી વધતી ચાલી. જ્યારે નામકરણ વિધિ શરૂ થયો ત્યારે નિરવ શાંતિ સ્થપાઈ ગઈ. જ્યારે પ.પૂ. આચાર્ય ભગવંતે ફરમાવ્યું કે ગણિવર્ય શ્રી ધર્મજિત વગેરેના શિષ્ય પ.પૂ. મુનિરાજશ્રી જગવલ્લભ વિ.મ. તમારા ગુરુ મહારાજ અને તમારું નામ મુનિરાજશ્રી **મુનિવલ્લભ વિજય મહારાજ.** બસ લોકોએ 'મુનિવલ્લભ વિજય મ. સાહેબની જય હો'ની ઉદ્‌ઘોષણા કરી જય જયકાર કર્યા.

છેલ્લા ત્રણ દિવસ માંગલિક હોવાથી ત્રણેય દિવસ ૪૦ થી ૫૦ આયંબિલ થયા. આશ્ચર્યની વાત છે કે લગભગ બધા જ આયંબિલ જૈનેતરોએ જ કર્યા હતા.

નૂતન દીક્ષિતના દર્શન કરવા ઉપાશ્રયે લોકોના ટોળે ટોળા ઊભરાવા લાગ્યા. આ પ્રસંગની અનુમોદનાર્થે સાત વ્યસનો તો લગભગ બધાયે જ જીવનમાંથી જાકારો આપ્યો. કેટલાક જૈનેતરોએ તો રાત્રિભોજન અને કંદમૂળના પણ ત્યાગ કર્યા. અરે કેટલાક રજપૂતભાઈ અને બહેનોએ તો સાધુ અને સાધ્વીજી ભગવંતો પાસે જઈ કાકલૂદી કરી કે અમને એવા આશીર્વાદ આપો કે અમે પણ મહેશભાઈના માર્ગે જઈએ. ચૌદસે સૌએ રડતી આંખે સાધુ ભગવંતોને વિદાય આપી. આઠ દિવસના આ ભવ્ય મહોત્સવના અંતે આખું ગામ ભારે ગમગીનીમાં ડૂબી ગયું. પણ સૌની આંખોમાં કાંઈક પામી ગયાની ચમક ડોકીયા કરતી હતી. અજોડ શાસન પ્રભાવના સાથે નિર્વિઘ્ને પૂર્ણ થયેલ. આ પ્રસંગ ઈતિહાસના પાને સુવર્ણાક્ષરે લખાઈ ગયો. આજે પણ સીતાપુરના દરેકના દિલમાં મહેશભાઈના દીક્ષાની સ્મૃતિની સુવાસ મહેંકી રહી છે. પ્રસંગ પૂર્ણ થયો પણ હજુ સુવાસનો અનુભવ અજૈનો પણ કરી રહ્યા છે !

ધન્ય છે દીક્ષાને !

ધન્ય છે દીક્ષાના પ્રરૂપકો અરિહંત ભગવંતોને !

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૯,અંક-૩૨,તા.૨૫-૪-૧૯૮૧

સાબરમતીમાં ધર્મની રંગરેલ શાશ્વતી ઓળીની અભૂતપૂર્વ આરાધના

પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અમદાવાદ બહાર સોસાયટીઓમાં ૨-૨ દિવસનો લાભ આપતાં સાબરમતીમાં પણ બાલમુનિશ્રી વિમલબોધિવિજયજીના મૂળ વતનના હિસાબે ૨-૩ દિવસનો લાભ આપવાના હતા.

એ પ્રસંગને પામીને અત્રેના વતની શ્રી પુખરાજજી રાયચંદજી બેડાવાલાએ ખાસ માંગણી કરી કે આપ સાહેબ જો અત્રે ચૈત્રી ઓળી સ્થિરતાનો લાભ આપો તો મારા તરફથી હું સકલસંઘને ઓળી કરાવું. પૂજ્યશ્રીએ લાભાનુલાભ જોઈ એમની વિનંતી સ્વીકારી અને પૂ.પં. શ્રી યશોભદ્રવિજયજી મ. તથા પૂ.પં. શ્રી જયઘોષવિજયજી મહારાજ આદિ વિશાલ પરિવાર સાથે સાબરમતીમાં ચૈત્ર સુદ-ચોથના રોજે પ્રવેશ કર્યો.

શેઠશ્રી પુખરાજજી તરફથી ભવ્ય પ્રવેશ સામૈયું ચઢ્યું. જેમાં વિશાળ ગજરાજ, ભક્તિસંગીતની મોટર, સ્વ.પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની તસ્વીરવાળી ગાડી, બેન્ડવાજા, વિશાળ સાજન વગેરેની ભારે રોનક હતી. રસ્તાઓ ધજા-પતાકા-કમાનો વગેરેથી સુશોભિત કરવામાં આવેલા. અત્રેના ઉપાશ્રયનો હોલ વિશાલ છતાં માનવમેદની માય નહિ તેથી વ્યાખ્યાનો આંબેલશાળાની આગળના કાયમી મોટા મંડપને શણગારી તેમાં રાખવામાં આવતાં.

પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજનાં જોશીલા પ્રવચનોમાં યુવાનોનો પણ સારો ધસારો રહેતો. 'બહુ પરિમિત પાણીથી સ્નાન,' 'સ્નાનમાં અઠવાડિયે ૩ દિવસથી વધુ સાબુ નહિ વાપરવો.' 'કપડાં ધોવા નાંખતા પહેલા એમાં જીવ-જંતુ નથી ને તે જોઈ લેવું.'...વગેરે નિયમો સારા પ્રમાણમાં લેવાયા. ખાસ કરીને શાશ્વતી ઓળીની આરાધના માટે જોરદાર પ્રેરણા કરાતાં અત્રેના લગભગ ૬૫૦ આરાધકો ઓળીમાં જોડાયા. એમાં દશ વર્ષની ઉંમરથી ચૌદ-પંદર વરસની વયના લગભગ ૪૦ ઉપરાંત બાળક-બાળિકાઓ પણ સામેલ થયા હતા. બાકી ઓળીમાં પહેલા દિવસે બિલકુલ કલ્પના બહારના લગભગ ૨૫૦૦ આયંબિલ, તેમજ અંતરીક્ષજી તીર્થમાં ચૈત્ર સુદ-૧૩ ના પ્રભુજીને લેપના નિર્વિઘ્ન પ્રારંભ નિમિત્તે લગભગ ૧૨૦૦ આંબેલ, તેમજ ચૌદસ-પુનમ પણ મોટી સંખ્યામાં આંબેલ થયેલ. અંતરીક્ષજી તીર્થ રક્ષા માટે પણ સારા ફાળાની શરૂઆત થઈ. જિંદગીમાં ભાગ્યે જ આંબેલો કર્યા હશે એવા પણ બાળકો-બાળિકાઓ-કુમારો-કુમારિકાઓ-યુવાનો-યુવતીઓ ઓળીની સુંદર આરાધના કરી રહ્યા હતા.

રોજ પૂજામાં સંગીતકાર શ્રી રસીકલાલ ચુડગર સંગીત ભક્તિની રેલમછેલ કરી દેતા. ચૈત્ર સુદ-૯ રવિવારે શ્રી જૈનધર્મ આરાધક મંડળે શ્રી અષ્ટાપદજીની પૂજા આબુવિહારના વિશાળ હોલમાં ઠાઠ-માઠથી ભણાવી. એમાં વળી પૂ. આચાર્યદેવશ્રીના વચમાં વચમાં અર્થ-વિવેચને ચિક્કાર માનવ મેદનીને ભક્તિ અને વૈરાગ્ય રસમાં તરબોળ કરી દીધી.

ચૈત્ર સુદ-૧૩ સવારે ૭ વાગે પૂ. આચાર્યદેવશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજનો સ્વાગત-સમારોહ પૂર્વક અત્રે નગર પ્રવેશ થયો. રસ્તામાં સાબરમતી જૈન સંગીત પાઠશાળાનો ઉદ્‌ઘાટન સમારોહ થયો. નવ વાગે શ્રી મહાવીર જન્મ કલ્યાણકનો ભવ્ય વરઘોડો ચઢ્યો. જેણે ૨-૨॥ કલાક સુધી સાબરમતીના લગભગ બધા મોટા રાજમાર્ગોને ગજાવી મૂકેલા. બપોરના જાહેર પ્રવચન થયું. ચૈત્ર સુદ-૧૫ ગીરધરનગરવાળા શેઠશ્રી હિરાલાલ મણિલાલનાં કુશળ વિધિ-વિધાનથી શ્રી સિદ્ધચક્રપૂજન ભણાવવામાં આવ્યું. પ્રભુજીને રોજ ભવ્ય આંગી રચવામાં આવી. એકંદરે ઓળીમાં પર્યુષણા જેવું ગાજતું ધર્મ વાતાવરણ બની રહ્યું.

પૂ. આચાર્યદેવશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજની પાસે અત્રેના વતની બાળ મુમુક્ષુ શ્રી નેમકુમારની ચૈત્ર વદ-૫ ના શુભ મુહૂર્તે દીક્ષા નક્કી થયેલ છે, અને એમના કુટુંબીજનો તરફથી શ્રી પંચાહ્નિકા મહોત્સવ યોજવામાં આવેલ છે.

અત્રે ચૈત્ર સુદ-તેરસના પૂ. આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને સુરત ચાતુર્માસ પધારવા નિમિત્તે સુરત ગોપીપુરા વગેરે લત્તાઓના ભાઈઓ વિનંતી કરવા આવેલ હતા અને ચાતુર્માસની જય બોલાવીને ગયા. અલબત આ વખતે પૂ. આચાર્ય શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજે સુરત સંઘને કહ્યું કે 'તમે પંન્યાસજી શ્રી જયઘોષવિજયજી તથા મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજને ચાતુર્માસ લઈ જાઓ, અને વિજય ભુવનભાનુસૂરિજીને અમદાવાદ વિદ્યાશાળાએ ટ્રસ્ટીઓ તથા જનતાની ખાસ ભાવના હોવાથી ચાતુર્માસ રહેવા દો,' પરંતુ સુરત સંઘે પૂ. આચાર્યદેવશ્રીને સુરત લઈ જવાનો ખાસ આગ્રહ રાખ્યો, તેથી એમના આગ્રહને માન આપવું પડ્યું હતું. પૂ. આચાર્યદેવશ્રી વૈશાખ સુદ-૪ અમદાવાદથી સુરત તરફ વિહાર કરવાની વકી છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૨૯,અંક-૩૪,તા.૯-૫-૧૯૮૧

● **અંતરીક્ષજી :** અત્રે પૂ. ગણિવર શ્રી રાજેન્દ્રવિજયજી મ. તથા પૂ.મુ. શ્રી હેમરત્નવિજયજી મ.ની પુનીત નિશ્રામાં શાશ્વતી ઓળીની આરાધના ખૂબ સુંદર થઈ. ૨૦૦ જેટલા આરાધકો ઉપરાંત સતત સેંકડો યાત્રિકોની અવરજવર, બે ટાઈમ પ્રવચનો, રાતના લલિતભાઈ ધામી દ્વારા થતી પ્રભુભક્તિની ભવ્ય જમાવટ, સામૂહિક જાપ, અક્રમ તપની સળંગ આરાધના, પૂજા વગેરે પ્રોગ્રામો દ્વારા ઓળીની આરાધના દીપી ઊઠી.

તેમાં ય ચૈત્ર સુદ-૧૩ મહાવીર પ્રભુના જન્મ કલ્યાણક દિને તરણતારણ શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ ભગવંતના લેપની મંગળમય શરૂઆત થવાની હતી. લેપને શરૂ થતો અટકાવવા દિગંબરો દ્વારા આગલા દિવસ સુધી ઘણા પ્રયત્નો થયેલ, કોર્ટ દ્વારા લેપને વિલંબમાં નાખવાના પ્રયત્નો પણ તેઓએ કરી જોયા, પરંતુ દેવ-ગુરુ-ધર્મપસાયે તેમાં તેઓ ફાવ્યા નહિ. પાંડે વકીલે કરેલી દલીલો અસરકારક નીવડી અને તા. ૨૭ મીની મુદત પડી.

ચૈત્ર સુદ-૧૩ શુક્રવારે ૧૨-૨૨ મિનિટે લેપનો પ્રારંભ ૧૫૦૦-૧૬૦૦ માણસોની હાજરીમાં થયો. લેપના પ્રારંભ વખતે થાળી, વેલણ અને ઘંટારવ થતાં તમામ યાત્રિકોએ જ્યાં હતા ત્યાં બેસીને ૧૨ નવકારનો જાપ શરૂ કર્યો. સુદ-૧૩ના સૂર્યોદયથી સુદ-૧૪ના સૂર્યોદય સુધી લગાતાર નમસ્કાર મંત્રની ધૂન ચાલુ રાખવામાં આવી. પ્રભાતે નીકળેલ વીરપ્રભુના જન્મ કલ્યાણકના વરઘોડામાં વીરસૈનિકોએ મન મૂકીને દાંડીયા રાસ લીધા. જેમાં હજારો જૈન-જૈનેતર નર-નારીઓ પણ જોડાયા. લેપ પ્રારંભની ખુશાલી નિમિત્તે (અંતરીક્ષજી-ગામ) શિવપુરમાં ઘેર ઘેર મીઠાઈના પેકેટની પ્રભાવના કરવામાં આવી. લેપનું કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી હજારો યાત્રિકોએ કેરીનો ત્યાગ કર્યો છે. નિર્વિઘ્ને લેપ પૂર્ણ થાય તે નિમિત્તે ૫૦૦ આયંબિલ, ૬૦ અઠ્ઠમ, ૪ અઠ્ઠાઈ, ૧ નવ ઉપવાસની અભૂતપૂર્વ તપશ્ચર્યા થઈ. હાલ પણ રોજ ૩ અઠ્ઠમ, ૫ લાખનો જાપ, આયંબિલ તપ ઈત્યાદિ આરાધનાઓ ચાલુ જ છે. આ બધામાં પૂ. હેમરત્નવિજયજી મ.ના જોશીલા વ્યાખ્યાનોએ જમાવટ કરી.

ચાલુ લેપના સમયમાં કારીગરોને હેરાન કરવાનું કામ તોફાની તત્ત્વો કરતા જ જાય છે. પરંતુ ફાવતા નથી. વચ્ચે દિગંબરો દ્વારા વધુ હેરાનગતિ થવાથી તા. ૨૨ મી ના રોજ લેપનું કાર્ય બંધ રહ્યું. પરંતુ તા. ૨૩મી થી કાર્ય પુનઃ ચાલુ થઈ ગયું છે. પરમાત્માની પ્રતિમાજીના હાથ, મસ્તક, હૃદય, પૃષ્ટ ભાગ વગેરેનો જુનો લેપ ઊતરી જતાં જ્યારે નાભિ, કંદોરો પરનો લેપ ઉખાડવાનું ચાલુ થયું ત્યારે કંદોરો સ્પષ્ટ જણાયો ને દિગંબરોનો ઉશ્કેરાટ વધવા લાગ્યો, તેમાં ય કંદોરાનો લેપ ઉખડ્યા બાદ જેવો મૂળ કલર ઉપર દેખાતા પ્રતિમાજીનો હતો તેવો જ કલર કંદોરાનો દેખાવા લાગ્યો છે. જાણે મૂળબિંબ અને કંદોરો એકમેક છે. આ દૃશ્ય દિગંબરો જોઈ શક્યા નહિ અને તેથી જ જૂઠા આક્ષેપો દ્વારા લેપને મુલતવી રખાવવાના બાલિશ પ્રયત્નો તેમણે શરૂ કર્યા. પરંતુ જરાય ફાવ્યા નહિ. અંદર અંદર હજુ અકળાયેલા જ છે.

હિંદુસ્તાનભરના સમસ્ત સંઘોને વિનંતી કરવામાં આવે છે કે જિનેશ્વર ભગવંતના પ્રતિમાજીના લેપનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય તે નિમિત્તે અઠ્ઠમ, આયંબિલ, જાપ, કાઉસ્સગ્ગ, ઈષ્ટ વસ્તુનો ત્યાગ ઇત્યાદિ આરાધનાઓ કરતા જાઓ.

અત્રે બિરાજમાન પૂ. મુનિ ભગવંતો, પૂ. સાધ્વીજી ભગવંતો ખૂબ જ સારી રીતે તીર્થરક્ષાનું કાર્ય કરી રહ્યા છે. પૂ.મુ. શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ પણ વિહાર કરી આ બાજુ પધારી રહ્યા છે.

તા. ૨૫ ના રોજ મુ. શ્રી હેમરત્નવિજયજી ૨૫-૩૦ યાત્રિકો સાથે દર્શન કરીને ઉપાશ્રયે આવી રહ્યા હતા ત્યારે દિગંબરોએ નારા લગાવ્યા કે 'મહાવીર પ્રભુને ક્યા બતલાયા, શ્વેતાંબરોકો મારકે હટાવો.' વધુમાં આગલા દિવસે તેમના તરફથી બોલાવવામાં આવેલા ગુંડાઓ સાધ્વીજી દર્શન કરીને પાછા આવતા હતા ત્યારે પથ્થરબાજી કરવા લાગ્યા. આમ કનડગત તો ચાલુ જ હતી. તેમાં આ છેલ્લી કક્ષાના નારાઓ શરૂ કર્યા પછી તેમણે વાતાવરણ તંગ બનાવ્યું. મુનિમજી પર એક ગુંડો ચડી ગયો. આજુબાજુના આપણા યુવાનો દોડતા આવ્યા. મુનિમજીને છોડાવ્યા. તરત જ બીજા ગુંડાઓ આવ્યા. પથરાઓ ફેંકી ૪ યુવાનોને ઘાયલ કર્યા. જેઓને નજીકની હૉસ્પિટલમાં દાખલ કર્યા. સાધ્વીજીના ઉપાશ્રય પર પથરાઓ ફેંકવા લાગ્યા. લગભગ ૧૦ બાલદી ભરીને પથરાઓ એ લોકોએ તૈયાર રાખેલા. છેવટે પોલીસ આવી. ખુલ્લી ગુપ્તિ (ખંજર) સાથે ધસી આવેલા ગુંડાને પોલીસે પકડ્યો. આમ લેપમાં અંતરાય કરવા માટે ભાડૂતી ગુંડાઓ દ્વારા નીચ પ્રકારના તોફાનો તેઓએ શરૂ કર્યા છે કે જે શરમજનક છે !

● **સાબરમતી :** અત્રે ઓળી બાદ ભાઈશ્રી બાબુલાલ મણિલાલ અને શ્રીમતી રસિલાબેનના લાડકવાયા સુપુત્ર બાળ મુમુક્ષુ શ્રી નેમકુમાર (ઉં.વર્ષ ૧૦)ની ચૈત્ર વદ-૫ દીક્ષા હોઈ પૂ. આચાર્યદેવો શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ચૈત્ર વદ-૧ થી દીક્ષાર્થીના કુટુંબીઓ તરફથી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ યોજાયેલ. રોજ સવારે પૂ. રત્નસુંદરવિજયજી મહારાજનાં જોશીલા વ્યાખ્યાનો ચાલતા. બાદ રાગરાગિણીથી પૂજા ભણાવાતી. રોજ વ્યાખ્યાન બાદ જુદા જુદા લત્તાઓમાં બાળ દીક્ષાર્થી નેમકુમારને સંઘ સાથે વાજતે ગાજતે વાયણા અર્થે લઈ જવામાં આવતા. વદ-૪ સવારે ભવ્ય રથયાત્રાનો વરઘોડો નીકળેલો એમાં હાથી, સાંબેલા, ઘોડેસવારો, સાબરમતી સંગીત મંડળનું સંગીત-ગાનતાન, વિશાળ મુનિસમુદાય તથા સાજન સાથે રથમાં બાળ નેમકુમાર ઈન્દ્રના વેશે સારથિ બની એવા શોભતા હતા કે એમને જોવા માટે રાજમાર્ગો પર

મોટી મેદની ઊભરાયેલ. વરઘોડામાં પૂ.આ. શ્રી વિજય નીતિપ્રભસૂરીશ્વરજી મ. પણ પધારેલા. વદ-૫ સવારે ૭॥ વાગે બાળ દીક્ષાર્થી નેમકુમારનો દીક્ષા-વરસી-દાનનો વરઘોડો પણ ભવ્ય ચડ્યો એમાં નેમકુમારનો ગાડીમાં ઊભા રહીને રાજમાર્ગો પર વરસીદાન દેવાનો ઉલ્લાસ જોઈ જનતા મુગ્ધ થઈ જતી ! જૈન ધર્મનો કેવો પ્રભાવ કે આવો દેવકુંવર જેવો રૂપાળો, ફૂલેલા ગુલાબી ગાલવાળો અને ચંદ્રમા જેવા મુખડાવાળો સુકોમળ કનૈયો બાળકુમાર સંસારની મોજ છોડી સર્વ ત્યાગના દીક્ષાના પંથે નીકળે છે ! વરઘોડો વિશાળ દીક્ષા-મંડપમાં ઊતરતાં મેદની ચિકાર હતી. દીક્ષા પ્રસંગ પર પૂ. આચાર્યદેવોશ્રી વિજય નીતિપ્રભસૂરીશ્વરજી મ. તથા શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. વગેરે પણ પધારેલ હતા. શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠશ્રી શ્રેણિકભાઈ પણ ઉપસ્થિત થયેલ.

પૂ.આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજે નેમકુમારને દીક્ષા વિધિ શરૂ કરાવી એમાં રજોહરણ મળતાં બાળ નેમકુમાર એવો તો નાચ્યો કે એ જોતાં કેઈ ભાવિકો પોતે મોટી ઉંમરના થયા છતાં હજી દીક્ષા ન લઈ શક્યા એનો ભારે ખેદ કરવા લાગેલા. શેઠશ્રી શ્રેણિકભાઈએ પણ ઊભા થઈ આ વખતે નાણના સ્ટેજ પાસે આવી નેમકુમારને આશીર્વાદ આપ્યા પછી મુંડન-સ્નાન-વેશવિધિ થઈ, નેમકુમારને બાળમુનિના વેશમાં જયાં મંડપમાં લાવવામાં આવ્યા ત્યાં સભાના જય જયકારથી મંડપ ગાજી ઊઠ્યો. શુભ મુહૂર્તે લોચ તથા જીવનભરનું સર્વવિરતિ સામાયિકવ્રત ઉચ્ચરાવ્યા પછી નેમકુમારનું નામ મુનિશ્રી નરરત્નવિજયજી રાખવામાં આવ્યું, ને એમને પૂ.આ.શ્રી વિજય ભદ્રંકરસૂ. મ.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી રવિપ્રભ વિ.મ.ના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. આ દીક્ષાના નિમિત્તે પૂજયશ્રીએ પ્રેરણા કરતાં પાંચતિથિ ઉકાળેલું પાણી, કોઈ વ્રત કોઈ ત્યાગ વગેરેના સંખ્યાબંધ લોકોએ નિયમ લીધેલા.

● **નવાવાડજ :** (અમદાવાદ) અત્રેના દીક્ષાર્થી કુમારિકા શ્રી રમિલાબેન (ઉં. વર્ષ ૨૫) જે થિરપુર સોસાયટીના વતની ભાઈશ્રી મફતલાલ જેશંગલાલના સુપુત્રી થાય એમણે દસ વર્ષ પૂર્વે શ્રી સિદ્ધાચલજી પર દાદાના દરબારમાં પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. પાસે જીવનભરનું ચતુર્થ વ્રત (બ્રહ્મચર્ય) ઉચ્ચરેલું એમનો ચૈત્ર વદ-૮ દીક્ષા પ્રસંગ મહોત્સવ સાથે ઉજવનાર હોઈ એમના કુટુંબીજનોના બહુ આગ્રહથી પૂ. આચાર્યદેવશ્રી સાબરમતી ચૈ. વદ-૫ દીક્ષા પ્રસંગ બાદ વિહાર કરીને વદ-૬ અત્રે સુસ્વાગત પધાર્યા. મંડપમાં વ્યાખ્યાન બાદ બપોરે ખાસ પૂજયશ્રીનું સાંભળવા માટે શ્રી અષ્ટાપદજીની પૂજા રાખવામાં આવેલ. એમાં ચોથી પૂજા વખતે 'ભગવાન શ્રી ઋષભદેવપ્રભુ ૧૦૦૦ વર્ષ ચારિત્ર પાળી અયોધ્યા પુરિમતાલ ઉદ્યાનમાં

પધારે છે તો આપણે એમને સામે લેવા જવાનું છે. ત્યાં આતુરતા કેવી થાય ? હે આયા, પ્રભુજી આયા જિનજી આયા, આયા રે... વિચરંતા પ્રભુજી આયા...' વગેરે પૂજ્યશ્રીએ સમજાવતાં ભાવિકોને કોઈ અનેરો ભક્તિરંગ ઊભરાયો. એ પૂર્વના અને પછીના પૂજાના ભાવો પૂજ્યશ્રી બતાવતા ત્યારે શ્રોતા અને નવી દુનિયામાં આવ્યા લાગતું. વદ-૭ સવારે પૂ.આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. અત્રે નૂતન બાળમુનિ નરરત્ન વિ.મ. આદિ પરિવાર સાથે પધારતાં સંઘે બેન્ડવાજા સાથે સામૈયું કર્યું. પૂજ્યશ્રીએ 'અહિંસા' ધર્મ ઉપર ટૂંકું પણ માર્મિક સુંદર પ્રવચન કર્યું. બપોરે મોટી શ્રી નવાણું અભિષેકની પૂજા ભણાવવામાં આવી. વદ-૮ વહેલી સવારે દીક્ષાર્થી શ્રી રમિલાબેનનો દીક્ષા વરસીદાનનો વરઘોડો ભવ્ય ચડેલો. ૮। વાગ્યા પછી દીક્ષાવિધિ શરૂ થઈ એમાં રજોહરણ ગ્રહણનું દૃશ્ય તથા મુંડન સ્નાનાદિવિધિ પછી સાધ્વીજીના વેશમાં રમિલાબેનના આગમનનું દૃશ્ય ભવ્ય હતું. દીક્ષા બાદ નામકરણ વિધિમાં એમને પૂ.આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.ના સમુદાયના સાધ્વીજી શ્રી વિજ્ઞાનશ્રીજીના શિષ્યા સા.શ્રી ઈન્દ્રપ્રભાશ્રીના શિષ્યા સા. શ્રી મહાપ્રજ્ઞાશ્રીજીના શિષ્યા સાધ્વીજી શ્રી હેમહર્ષાશ્રીજી તરીકે જાહેર કરવામાં આવ્યા.

પૂ. આચાર્યદેવશ્રી અત્રે શાંતિનગર, દા.સૂ. જ્ઞાનમંદિર, પગથિયાના ઉપાશ્રયે થઈ વદ-૧૩ કાલુસીની પોળે પધારવાનું નક્કી થયું છે. ત્યાં સા. શ્રી હંસકીર્તિશ્રીજી મ.ના શિષ્યરત્ના સા. શ્રી જશકીર્તિશ્રીજી મ.ના વર્ષીતપના પારણા નિમિત્તે પંચાન્હિકા મહોત્સવ છે ત્યાંથી વૈશાખ સુદ-૪ પૂજયશ્રીનો સુરત તરફ વિહાર નક્કી થયેલ છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૨૯,અંક-૪૩,તા.૧૮-૭-૧૯૮૧

સુરતના આંગણે દબદબાભર્યો ચાતુર્માસ પ્રવેશ

જૈન આરાધક સંઘ સુરતની આગ્રહભરી વિનંતીથી ચાતુર્માસ અર્થે ગયેલા પૂ. આચાર્યદેવશ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** આદિ સપરિવારનું અષાઢ સુદ-૬ ના શાનદાર સ્વાગત-સામૈયું કરવામાં આવ્યું. પૂજ્યશ્રી બારડોલી સંઘનો અતિ આગ્રહ હોવાથી પ્રથમ ત્રણ દિવસ બારડોલી સ્ટેશને સ્વાગતપૂર્વક પધાર્યા. ત્યાં પ્રવચનનો લાભ આપ્યો. પછી બારડોલી ગામમાં પધાર્યા. શ્રી અષ્ટાપદજી પૂજા વિવેચનનો લાભ ઉપરાંત સંઘે દરરોજ બબ્બે વ્યાખ્યાનનો લાભ ઉઠાવી ચકિત થઈ ગયેલ કે જિંદગીમાં આવી પૂજા સાંભળી નથી. વ્રત-ત્યાગ-તપસ્યાના સારા નિયમો થયેલ. અ.સુ. ૧ ના બારડોલી સ્ટેશન જૈન સંઘ ઉપાશ્રયમાં 'અરિહંત જાપ'નો કાર્યક્રમ રખાયેલ હોવાથી પૂજ્યથી પધાર્યા. વ્યાખ્યાનમાં અરિહંતના જાપનું મહત્ત્વ

સમજાવી જાપ કેવી સરળતાથી થઈ શકે વગેરે સમજણ આપેલ. નાના બાળકોથી માંડી સૌએ ૫૦૦૦૦નો જાપ કરેલ. ૬ દિવસની સ્થિરતા દરમિયાન નવચેતના આવી ગયેલ. ચાતુર્માસ માટે સાધુ આપવાની જોરદાર વિનંતી થયેલ. પૂજ્યશ્રી બારડોલીથી વિહાર કરી ચલથાણ થઈ અ.સુ.-૫ ખટોદરા પધાર્યા. શ્રી સગરામપુરા સંઘની વિનંતીથી અષાઢ સુ.-૬ સવારે મંગળ મુહૂર્તે ગામ-પ્રવેશ કરી ત્યાં પધારી પ્રેરક પ્રવચન આપ્યું. બરાબર ૮॥ વાગે હનુમાનચોકથી સામૈયાનો પ્રારંભ થતાં જ ત્રણ બેન્ડ, ૧૦ સાંબેલા, વીરસૈનિકોની રસ્તામાં ભક્તિસંગીતની રમઝટ મચાવતી ભક્તિવાહિની ગાડી, વહાણ, મોર વગેરેની રચનાઓ સહિતની ગાડીઓ તેમજ ૧ વિશાળ ટ્રકમાં કર્મસાહિત્ય નિપુણમતિ, સિદ્ધાન્તમહોદધિ સ્વ.પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનો વિશાળ કલરીંગ ફોટો મૂકી શણગારવામાં આવેલ. જે સૌનું દિલ ખેંચતો હતો. લગભગ ૫ થી ૬ હજાર ભક્તજનો પૂજ્યશ્રીનું સ્વાગત કરવા ઉપસ્થિત થયા હતા. વરઘોડામાં ઠેર ઠેર અનેકવિધ વસ્તુઓથી તેમજ ખાસ મોતીની ૩ ગહુલીઓ વગેરે લગભગ ૧૫૦ ઉપરાંત ગહુલીઓ થયેલ. વર્ષીદાન કરનાર ગાડીમાં બેઠા બેઠા પૈસા ઉછાળતા હતા. કાયસ્થમહોલ્લો, ગોપીપુરા વગેરે મુખ્ય મુખ્ય સ્થળે આ સ્વાગતયાત્રા ફરી. આ બાજુ સામૈયું ચાલતું હતું. જ્યારે બીજી બાજુ વ્યાખ્યાન મંડપમાં જગ્યા નહિ મળે તો ? એ ગણતરીએ સામૈયું ઊતર્યા પહેલા ૧ કલાક પહેલાથી આખો મંડપ ચિક્કાર થઈ ગયેલો. સ્વાગતયાત્રા લીલાવતી નગરી મંડપ પાસે થઈ શ્રી વાસુપૂજ્ય સ્વામીના દેરાસરે ચૈત્યવંદન કરી પૂજ્યશ્રી પ્રથમ શીતલવાડી જૈન ઉપાશ્રયે પધાર્યા. ત્યાંથી મંડપમાં પધાર્યા. આખો વિશાળ મંડપ તેમજ મંડપની બહાર પણ પૂજ્યશ્રીના પ્રવચનનો લાભ લેવા સૌ ઉપસ્થિત થયેલા.

પૂજ્યશ્રી મંડપમાં પધારતા જય જયના નાદોથી તેઓશ્રીને વધાવ્યા બાદ શ્રી નેમચંદભાઈના સુપુત્રો નવલચંદભાઈ, મહેન્દ્રભાઈ, રાજુભાઈ પરિવાર તરફથી ગીનીથી પૂજન કરી ચારિત્રના ઉપકરણો-વસ્ત્રો વહોરાવેલ.

પૂ. આચાર્યદેવશ્રીનું મંગળાચરણ બાદ વીરસૈનિકોએ સ્વાગતગીત ઝીલાવ્યું. મુંબઈથી ખાસ પધારેલ સંગીતજ્ઞ શ્રી દક્ષેશકુમાર ખંભાતવાળાએ પણ ગીત ઝીલાવ્યું હતું. ત્યારબાદ પ્રખર વક્તા મુનિશ્રી રત્નસુંદરવિજયજીએ પ્રાસંગિક મંગળ પ્રવચન કર્યું. પછી પૂ. ન્યાયવિશારદ પ્રભાવક પ્રવચનકાર પૂ. આચાર્યદેવશ્રીનું મંગળ પ્રવચન શરૂ થયું 'મનુષ્ય જીવન બંધનો તોડવા માટે છે અને બંધન કયા અને કેવી રીતે બંધન તૂટે' વગેરે સાંભળતા શ્રોતાઓના હૃદય ધર્મભીના થઈ ગયા. પૂજ્યશ્રીના ચાતુર્માસ પ્રવેશ અંગે મુંબઈ, અમદાવાદ, વાપી, નરોલી, નવસારી, બારડોલી,

પાટણ, અમલનેર, યેવલા, નડીયાદ, સંગમનેર વગેરે ગામોથી લગભગ ૨૫૦ ભક્તજનો પધારેલ. તે સૌની સાધર્મિકભક્તિ શ્રી આરાધક જૈન સંઘ તરફથી કરવામાં આવેલ. પછી ચાતુર્માસ દરમિયાન 'શ્રી ધર્મરત્ન પ્રકરણ' અને 'શ્રી સમરાદિત્ય કેવળી ચરિત્ર' ગ્રંથ ઉપર પ્રવચનો આપવાની જાહેરાત થઈ અને અષાઢ સુદ-૮ ના તે અંગેની ઉછામણી થશે વગેરે નક્કી થયું. લગભગ ૧૨। વાગે સર્વમંગલ થયું. અષાઢ સુદ-૮ ના સૂત્ર વાંચનની ઉછામણી ખૂબ સુંદર થઈ. અષાઢ સુદ-૧૦ ના રોજ સૂત્ર વાંચનની શરૂઆત હોઈ સવારના ૮। વાગે શ્રુતનું બહુમાન કરતો વરઘોડો શીતલવાડી ઉપાશ્રયથી ચઢી ૮॥। વાગે લીલાવતી નગરી મંડપમાં ઊતર્યો... વહોરવાની વિધિ, જ્ઞાનપૂજન, ગુરુપૂજન વગેરે થયા બાદ ધર્મરત્ન પ્રકરણના મંગળ શ્લોકની પૂજ્યશ્રીએ સંવેગ-વૈરાગ્ય ભરપૂર વિશદ છણાવટ કરી. તે જ દિવસે વ્યાખ્યાનમાં અત્રેના શાંતિનાથ સિલ્ક મિલની મકાન હોનારતમાં દબાઈ ગયેલા કામદાર ભાઈઓને સહાય કરવા અર્થે પ્રેરણા થતા સારું એવું ફંડ થયું. સુ. ૧૧ રવિવારના બપોરના પૂ.મુ. શ્રી રત્નસુંદરવિજયજી મ.નું બપોરના ૨-૩૦ થી ૪-૦૦ જાહેર પ્રવચન થયું. અષાઢ વ. ૨ થી દર રવિવારે માત્ર યુવાનો માટે યોજાનારી શિબિરની જાહેરાત થઈ. પ્રવચનમાં વિશાળ મંડપ પણ નાનો પડી રહ્યો છે. એકંદરે સુરતમાં આરાધકોનો ઉત્સાહ અપૂર્વ છે.

શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ તીર્થની રક્ષા નિમિત્તે અત્રે સળંગ અઠ્ઠમ ચાલુ રાખવા માટે પ્રેરણા કરતા લગભગ ૯૦ નામો નોંધાયા. તપસ્વીઓને પ્રભાવના પણ નક્કી થઈ.

"દિવ્ય-દર્શન" - **"शासन प्रभावना"** વર્ષ-૩૦,અંક-૨,તા.૧૨-૯-૧૯૮૧

અલબેલી સુરત નગરીમાં મહાપર્વની અલબેલી આરાધના ચાતુર્માસે સુરતની સુરત પલટી નાખી

● **સુરત :** અત્રે વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પુનીત નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણાની આરાધના અભૂતપૂર્વ થઈ. પૂજ્યશ્રીના જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ ગયેલા તપે સકળ સંઘમાં તપનું અભૂતપૂર્વ સામ્રાજ્ય ફેલાવી દીધું. મહિના પૂર્વે પૂજ્યશ્રીની પુનીત પ્રેરણાથી નાના-મોટા અનેક આત્માઓએ માસખમણની ભાવનાથી તપશ્ચર્યા ચાલુ કરેલી. જે દિવસે આ ભાગ્યવાનોએ પચ્ચક્ખાણ કરેલા તે દિવસે સંઘની વચ્ચે

સહુનું તિલક કરવા સાથે સુશ્રાવક નવલચંદ નેમચંદ ઝવેરી પરિવાર તરફથી ૫૧/- રૂા.થી બહુમાન કરવામાં આવેલું. આ બાજુ મહાન તપસ્વી પૂજ્યપાદ મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજને ૬૮ ઉપવાસની ભાવનાથી તથા પૂજ્ય મુનિરાજશ્રી જિતમંગલવિજયજી મહારાજને ૪૫ ઉપવાસની ભાવનાથી સંપૂર્ણ મૌન સાથે અપ્રમાદ અને અદ્‌ભુત પ્રસન્નતાપૂર્વક તપશ્ચર્યા ચાલુ હતી. આ બંને તપસ્વી મહાત્માઓના આલંબનને નજર સામે રાખી સંઘના અનેક બાળકો-બાળિકાઓ, યુવકો-યુવતીઓ, અને પ્રૌઢો તપશ્ચર્યામાં જોડાઈ રહ્યા હતા.

પૂજ્યશ્રીના પવિત્ર વાસક્ષેપ સાથે રોજે રોજ નવા-નવા પચ્ચક્‌ખાણો થઈ રહ્યા હતા. ૩/૫/૮/૧૧/૧૬ ઉપવાસ કરનારાની સંખ્યા જ ખ્યાલમાં આવતી નહોતી. માસખમણની આરાધના પણ કેટલા ભાગ્યશાળીઓને ચાલે છે તેનોય ખ્યાલ આવતો નહોતો. પરંતુ જેમ જેમ પર્યુષણા નજીક આવતા ગયા તેમ તેમ તપસ્વીઓનો આંકડો મળતો ગયો. ૧૪/૧૫/૧૬/૧૭/૧૮ વરસની ઉંમરની પ્રાયઃ દસથી બાર બાળિકાઓને માસખમણ ખૂબ પ્રસન્નતાપૂર્વક ચાલુ હતા. અત્રેના આયંબિલ ખાતામાં કામ કરતા બે અજૈન ભાઈઓ પણ માસખમણની ભાવનાથી આગળ વધી રહ્યા હતા.

છેવટે પર્વાધિરાજ પર્યુષણા પધાર્યા. પર્વાધિરાજના પાંચ કર્તવ્યો. વાર્ષિક અગિયાર કર્તવ્યો. કલ્પસૂત્રના વ્યાખ્યાનમાં ૨૭ ભવોનું વર્ણન. ગણધરવાદ ઈત્યાદિ પર પૂ. આચાર્યદેવશ્રી તથા પૂ. મુનિવર રત્નસુંદરવિજયજી મ.નાં પ્રવચનોએ શ્રોતાવર્ગમાં ભારે આકર્ષણ જમાવ્યું. રોજ કેટલાય તપસ્વીઓના વાજતે-ગાજતે પૂંજણા આવતા. વાજાવાળા કહે 'કોઈ સાલ અમારે આટલી કમાઈ થઈ નથી.'

પૂ.મુ. શ્રી જયસોમવિજયજી મહારાજને ભાદરવા સુદ-૧ ના રોજ ૬૮ મો ઉપવાસ હતો તે દિવસે સવારના નવ વાગે આ મહાન તપની અનુમોદનાર્થે નલિનકુમાર શાન્તિચંદ ઝવેરી તરફથી ભવ્ય વરઘોડો નીકળ્યો. માસખમણના તપસ્વીઓ શણગારેલી બગીઓમાં બિરાજમાન હતા. ભવ્ય ગજરાજ પર આરૂઢ થયેલા ભાગ્યવાન આત્માઓ વરસીદાન દઈ રહ્યા હતા. તો પૂજ્યશ્રી સાથેના વિશાળ મુનિવૃંદ પાછળ પૂ. તપસ્વી મુનિરાજશ્રી જયસોમ વિ. મ. તથા પૂ. જિતમંગલ વિ.મ. અનેક પુણ્યાત્માઓથી ઝીલાતા સ્ટ્રેચરમાં બિરાજમાન હતા. ૬૮મા ઉપવાસે પણ પૂજ્ય મુનિવરશ્રીના મુખ પર ઝળકતી પ્રસન્નતાએ અનેક જૈન-જૈનેતર આત્માઓને તપધર્મ પ્રત્યે ભારે આકર્ષિત કરી દીધા હતા. રાજમાર્ગ પર ફરી વરઘોડો લીલાવતી નગરી મંડપે ઉતર્યો. પૂજ્ય તપસ્વી મહાત્માની સુદ-૨ ના રોજ પોતાના ગૃહે મંગળ પધરામણી થાય તે હેતુથી એક ભાઈએ બે વરસમાં સપરિવાર ૭૫૧ ઉપવાસ કરી દેવાનું જાહેર કર્યું. તો એક ભાઈએ સજોડે આજીવન

બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું. બીજા બે ભાઈઓએ સાતક્ષેત્ર + અનુકંપામાં અમુક રકમનો સદ્‌વ્યય કરવાની ખુશાલી વ્યક્ત કરી. સુદ-૨ ના રોજ સવારના ચતુર્વિધ સંઘની ચિક્કાર મેદની સાથે પૂજ્યશ્રીને બેન્ડવાજા સાથે લઈ જવામાં આવ્યા. તપસ્વી મુનિવરના સંસારીપણાનાં સંબંધિત ધાંધાર જૈન મિત્રમંડળ તરફથી તે દિવસે બહારગામથી પધારનાર તમામ સાધર્મિકોની ભક્તિ હતી. તથા એક બહેનને ત્યાં સંપૂર્ણ મૌન સાથે માસખમણની તપશ્ચર્યા ચાલતી હતી તેથી પૂજ્યશ્રી ત્યાં પણ પધારેલા. વહોરાવવાની ખુશાલીમાં અનેકોએ તપ-દાન વગેરે સુકૃત જાહેર કર્યા. આમ તપસ્વી મુનિવરના તપે અનેક આત્માઓના જીવનમાં દાન-શીલ-તપ-ભાવ ધર્મનો પ્રવેશ કરાવી દીધો.

ભાદરવા સુદ-૪ ના સંવત્સરીના દિવસે સવારના બારસા સૂત્રના પ્રવચનમાં સુદ-૫ ના નીકળનારા વરઘોડાની સુંદર ઉછામણી થઈ. તેમાં ય આવતીકાલે પૂજ્ય મુનિશ્રી જિતમંગલ વિ.મ.ને ૪૫ ઉપવાસની સમાપ્તિ થઈ રહી હોવાથી તેમની ગૃહઆંગણે પધરામણી કરવા ૧૦૫૧ આયંબિલ, સજોડે ચતુર્થવ્રત, સુકૃત વ્યય ઈત્યાદિ ખુશાલી વ્યક્ત થઈ. બપોરના વિશાળ મેદનીના હિસાબે ત્રણ જગ્યાએ તો સંવત્સરી પ્રતિક્રમણ બેસાડવું પડ્યું, દરેક જગ્યાએ ખૂબ શાંતિથી પ્રતિક્રમણ પૂર્ણ થયું.

પર્વાધિરાજના દિવસોમાં સુદ-૧ ના જન્મ વાંચનમાં સ્વપ્નની ઉછામણી સમયાનુસાર સારી થઈ. કુલ તપસ્યા,-ઉપવાસ ૬૮/૧, ૪૫/૧, ૩૫/૧, ૩૦/૩૦, ૧૬/૨૮, ૯ થી ૧૫/૩૪, ૮/૨૨૫ બીજી તપસ્યા ખૂબ ખૂબ થઈ.

• • •

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૩૦,અંક-૨,તા.૧૨-૯-૧૯૮૧**

• **ઝીંઝુવાડા :** અત્રે પૂ. મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજ આદિની નિશ્રામાં પર્યુષણ પર્વ અનેરા ઉજવાયા. ૬૦ ઘરના નાના ગામમાં ગજબ તપશ્ચર્યા જેવી કે ૪૪ માસખમણ, ૩૪ આરાધકોએ ૧૬ ઉપવાસ તથા ૧૦૦ જેટલી અઠ્ઠાઈ વગેરે થઈ હતી. આવા નાના ગામમાં આટલી બધી મોટી તપશ્ચર્યાઓ થઈ એનો યશ પૂ. જંબુવિજયજી મ.ના ફાળે મુખ્યત્વે જાય છે.

• **નડિયાદ :** પૂ. તપસ્વી મણિપ્રભવિજયજી મહારાજની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મહારાજના પર્યુષણ પ્રવચનોથી સંઘમાં અનેરો ઉત્સાહ વધ્યો. ૧૩૫ જેટલી અઠ્ઠાઈમાં નાના બાળકોએ પણ અઠ્ઠાઈ સારી રીતે

કરેલ. પૂજ્યશ્રીની પ્રેરણાથી સંઘમાં તમામ જિનમંદિરોમાં ગભારામાં ઘીના દીવા તથા રંગમંડપમાં કોપરેલના દીવા કરાવવાનું નક્કી થયું. નવકારશી(જમણ) જે સાંજે થતી હતી તેના બદલે બપોરે ૧૧ થી ૨ રાખી જેથી રાત્રિભોજન થવાનો પ્રસંગ ન આવે. બાલમુનિરાજશ્રી કુલબોધિવિજયજીએ કલ્પસૂત્રના યોગોદ્વહન કરી કલ્પસૂત્રનું વાંચન કરતાં સંઘમાં આનંદ છવાયો. સાધારણની ૪૦ હજારની ટીપ થઈ. પારણાનું ઘી ૧૬૬૧ મણ થયું. જે નડિયાદના ઇતિહાસમાં પ્રથમવાર થયું. ટ્રસ્ટીઓ તથા કમિટીના સભ્યો વગેરેને વાચના શરૂ થનાર છે. નવયુવકોએ ઉપધાનની ભાવના વ્યક્ત કરેલ છે.

● **નાર :** પૂ. મુનિરાજશ્રી નિપુણચંદ્રવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના સુંદર થઈ. પૂ. મુનિશ્રી અત્રેના વતની હોઈ તેમજ નારમાં પ્રથમવાર જ પૂ. મુનિરાજશ્રીની નિશ્રામાં આરાધના થતા સંઘમાં તથા જૈનેતરોમાં પણ ઉત્સાહ અમાપ હતો. ૫૭ અઠ્ઠાઈઓમાં ૧૨ અઠ્ઠાઈઓ નાના બાળકોની હતી. ચોસઠ પહોરી પૌષધ ૧૫ થયા. દરેક અઠ્ઠાઈ તથા પોષધવાળાને ૧૧૫/- રૂપિયા જેટલી પ્રભાવના તેમજ તપસ્યાનો વરઘોડો વિશિષ્ટ રચનાથી શણગારેલ ગાડીઓ સહિત ભવ્ય નીકળ્યો. આવા નાના ગામમાં પર્યુષણ પર્વ બેનમૂન પ્રથમવાર ઉજવાયા.

● **પેટલાદ :** પૂ. મુનિશ્રી ગુણસુંદરવિજયજી મહારાજના ચાતુર્માસથી સંઘમાં આરાધના સારી થઈ. માસખમણ ૩, ૨૧૩૫./૧, ૧૬/૫, ૧૧/૧૦ તેમજ અઠ્ઠાઈઓ ૩૨ વગેરે તપશ્ચર્યા સારો પ્રમાણમાં થઈ. દેવદ્રવ્ય વગેરેની ઉપજ સમયાનુસાર થઈ.

● **માલેગામ :** પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.શ્રીની નિશ્રામાં પર્યુષણ પર્વમાં ૧ સિદ્ધિતપ, ૨૧/૧૬, ૧૫ તેમજ ૧૧/૪, ૯, ૮/૨૩, ચત્તારિઅઠ/૧, ક્ષીરસમુદ્ર/૨, ૬/૫ તેમજ ચંદનબાળાના ૪ અઠ્ઠમ તેમજ ૭૩ ચોસઠ પહોરી પોષધની આરાધના થયેલ.

● **નેર :** પૂ. મુનિશ્રી વિદ્યાનંદવિજયજી મહારાજ તથા મુનિશ્રી જિનેન્દ્રવિજયજી આદિ અત્રે ચાતુર્માસ પધાર્યા ત્યારથી સંઘમાં અનેકવિધ આરાધનાઓ ચાલુ છે. ચાતુર્માસ માટે આયંબિલ ખાતુ શરૂ થતા આંબેલ સારા થાય છે. પર્યુષણ પર્વમાં માસખમણ બે, સિદ્ધિતપ, ૧૭/૩, ૧૬/૧૧, ૧૧/૧૦, ૯/૩, ૮/૨૦, ૭/૮, ૬/૧ તેમજ ૯૧ અઠ્ઠમ અને ૭૪ ચોસઠ પહોરી પૌષધ થયા. આવા નાના ગામમાં સારી તપશ્ચર્યા થઈ. તેમાં અત્રેના જ વતની વયોવૃદ્ધ પૂ. જિનેન્દ્રવિજયજી મહારાજે ૧૧ ઉપવાસ કરેલ.

● **વાપી :** વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજ પોતાના વિશાળ પરિવાર સાથે અત્રે બે કુમારિકાની ભાગવતી દીક્ષા નિમિત્તે માગશર સુદ-૩ ના વાજતે-ગાજતે પધાર્યા. સવારના ૯ વાગે વિજય ફેક્ટરી પાસેથી સ્વાગતયાત્રા ચાલુ થઈ. બેડાવાળી બહેનો, અજિત જિન સેવા મંડળના ભાઈઓની ભક્તિગીતોની ધુન મચાવતી ગાડી ઠેર ઠેર થયેલી આકર્ષક ગહુંલીઓ ઇત્યાદિ સાથે પૂજ્યશ્રી ઉપાશ્રયે પધાર્યા. વચ્ચે દીક્ષાર્થી શીલાબહેનના ઘરે પધારી પૂજ્યશ્રીએ માંગલિક સંભળાવ્યું. ઉપાશ્રયે સામૈયું ઉતર્યા બાદ પૂ.મુ. શ્રી શ્રેયાંસપ્રભ વિ.મ. તથા પૂ.મુ. શ્રી રત્નસુંદર વિ.મ.ના પ્રવચન થયા. મહોત્સવની શુભ શરૂઆત આજથી થઈ. સુદ-બીજ પાંચમના શીલાબહેનના પિતાજી છોટાભાઈના ઘરઆંગણે બનાવેલ વિશાળ મંડપમાં વિજય મુહૂર્તે શ્રી લઘુ શાંતિસ્નાત્ર ભણાવાયું. રાત્રિના દીક્ષાર્થીને બહુમાન આપવાનો સમારંભ યોજાયો. જનમેદની ચિક્કાર હતી. માગશર સુદ-૬ ના સવારે ૯ા વાગે વરસીદાનનો ભવ્ય વરઘોડો ચડ્યો. મુખ્ય મુખ્ય રસ્તાએ વરઘોડો ફર્યા બાદ મંડપમાં વરઘોડો ઉતર્યો. 'દીક્ષાર્થી અમર રહો'ના નારાઓ વચ્ચે કુમારિકા શીલાબહેનની દીક્ષાની મંગળક્રિયા ચાલુ થઈ. પૂજ્યશ્રીએ રજોહરણ અર્પણ કરતા શીલાબહેન ખૂબ જ ઉલ્લાસથી નાચી ઉઠ્યા. સ્નાનવિધિ માટે ગયા ત્યારે આ બાજુ ઉપકરણો પૂજ્યશ્રીને વહોરાવવાની ઉછામણી થઈ જે ધાર્યા કરતા બહુ સારી થઈ. વેષ પરિવર્તન કરીને દીક્ષાર્થી મંડપમાં પધારતાં 'જૈનં જયતિ શાસનં'ના નારાઓ ગુંજી ઉઠ્યા. મંગળ મુહૂર્તે લોચની ક્રિયા થઈ. નૂતન સાધ્વીને સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મ.ના શિષ્યા સાધ્વીજી શ્રી નિર્મોહાશ્રીજીના શિષ્યા સાધ્વીજી શ્રી શીલપ્રજ્ઞાશ્રીજી તરીકે જાહેર કરાયા.

કુમારિકા ચંદ્રિકાબહેનની માગશર સુદ-૧૨ના થનારી દીક્ષા નિમિત્તે માગશર સુદ-૭ના સવારે પૂજ્યશ્રી ઉપાશ્રયથી સસ્વાગત 'ચન્દ્ર નગરી' પધાર્યા. સામૈયું ઉતર્યા બાદ મંગળ પ્રવચન થયું. રોજ વ્યાખ્યાન તથા પૂજામાં પ્રભાવના થતી. માગશર સુદ-૧૦ના સવારે ૯ વાગે વરસીદાનનો ભવ્ય વરઘોડો ચડ્યો; દીક્ષાર્થીની ગાડી એક સુશોભિત નૌકારૂપ હતી. અમાપ માનવમેદની સહિત આ વરઘોડો અનેરી શાસન પ્રભાવના કરનારો બની ગયો. ચન્દ્રિકાબેને વરસીદાનમાં નાણું, ફળ, કપડા વગેરે પણ ખૂબ ઉત્સાહથી ઉછાળ્યા. વરઘોડો ઉતર્યા બાદ સરદારમલજી રામસુખજી પરિવાર તરફથી સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવ્યું. બપોરના

અમદાવાદથી ખાસ પધારેલ જૈન ધર્મ આરાધક મંડળે તથા વલસાડના સંગીતકાર હિમાંશુએ અષ્ટાપદજીની પૂજામાં ભારે રંગ જમાવ્યો. તેમાં ય વચ્ચે વચ્ચે પૂજ્યશ્રીએ આ પૂજાના અદ્‌ભુત રહસ્યો સમજાવતાં પૂજાની મજા કોઈ ઓર આવી. માગશર સુદ-૧૧ના રાતના દીક્ષાર્થી બહેનનું બહુમાન કરવાનો સમારંભ શ્રીપાળનગરવાળા શ્રાદ્ધવર્ય શ્રી લાલચંદ છગનલાલ પીંડવાડાવાળાની અધ્યક્ષતામાં યોજાયો. ચિક્કાર પબ્લિક વચ્ચે રાતના લગભગ ૧૨ વાગે આ સમારંભ પૂર્ણ થયો. એમાં વલસાડના કલેકટર સુંદર બોલ્યા તથા જેમની જનતાને બહુ આતુરતા હતી એ શ્રી કુમારપાળ વિ. શાહ રાતના ૧૧ વાગે આવી પહોંચતાં એમની મધુર વાગ્ધારાએ અનેરો આનંદ વધાર્યો.

માગશર સુદ-૧૨ ના સવારે ૭ા વાગે દીક્ષાર્થી ચન્દ્રિકા બહેનની દીક્ષાની મંગળક્રિયા શરૂ થઈ. વહેલી સવાર હોવા છતાં અતિ આકર્ષક એવા આ વિશાળ મંડપમાં જનમેદની ચિક્કાર થતી જ ગઈ. પૂજ્યશ્રીએ રજોહરણ અર્પણ કરતાં ચંદ્રિકાબહેન ખૂબ જ ઉલ્લાસથી નાચી ઊઠ્યા. ત્યારબાદ પૂજ્યશ્રીએ પ્રસંગોચિત મંગળ પ્રવચન કર્યું. વેષ પરિધાન કરીને દીક્ષાર્થી મંડપમાં પધારતાં જયનાદથી મંડપ ગાજી ઉઠ્યો. ૮-૫૧ મિનિટે લોચવિધિ થઈ. ત્યારબાદ સાત ખમાસમણની વિધિ ચાલુ થઈ. સકળ સંઘે નૂતન સાધ્વીજીને અક્ષતથી વધાવ્યા. ત્યારબાદ પૂજ્યશ્રીએ જ્યારે નૂતન સાધ્વીજીને સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મ.ના શિષ્યા સાધ્વીજી શ્રી મુક્તિપ્રજ્ઞાશ્રીજીના શિષ્યા સાધ્વીજી શ્રી ચંદનબાળાશ્રીજી તરીકે જાહેર કર્યા ત્યારે ચારે ય બાજુ આનંદ આનંદ છવાઈ ગયો. ત્યારબાદ પૂ.મુ. શ્રી રત્નસુંદર વિ.મ.નું વેધક પ્રવચન થયું. સવારનાં ૧૧ વાગે સાધર્મિક વાત્સલ્ય થયું. બપોરના ૨ વાગે પૂજ્યશ્રીએ માગશર વદ-૩ ના ભુવાસણ મુકામે મુમુક્ષુ રાજેશકુમારની થનારી ભાગવતી દીક્ષા નિમિત્તે વિહાર લંબાવતાં ખૂબ સારી સંખ્યામાં માણસો વળાવવા આવેલા.

એકંદરે વાપીમાં પૂજ્યપાદ આચાર્ય ભગવંતની પુનીત નિશ્રામાં બંને દીક્ષાના પ્રસંગો ખૂબ જ સુંદર ઉજવાઈ ગયા.

ભુવાસણ મુકામે ઉજવાયેલ શાસનપ્રભાવક ભવ્ય દીક્ષા સમારોહ

● **ભુવાસણ :** ૫.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.શ્રીની નિશ્રામાં મા.વ. ૩ ના શ્રી રાજેશકુમારની ભવ્ય દીક્ષા થઈ. અત્રેના શ્રી હસ્તીમલજીના સુપુત્ર રાજેશકુમાર ૪ વર્ષથી પૂ. આચાર્યદેવશ્રીના સંપર્કમાં હતા

તેમને સાથે રહીને પાંચપ્રતિક્રમણ-જીવવિચાર-નવતત્ત્વ સંસ્કૃત પ્રથમ બુકનો અભ્યાસ કર્યો. સુરતના છેલ્લા ચાતુર્માસમાં લાગટ ૫૦ પૌષધ કરી ચારિત્રની તાલીમ લીધી. વર્ધમાન તપનો પાયો નાખી તપની પણ જીવનમાં શરૂઆત કરી. વિહારમાં પણ સાથે પગે ચાલી વિહારની પણ પ્રેક્ટિસ કરી. વિ.સં. ૨૦૩૬માં પૂ. આચાર્યદેવશ્રી પાસે ચતુર્થવ્રત ગ્રહણ કર્યું.

આ બાજુ પૂ. આચાર્યદેવશ્રી સુરતનું ચાતુર્માસ પૂર્ણ કરી વાપી મુકામે બે બેનોની દીક્ષા પ્રસંગે પધારનાર હોઈ પૂજ્યશ્રી જો પોતાના ગામમાં દીક્ષા આપવા પધારવા કૃપા કરે તો સોનામાં સુગંધ ભળે તેથી પૂજ્યશ્રીને સુરત મુકામે જઈ શ્રી હસ્તીમલજી વગેરેએ દીક્ષા પ્રસંગ ભુવાસણમાં ઉજવવા માટે વિનંતી કરી અને મુહૂર્તની માંગણી કરી. પૂજ્યશ્રી તરફથી મા.વ. ૩ ને રવિવારનું મુહૂર્ત ફરમાવતા આનંદ સાથે સ્વીકાર કર્યો. સુરતમાં પ્રવચન સમયે શ્રી ગોપીપુરા આરાધક સંઘ તરફથી રાજેશકુમારનું બહુમાન કરવામાં આવ્યું. **વાપી** મુકામે શ્રી સંઘ તરફથી તથા શ્રી અજીત સેવા મંડળ તરફથી બહુમાન થયું તેમજ વરસીદાનનો વરઘોડો નીકળેલ. **બોરડી** ગામે શ્રી સંઘ તરફથી બહુમાન થયું. **બારડોલી** મુકામે શ્રી બારડોલી સ્ટેશન જૈન સંઘ તરફથી બહુમાન તેમજ વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળેલ. **સાતેમ** શ્રી સંઘ તરફથી બહુમાન થયું. **સરભોણ** મુકામે વરસીદાનનો વરઘોડો પ્રભાવક નીકળેલ. સરભોણથી શ્રી સુમતિનાથ ભગવાનની ભવ્ય પ્રતિમા લાવવામાં આવ્યા હતા.

મા.સુ. ૧૫ ના શ્રી પંચકલ્યાણક પૂજામાં શ્રી બારડોલી વીર સૈનિક દળે પ્રભુભક્તિની રમઝટ મચાવેલ. રાતના ભાવનામાં પણ પ્રભુભક્તિ જમાવેલ. મા.વ. ૧/૨ના શ્રી **સિદ્ધચક્રમહાપૂજન**માં પૂ. આચાર્યદેવશ્રીએ સિદ્ધચક્રમહિમાને તલસ્પર્શી વર્ણવેલ. વિધિવિધાન માટે શ્રી નવસારી વીર સૈનિક દળ શ્રી કનુભાઈની આગેવાની નીચે આવેલ. રાતના ભાવનામાં નવસારીના મનુભાઈ તથા નીતિનભાઈ શાહે પ્રભુભક્તિમાં સહુને તરબોળ કર્યા. આરતી મંગળદીવાનું ઘી સારું બોલાયેલ. ત્યારબાદ પ્રતાપચંદજી કાંકરીયાના પ્રમુખપદે સન્માન સમારોહ રખાયેલ. પ્રથમ સ્વાગત ગીત ગાયા બાદ પ્રકાશકુમાર અમદાવાદવાળાએ વૈરાગ્યગીત તેમજ દીપક શાહ બારડોલીવાળાએ દીક્ષાના મહત્ત્વ ઉપર જુસ્સાદાર વક્તવ્ય કરી સભાને મંત્રમુગ્ધ કરેલ. ભુવાસણ ગામના સરપંચે, હાઈસ્કૂલના શિક્ષકોએ પ્રાસંગિક વક્તવ્ય કરેલ. ભુવાસણયુવકમંડળ, ભુવાસણ ગ્રામ સમસ્ત તથા સરભોણ પરગણા જૈનસંઘ તરફથી બહુમાન તથા માનપત્ર અપાયેલ. સાથે સાથે પૂ. આચાર્યશ્રીની નિશ્રામાં મહા સુદ-૬ ના નડિયાદ મુકામે થનાર દીક્ષાર્થી નાશીકવાલા શ્રી નયનાબેન સેવંતીલાલનું પણ

બહુમાન કરેલ. દીક્ષાર્થી રાજેશકુમાર છેલ્લે પ્રાસંગિક વક્તવ્ય કરી માતાપિતાનો બહુમાનપૂર્વક તેઓશ્રીએ આપેલ ધર્મ કરવાની અનુકૂળતા બદલ ખૂબ ઉપકાર માન્યો.

મા.વ. ૩ ના પ્રભાતથી જ નવસારીથી બોલાવેલ પ્રખ્યાત બેન્ડના સૂરોથી ગામ ગુંજી ઊઠ્યું હતું. સુરત, નવસારી, મુંબઈ, વલસાડ, વાપી, ચીખલી તેમજ આસપાસના બારડોલી, વડોઈ, ગણદેવી, ખાપરીયા, સીસોદરા વગેરે ઘણા ગામોથી લોકો આવતા હતા. નવસારી વીર સૈનિક દળ, સુરત વીર સૈનિક દળ, બારડોલીના વીર સૈનિક દળની ભક્તિવાહિની ગાડી પોતાના વાજંત્ર સાથે આવી પહોંચ્યા. રાજેશભાઈને શણગારેલી ખુલ્લી કારમાં વરસીદાનના વરઘોડામાં પધારતા 'દીક્ષાર્થી અમર રહો'ના ગુંજારવથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. પૂ. આચાર્યદેવશ્રી આદિ વિશાળ મુનિમંડળ, હજારો માનવમેદની સહિત વરઘોડો ગામમાં ફરી ઘરઆંગણે વિશાળ મંડપમાં ઉતર્યો. ક્રિયા થઈ. પૂજ્યશ્રીએ રજોહરણ આપતા દીક્ષાર્થી નાચી ઊઠ્યા. સ્નાનવિધિ માટે લઈ જતા ઉપકરણની ઉછામણી સારી થઈ. એમાં ચરવળીની ઉછામણી રૂા. ૩૬૦૦ અને ૨૫૦૦ રૂપિયા સુપડીના થયેલ. વેષ પરિવર્તન કરી દીક્ષાર્થી મંડપમાં આવતા જનમેદનીએ હર્ષનાદોથી વધાવ્યા. દીક્ષાની ક્રિયા થઈ. દીક્ષાર્થીનું નામ મુનિશ્રી **રાજકીર્તિવિજયજી** રાખી પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજીના શિષ્ય તરીકે જાહેર થયા. બાદ દીક્ષાર્થીના પિતા શ્રી હસ્તીમલજી તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું. આખા સરભોણ પરગણામાં પ્રથમવાર દીક્ષા થતી હોઈ જૈન-જૈનેતરો ખૂબ પ્રભાવિત થયા. મા.વ. ૪ ના વિહાર કરી ગોપીપુરા આરાધક સંઘની પોષ દશમીની શ્રી પાર્શ્વનાથ પ્રભુની આરાધના કરાવવા આગ્રહભરી વિનંતી હોઈ પૂજ્ય આચાર્યદેવશ્રી મા.વ. ૭ના સુરત-શીતલવાડી પધારનાર છે.

અંતરીક્ષજી : અત્રે પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજની નિશ્રામાં પૂ.સ્વ. આચાર્યદેવશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પૂ.સા.શ્રી સુવ્રતાશ્રીજી મ.ની શિષ્યા **પૂ. સા. શ્રી જિનેન્દ્રશ્રીજી** મ. ને વર્ધમાન તપ આયંબિલની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ નિર્વિઘ્ને થઈ. તે નિમિત્તે તેમના સંસારી કુટુંબીજનો દમણવાલા સ્વ. ઉત્તમચંદ રૂપચંદ પરિવારે પંચાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ ખૂબ ઠાઠથી ઊજવ્યો. અંતરીક્ષજી તીર્થના છેલ્લા ૧૫૦ વર્ષના ઈતિહાસમાં આ સૌ પ્રથમ પ્રસંગ હોવાથી તીર્થસંસ્થા તથા શ્રી લલિતભાઈ ધામી વગેરેએ ખૂબ રસપૂર્વક મહોત્સવમાં ભાગ લીધો હતો. શ્રી વિઘ્નહર પાર્શ્વનાથ ભગવાનને અંતિમ દિવસે ઝવેરાતની ભવ્ય આંગી રચવામાં આવી હતી.

● **આકોલા :** અત્રે પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજની નિશ્રામાં

મુંબઈ લાલબાગ સંઘના આરાધક ભાઈશ્રી **શનાલાલ ગૌતમલાલ**ની દીક્ષા સંઘના અનેરા ઉલ્લાસપૂર્વક થઈ. નાના સરખા ગામમાં પણ ૪ થી ૫ હજારની માનવમેદની હતી. નૂતન મુનિનું નામ પૂ.મુ. શ્રી સુધર્મરત્નવિજયજી મહારાજ રાખી પૂ.મુ. શ્રી હેમરત્નવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરાયેલ. આકોલા સંઘમાં આ દીક્ષા ઉત્સવનો અને દીક્ષાનો એક અતિ ભવ્ય સમારોહ ઉજવાઈ ગયો. પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મ.ના જોશીલા પ્રવચનો અને પ્રેરણાએ યુવાનોને ધર્મરંગમાં થનગનાવી દીધા છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૦,અંક-૨૩/૨૪,તા.૬-૩-૧૯૮૨

સોભાગી ખંભાત નગરે ઉજવાયેલ
અનન્ય અનુપમ અંજનશલાકા મહોત્સવ

● પરમ તપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનાં પાવન પગલે, અનેરી શાસન પ્રભાવનાઓ.

(● સુરતનું આરાધના અને શાસન પ્રભાવનાથી ભરપૂર ઐતિહાસિક ચાતુર્માસ, ● વાપી તથા ભુવાસણ..... માં શાનદાર દીક્ષા પ્રસંગો, ● 'જીવન-ઉદ્યોત' પ્રવચન પુસ્તકનો ભવ્ય જાહેર પ્રકાશન સમારોહ તથા ● કાવીમાં અતિત ૧૮ વર્ષની શિબિરોના વિદ્યાર્થીઓનું ત્રણ દિવસનું અભૂતપૂર્વ સંમેલન, ● નડીયાદમાં પ્રભુ-પ્રતિષ્ઠા, ગણિપંન્યાસ-પદવીઓ, નવ દીક્ષાઓ તથા વડી દીક્ષાઓ... વગેરે એકેકથી ચઢીયાતા ઉલ્લાસથી ઉજવાઈ ગયેલા અનુષ્ઠાનો પછી.)

ખંભાતના વર્તમાન ઈતિહાસમાં ભવ્યાતિભવ્ય મહોત્સવ સહિત અંજનશલાકા વિધાનની અજોડ ઉજવણી

- **શાસનસુભટ શ્રી ભાણાભાઈનું અલૌકિક કુનેહ કૌશલ્ય ભર્યું સંપૂર્ણ ભવ્ય આયોજન.**
- **અખિલ મહોત્સવમાં ગીતો અંગે શ્રી લલિતભાઈ ધામીએ જમાવેલી સંગીત ભક્તિ રમઝટ.**
- **પાદલિપ્તાચાર્ય રચિત નિર્વાણ કલિકાનાં અંજનશલાકા પ્રતિષ્ઠા વિધાનમાં મુખ્ય કરાયેલ શ્રી નંદ્યાવર્તનાં વિધિસર આલેખનની અહીં અનેરી વિશિષ્ટતા.**
- **પહેલા ચ્યવન કલ્યાણકની જ ઉજવણીનો ચૌદ સ્વપ્ન ઈન્દ્રસભા વગેરે ભવ્ય**

રંગ જોતાં જ અંજાઈ ગયેલી જનતા.

- પ્રભુની જન્મવિધિ વખતે હર્ષનાદ-નૃત્યઘેલી બનેલ જનતાએ પૂર્વના બધા રેકોર્ડ તોડ્યા.
- નવનવા દિવ્ય પરિધાનથી વિભુષિત ૫૬ દિક્કુમારીની જન્મ-ઉજવણીનાં પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરનારા દશ્યો.
- ઈન્દ્રે નિશાળ ગણણા વખતે લીધેલા અનોખા બ્રાહ્મણ રૂપમાં ભૂલી પડેલી જનતા.
- રાજ્યાભિષેકનો વિશાળ હૂબહૂ દરબાર.
- પ્રભુના દીક્ષા કલ્યાણક વરઘોડામાં ચતુરંગી દળ વગેરે અદ્‌ભુત દરબારી ઠાઠથી કલ્પસૂત્રમાં વર્ણવેલ વરઘોડાની ઝાંખી.
- જૈનશાળામાં લગભગ ૧૫૦ આરસના મનોરમ નયનરમ્ય જિનબિંબોના તથા કલ્યાણક વિધાનોના ભવ્ય દશ્યોનાં પાવન દર્શન.
- શ્રી શ્રેયાંસનાથ પ્રભુના દેરાસરે જિનબિંબોની મહામંગલમય પ્રતિષ્ઠા.
- સોનામાં સુગંધ તુલ્ય બે શાસનના તેજસ્વી રત્નોની ગૌરવવંતી આચાર્ય પદવી.

જૈન શાસનનું વિશ્વમાં અનન્ય અંજનશલાકા અનુષ્ઠાન

અંજનશલાકા વિધિવિધાન જૈન શાસનનું એક અદ્‌ભુત અનુષ્ઠાન છે. જેમાં નવનિર્મિત જિનબિંબોમાં શ્રી તીર્થંકર પરમાત્મપણાની મંત્રાદિ વિધિપૂર્વક સ્થાપના કરવામાં આવે છે. આમાં ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણક એમ પાંચે ય કલ્યાણકોની ઉજવણીપૂર્વક સંસ્કરણ કરવામાં આવે છે. પછીથી જેમ કોરા કાગળની કિંમત નહિ કિન્તુ સરકારી ટંકશાળમાંથી છાપ સાથે બહાર પડેલ એ કાગળ ૧૦૦૦ રૂા.ની નોટ લેખાય છે, એમ આવાં શ્રેષ્ઠ વિધિપૂર્વક અરિહંતદેવપણાની સ્થાપના થયા બાદ પાષાણનું જિનબિંબ જિનેશ્વર ભગવાન તરીકે લેખાય છે.

પાંચ કલ્યાણક એટલે ? :

તીર્થંકર નામકર્મના બંધવાળા પુણ્યાત્માઓ પૂર્વના દેવલોકાદિભવનું આયુષ્ય પૂર્ણ કરી ચ્યવીને મનુષ્યક્ષેત્રમાં રાજકુળમાં માતાની રત્નકુક્ષીમાં ઉત્પન્ન થાય છે તે પ્રસંગને **ચ્યવન કલ્યાણક** કહેવાય છે. તે વખતે પ્રભુના અચિંત્ય પુણ્યપ્રભાવથી જગતના સમસ્ત જીવોને અપ્રતિમ આનંદનું સંવેદન થાય છે તેથી તે કલ્યાણક કહેવાય છે. • તે જ રીતે ગર્ભકાલ પૂર્ણ થયા બાદ મધ્યરાત્રિએ શુભગ્રહોના

યોગમાં માતા સુંદર પુત્રને જન્મ આપે છે તે સમયે સમસ્ત જગતમાં દિવ્ય પ્રકાશ ફેલાય છે અને સર્વ જીવોને સુખની અનુભૂતિ થાય છે. આને **જન્મ કલ્યાણક** કહેવાય છે. • સંસાર ત્યાગનો અવસર આવી રહેતાં પ્રભુનો વૈરાગ્ય અત્યંત જવલંત થાય છે એજ સમયે ૯ લોકાંતિક દેવો પ્રભુને ધર્મ તીર્થસ્થાપન કરવા અને દીક્ષા ગ્રહણ કરવા વિનંતી કરે છે. ત્યારથી પ્રભુ વર્ષ પર્યન્ત રોજ ૧ ક્રોડ ૮ લાખ સુવર્ણમુદ્રા જેટલું દાન દે છે. વર્ષ પૂર્ણ થયે પ્રભુનો દીક્ષાનો વરઘોડો નીકળે છે. પ્રભુની શિબિકાને દેવો ઊંચકે છે. સંસાર-રાજવૈભવ છોડી વસ્ત્રાલંકારનો ત્યાગ કરી પ્રભુ પાંચ મૂઠી વડે મસ્તકનો લોચ કરી "નમો સિદ્ધાણં" કહી જીવનભર સમસ્ત પાપત્યાગની પ્રતિજ્ઞા ઉચ્ચરે છે તે સમયે પ્રભુને ચોથું મનઃપર્યવજ્ઞાન થાય છે. સમસ્ત જીવોને આનંદની અનુભૂતિ થાય છે આને **દીક્ષા કલ્યાણક** કહેવાય છે.

પ્રભુ દીક્ષા લઈ નિષ્પ્રતિબંધપણે વિહાર કરી દિન-રાત આત્મસાધના, તપશ્ચર્યા અને કાયોત્સર્ગ-ધ્યાનમાં રહે છે. આ સાધનાના અંતે મોહનીય વગેરે ચાર ઘાતી કર્મનો નાશ કરી વીતરાગદશા પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે જેથી સમસ્ત દ્રવ્ય-સર્વપર્યાયના પ્રત્યક્ષદર્શી બને છે. દેવતાઓ ૮ પ્રાતિહાર્યની શોભા કરે છે. અરિહંત બને છે. ઈન્દ્રની વિનંતીથી ભગવાન 'નમોતિત્થસ્સ' કહી સિંહાસન ઉપર પૂર્વ દિશા સન્મુખ આરૂઢ થઈ ધર્મદેશનાની અમૃતવર્ષા કરે છે. કેવળજ્ઞાન સમયે પણ સમગ્ર વિશ્વમાં પ્રકાશ ફેલાય છે આને **કેવળજ્ઞાન કલ્યાણક** કહેવાય છે.

ભગવાન સર્વ સંશયોચ્છેદી દેશના આપતાં પોતાનું આયુષ્ય પૂર્ણ થવા આવે ત્યારે શૈલેશીકરણ વડે મન વચન કાયયોગનો નિરોધ કરી અઘાતી ૪ કર્મોનો ક્ષય કરી સિદ્ધ-બુદ્ધ મુક્ત નિરંજન નિરાકાર બની સિદ્ધશિલા ઉપર આરૂઢ થાય છે. આ વિદેહમુક્તિ સ્વરૂપ મોક્ષ કલ્યાણક વેળાએ પણ જગતના જીવોને સુખની અનુભૂતિ થાય છે તેથી તે **મોક્ષ કલ્યાણક** કહેવાય છે.

આ પાંચે ય કલ્યાણકોના મંત્ર-શ્લોક વિધિવિધાન દ્વારા જિનપ્રતિમામાં દેવાધિદેવપણાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે એને **અંજનશલાકા** કહેવાય છે. આવી પ્રતિમા વંદનીય-પૂજનીય બની જાય છે તે અંગેનો મહોત્સવ ખંભાતને આંગણે સુવિશુદ્ધ સંયમમૂર્તિ સિદ્ધાન્તમહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના કૃપા પાત્ર પટ્ટધર ન્યાય વિશારદ વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીની તથા તેમના લગભગ ૭૨ શિષ્યોની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયો છે તેની આછી ઝલક નીચે પ્રમાણે

અંજનશલાકા-મહોત્સવ પૂર્વ ભૂમિકા :

બહુવિધ આરાધનાઓથી મહેકતું સુરતનું ચાતુર્માસ પૂર્ણ કરીને પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ જ્યાં પધાર્યા ત્યાં સંઘોમાં અનેરો ઉલ્લાસ અને ધર્મની તેમજ શાસનની ભવ્ય પ્રભાવના થઈ. વાપીની પ્રભાવક દીક્ષાઓ, ભુવાસણમાં B.Com. યુવકનો અદ્‌ભુત પૂર્વ દીક્ષા મહોત્સવ, સુરતમાં શિબિર પ્રવચનોના 'જીવન ઉદ્યોત' ગ્રંથનો જાહેર પ્રકાશન સમારોહ અને કાવીમાં ૨૦૦૦ શિબિર યુવકોનું ઐતિહાસિક સંમેલન, અપૂર્વ શાસન પ્રભાવનાના અંગો બની ગયા ! તુરત જ પૂજ્યશ્રીને ખંભાત તરફ વિહાર થયો. કેમકે અંજનશલાકા મહા મહોત્સવ અંગે શાસ્ત્રીય માર્ગદર્શનાર્થે આગ્રહભરી વિનંતી હતી. પૂજ્યશ્રી ખંભાત થઈ નડીયાદ પધાર્યા અને ત્યાં પણ ગાંધી-પરિવારના પાંચ સભ્યોના કુટુંબ સહિત નવ મુમુક્ષુઓની દીક્ષા, ચાર પંન્યાસપદવીઓ, પ્રતિષ્ઠા વગેરેના ભવ્ય ઉત્સવો, દીક્ષાઓ, વડી દીક્ષા, ગણિપદવી શાનદાર ઉજવાયા. આ ઉત્સવોની મંગલમય પૂર્ણાહુતિ થઈ કે તુરત જ પૂજ્યશ્રીનો ખંભાત તરફ વિહાર થયો.

ઉદાર મનસ્ક બી.એ. શાહ કું. પરિવાર :

ખંભાત પરિવાર (બી.એ. શાહની કંપનીવાળા) વર્ષોથી તેની ઉદારતા અને ધર્મપ્રભાવનાનો જવલંત આદર્શ આપી રહ્યો છે. શાસન-પ્રભાવક પૂ. મુનિરાજશ્રી હેમચંદ્ર વિજયજી મહારાજ તથા સુશીલ સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજી અને સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી તથા શ્રી દિવ્યયશાશ્રીજી જેવા તેજસ્વી સંયમી રત્નોની આ પરિવારે શ્રી જૈન સંઘને ભેટ આપી છે. જિનાલયો, ઉપાશ્રયોનાં નિર્માણ-જીર્ણોદ્ધાર, ઉપધાન, ઉજમણાં, મહોત્સવો વગેરે અનેકવિધ શાસનપ્રભાવનાના કાર્યો પ્રતિવર્ષ, તેઓ કરતા રહે છે. એક ભવ્ય અંજનશલાકા મહોત્સવ ઉજવવાની પૂ. હેમચંદ્ર-વિજયજીના સંસારી માતુશ્રી મૂળીબેનની વર્ષોની ભાવના હતી એમાં **માતુશ્રી મૂળીબેનના અરમાન ફળ્યાં :**

પૂ. હેમચંદ્રવિજયજી મ. સંસારીપણે ઓસવાલ જ્ઞાતિના, તેથી ઓસવાલ સંઘના અતિ આગ્રહે ખંભાતમાં ઓસવાલ સંઘના ઉપાશ્રયે ચાતુર્માસ કરેલું. પરિણામે સંઘનો ઉલ્લાસ પરાકાષ્ઠાએ પહોંચેલો હતો. સંઘમાં શ્રી સીમંધર સ્વામીના ૫૦૦ ઉપર અઠ્ઠમ વગેરે અનેક ભવ્ય આરાધનાઓથી ચાતુર્માસ યાદગાર બની રહ્યું. હવે એના પર શિખર ચડાવવા રૂપે પૂ. માતુશ્રીની ભાવના સફળ કરવા અંજનશલાકાનો ભવ્ય મહોત્સવ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઉજવી એઓશ્રીના વરદ હસ્તે અંજનશલાકા કરાવવાનો પૂ. માતુશ્રી મૂળીબેનના

સુપુત્રો શ્રી તારાચંદભાઈ શ્રી બંસીભાઈ શ્રી ધરણેન્દ્રભાઈ તથા શ્રી પુંડરીકભાઈએ નિર્ણય લીધો અને સુરત મુકામે જઈ પૂ. આચાર્યદેવને આ માટે ચોમાસું ઉતર્યે જલદી ખંભાતમાં માગશર માસમાં જ અંજનશલાકા મહોત્સવ અંગે પધારવા અત્યંત આગ્રહભરી વિનંતી કરી, પરંતુ પૂજ્યશ્રીએ વાપી બે બેનોની માગશરમાં જ ભવ્ય દીક્ષા મહોત્સવ પર પધારવા આશા આપી દીધેલી તેમજ મહા સુદમાં નડીયાદમાં એક જ કુટુંબની ૫ દીક્ષાઓ સહિત બીજી બે બેનોની દીક્ષાઓ પર પૂજ્યશ્રીને પધારવાનું પણ બહુ પૂર્વેથી નક્કી થઈ ગયેલું, તેથી તે પછી ખંભાત આવી શકવાની શક્યતા બતાવી. પૂ. માતુશ્રી તથા શ્રી તારાચંદભાઈ વગેરેએ એ રીતે પણ એ વાતને ખૂબ ખુશી થઈને વધાવી લીધી. એ હિસાબે મહા સુદ-૧૩ થી મહા વદ-૬ સુધીના અંજનશલાકા મહોત્સવ પર પૂજ્યશ્રીને પધારવાનું નક્કી થયું.

તપસ્વી સૂરિવરનાં તપથી સ્વાગત :

વર્ધમાન આયંબિલ તપની ૧૦૮ ઓળીના સમારાધક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનું સ્વાગત એજ તપથી કરવાની પ્રેરણા થતાં ખંભાત સંઘમાં **૧૦૮ દિવસ માટે** ક્રમસર ચડતી સામુદાયિક આયંબિલ ૧ થી માંડીને ૧૦૮ મી ઓળી સુધીની આરાધના શરૂ થઈ. ત્રણ મહિના પહેલા શરૂ થયેલ આ આરાધના મહા વદ-છઠ્ઠના દિવસે પૂર્ણ થઈ તે દિવસે સંઘમાં ૧૦૮ મી ઓળીની આરાધના થઈ હતી કેવું ભવ્ય સ્વાગત !

મહા સુદ-૧૩ ના શુભ દિવસે પૂજ્યશ્રીનો ૭૦ મુનિઓ સાથે નગર પ્રવેશ થવાનો હતો. પ્રવેશયાત્રાની જોરદાર તૈયારીઓ થઈ ચૂકી હતી. સ્થંભનપુરના ભવ્ય ભૂતકાળની સ્મૃતિ આજે તાજી થતી હતી. નગરના રાજમાર્ગો ઠેર ઠેર આકર્ષક કમાનો અને ધજા પતાકાઓથી શોભી ઉઠ્યા હતા. જૈન શાસનનો લોકોત્તર મહિમા ગાતા પરદાઓ શોભામાં વૃદ્ધિ કરતા હતા.

અંજન માટે ક્યાં ક્યાંના જિનબિંબો :

અંજનશલાકા કરાવવા માટેના જિનબિંબોમાં મુખ્યપણે ભવ્ય દેવાણનગર જિનમંદિરમાં નીચેના ભૂમિમંદીરમાં ગાદીનશીન કરવાના અતીત-અનાગત ચોવીસીના ૨૪-૨૪ ભગવાન તથા શ્રી સીમંધર સ્વામી પ્રમુખ ૨૦ વિહરમાન અને ૪ શાશ્વતા ભગવાનના બિંબો, ઉપરાંત હસ્તગિરિના પંચકલ્યાણક પૈકી દીક્ષાકલ્યાણકના ભવ્ય જિન મંદિરમાં મૂળનાયક તરીકે બિરાજમાન કરવાના શ્રી આદીશ્વર ભગવાન, મેંગલોર ભવ્ય જિનપ્રસાદમાં પધરાવવાના મૂળનાયક આદિ ભગવંતો જેમના ફોટા જોઈ ભરાવવા માટે પહેલેથી ત્યાં સારી રકમની ઉપજ થયેલ, ઉજ્જૈન હનુમંતપુરામાં

નિર્મિત થનાર જિનપ્રાસાદમાં પધરાવવાના શ્રી આદીશ્વર ભગવાન તથા શ્રી પુંડરીક ગણધરના ભવ્ય બિંબો તેમજ મેવાડ, રતલામ, વિરમગામ, બાપુનગર, નડીયાદ વગેરે અનેક ગામોના લગભગ ૧૫૦ આરસના જિનબિંબો હતા અને ૮૦ લગભગ પંચધાતુના જિનબિંબો હતા.

શ્રી જિનબિંબો તથા પૂ. સૂરીશ્વરજીનો ભવ્ય નગર પ્રવેશ :

આ સઘળા ય પરમતારક શ્રી જિનેશ્વર પરમાત્માના બિંબોનો તથા નડીયાદમાં શ્રી મૂળીબેન અંબાલાલ પરિવાર તરફથી નિર્મિત નૂતન જિનાલયમાં મૂળનાયક તરીકે બિરાજમાન થનાર શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના પ્રતિષ્ઠિત બિંબનો કે જેમની નિશ્રામાં આખો ય અંજનશલાકા મહોત્સવ ઉજવનાર છે, તેમનો નગર પ્રવેશ પણ આજે જ થવાનો હતો. સંખ્યાબંધ આકર્ષક સાંબેલા, ઘોડા, રથ, બગીઓ અનેક બેન્ડ-વાજાઓ, વિશાળ સાજન-મહાજન, ચકમક ચમકતી વિવિધ રંગી સાડીઓમાં નારીવૃંદ વગેરેથી સ્વર્ગીય દૃશ્ય ખડું કરતી ત્રણ કલાક ચાલેલી આ વિશાળ પ્રવેશયાત્રા નિહાળવા હજારો નરનારીઓની રાજમાર્ગો પર કતાર લાગી હતી. આ શોભાયાત્રામાં શણગારેલી ગાડીઓમાં, રથમાં, બગીમાં મનોહર જિનબિંબો નિહાળવાનું એક જબ્બર આકર્ષણ પેદા થયું હતું. ચાર ઘોડાની સુંદર સજાવટવાળી બગીમાં હસ્તગિરિના આદીશ્વર ભગવાન રાજાધિરાજની જેમ શોભી રહ્યા હતા. સુપાર્શ્વનાથપ્રભુ ચાંદીના રથમાં બિરાજી રહ્યા હતા. નારગામની મંડળીએ આ શોભાયાત્રામાં લોકોને ભક્તિઘેલા બનાવી દીધા હતા. આ શોભાયાત્રા જૈનશાળાએ આવી ત્યારે જિનબિંબોને વેદિકા ઉપર બિરાજમાન કરવાનું શુભ મુહૂર્ત આવી ગયું હતું. જૈનશાળાના વિશાળ પ્રવચન હોલમાં તૈયાર કરેલી વેદિકા ઉપર શ્રી સુપાર્શ્વનાથપ્રભુ આદિ જિનબિંબોને બિરાજમાન કર્યા ત્યારે પ્રત્યેક હૈયામાં આનંદસાગર હિલોળે ચઢ્યો હતો અને આજથી અંજનશલાકા અંગેના કુંભસ્થાપનાદિ મંગલમય વિધિવિધાનો શરૂ થયા હતા.

સ્થળે સ્થળે થતાં અંજનશલાકા નંદ્યાવર્ત વિધાનથી અનોખું નંદ્યાવર્ત-આલેખન

પરમ તપોનિધિ પૂ. આચાર્ય ભગવંતે માંગલ્ય માટે આજથી જ આયંબિલ તપની શરૂઆત કરી દીધેલી. એની સાથે એઓશ્રીએ પહેલા મહાન મંગલમાં સીધા નંદ્યાવર્ત પટ પરનાં પૂજનને બદલે, સેવનના ચંદનથી સાત પુટ દીધેલા પાટલા પર બીજે દિવસે રવિ-પુષ્યમાં સમગ્ર નંદ્યાવર્તનું આલેખન કર્યું. આમાં દાડમકળીની કલમથી યક્ષકર્દમે લગભગ ૨૫૭ શાસન દેવદેવીઓ તથા ૨૪ પ્રભુનાં માતાપિતાઓનાં નામો વર્તુળોમાં લખવાના હોય છે. પછીથી એના પર મહામંગલમય નંદ્યાવર્ત પૂજન કરવામાં આવ્યું. જેને નિર્વાણ કલિકા શાસ્ત્રમાં મુખ્ય અગત્ય આપવામાં

આવી છે. પૂ. શ્રી મધુર સ્વરે મંત્રો ઉચ્ચારી રહ્યા હતા. ક્રમશઃ સિદ્ધચક્ર, વીસસ્થાનક વગેરે પૂજનોમાં તેઓશ્રીના મુખે થતી અર્થ, ભાવાર્થ અને રહસ્યોની છણાવટ સાંભળવા સંઘ ઉત્સુક રહેતો હતો. જેમ જેમ શુદ્ધિપૂર્વક વિધિવિધાનો થતા ગયા તેમ તેમ વાતાવરણમાં અલૌકિક મંગળમયતા અનુભવાતી હતી. મુખ્યપણે અંજનશલાકા-વિધાનોના કારક જામનગર નિવાસી શ્રાદ્ધરત્ન નિષ્ણાતશ્રીની મંડળી વગેરે સહૃદય તેમજ સજાગ વિધિકારકો પણ એટલા જ યશના ભાગી કહી શકાય. શ્રી સુપાર્શ્વનગર-જૈનશાળામાં વિધિવિધાન થયા બાદ ત્રણ દરવાજા પાસે ૧૦ હજાર માણસો બેસી શકે એવો વિશાળ અને ઈન્દ્રપુરી જેવા વારાણસીનગરી નામના મંડપમાં કલ્યાણક વગેરેના ભવ્ય પ્રસંગ ઉજવાતા હતા.

મનોહર જિનબિંબોની લાંબી હારમાળાઓનાં દુર્લભ દર્શન :

શ્રી અંબાલાલ રતનચંદ પરિવારના બી.એ. શાહ કું.વાળા કેટલા બધા ભાગ્યશાળી કે એમને શ્રીયુત ભાણાભાઈ જેવા કર્મઠ અને નામી નિષ્ણાત આયોજક મળ્યા. જેમની કુનેહથી ખંભાત નગરની નગરપાલીકાએ ત્રણ દરવાજા બહારના રાજમાર્ગ સહિત અતિ વિશાળ ચોરસ કમ્પાઉન્ડ આ મહાપવિત્ર કલ્યાણ-આયોજન અર્થે વાપરવા આપેલું ! એ આખાને સુશોભિત મંડપથી શણગારવામાં આવેલ, જેમાં દરવાજામાં પેસતાં જ દૂર બરાબર સામે જુઓ એટલે ૭૦ ફૂટ લાંબું રાજશાહી મોટું સ્ટેજ કલ્યાણકાદિના પ્રસંગોની ઉજવણી અર્થે રચવામાં આવેલ દેખાય ! એનાથી સહેજ દૂર જમણા હાથે પૂ. સો સાધુ મહારાજો બેસી શકે એવું મોટું સ્ટેજ અને ડાબા હાથ પર પૂ. સાધ્વીજી મહારાજોની અલાયદી જગા દૃષ્ટિપથે ચડે. કાર્યક્રમોના મુખ્ય સ્ટેજ પર જુદા જુદા પ્રસંગોને અનુરૂપ સોહામણા પડદાઓ છેડા પરના દોરમાત્રથી ખુલ્લા થાય સંકોચાય એ રીતે શોભી રહ્યા હતા. બાજુના નાના કમ્પાઉન્ડમાં વિશાળ મેરુ તથા સમોસરણનું આયોજન હતું. આ બધું જોઈને ખંભાત નગરની જૈન જૈનેતર પ્રજા એવી હર્ષઘેલી અને આતુર બનેલી કે હવે ક્યારે વિવિધ દિલચશપી કાર્યક્રમો જોવા મળે. ચ્યવન કલ્યાણક પ્રારંભ થતાં જ આ દેવસભાતુલ્ય મંડપમાં ક્રમશઃ કલ્યાણક પ્રસંગો ભવ્ય રીતે ઉજવાવા માંડ્યા. રોજ શ્રી સુપાર્શ્વ નગરથી વાજતે-ગાજતે પૂ. આચાર્ય ભગવંતાદિ મુનિગણને લઈ વિશાળ માનવ સમુદાય વારાણસી મંડપમાં પહોંચી જતો. એ પહેલાં મંડપ અડધો જનસમૂહથી ભરાયેલો. આ જાહેર સ્થળ હોવાથી જૈનેતરોની હાજરી પણ નોંધપાત્ર રહેતી. કલ્યાણકના અલૌકિક પ્રસંગો નિહાળી તેઓ પણ આનંદિત થતા. તેથી આ મહોત્સવ મહાન શાસન-પ્રભાવક બની ગયો હતો.

મહા સુદ-૧૩ : આજે અંજનશલાકા-પંચકલ્યાણકોનાં વિધિવિધાનથી દેવત્વ સ્થાપિત કરવાના નૂતન જિનબિંબોનો તથા વિશાળ પરિવાર સમેત પૂ. આચાર્યદેવશ્રીના નગર પ્રવેશ-સમારોહ પછી અમર જૈનશાળાના મહા વિશાળ વ્યાખ્યાન હોલમાં એક બાજુની લાંબી ભીંતે રચવામાં આવેલ લાંબી ત્રણ વેદિકાઓ ઉપર નૂતન જિનબિંબોને વિધિસર પધરાવવામાં આવ્યા. હોલમાં પેસતાં દેખો તો ડાબી બાજુ આ છેડાથી પેલા છેડા સુધી જિનબિંબોની લાંબી ત્રણ હારમાળા દેખાય. વચમાં કળાત્મક દેરીમાં પ્રતિષ્ઠિત શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના સુંદર પ્રતિમાજી પ્રમુખસ્થાને બિરાજમાન દેખાય જેમની નિશ્રામાં આ વિધાનો ઉજવાવાના હતા. એમની આગળ દેખો તો ત્રિગડા પરના સિંહાસનમાં સ્નાત્રાદિ વિધિ માટે પ્રભુજી પધરાવેલ અને એમની આગળ સમચોરસ વેદિકા પર સુપાર્શ્વ પ્રભુના નૂતન બિંબ બિરાજમાન નજરે પડે, કે જેમના પર મુખ્ય વિધિ કરવાની હતી. પછી શુભ મુહૂર્તે કુંભ સ્થાપન, અખંડ દીપક સ્થાપન વગેરે વિધાન કરવામાં આવ્યા.

મહા સુદ-૧૪ : નંદ્યાવર્ત-આલેખનનું અનોખું દર્શન : આજે સવારે એક બાજુ વારાણસી નગરમંડપમાં પ્રસિદ્ધ વ્યાખ્યાનકારો; પૂ. મુનિરાજો શ્રી હેમચંદ્ર વિજયજી મહારાજ, શ્રી જિનચંદ્ર વિજયજી મહારાજ, શ્રી રત્નસુંદરવિજયજી મહારાજ પૈકીના વ્યાખ્યાન ચાલેલા, ત્યારે બીજી બાજુ જૈનશાળામાં પૂ. આચાર્યદેવશ્રી પોતે પ્રધાન નંદ્યાવર્તપૂજન માટે ૨-૨॥ કલાક પદ્માસને બેસી નંદ્યાવર્તનું શાસ્ત્રોક્ત આલેખન કરી રહ્યા હતા. બપોરે શ્રી નંદ્યાવર્તપૂજન તથા નવગ્રહાદિ પાટલાપૂજન વિશાળ જનસમૂહની હાજરીમાં થયાં.

મહા સુદ-૧૫ : પૂજનોની સમજૂતી :

આજે સવારે પ્રવચન બાદ જૈનશાળા હોલમાં વિશાળ મેદની સમક્ષ શ્રી સિદ્ધચક્રપૂજન અને શ્રી વીસસ્થાનક પૂજન થયાં. આમાં પૂ. આચાર્યદેવશ્રીના મધુર સ્વરે ઉચ્ચારાતા શ્લોકો તથા મંત્રોના ધ્વનિરણકારથી વાતાવરણ ગુંજ ઊઠતું. એ પછી પૂજ્યશ્રીએ ત્યાં જ એકેક પદના શ્લોકના ભાવાર્થ સમજાવતાં વિશાળ મેદની શાંતપણે મંત્રમુગ્ધ બની સાંભળી રહેલ અને ભક્તિ-ભાવિત થયેલ.

અંજનશલાકા મહોત્સવની અજોડતા પાછળનાં કારણો :

મહા વદ-એકમથી મંગલકારી કલ્યાણકોની ઉજવણી શરૂ થનાર હતી. એકેક ઉજવણી ખંભાતના વર્તમાન ઇતિહાસમાં બેનમૂન બનેલી; આની પાછળનાં કારણોમાં સ્વ. સિદ્ધાંતમહોદધિ ગુરુદેવ શ્રી આચાર્યદેવ ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મ.નો સ્વર્ગમાંથી વરસતો આશીર્વાદ, પ્રભાવક પ્રવચનકાર તપોનિધિ પૂ. આચાર્યદેવશ્રી

વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પુણ્ય નિશ્રા, પૂ. મુનિરાજો શ્રી હેમચંદ્રવિજયજી મહારાજ તથા શ્રી વિમલસેનવિજયજી મહારાજના દિવસો પૂર્વેથી માર્ગદર્શન, શ્રાદ્ધરત્ન શ્રી ભાણાભાઈનું અનુભવી કુશળ આયોજન અને સંચાલન, જામનગર નિવાસી નિષ્ણાત અનુભવી પ્રતિષ્ઠા વિધિકારક શ્રી નવીનભાઈના શુદ્ધ સ્પષ્ટ શાસ્ત્રોક્ત રીતનાં વિધિવિધાનો, શ્રી લલિતભાઈ ધામીનાં ભાવભર્યા સંગીત કાર્યક્રમો, શ્રી અંબાલાલ રતનચંદના વિશાળ પરિવારની અનુમોદનીય સુકૃત-ઉદારતા સહિત અદમ્ય ઉત્સાહપૂર્વકની ક્રિયાવિધિ-તત્પરતા-તન્મયતા, શ્રી ખંભાત સંઘ તથા ખંભાતની જૈનેતર પ્રજાનાં ઉલ્લાસભર્યા અવલોકન... આ બધા અદ્‌ભુત તત્ત્વોએ ક્રિયાવિધાનો અને કલ્યાણકાદિની ઉજવણીઓને ચાર ચાંદ ચડાવી દીધેલા ! આ ઉજવણીઓ પ્રભુના વખતમાં જ થયેલ કલ્યાણકાદિ પ્રસંગનો ભાસ કરાવી જતી ! કેમ જાણે ખરેખર પ્રભુના માતાપિતા અને ઇન્દ્રાદિ દેવો દિક્કુમારીઓ જ અહીં ઉતરી આવ્યા ન હોય ! રાજસભા જુઓ તો આબેહૂબ ! ને દેવસભા જુઓ તો આબેહૂબ ! ૮૦ વર્ષના વૃદ્ધો કહે છે અમારી જિંદગીમાં અંજનશલાકાઓ જોઈ છે, પણ આવી ઉજવણી ક્યારેય નથી જોઈ.

મહા વદ-૧ : ચ્યવન કલ્યાણકની ભવ્ય ઉજવણી : આજે ક્રિયાશાળામાં વિશાળ મેદની સમક્ષ શ્રી ચ્યવન કલ્યાણકનું વિધાન થયું. સાથે શાસ્ત્રના નિયમ મુજબ શ્રી મૂળીબેન અંબાલાલ પરિવારે પ્રતિષ્ઠાચાર્ય પૂ. આચાર્યદેવશ્રીનું ગીની તથા ચાંદીના સિક્કાથી પૂજન કર્યું અને પ્રતિષ્ઠા ગુરુ વિધિકારક શ્રી નવીનભાઈનું સોનાની ચેઈન પહેરાવી પૂજન કર્યું.

એ પછી વારાણસી નગરી મંડપમાં શ્રી ચ્યવન કલ્યાણકની ઉજવણી ચાલુ થઈ.

શ્રી ધામીના પ્રાસંગિક ગીત પછી રાજશાહી શયનખંડમાં માતાને અદ્ધર આકાશમાંથી ઉતરી આવતા ચૌદ મહાસ્વપ્નોના દર્શનનો અદ્‌ભુત કાર્યક્રમ થયો. પછીથી માતા જાગીને બેઠા થઈ સ્વપ્નોનું અવધારણ કરવારૂપે નાની અપ્સરાશી બાળાઓ નાચતી અકેક સ્વપ્ન દેખાડી ગઈ. બાદ માતા મહારાણીનું ધીરે પગલે રાજાના શયનખંડમાં ગમન, 'હે દેવાનુપ્રિય ! જાગ્રત થાઓ...વગેરે મંજુલ ધ્વનિથી મહારાજાને જગાડવા; પછી પોતાને આવેલા ચૌદ મહાસ્વપ્નોનું કથન; રાજાએ એ સાંભળી અત્યંત હર્ષ પ્રગટ કરવો, તથા અલૌકિક પુત્રરત્ન-પ્રાપ્તિનો ફલાદેશ કહેવો વગેરે સુંદર ઉજવાયું.

ત્યારબાદ સ્વર્ગની ઇન્દ્રસભા રજૂ થઈ. ઇન્દ્ર ગીત-નૃત્યના દર્શનમાં મગ્ન હતા અને એકાએક એમનું અચલ સિંહાસન ડોલ્યું એ જોતાં સભા ચકિત થઈ ગઈ

કે આવું અચલ સિંહાસન શી રીતે ડોલી ઊઠ્યું ! અવધિજ્ઞાનથી પ્રભુનું ચ્યવન જાણી સિંહાસન પરથી ઉતરી મોજડી ઉતારી સાત-આઠ કદમ આગળ જઈ ઇન્દ્રે ગંભીર ધ્વનિથી કરેલ શકસ્તવ સ્તુતિ.

બાદ પ્રભુના પિતા શ્રી પ્રતિષ્ઠિત મહારાજા તથા માતા પૃથિવીદેવી સહિત રાજસભાનું દશ્ય રજૂ થયું... ત્યાં સ્વપ્ન પાઠકોને બોલાવવા, એમનાં સ્વાગત સન્માનપૂર્વક ચૌદ મહાસ્વપ્નો કથન અને સ્વપ્ન પાઠકો તરફથી ફલાદેશ કથન વગેરે પ્રસંગોની શાનદાર ઉજવણી થઈ. બપોરે એકબાજુ ચ્યવન કલ્યાણકનો ભવ્ય વરઘોડો નીકળ્યો, બીજી બાજુ જૈનશાળામાં નાના-મોટા એકેએક ભગવાનના લગભગ ૨૫-૩૦ અંગ ઉપર અક્ષરન્યાસ પૂ. મુનિરાજોના પવિત્ર હસ્તે કરવામાં આવ્યા. રાત્રે ભાવનામાં શ્રી ધામીએ અજબ રંગત જમાવી, હજારોનાં હૈયા ભક્તિભીના કરી દીધા.

મહા વદ-૨ : અતિ અદ્‌ભુત જન્મકલ્યાણકની ઉજવણી : જૈનશાળાએ સુપાર્શ્વનગરમાં આજે ભાવિકોના હૈયે ઉલ્લાસ માતો નહોતો કારણ ત્રણ લોકના નાથ દેવલોકમાંથી આજે પૃથ્વી પર અવતરવાના હતા. સૌના હૈયા હિલોળે ચડ્યા હતા. અત્યંત ઉલ્લસિત વાતાવરણમાં પવિત્ર વિધિઓ ચાલુ હતી. પૂ. આચાર્ય ભગવંતે આજના દિનની મંગલમયતા અને કલ્યાણકારિતાનો પરિચય આપ્યો અને જે શુભ પળે પ્રભુનું દેવલોકમાંથી માતાના ઉદરમાં અવતરણ થયું, ત્યારે પ્રત્યેક હૈયાના તાર ઝણઝણી ઊઠ્યા, સૌના હૈયામાં ઉછળેલા હર્ષના પૂર આંસુ બનીને આંખોમાંથી બહાર નીકળી આવ્યા. તાલીઓના ગડગડાટ, વાજિંત્રોના નાદ, હર્ષની કીકીયારીઓ, નાચગાન રૂપ ! નાણાનો વરસાદ વગેરે દ્વારા સૌ આનંદને વ્યક્ત કરી રહ્યા હતા. "શુભલગ્ને જિન જનમીયા, નારકીમાં સુખ જ્યોત" એ હકીકતની આજે ઝાંખી થતી હતી. સાક્ષાત્ પ્રભુના કલ્યાણકોને ઉજવતા દેવતાઓની યાદ તાજી થતી હતી. કેવલી ભગવંત હોત તો ખ્યાલ આવત, કે આજે કેટલા આત્માઓએ નિર્મળ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી. ૨૮ ઉપરાંત અંજનશલાકામાં વિધિવિધાન માટે જઈ આવેલા શ્રી નવીનભાઈ પણ વિશાળ જનસમૂહનો આવો અનુપમ ઉલ્લાસ જોતા બોલી ઉઠ્યા કે આ મારે આ ૨૯ મી અંજનશલાકાની ઉજવણીમાં જોવા મળેલો આવો ઉલ્લાસ પહેલા ક્યારેય જોવા નહિ મળેલો.

પછી વારાણસી નગરી મંડપમાં જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી વખતે જનસમૂહથી ઉભરાયેલી વિશાળ પણ વારાણસી નગરી નાની પડેલી.

૫૬ દિક્‌કુમારીનો જન્મોત્સવ :

જન્મ કલ્યાણકની ઉજવણી શરૂ થતાં ૫૬ દિક્‌કુમારીઓના સિંહાસન ડોલાયમાન થવાથી પ્રભુનો જન્મ જાણીને એ પોતાનો શાશ્વત ભક્તિ-આચાર બજાવવા પૃથ્વીતલ પર ઉતરી આવી. અહીં પ્રેક્ષકગણ શૃંગાર-વિલાસની અસર ન લઈ જાય એ માટે ફક્ત ૯-૧૦-૧૧ વર્ષની નાની બાળિકાઓને જ દિક્‌કુમારી કૃત્ય બજાવવાની તાલિમ આપવામાં આવેલી. એ હવે છ ૮-૮ ના અને બે ૪-૪ ના ગૃપમાં પોતાનાં કૃત્ય બજાવવા હાજર થયેલ. દરેક ગૃપને અલગ-અલગ રંગના દિવ્ય પરિધાન આપવામાં આવેલા. હવે એ ક્રમશઃ ભૂમિશોધન સુગંધવર્ષા-ચામર-કળશ-દર્પણ દર્શન વગેરે કૃત્ય લટકાળી રીતે સ્ટેજ ઉપર બજાવતી ચાલી. એ દશ્યે જનતાને મંત્રમુગ્ધ કરી દીધેલ. એમ લાગતું કે જાણે સ્વર્ગની નાની પરીઓ ઉતરી આવી ! પછી પુત્ર સહિત માતાને ત્રણ કેળના ઘરમાં મજ્જન-સ્નાન અને વસ્ત્રાલંકાર પરિધાન કરાવીને 'પ્રભુ તારા લોચનો લટકાળાં, જોતા હૈયા થનગન થાય ...જિનશાસન જયજયકાર'નો ગરબો લલકાર્યો. અહીં લલિતભાઈ ધામીએ પણ જનતાને ગીતમાં ઝીલાવી.

મેરુ પર જન્માભિષેક :

એ પછી ઇન્દ્રસભાનું દશ્ય રજૂ થયું ત્યાં સૌધર્મેન્દ્રના સિંહાસનનું ડોલી ઉઠવું... અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ જાણી સેનાધિપતિ હરિણૈગમેષી દેવ પાસે સુઘોષા ઘંટાનાદપૂર્વક જન્મ મહોત્સવ અર્થે મેરુ ઉપર ચાલવાની ઘોષણા કરાવવી, ત્યાં ઊતરી આવેલ પાલક વિમાનમાં ઇન્દ્રનું બેસવું, ને પૃથ્વીતલ ઉપર ઊતરી આવવું, માતા પાસે જઈ નમસ્કારપૂર્વક તીર્થંકર પુત્રનાં જન્મની વધામણી આપી મેરુ પર્વત ઉપર આ પુત્રનો જન્મ મહોત્સવ કરવાની ઇચ્છા વ્યક્ત કરવી અને પાંચ રૂપથી પ્રભુને મેરુ પર્વત ઉપર લઈ જવા,... વગેરે અદ્‌ભુત મનોરમ્ય દશ્યો એક પછી એક રજૂ થયા બાદ બાજુના કમ્પાઉન્ડમાં ખડા કરાયેલ વિશાળ મેરુ પર્વત ઉપર ૬૪ ઇન્દ્રો વગેરેના પ્રભુ પર અભિષેક ચાલ્યા...જેમાં છેવટે પ્રભુને ઇશાનેન્દ્રના ખોળામાં સોંપી સૌધર્મેન્દ્રે વૃષભરૂપે અભિષેક કર્યા. જે જોતાં લોક ભુલાવામાં પડી ગયા કે મેરુ ઉપર બળદ ક્યાંથી ચડી ગયા !... પછી પ્રભુને વસ્ત્ર પરિધાન તથા સ્તુતિ અને પૂ. આચાર્ય મહારાજ સાથે દેવવંદન કરીને ઇન્દ્ર પ્રભુને માતાને પાસે લઈ આવ્યા અને રત્ન-સોનૈયા વગેરેની ભરપૂર વૃષ્ટિ કરી ઘોષણા કરી કે 'માતા તથા પુત્રનું જે કોઈ અશુભ કરવા જશે તેનું મસ્તક છેદ થઈ જશે...' આ પ્રસંગે જાહેર કરવામાં આવ્યું કે પ્રભુને ત્યાં વરસેલ આ વૃષ્ટિનું નાણું પ્રભુના દીક્ષા

કલ્યાણક વરઘોડા વખતે વર્ષીદાનમાં વપરાશે.

બપોરે જન્મકલ્યાણકનો ભવ્ય વરઘોડો ચડેલ.

મહા વદ-૩ : જન્મ વધામણી :

આજે ક્રિયાવિધાનની જૈનશાળામાં 'પ્રતિષ્ઠિત' મહારાજાને પ્રિયંવદા દાસી દ્વારા પુત્રજન્મની વધામણી વગેરે પ્રાથમિક વિધિ કરીને સમસ્ત જિનબિંબોને અઢાર અભિષેકની વિધિ કરવામાં આવી. સૌભાગી મૂળીબેનનો વિશાળ પરિવાર આ લાભ લેવામાં બહુ હોંશથી લાગી ગયેલો. ત્યારપછી વારાણસી નગરી મંડપમાં રાજા તરફના પુત્રજન્મોત્સવની અતિશય ઠાઠથી ઉજવણી કરવામાં આવી. એ વખતે પુત્રજન્મના સમાચાર સાભળી અત્યંત આનંદવિભોર બનેલ પ્રતિષ્ઠિત મહારાજાએ પ્રિયંવદાને પોતાના મુગટ સિવાય સર્વ અલંકારો વધામણીદાનમાં અર્પી દીધા. બંદીજનોને મુક્ત કર્યા, તથા આખાય નગરમાં પુત્રજન્મોત્સવ મનાવ્યો.

નામકરણવિધિ : પ્રભુના જન્મ પછી ચંદ્રદર્શન-સૂર્યદર્શન વગેરે વિધિ થઈ. પ્રભુને ભવ્ય ચાંદીના પારણામાં પધરાવી સંગીતમય હાલરડા ગાવા સાથે પ્રભુને હુલરાવ્યા ત્યારે લલિતભાઈએ પણ તાનમાં ચઢી લોકોને 'ઝુલો ઝુલો નાથ ! મારા પારણિયામાં ઝુલો... રુડા હાલરિયામાં ઝુલો...' એ ગીતથી હાલરડું ઝીલાવતાં તાનમાં ચઢાવી દીધા.

આવા પ્રસંગે સહેજે લાગે કે જૈન ધર્મના પવિત્ર અનુષ્ઠાનોની કેવી બલિહારી છે કે અનુષ્ઠાનોમાં ભાગ લેનાર અને એની ઉજવણીની ભવ્યતા દૂર રહી સાંભળનારના પણ હૈયામાં શુભ અધ્યવસાયોની છોળો ઊછળે છે ! કે જે મિથ્યાત્વ અને રાગાદિકષાયોના રંગ મોળા પાડી દઈ જિનભક્તિના રંગથી હૈયાને હિલોળે ચઢાવે છે ! હજારો આત્માને સમ્યગ્દર્શન પમાડનાર આવા અંજનશલાકાદિ વિધાનોની ઉજવણીમાં કરવામાં આવતો ઉદાર ધનવ્યય, એ લાભને જોતાં, ખરેખર લેખે લાગી ગયો એમ લાગે છે. જોનારને એમ થાય કે 'આપણા પણ એવા અહોભાગ્ય ક્યાંથી કે આવા અંજનશલાકા મહોત્સવની સ્વદ્રવ્યથી ઉજવણી કરીએ !'

પ્રભુના નામકરણની વિધિમાં મહારાજાનું જ્ઞાતિજનોને આમંત્રણ... પડદા પાછળથી જમણના 'બરફી, લો...ઘારી, લો...કતરી, લો...મ્હેસુબ, લો...' વગેરે અવાજો આવતાં પ્રેક્ષકોમાં કેટલાકને મોંમાં પાણી આવી ગયેલા... પછી રાજદરબારમાં એ જ્ઞાતિજનો સમક્ષ જોષીને તેડાવ્યા... જોષ જોવડાવ્યા... અને ફોઈબાએ અંતે માતાએ જોયેલ સ્વપ્નના આધારે સુપાર્શ્વકુમાર એવું નામ પાડ્યું... 'જય હો સુપાર્શ્વકુમારકી જય હો'નો નાદ ગાજી ઊઠ્યો...

નિશાળ ગણણું : અલબત્ત સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા માતાએ વીર પ્રભુને નિશાળે મૂકવાનો કાર્યક્રમ કરેલો, કિન્તુ બીજા કોઈ ભગવાન માટે એમના માતા-પિતાએ આ કાર્યક્રમ કર્યો નથી એટલે બીજા ભગવાનની અંજનશલાકા વિધિમાં પ્રભુને નિશાળે બેસાડવાનો કાર્યક્રમ ન હોય, કિન્તુ અંજનશલાકા વિધાનવાળા અનેક જિનબિંબોમાં મહાવીર પ્રભુનું પણ બિંબ હોય તેથી નિશાળ ગણણું ઉજવવામાં આવે છે એ અનુસારે અત્રે પણ નિશાળ ગણણાનું ફૂલેકું, પંડિતની શાળામાં ઈન્દ્રનું બ્રાહ્મણરૂપે આગમન, એ બ્રાહ્મણે પ્રભુને પંડિતના આસન ઉપર જ બેસાડી દેવા, પંડિતના દિલના સંશયો પ્રશ્નરૂપે પ્રભુને બ્રાહ્મણે પૂછવા અને પ્રભુ પાસેથી સમાધાન મળતાં પંડિતનું ચોંકી ઊઠવું...ત્યાં ઈન્દ્ર બ્રાહ્મણે ખુલાસો કરવો કે આ કોઈ સામાન્ય બાળક નથી પણ જગતપરમેશ્વર છે. સર્વ વિદ્યાના પારગામી છે' ...વગેરે વિધિઓ થઈ. ત્યાં અને મંડપ બહાર બાળકોને નોટો-પેન્સિલો વગેરે ભણવાના સાધનો તેમજ સુખડી વગેરેની પ્રભાવના કરવામાં આવી. અહીંયાં વિધિકારક નવીનભાઈએ સ્ટેજ પર લટકાળી રીતે ચાલીને

'માતા પૃથિવીદેવી બાલ, છેક નાના સુકુમાલ

ચાલો ઠુમક ઠુમક ચાલ, પાઠશાળાએ પધારે પૂરા પ્રેમથી...'

એ ગીત બાળ ચાલની એકટીંગ સાથે ગાતા અને લોકોને ઝીલાવતા હતા ત્યારે વિધિકારકની પ્રસંગોચિત કુશળતા તરી આવતી હતી.

લગ્નોત્સવ : મોસાળું-વરઘોડો-લગ્નવિધિ : નિશાળ ગણણાં પછી પ્રભુના લગ્નોત્સવ અંગેની ઉજવણી થઈ. એમાં પ્રભુના મામા તરફથી મોસાળું લાવવામાં આવ્યું. ખંભાત તેમજ બહારના સંભવિત ગૃહસ્થોએ તથા પ્રજાએ મોસાળમાં સારી રકમો વગેરે ભેટ કર્યું. આ પ્રસંગે જનતામાં 'હું રહી ગયો, હું રહી ગયો' એમ કરી ભેટણું કરવા માટે પડાપડી થયેલી અને થાળો ભરી રૂપિયાનો ઢગલો થઈ ગયેલ. પ્રસંગોપાત્ત આયંબિલ ખાતાના નિભાવ અંગે પ્રેરણા થતા રૂા. ૨૫/- હજારની ટીપ થયેલ.

બપોરે દબદબાભર્યો લગ્નનો વરઘોડો નીકળ્યો. વરઘોડો ઊતર્યા બાદ લગ્નની ક્રિયા થઈ, તેમાં વિધિકારક નવીનભાઈએ 'લાડો લાડી જમે રે કંસાર, બાકી બધા ટળવળે રે... કોળીયે કોળીયે કાપે રે સંસાર, બાકી બધા રડવડે રે...' પંક્તિ ગાઈને લોકોને પ્રભુનો લગ્નમહોત્સવ પણ કેવો વૈરાગ્ય પ્રેરક હોય છે તેની પ્રતીતિ કરાવી. લગ્નની ક્રિયા બાદ પ્રખરવક્તા મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે પ્રભુની લગ્નની ક્રિયા પણ કર્મનિર્જરા કરાવનારી હોય છે અને પ્રભુ નિકાચિત કર્મના યોગે

જ લગ્ન કરે છે, આ વાત સારી રીતે સમજાવી. ચાલુ દિવસે બપોરના પણ માનવમેદની ચિક્કાર હતી. ગોર મહારાજને સારી એવી પહેરામણી કરાવવામાં આવી. સસરા તરફથી જમાઈ સુપાર્શ્વકુમારને હીરાનો ટીકો તથા સોનાની પોંચી દાયજામાં અપાઈ.

મહા વદ-૪ : રાજ્યાભિષેક : આજે શ્રી સુપાર્શ્વકુમારનો રાજ્યાભિષેક કરવાનો હોઈ વારાણસી નગરીને ખૂબજ સારી રીતે સુશોભિત કરવામાં આવી હતી. રાજદરબારનું દૃશ્ય જ્યારે માનવમેદનીએ જોયું ત્યારે બેઠેલા તમામના મનમાં જાણે સાક્ષાત્ વારાણસી નગરીના રાજ્ય-દરબારમાં બેઠા હોઈએ તેમ લાગતું હતું. મંત્રીશ્વરે પ્રતિષ્ઠિત રાજાને વિનંતી કરી કે 'હે રાજાધિરાજ ! યુવરાજશ્રી સુપાર્શ્વકુમાર રાજ્યધૂરાને વહન કરવા હવે સમર્થ બન્યા છે તો સકલ પ્રજાજન તરફથી શ્રી સુપાર્શ્વકુમારને આપના પદ પર આરૂઢ કરો એવી હું આપને અરજ કરું છું.' રાજાએ પણ મંત્રીશ્વરની આ વિનંતીનો સુંદર પ્રતિભાવ આપ્યો અને જણાવ્યું કે તમે આખા રાજ્યમાં આ રાજ્યાભિષેકનો ઢંઢેરો પીટાવો. ત્યારબાદ શ્રી સુપાર્શ્વકુમારના રાજ્યાભિષેકની તૈયારી રૂપે મંગળગીત, અમાત્યનું વક્તવ્ય, પૂજ્યશ્રીના મંગળ શ્લોકોચ્ચારણ બાદ રાજપુરોહિત દ્વારા રાજકુમારની ભગિનીએ રાજતિલક કર્યું. યુવરાજ સુપાર્શ્વકુમારની નૂતન રાજવી તરીકે ઘોષણા થતાં સમસ્ત મેદનીએ શ્રી સુપાર્શ્વરાજાનો જયનાદ કર્યો. ત્યારબાદ નગરશેઠ બનેલા શ્રી નરોત્તમદાસ મોદી રાણપુરવાળા વગેરેએ રાજાના ચરણે સારી એવી પહેરામણી કરી.

રાજ્યવહન કર્યા બાદ દીક્ષાનો અવસર થતાં નવા લોકાંતિક દેવોએ આવીને પ્રભુને ધર્મતીર્થ પ્રવર્તાવવાની વિનંતી કરી. જેનો પ્રભુએ સ્વીકાર કરતાં વર્ષીદાનનો પ્રારંભ કર્યો તે વખતે રૂપિયાની સેંકડો નોટો, તૈયાર કપડાં વગેરે સારા પ્રમાણમાં ઉછાળ્યું. જેને જોઈને જૈનેતરો પણ ખૂબ પ્રભાવિત થયા.

આ અવસરે શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ તરફથી ચોકસીપોળમાં આવેલા શ્રી શ્રેયાંસનાથ ભગવંતના જિનાલયનો જે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો તે જિનાલયમાં જિનબિંબોને ગાદીનશીન કરવાની ઉછરામણી થતાં ખૂબ સારી એવી અનુમોદનીય ઉછામણી થઈ.

અદ્‌ભુત દીક્ષા કલ્યાણક વરઘોડો

મહા વદ-૫ : આજે પ્રભુના વર્ષીદાનનો વરઘોડો અતિભવ્ય નીકળ્યો. કલ્પસૂત્રમાં ભગવાનના વરસીદાનના વરઘોડામાં કેવી કેવી સામગ્રી હતી તેનું જે વર્ણન આપે છે તેનો આ વરઘોડામાં જાણે સાક્ષાત્કાર થતો હોય તેમ લાગતું હતું.

સવારે નવ વાગે શરૂ થયેલા આ વરઘોડામાં શણગારેલા ઘોડાઓ, ધર્મધ્વજ, નિશાનડંકો, અષ્ટમંગળના તથા ૧૦૮ હાથી, ૧૦૮ ઘોડા, ૧૦૮ અંબાડીવાળા હાથી, ૧૦૮ ઘોડેસવાર, ૧૦૮ રથો વગેરેના ખૂબ જ આકર્ષક ચિત્રપટોની લારીઓ, ભાલા-બંદૂક-બરછી-તલવાર વગેરે હથિયારધારી પાયદળ, શણગારેલા ગાડાઓ બેન્ડ, ૫૬ દિક્કુમારીકાઓ, નાટ્યમંડળી, ભજનમંડળી, ઈન્દ્ર મહારાજાની બગી, મોર, બતક, હંસ, નૌકા, ચંદ્ર વગેરેની રચનાવાળા સાંબેલાઓ પ્રતિષ્ઠિત રાજા તથા પૃથ્વીરાણીની રજવાડી ઠાઠવાળી બગી, બીજું બેંડ, ખૂલ્લે હાથે વર્ષીદાન દેતા સુપાર્શ્વરાજાની બગી, વિશાળ સાજનમાજન, બે રથ, પાલખી ઈત્યાદિ અનેક પ્રકારની સામગ્રીઓથી યુક્ત આ વરઘોડો જેણે પણ નિહાળ્યો તેઓના હૃદય અત્યંત ભાવવિભોર બની ગયા. આ વરઘોડાને નિહાળવા નગરીના રાજમાર્ગોની બંને બાજુએ વિશાળ માનવમેદનીની ઠઠ જામી હતી. લગભગ ત્રણ કલાક આ વરઘોડો ફર્યા બાદ વારાણસી નગરીના ઉદ્યાનમાં ઉતર્યો.

દીક્ષા કલ્યાણકની ભવ્ય ઉજવણી

પ્રથમ કુલમહત્તરાએ પોતાનું પ્રેરક અને ગંભીર વક્તવ્ય કર્યું. જેમાં પ્રભુના કુળગોત્રના વખાણ કરીને પ્રભુને ખૂબ જ સુંદર હિતશિક્ષા આપી;

પ્રભુને દીક્ષાર્થે કુલમહત્તરાની આશીષ :

"હે વત્સ ! પરિસહોની સેનાથી કદી પણ ડરીશ નહિ, કામક્રોધાદિ શત્રુઓને તું જડમૂળથી ઉખેડી નાખજે, મોહમલ્લને ધૂળ ચાટતો કરી કર્મસંગ્રામના મેદાનમાં તું શીઘ્ર વિજયની વરમાળા વરજે. તારો વિરહ અમારાથી સહન થતો નથી પરંતુ જ્યારે તારા સંયમજીવનના સ્વીકારમાં જીવમાત્રનું કલ્યાણ કરવાની તાકાત ધરાવતાં તીર્થની સ્થાપનાની મંગળ શક્યતાઓ પડી છે ત્યારે અમારા વિરહનું દુઃખ ગૌણ કરીને પણ ખૂબ ઉલ્લાસ સાથે તને આ માર્ગે જવાના મંગળમય આશીર્વાદ આપું છું."

એક બાજુ કુલમહત્તરાનાં આ આશીર્વચન હતા. ત્યારે પિતા પ્રતિષ્ઠિત રાજાએ તથા માતા પૃથ્વીરાણીએ ધીરગંભીર નાદે પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કરતા પ્રભુને આશીર્વાદ આપ્યા તેમાં પણ માતા દ્વારા બોલાયેલા ઉદ્‌ગારોએ એકત્રિત થયેલી માનવમેદનીના દિલ ભીંજવી નાખ્યા. આ રહ્યા તેમાંના કેટલાક ઉદ્‌ગાર,

દીક્ષાર્થે સંચરતા પ્રભુને માતાના હૃદયવેધક ઉદ્‌ગાર

"હે કુળ દીપક ! જગતના નાથ એવી તારી પણ માતા બનવાનું મને મળેલું સૌભાગ્ય એ આ જગતની તમામ સ્ત્રીઓને કદાચ ઈર્ષ્યાનું કારણ બનતું હશે, પણ હે નંદન ! મારા દિલની અત્યારની વ્યથાનું વર્ણન હું કયા શબ્દોમાં કરું ? એક

બાજુ તને સંયમમાર્ગે જવાની રજા આપવા દિલ ના પાડે છે, જ્યારે બીજી બાજુ તારા જ હાથે થનારા આ જગતના જીવોનું અનંત કલ્યાણ નજરોનજર દેખાતાં તને અનંત અનંત શુભાશિષો આપવા દિલ થનગની રહ્યું છે હે વત્સ ! ખુશીથી આ માર્ગે સીધાવ અને અમારું પણ કલ્યાણ કરવા શીઘ્ર તું કેવળજ્ઞાનની પ્રાપ્તિ કર...'

પ્રભુ દીક્ષા લે છે :

ત્યારબાદ પ્રભુએ વસ્ત્રાલંકારો ઉતાર્યા. પંચમુષ્ટિ લોચ કરી કેશ ઇન્દ્રને સોંપ્યા. અતિગંભીર વાતાવરણની વચ્ચે પ્રભુએ સર્વવિરતિ સામાયિકનો સ્વીકાર કર્યો અને એજ વખતે પ્રભુને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. તે પ્રસંગે પૂ. મુનિરાજશ્રી જિનચંદ્રવિજયજી મ. તથા મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજનું પ્રસંગને અનુરૂપ પ્રવચન થયું. આમ દીક્ષાકલ્યાણકની ઉજવણી પૂરી થઈ. મૂળનાયક શ્રેયાંસનાથ ભગવાનને ગાદીનશીન કરવાનો લાભ લેનાર શ્રી નરોત્તમદાસ મોદી તરફથી આજરોજ અત્રેના પાંચે સંઘો તથા બહારગામથી પધારેલ મહેમાનોનું સાધર્મિક વાત્સલ્ય થયું.

પૂ. સાધ્વીશ્રી સૂર્યપ્રભાશ્રીજીની વર્ધમાન આયંબિલ તપની ૧૦૨મી ઓળીની પૂર્ણાહુતિની મંગળમય ઉજવણી પણ આજે થઈ. બપોરે પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ.નું જાહેર પ્રવચન વારાણસી નગરીમાં થયું. જેમાં અત્રેના ઓસવાલસંઘ, જૈનશાળાસંઘ વગેરે પાંચ સંઘો તરફથી તથા મેંગલોરસંઘ તરફથી શ્રી મૂળીબેન અંબાલાલ રતનચંદ પરિવારનું બહુમાન કરવામાં આવ્યું.

કેવળજ્ઞાન-નિર્વાણ કલ્યાણકો : પ્રતિષ્ઠા-સમારોહ : સૂરિપદ પ્રદાન

મહા વદ-૬ : આજનો દિવસ ખંભાતના ઇતિહાસમાં મહામંગળકારી હતો. એક સાથે અનેકવિધ શુભ પ્રસંગો નિહાળવાનો નગરજનોને આજે મોકો મળ્યો હતો. પ્રભુજીની કેવળજ્ઞાન કલ્યાણકની ભવ્ય ઉજવણી નિમિત્તે બાજુના મંડપમાં વિવિધ ચિત્રયુક્ત ભવ્ય સમવસરણની રચના કરવામાં આવી હતી. પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક નિમિત્તે ઇન્દ્રે સ્તુતિ કર્યા બાદ સમવસરણમાં શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ વતી પૂજ્યપાદ આચાર્ય ભગવંતે ધીર ગંભીર નાદે પ્રથમ દેશના આપી. આ દેશના સાંભળવા સૌ એકતાન બની ગયા હતા. એક બાજુ આચાર્યપદ પ્રદાનની ક્રિયા ચાલુ હતી, બીજી બાજુ આ દેશના વખતે સૌ ખૂબ શાંત અને પ્રશાંત બનીને બેઠેલા એ વખતે પુષ્પવૃષ્ટિ થતાં વાતાવરણ મઘમઘાયમાન બની ગયું.

• જૈન શાસનના ગૌરવને વેગ આપતા આચાર્ય પદનાં મંગળકારી પ્રદાનનો ભવ્ય મહોત્સવ

પૂ. આચાર્યદેવો શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી

- **મંચર (મહારાષ્ટ્ર) નગરે** સ્વ.પૂ. વૈરાગ્યવારિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન સંયમૈકપ્રાણ પૂ.પં. શ્રી રંગવિજયજી ગણિવરને આચાર્યપદ પ્રદાન.
- મધ્યપ્રદેશ છ'રી' પાલિત સંઘમાં સ્વ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના પ્રશિષ્ય રત્ન સંયમયોગી પૂ.પં. શ્રી પ્રદ્યોતનવિજયજીને આચાર્યપદ પ્રદાન.
- અમદાવાદ નગરે સ્વ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના વિદ્વાન અનેક ગ્રંથનિર્માતા શિષ્યરત્ન પૂ. પં. શ્રી કુંદકુંદવિજયજી ગણિવરને સૂરિપદ પ્રદાન.
- **ખંભાતનગરે** આગમ-શાસ્ત્ર વાચનાદક્ષ પૂ.પં. શ્રી ગુણાનંદવિજયજી ગણિવર તથા ધર્મ-શાસન પ્રભાવક પૂ.પં. શ્રી મિત્રાનંદવિજયજી ગણિવર્યને આચાર્યપદ પ્રદાન.
- નૂતન સૂરિ ભગવંતોને પ્રથમ કામળી, સૂરિમંત્ર પટ વગેરે વહોરાવવાની ૭૬ હજારની બોલી.
- વિશાળ સાધ્વીજી પરિવારના અગ્રણી પૂ. સાધ્વીજી શ્રી રંજનશ્રીજી મ.ને વિધિપૂર્વક પ્રવર્તિનીપદ પ્રદાન.

આજના મંગળકારી દિવસને પણ ધન્યવાદ કે સુવિશાળ સર્વાધિક શ્રમણ સાર્થાધિપતિ સિદ્ધાન્ત મહોદધિ સ્વ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પરિવારમાં આજે પાંચ આચાર્ય રત્નોની પણ વૃદ્ધિ થઈ રહી. પાંચ સુયોગ્ય પંન્યાસ પદસ્થ મહાત્માઓને પવિત્ર ત્રીજા પરમેષ્ઠીપદે આરૂઢ કરવામાં આવ્યા. એમાં શાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી એઓશ્રીના નવકાર મહામંત્ર-મૈત્રીભાવનાના પ્રખર પ્રભાવક સ્વ. શિષ્યરત્ન પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના ત્યાગી નિષ્પૃહી વિદ્વાન શિષ્યરત્નો પૂ. પંન્યાસજી મહારાજો સંયમયોગી પૂ.પં. શ્રી પ્રદ્યોતનવિજયજી ગણિવરને મધ્યપ્રદેશ છ'રી' પાલિત સંઘમાં તથા વિદ્વાન અનેક ગ્રંથનિર્માતા પૂ.પં. શ્રી કુંદકુંદ વિજયજી ગણિવર્યને અમદાવાદમાં ધામધૂમપૂર્વક ચતુર્વિધ

સંઘની હાજરીમાં મહામંગળકારી આચાર્યપદનું પ્રદાન કરવામાં આવ્યું.

પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ પરમ શાસન પ્રભાવક આચાર્યદેવશ્રી તથા પ્રભાવક પ્રવચનકાર પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરિશ્વરજી મહારાજની આજ્ઞાથી **મંચર (મહારાષ્ટ્ર) નગરે** વૈરાગ્યવારિધિ સ્વ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન સંયમૈકપ્રાણ પૂ.પં. શ્રી રંગવિજયજી ગણિવરને મહારાષ્ટ્ર ખાનદેશના સંઘ-અગ્રણીઓ શ્રીયુત ઉત્તમલાલ સમદડિયા મંચરવાળા, શ્રી મિશ્રિલાલજી અમલનેરવાળા, શ્રી સુમતિલાલ ચંદુલાલ નાસિકવાળા વગેરે સહિત વિશાળ સંઘમેદની સમક્ષ આચાર્યપદ-પ્રદાનનો મહાન સમારોહ યોજવામાં આવેલ. મહારાષ્ટ્ર-ખાનદેશ-ઉદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ તથા એઓશ્રીના પટ્ટધર પૂ.આ.શ્રી વિજય ત્રિલોચન સૂરીશ્વરજી મહારાજના વિરહ પછી હવે એઓશ્રીના વારસદાર આચાર્યદેવ મળવાનો મહારાષ્ટ્ર-ખાનદેશના સંઘોને આજે આનંદનો પાર નહોતો.

ખંભાત નગરે ઉજવાઈ રહેલ અતિ અદ્‌ભુત અંજનશલાકા મહોત્સવ-સમારોહમાં એક વિશેષ યશકલગી ચડાવે એવો બે પૂ. પંન્યાસજી મહાત્માઓને આચાર્યપદ પ્રદાનનો સમારોહ ભળ્યો. પૂ. પ્રભાવક પ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજીના લગભગ ૧૮૦ શ્રમણ રત્નોના પરિવારમાં પૂજ્યશ્રીના વરદ્‌હસ્તે સૂરિપદ-પ્રદાનનો આ પહેલો અવસર હતો. ખંભાત અને બહારના અનેક ગામ-નગરના જૈનોને ખુશીખુશાલીનો પાર નહોતો. પૂજ્યશ્રીના આગમ-શાસ્ત્ર વાચનાદક્ષ શિષ્યરત્ન પૂ.પં. શ્રી ગુણાનંદ વિજયજી ગણિવરને તથા પૂજ્યશ્રીના સ્વ. શિષ્યરત્ન પૂ.પં. શ્રી પદ્મવિજયજી ગણિવર્યના શિષ્યરત્ન ધર્મ-શાસન પ્રભાવક પૂ.પં. શ્રી મિત્રાનંદ વિજયજી ગણિવર્યને પૂજ્યશ્રી સ્વહસ્તે જ પરમેષ્ઠિના તૃતીય પદે બિરાજમાન કરવાના હોઈ વિશાળ મંડપમાં પદપ્રદાનની ક્રિયા ચાલી રહી હતી. સાથે જ સાધ્વીશ્રી રંજનશ્રીજીને પ્રવર્તિનીપદ આપવાની ક્રિયા તથા નડીયાદ મુકામે પિંપળગામનિવાસી દીક્ષિત થયેલ બે સાધ્વીજીઓને વડીદીક્ષા આપવાની ક્રિયા પણ કરાવવામાં આવી. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના શુભ-આશીર્વાદમય મંત્રિત વાસક્ષેપ પણ પદપ્રદાન નિમિત્તે ખાસ આવેલ. સવારના શુભ મુહૂર્તે મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરે અનેક જગ્યાએથી આવેલ ભક્તવર્ગ તથા ખંભાતના જ અનેક લોકોની હાજરીમાં જ આચાર્યપદ પ્રદાનની મંગળક્રિયા શરૂ થતાં બરાબર સવારે ૭-૫૮ મિનિટે પૂજ્યશ્રીએ બંને પંન્યાસોના મસ્તક ઉપર સૂરિપદારોહણનો વાસક્ષેપ નાખતાં જયનાદ પૂર્વક બેન્ડના સૂરિલા વાતાવરણ વચ્ચે સૌએ હર્ષોલ્લાસ વ્યક્ત

કર્યો. આ પછી નૂતન આચાર્યોને પ્રથમ કામળી, નવકારવાળી સૂરિમંત્રપટ વગેરે વહોરાવવાની ઉછામણી લગભગ રૂા. ૭૬ હજાર જેટલી થઈ. નૂતન આચાર્ય ભગવંતના નામ આચાર્ય શ્રી વિજય ગુણાનંદસૂરિજી તથા આચાર્ય શ્રી વિજય મિત્રાનંદસૂરિજી રાખવામાં આવ્યા. ત્યારબાદ બંને નૂતન આચાર્યોએ પૂજ્યપાદશ્રીને વંદન કર્યું અને પછી પૂજ્યશ્રીએ સકલ-સંઘ સહિત બંને નૂતન આચાર્યોને જ્યારે દ્વાદશાવર્ત વંદન કર્યું ત્યારે બંને પૂ. નૂતન આચાર્યો રડી પડ્યા હતા અને જૈન શાસનની આ ગંભીર પદ્ધતિ જોતાં જનતા બહુ પ્રભાવિત થઈ ગયેલ. આ દૃશ્યે ઘણાંની આંખ હર્ષાશ્રુથી ભીંજવી નાખી. આ ક્રિયા પત્યા બાદ પૂજ્યશ્રીનું, બંને નૂતન આચાર્યોનું તથા પૂ. મુનિરાજશ્રી જિનચંદ્રવિજયજીનું પ્રવચન થયું.

આચાર્ય-પદવીઓનું બહુ મોડેથી નક્કી થવાથી અનેકાનેક બહારગામોથી ભાવિકો આની જાણના અભાવે આવી શક્યા નહિ; નહિતર મોટી મેદની આવી ઊભી હોત છતાં જેને જેને ખબર પડી અને આવવા સાધન મળ્યું એ લોકો કેટલાય ગામોમાંથી અત્રે ઉપસ્થિત થયેલા.

મંદિર-પ્રતિષ્ઠા મહોત્સવ : નિર્વાણ કલ્યાણક :

સોનામાં સુગંધ ભળે તેમ આજે ચોકસીની પોળમાં આવેલ જિનમંદિરમાં શ્રી શ્રેયાંસનાથ પ્રભુ આદિ જિનબિંબોને ગાદિનશીન કરવાનો પણ મહામંગળકારી પ્રસંગ ઉજવાઈ ગયો. ૐ પુણ્યાહં પુણ્યાહંના મંગળનાદો વચ્ચે શુભ લગ્ને અને શુભ મુહૂર્તે પરમાત્માને ગાદીનશીન કરવામાં આવ્યા. આમ એક જ દિવસે બધા મહામંગળ પ્રસંગો ઉજવાયા બાદ શ્રી સુપાર્શ્વનગરથી કેવળજ્ઞાન કલ્યાણકનો ભવ્ય વરઘોડો નીકળ્યો. જૈન શાસનમાં નિર્વાણ કલ્યાણકની ઉજવણી નિમિત્તે ૧૦૮ અભિષેક થયા બાદ નિર્વાણ કલ્યાણકનો ભવ્ય વરઘોડો નીકળ્યો. આજે શ્રી મુળીબેન અંબાલાલ પરિવાર તરફથી નવકારશી જમણ અપાયું. બપોરે સુપાર્શ્વનગર તથા ચોકસીની પોળે બૃહદ્ શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયા. રાત્રે ભાવના તેમજ ધારાવાડી થઈ.

મહા વદ-૭ : આજે શ્રેયાંસનાથ ભગવંતના જિનાલયનો દ્વારોદ્‌ઘાટનવિધિ હોઈ એ દ્વારોદ્‌ઘાટનનો લાભ લેનાર શેઠ શ્રી રમણલાલ વજેચંદને ત્યાં પૂજ્યશ્રી સકલસંઘ સાથે પધાર્યા. વહેલી સવારે પણ આટલો માનવ મહેરામણ જોતાં હર કોઈને આશ્ચર્ય થાય એવું હતું. સ્વગૃહે મંડપમાં પૂજ્યશ્રીને ગહુંલીથી વધાવ્યા બાદ પૂજ્યશ્રીએ મંગળાચરણ કર્યું. શ્રી રમણલાલ વજેચંદ તરફથી જ્ઞાનપૂજન-ગુરુપૂજન-સંઘપૂજન થયું. સકલસંઘવતી ભાણાભાઈએ રમણલાલ વજેચંદને દ્વારોદ્‌ઘાટન કરવા પધારવાની વિનંતી કરી. બે ગજરાજ, ગાડી, સાંબેલા, બેન્ડવાજા ઇત્યાદિ સામગ્રીથી

શોભતા વરઘોડા સાથે પૂજ્યશ્રી આદિ સૌ ચોકસીપોળે આવ્યા. ત્યાં જયનાદો અને હર્ષનાદો વચ્ચે મંગળ મુહૂર્તે દ્વારોદ્‌ઘાટન થયું. પૂજ્યશ્રી આદિ સકલસંઘે ચૈત્યવંદન કર્યું. પ્રભાવના થઈ. આજે સવારના ૧૦ વાગે પૂ. સાધ્વીશ્રી કલ્યાણપૂર્ણાશ્રીજી મહારાજની ૫૦૦ આયંબીલની દીર્ઘ અને ઉગ્ર તપશ્ચર્યા નિમિત્તે વરઘોડો વ્યાખ્યાન તથા પ્રભાવના થઈ.

આચાર્યપદ-પ્રદાનના પાવન પ્રસંગે પૂજ્યપાદ પરમ તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ નૂતન આચાર્યોને આપેલી હિતશિક્ષા

અનંતજ્ઞાની પરમાત્માથી જિનેશ્વરદેવના શાસનમાં પરમેષ્ઠિના દરેક પદો મહાન જવાબદારીભર્યા છે. તેમાંના આજે તમને વિશેષ જવાબદારીભર્યા તૃતીયપદે સ્થાપિત કરવામાં આવ્યા છે. તો આ પદની વિશિષ્ટ જવાબદારી સમજી તમો હંમેશાં સજાગ રહેજો કે 'હું આ પદનાં કર્તવ્ય કેવાં બજાવી રહ્યો છું ? ...હું કયા પદે છું ?' આનો સતત ખ્યાલ રહેવો જોઈએ. આ પદ ઉપર આપણા પૂર્વજો ૧૪૪૪ ગ્રંથના રચયિતા આ.ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ તેમજ અકબર પ્રતિબોધક જગદ્‌ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજ વગેરે અનેક સૂરિભગવંતો આરૂઢ થયા અને પદને ખૂબ જ શાસનપ્રભાવના અને ધર્મપ્રભાવનાથી શોભાવી ગયા. પંચાચારના પાલનમાં આત્મપરાક્રમ સાથે અન્ય જીવોમાં વાત્સલ્યભાવપૂર્વક પંચાચારનો સુંદર રીતે પ્રચાર કરજો. પાલન કરાવવાની ફરજને શુભનિષ્ઠાથી અમલમાં મૂકજો. એકાંત શુભનિષ્ટાથી જિનશાસનની પ્રભાવના કરવા સાથે સ્વપરના શ્રેયને કરનારા બનો. નિસ્પૃહ વૃત્તિ અને ભાવપરોપકાર જેમ જેમ કેળવશો તેમ તેમ આંતરિક બળ અપૂર્વ વધશે. મુનિગણ ઉપર નિતરતું વાત્સલ્ય અને કરુણાભાવ રાખી સૌને આગળ વધારશો. પદને કે શાસનને ક્યાંય ઝાંખપ ન લાગે તેની કાળજી રાખશો... ઇત્યાદિ એ યોગ્યતામાં વધુને વધુ વિકાસ સાધી તમારું અને જગતનું કલ્યાણ થાય એ રીતે આ પદને શોભાવજો.

ખંભાતનગરે આચાર્યપદ પ્રદાન પ્રસંગે પૂ. સાધ્વીજી રંજનશ્રીજીને પ્રવર્તિનીપદ પ્રદાન થયું તે પ્રસંગે તેમને પૂજ્ય આ. ભગવંત શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબે આપેલી હિતશિક્ષા

આજે તમે પ્રવર્તિની પદ પામો છો તે પદ આચાર્યપદ જેટલું જવાબદારીવાળું છે. આ પદના યોગ્ય અધિકારી તરીકે શિષ્યા-પ્રશિષ્યાઓ તથા સાધ્વીગણ ઉપર તમારે વાત્સલ્ય વહેતું રાખવું જોઈએ. તે માટે આત્મીયભાવથી સૌને સંભાળવાના

છે. જો કે સંભાળો જ છો, છતાં હવેથી વધુ પ્રયત્નશીલ રહેવાનું છે. જેથી ઉત્તરોત્તર સ્વપરમાં જ્ઞાન-દર્શન ચારિત્ર અને વૈરાગ્ય આદિ ગુણોની વૃદ્ધિ થતી રહે અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકની સ્પર્શના નિરંતર ચાલે. જીવો પોતપોતાની યોગ્યતા અને ક્ષયોપશમને અનુસારે ઓછું વધતું પાળે છે. આપણે ભાવકરુણા રાખી વાત્સલ્યથી સારણા-વારણાદિ કરવામાં જરાય કંટાળવાનું નહીં. કેવળ હિતબુદ્ધિએ સારણા-વારણાદિ કરવામાં જરાય કંટાળવાનું નહીં. કેવળ હિતબુદ્ધિએ સારણા-વારણાદિ દ્વારા આપણી ફરજ બજાવવામાં નિર્જરા જ છે. યોગ્ય શબ્દોમાં હિતની વાત કહેતાં રહેવાનું જેથી આરાધક જીવો સંયમજીવનમાં, પંચાચારના પાલનમાં, જ્ઞાનધ્યાનમાં, વિનય વૈયાવચ્ચમાં આગળ વધતા રહે અને અનેક જીવોને તરવાનું આલંબન બને. તે રીતે સમુદાયને કેળવવામાં જાગ્રત રહી પદને સાર્થક કરશો એજ...

આચાર્ય પદવી પછી નૂતન આ.મ. વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજે આપેલી ધર્મદેશના

આ જગતમાં આપણે જનમ્યા-જીવ્યા તેમ કરતાં જીવનનો છેડો અવશ્ય સૌ કોઈનો આવવાનો છે. છેડો આવતાં પહેલાં આપણે એવું કાંઈ કરી લેવું જોઈએ કે આ લોક અને પરલોકમાં પ્રભુનું શાસન મળે જેથી સમાધિ અને શાસનના બળે આત્મા સકળ કર્મોનો ક્ષય કરવા દ્વારા પરમગતિ મોક્ષનો ભાગી બને. આ માટે વર્તમાનમાં દેવાધિદેવ શ્રીસુપાર્શ્વનાથ સ્વામિના પાંચ કલ્યાણકો આપણી સામે ભવ્ય રીતે ઉજવાઈ રહ્યા છે. એક એક કલ્યાણક પ્રસંગો જીવને દુઃખદ અને પાપથી ભરેલા સંસારમાંથી છૂટવાની જંગી પ્રેરણા આપે છે. જે જે જીવો પોતાના આત્માને આશ્રવ, પાપ ને અશુભ પરિણામરૂપ બંધનમાંથી છોડાવે છે, તેનું જીવન ધન્ય બની જાય છે. દુઃખમાંથી છૂટવાનો માર્ગ ત્યાગનો છે, ને તે આપણે લેવાનો છે. એ લેતા નથી ત્યાંસુધી આ દુઃખની ઘટમાળ પરંપરાને બ્રહ્મા પણ રોકી શકે તેમ નથી. અનંત તીર્થંકરોએ તથા ગણધરોએ સર્વદુઃખ નિવારણનો એકમાત્ર ઉપાય ધર્મ જ દર્શાવ્યો છે, જેને મનુષ્યભવ પામેલો આત્મા સિદ્ધ કરી શકે તેમ છે. તે ધર્મ સમ્યગ્‌દર્શન, જ્ઞાન અને ચારિત્રનો છે. મારા પરમ ઉપકારી સિદ્ધાંત મહોદધિ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તેમજ મારા વડિલ ગુરુબંધુ પંન્યાસશ્રી પદ્મવિજયજી અને અત્રે બિરાજમાન પૂ. ગુરુભગવંત ખરેખર 'પ્રેમનો સાગર' હતા. સૌ પ્રત્યે અને સંઘ પ્રત્યે હૈયાનું વાત્સલ્ય હતું. જે કૃપાના બળે શ્રદ્ધા અને જ્ઞાનનો વિકાસ થયો. પૂ.સ્વ. પરમ ગુરુદેવશ્રી આચાર્ય મહારાજાએ સંયમની અષ્ટ પ્રવચન માતાની શુદ્ધિ ઉત્તરોત્તર વધતી રહે તે દર્શાવીને અમારા ઉપર મહાઉપકાર કરી ગયા. પૂજ્ય

ગુરુદેવશ્રીજીને ગુરુકૃપાથી પ્રાપ્ત થયેલી સમ્યગજ્ઞાનની મૂડી અમૂલ્ય છે. જે મૂડીમાંથી અમને યત્કિંચિત મૂડી મળી. સમ્યગ્જ્ઞાનની ભરચક મૂડી પ્રાપ્ત થઈ જાય તો અનંત ચતુષ્ટયના નિધાન પ્રગટ થયા વગર રહે નહીં. મહાપુરુષોના ગંભીર શાસ્ત્રોના રહસ્યને મર્મ પામવા સુધીની યત્કિંચિત્ શક્તિ તેઓશ્રીના માર્ગદર્શનાનુસાર શાસ્ત્રઅભ્યાસથી પ્રાપ્ત થઈ તે પૂ. ગુરુદેવનો ઉપકાર છે. આવો ત્રિવેણી સંગમ મને અનંતી પુણ્યરાશિથી પ્રાપ્ત થયો છે અને મહાન એવી કૃપા પ્રાપ્ત થઈ જેથી તરવાના માર્ગે અમે આવી ગયા છીએ તેવા માર્ગને તમે સૌ પ્રાપ્ત કરીને ભવ નિસ્તારને પામો. તેમજ અમે પદને વફાદારીથી અજવાળીએ એ જ પ્રભુને પ્રાર્થના.

નૂતન આચાર્ય શ્રી વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજે આપેલી ધર્મદેશના

यत्याद सेवा सुरवृक्षलक्षाद्विशिष्यतेऽत्यदभूतदानदक्षा ।
अचिन्त्यमाहात्म्यनिधिः स नित्यं जिनेश्वरो यच्छतु मंगलानि ॥

આ જગતમાં મુમુક્ષુ આત્માઓને શ્રી જિનેશ્વર ભગવાન મંગળરૂપ છે. સંસાર વિઘ્નોથી ભરેલો છે. મોક્ષમાર્ગમાં પણ ઘણા વિઘ્નો આવે છે. મંગળ વિઘ્નોને દૂર કરે છે. જિનેશ્વરદેવના દર્શન, પૂજન, ધ્યાન, જાપ, આજ્ઞાપાલન વિઘ્નોનો નાશ કરે છે. ઉપરાંત લાખો કલ્પવૃક્ષ જે ફળ ન આપે તે ફળ આપવાનું અચિંત્ય સામર્થ્ય ભગવાન જિનેશ્વરદેવની ભક્તિમાં છે. ગુરુકૃપાનું પણ અદ્ભુત સામર્થ્ય છે. એ દેવગુરુની કૃપાના બળે જ આત્મા ઉચ્ચ ઉચ્ચ પદ પર આરૂઢ થાય છે. આ પદ લીધા પછી એની જવાબદારી ખૂબ વધી જાય છે. જો દેવગુરુની કૃપા ન હોય તો આ પદના આરાધક કે પ્રભાવક ન બની શકીએ. ગુરુકૃપાનું બળ નિરંતર મળતું રહે એ માટે અમારે પ્રયત્નશીલ રહેવાનું છે. સમર્પણભાવ વિના ગુરુકૃપા પ્રાપ્ત થતી નથી.

પરમોપકારી સ્વ. પરમ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. કે જે મહાપુરુષનું ચારિત્ર સ્ફટિક રત્ન જેવું નિર્મળ હતું. જેમની આંખોમાં અમી હતું, હૃદયમાં વાત્સલ્યનો સાગર હતો, આશ્રિતોને પંચાચારના આરાધક બનાવવાની જેમની ખેવના હતી, એ પરમ ગુરુદેવે સંસારના કિચ્ચડમાંથી બહાર ખેંચી કાઢ્યો, ઠેઠ જિનશાસનના પ્રાંગણમાં લાવી મૂક્યો. આજ ખંભાતની ભૂમિની વાત કરું ૪૦ વર્ષ પૂર્વે હું ૧૪ વર્ષની બાળવયે થોડો રમતિયાળ હતો. મારો પ્રમાદ કાઢવા પૂજ્યશ્રીએ કહ્યું 'લે આ ઘડીયાળ, તું રોજ છ કલાક નહિ ભણે, તો બીજે દિવસે હું આયંબિલ કરીશ.' એક દિવસ જરાક ટાઈમ ઓછો થયો હશે હું કરગર્યો પણ પૂજ્યશ્રીએ બીજે દિવસે આયંબિલ કર્યું જ. હું પ્રમાદ ન કરું જ્ઞાનાભ્યાસમાં

સજાગ બની જાવું એજ એક ઉદાર આશય હતો. એ કરુણાસાગર મહાપુરુષે સંખ્યાબંધ સાધુઓને આ રીતે નાની વયમાં ચારિત્ર આપી જ્ઞાની બનાવ્યા, શાસનના આરાધક અને પ્રભાવક બનાવ્યા. એ ઉપકારીના ઉપકારનો બદલો કદાચ ચામડા ઉતારીને એમના પગરખાં બનાવી આપીએ તો પણ વળી શકે તેમ નથી. એ પૂજ્યશ્રીજીની કૃપા સાથે મારા પૂ. ગુરુદેવ પં. પદ્મવિજયજી ગણિવરની સંયમજીવનની તાલિમ અને આત્મપરિણતિ ઘડવાની કળા અને આ પૂજ્ય મોટા ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના સાહેબના અનુગ્રહથી શાસ્ત્રાભ્યાસ-લેખન-ચિંતન વિકસ્યું અને સંયમની પરિણતિ વૃદ્ધિગત બની. આમ આ ત્રણેય પૂજ્યોની કૃપાથી જ ઊંચે અવાયું છે. હવે પંચિદિય સૂત્રમાં વર્ણવેલા ૩૬ ગુણોના આરાધક અને 'પડિરૂવો તેયસ્સી...' વગેરે ગુણોથી પ્રભુમાર્ગના પ્રભાવક બનવાનું છે. એ માટે પણ ગુરુકૃપાનું જ બળ જોઈએ.

ઐતિહાસિક નગર મોંઢેરામાં રોજ ૧૦૦૦ ગાથા ગોખી શકે તેવા મુનિરાજશ્રી બપ્પભટ્ટી મ.ને ગુરુ મહારાજ અઢાર વર્ષની વયે આચાર્યપદ આપી રહ્યા છે. ગુજરાતભરના ભક્ત શેઠિયાઓથી વિશાલ મંડપ ખીચોખીચ ભરાયેલો છે. આચાર્યપદ પ્રદાનની ક્રિયા ચાલી રહી છે, ત્યારે બપ્પભટ્ટી મુનિએ ગુરુદેવના મુખ પર વિષાદની રેખાઓ જોઈ અને ગુરુદેવને પૂછ્યું 'કૃપાલુ ! આપશ્રીના મુખ પર વિષાદ કેમ ? આ પ્રસંગે તો પ્રસન્નતા જોઈએ.' ગુરુદેવે કહ્યું 'તું ક્રિયા કર.' 'ના ગુરુદેવ ! આપની પ્રસન્નતા વગર આ પદ લેવું નકામું છે. ક્રિયા પછી થશે, પ્રસન્નતા પહેલી જોઈએ. આપના દિલમાં જે ચિંતા હોય તે કૃપા કરીને જણાવો.' ત્યારે ગુરુમહારાજે ખુલાસો કર્યો કે 'બપ્પભટ્ટી ! મને એ ચિંતા થઈ કે તારું પુણ્ય જબરદસ્ત છે. આમરાજા અને ગુજરાતના આ શ્રેષ્ઠિઓ તારા ભક્ત છે. ચાર ચાર દેવીઓ તને સહાયકરૂપે તારા ખભા પર નાચી રહી છે. આ માનપાનમાં તારા ચારિત્રની શુદ્ધિ કેમ રહેશે ?'

ગુરુનું દિલ જાણી લીધા પછી હાથ જોડી ગુરુમહારાજને વિનંતી કરી કે 'ભગવત્ ! આજથી મારે ભક્તના ઘરનું ભોજન બંધ અને છ વિગઈનો ત્યાગ અભિગ્રહ આપો.'

ગુરુમહારાજે પણ અભિગ્રહ આપ્યો અને ખૂબ પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા કે "મહાબ્રહ્મચારી ભવ, અર્થાત્ મહાન બ્રહ્મચર્યનો ધારક થજે."

'આ અંતરના આશીર્વાદનો પ્રભાવ એવો કે એક વાર બપ્પભટ્ટી સૂ.મ. આમરાજાને ધર્મોપદેશ આપવા રાજસભામાં ગયા છે પણ ત્યારે જ પરદેશથી આવેલી

કોઈ નર્તકીનું નૃત્ય ગોઠવાયું છે. થોડીવાર આચાર્ય મ. નીચી મૂંડીએ સ્વાધ્યાય કરવા બેસી ગયા છે, એમાં વચમાં સહજભાવે પુસ્તકમાંથી નજર ઊંચી ગઈ આમરાજાને એ જોઈને લાગ્યું કે આ નર્તકીને નિહાળવા નજર નાખી લાગે છે.' રાજાને આચાર્ય મહારાજના ચારિત્ર્યમાં વહેમ પડ્યો. એની ખાતરી કરવા એક વેશ્યાને પુરુષના વેશમાં પ્રતિક્રમણ બાદ સેવા કરવાના બહાને મોકલી. પગ દબાવતાં એના ચેનચાળા જોઈ આ.મ. સમજી ગયા. એવી જોરદાર ગર્જના કરી એ સાંભળતાં જ થથરતી વેશ્યા ભાગી છૂટી. સવારે રાજએ પૂછ્યું કે શું થયું ? વેશ્યા કહે- **'अयं तु लोको नवनीत तुल्यः तव गुरुस्तु पाषाणघटितः'** અર્થાત્ 'આ બધો જનસમુદાય તો માખણના પિંડા જેવો છે, એટલે એને પીગળાવાનું કામ સહેલું; પણ તારો ગુરુ તો પથ્થરનો ઘડેલો દેખાય છે. એની આગળ અમારા જેવી ચાલાક અને ચબરાક વેશ્યાઓનું પણ કાંઈ ચાલે નહિ. આ તારા ગુરુ તો પક્કા બ્રહ્મચારી છે' આમરાજાની શંકા દૂર થઈ. ગુરુ ઉપર ખૂબ બહુમાન વધ્યું. આ બધો જ પ્રભાવ ગુરુભગવંતોની કૃપા વરસતી રહી છે એનો છે. ગુરુમહારાજે ઉદાર દિલથી અમને વારંવાર ક્ષમા આપી છે. એ ગુરુદેવોની કૃપાના બળે આ પદના અમે આરાધક અને પ્રભાવક બનીએ. તમારે સૌએ પણ આત્મગુણોમાં સ્થિર થવા દેવગુરુની એ કૃપા મેળવવી જ પડશે. એ રીતે આપણે સૌ ભવના નિસ્તારને પામીએ, એજ એક મંગલ કામના.

શ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શ્રી ખંભાત ઓસવાલ જૈન સંઘના બધા કાર્યકરોએ ખૂબ જ ઉલ્લાસપૂર્વક પોતાના સમયનો ભોગ આપ્યો છે અને આયોજન પાર પાડ્યું અને પ્રસંગ દીપાવ્યો છે એટલું જ નહિ પણ રસોડાની વ્યવસ્થા પણ અતિ સુંદર રીતે દીપાવી. આમાં ભદ્રીકભાઈ કાંતિલાલનો મળેલો સંપૂર્ણ સાથ સોનામાં સુગંધ જેવો થઈ ગયો.

નડીયાદના આંગણે

પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંત વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી**ના સાંનિધ્યમાં

જિનશાસનની ઝળહળતી પ્રભાવના

સંયમ જીવન સ્વીકારતા ૯ મુમુક્ષુ આત્માઓ.

સુયોગ્ય ગણિવર સાધુ ભગવંતોને પંન્યાસપદ પ્રદાન.

શ્રી શાંતિનાથ પરમાત્માના જિનમંદિરનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ.

શ્રમણ પરમાત્મા મહાવીર સ્વામીના ધર્મશાસનની અપૂર્વ બલિહારી છે !

આ શાસનને સમર્પિત બનનારાઓ જીવન જીતી જાય છે ! જીવન જીવી જાણે છે ! આત્માનો અપૂર્વ આનંદ એઓ માણે છે ! આ પવિત્ર જિનશાસનને સર્વાંગે સમર્પિત બનેલા આચાર્ય ભગવંતોના માર્ગદર્શન તળે શાસનસંઘના અનેક ધર્મકાર્યો લોકોના આત્મભાવોની જાગૃતિ માટે યોજાતા હોય છે. આવા જ કેટલાક અવનવા કાર્યક્રમોને ગૂંથીને રચાયેલો એક ભવ્ય મહોત્સવ થોડા દિવસો પહેલાં જ નડીયાદના આંગણે શાનદાર રીતે ઉજવાઈ ગયો.

નડીયાદનું પ્રખ્યાત ગાંધી કુટુંબ એટલે ધર્મઆરાધનાના સંસ્કારોથી ધબકતું કુટુંબ ! **પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના** શબ્દોમાં તો **'આ કુટુંબ એટલે દીક્ષાની ખાણ છે !'** વરસોના વહાણા વાયા. આ કુટુંબના પ્રથમ રત્ન ચાલ્યા સંયમના પંથે જીવનને અજવાળવા-ઉજમાળવા અને એઓ બની ગયા મુનિવર શ્રી **મણિપ્રભ વિજયજી મહારાજ.** એઓએ તો પોતાનું જીવન, સ્વર્ગસ્થ પૂજ્યપાદ વાત્સલ્યના દરિયા જેવા **પ્રેમસૂરીશ્વરજી મહારાજા** અને સંયમીજનોના સંરક્ષક, સંવર્ધક એવા **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાનું સાંનિધ્ય પામીને ત્યાગ-તપના ચરણે જ ધરી દીધું છે. એમના પગલે પગલે આ પરિવારના અન્ય કુળદીપકો **મુનિશ્રી વરબોધિ વિજયજી** મ., **મુનિશ્રી કુલબોધિ વિજયજી** મ., **મુનિશ્રી વિમલબોધિ વિજયજી** મ., **સાધ્વીજી શ્રી દિવ્યજ્યોતિશ્રીજી** બનીને સંયમરાહે આગળ વધી રહ્યા છે !

કોણ જાણે કેમ પણ સંયમી મહાત્માઓના પુણ્ય આશીર્વાદ આ કુટુંબના રગેરગમાં પ્રસરી ગયા અને **ચંદુભાઈ મગનલાલભાઈના જ્યેષ્ઠ સુપુત્ર કિરીટકુમારે** પણ સપરિવાર સંયમમાર્ગે જીવનયાત્રાને લઈ જવાનો નિર્ણય કર્યો !

કિરીટભાઈ, નયનાબહેન, અભયકુમાર, પારૂલબહેન અને નાનકડી **ઢીંગલી જેવી સેજલ.** આ બધાએસાથે સંયમપંથે જવાનો નિશ્ચય કર્યો !

પોતાની ભાવનાને પુષ્ટ કરવા પોતાના કાકા-મહારાજ તપસ્વીરત્ન મણિપ્રભ વિજયજી વગેરે મુનિવરોને વિ.સં. ૨૦૩૭નું ચાતુર્માસ નડીયાદમાં કરાવ્યું. ધર્મઆરાધના ઉપાસનાનો જાણે જુવાળ ફૂટ્યો !

મહા સુદ-૬ ના શુભ મુહૂર્તે દીક્ષા અંગીકાર કરવાનો નિર્ણય લેવાતાં, આ શુભ પ્રસંગની જાણ કરતી સુંદર, સોહામણી કંકોતરીઓ ઠેર ઠેર મોકલાણી. પૂજ્ય પરમોપકારી આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાને** પોતાના વિશાળ શિષ્ય સમુદાય સાથે નડીયાદ મુકામે ભાગવતી દીક્ષા પ્રદાન કરવા માટે જોરદાર વિનંતીઓ કરવામાં આવી ! આચાર્યદેવે વિનંતી સ્વીકારી. સાગરને જાણે પૂનમનો પ્રકાશ મળે તેમ આ જ દિવસોમાં **બીજા અન્ય બે મુમુક્ષુભાઈઓની દીક્ષા,**

બે અન્ય બહેનોની દીક્ષા, એક નૂતન દીક્ષિતની વડીદીક્ષા, નડીયાદના શ્રી શાંતિનાથ જિન પ્રાસાદની પ્રતિષ્ઠા, પૂ. આચાર્યદેવના શિષ્યરત્નોને પંન્યાસપદ તથા ગણિપદ પ્રદાન આમ અનેક શુભ-માંગલિક કાર્યક્રમોની હારમાળા ઊભી થઈ ગઈ !

મહોત્સવની પૂર્વ તૈયારી વિષે માર્ગદર્શન આપવા પૂજ્ય આચાર્ય ભગવંતે પોતાના પ્રખર વક્તા શિષ્યરત્નો મુનિશ્રી **જિનચંદ્રવિજયજી** અને મુનિશ્રી **રત્નસુંદરવિજયજી** આદિ મુનિવરોને નડીયાદ મોકલ્યા. એ બંને મુનિવરોના જોમભર્યા હૃદયસ્પર્શી પ્રવચનોએ નડીયાદ સંઘમાં ઉલ્લાસ અને ઉમંગનું વાતાવરણ ખડું કરી દીધું. **પોષ વદ-૧૩** ના મંગળ પ્રભાતે પૂજ્ય આચાર્ય ભગવંત **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા પોતાના શિષ્ય સમુદાય સાથે નડીયાદમાં પધાર્યા. ધજાઓ, કમાનો, પડદાઓ વગેરેથી શોભિત નડીયાદ નગરે તથા સંઘે આચાર્ય ભગવંતને જય જયકાર સાથે વધાવ્યા ! સંઘની શ્રાવિકાઓએ એકથી એક ચઢિયાતી ગહુંલીઓની પરંપરા સર્જીને ગુરુદેવને અભિનંદ્યા !

સવાસો જેટલા સાધુપુરુષોના જીવનશિલ્પી આ સૂરિદેવને જોવા, એમના પ્રેરણાદાયી પ્રવચનો સાંભળવા એ પણ એક લહાવો છે !

આચાર્યદેવની સાથોસાથ પૂ. પ્રખર વક્તાઓ મુનિરાજશ્રી જિનચંદ્રવિજયજી મ. અને મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.ના જોશીલા પ્રવચનોએ સંઘની જાગૃતિને પરાકાષ્ઠાએ પહોંચાડી !

દરરોજ પ્રવચનો, પૂજાઓ, મહાપૂજનો અને પ્રભુભક્તિના ભાવભર્યા વાતાવરણથી નડીયાદ જાણે ધમધમી ઊઠ્યું. વીર સેનાધિપતિ લલીતભાઈ ધામી તથા સંગીતમંડળોએ ભક્તિભાવની સૃષ્ટિને જાણે જીવંત બનાવી દીધી !

દિવસોની દોટ વણથંભી હોય છે. સમયના ફૂલો કાળની ડાળ પરથી એક પછી એક ખર્યા જ કરે છે અને મહા સુદ-૫ નો દિવસ આવી લાગ્યો. પરમાત્માની રથયાત્રા અને મુમુક્ષુઓના વરસીદાનની શોભાયાત્રાની તડામાર તૈયારીઓ થઈ ચૂકી હતી. નડીયાદના રસ્તાઓ, શેરીઓમાં ડગલે ને પગલે કમાનો, પતાકાઓ, 'સંયમની સાર્થકતાને સંભારતા પડદાઓ' શોભી રહ્યા હતા.

સવારે ૮-૩૦ વાગે પ્રારંભાયેલા આ ભવ્ય વરઘોડાને જોવા આખું નડીયાદ તો ઉમટ્યું જ. આજુબાજુના ગામો અને દૂર દૂરના નગરોથી આવેલા સેંકડો નરનારીઓથી નડીયાદના રાજમાર્ગો ઊભરાઈ રહ્યા.

પરમાત્માની આણાને જીવનમાં વણીને જીવતા પૂ. આચાર્યદેવ અને એમના શિષ્ય સમુદાયને જોઈને લોકો નતમસ્તક બની રહ્યા તો પ્રભુભક્તિમાં ડૂબેલા યુવાનોને

જોઈને હર્ષી રહ્યા. બીજી બાજુ જુદા જુદા શણગારેલા વાહનોમાં બેસીને અસાર લક્ષ્મીને છૂટે હાથે લૂંટાવતા આ ૮/૮ નિર્મોહી મુમુક્ષુઓને જોઈને લોકોની આંખોમાં ને અંતરમાં ભાવનાઓના પૂર ઉમટ્યા !

'સ્ટીમર', 'મોર', 'બતક', 'ચંદ્ર', 'સૂર્ય' જેવી રચનાઓવાળી ગાડીઓ અને બગીઓમાં બેઠેલા મુમુક્ષુઓને જોવાનો લહાવો કોણ જતો કરે ?

નગરના મધ્યભાગમાં વરઘોડો જ્યારે પહોંચ્યો ત્યારે ત્યાં એક દેવવિમાનની રચના અને એના પર આરૂઢ **દેવકન્યા જેવી શોભતી સેજલબેનને** જોઈને સહુના હૈયાં ભરાઈ આવ્યાં ! એણે લોકો પર કાગળની પાંદડીઓ વરસાવી ! મુમુક્ષુઓને હાર પહેરાવ્યા ! સાડા ત્રણ કલાક સુધી ચાલેલા આ વરઘોડાની સમાપ્તિ બાદ **શ્રી અજિતનાથ ભગવંતના દેરાસરની** વર્ષગાંઠ હોવાથી ધ્વજારોપણની ઉછામણી પૂ. આચાર્ય ભગવંતની નિશ્રામાં બોલવામાં આવી. ધ્વજારોપણ થયા બાદ સાધર્મિક વાત્સલ્યનો પ્રારંભ થયો.

સંતરામ નગરમાં વિશાળ મંડપ બાંધીને સુંદર રીતે શણગારવામાં આવેલી જગ્યામાં રાત્રે દીક્ષાર્થી મુમુક્ષુઓનો અભિનંદન સમારોહ યોજાયો. અમલનેર નિવાસી **શ્રાદ્ધવર્ય મિશ્રિલાલભાઈના** પ્રમુખ સ્થાને યોજાયેલા સમારંભનું સંચાલન યુવા કાર્યકર કુમારપાળ વિ. શાહે ભાવભીની રીતે કર્યું ! જુદા જુદા વક્તાઓએ સંયમ સ્વીકારતા તમામ દીક્ષાર્થીઓની ભારોભાર અનુમોદના ભૂરિ ભૂરિ પ્રશંસા કરી ! ચંદુભાઈના પરિવાર વતી દીક્ષાર્થીઓને વિદાય આપતું ગીત અતુલકુમારના સ્વરોમાં એવું ઘુમરાવા માંડ્યું કે સાંભળનારાઓની આંખો ઝરવા લાગી.

દીક્ષાર્થીઓ **શ્રી કિરીટભાઈ, યોગેશભાઈ, અભયકુમાર, નયનાબેન, સુમિત્રાબહેન, ચિત્રાબહેન, પારૂલબહેન, સેજલબહેનનું** ભવ્ય રીતે સન્માન થયા બાદ મુમુક્ષુઓએ પોતાના વક્તવ્યોમાં સંયમજીવન અંગે પોતાની તત્પરતા દર્શાવતા સહુ શ્રોતાઓ અત્યંત પ્રભાવિત બન્યા. **બાળ અભયકુમારે** તો પોતાની મીઠી જબાનમાં જણાવ્યું કે,-

'કોઈ વ્યક્તિ મુંબઈ જાય ને હલવો લીધા વગર આવે તો તે મૂરખ છે !
કોઈ વ્યક્તિ સુરત જાય ને ઘારી લીધા વગર આવે તો તે મૂરખ છે !
કોઈ વ્યક્તિ વડોદરા જાય ને ચેવડો લીધા વગર આવે તો તે મૂરખ છે !
કોઈ વ્યક્તિ ખંભાત જાય ને હલવાસન લીધા વગર આવે તો તે મૂરખ છે !
તેમ મનુષ્યગતિમાં આવ્યા પછી પણ જે ચારિત્ર લીધા વગર જાય તે તો મૂરખનો સરદાર છે ! કારણ કે મનુષ્યભવ સિવાય બીજે ક્યાંય ચારિત્ર મળતું નથી

અને ચારિત્ર વગર મોક્ષ ક્યાંથી મળે ? મોક્ષ તો જોઈએ જ ને ?'

આ શબ્દો સાંભળનારના અંતઃકરણને હલબલાવી ગયા. ઉંમરના ઉંબરે હજુ તો બચપણમાં રમતા અભયકુમારે સંયમ પ્રત્યેની પોતાની લાગણીમાં જાણે પ્રૌઢોને પાછળ રાખી દીધા ! એમના શબ્દે શબ્દે લોકોની તાળીઓના તોરણ રચાયા !

અભિનંદન અને વક્તવ્યો પશ્ચાત્ આગલા દિવસે મુમુક્ષુઓને સંયમના ઉપકરણો વહોરાવવાની ઉછામણી પ્રારંભાઈ. લોકોનો ઉલ્લાસ ઉછળતો રહ્યો ને લક્ષ્મીની લાલસા ખંખેરાતી રહી.

જેના માટે આ બધો મહોત્સવ મંડાણો હતો. દૂર દૂર લોકો આવ્યા હતા. જે જોવા માટે સહુની આંખો વાટ જોતી હતી એ મહા સુદ-૬ ની ઊજળી ઉષાના રંગ પૂરાયા. ક્ષિતિજના સાડલે અને સંતરામ નગરનો ભવ્ય દીક્ષામંડપ લોકોની વણથંભી વણજારથી ભરાવા લાગ્યો !

મુખ્ય સ્ટેજ પર પૂ. વાત્સલ્યનિધિ આચાર્યદેવ, એમનો શિષ્ય સમુદાય, બાજુના સ્ટેજ પર પૂ. સાધ્વીજી મહારાજો અને વિશાળ દર્શકગણની વચ્ચે જય જયનાદના સ્વરે પરમાત્માના સમવસરણ સમક્ષ દીક્ષાની મંગળક્રિયા પ્રારંભાઈ ! શણગારથી શોભતા, વસ્ત્રાલંકારથી દીપતા દીક્ષાર્થીઓના દિલમાં સંયમજીવનની મહામૂલી મૂડી મેળવી લેવાનો તલસાટ ઘૂમરાતો હતો અને એ ઘૂમરાટ આનંદના ઉછળતા ને ઉઘડતા પમરાટ રૂપે ચહેરા પર રાચી ઊઠ્યો, એમના પગ નાચી ઉઠ્યા રજોહરણ હાથમાં આવતાં જ ! જાણે વરસોની આકાંક્ષા, અભીપ્સા આકાર લઈને સાકાર બની ઉઠી ! એક બાજુ મુમુક્ષુઓના મોઢાં મલકતાં હતા ને પગ નાચતા હતા તો સ્વજનોના ચહેરા પર ઘેરા વિષાદની વાદળી ઝળુંબતી હતી ! આંખોના તળવા અશ્રુજળે છલકાઈ ઉઠ્યા, પાંપણની પાળો તૂટી અને આંસુઓ દડવા લાગ્યા, જોનારાઓના હૈયાં પણ હીબકે ચઢ્યા, રૂમાલો ભીનાં બનતા રહ્યાં પણ સંયમી બનનારા આ દીક્ષાર્થીઓના દિલ તો પૂનમની રાતના દરિયાની જેમ હેલે ચઢ્યા હતા.

સ્નાનવિધિ અને વસ્ત્ર પરિવર્તન માટે મુમુક્ષુઓ ચાલ્યા. આ બાજુ પ્રભુપ્રતિષ્ઠાની ઉછામણી પ્રારંભાઈ ! પ્રસંગોની સાર્થકતાને સમજાવતા સૂરિદેવના સાંનિધ્યે ભાવિકોના હૈયાના દ્વાર ઉઘાડી દીધાં ને બોલીનો રંગ ઘેરો બનતો ગયો, લક્ષ્મીની લાલી ફિક્કી પડતી રહી.

ત્યાં તો વાજિંત્રોના મધુર, મંજુલ નાદ અને કાંસાની થાળીના રણકારના પગલે પગલે એક પછી એક સંસારીમાંથી સાધુ બનેલા રાગીમાંથી ત્યાગી-વૈરાગી બનીને વીતરાગીના રાહે કદમ ભરતા આત્માઓ આવી રહ્યા. હજારો આંખોમાં

આંસુ અને આનંદની સંતાકૂકડી પરાકાષ્ઠાએ પહોંચી !

પરમાત્મા અને પરમેષ્ઠિ ભગવંતોની સાક્ષીએ દીક્ષાવિધિ આગળ વધી. કેશલૂંચનની શુભ પળો આવી. દિગ્બંધનની ક્રિયા થઈ અને પૂજ્યપાદશ્રીના શ્રીમુખે નૂતન સાધુ-સાધ્વીજી ભગવંતોના નામ જાહેર થયા. લોકોનો ઉત્સાહ હેલે ચઢ્યો. જયનાદ અને નારાઓથી મંડપ પડઘાવા માંડ્યું !

સંસારી નામ	દીક્ષાનું નામ	ગુરુજનોના નામ
૧ કિરીટભાઈ	કૈવલ્યબોધિ વિજયજી	પૂ. મણિપ્રભ વિજયજી
૨ યોગેશભાઈ	યુગસુંદર વિજયજી	પૂ. રત્નસુંદરવિજયજી
૩ અભયકુમાર	અમરબોધિ વિજયજી	પૂ. કૈવલ્યબોધિ વિજયજી
૪ નયનાબહેન	નીરાગરસાશ્રીજી	પૂ. શુભોદયાશ્રીજી
૫ પારૂલબહેન	પરાગરસાશ્રીજી	પૂ. નીરાગરસાશ્રીજી
૬ સેજલબહેન	શાસનરસાશ્રીજી	પૂ. નીરાગરસાશ્રીજી
૭ ચિત્રાબહેન	ચારિત્રવર્ધનાશ્રીજી	પૂ. વસંતપ્રભાશ્રીજી
૮ સુમિત્રાબહેન	જ્યોતિપ્રભાશ્રીજી	પૂ. ચારિત્રવર્ધનાશ્રીજી

પૂ. મુનિશ્રી રાજકીર્તિ વિજયજીની વડીદીક્ષા થઈ. નામ ફરીને શ્રી સત્યસુંદર વગેરે થયું. પૂજ્ય મુનિવરશ્રી જગચ્ચન્દ્રવિજયજી મ.ને ગણીપદ પ્રદાન થયું અને એઓશ્રી ગણિવર બન્યા.

જુદા જુદા સંઘોએ પૂજ્યપાદ આચાર્યદેવને આગામી ચાતુર્માસ માટે જોરદાર વિનંતીઓ કરી. પૂજ્ય આચાર્યદેવે 'હમણાં નિર્ણય નહિ અપાય'નો જવાબ આપ્યો. પૂ. આચાર્યદેવને તથા નૂતન દીક્ષિતોને કામળી, કપડા, આસન અને અન્ય ચારિત્રના ઉપકરણો વહોરાવવામાં આવ્યા. 'સર્વમંગલ' કરીને પૂજ્યશ્રી નૂતન દીક્ષિતો સાથે વાજતે-ગાજતે ઉપાશ્રયે પધાર્યા.

આ દિવસે બપોરે શાહ ચંદુલાલ મગનલાલ તરફથી સાધર્મિક વાત્સલ્ય યોજાયું. એમના તરફથી આ પ્રસંગની પુણ્ય સ્મૃતિ નિમિત્તે રૂા. ૧૨૫૧/- સ્થાનીય વર્ધમાન તપ આયંબિલશાળાને આપવામાં આવ્યા. બીજા પણ અનેક અનુકંપાદાનો કરવામાં આવ્યા. દીક્ષા દિવસે ગરીબોને જમાડવામાં આવ્યા.

પ્રભુપ્રતિષ્ઠા અને પંન્યાસપદ પ્રદાન :

મહોત્સવનો એક મુખ્ય અંક પૂરો થયા બાદ મહા સુદી ૯ના દિવસે સવારે જલયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢ્યો. જેમાં એક નવા મુમુક્ષુભાઈનો વરસીદાનનો વરઘોડો પણ સાથે ભળ્યો.

મહા સુદ-૧૦ની વહેલી સવારે સંતરામ મંડપમાં ભાઈ માલાજીની દીક્ષાવિધિ પ્રારંભાઈ. ઉપકરણો વહોરાવવાની બોલીઓ થઈ. નૂતન દીક્ષિતને મોક્ષચંદ્રવિજયજી નામ આપીને મુનિશ્રી કુલચંદ્રવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરાયા.

૯ વાગે પૂજ્યપાદશ્રીના વરદ મુખે ૪ ગણિવરોને પંન્યાસપદ અર્પણ કરવાની મંગલક્રિયા પ્રારંભાઈ !

● પૂ. ગણિવરશ્રી ભદ્રગુપ્ત વિજયજી, ● પૂ. ગણિવરશ્રી ધર્મજિત વિજયજી
● પૂ. ગણિવરશ્રી પુંડરિક વિજયજી, ● પૂ. ગણિવરશ્રી રાજેન્દ્ર વિજયજી

ને પંન્યાસપદનો મંગળ મંત્ર સંભળાવવાની વિનંતી શ્રી શંખેશ્વર મિત્રમંડળે પૂ. આચાર્યદેવને કરતાં પૂજ્યશ્રીએ મંત્ર સંભળાવવાપૂર્વક ચારે પૂ. ગણિવરોને અનુયોગાચાર્ય પંન્યાસપદે પ્રતિષ્ઠિત કર્યા. આ પ્રસંગ ખૂબ જ અદ્‌ભુત હતો. ચારે ય પૂ. પદસ્થોના ભક્તો ગામેગામથી ઉપસ્થિત થયેલા. આ સંભાવિત ગૃહસ્થોથી શોભામાં ઓર વૃદ્ધિ થઈ.

પૂજ્ય આચાર્યદેવને કામળી વહોરાવવાની, પૂજ્યપાદશ્રીનું ગુરુપૂજન તથા નૂતન પંન્યાસ પ્રવરોને કામળી વહોરાવવાની બોલીઓ પણ ખૂબ સારી થઈ ! શાંતિનાથ જિનાલયના દ્વારોદ્‌ઘાટનની ઉછામણી પણ ભારે ઉત્સાહથી બોલવામાં આવી ! જેમાં પૂજ્ય આચાર્યદેવની એક જ ટકોરે બોલીને ૪ આંકડામાંથી પાંચ આંકડા પર પહોંચાડી દીધી.

બહારગામથી આવેલા જુદા જુદા સંઘોના પ્રતિનિધિઓએ અને મહાનુભાવોએ ભાવભર્યા હૈયે કામળીઓ વહોરાવી. આજે દીક્ષા નિમિત્તે સંઘપૂજન શાહ રીખવચંદ અમીચંદજી પીંડવાડાવાળા તરફથી કરવામાં આવ્યું.

પંન્યાસપદ પ્રદાન નિમિત્તે પૂ. પંન્યાસ શ્રી ભદ્રગુપ્તવિજયજીની પ્રેરણાથી સ્થાનીય સંઘને તથા 'દિવ્ય દર્શન' પત્રને સારું એવું દાન જાહેર કરાયું. આ દિવસે અનુકંપાદાન રૂપે અનાથાશ્રમ વગેરેમાં ભોજન અપાયું. નડીયાદ શ્રી સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવ્યું.

બપોરે વિજય મુહૂર્તે શ્રી શાંતિનાથ જિનાલયમાં પ્રભુજીને પ્રતિષ્ઠિત કરવાની મંગળક્રિયા પૂ. તપોનિધિ આચાર્યદેવના મંગલ વાસક્ષેપ દ્વારા ખૂબ જ ઉમંગ ને ઉલ્લાસપૂર્વક કરવામાં આવી ! બપોરે અષ્ટોત્તરી મહાસ્નાત્રનું આયોજન થયું.

એજ દિવસે બપોરે ૩ વાગે પૂજ્ય આચાર્યદેવે પોતાના વિશાળ શિષ્ય સમુદાય સાથે ખંભાત નગરે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવના ભવ્ય પ્રસંગે પધારવા માટે વિહાર કર્યો.

આમ નડીયાદના આંગણે પૂજ્ય આચાર્યદેવ અને એમના વિદ્વાન શિષ્યરત્નો જેમાં પૂ. પંન્યાસપ્રવરશ્રી મિત્રાનંદ વિજયજી, પૂ. પંન્યાસપ્રવર શ્રી યશોભદ્ર વિજયજી પૂ. પંન્યાસપ્રવર શ્રી જયઘોષવિજયજી, આદિ સુવિશાળ સાધુ સમુદાયની નિશ્રામાં શાનદાર રીતે જિનશાસનની પ્રભાવનાના પ્રમુખ અંગો જેવા પ્રતિષ્ઠા, દીક્ષા, પદપ્રદાન વગેરે કાર્યક્રમોનું આયોજન સુંદર અને સફળતાપૂર્વક થયું !

વિ.સં. ૨૦૩૮ પોષ વદ-૧૩ થી મહા સુદ-૧૦ સુધીના દિવસોના સંભારણા નડીયાદનો જૈનસંઘ જ નહીં પણ સમગ્ર નડીયાદના નાગરિકો ક્યારેય નહીં ભૂલે !

નડીયાદના પ્રાચીન શ્રી શાંતિનાથ જિનાલયના જીર્ણોદ્ધારનો પ્રસંગ એ રીતે બન્યો કે પૂ. પંન્યાસ પ્રવર શ્રી મિત્રાનંદવિજયજી ગણિવરે શ્રી શાંતિનાથ પ્રભુજીના જિનાલયના જિર્ણોદ્ધારની ખાસ પ્રેરણા આપેલી. બાદ હસુખભાઈ ગાંધીએ પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. ને વાત કરી અને તેઓશ્રીના ઉપદેશથી સાતક્ષેત્રોની વિવિધ ભક્તિ કરવા માટે નિર્માણ થયેલ શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટના સહયોગથી શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરનો જિર્ણોદ્ધાર કરવામાં આવેલ છે.

ગગનચુંબી શિખરબંધી તૈયાર થયેલા જિનપ્રાસાદની પ્રતિષ્ઠા ખૂબ સારી વિધિવિધાનપૂર્વક મંગલમય રીતે થઈ. નડીયાદ શ્વે. મૂ. જૈનસંઘે તથા સુશ્રાવક ભાણાભાઈ ખંભાતવાળાની ભારે જહેમતથી ૧૨ માસના ટૂંકા ગાળામાં જ પ્રતિષ્ઠા થઈ શકી છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૦,અંક-૨૫,તા.૨૦-૩-૧૯૮૨

વડોદરા-નિઝામપુરામાં જૈન ધર્મનો બજેલો ડંકો

મુંબઈના શેઠ શ્રી બાબુભાઈ સી. જરીવાળા પરિવારે નૂતન જિનમંદિર નિર્માણનું સુકૃતનો લાભ લેવા તેમણે નિર્માણ કરેલ બાબુભાઈ સી. જરીવાળા ચેરીટેબલ ટ્રસ્ટે વડોદરા શહેરથી ૭-૮ કિ.મી. દૂર હાઈવે પર ધર્મનગર જૈન સંઘ પાસેથી જમીન લીઝ પર મેળવી સુંદર શિખરબંધી જિનપ્રસાદ ઊભો કરાવવા નક્કી કર્યું. શ્રી ધર્મનાથ જૈન સંઘના કાર્યકરો તથા શાસનસુભટ કર્મઠ કાર્યકર શ્રી ભાણાભાઈના માથે આયોજન સોંપ્યું અને એમની ખૂબ કૂનેહ, કૌશલ્ય તથા ધીખતા પ્રયત્નોથી બહુ ટૂંકા સમયમાં ગગનચુંબી ભવ્ય જિનમંદિર ઊભું કરી દેવામાં આવ્યું. હવે તેની ભવ્ય મહોત્સવ સહિત પ્રતિષ્ઠા ઊજવવાની તીવ્ર કામના હતી.

શ્રાવકના જીવન-કર્તવ્યોમાં એક મહાન કર્તવ્ય જિનમંદિર બનાવવાનું; એવા

ભવ્ય જિનમંદિર નિર્માણનો લહાવો લેવા ભાઈ શ્રી બાબુભાઈ સી. જરીવાળાએ એમાં ગમે તેટલો દ્રવ્ય વ્યય થાય એમાં પાછું વાળીને જોયું નહિ. અહીં તો એક હિસાબ હતો કે પૈસા તો મૂકીને જવાનું છે, માત્ર સુકૃત સાથે આવવાનું છે. પછી શું કામ સુકૃતમાં રોકવાનું બાકી રાખે ? વડોદરાના એક પરા જેવા નિઝામપુરા વિભાગમાં તૈયાર થઈ ગયેલા આ ભવ્ય તીર્થસમા જિનાલયના પ્રતિષ્ઠા-મહોત્સવ-આયોજનમાં નિઝામપુરાના મુખ્ય માર્ગ, પેટા માર્ગોને મંડપો, તોરણો, ધજા-પતાકાથી શણગારી આખા ગામને લગ્ન-મંડપ જેવું બનાવી દેવાયેલ. મહેમાનો માટેની ખાસ વ્યવસ્થા, આલીશાન ભોજન-મંડપ, ભવ્ય મંદિર-પ્રાંગણ મંડપ વગેરેની શોભા સુંદર બનેલી.

પ્રતિષ્ઠા-મહોત્સવ પૂ. આચાર્યદેવશ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ની નિશ્રામાં ઉજવાય એ માટે બાર માસ પહેલાંથી ભાઈ શ્રી બાબુભાઈ ઝવેરી તથા એમના સુપુત્રો શ્રી ચંદ્રકુમાર વગેરેએ આગ્રહભરી વિનંતી કરી રાખેલ. તે હવે પૂજ્યશ્રી સુરત-ચાતુર્માસ પછી વાપીમાં બે દીક્ષા મહોત્સવો, નડિયાદમાં આઠ દીક્ષાઓનો મહોત્સવ અને ખંભાતમાં અંજનશલાકા-મહોત્સવ પ્રસંગે પધારવાના હોઈ આ સોભાગી કુટુંબે સુરત જઈ પૂજ્યશ્રીને વડોદરા મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે પણ પધારવા જોરદાર વિનંતી કરતાં કહ્યું કે 'સાહેબ ! આપ વહેલા પધારો કે મોડા, પ્રતિષ્ઠા આપના જ વરદ હસ્તે કરાવવા ધારેલું છે. એટલે છેવટનું ફાગણ સુદ-૧૦ના શુભ મુહૂર્તે થનાર પ્રતિષ્ઠાના મહોત્સવ પર પધારવાનું નક્કી થયું. પૂજ્ય આચાર્યદેવશ્રી ૬૦-૬૫ મુનિ ઠાણા સાથે ખંભાતમાં ભવ્ય અંજનશલાકા-મહોત્સવ, પ્રતિષ્ઠા મહોત્સવ તથા આચાર્યપદ-પ્રદાન મહોત્સવ ઉજવાયા પછી ઉગ્ર વિહાર કરી ફા. સુદ-૧ વડોદરા પધાર્યા.

મામાની પોળ તથા કોઠી પોળે પ્રવચનોમાં જનતાએ ખૂબ લાભ લીધો. ફા.સુ. ૫ નિઝામપુરામાં ભવ્ય પ્રવેશ-સ્વાગત-સમારોહ થયો. એ જોઈને જૈનેતર વર્ગ પણ એવો આકર્ષિત થયો કે મહેમાનોને ઉતારવા માટે પોતાના ફલેટ વાપરવા આપવાની ઉદારતા કરી. નિઝામપુરામાં દિવાળી દિવાળી જેવું વાતાવરણ સરજાઈ ગયું.

નૂતન દેરાસરમાં મૂળનાયક શ્રી આદીશ્વર પ્રભુ વગેરેના ભવ્ય બિમ્બોનો પ્રવેશ કરાવી દીધેલો, તેથી દર્શન-પૂજાનો રંગ જામતો. એમાં ઓચ્છવની પૂજાઓ, પૂજનો, રાતના ભાવનાઓ વગેરેથી પ્રભુભક્તિની સંગીતની રમઝટ જામતી.

સોનામાં સુગંધની જેમ મુંબઈ મલાડના એક યુવક ભાઈ શ્રી ભાનુચંદની અત્રે દીક્ષા થવાનું નક્કી થયેલ, એટલે ફા.સુ. ૯ ના દિવસે જળયાત્રા અને દીક્ષા

વરસીદાનનો ભવ્ય વરઘોડો ચડ્યો. આમાં મોખરે વડોદરાના રત્નમય જેવી બગીઓમાં સાબેલા સજાયેલા જોઈને જોનારને એમ લાગતું કે જાણે કોઈ મોટા રાજાની સવારી નીકળી છે. એની પાછળ હાથી પર બેસી શ્રી બાબુભાઈ તથા કુન્દનલાલ ઝવેરી સજોડે બેસી વરસીદાન ઉછાળી રહ્યા હતા. એ પછી પાછળ પૂજ્ય આચાર્યદેવશ્રી સાથે વિશાળ શિષ્ય-પરિવાર, સાજન-મહાજન, મુંબઈ, સુરત વગેરેના ભાવિક આગેવાનો તથા વડોદરાના અગ્રણીઓ સહિત વિશાળ સાજન, દીક્ષાર્થી ભાનુભાઈનું બગીમાંથી વરસીદાન, સંગીત મંડળી સાથે પ્રભુજીનો રથ, પાછળ પૂ. સાધ્વીજી મહારાજો તથા રામણ દીવા સાથે શ્રાવિકા મંડળી ચાલતી હતી.

ફા.સુ. ૧૦ ના મંગળ દિવસે પહેલા દીક્ષાવિધિ સમારોહ ભવ્ય ઉજવાયો. આશરે નવેક વાગે અનેક ભવ્યાત્માઓથી આખો મંડપ ચીકાર ભરાઈ ગયેલ. 'દીક્ષાર્થી અમર રહો'ના નાદોથી મંડપ ગાજી ઊઠ્યો હતો. મુહૂર્ત અવસરે પૂજ્યપાદ આચાર્યદેવશ્રીએ દીક્ષાર્થીને રજોહરણ પ્રદાન કરતાં, એ દૃશ્ય જોઈ અનેકોના હૈયામાં એક ભાવના સાકાર બની હતી 'આપણને પણ મળે દીક્ષા તો કેવું સારું ?' મુંડન અને વેષપરિધાન કરીને ભાનુભાઈ મંડપમાં આવતાં જ અભિનંદનના નાદોથી સૌએ તેમને વધાવી લીધા. શુભ મુહૂર્તે દીક્ષાર્થીના લોચ પછી પૂજ્યપાદશ્રીએ સ્વસ્થપણે શાંતિથી યાવજ્જીવનું સામાયિક ઉચ્ચરાવી નામકરણ વિધિ કરી. તેમનું મુનિશ્રી ધર્મયશવિજયજી એવા નામ સાથે પૂ.પં. શ્રી રાજેન્દ્ર વિ.મ.ના શિષ્ય તરીકે જાહેર કરાયા.

દીક્ષાના પ્રસંગમાં વચ્ચે અત્રે બંધાનાર ઉપાશ્રય ઉપર તથા અંદર વ્યાખ્યાન ગૃહ માટે ઉછરામણી બોલાવતાં શ્રી બાબુભાઈ તથા શ્રી બિપીનભાઈએ અનુક્રમે મોટી ઉદારતા સાથે લાભ લીધો.

ત્યારબાદ જે શુભ ઘડીની મહિનાઓથી ચાતકની જેમ રાહ જોવાતી હતી તે શ્રી આદિશ્વર પ્રભુને ગાદીનશીન કરવાની બહુમૂલ્ય ક્ષણો પૂર્વે નૂતનમંદિરની ચારેકોર ભવ્યાત્માઓની મેદની ઊભરાતી હતી. જાણે કે બધા પોતપોતાના હૈયામાં ભગવાનને બિરાજમાન કરવા ઉત્સુક ન હોય. **'ओं पुण्याहं पुण्याहं प्रियंतां प्रियंतां'** ના મંગળધ્વનિથી સમગ્ર આકાશ ગાજી રહ્યું હતું. પૂજ્યપાદશ્રી સમયસર મંદિરમાં પધારી ગયા. પ્રતિષ્ઠા સમય પણ નજીક આવતાં બધા બાર નવકાર ગણવામાં તલ્લીન થઈ ગયા. બેન્ડના સૂરો ગાજી ઊઠ્યા અને લગ્ન સમયે મંદિરમાં શ્રી બાબુભાઈ જરીવાળા પરિવારે મૂળનાયક આદિ ભગવાનને પ્રતિષ્ઠિત કરતાં પૂજ્યપાદશ્રીએ વાસક્ષેપ કર્યો. આ દિવસે ખુશાલીમાં સંઘજમણ તથા અનુકંપાદાન

થયું. એકંદરે સંપૂર્ણ મહોત્સવ અતિ હર્ષોલ્લાસ સાથે પૂર્ણ થયા પછી એની મધુરી સ્મૃતિઓ રેલાવી ગયો.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૦,અંક-૨૯,તા.૧૭-૪-૧૯૮૨

શ્રી કલિકુંડ તીર્થે જૈન ધર્મની જાહોજલાલી

● **ધોળકા :** વિક્રમના તેમાં સૈકામાં રાજા વીરધવળની રાજધાની ધવલપુર તે જ આજનું ધોળકા. તેના મંત્રી વસ્તુપાળ અને તેજપાળે જિનશાસનનો વિજય ડંકો બજાવ્યો હતો. તે સમયે ૧૦૮ જિનાલયો, ૮૦ જેટલી પોષધશાળા હતી એમ કહેવાય છે. કાળના હ્રાસે આજે માત્ર ત્રણ જિનાલયો, થોડા ખંડેર વગેરે અતીતની યાદ આપે છે. તેમાં શ્રી કલિકુંડ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા આબાદ બચેલી તેના વિ.સં. ૨૦૩૨માં દર્શન કરતાં પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ.ના રોમ રોમ પુલકિત થયા અને કલિકુંડ પાર્શ્વનાથ તીર્થના જીર્ણોદ્ધાર માટે સ્થાનિક અને બહારગામના સંઘને સજાગ કર્યા. નડિયાદ-બાવળા રોડના મફલીપુર ચાર રસ્તા વિસ્તારમાં ગગનચુંબી જિનાલયની સાથે સાથે આરાધના ભુવન-ભોજનશાળા-ધર્મશાળાનું પણ નવનિર્માણનું કાર્ય આરંભાયું અને પૂર્ણતાને પહોંચવા આવ્યું. જિનાલય તૈયાર થતાં ચાલુ વર્ષના ફા.સુ. ૩ ના ઐતિહાસિક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. આખાય મહોત્સવનું અભૂતપૂર્વ આયોજન શિબિર સંચાલક શ્રી કુમારપાળ વિ. શાહે કરેલું અને બહુ સફળ સંચાલન પણ એમણે કરેલ. જે જોઈને ભલભલા ચકિત થઈ ગયેલ. ફા.સુ. ૨ ના પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ.ને ત્રણ ત્રણ આચાર્યભગવંતોની પુનીત નિશ્રા અને હજારો ભાઈબેનોની ઉપસ્થિતિમાં આચાર્યપદ આપવામાં આવ્યું. પૂ.આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી બન્યા. તે જ દિવસે બપોરે ભવ્ય વરઘોડો નીકળેલ. જેનું આયોજન કુમારપાળ વિ. શાહે એવું સુંદર કરેલ કે ધોળકા નગર હિલોળે ચઢેલ. બબ્બે ગજરાજો, ઊંટગાડીઓ, ૨ ચાંદીના રથ, ૨ બેંડ, જિનભક્તિ ગીતમંડલી, વિશાળ સાજન અને રસ્તાની બંને બાજુ માનવ મહેરામણ જોવા ઉમટેલ. મુસ્લિમ વિસ્તારોમાં મુસ્લિમ બિરાદરોએ તેમના સમાજ દ્વારા વરઘોડાના સ્વાગતમાં ભાગ લીધેલ તેમજ વિવિધ હિંદુ સમાજની જ્ઞાતિઓ તરફથી રાજમાર્ગોનું સુશોભન, કમાનો, ધ્વજાપતાકા-અક્ષતવૃષ્ટિ વગેરેથી સ્વાગત કરી હિંદુ સમાજ સહિત ઉલટભેર મુસ્લિમ સમાજે સહભાગી બનીને એક નવી તારીખ અંકિત કરી દીધી. સર્વત્ર માનવ માનવ અને કોમ કોમ વચ્ચે એક અનોખા મૈત્રીભાવનું પ્રચંડ

દર્શન સૌની આંખ ભીંજવી જાય તેવું ભાવભીનું રહ્યું. સમગ્ર નગરમાં ઘરે ઘરે ૫-૫ લાડવાની પ્રભાવના કરેલ જે સૌએ પ્રસાદીરૂપ ભેટ સ્વીકારેલ.

ફા.સુ. ૩ ના દિને પ્રતિષ્ઠા કરાવનાર, ચડાવા બોલનાર, ગુરુભગવંતોને જ મંદિરમાં પ્રવેશ અપાતા પ્રતિષ્ઠાવિધિ સુંદર થઈ. મંદિરની બહાર ચોતરફ હજારો જૈન-જૈનેતરોનો માનવ સમુદાય ભક્તિના ઊંચેરા હિલોળા લઈ રહ્યો હતો. મંગળમુહૂર્તે પ્રતિષ્ઠા થતા હેલીકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ કરવામાં આવી. પ્રભુના અચિંત્ય પ્રભાવથી ન ભૂલી શકાય તેવો યાદગાર પ્રતિષ્ઠા મહોત્સવ બની ગયો.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૦,અંક-૩૬,તા.૫-૬-૧૯૮૨

ચેતન દીક્ષા બોલે પ્યારા ! જૈનશાસન કા બજે નગારા
સંગમનેરમાં અભૂતપૂર્વ દીક્ષા-ઉજવણી

અત્રે પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. ગણિવર શ્રી ધર્મજિતવિજયજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ.ના શિષ્ય તરીકે દીક્ષાર્થી ચેતનકુમારની વૈ.સુદ-૬ દીક્ષાનો અતિ ભવ્ય મહોત્સવ ઉજવાઈ ગયો. ચેતનભાઈ સંગમનેર નિવાસી શેઠ શ્રી રસીકલાલ દલીચંદના સુપુત્ર શ્રી ઈન્દ્રકુમારના ચિરંજીવી તથા અ.સૌ. રાજુલબેનના કુળદીપક થાય. તે ૪-૫ વર્ષ પૂર્વે નાસિકમાં કાકાની દુકાન પર વ્યાપાર અનુભવ લઈ રહ્યા હતા ત્યારે ત્યાં એમના ગુરુદેવનાં વ્યાખ્યાનો સાંભળી એમના મોટા કરોડપતિ વેપારી બનવાના અરમાન ઓસરી ગયા ને દીક્ષાભિલાષી બન્યા. તે પછી તો લગભગ ૨૦૦૦ માઈલનો વિહાર ખેડીને પણ પૂજ્યશ્રીના સત્સંગમાં રહેવા લાગ્યા, વૈરાગ્યાદિમાં સારા તૈયાર થઈ ગયા. પછી એમના દાદા મહારાષ્ટ્રના આગેવાન શેઠ શ્રી સુમતીલાલ દલીચંદે ચેતનકુમારને ઘર-આંગણે દીક્ષા અપાવવાનું નક્કી કર્યું, અને આ માટે પધારવા પૂ. આચાર્યદેવશ્રીને ભારે આગ્રહપૂર્વક વિનંતી કરી. પરંતુ પૂજ્યશ્રીને ગુજરાતના દીક્ષાઓ-અંજનશલાકા પ્રતિષ્ઠાઓ વગેરે પ્રસંગોમાં રોકાણ હોવાથી પોતે ન જતાં ગણિવર્ય શ્રી ધર્મજિતવિજયજી વગેરેને સંગમનેર મોકલાવ્યા.

દીક્ષાનું નક્કી થતાં લગભગ છ માસ પૂર્વેથી ચેતનકુમારને વાયણા માટે અમદાવાદ, નડિયાદ, રાધનપુર, સીતાપુર, ધંધુકા, ભૂજ વગેરે ગામોથી આમંત્રણ આવવા લાગ્યા. એ બધા આમંત્રણોને માન અપાયા પછી મહારાષ્ટ્રના રાજુર, ઘોટી, સીન્નર, નાસિક, સમશેરપુર, માલેગામ, તળેગામ, મુરબાડ, ઓતૂર, પૂના,

અહમદનગર વગેરે ગામોમાં તો બાદશાહી વરસીદાન વરઘોડા સાથે વાયણા થયાં. બધે જ સન્માન મેળાવડાઓમાં ચેતનકુમારની ધારાબદ્ધ વૈરાગ્યવાણી લોકોનાં દિલ ગદ્‌ગદ કરી નાખતી. હજી કેટલાય ગામોનાં આમંત્રણ ઊભા હતા ત્યાં સંગમનેરવાળાનું દબાણ થવાથી અહીં જ છેલ્લો મહિનો ઘર દીઠ વરસીદાન વરઘોડો અને વાયણાં ચાલ્યાં. એમાં આમંત્રક તરફથી દીક્ષાર્થીને બિરાજમાન કરવાની ગાડીઓમાં રોજ નવનવી વિવિધ રચનાઓ થતી. એમાં ક્યાંક રામચંદ્રજી તરીકે, ક્યાંક કૃષ્ણજી તરીકે, ક્યાંક શિવાજી, તો ક્યાંક ઇન્દ્ર બનીને, ક્યાંક ખેડૂત, રાજકુમાર, મિનિસ્ટર વગેરે રૂપમાં દીક્ષાર્થીને શોભાવતા. રાતે મેળાવડો, સંગીત, નૃત્ય વગેરે કાર્યક્રમો થતા. એક મહિના સુધીનું આ વાતાવરણ 'જૈન જયતિ શાસનમ્'ને મૂર્તિમાન કરતું હતું.

દીક્ષા-મહોત્સવમાં અનેક પૈકી એક વિશેષતા (૧) ચેતનકુમારને આશીર્વાદ દેતા આ. વિજય યશોદેવસૂરીશ્વરજી મ. (૨) શિવલીંગ ફાટી બહાર નીકળતા અવંતી પાર્શ્વનાથના વિક્રમરાજાને આશિષ, (૩) ગંગા તટ પર સાધના દ્વારા સરસ્વતીનો પ્રસાદ મેળવતા ઉપાધ્યાય યશોવિજયજીને બતાવતી રંગોળીઓ હતી. સંસ્થાઓના બહુમાન પત્રો ય એટલા બધા ભેગા થયા કે લાંબી દીવાલ ભરાઈ જાય.

દીક્ષા મહોત્સવમાં સર્વતોભદ્ર મહાપૂજન, પંચ નમસ્કાર મહાપૂજન, આગમ પુરુષ મહાપૂજન, તથા શાંતિસ્નાત્ર વગેરેથી અત્યંત ભવ્ય બની ગયો. દાદર-બોરસદ-પેટલાદ-સંગમનેરની સંગીત મંડળીઓએ ભક્તિની ભારે રમઝટ મચાવી.

મહિના સુધી રોજના વર્ષીદાન વરઘોડા સહિત વૈશાખ સુદ-૫ વરસીદાનના વરઘોડાએ ભારતભરના દીક્ષા-ઉજવણીના રેકોર્ડ તોડ્યા. દીક્ષાર્થીની બગી એક દેવ-વિમાનશી શોભતી હતી. એમાં બિરાજતા હીરા માણેકના આભૂષણોથી અલંકૃત ચેતનકુમાર જાણે વિમાનમાં ઊતરી આવેલા ઇન્દ્ર જેવા લાગતા હતા. પાછળ પણ બીજી બગીમાં એમનો મોટો આબેહૂબ ફોટો જાણે બીજા વૈક્રિય-રૂપની અદાથી શોભતો હતો. અરે ! સ્વયંસેવકોના બિલ્લે બિલ્લે ચેતનકુમારની તસવીર ! તે જાણે જ્યાં જુઓ ત્યાં ચેતન જ ચેતન જ દેખાય ! વરસીદાનમાં માત્ર રોકડ પૈસા જ નહિ, પણ વસ્તુઓ, ફળ, મીઠાઈ, મેવાના પેકેટ, ઘર વખરીની વસ્તુઓ, રૂપિયાની નોટોથી ભરેલા સ્ટેનલેસ સ્ટીલના પ્યાલા-તપેલી, વસ્ત્રો...આ બધું ઉછાળતાં ચેતનકુમારને નિહાળવાનો એક લહાવો હતો. એમના માતા-પિતા-ભાઈઓ પણ વરસીદાન ઉછાળતા.

વરઘોડામાં આકર્ષક સાબેલાઓ, આદિવાસીઓના નૃત્ય, સંગીત મંડળોની

ગાડીઓ, દાંડિયા રાસ, પનિયારીઓ, અનેકાનેક બેન્ડો, વાજિંત્રો...વગેરેથી અમરાપુરીની શોભા છતી થતી હતી. પાંચમ રાત્રિના સન્માન સમારંભમાં વિદાયગીતો અને વક્તવ્યો ઉપર ચેતનકુમારના હૃદયવેધી જવાબે વાતાવરણને વૈરાગ્યથી ખૂબ ગમગીન બનાવી મૂકેલું ! એમાં મુંબઈ સાયનવાલા વિકાસકુમાર (ઉં. વર્ષ ૧૪)ના ઇંગ્રેજીમાં છટાદાર ભાષણે યુનિવર્સિટી કોન્વોકેશન હોલને યાદ કરાવ્યો ! પછી ઈનામોની ઝડી વરસી. દીક્ષાર્થીના ભાઈ ચંદ્રેશકુમારે વિદાયગીત ગાયું ત્યારે સભામાં ડૂસકાના અવાજ સંભળાયા.

વૈ.સુ. ૬ વહેલી પ્રભાતે ચેતનકુમાર વરસીદાન દેતા મંડપમાં પધાર્યા. દીક્ષા વિધિ શરૂ થઈ અને સ્વ.પૂ.આ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.ના પટ્ટધર પૂ.આ. શ્રી વિજય રંગસૂરીશ્વરજી મ.ના વરદ હાથે રજોહરણ મળતાં ચેતનકુમાર હર્ષવિભોર નાચી ઊઠ્યા. પછી મુંડન-સ્નાન-સાધુવેશ પરિધાન કરી દીક્ષાર્થી મંડપમાં આવતાં સભાને એમની ગંભીર મુદ્રામાં ભાવિ એક પ્રભાવક પુરુષનાં દર્શન થયાં. લોચવિધિ તથા જીવનભરના સામાયિકની પ્રતિજ્ઞા લેવાઈ. સાધુપણામાં નામ મુનિશ્રી જગવલ્લભ વિ.મ.ના શિષ્ય તરીકે મુનિશ્રી ચંદ્રવલ્લભવિજયજી રાખવામાં આવ્યું. વડીદીક્ષા વખતે આ નામમાં થોડો ફરક કરી મુનિશ્રી ચારિત્ર વલ્લભવિજયજી નામ રખાયું.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૦,અંક-૪૮,તા.૨૮-૮-૧૯૮૨

પાલનપુર નગરે ધર્મરંગના ઉમટેલા પૂર

વર્ધમાન તપોનિધિ પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના ચાતુર્માસથી પાલણપુર નગરમાં છેલ્લા સૈકામાં નહિ ઉમટ્યા હોય એવા ધર્મરંગના પૂર ઊમટ્યા છે. એકેક સુકૃતની વિશિષ્ટતાઓ અનેરી ઝળકી ઊઠી. સમુચ્ચય શાસ્ત્રની વાચનામાં જૈન ડૉક્ટરો સુદ્ધાં શ્રાવકોનો સારો સમૂહ પણ નિયમિત જૈન શાસનના અનેરાં તત્ત્વ ઝીલતો, શાસન પર ભારે અહોભાવવાળો બનતો ગયો. પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજીના ધર્મરત્નપ્રકરણ પરનાં રોજિંદા વ્યાખ્યાનોમાં યુવાન ઉંમરના ભાઈબેનો હકડેઠઠ મેદનીમાં નિજના જીવનની કેટલીય પાપ બદીઓનું સંશોધન કરતા ચાલ્યા. એમાં ય ખાસ પુરુષવર્ગ માટે યોજાયેલ રવિવારીય શિબિરોમાં માર્ગાનુસારી જીવન તથા જીવન ઉત્ક્રાંતિ પરનાં વ્યાખ્યાનોમાં ૫૦૦/૬૦૦ યુવકો ઉપરાંત સેંકડો પ્રૌઢ ભાવિકો પણ પોતાના જીવનમાં અભૂતપૂર્વ શુભ અધ્યવસાયોની લહેર અનુભવી રહ્યા. વિશાળ વ્યાખ્યાનહોલ અને મોટી ગેલેરી

ભરચક ભરાતી.

રવિવારના બપોરનાં જાહેર વ્યાખ્યાન સારુ તો વંડાના જબ્બર વિશાળ મેદાનમાં ચાતુર્માસિસભર માટે હજારો રૂા.ના ખર્ચે પતરાંનો ખાસ મંડપ ઊભો કરાયેલ. એમાં રામાયણ-મહાભારતના પ્રસંગો પરના પૂ. રત્નસુંદરવિજયજી મ. ના જોશીલા પ્રવચન સાંભળવા જૈન-જૈનેતરોની લગભગ ૫૦૦૦ ની મેદની એકત્રિત થતી. પીન ડ્રોપ સાઈલન્સમાં ધારાબદ્ધ ચાલતી જિનવાણી સાંભળવામાં 'બસ ! એટલામાં દોઢ કલાક પૂરો થઈ ગયો' એમ આંચકા સાથે આશ્ચર્ય અનુભવાતું.

ધર્મની આ રેલંછેલના પ્રભાવે તપસ્યાઓનો જુવાળ ઊપડ્યો. પૂ. તપસ્વી મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજે ૪૧ ઉપવાસની તપસ્યાના શ્રીગણેશ માંડ્યા. માસખમણના શ્રા. સુ. ૪ ના દિવસે માસખમણ વગેરેની ભાવનાથી કેટલાય નાના મોટા ભાઈ બેનોએ ઉપવાસ આદર્યા. પજુસણ નજીક આવતાં વચમાં વચમાં ચત્તારિ અટ્ઠ, ૧૬-૧૧ ઉપવાસ વગેરેના લક્ષ્યથી નવા નવા તપસ્વીઓ જોડાતા ગયા. મહાપર્વના મંગળ પ્રારંભ સુધીમાં લગભગ ઘર ઘર અનેક તપસ્યાઓ ચાલુ થઈ ગઈ. વચમાં વચમાં અટ્ઠમ, અરિહંતજાપ, નવકાર આરાધના વગેરે આરાધનાઓ થઈ. એમાં અખિલ ભારત હિંસા નિવારણ સંઘે દૈનિક પેપરોમાં સરકાર તરફથી વેજ. ઈંડા અર્થાત્ શાકાહારી ઈંડા તરીકે થઈ રહેલ પ્રચારને રોકવા હાઈકોર્ટમાં સરકારની આ પ્રવૃત્તિ સામે સ્ટે લેવાની કાર્યવાહી ચાલી. એ માટે આર્થિક સહકારનો આદેશ આવતાં શ્રી પાલણપુર જૈન મિત્ર મંડળે આ માટે એક જ બેઠકે સારી રકમ એકત્રિત કરી.

પર્યુષણમાં સ્વપ્નોની બોલીએ તો પૂર્વના બધા રેકાર્ડ તોડી નાખ્યા. દરસાલ કરતાં ચારગુણી ઉપરની બોલી થઈ. પાલણપુર જૈન મિત્ર મંડળને પ્રભુજીનો રથ તૈયાર થયેલ એના પર ઈન્દ્રધજાની ગાડીની ખોટ હતી તે પૂરી થવાના સંયોગ બન્યાથી આનંદના પૂર ઊભરાયા. પર્યુષણામાં પ્રતિક્રમણમાં પણ સૂત્રોની મોટી બોલીઓ ઉપરાંત વીર ભગવંતનું હાલરડું પૂ. મહારાજ સાહેબ પાસે બોલાવવા ૧૦૦૦, મણની બોલી થઈ.

તપસ્યાઓની રેલંછેલમાં પૂ. તપસ્વી મુનિરાજને ૪૧ ઉપવાસ ઉપરાંત પૂ. બાપજી મ.ના સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી નિર્વેદગુણાશ્રીજી મ.ને માસખમણ, સુશીલાબેન રસીકલાલને ૪૫ ઉપવાસ, તથા માસખમણ-૧૬ સોળ ઉપવાસો-૧૨ બાર ઉપવાસ-૨, અગીયાર ઉપવાસ ૧૪, દસ ઉપવાસ-૧૧, ચત્તારિઅટ્ઠ-૪, ૧૧૫ અટ્ઠાઈ, ૩૮ સાત ઉપવાસ, ૨૧ નવ ઉપવાસ થયા. એમાં એક ૧૩ વર્ષના

બાળકે તો ૮ ઉપવાસ કર્યા જ, પરંતુ ૯ વર્ષની ઉંમરના બાળમુનિશ્રી પદ્મબોધિવિજયજી મહારાજે પણ ૮ ઉપવાસ ખૂબ ધીરતા મક્કમતાથી કરી જૈન જૈનેતરોને ચકિત કરી દીધા.

આવી બધી ધર્મની જાહોજલાલીથી પ્રેરાઈ શ્રી પાલણપુર જૈન મિત્ર મંડળે પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં બીજા આસો સુદ-૧૦ થી ઉપધાન તપ કરાવવાનું નક્કી કર્યું છે. તેમજ ગોળાવાળા શ્રી મોહનલાલ મંગળજી પરિવારે મહામાસમાં શ્રી શંખેશ્વરજીનો યાત્રા સંઘ લઈ જવાનું નક્કી કર્યું છે.

માંડલમાં અભૂતપૂર્વ ઉગ્ર તપશ્ચર્યાઓ

● **માંડલ**માં પૂ. મુનિરાજશ્રી જંબુવિજયજી આદિઠાણાં ૪ ચાતુર્માસ બિરાજમાન છે. પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી માંડલના ઈતિહાસમાં પ્રથમ આટલી ઉગ્ર અને અભૂતપૂર્વ તપશ્ચર્યાઓ ભારે ઉલ્લાસ અને ઉમંગભર્યા વાતાવરણમાં શરૂ થઈ છે. જેમાં ૪૫ ઉપવાસ ૧, માસક્ષમણ ૭૦, સોળભત્તા ૪૦, તથા ઘણી અટ્ઠાઈ થવાની સંભાવના છે. અટ્ઠમ લગભગ ૩૨૫ થયાં છે. પૂ. મુનિશ્રી વિનયંધરવિજયજી તથા પૂ. મુનિશ્રી બાહુબલવિજયજી મહારાજ સાહેબનાં આજરોજ માસક્ષમણનાં પારણાં થયાં છે. પૂ. સાધ્વીજી મહારાજ શ્રી લાવણ્યશ્રીજી મહારાજ સાહેબના પાંચ શિષ્યાઓના માસક્ષમણ ચાલુ છે.

વસ્તુપાલ તેજપાલની જન્મભૂમિ એવા માંડલ માટે આવી ઉગ્ર તપશ્ચર્યાઓનો પ્રસંગ ગૌરવ લેવા જેવો છે. ગામનું સમગ્ર વાતાવરણ ધાર્મિક તપોમય બની ગયેલું જોવા મળે છે. પૂ. મહારાજશ્રીના ધર્મમય વ્યાખ્યાનનો જૈન-જૈનેતરો વિશાળ સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. **'સંદેશ'માંથી સાભાર**

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૧,અંક-૧૦,તા.૧૩-૧૧-૧૯૮૨

પાલનપુર ઉપધાન નગરમાં ધર્મનો જયજયકાર

અત્રે પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઉપધાનતપની મંગળ આરાધના શરૂ થયેલ છે. તે માટે સંઘના ભાઈઓ તરફથી ઉપધાનતપ કરાવવાનું પર્યુષણ પ્રસંગે નક્કી થયેલ. જેથી ઉપધાનતપની તૈયારીમાં સૌ લાગી ગયા હતા. અને તે અંગે કેટલાક ભાવીકોની ઈચ્છા બોર્ડીંગમાં ઉપધાન કરાવવાની હતી પરંતુ શ્રી સંઘના પ્રમુખ દલપતભાઈ પ્રેમચંદે દૂરદેશીપણાથી

વિચાર કરી ગંજબજારની બહારની વિશાળ જગ્યામાં ઉપધાન રાખવાનું સૌને સમજાવ્યું અને એ પ્રમાણે વિશાળ મંડપો તથા અનેક મુકામોનું આયોજન થયું. તો આજે લગભગ પોણાપાંચસો આરાધકોને વિશાળ જગામાં ઉપધાનતપની સુંદર અને સમાધિપૂર્વક આરાધના કરતા જોઈ સૌના મન ઠરે છે કે આ વિશાળ જગ્યા ઠીક જ પસંદ થઈ.

આ ઉપધાન આરાધનામાં પ્રૌઢો કરતાં નાનડિયો વર્ગ મોટા પ્રમાણમાં જોડાયેલ છે. વિશાળ વ્યાખ્યાન મંડપમાં સવારની ઉપધાનની ક્રિયા માટે બેનો તો વહેલા આવી જઈ હોંશે હોંશે ક્રિયાની રાહ જોઈ બેઠી હોય છે. પૂ.પં.શ્રી યશોભદ્રવિજયજી મહારાજ ખૂબ શાંતિથી ક્રિયા સુંદર રીતે કરાવે છે. એ પછી સાડા આઠ વાગે પૂજ્યપાદ આચાર્ય ભગવંત ૧૦૦ ખમાસમણાં-એક ખમાસમણું શુદ્ધ ઉચ્ચારણ સાથે ૨૫-૨૫ના વિભાગથી દેવરાવે છે. આરાધકોને એવી પ્રેરણા અને પ્રોત્સાહન આપવામાં આવે છે કે ખમાસમણાં બરાબર ઊભા થઈ થઈને દેવામાં આવે છે. ૨૫-૨૫ના ૩ આંતરામાં ઉપધાન ભાઈઓને વિસામો મળે તેમજ સમ્યક્ બોધ પણ મળે એ માટે ક્રિયાઓના રહસ્ય તથા નવકારમંત્રથી એકેક સૂત્રના રહસ્યમય ભાવનો અને પ્રાસંગિક વસ્તુનો ઉપદેશ આપવામાં આવે છે. એ પછી 'શાંતસુધારસ' શાસ્ત્ર પર ૯ા થી ૧૦ સુધી પ્રવચન થાય છે. ત્યારબાદ ૧૦ થી ૧૦-૪૫ સુધી પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજીના જોશીલા વ્યાખ્યાનો થાય છે. જૈનેતરો પણ લાભ લે છે.

ઉપધાનનગરમાં દેરાસર માટે ગામમાંથી સંગેમરમરના ભવ્ય શ્રી કુંથુનાથ ભગવાન આદિના બિંબ વાજતે ગાજતે લાવીને પધરાવવામાં આવ્યા છે. આ અંગે લગભગ રૂા. ૧૨,૦૦૦/- ની ઉપજ થયેલી. દરરોજ પ્રભુજીને ભવ્ય અંગરચના કરવામાં આવે છે. એકાંતરે નીવિમાં ઉદારતાથી નવનવી વાનગીઓથી તપસ્વીઓની ભક્તિ કરવામાં આવે છે. આસો સુદ-૧૫ પૂ. મુનિરાજશ્રી નંદીશ્વરવિજયજી મ.ની ૫૭મી વર્ધમાનતપ આયંબિલ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે અમલનેરથી એમના સાંસારીકપણે કુટુંબીઓએ અત્રે ઉપસ્થિત થઈ ખૂબ ભાવપૂર્વક ચતુર્વિધ સંઘનું પૂજન કરેલ.

આગામી મે વેકેશનની શિબિર માટે કપડવંજના આગેવાન ભાઈ શ્રી જેસીંગભાઈ સોમાભાઈ દલાલ તથા સુરતના શ્રી રજનીભાઈ તરફથી આગ્રહપૂર્વક આમંત્રણ આવેલ છે. અમદાવાદમાં પૂજ્યશ્રીના શિષ્યરત્ન પૂ.મુનિરાજશ્રી જગત્ચંદ્ર વિજયજી મ. ના શિષ્યરત્ન પૂ.મુનિરાજશ્રી અભયચંદ્ર વિજયજી (ઉંમર વર્ષ ૨૧)

મ.ની સળંગ ૫૦૦ આયંબિલ તપની નિર્વિઘ્ન પૂર્ણાહૂતિ નિમિત્તે માગશર વદ-૧૦ આસપાસ મહોત્સવ અંગે ઓપેરા સોસાયટી સંઘની પૂજ્ય આચાર્યદેવશ્રીને પોતાને આંગણે વિશાળ પરિવાર સહિત પધરાવવાની તીવ્ર અભિલાષા છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૧,અંક-૧૪,તા.૧૮-૧૨-૧૯૮૨

પાલનપુર : સુવિશાળ ગચ્છાધિપતિ સિધ્ધાન્તમહોદધિ સ્વ.પૂ.આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટાલંકાર વર્ધમાનતપોનિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનું અત્રે ધર્મરંગથી ઝાકઝમાળ ચાતુર્માસ થયું. વિશેષ ધર્મપ્રભાવનાના હેતુથી પૂજ્યશ્રીની નિશ્રામાં મોટા પાયા પર ઉપધાનતપની આરાધના કરાવવાની ભાવના થઈ. પૂજ્યશ્રીએ જૈન મિત્રમંડળસંઘની વિનંતી માન્ય રાખી તેથી તેઓશ્રીની નિશ્રામાં ઉપધાનતપ કરાવવાનું નક્કી થયું. અને એની જાહેરાત પર નામ આવવા લાગ્યા. મોટી સંખ્યામાં આરાધકો લેવાના હોવાથી અત્રેના ગંજબજાર બહારના નૈસર્ગિક સૌંદર્ય અને પ્રસન્ન વાતાવરણવાળા નવા ગંજબજારના મેદાનમાં ૫-૭ હજાર માણસ સમાય તેવો પતરા તથા સુશોભિત કાપડનો વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો. બીજા પણ ભોજનમંડપ-ઉકાળેલ પાણીનો મંડપ, બેનો માટેના મંડપો અને મુકામો વગેરેનું સુંદર આયોજન કરવામાં આવ્યું અને ડેકોરેશનથી એક ઉપધાનનગર વસી ગયું. આસો સુદ-૧૦ તથા સુદ-૧૨ના મુહૂર્તથી ૪૭૫ આરાધકો ઉપધાનમાં જોડાયા. પૂ.પં.શ્રી યશોભદ્રવિજયજી મ. ઉપધાનવાહીઓને સુંદર ક્રિયા કરાવતાં, તે ઉપરાંત વહેલી સવારે પૂ. આચાર્ય દેવશ્રી શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ ઉપર વાચના તથા ૮/૩૦ થી ૯-૨૫ સો ખમાસમણાના ૨૫-૨૫ ના આંતરામાં સૂત્રો-ક્રિયાઓના રહસ્યો પર ટુંકા ત્રણ પ્રવચનો, ત્યારબાદ શ્રી શાંતસુધારસ-બારભાવના પર વૈરાગ્ય રસઝરતું વ્યાખ્યાન અને પછી પૂ.મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના શ્રી ધર્મરત્ન પ્રકરણ ઉપર જોશીલા પ્રવચનનો લાભ મળતો. વ્યાખ્યાનમાં નવલાખ નવકાર, સ્વદ્રવ્યથી પૂજા, પ્રભુ આગળ રોજ દીપક પૂજા-રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ, દરરોજ અમુક ટંકથી વધારે ટંકનો ત્યાગ, એંઠા વાસણ બે ઘડી ઉપર ન રાખવા વગેરે જયણા, ભોજનમાં દ્રવ્યસંખ્યા, સિનેમા ત્યાગ નીવિમાં મિષ્ટાન્ન ત્યાગ અથવા ૧-૨ મિષ્ટાન્નથી વધુ નહિ વગેરે નિયમો લેવાયા. કેટલાંક છઠ્ઠ, અઠ્ઠમ-ખીરસમુદ્ર, અઠ્ઠાઈ પણ કરતાં. તપસ્વીઓના દિવસો રંગેચંગે ક્યાં પસાર થતા એની જાણે ખબર ન પડતી. વચમાં અષ્ટાપદજીની પૂજા ભવ્ય રીતે ભણાવાઈ. પૂ. આચાર્યદેવશ્રીએ

વચમાં વચમાં એના ભાવ સમજાવેલા. તથા મુંબઈથી પ્રસિદ્ધ સંગીતકાર શ્રી સોભાગચંદ વંદનાર્થે આવેલા હોઈ શ્રી શ્રેણીકભાઈ કાંતીલાલ ઉજમભાઈ તરફથી નવાણું પ્રકારી પૂજા ધામધૂમથી ભણાવાઈ. હવે કારતક વદ-૧૪ માળારોપણનો ઉત્સવ શરૂ થયો છે. વદ-૧૧ માળની બોલી બોલાવવામાં આવશે.

પાલનપુરમાં...જાહેર વક્તૃત્વ સ્પર્ધા તથા ધાર્મિક શિક્ષકોનું બહુમાન...

તા. ૫-૧૨-૮૨ રવિવારે પાલનપુરમાં ચાલતાં ઉપધાન તપનાં તપસ્વીઓ તરફથી બનાસકાંઠા જિલ્લાની જૈન પાઠશાળાઓના વિદ્યાર્થીઓની વક્તૃત્વ સ્પર્ધા **સદાચાર** અને **કૃતજ્ઞતા** ના વિષયો ઉપર યોજાઈ હતી. કુલ ૨૫ વિદ્યાર્થીમાં પ્રથમ વિજેતા વિદ્યાર્થી રાજેશકુમાર જયંતીલાલ (પાલનપુર, જૈન પાઠશાળા) અને દ્વિતીય વિજેતા દેવેન્દ્રકુમાર મફતલાલ (નવાડીસા, જૈન પાઠશાળા) વગેરે કુલ સાત નંબરો તથા બાકીનાં દરેક હરીફોને કુલ રૂા. ૫૦૦/-નાં ઈનામો અપાયેલ. તથા ઉપસ્થિત થયેલા ધાર્મિક શિક્ષક-શિક્ષિકાઓને પણ દરેકને રૂા. ૧૧૧/- આપીને જાહેર સન્માન કરાયેલ. તથા દરેક પાઠશાળાઓને ધાર્મિક પુસ્તકો ભેટ અપાયેલ.

આ જ્ઞાનભક્તિ સમારંભમાં પધારેલ શ્રી જગદ્‌ગુરુ જૈન મિત્રમંડળ પાલનપુરમાં મુંબઈ વસતાં કાર્યકરો સર્વશ્રી બાબુલાલ જીવરાજભાઈ, શ્રી જીવણલાલ ચંદુલાલ, શ્રી રસીકભાઈ પરીખ અને શ્રી શૈલેષભાઈ કોઠારી વગેરે કાર્યક્રમથી પ્રભાવિત થઈ તેમના તરફથી પણ ઉપર મુજબ જ કુલ રૂા. ૪૫૦૦/- ઈનામો તથા બહુમાન માટે અર્પણ કરેલ.

ઉપધાન તપનાં શુભનિશ્રાદાતા પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવન-ભાનુસૂરીશ્વરજી મ.સા. આદિને તપસ્વીઓ દ્વારા ચારિત્રનાં ઉપકરણો વહોરાવી ગુરુભક્તિ કરાયેલ. પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે ઉપસ્થિત જંગી જાહેર સભાને ધાર્મિક જ્ઞાનનાં મહત્ત્વ સંબંધી મનનીય પ્રવચન આપેલ. આ સમારંભ શ્રી બનાસકાંઠા જૈન ધાર્મિક શિક્ષણ સંઘના ઉપક્રમે યોજાયેલ. તેનું આયોજન તથા સંચાલન શિક્ષણ સંઘના સંચાલક મુખ્ય અધ્યાપક શ્રી દલપતભાઈ સી. શાહે કરેલ.

પાલનપુરમાં જવલંત માળારોપણ મહોત્સવ...

વર્ધમાનતપોનિધિ પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવભાનુસૂરીશ્વરજી મ.ના ચાતુર્માસ પરિવર્તન માટે ઘણા ભાઈઓની તથા સોસાયટીની વિનંતીમાંથી સ્વસ્તિક સોસાયટીના ભાઈઓની વિનંતી માન્ય રખાતાં ત્યાં ચાતુર્માસ પરિવર્તન-પ્રવચન-તીર્થયાત્રા વગેરે સુંદર થયું. પછી શેઠશ્રી રતિલાલ ત્રીભોવનદાસ તથા શ્રી માલણ સંઘનો અત્યંત આગ્રહ હોવાથી પાલનપુરથી ૭ માઈલ દૂર માલણ મુકામે પૂજ્યશ્રીનું

વિશાળ પરિવાર સાથે પધારવું થયું. જૈનેતરો પણ હોંશમાં હોવાથી શાનદાર સ્વાગત વરઘોડો ચઢ્યો. પોણો કલાક માંગલિક પ્રવચન. જૈન-જૈનેતરોથી સભા ચિકાર હતી. જુદા જુદા પાંચ ભાઈઓ તરફથી પાંચ સંઘપૂજન થયા. બપોરના ગામ બહાર હાઈસ્કૂલના વિશાળ ચોગાનમાં જાહેર વ્યાખ્યાન થયું. ૬૦ વર્ષની ઉંમર પછી ધંધામાંથી નિવૃત્તિ લેવી, યા નિવૃત્તિ ન લઈ શકો તો ખર્ચ પૂરતી રકમ કરતા વધુ રકમ થાય તે સાતક્ષેત્ર અને અનુકંપામાં વાપરવાના ઘણા ભાઈઓએ નિયમ લીધા. બીજે દિવસે પાલનપુર ઉપધાનનગરમાં પાછા પધાર્યા. માળનો ઉત્સવ કારતક વદ-૭ના શરૂ થયો. કારતક વદ-૧૧ના માળારોપણની બોલી શરૂ થઈ. પહેલી માળ પૂર્વ રેકોર્ડ બ્રેક બોલીથી શેઠશ્રી હિરાભાઈ મોહનલાલ મોટી ઉંમરે ઉપધાન વહન કરતા હોઈ એમના કુટુંબીઓ મોહનલાલ મંગળજી ગોવાવાળા પરિવાર તરફથી લહાવો લેવાયો. માળાઓની બોલીઓ મોટી મોટી રકમથી લેવાતા ઠેઠ સુધી ઘણી બોલીઓ સુધી બોલાઈ. બપોરે ધાર્મિક પાઠશાળાના શિક્ષક શ્રી દલપતભાઈ માસ્તરની દેખરેખ નીચે વિદ્યાર્થીઓએ સુંદર રીતે સિદ્ધચક્રપૂજન ભણાવ્યું. પૂ.આ.શ્રી પ્રદ્યોતનસૂરીશ્વરજી મ. આદિ રાજસ્થાનથી અત્રે પધારતા વધુ આનંદ થયો.

કા.વ.૧૨ના શ્રી પાર્શ્વનાથ પદ્માવતી પૂજન શેઠશ્રી મોહનલાલ મંગળજી ગોળાવાળા પરિવાર તરફથી ભણાવવા માટે મુંબઈથી પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહને ખાસ આગ્રહથી આમંત્રવામાં આવેલા. આ પૂજન ખાસ નીહાળવા માટે ચિક્કાર માનવમેદની વચ્ચે પંડિતજી શુદ્ધ મંત્રોચ્ચાર તથા માંત્રિક તાંત્રિક ક્રિયાઓ જે કરાવી રહ્યા હતા તેનો અદ્‌ભુત પ્રભાવ પડ્યો. કા.વ.૧૩ના માળનો વરઘોડો ડીસાનું પ્રખ્યાત બેન્ડ તેમજ બીજા ૪ બેન્ડ, બેડાવાળી બેનો, વિશાળ સાજન, પૂજયશ્રી સાથે મોટો સાધુ પરિવાર, વિશાળ સાધ્વીસમુદાય વગેરેથી સુંદર શાસનપ્રભાવના થઈ. જૈન મિત્રમંડળનો નવો રથ, તથા બીજો રથ વરઘોડાની શાન વધારી રહ્યા હતા. જૈનેતરો ચકિત થઈને વરઘોડો નીહાળતા. પૂજા ભાવનાઓમાં મુંબઈથી ખાસ પધારેલ શ્રી ઋષભ જિન ભક્તિ મંડળ સાથે દક્ષેશભાઈ તથા પાટણના સંગીતકાર મનુભાઈએ ભક્તિરંગ જમાવ્યો. મુંબઈથી પધારેલ રમણલાલ આંગીવાળાએ હીરા-માણેકની પ્રભુજીને સુંદર અંગરચના કરી. વદ-૧૪ના ભવ્યતાથી માળારોપણ સમારોહ ઉજવાયો. વદ-૧૩ના નવકારશી જમણ શાહ ભવાનલાલ જીવરામભાઈ ટીંબાચુડીવાળા તરફથી અને વદ-૧૪ના નવકારશી શાહ મોહનલાલ મંગળજીભાઈ ગોવાવાળા પરિવાર તરફથી થઈ. પૂજ્યશ્રી કા.વ.૧૪ના સાંજે વિહાર કરી કમાલપુરા પધાર્યા. ત્યાંથી અમદાવાદ તરફ વિહાર કર્યો છે. મા.સુ. ૫ ડાલવાણા, મા.સુ. ૭-૮ સિદ્ધપુર, મા.સુ. ૧૦-૧૧ ઊંઝા, મા.સુ. ૧૪-૧૫

મહેસાણા પહોંચવા વકી છે.

● **ભદ્રેશ્વરતીર્થમાં વેકેશન શિબિર :**

મુંલુંડથી હીરજી દેરાજ ગાલા લખી જણાવે છે કે ભૂજ (કચ્છ)માં પૂ.પં.શ્રી રાજેન્દ્રવિજયજી મ.ના દર્શનથી આનંદ થયો. શિબિર માટેનું માર્ગદર્શન મળ્યું. શિબિર ચૈ.વ.૧૧ રવિવાર તા. ૮-૫-૮૩ થી વૈ.સુ.૧૧ તા. ૨૨-૫-૮૩ સુધીનું આયોજન કરશું.

બાળકો : ૮ થી ૧૩ વર્ષ સુધીના

યુવાનો ૧૪ વર્ષથી ઉપર હાઈસ્કૂલ અને કૉલેજમાં અભ્યાસ કરનાર પાઠશાળાના શિક્ષકો તેમજ ધર્મજિજ્ઞાસાવાળા ભાઈઓને પણ આવકારવામાં આવશે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૧,અંક-૩૦,તા.૧૬-૪-૧૯૮૩

● **અમદાવાદ :** શેઠશ્રી ચંપકલાલ ભણસાળી કલકત્તાવાળાના બે સુપુત્રી દીક્ષિત થઈ સાધ્વીઓશ્રી દર્શનરત્નાશ્રીજી મ. તથા કારુણ્યયશાશ્રીજી મ. બન્યા પછી ત્રીજા સુપુત્રી હીનાબેન વિરક્ત બની એમના ઉપકારી પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે કલિકુંડતીર્થે વૈશાખ સુદ-૧૧ ચારિત્ર લેવા તૈયાર થયા છે. પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં વિદ્યાશાળામાં હીનાબેનની દીક્ષા અંગે જિનેન્દ્રભક્તિ મહોત્સવ યોજવામાં આવેલ. એમના માતુશ્રી હંસાબેન તથા ભાઈશ્રી જયેશ ભણસાલીનો ઉલ્લાસ ભારે હતો. ફાગણ વદ-૧૦-૧૧ બંને દિવસ શ્રી લલિતભાઈ ધામી અને એમના સાબરમતી મંડળે વિદ્યાશાળાના વિશાળ હોલમાં શ્રી નવપદજી પૂજા, શ્રી નવાણું પ્રકારી પૂજામાં ભારે ભક્તિસંગીતની રમઝટ મચાવી. વ્યાખ્યાન વખતે શ્રી સંઘપૂજન કરવામાં આવ્યું. સવારે ૬॥ થી ૭॥ વાગે પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના જોશીલા વ્યાખ્યાનમાં વિદ્યાશાળા હોલ સારો ભરાઈ જતો. ફાગણ વદ-૧૨ રવિવારે સવારે ૯ વાગે રથયાત્રા વરસીદાન વરઘોડો રખાયેલ. આ દીક્ષા અંગે શ્રી જયેશભાઈએ બહુ આકર્ષક કંકોત્રી કાઢેલી. તેમજ દૈનિક પત્રમાં જાહેરાત કરેલ, તેથી અમદાવાદના મુખ્ય રસ્તાઓ પ્રેક્ષકોથી ઊભરાઈ ગયેલા. વરઘોડામાં સાજમાં ચાર મોટી બગીમાં ચાર મોટા ચિત્ર બોર્ડ ટૂકમાં કથાનકના લખાણ સાથેના બોર્ડ સાથે મૂકેલા, -(૧) વૈભવ-વિલાસ સાથે રણકેસરિયા : સ્થૂલભદ્રજી (૨) મનવા તું રાવણ તું રામ : વજ્રબાહુ, (૩) મને સંસાર શેરી વિસરી રે લોલ : વિદ્યાધર રાજપુત્ર, (૪) સંયમ

કબહું મિલે સસ્નેહી : જંબુકુમારના સુંદર ઓઈલ પેઈન્ટીંગમાં ચિત્રો મૂકેલ. એક બગીમાં સ્વ. સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. નું મોટું ચિત્ર મૂકેલ. મેટાડોરમાં મહિલા મંડળ સંગીતમય સ્તવનો ગાતી, ઘોડેસવારો, બે પાઠશાળા મંડળ, બે મહિલા મંડળ સાબરમતી સંગીતમંડળ, વીરસૈનિકની ભક્તિધૂન મચાવતી લારી, નિશાન ડંકો, ત્રણ દીક્ષાર્થી બેનોની બગીઓ હતી. કું. ગીરાબેન કવરલાલ (ઉં. ૧૬) તથા કુમારી સોનલબેન રમેશચંદ્ર (ઉં. ૧૪) તથા કુમારી હીનાબેન ચાર ઘોડાની બગીમાંથી વરસીદાન ઉછાળતાં. એમાં તો કમાલ એ થઈ કે ઉછાળવામાં બુશશર્ટો દરેકમાં ખીસામાં રૂપિયા સાથે, વળી ચાંદીના સિક્કા, વિવિધ રેડીમેડ કપડા, રૂમાલ, મીઠાઈ વગેરેના પેકેટ, ફૂટ, રોકડા નાણું વગેરે તો હતું જ એમાં રસ્તામાં કૂંડીમાં ભાવિકો તરફથી નવું નવું ઉછાળવાનું ઉમેરાતું. એક ભાઈએ રસ્તામાં મોસંબીની લારી દેખી તો આભો જ બની ગયો. કહે ૩૦૦/- રૂા. તો કહે લે રૂપિયા ઉઠાવ બધી મોસંબી ઠાલવી દે બગીમાં, વળી બીજાએ બિસ્કિટના પેકેટોવાળા પાસેથી આખો સ્ટોક ખરીદી લઈ બગીમાં ઠાલવ્યા. એમ બીજાઓ, ચીકુ, સફરજન વગેરે ફળો રૂપિયા વરસીદાનની ગાડીમાં ઠાલવતા ગયા. ઘણા જીવોને અભયદાન અપાયેલ. બેન્ડ પાછળ વ્યા. વા. પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. આદિ વિશાળ મુનિગણ, પછી ગૃહસ્થ સાજન, પછી વાજંત્ર લારી સાથે લલિતધામીનું સંગીત મંડળ ભક્તિ સંગીતની ધૂન મચાવતું. રવિવારે બપોરે વિદ્યાશાળામાં જાહેર વ્યાખ્યાન રખાયેલ. પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજને સાંભળવા શ્રોતાઓ માટે વિદ્યાશાળાનો વિશાળ હોલ પણ સાંકડો પડી ગયો. વ્યાખ્યાન પછી પૂ. આચાર્યદેવશ્રી સપરિવાર શાહ અંબાલાલ ઝવેરચંદ ખડાણાવાળા તરફથી થતી શાશ્વતી નવપદજીની ઓળી પ્રસંગે ધોળકા જવા માટે વિહાર કરેલ.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૧,અંક-૪૮,તા.૨૭-૮-૧૯૮૩

● **નવસારી :** પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**શ્રીના નિશ્રામાં અત્રે રવિવારીય યુવાનોની શિબિર ચાલુ છે. સવારે ૧૦થી૧ માર્ગાનુસારી ગુણો અને પ્રભાવક પૂર્વજો અન બપોરે ૨॥ થી ૪ તરંગવતી તરંગલોલા એ વિષય ઉપર પ્રવચનો ચાલુ છે. લગભગ છેક દહાણુ સુધીના વિદ્યાર્થીઓ આવે છે. લગભગ ૧૨૦૦ યુવાનો લાભ લે છે. ૧ થી ૨॥ સાધર્મિક જમણ આપવામાં આવે છે. શ્રી

નવસારી સંઘે વિશેષ ઉદારતા કરીને પ.પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય ભદ્રંકર-સૂરીશ્વરજી મહારાજની સંમતિ મેળવીને તેઓશ્રીના આજ્ઞાવર્તી પૂ. સાધ્વીજીશ્રી હંસકીર્તિશ્રીજી મહારાજની નિશ્રામાં રવિવારીય બેનોની શિબિરનું પણ આયોજન કર્યું છે. એમાં પણ લગભગ ૮૦૦ યુવાન બેનો લાભ લે છે. વિશેષતા એ રહે છે કે ૧૦ થી ૧ સળંગ ત્રણ કલાક સુધી પ્રવચનો ચાલવા છતાં બેનોને લેશ પણ કોઈ વાતો ઘોંઘાટ ન થતાં પીનડ્રોપ સાયલંસ રહે છે અને હૃદયપરિવર્તન થાય છે.

વિશેષમાં અત્રેશ્રી સંઘમાં વિવિધ અનુષ્ઠાનો ચાલુ છે. દા.ત. અરિહંત પદનો ૫૦,૦૦૦/- જાપ, સાથે ક્રિયા અને ખીરનું એકાસણું, નવકારમંત્રની આરાધના શ્રાવણ સુદ-૪-૫-૬ શ્રી નેમનાથ ભગવાનના અક્રમ થયા. હવે ૨૪ ભગવાનના ૧૨૦ કલ્યાણકની આરાધના, શ્રાવણ સુદ-૧૩-૧૪-૧૫ના શ્રી શંખેશ્વર ભગવાનના અક્રમ વગેરે અનુષ્ઠાનો થવાના છે.

વિશેષમાં પૂ. ગુરુદેવ સ્વ. સિદ્ધાન્ત મહોદધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિસ્તૃત જીવન ચરિત્ર મહાગ્રંથનું પ્રકાશન શ્રાવણ વદ-૨ તા. ૨૫-૮-૮૩ના રોજે કરવા વિશિષ્ટ સમારોહનું આયોજન થઈ રહ્યું છે. જેને માટે નીચે પ્રમાણે પત્રિકા શ્રી નવસારી સંઘ તરફથી બહાર પાડવામાં આવી છે. આ ગ્રંથના આર્થિક સહકારની ઉદારતા પૂ.સ્વર્ગસ્થ આચાર્ય ભગવંતના સંસારીપણે આ સ્વજનોએ કરી છે,-

(૧) સંઘવી જયચંદ જુહારમલ ભભુતમલજી (૨) શાહ બાબુલાલ ચુનીલાલજી (૩) શાહ ચુનીલાલ ભુરમલજી સરેમલજી (૪) શાહ બાબુલાલ હીરાચંદજી (૫) શાહ છોગાલાલ મૂળચંદજી (૬) છગનલાલજી જવાનમલજી (૭) શાહ કુંદનમલ પુનમચંદજી (૮) શાહ મેલાપચંદ છોગાલાલજી (૯) શાહ બાબુલાલ મનરૂપચંદજી (૧૦) શાહ વીરચંદ પુનમચંદજી (૧૧) શાહ મનરૂપચંદજી ઉદેભાણજી (૧૨) શાહ છગનલાલ મોતીચંદજી (૧૩) શાહ દલીચંદજી સંતોકચંદજી (૧૪) શાહ ગીરધારીલાલ સંતોકચંદજી.

આ મહાગ્રંથ ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિ (પિંડવાડા) તરફથી તૈયાર કરાવવામાં આવ્યો છે. જેના ટ્રસ્ટીઓ છે,- શ્રી રમણલાલ દલસુખભાઈ પ્રમુખ શ્રી માણેકલાલ ચુનીલાલ, શ્રી રમણલાલ વજેચંદ. મંત્રીઓ શ્રી લાલચંદ છગનલાલ મંત્રીઓ, શ્રી જેઠાલાલ ચુનીલાલ, શ્રી સમરથમલ રાયચંદજી, શ્રી ખુબચંદ અચલદાસજી, શ્રી હીંમતમલજી રૂગનાથજી, શ્રી જયચંદ ભભુતમલજી.

સુવિશાલ ગચ્છાધિપતિ અજાતશત્રુ સુવિશુદ્ધ સંયમમૂર્તિ ચારિત્ર સમ્રાટ સ્વ.

આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પ્રેરક જીવનપ્રસંગો અને વિશિષ્ટતાઓથી ઓતપ્રોત 'સૂરિપ્રેમનાં સંભારણા' સ્મૃતિ-ગ્રંથનું પ્રકાશન

લેખક : પૂ. મુનિરાજશ્રી વીરરત્નવિજયજી મ.

સંપાદક : પૂ. પં. શ્રી નિત્યાનંદવિજયજી ગણિવર

પ્રકાશક : ભારતીય પ્રાચ્યતત્ત્વ પ્રકાશન સમિતિ, પિંડવાડા (રાજ.)

"પ્રેમસૂરીશ્વર પ્રાણથી પ્યારા, ભવ્ય જીવોના તારણહારા, તારા જીવનરહસ્યો ન્યારા, ક્ષણ ન વીસરે તુમ ઉપકારા." ૨૦મી સદીના અજોડ સંત ! ભારતભરના સકળ જૈન સંઘોના મહાન ઉપકારી ! પરમ હિતૈષી દીક્ષાધર્મના અજોડ પ્રભાવક ! અઢી લાખ શ્લોક પ્રમાણ સંસ્કૃત પ્રાકૃત કર્મસાહિત્યના પ્રેરક-સર્જક-માર્ગદર્શક ! ધર્મનિધાન સંરક્ષક ! સકળ શાસ્ત્રમર્મજ્ઞ ! પ્રકરણશાસ્ત્રતાત્પર્યવેત્તા ! બાલ-યુવાન-પ્રૌઢ-વૃદ્ધ સકલ જૈન જનતાના પ્રાણાધાર ! શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના અનન્ય પટ્ટધર ! સર્વગુણસંપન્ન મહારાજાદિ ત્રિશતશ્રમણ રત્નોથી અલંકૃત સુવિશાળ ગચ્છ નિર્માતા ! યુગપુરુષ સંયમમૂર્તિ સિદ્ધાન્તમહોદધિ ! આચાર્ય ભગવંત !

શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ !

આપ તો પરમ ત્યાગી હતા... એટલે જ હજારો ભક્તો આપના અનુરાગી હતા. આજે પણ આપના ત્યાગની સુવાસ ભારતભરના જૈન સંઘોમાં મહેંકી રહી છે. એ સુવાસથી આકર્ષિત થયેલા ભક્ત ભ્રમરો આપશ્રીના પવિત્ર જીવન પ્રસંગોની સ્મૃતિ પરાગથી સુરભિત જે વિરાટકાય સ્મૃતિગ્રંથની કાગના ડોળે રાહ જોઈ રહ્યા છે તે નવલા ગ્રંથની સ્પૃહાને સાકાર બનાવી તેના પ્રકાશન-સમારોહના પ્રસંગે ગુરુભક્ત સકળ જૈન જનતાને આ કિંચિંદ્ ઋણમુક્તિના પવિત્ર અવસરે સહભાગી બનવા આમંત્રણ પ્રસારિત કરે છે. હરખને કોઈ સીમા નથી. કારણ આપશ્રીના પટ્ટાલંકાર અને આપશ્રીના ભવ્ય વારસાને અણિશુદ્ધ જાળવવા માટે કટિબદ્ધ ન્યાયવિશારદ ઉગ્રતપસ્વી પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પાવન ઉપસ્થિતિમાં જૈનસંઘના લાડિલા શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈના શુભ હસ્તે પવિત્ર સ્મૃતિગ્રંથના પ્રકાશનના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવા અમે સદ્ભાગી બન્યા છીએ. ભારતભરના ભક્તો-આપશ્રીના ચરણે શ્રદ્ધાંજલિના પુષ્પો કરવા અમે સદ્ભાગી બન્યા છીએ. ભારતભરના ભક્તો-આપશ્રીના ચરણે શ્રદ્ધાંજલિના પુષ્પો ધરવા ચાતક પક્ષીની જેમ રાહ જુએ છે, ત્યારે આ કાર્યક્રમની સફળતામાં આપના આશીર્વાદ મળે એ જ મંગળ કામના છે.

કપાસના ફૂલ જેવા બીલકુલ સફેદ કલંકરહિત, શ્વેત સ્ફટીક જેવું જીવન હાલતા ચાલતા જંગમતીર્થ સંયમ ધર્મના અજોડ પ્રભાવક અઢીલાખ શ્લોક પ્રમાણ કર્મ-સાહિત્યના પ્રેરક-સર્જક પ્રેરણામૂર્તિ, સુવિશાલ ગચ્છાધિપતિ અને સિદ્ધાંતમહોદધિ સ્વ.શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની મંગળ યશોગાથા આલેખતું

'સંભારણા સૂરિ પ્રેમના'

અભિનવ દળદાર સ્મૃતિ ગ્રંથનું નવસારી ખાતે થયેલું પ્રકાશન

શ્રાવણ વદ-બીજ ગુરુવાર તારીખ ૨૫ ઓગષ્ટના રોજ સવારે ૯-૦૦ કલાકે નવસારી શ્રી સંઘે ગદ્ગદ હૈયે સ્વ. ગુરુદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની યશોગાથા આલેખતા દળદાર સ્મૃતિ ગ્રંથનો પ્રકાશન સમારોહ ઉજવ્યો. સ્વ. પૂજ્યપાદ ગુરુદેવશ્રીના પટ્ટાલંકાર વર્ધમાન તપોનિધિ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂ.પં.શ્રી જયઘોષવિજયજી ગણિવર્ય, પૂ.પં.શ્રી પુંડરીકવિજયજી ગણિ આદિ મુનિ ભગવંતો, પૂજ્ય સાધ્વીજી મહારાજો અને હકડેઠઠ શ્રી સંઘની ઉપસ્થિતિમાં પૂજ્ય આચાર્યશ્રીના મંગળ મંગલાચરણથી સમારંભ શરૂ થયો હતો.

૨૦મી સદીમાં સ્વ. ગુરુદેવશ્રીનું નિઃશંક અને નિશ્ચિત યોગદાન છે. તેઓશ્રી એક વ્યક્તિ જ નહિ વિભૂતિ પણ હતા. એ ગુરુદેવશ્રીના રોમાંચક અને રોમહર્ષ જીવન ગાથાને આલેખતા ૯૦૦થી પણ વધારે પાનાના સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિ, પિંડવાડા (રાજસ્થાન) નિવાસી સાદરીયા પરિવારે માતબર આર્થિક આત્મભોગ આપ્યો છે. 'સંભારણા સૂરિ પ્રેમના' ગ્રંથનું શબ્દ આલેખન સરસ અભિનવ શૈલીમાં ભારે શ્રમપૂર્વક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્ય પરમ પૂજ્ય મુનિવર્યશ્રી વીરરત્નવિજયજી મહારાજ સાહેબે કર્યું છે. પરમ પૂજ્ય પં.શ્રી નિત્યાનંદ વિજયજી ગણિવર્યનું યોગદાન આ ગ્રંથ સંપાદનમાં નોંધપાત્ર બની રહ્યું. રસતરબોળ શૈલી, સુંદર પ્રિન્ટિંગ, ગેટઅપ અને ગોઠવણી વિવિધરંગી હોવા સાથે આરંભથી અંત સુધી વાચકને પકડી રાખે છે.

આ અભિનવ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન આજે જ્યારે શરૂ થયું ત્યારે ગ્રંથના ઉદ્ઘાટક આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ, શ્રી લાલચંદ છગનલાલ, શ્રી રમણલાલ વજેચંદ, શ્રી કાન્તીલાલ ચીમનલાલ કોલસાવાળા,

શ્રી મિશ્રીલાલજી (અમલનેર), શ્રી સુમતીલાલ ચંદુલાલ (નાસિક), શ્રી કાન્તીલાલ અમૃતલાલ (અમદાવાદ), શ્રી અજીતભાઈ શાહ, શ્રી બાબુભાઈ કડીવાળા, ડૉ. બાબુભાઈ નવસારીવાળા, જયચંદજી (પિંડવાડા), શ્રી કુંદનમલજી પિંડવાડા, જુહારમલજી (પિંડવાડા), ખુબચંદજી અચલદાસ, શ્રી જયેશ ચંપકલાલ ભણસાલી, શ્રી લલિતભાઈ ધામી, શ્રી યોગેશ શાહ સહિત અમદાવાદ, સુરત, મુંબઈ, પુના, ધરમાવરમ્, પિંડવાડા ઇત્યાદિ અનેક ગામોના ગુરુભક્તો હાજર હતા. સ્વાગતગીત અને સૂરિપ્રેમસંભારણા ગીત ખૂબ ઉલ્લાસથી ગવાયેલ.

ઉપસ્થિત ગુરુભક્તોમાંથી શ્રી લાલચંદજી શ્રી સુમતીભાઈ (નાસિક) શ્રી રમણલાલ વજેચંદ, શ્રી મેલાપચંદજી પિંડવાડા, શ્રી મનુભાઈ ત્રિકમલાલ શાહ નવસારી, શ્રી બાબુભાઈ કડીવાળા અને શ્રી યોગેશ શાહે સ્વ. પૂજ્યપાદશ્રીના ચરણોમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવાપૂર્વક ગુણાનુવાદ કરી અંતરીક્ષમાં બિરાજમાન સ્વ. ગુરુદેવ પાસે વાત્સલ્ય અને કૃપા વરસાવવા માટે પ્રાર્થના કરી હતી.

ત્યારબાદ શ્રી જયચંદજી જુહારમલજી અને પિંડવાડા નિવાસી અન્ય અગ્રણી-ઓએ સ્મૃતિગ્રંથનું પ્રકાશન કરવા શેઠશ્રી શ્રેણિકભાઈને ગ્રંથ અર્પણ કર્યો ત્યારે રોમ હર્ષ હૈયે ચોતરફથી 'ગુરુદેવશ્રીની જય'ના જયનાદોથી આખી વાડી ગાજી ઊઠી હતી. શેઠશ્રીએ અપૂર્વ ઉલ્લાસના મુલાયમ વાતાવરણમાં સ્મૃતિગ્રંથને ખુલ્લો મૂક્યો. ઉદ્ઘાટકનું નવસારી શ્રી સંઘ અને સમિતિ તરફથી ભાવભીનું સ્વાગત કરાયું. ત્યારબાદ શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ પૂજ્ય ગુરુદેવનું સુદીર્ઘ નિર્મળ સાધના જીવન વર્તમાન શ્રી સંઘ માટે આદર્શ અને અનુકરણીય હતું. ઇત્યાદિ સંદર્ભો સહિત વિસ્તૃત વક્તવ્ય કરેલ.

પરમ પૂજ્ય મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજે સ્વ. ગુરુદેવના સાધના જીવનના, સ્થાવર જીવો સાથે પણ પૂજ્ય ગુરુદેવશ્રીના ખૂબ કરુણાભર્યા વ્યવહાર અંગેના, રોગમાં પણ યોગજીવનનાં તથા સતત અપ્રમત જીવનના પ્રસંગોનું શ્રવણ કરાવી સભાજનોની આંખ અશ્રુઓથી છલકાવી દઈને ગદ્ગદ વાતાવરણ ઊભું કરી દીધું હતું.

અને છેલ્લે પૂજ્યપાદ આચાર્યશ્રીએ એમના મંગળ પ્રવચનની શરૂઆત **'પ્રેરણામૂર્તિ ગુરુદેવ'**ના અહોભાવ યુક્ત શબ્દોથી કરી હતી. સ્વ. ગુરુદેવશ્રી સંઘો અને સાધુઓ માટે પ્રેરણામૂર્તિ તો હતા પણ સહિષ્ણુતાની જીવંત પ્રેરણામૂર્તિ હતા. સ્વાધ્યાય પ્રેમીઓ માટે અને સૌ કોઈ માટે પ્રેરણામૂર્તિ હતા. ગુરુદેવ હાલતા ચાલતા વિશ્વ વિદ્યાલય જેવા તથા સર્વતોમુખી પ્રતિભા અને પવિત્રતાના પૂંજ સમા

હતા. એમના આ પ્રેરક જીવનને જાણીને, તથા આ ગ્રંથના અંશોને વાંચીને સૌના જીવનમાં યથાશક્ય ધર્મઆરાધનાનો ઝોક વધે એ જ શુભાભિલાષ.

પ્રકાશન-સામરોહનું સંચાલન શ્રી કુમારપાળ વિ. શાહે કર્યું હતું.

આજે સ્વ. ગુરુદેવશ્રીના કુટુંબી પિંડવાડા નિવાસી સાદરીયા પરિવાર તરફથી સંઘપૂજન અને શ્રી સંઘ તરફથી પ્રભાવના ઈત્યાદિ થયેલ. સ્મૃતિગ્રંથ પ્રકાશનના આજના સમારંભની સફળતા ઈચ્છતા ચોતરફથી સંદેશાઓ પણ પ્રાપ્ત થયા હતા. જેમાં પૂ.આ. વિજય વિક્રમસૂરીશ્વરજી મહારાજ, પૂ.આ. વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી મ., પૂ.આ. વર્ધમાનસૂરીશ્વરજી મ., પૂ.મુનિશ્રી ચરણપ્રભવિજયજી મ., પૂ. મુનિશ્રી ભુવનચંદ્રવિજયજી મ. મુનિશ્રી વિદ્યાનંદ વિજય મ. તથા સંઘ અગ્રણીઓ શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ જેઠાભાઈ ચુનીલાલ ઘીવાલા, ચંદ્રકાંત જીવતલાલ પ્રતાપશી, પં. પુખરાજજી, શ્રી સમરથલાલ રાયચંદજી, સુધાકરભાઈ દલાલ, મનુભાઈ લલ્લુભાઈ, મયાભાઈ લક્ષ્મીચંદ, ચીમનલાલ બાલવીયા, ચિનુભાઈ કેશવલાલ કડીયા, ભાઈલાલ ડી. શાહ વગેરે વગેરેના મુખ્ય હતા.

ગ્રંથ પ્રકાશન નિમિત્તે ત્રિદિવસીય જિનભક્તિ મહોત્સવ, રથયાત્રા અને ગુરુ-બહુમાનનો વરઘોડો, શ્રી પીસ્તાલીસ આગમની પૂજા, શ્રી શાંતાબેન ધીરજલાલ હઠીચંદ તરફથી તેમજ અષ્ટાપદજીની મહાપૂજા શ્રી મણિબહેન ત્રિકમલાલ મહેતા તરફથી ખૂબ ઠાઠથી ભણાવાઈ. પ્રભુજીને ભવ્ય અંગરચના ઈત્યાદિ પણ ઉલ્લાસપૂર્વક થયું હતું.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૨,અંક-૨૨,તા.૧૧-૨-૧૯૮૪

અમલનેરમાં જ્વલંત શાસન-પ્રભાવના

અંજનશલાકા - બે જિનમંદિરમાં પ્રતિષ્ઠા - ચાર દીક્ષા વડી દીક્ષા
નૂતન સ્મૃતિમંદિર ઉદ્‌ઘાટન વિશાળ શાસ્ત્ર ભંડાર ઉદ્‌ઘાટન વગેરેનો ભવ્ય મહોત્સવ.

"ઉત્કૃષ્ટ પુણ્યપાપાનામ્ ઈહૈવ લભ્યતે ફલમ્"

"ઉત્કૃષ્ટ પુણ્ય કે પાપોનું આ જનમમાં જ ફળ મળે છે."

અમલનેરમાં ધર્મનિષ્ઠ શ્રાવક લખીચંદજીના બે પુત્રરત્નો નેમિચંદ અને મિશ્રિલાલના આ જન્મમાં કરેલા નિષ્કામ ધર્મના ઉત્કૃષ્ટ પુણ્યનો - એના પ્રભાવે એ આ જ જન્મમાં કેવા સુંદર ફળભાગી થયા છે એનો આબેહૂબ દાખલો છે.

રામ-લક્ષ્મણની જોડી જેવા આ બે ભાઈઓ તદ્દન સામાન્ય સ્થિતિમાંથી

લાખોપતિ થયા તે ધર્મના પ્રભાવે. એ જેમ જેમ ધર્મમાં ધન ખરચતા ગયા, તેમ તેમ લક્ષ્મી વધારે પ્રસન્ન થઈને એમની પાસે આવતી ગઈ. એમને ધર્મ કરવામાં મૂળ મોટો ઉપકાર ખાનદેશ-ઉદ્ધારક વૈરાગ્યવારિધિ પૂ. આચાર્ય ભગવંત વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજનો.

પહેલા પોતાના પિતાજી લખીચંદજીનો દીક્ષાનો ઠાઠથી ઉત્સવ કર્યો પછી ક્રમસર પોતાની ૮ સુપુત્રીઓના ચારિત્ર મહોત્સવ કરતા ચાલ્યા. પૂર્વે બે વાર ભવ્ય અંજનશલાકા મહોત્સવ ઉજવ્યા. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ.શ્રી વિજય ત્રિલોચન સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અઢળક ધન ખર્ચી ૨૬ દીક્ષાઓનો મહોત્સવ ઉજવ્યો. જેમાં લગભગ ૪૦ હજાર જૈનોની મેદની એકત્રિત થયેલી. નેમિચંદ મિશ્રિલાલની કાયમી સર્વતો વ્યાપી ઉદારતાથી આકર્ષિત નગરના લોકો યાવત્ મુસલમાનોએ આ જંગી માનવમેદનીને ઉતારવા માટે પોતાના ઘર ખાલી કરી આપવા ઓફરો કરેલી. વિશેષમાં આ ૨૬ દીક્ષાઓમાં ખુદ નેમીચંદભાઈ પોતાના લાડીલા સૌથી નાના સુપુત્ર રાજેશકુમાર અને નાની સુપુત્રી સાથે દીક્ષા લેવામાં અગ્રણી હતા જે હાલ પૂ. મુનિરાજશ્રી નંદીશ્વર વિજયજી મ. તથા શ્રી રાજેશ્વર વિજયજી મ. તરીકે વિચરે છે. ધર્મનું વ્યસન લાગેલ, તે આ ભ્રાતૃજોડી સંઘશાહી ઉપધાન, ઉત્સવ વગેરેમાં મોખરે રહેતી. વિશેષમાં બારે માસ બહારગામના સાધર્મિકોની લચબચ ભક્તિ ચાલુ. ખૂબી એ, કે ધનને એ ધર્મ સુકૃતોમાં ધકેલે, ને ધન એમને ત્યાં દોડતું આવે ! આ ધર્મની લગનીમાં એમના પરમ ઉપકારી ગુરુદેવના નામથી યશોદેવસૂરીશ્વરજી સ્મૃતિ મંદિર પણ ઊભું કર્યું. જેમાં નીચે ભોંયરું જેમાં હજારો શાસ્ત્રોના ત્રીસેક કબાટો સમાય, ઉપર મોટો પ્રવચન હોલ, અને એનાં ઉપર ત્રણ બાજુ ગેલેરી છે. સાથે આયંબિલ ભવન પણ ઊભું કર્યું. આનો ઉદ્‌ઘાટનવિધિ કરવાનો હતો. એમાં એવું બન્યું કે અહમદનગરમાં શ્રી સંભવનાથ ભગવાનના મંદિરનો જીર્ણોદ્ધાર થઈને ચોવીસ જિનાલય રૂપમાં ભવ્ય જિન પ્રાસાદ તૈયાર થયેલ છે. એમાં પ્રતિષ્ઠા અને અંજનશલાકા મહોત્સવ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે જ કરાવવાનો સંઘે ઠરાવ કરેલો. પરંતુ એ અંજનશલાકા પ્રતિષ્ઠા-મહોત્સવનું મહાન કાર્ય સકારણ લંબાતું રહેલ, તેથી આ પુણ્યવાન મિશ્રિલાલજીએ વિચાર્યું કે અંજનશલાકા મહોત્સવનું નામ પડીને બંધ કેમ રહે ? માટે આપણે જ અંજનશલાકા મહોત્સવ ઉજવવો. જેથી પૂજ્યશ્રી વિશાળ પરિવાર સાથે ખાનદેશ-મહારાષ્ટ્રની ભૂમિ પણ પાવન કરે, અને યશોદેવસૂરિ સ્મૃતિ મંદિરનું ઉદ્‌ઘાટન પણ થઈ જાય.

આ હિસાબે એમણે પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને

વિનંતી કરતાં પૂજ્યશ્રીએ એ માન્ય કરી. નવસારીથી વિહાર કરી ગામ-નગરોને પાવન કરતાં પૂજ્યશ્રીએ પૂ. આચાર્ય શ્રી વિજય રંગસૂરિજી મહારાજ પૂ.પં.શ્રી ધનપાલ વિજયજી મ. આદિ વિશાળ પરિવાર સાથે અમલનેરમાં પોષ સુદ-૩ના પ્રવેશ કર્યો. ભવ્ય પ્રવેશ સ્વાગત થયું. દીક્ષાર્થી ઉષાકુમારીની દીક્ષા નિમિત્તે તેમના પિતાશ્રી પ્રેમચંદ કોઠારી તરફથી પોષ સુદ-૫ શ્રી અષ્ટાપદજીની પૂજા ભણાવાઈ. મુંબઈથી ખાસ પધારેલ સંગીતકાર શ્રી સોભાગચંદભાઈએ ભક્તિ-સંગીતની રમઝટ મચાવી. પૂજ્યશ્રીએ વચમાં વચમાં પૂજાની કડીઓનો ભાવ સમજાવતાં ભાવિકો સંવેગ-વૈરાગ્ય રસથી ભીના ભીના થઈ ગયા. રોજ પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજની જોશિલી વાણીના ધોધથી નવયુવાનોમાં ધર્મ-ચૈતન્ય જળહળી ઊઠ્યું.

અમલનેર પ્લોટ વિભાગમાં અંજનશલાકા મહોત્સવનો આકર્ષક મંડપ ઊભો કરવામાં આવેલો. એના એક ભાગમાં નૂતન બિંબો માટેની વેદિકાઓ રચાઈ. બીજા વધુ બિંબો આવી જવાથી બીજી વધુ વેદિકાઓ ઊભી કરવામાં આવી. આગળ મોટો પડદો રાખેલો જેની અંદર ક્રિયા વિધિઓ થતી. બાકી મંડપમાં એક બાજુ કલ્યાણકોની ઉજવણી નિમિત્તે મોટું સ્ટેજ ઊભું કરાયેલ બીજી બાજુ વ્યાખ્યાન પાટ અને મુનિઓને બેસવા પાટો ગોઠવાયેલી.

પોષ સુદ-૧૩ થી મહોત્સવ શરૂ થયો. જળયાત્રાનો મોટો વરઘોડો ચઢ્યો ને સમગ્ર અંજનશલાકા વિધિમાં મુખ્ય નંદ્યાવર્ત પૂજન હોય છે. કેમકે એમાં પંચપરમેષ્ઠી, દર્શન-જ્ઞાન-ચારિત્ર અને શુચિવિદ્યા, તથા ૧૬ વિદ્યાદેવીઓ ૨૪ ભગવાનના માતા, ૬૪ ઈન્દ્રો, ૫૬ ઈન્દ્રાણી, ૮ પરિજન, ૨૪ યક્ષ, ૨૪ યક્ષિણીઓ, ૪ લોકપાલ, ૯ ગ્રહો, ૧૦ દિક્પાલો વગેરેનાં આહ્વાન અને પૂજન હોય છે. પૂ. આચાર્યદેવશ્રીએ આની મુખ્યતાના હિસાબે મોટા સેવનના પાટલા પર યક્ષ કર્દમથી દાડમની સળી વડે વલયો આલેખી એ દરેકે દરેકના નામ આલેખ્યા અને ૨॥-૩ કલાકની મહેનતથી નંદ્યાવર્ત-યંત્ર વિધિપૂર્વક તૈયાર કર્યું. પછીથી સુદ-૧૪ થી બપોરે નંદ્યાવર્ત પૂજન કરવામાં આવ્યું. પોષ પૂનમે સવારેથી સિદ્ધચક્રપૂજન અને બપોરે શ્રી વીસસ્થાનક પૂજન થયું.

વિધિકાર શ્રી મનસુખલાલ રીખવચંદ પોતાની મંડળી સાથે આ પૂજનોની વિધિ સુંદર કરાવતા અને એની અગાઉથી બરાબર તૈયારી પણ કરી રાખતા અને પર્ષદાને એ દરેકની માહિતી આપતા રહેતા.

અત્રે નજીકના મોહાડી ગામના સંઘે ત્યાંના નૂતન જિનાલયે પોષ વદ-૧ ની પ્રતિષ્ઠા માટે પૂજ્યશ્રીને વિનંતી કરતાં એઓશ્રીએ આચાર્ય શ્રી વિજય રંગસૂરિજી

આદીને મોકલ્યા. ત્યાં વિશેષતા એ થઈ કે ભગવાન શ્રી વર્ધમાન સ્વામીના નગર પ્રવેશ પર આખું ગામ ઊલટેલું; ૨॥ કલાક ગીતગાનતાન સાથે વરઘોડો ચાલ્યો. પ્રતિષ્ઠા પર પણ નાગરિકો ખૂબ રાચ્યામાચ્યા.

પોષ વદ-૧ : આજે ચ્યવન કલ્યાણક ભવ્ય ઉજવાયું સારો મોટો મંડપ પણ ચિકાર ભરાઈ ગયેલો. શેઠ શ્રી મિશ્રિલાલજીના મોટા સુપુત્ર શ્રી મહેન્દ્રકુમાર અને એમના ધર્મપત્ની શ્રીમતી કંચનબેન સુમતિનાથ ભગવાનના પિતા મેઘરથરાજા અને માતાજી મંગલા મહારાણી બનેલા, ત્યારે શેઠ શ્રી નેમિચંદજીના બીજા સુપુત્ર શ્રી વિનોદકુમાર અને એમના ધર્મપત્ની શ્રીમતી સુનંદાબેન સૌધર્મેન્દ્ર અને ઈન્દ્રાણી બનેલા. શો એમનો ઠાઠ !

અંજનવિધિમાં પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પૂ.પં. શ્રી ધનપાલ વિ.મ. પૂ.પં. શ્રી જયઘોષવિજયજી મ. આદિ અનેક મુનિમહારાજો લગભગ ૭૦ આરસના જિનબિંબો તથા લગભગ ૭૫ ધાતુના જિનબિંબોના અંગો પર મંત્રાક્ષર આલેખવામાં લાગી ગયેલા. કલ્યાણકોની ઉજવણીમાં વીર સૈનિકોના સરસેનાધિપતિ નિષ્ણાત સંચાલક શ્રી લલીતભાઈ ધામીના કુશળ આયોજન હોય ત્યાં આબેહૂબનું પૂછવું જ શું ? એટલે જ કલ્યાણકોની અહીં ઉજવણીમાં જોતાં એમ લાગે કે ખરેખર

'જગપતિ ! જેણે કલ્યાણક દીઠ, ધન્ય તે સુરનર ખેચરા'

બપોરના ચ્યવન-કલ્યાણકની ઉજવણી જુઓ તો દેખાય કે સામે સ્ટેજ પર રાજશાહી મહેલ છે, મહારાણીના શયનખંડમાં સુશોભિત પલંગ પર સૂતેલા મહારાણી છે, એમના માથા પાસે પરિચારિકા પંખો ઢાળી રહી છે, ને ચરણ પાસે પરિચારિકા ઝીણા સૂરે વીણા બજાવી રહી છે. ત્યાં મધ્યરાત્રિના સમયે મહારાણી ક્રમશઃ ૧-૧ સ્વપ્ન, એમ ૧૪ મહાસ્વપ્નો દૂર આકાશમાંથી ઊતરતા અને મહારાણીના મુખમાં પ્રવેશ કરતા દેખાયા. પછી મહારાણી નવકાર મંત્ર સાથે જાગીને સ્વપ્નોની યાદ કરી લઈ મહારાજાના શયનખંડમાં જઈ 'જય હો જય હો મહારાજાધિરાજનો'ના મંગલ ધ્વનિથી એમને જગાડી એમના ચીંધેલા ભદ્રાસને બેસી 'હે દેવાનુપ્રિય !... ના વિવેકભર્યા શબ્દો સાથે ૧૪ સ્વપ્નનો અધિકાર કહે છે, ને ફળાદેશ પૂછે છે. મહારાજા કહે છે 'હે મહાદેવી ! તમારા સ્વપ્નો તેજસ્વી પુત્રરત્નનું ગર્ભમાં આગમન સૂચવી રહ્યા છે.' મહારાણી મસ્તકે હાથ જોડી ખૂબ આનંદપૂર્વક એ ફલાદેશનો સ્વીકાર કરે છે, ને રજા માંગી પોતાના ખંડમાં પાછા વળે છે. આમાં મહારાણીની ગજગામિની ચાલે ધીમે ધીમે ઉપડતા પગલાં તથા મુખ પર ગાંભીર્યનું સૌષ્ઠવ,

મધુરવાણી, તેમજ મહારાજાના મુખ પર પ્રૌઢતા અને ઓજસ્વિતા... વગેરે વગેરે જોતાં જાણે એમજ લાગે કે સુમતિનાથ ભગવાનના જીવનપ્રસંગો ખરેખર અત્યારે જ આપણી સામે બની રહ્યા છે.

પછીથી સૌધર્મદેવલોકનું દૃશ્ય ખડું થાય છે. ઈન્દ્રની સભામાં નૃત્ય-ગાનતાન ચાલી રહ્યાં છે. એમાં અચાનક ઈન્દ્રનું સિંહાસન ડોલે છે. ઈન્દ્રને એથી પહેલાં તો ગુસ્સો, પણ પાછળથી અવધિજ્ઞાને પ્રભુનું ચ્યવન જાણી ક્ષમા પ્રાર્થનાપૂર્વક ભારે હર્ષનાદ સાથે દેવોને પ્રભુનું ચ્યવન જણાવે છે. પછી સિંહાસન પરથી ઊતરી મોજડી ઉતારી ૭-૮ ડગલાં આગળ જઈ બુલંદ પણ ભાવભક્તિભર્યા ધ્વનિથી શક્રસ્તવ ભણે છે એ પછી ત્રીજા દૃશ્યમાં મહારાજા સ્વપ્ન પાઠકો બોલાવી ૧૪ મહાસ્વપ્નોનો ફલાદેશ પૂછે છે... વગેરે ભવ્ય ઉજવાયું. પછી ચ્યવન કલ્યાણકનો વરઘોડો નીકળ્યો.

પોષ વદ-૨ : આજે અંતરીક્ષજી તીર્થ-રક્ષાર્થે તીર્થમાં ૩-૩ ચોમાસા રહી ભગીરથ જહેમત ઉઠાવી અને અનેક ભારે કષ્ટો વેઠી ભારતભરમાં તીર્થની શ્વેતાંબરીયતાની આહલેક જગાડ્યા પછી, પૂજ્ય મુનિ પુંગવ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ ઉગ્ર વિહાર કરી અત્રે પધારનાર હોવાથી સવારથી યુવાનો થનગની રહ્યા હતા. અહીં મંડપમાં પ્રભુજીની જન્મવિધિ કરવામાં આવી ત્યારે ચારેબાજુ જયજયારવ અને વાજિંત્રોના નાદ ગાજી રહ્યા. લગભગ ૧૦॥ વાગે યુવાનોના ભારે ધસારા સાથે પૂ.શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજનું પ્રવેશ સ્વાગત થયું. પૂજ્ય મુનિરાજશ્રી ઉપાશ્રયે આવી પૂ. આચાર્યદેવશ્રીના ખોળામાં માથુ મૂકી ગળગળા થઈને ચોધાર આંસુએ જ્યારે રડી રહ્યા હતા ત્યારે એ દૃશ્યે સૌ કોઈના કલેજા કંપાવી દીધા અને હૈયા ભરાઈ આવ્યાં. પૂ. આચાર્યદેવશ્રીએ એમની તીર્થરક્ષાની ભારે કષ્ટમય કાર્યવાહીની ખૂબખૂબ ઉપબૃંહણા કરી ધન્યવાદ આપ્યા.

અહીં મંડપમાં જન્મકલ્યાણકની કોઈ અલૌકિક ઠાઠથી ઉજવણી થઈ. લલિતભાઈએ શુભ લગને જિન જનમિયા... સભાને ઝીલાવતાં સૌ એકતાન થઈ ગયા. નાની નાની પદ્મ દિક્કુમારીની ગ્રુપવાઈઝ કાર્યવાહી તથા રાસને ગરબો લઈ પ્રભુજીને પારણે હુલરાવવું વગેરે જોતાં દર્શનાર્થીઓમાં આનંદની લહેરી પ્રસરી ગઈ.

પછી ઈન્દ્રસભાનું દૃશ્ય રજૂ થયું. ત્યાં સિંહાસન ચલાયમાન થતાં ઈન્દ્ર અવધિજ્ઞાનથી પ્રભુજન્મ જાણી સેનાપતિ હરિણૈગમેષી દેવ પાસે સુઘોષા ઘંટ વગડાવી દેવોને પ્રભુજન્મની જાહેરાત કરી. પછી ઈન્દ્રની દેવોને મેરુ પર પ્રભુના જન્માભિષેક માટે મેરુશિખર પર જવાની જાહેરાત, ઈન્દ્રનું પ્રભુની માતા પાસે આવી વંદન સાથે

માતાજીની આજ્ઞા માગી પ્રભુજીને પાંચ રૂપે મેરુ શિખર પર લઈ જવું, ૬૪ ઈન્દ્રો વગેરેના ત્યાં અભિષેક... પ્રભુજીને માતા પાસે લઈ આવી પધરાવવા, સુવર્ણમણિ મૌક્તિકની વૃષ્ટિ કરવી... વગેરે સુંદર ઉજવાયું પછી જન્મ કલ્યાણકનો વરઘોડો ચડ્યો. મજા કેવી થઈ કે જે જૈનેતર ભાઈના બંગલાનાં કંપાઉન્ડમાં આકર્ષક ઊંચો મેરુ ઊભો કરાવેલ એમણે જન્માભિષેકો થઈ ગયા પછી પૂજ્યશ્રીને પોતાના આંગણે પધરાવી ગુરુપૂજન કર્યું અને રૂા. ૫૦૧ ની સાધારણ ખાતાની તિથિ લખાવી !

આજે બપોરના પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજનું પ્રભુના જન્મકલ્યાણકને અનુલક્ષીને ખૂબજ પ્રેરક અને બોધક તાત્ત્વિક વ્યાખ્યાન થયું.

પોષ વદ-૩ : આજે પુત્રજન્મની વધામણી, રાજા તરફથી ૧૦ દિનનો જન્મોત્સવ, તથા નામકરણની ઉજવણીથી શરૂઆત થઈ ત્યારે પડદા પાછળ કેદીઓના છૂટકારાનો કિલકિલાટ મચી ગયો, ને તે પછી જ્ઞાતિજન ભોજનમાં 'દૂધપાક', 'પૂરી', 'ખમણ' વગેરેના ઘોષ ગાજી રહ્યા. એ સાંભળતાં કેઈ પ્રેક્ષકોના મોંઢામાં પાણી છૂટી ગયા હશે ? નામકરણ વખતે ફઈબાનો લટકો, અને જોષી મહારાજનો નામકરણમાં રાશિ કરતાં ઉત્સાહ તથા ગુણસંપન્નતા જોવાની મુખ્યતાનો પ્રૌઢતાભર્યો ખુલાસો સાંભળવા જેવો હતો. જોષી બનેલા અત્રેના પંડિતજી ઉપાસની શાસ્ત્રી. એ પછી નિશાળ ગણણું... એમાં ઈન્દ્રનું બ્રાહ્મણરૂપે આવી પંડિતની શંકાઓનું પ્રભુના મુખે નિરાકરણ... તથા લગ્ન વિધિમાં મોસાળું, વેવાઈ-વેવાણોના ઉછરંગ, 'લાડો લાડી જમે રે કંસાર, કે બાકી બધા ટળવળે રે...' આદિ ગીત વગેરે અદ્‌ભુત ઉજવાયા. લગનમાં ચોથો ફેરો ઈચ્છિત દાન વિના ફેરવવા ગોર તૈયાર નહોતા એ દૃશ્યે સભાને ખડખડાટ હસાવી દીધેલી. ગોર બનેલા માલેગામના પંડિત શાન્તિલાલ માસ્તર;

બપોરના પ્રભુનો દબદબાભર્યો રાજ્યાભિષેક ઉજવાયો. ત્યારબાદ નવલોકાંતિક દેવોએ પ્રભુને સંયમ લઈ ધર્મ તીર્થ પ્રવર્તાવવાની વિનંતીનો પ્રસંગ ઉજવાયો, ને પ્રભુના વર્ષીદાનની શુભ શરૂઆત થઈ.

પોષ વદ-૫ : આજે પ્રભુનો દીક્ષા-વર્ષીદાનનો ભવ્ય વરઘોડો ચડ્યો એમાં વળી ચાર દીક્ષાર્થી (૧) બોરડીના ભરતકુમાર અમરચંદ (૨) પુનાના બાલ રાજુભાઈ વસંતલાલ, (૩-૪) અમલનેરના કુમારી મમતાબેન મિશ્રિલાલ, તથા કુમારી ઉષાબેન પ્રેમચંદજીના દીક્ષાવર્ષીદાનની ગાડીઓ સામેલ હતી. નગરની બારીએ-બારીએ ને અટારીએ-અટારીએ, તથા રસ્તાઓ પર ચિકાર લોકો ટસી ટસીને જોઈ રહ્યા હતા, જૈનેતરો 'અહો કેવો ઊંચો જૈન ધર્મ !' એમ આશ્ચર્યચકિત થઈ જતા; ત્યારે લાગે

કે આવા વરઘોડા એ જલસા કે સમૃદ્ધિનું પ્રદર્શન નથી, પરંતુ લોકોને બોધિબીજ પમાડનારું અદ્‌ભુત સાધન છે.

આજે સવારના શુભ મુહૂર્તે નગરના ૩ માળના શ્રી ગીરુવા પાર્શ્વનાથ મંદિરના બહારના ભાગમાં જમણી બાજુ પૂ.સ્વ. આચાર્યદેવો શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ., શ્રી વિજય યશોદેવ સૂ.મ., તથા શ્રી વિજય ત્રિલોચન સૂ.મ.ની ગુરુમૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી.

દીક્ષા વરઘોડો ઊતર્યા પછી દીક્ષા-કલ્યાણકની ઉજવણી થઈ એમાં કુલમહત્તરા તથા માતા અને પિતાના આશીર્વાદ-વક્તવ્યોએ કેઈકના આંખમાં આંસુ છલકાવી દીધા. પછી પૂજ્યશ્રીના હસ્તે પ્રભુની દીક્ષા-વિધિ કરવામાં આવી.

ત્યારબાદ પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજના ચોમાસા માટે બારડોલીના જૈન સંઘ અને સમસ્ત નાગરિકો તરફથી જોરદાર વિનંતી કરવામાં આવી. સુરત અને નવસારીવાળાની પણ આગ્રહભરી વિનંતીઓ હતી, પરંતુ વિશેષ લાભની દૃષ્ટિએ પૂ. આચાર્યદેવશ્રીએ બારડોલીની વિનંતી માન્ય કરતાં જયકારો બોલાયા.

આચાર્યપદવી-સમારોહની વિનંતી

આ પ્રસંગે જળગાંવ સંઘના આગેવાન ભાઈઓએ પોતાને આંગણે પૂ. પંન્યાસજી મહારાજો શ્રી ધનપાલ વિજયજી મ. તથા શ્રી જયઘોષવિજયજી મ.ને આચાર્ય પદ-પ્રદાનના સમારોહનો લાભ આપવા પૂ. આચાર્યદેવશ્રીને ખૂબ ભાવભરી માંગણી કરી. પૂજ્યશ્રી પોતે બે વરસથી આ પદપ્રદાન કરવા ઇચ્છતા જ હતા તેમજ નજીકમાં માહ સુદ-૧૩ તા. ૧૫-ફેબ્રુ. બુધવારનું મુહૂર્ત શ્રેષ્ઠ આવે છે તેથી પૂજ્યશ્રીએ જલગામ સંઘની વિનંતી માન્ય કરી એથી જયજયકાર ફેલાઈ ગયો.

આ પ્રસંગે પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજે પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજનો ખાનદેશ મહારાષ્ટ્ર પર અનુપમ ઉપકાર, પૂ.પં. શ્રી ધનપાલ વિજયજી મહારાજની ગુણસમૃદ્ધિ, તથા પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ અને એઓશ્રીના પરમકૃપાપાત્ર પૂ.પં. જયઘોષવિજયજી મહારાજની વિશિષ્ટ યોગ્યતા પર ખૂબજ પ્રેરક અને હૃદયદ્રાવક ઉદ્‌બોધન કર્યું તે વખતે સભા ગદ્‌ગદ થઈ ભારે અનુમોદના કરતી હતી.

આજે મમતાકુમારીની દીક્ષા નિમિત્તે નેમિચંદ મિશ્રિલાલ કોઠારી પરિવાર તરફથી નવકારશી થઈ. વદ-૫ બપોરના પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજનું જાહેર પ્રવચન થયું એમાં પ્રતિષ્ઠાની બોલીઓ પણ થઈ. એણે વળી

ઓર પ્રભાવના કરી. શેઠ નેમિચંદ મિશ્રિલાલના બંગલાથી માંડીને શણગારેલા રોડ પર રાતના દીક્ષાર્થીઓને તથા અંજનશલાકા મહોત્સવ કરનારને માનપત્ર મેળાવડો થયો.

બીજી બાજુ ક્રિયા મંડપમાં સમસ્ત નૂતન જિનબિંબો પર અધિવાસનાનું કામ ચાલ્યું અને પરોઢિયે બંને પૂ. આચાર્યદેવોએ સમસ્ત બિંબોની અંજનવિધિ કરી.

પોષ વદ-૬ : આજનો દિવસ ભરચક મંગલ પ્રસંગોનો હતો. વહેલી સવારે કેવળજ્ઞાન કલ્યાણકની વિધિ થઈ તથા ઉજવણી રૂપે ઊંચા સમવસરણ પર પ્રભુજીને લઈ જઈ પધરાવવામાં આવ્યા અને દેવવંદન કર્યા પછી પ્રભુજીના વતી પૂ. આચાર્યદેવશ્રીએ દેશના આપી પછી નિર્વાણ કલ્યાણકના અભિષેક થયા. હવે બે દેરાસરોમાં પ્રતિષ્ઠા, એક ગૃહમંદિરમાં પ્રભુજીની ચળ પ્રતિષ્ઠા, સ્મૃતિમંદિરનું ઉદ્‌ઘાટન, આયંબિલ ભવનનું ઉદ્‌ઘાટન, જ્ઞાન ભંડારનું ઉદ્‌ઘાટન, ચાર દીક્ષાઓ, એક વડીદીક્ષા, ચાર દીક્ષાર્થીઓના ઉપકરણોની બોલીઓ... વગેરે મંગળ પ્રસંગો ચાલુ થયા.

બે દેરાસરોમાં એક ભગવાન શ્રી શીતલનાથ જિનમંદિર અને બીજું શ્રી વાસુપૂજ્ય સ્વામીનું જિનમંદિર જામનગરના પ્રામાણિક આર્ટિસ્ટ અને શિલ્પી મિસ્ત્રી વેલજીભાઈની દેખરેખ નીચે તૈયાર થયું છે,

(૧) વિશાળ મંદિરની ચારે બાજુ પહોળા ઓટલા પર કમાનો તથા માથે છત નાખવામાં આવી છે (જેથી જતે દહાડે ચોવીસ જિનાલય કરવું હોય તો માત્ર પાછળ ભીંત અને આગળ પબાસણો જ ગોઠવવા પડે.) (૨) ત્રણ શિખરી મંદિરમાં અને ૩ શિખરોમાં ત્રણ મૂળનાયક (૩) મંદિરમાં સોનેરી કામ-કાચકામ-એમ્બોસકામ અને પેઈન્ટીંગ કામ, એવું આર્ટિસ્ટિક કરવામાં આવ્યું છે કે દેરાસરમાં ઊભા જાણે દેવવિમાનમાં ઊભા છીએ એમ લાગે ! આખાય દેરાસરો અંદર અને બહાર ઊંચે ને નીચે સંગેમરમરના પાષાણથી મઢી દેવામાં આવ્યું છે. આ અનેક વિશેષતાઓથી સજ્જ અને આજની કારમી મોંઘવારીમાં બંધાયેલા આ વિશાળ તીર્થસમા દેરાસરમાં મિસ્ત્રીની પ્રામાણિકતા કુનેહ અને જાતમહેનતના પ્રતાપે ખર્ચની અલ્પતા આશ્ચર્યજનક છે. પૂર્વ દક્ષિણ સમગ્ર મહારાષ્ટ્રમાં આ બેનમૂન ત્રિશિખરી જિનપ્રાસાદ જીવનમાં એકવાર પણ દર્શન કરવા યોગ્ય બન્યું છે.

પોષ વદ-૬ : વહેલી સવારે એક બાજુ મંડપમાં ચાર દીક્ષાર્થીઓની દીક્ષાની ક્રિયા શરૂ થઈ, પૂ. આચાર્યદેવશ્રીએ જ્યારે નંદીની ક્રિયા કરાવી દીક્ષાર્થીઓને રજોહરણ આપ્યાં ત્યારે એ હર્ષના ઉછાળાથી નાચતા નાચતા સમવસરણને પ્રદક્ષિણા

દઈ રહ્યા, ને ત્યારે સભામાંથી જયજયકારના ઘોષ ગગનભેદી બની રહ્યા. દીક્ષાર્થીઓને સ્નાન કરવા લઈ જવામાં આવ્યા, ને અહીં સંયમના ઉપકરણોની ધડાધડ બોલીઓ બોલાવા માંડી. ત્યારે, પૂ. આચાર્યદેવશ્રીએ ક્રિયા મંડપમાં પધારી વિસર્જન વિધિ કરાવી. દીક્ષાર્થીઓ સ્નાન કરીને ચારિત્ર-વેશમાં સ્ટેજ પર આવતાં જયજયનાદ ગાજી રહ્યો. ક્રિયા શરૂ થઈ. શુભ મુહૂર્તે લોચવિધિ થઈ જીવનભરનું સર્વવિરતિ સામાયિક ઉચ્ચારવામાં આવ્યું. આ સાથે એક દંપતીએ ચતુર્થવ્રત ઉચ્ચર્યું, તથા ધુળિયા ઉપધાન માળમાં કારણવશ રહી ગયેલ બે બેનોને માળારોપણ થયું.

દીક્ષિતોની નામકરણ વિધિ થઈ. ભરતકુમાર પૂ.મુનિરાજશ્રી રત્નસુંદર વિ.મ.ના શિષ્ય મુનિશ્રી ભાગ્યસુંદર વિજયજી બન્યા. બાળ રાજુ પૂ. મુનિરાજશ્રી સૂર્યકાન્ત વિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી સત્યકાન્ત વિજયજી મ. બન્યા, મમતાકુમારી પૂ. સાધ્વીજી શ્રી સુધર્મનિધિશ્રીજી મ.ના શિષ્યા સા. શ્રી ઋદ્ધિનિધિશ્રીજી તથા ઉષાકુમારી સા.શ્રી. સુશીલયશાશ્રીજીના શિષ્યા સા.શ્રી. ચૈતન્યયશાશ્રીજી બન્યા.

ત્યારબાદ શ્રી વાસુપૂજ્યસ્વામી જિનમંદિરે સંઘ સાથે પૂજ્યશ્રી વાજતે ગાજતે પધાર્યા. ત્યાં મૂળનાયક આદિ પ્રભુજીઓની શુભમુહૂર્તે પ્રતિષ્ઠા થઈ. આની ઉછામણીઓ કલ્પના બહારની થયેલી. બાદ શ્રી પ્રેમચંદ કોઠારીના ગૃહમંદિરે કુંથુનાથપ્રભુની ચલ પ્રતિષ્ઠા થઈ. પછી શ્રી શીતલનાથ જિનમંદિરે મૂળશિખરની બે બાજુ નિર્માણ થયેલ બે નવા શિખરોમાં પ્રભુજીની પ્રતિષ્ઠા વિધિ થઈ.

ત્યારપછી શ્રી નેમિચંદ મિશ્રિલાલ નિર્મિત વિશાળ શ્રી યશોદેવસૂરીશ્વરજી સ્મૃતિ મંદિર અને જૈન સંસ્કૃત પાઠશાળા, જ્ઞાનભંડાર, પ્રવચન હોલ, આયંબિલભવન વગેરેના ઉદ્‌ઘાટનોની વિધિ થઈ. તથા પૂ.સ્વ. આ.શ્રી. વિજય યશોદેવ સૂ.મ.ની વિશાળકાય ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા વિધિ થઈ. અત્રેના જ્ઞાનભંડારમાં મુખ્ય શાસ્ત્રસંગ્રહ મુંબઈ કોટ નિવાસી સોમચંદ ઓત્તમચંદ (હ. એમના સુપુત્ર હીરાભાઈના ધર્મપત્ની વિમળાબેન તથા સૌમચંદભાઈના પૌત્ર ચીમનભાઈ) તરફથી ભેટ આપવામાં આવેલ તેથી એ બંનેનું અત્રે બહુમાન કરવામાં આવ્યું...

આજે બોરડીવાળા ભરતકુમારની દીક્ષા નિમિત્તે એમના પિતાશ્રી અમરચંદભાઈ તરફથી નવકારશી જમણ આપવામાં આવેલ. બપોરે શાંતિસ્નાત્ર ભણાવાયું.

આમ પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના કૃપામય આશીર્વાદથી મહાન અંજનશલાકા-પ્રતિષ્ઠાદિનો ભવ્ય મહોત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થયો. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આચાર્યપદવી સમારોહ નિમિત્તે જલગાંવ પધાર્યા છે (કોંગ્રેસભવન સામે, જૈન ઉપાશ્રય, જલગાંવ). પદવી

પછી મહા વદ-૪ ભુસાવળ પ્રતિષ્ઠા પર પધારવા વકી છે.

આજ પોષ વદ-૬, કરાડ પાસે **કોરેગાંવમાં** પૂજ્યશ્રીના શિષ્યરત્ન પૂ.પં.શ્રી ધર્મજિત વિજયજી ગણિવરની પાસે સાંગલીના વતની શ્રી દીપકકુમારની ધામધૂમપૂર્વક દીક્ષા થઈ, નામ મુનિશ્રી **વિવેકસારવિજયજી** રાખવામાં આવ્યું; તથા

ડીસામાં પૂજ્યશ્રીના પ્રશિષ્યરત્ન મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી પાસે રમેશકુમારની દીક્ષા ધામધૂમથી થઈ નામ મુનિશ્રી **ભાવેશરત્નવિજયજી** રાખવામાં આવ્યું.

કલકત્તામાં પૂજ્યશ્રીના પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજ પાસે ચોમાસા પૂર્વે દીક્ષિત બનેલ રમેશકુમાર, તે મુનિરાજશ્રી **વિરાગરત્નવિજયજી** આદિ ૩ ઠાણાં સાથે પૂ.શ્રી હેમરત્ન વિ.મ. વિહાર કરી ચાસ ગામે પ્રતિષ્ઠાર્થે પધારતાં પોષ સુદ-૧૩ એમની પાસે મુમુક્ષુ સુરેશકુમારની દીક્ષા થઈ. નામ મુનિશ્રી **ભક્તિરત્નવિજયજી** રાખવામાં આવ્યું.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૨,અંક-૨૫,તા.૩-૩-૧૯૮૪

જળગાંવ (મહારાષ્ટ્ર) નગરને આંગણે...

આચાર્યપદ પ્રદાન નિમિત્તે ગાજી રહેલ અભૂતપૂર્વ ભવ્ય સમારોહ
ધન્ય ધન્ય તે નરા રે જેણે, આચાર્યપદ મહોત્સવ દીઠ...

- યુવા પેઢી પ્રતિબોધક-ન્યાયવિશારદ-વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ !
- ખાનદેશની ધરતીના છોરુઓને વધુ ધર્મદૃઢ કરનાર સંસ્કાર પ્રભાવક પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ધનપાલ વિજયજી ગણિવર્ય !
- આગમિક પદાર્થોના પ્રમાણભૂત જીવંત જંગમ જ્ઞાનભંડાર સમા પૂજ્ય પંન્યાસશ્રી જયઘોષવિજયજી ગણિવર્ય !

આ ત્રણે સંયમમૂર્તિઓની આસપાસ મહા સુદ-૧૩ના જલગામ નગરે ભક્તિતરબોળ શાહીથી આલેખાયેલ, જૈન સંસ્કૃતિના ઈતિહાસનું એક ગૌરવવંતુ હેમપ્રકરણ...

- ગુજરાત-રાજસ્થાન-મહારાષ્ટ્ર વગેરે દેશોના ભાવિકોની પધરામણી.
- આચાર્યપદ-રથયાત્રાની અજબ રોનક જોવા ઊમટી પડેલો નાગરિક માનવ મહેરામણ.

- સ્વ. સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની કૃપાદૃષ્ટિ અને આશીર્વાદોની પ્રત્યક્ષ દેખાતી વર્ષા.
- આચાર્યપદ પ્રદાતાનું વંદન ઝીલતાં નુતન આચાર્યના નેત્રોમાં બંધાયેલ આંસુનાં તોરણો.
- નુતન આચાર્યશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજને અર્પણ કરાયેલ **'સિદ્ધાંત દિવાકર'**ની પદવી.
- હાલતી ચાલતી રચનાઓ અને આબેહૂબ રંગોળીઓ જોવા નાગરિકોની રોજ લાગેલી લાંબી કતારો.
- કલ્પના બહારની માનવમેદની અને ઉછરામણીઓ.

ચાલો હવે સમારોહમાં ડોકીયું કરીએ.

• • •

ન્યાયવિશારદ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદ હસ્તે પૂ.પં. શ્રી ધનપાલવિજયજી તથા સંઘવિભૂતિ પૂ.પં. શ્રી જયઘોષવિજયજી ગણિવર્યને અર્પણ થયેલ

આચાર્યપદના મહોત્સવનો આંખે દેખ્યો અહેવાલ

જે દૃશ્યો ટી.વી.ના પડદા ઉપર કે સિનેમાના થિએટરોમાં ક્યારેય જોવા ન મળે એવા અદ્‌ભુત અને અભૂતપૂર્વ દૃશ્યોની હારમાળાએ જલગાંવ નગરમાં એક અપૂર્વ વિક્રમ સ્થાપિત કર્યો છે.

સમય સરતો રહે છે. સમયના મસ્તક ઉપર બનેલો પ્રસંગ સ્મૃતિ બનીને અકબંધ રહે છે. સમય ગયો તે ગયો. એ નથી પકડાતો. સ્મૃતિ હૈયે હંમેશાં જકડાયેલી રહે છે.

મહા સુદ-તેરસ વિ.સં. ૨૦૪૦ દિનાંક ૧૫મી ફેબ્રુઆરી-૧૯૮૪ વાર મંગળવાર. કાળના અત્તળ ગર્ભમાં આ દિવસ તો સરી ગયો. પણ તે દિવસની સ્મૃતિ જૈન સંસ્કૃતિના લખાઈ રહેલા ઈતિહાસનું એક અવિસ્મરણીય સુવર્ણ પ્રકરણ બની રહેશે.

વાત છે એક મહોત્સવની, જેની કેટલાંય વર્ષોથી ચાતકદૃષ્ટિએ રાહ જોવાતી હતી, જે જોવા માટે હજારો જૈનો તલપાપડ હતા. માત્ર ગૃહસ્થો જ નહીં કિન્તુ સારા સારા સંયમી મહાત્મા સાધુઓ પણ જે માટે અંતરથી પ્રાર્થના કરી રહ્યા હતા. એવો એક અદ્‌ભુત સફળતાને વરેલો મહોત્સવ એટલે જલગાંવ નગરના

જૈન સંઘને આંગણે ઊજવાયેલ આચાર્યપદવી અર્પણનો મહોત્સવ. આ મહોત્સવ હજારો જૈનોએ સાક્ષાત્ નજરે નિહાળ્યો. આંખો હર્ષાશ્રુવડે ભીની ભીની થઈ ગઈ. એનો આંખે દેખ્યો અહેવાલ વાંચીને 'દિવ્યદર્શન'ના વાચકોના પણ આનંદનો પાર રહેશે નહીં.

આચાર્યપદ અર્પણની મંગલ ઘોષણા

નવસારી ચાતુર્માસ પૂર્ણ થયા બાદ તપોવન-ભુવાસણ-બારડોલી-વ્યારા-નંદુરબાર-દોંડાઈચા-નેર-ધુળીયા વગેરે ગામ-નગરોમાં જૈન શાસનનો જય-જયકાર અને પ્રભાવના કરતાં કરતાં પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અંજનશલાકા-પ્રતિષ્ઠા-દીક્ષાદિ નિમિત્તે ઊજવાનારા મહોત્સવ પ્રસંગે અમલનેર નગરમાં પધાર્યા. વર્ષોથી પૂજ્યપાદશ્રીને અનેક જૈન સંઘના અગ્રણીઓ તથા સુવિહિત મુનિ સમુદાયોની આગ્રહપૂર્ણ વિજ્ઞપ્તિ હતી કે આપશ્રીના સુયોગ્ય સંયમી શિષ્યરત્નોને શીઘ્ર આચાર્યપદે આરૂઢ કરો. પૂજ્યપાદ ગુરુદેવશ્રીની પણ એ અંતરની અભિલાષા હતી કે સ્વર્ગસ્થ પરમગુરુદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના અત્યંત કૃપાપાત્ર સુયોગ્ય પ્રશિષ્યોને આચાર્યપદે આરૂઢ કરવા. સમય પાકી ગયો હતો. નિકટના કાળમાં જ શ્રેષ્ઠ મુહૂર્ત પણ આવી લાગ્યું હતું. જૈન શાસનના ભાવિ ઉત્કર્ષને લક્ષમાં લઈ પૂજ્યશ્રીએ અમલનેરના ચાલુ મહોત્સવમાં પોષ વદ-પંચમી, રવિવારના શુભદિને સેંકડો પૂ. સાધુ-સાધ્વી સમુદાય તથા વિશાલ જૈન સંઘોના સમુદાયની ઉપસ્થિતિમાં મંગલ ઘોષણા રજૂ કરી કે આચાર્યપદને સુયોગ્ય એવા પંન્યાસજી શ્રી ધનપાલવિજયજી ગણિવર્ય તથા પંન્યાસજી શ્રી જયઘોષવિજયજી ગણિવર્યને વિ.સં. ૨૦૪૦ મહા શુકલ-૧૩ના દિવસે શુભ મુહૂર્તે આચાર્યપદે આરૂઢ કરવામાં આવશે. જ્યાં જ્યાં આ સમાચાર પ્રસરતા ગયા ત્યાં ત્યાંના સંઘોમાં આત્મોલ્લાસ ઊછળી ઊઠ્યો.

આચાર્યપદ મહોત્સવ માટે શુભસ્થળ નિર્ધાર :

હજારો ભક્તાત્મા સુશ્રાવકો અને ઉપસ્થિત પૂ. સાધુ-સાધ્વી સમુદાયના હૈયા હરખથી મલકાયા, અંતર ઉમંગથી છલકાયા. પોતાના સ્વજન-સંબંધીઓ અને મિત્રોને આ શુભ સમાચાર પહોંચાડવા માટે હરખઘેલા શ્રાવક ભક્તોની તાર ઑફિસમાં ભીડ જામી પડી. જોતજોતામાં વાયુવેગે ભારતભરના શ્રી જૈન સંઘોમાં શુભ સમાચાર વ્યાપી ગયા. શ્રી જૈન સંઘોના હૃદયસાગરમાં અભૂતપૂર્વ આનંદની ભરતીઓ હિલોળા લેવા માંડી. અનેક જૈન સંઘોએ આ મહાન ગૌરવવંતા પદ પ્રદાન મહોત્સવનો લાભ લેવા માટે આગ્રહભરી વિનંતીઓ પૂજ્યશ્રીના ચરણે ધરી.

પણ આ લાભ મેળવવાનું ખરું સદ્‌ભાગ્ય તો જલગાંવ જૈન સંઘને લલાટે જ અંકાયેલું હશે એટલે પૂજ્યશ્રી તેમની વિનંતી મંજૂર કરી. જળગાંવ જૈન સંઘના ઘેર ઘેર આ સમાચાર વીજળી વેગે પહોંચતાં સારાયે જળગાંવમાં આનંદનું મોજું ફરી વળ્યું. મહોત્સવ ઉજવ્યાનો કંઈક ને કંઈક લાભ આપણને મળવો જ જોઈએ એવી સદ્‌ભાવનાથી જળગાંવ જૈન સંઘના અનેક ભાવિક સદસ્યોએ જોતજોતામાં તો એક મોટું ફંડ મહોત્સવ ઊજવવા માટે ભેગું કરી દીધું. બહારગામથી અનેક જૈન સંઘના અગ્રણીઓ તથા આચાર્યપદના ઉમેદવાર પૂજ્ય પંન્યાસજી મહારાજના સંસારી સગા-સંબંધીઓ અને ભક્તજનો તરફથી 'અમને કંઈક ને કંઈક લાભ લેવા દેવાની જગ્યા જરૂર રાખજો' એવા સદ્‌ભાવની લાગણીઓવાળા અનેક પત્રો જળગાંવ જૈનસંઘની ઑફિસે ઠલવાયા. શ્રી સંઘ તરફથી ઊજવાનારા મહોત્સવમાં પૂજાઓ-ભાવનાઓ-પ્રભાવનાઓ-સંઘજમણ શાંતિસ્નાત્ર-રંગોળીઓ-રચનાઓ ઇત્યાદિમાં લાભ મળે તે લેવા ગામ પરગામના ગુરુભક્તોની આજીજી ભરી વિનંતીઓ આવી. અમને લાભ આપો... અમને લાભ આપો...

મહોત્સવની સફળતા માટે તૈયારીઓ :

ભારે ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક જળગાંવ જૈનસંઘના અગ્રણીઓ સુશ્રાવક શિવલાલભાઈ વગેરે મહોત્સવ અભૂતપૂર્વ રીતે ઉજવાય અને સંપૂર્ણપણે નિર્વિઘ્ને સફળ થાય એ માટેની તડામાર તૈયારીઓમાં લાગી ગયા. સમય ખૂબ જ ઓછો હતો અને કાર્ય ભગીરથ હતું. દરેકની રગેરગમાં જૈન શાસનનું ગૌરવ વહેતું હતું, મહોત્સવને દીપાવવા માટે આવશ્યક શક્ય તમામ સુશોભન સામગ્રી વગેરે સંકલિત કરવા જૈન સંઘના ભાઈ-બહેનો દોડધામ કરવા લાગ્યા. મહોત્સવ ઊજવવા માટે નગરમાં સારી સગવડવાળા વિશાળ સ્થળોની શોધ થવા માંડી, આમંત્રિત અતિથિઓને સારી રીતે ઊતારવા માટેની વાડીઓના રિઝર્વેશન કરાવા માંડ્યા. જિલ્લા કલેકટર તથા નગર-અધ્યક્ષ મુરબ્બીવર્ગે આ મહોત્સવની પૂર્ણ સફળતા માટે સંપૂર્ણ સહકાર આપવાની સદ્‌ભાવપૂર્ણ લાગણીઓ વ્યક્ત કરી. તદુપરાંત ભવ્ય રંગબેરંગી આકર્ષક આમંત્રણ પત્રિકાઓ છપાવીને ગામેગામના જૈન સંઘો, જૈન સંઘના નામાંકિત અગ્રણી પૂ. આચાર્ય ભગવંતો, મુનિ ભગવંતો, પૂ. સાધ્વીજી મહારાજ તથા અગ્રણી સુશ્રાવકો શ્રાવિકાઓ એમ ચતુર્વિધ સંઘ ઉપર તથા સર્વત્ર વિહારના ગામોમાં અને તીર્થોમાં તે આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી, જેથી વિહારમાં રહેલા કોઈપણ પૂ. સાધુ-સાધ્વી મહારાજ કે ચતુર્વિધ સંઘના કોઈપણ સદસ્યને આ મંગળકારી આમંત્રણના સમાચાર પહોંચ્યા વિના રહે નહીં. આ આમંત્રણ પત્રિકામાં એમ જણાવાયું હતું કે-

મહા સુદ-૧૩, તા. ૧૫-૨-૮૪, બુધવારના શુભ દિવસે.

શ્રી **જલગાંવ** (મહારાષ્ટ્ર) નગરમાં

ન્યાય વિશારદ આચાર્ય પુંગવ

પૂજ્ય શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે

શાન્તમૂર્તિ પ.પૂ. ધનપાલવિજયજી મહારાજ તથા અદ્વિતીય શાસ્ત્રવેત્તા પ.પૂ. શ્રી જયઘોષવિજયજી મહારાજને

આચાર્યપદ પ્રદાન મહોત્સવ પ્રસંગે સકલ શ્રી સંઘને આમંત્રણ

● આશીર્વાદની અમીધારા વહેવડાવનાર સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ ક્ષમાનિધાન

પ.પૂ.સ્વ. આચાર્યવર્ય શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ

અનેક પુણ્યાત્માઓના દિલમાં વૈરાગ્યનો દીપ પ્રગટાવી જ્ઞાન-દર્શન-ચારિત્રનો પ્રકાશ સંપૂર્ણ ભારત દેશમાં ફેલાવનારા હે પ્રગુરુદેવ ! તે આપ જ હતા કે જે જીવનના અંતિમ શ્વાસ સુધી સંયમની વિશુદ્ધિ માટે ઉદ્યમશીલ બની રહ્યા. આપના હૃદય-ઉદ્યાનમાં જટિલ કર્મસાહિત્યના મધુર સંગીતનો નાદ ગુંજતો રહ્યો. જૈનશાસનની શાન વધારવા માટે આપ સદા માન-સન્માન-કીર્તિ-વાહવાહ-ખુશામતથી દૂર રહ્યા હે પ્યારા ગુરુદેવ ! વારંવાર બોલાવીને જેની સાથે આપ કર્મસાહિત્યની ગહન સમસ્યાઓને ઉકેલવા માટે પરામર્શ કરતા હતા. તેમને તૃતીય આચાર્યપદ પર આરૂઢ થયેલા જોઈને આપ કેટલા આનંદિત થયા હશો તે કહેવું કલ્પના બહારનું છે.

● વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ પ.પૂ. શ્રીમદ્‌ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ-

આપ તો સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પ્રભાવક પટ્ટધર છો. આપની પ્રતિષ્ઠા ભારતભરના જૈન-જૈનેતરોમાં પ્રસરેલ છે. કહેવાતા સુધારાવાદની સામે સખત પ્રતિકાર કરીને આપે અનેક જૈનોને એ અનિષ્ટથી બચાવી લીધા છે. એનો યશોવાદ કેટલો થઈ શકે ?

આપના ઉપદેશનું જ એ સાચું ફળ છે કે આજનો યુગ જૈનોમાં દીક્ષાયુગ બની ગયો છે. સંપૂર્ણ અમદાવાદમાં ચાની હોટલો બંધ કરાવવી, ભદ્રકાલીની સામે પશુભોગ બંધ કરાવવો, ૧૯૯૦ના સંમેલનમાં કરવામાં આવેલા મહત્ત્વના નિર્ણયોમાં આપની પ્રશસ્ત કાર્યવાહી ઇત્યાદિ સુંદર કાર્યો આજે પણ સંઘ માટે અવિસ્મરણીય છે. જે આપની વિશિષ્ટ તાકાતનું પરિણામ છે.

• મહારાષ્ટ્ર કેસરી કોટીશઃ નમસ્કારમંત્ર આરાધક અનેક જૈનસંઘોના તારણહાર **સ્વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ**

આપશ્રી પૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર હતા. સત્ય છે, આપ તો રાજનગરના રત્ન હતા. આજના હિસાબે કરોડોની ધનસંપત્તિનો તણખલાની જેમ ત્યાગ કરીને આપ સંસાર ત્યાગના માર્ગે નીકળી પડ્યા અને ભગવાનના કઠોર સંયમમાર્ગની આરાધના તથા પ્રભાવના કરી.

ખાનદેશ (મહારાષ્ટ્ર) આપનું પ્રમુખ વિહાર ક્ષેત્ર હતું. જ્યાં લગાતાર વીસ-વીસ વર્ષો સુધી ખુલ્લા પગે વિચરીને આપે અનેક શાસન દીપકો પ્રગટાવ્યા. જ્ઞાનનો પ્રકાશ પાથર્યો. જૈનો જ નહીં જૈનેતરો પણ આપના સદાચાર, પવિત્રતા, નિઃસ્પૃહતા, વાત્સલ્ય, દૃઢવૈરાગ્ય, અપૂર્વ સહિષ્ણુતા આદિ ગુણસમુદાયથી પ્રભાવિત થઈને આપને ભગવાન માનતા હતા. સ્વ. ઉગ્રતપસ્વી પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય ત્રિલોચનસૂરિજી મહારાજ આપના મુખ્ય શિષ્ય હતા, જેમણે આપના અપૂર્ણ કાર્યોને પૂર્ણ કરવાનું જવાબદારીભર્યું કાર્ય પાર પાડ્યું હતું. આજે પણ આપના શિષ્યરત્નોમાં પૂ. આચાર્યશ્રી રંગસૂરિજી મહારાજ આદિ સુંદર આરાધના તથા શાસનની પ્રભાવના કરી રહ્યા છે. આપની પુનીત યાદથી આજ આંખો ભીની થઈ જાય છે.

• હજારો યુવકોના પ્રતિબોધક

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ !**

આપ પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર છો. આપ આ યુગના શ્રેષ્ઠ પુરુષોમાંથી એક છો તે વાતમાં કશો જ સંદેહ નથી. આપની કઠોર તપશ્ચર્યાની સામે નાસ્તિક વર્ગ પણ મસ્તક નમાવી રહ્યો છે. આપની જ્ઞાન પ્રતિમાને જોઈને મોટા મોટા પંડિતો પણ મોંમા આંગળા નાંખી દે છે.

આપના પાવન સાંનિધ્યમાં સેંકડોની સંખ્યામાં શિષ્યસમુદાય ઉત્તમ આરાધના કરી રહ્યો છે. આપની મંગલ પ્રવચનવાણી જ્યારે સાંભળીએ છીએ ત્યારે હૃદય અને મન સ્તબ્ધ થઈ જાય છે. જૈન શાસનની મહિમા વધારનાર મહાપુરુષોના જીવનવૃત્તાંતોનું આબેહૂબ જીવન-કવન આપના મુખે સાંભળવું તે જિંદગીનો અણમોલ લહાવો છે. જૈન તથા જૈનેતર દર્શનશાસ્ત્રના આપ પ્રકાંડ પંડિત છો. **"પરમતેજ"** આદિ શાસ્ત્રીય ગ્રંથો આપના અમૂલ્ય- પરિશ્રમની ઉત્તમ ફળશ્રુતિ છે. સુયોગ્ય શ્રમણ રત્નોને ઉચ્ચ આચાર્યપદ પર આરુઢ કરવા દ્વારા આપ જૈનશાસનની સાચા અર્થમાં પ્રતિષ્ઠા વધારી રહ્યા છો. જૈન-જૈનેતર પ્રજાના અંતરમાં આપનું અનોખું સ્થાન છે.

• આચાર્યપદ માટે સુયોગ્ય, શાંતમૂર્તિ-સૌમ્યમુદ્રા-મૃદુસ્વભાવી **પૂજ્ય પંન્યાસશ્રી ધનપાલવિજયજી ગણિવર્ય-**



આપશ્રી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના પ્રમુખ શિષ્યરત્નોમાં એક છો.

જ્ઞાન-ધ્યાન-તપશ્ચર્યાને જ આવા આપની સંપત્તિ સમજો છો, સહવર્તી મુનિઓને સહાયતા કરવામાં આપ હંમેશાં આગળ રહો છો. સમસ્ત ખાનદેશ આપને ઉચ્ચપદ પર બિરાજમાન થતાં જોઈને હર્ષવિભોર બન્યો છે.

આપની પ્રશાંત મુદ્રા, સંઘ-સાધુ વાત્સલ્ય આદિ ગુણસમુદાયની સુવાસ તથા ખાનદેશ (મહારાષ્ટ્ર) ઉદ્ધારક પૂ.આ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજ અને પૂ.આ. શ્રી ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજ આ બે તેજસ્વી તારાના વિરહ કાળમાં દીપક સમાન આપ આ ખાનદેશની ધરતી પર વિચરો છો અને ધર્મપ્રભાવનામાં રુચિ રાખો છો. સાથે સાથે સ્વ. પૂ. ગુરુદેવના શિષ્યો એવા સાધ્વી સમુદાયની સંભાળ ઇત્યાદિ રાખવા, આદિ જોતાં આપને આચાર્યપદ પ્રદાન કરવાનો નિર્ણય વ્યાજબી ઠર્યો છે.

• ભાવિ આચાર્યના સદ્ગુરુ પૂ. મુનિરાજશ્રી ધર્મઘોષવિજયજી મહારાજ !

આપ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન છો. ધન્યવાદ છે આપના સંયમ જીવનને. પૂજ્ય પંન્યાસ શ્રી જયઘોષવિજયજી મહારાજ જેવા શ્રમણરત્નના આપ જ સંસારી પિતા છો એવા દીક્ષાવસ્થાના ગુરુદેવ છો.

જીવનભર અધ્યાત્મવિષયક ગ્રંથોના પરિશીલનનું વિશિષ્ટ કાર્ય આપે કર્યે રાખ્યું છે. જીવનના અંતિમ દિવસોમાં આપને કેટલું કષ્ટ હતું ! છતાં આપે એક ચૂંકારો પણ કર્યા વગર કેટલી ધીરજથી સહન કરેલ. સહવર્તી મુનિઓ પર આપની અમીદૃષ્ટિ વરસતી જ રહી છે. ક્ષમાના ભંડાર, જૈન સંઘના અલંકાર ! આપના ચરણોમાં જેટલી શ્રદ્ધાંજલિ આપીએ તેટલી ઓછી જ છે.

● આચાર્યપદ માટે સુયોગ્ય પાત્ર ગીતાર્થ-અગ્રણી સંયમીરત્ન પૂજ્ય પંન્યાસ શ્રી જયઘોષવિજયજી ગણિવર્ય !

જ્યાં જ્યાં આપની પદવીનો સંદેશ પહોંચ્યો, બધાએ એક અવાજે તેનું સહર્ષ સ્વાગત કર્યું છે. આપનામાં આચાર્યપદની યોગ્યતાના વિષયમાં કોઈને તલમાત્ર પણ સંદેહ નથી. પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજના આપ અતિનિકટના વિશ્વાસપાત્ર અને કૃપાપાત્ર બન્યા રહ્યા. પરમોપકારી પૂજ્યપાદ શ્રી



ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આપને જોઈને જ નિશ્ચિતતાનો શ્વાસ લઈ રહ્યા છે.

આપની સર્વતોમુખી પ્રગતિમાં તેઓ પૂજ્યશ્રીનો નોંધપાત્ર ફાળો છે. તે પૂજ્ય જ આપના હૃદયના સર્વસ્વ છે. તેમની આજ્ઞાને આપ પૂજ્ય નિરંતર શિરોધાર્ય કરો છો. આ જોઈને સંપૂર્ણ સાધુ સમુદાય પણ આપને વારંવાર ધન્યવાદ આપી રહ્યો છે. બધા સજ્જનોના હૃદય હર્ષથી નાચી ઊઠ્યા છે. જૈનાગમ-કર્મસાહિત્ય-પ્રકરણાદિ વિષયોમાં આપની બરાબરી કરી શકે તેવા ભાગ્યે જ કોઈ હશે. આપ સકલ સંઘના પરમ શ્રદ્ધેય બની ગયા છો. સ્વ-પર સમુદાયના સારા સારા વિદ્વાન સાધુ મહાત્મા તથા પ્રબુદ્ધ શ્રાવક વર્ગ આપના વચનોને અંતિમ પ્રમાણ રૂપે માની રહ્યા છે. શાસ્ત્ર સિદ્ધાંતોના આપ અદ્વિતીય-અજોડ જ્ઞાતા છો. આઠ પ્રવચન પ્રભાવકોમાં આપ શ્રેષ્ઠ 'પ્રાવચનિક' પ્રભાવક છો. અનેક જ્ઞાનપિપાસુઓની તરસ છીપાવવાવાળા આપ જ એક પુષ્કરાવર્ત મેઘ સમાન છો.

પૂજ્યપાદશ્રીનો ભવ્ય નગર પ્રવેશ :

મહોત્સવની સફળતાના પ્રથમ સોપાનરૂપે પૂજ્યપાદશ્રીનો નગરપ્રવેશ ઉત્સવ યાદગાર રીતે ઊજવાયો. જળગાંવ જૈન સંઘના આંગણે પૂજ્યપાદશ્રીએ પાંચ વર્ષ પૂર્વે ચાતુર્માસ કરેલ ત્યારથી સંઘના હૈયામાં પૂજ્યપાદશ્રી વસી ગયા હતા. એટલે વિશાળ સાધુ-સાધ્વી સમુદાય સાથે અમલનેરથી જળગાંવ વિહાર કરીને પધારી રહેલા પૂ. આચાર્ય ભગવંતનું ઊલટભેર સ્વાગત કરવા માટે જળગાંવના નગરજનો આતુરતાથી રાહ જોઈને બેઠા હતા અને શ્રી સંઘના ભાઈ-બહેનો તે માટે તડામાર તૈયારીઓમાં લાગી ગયા હતા. જૈન શ્રાવકોએ પોતાનાં ઘરનાં આંગણ, રંગબેરંગી તોરણ અને સુંદર ગહૂંલીઓથી સજાવીને મહેકાવ્યા હતા. પોષ વદ-બારશના દિવસે પૂજ્યપાદશ્રીનું સ્વાગત કરવા માટે ગામ બહાર વિશાળ જનસમુદાય એકત્રિત થઈ ગયો હતો. તથા બહારગામથી અમલનેર-ધુળીયા-ભુસાવળ વગેરે આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં આમંત્રિત સજ્જનો સ્વાગત સામૈયું શરૂ થાય તે પૂર્વે આવી પહોંચ્યા હતા. બરાબર ૮-૩૦ કલાકે વાજિંત્રોના નાદ ગુંજી ઊઠ્યા. 'જૈનશાસન કી જય'ની ઘોષણાઓ વડે વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. જળગાંવ નગરમાં આટલા વિશાળ સંયમીગણના પરિવાર સાથે જૈનશાસનના અગ્રણી આચાર્ય ભગવંતના મંગળપ્રવેશનું ભવ્ય દૃશ્ય માત્ર જૈનેતરો માટે જ નહીં, જૈનો માટે પણ અભૂતપૂર્વ હતું. નગરના મુખ્ય મુખ્ય માર્ગોએ ફરીને સ્વાગતયાત્રા જૈન દહેરાસરે આવી પહોંચી. ચૈત્યવંદન બાદ ઉપાશ્રયના વ્યાખ્યાનગૃહમાં પૂજ્યપાદશ્રીએ મંગળ પ્રવચન ફરમાવ્યા બાદ પ્રભાવના લઈ લાગણીભીના હૈયે સહુ વિખરાયા. પૂજ્યશ્રીના પધારવાથી સંઘમાં ભારે જોમ અને જોશ પુરાયા.

મહોત્સવનો મંગળ પ્રારંભ :

હવે તો મહોત્સવના દિવસો તદ્દન નજીક આવી ગયા હતા. શ્રી સંઘ પણ પૂરી લગનથી મહોત્સવ ઊજવવા મંડી પડ્યો હતો. રોજ રોજ ગામેગામથી ચતુર્વિધ શ્રી સંઘના અનેકાનેક પૂ. આચાર્યભગવંતો. પૂ. મુનિભગવંતો પૂ. સાધ્વીજી મહારાજ તથા ભાવભીનાં હૈયાવાળા શ્રાવક-શ્રાવિકાઓના આશીર્વાદ અને શુભેચ્છાઓના સંદેશા પત્રોનો વરસાદ વર્ષી રહ્યો હતો. વિધિપૂર્વક આચાર્યપદ પ્રદાન મહોત્સવની ઊજવણી માટે વિધિ-વિધાનકારકો તથા પ્રભુભક્તિ માટે જાણીતા સંગીતકારો વગેરેને સ્પેશ્યલ આમંત્રણો અપાઈ ગયા હતા. બીજી બાજુ ઉપાશ્રયમાં તથા ઉપાશ્રય સામે આવેલા કોંગ્રેસ ભવનના વિશાળ હોલમાં પૂ. આચાર્ય ભગવંતશ્રી તથા પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના તથા પૂ. નંદીભૂષણવિજયજી મહારાજના પ્રેરક પ્રવચનો ચાલુ હતા. જેમાં મહા સુદ-બીજના દિવસે એક આદર્શ આચાર્યની ઓળખાણ રૂપે સ્વર્ગસ્થ સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના ગુણાનુવાદ પૂજ્યપાદશ્રીએ કર્યા હતા. રોજના પ્રવચનોમાં આત્મવિકાસ અને વૈરાગ્ય ઝરતી વાણીની ધોધમાર વર્ષા થઈ. તથા રોજ વ્યાખ્યાનમાં નવા થનારા આચાર્યોના પ્રેરક જીવન પ્રસંગો તથા જૈન શાસનના ઝળહળતા સિતારા જેવા પૂર્વાચાર્યભગવંતોના મહાન પ્રસંગો સાંભળતા સકળ સંઘમાં અદ્ભુત જાગૃતિ આવી ગઈ હતી અને સૌ રાહ જોઈ રહ્યા હતા કે ક્યારે આ બે પંન્યાસજી મહારાજને આચાર્યપદે આરૂઢ થયેલા જોઈએ ?!!

સોનામાં સુગંધ જેવા બે પ્રસંગો :

થોડા વર્ષ પૂર્વે જળગાંવથી થોડેક દૂર સિરપુર ગામ પાસે ખેતરમાંથી એક નયનરમ્ય ૩૧''ના પાર્શ્વપ્રભુની પ્રતિમા નીકળી હતી. જળગાંવ જૈન સંઘે તે પ્રતિમાજી આદરસહિત પોતાના ઉપાશ્રયમાં લાવી તેના ઉપર નીલ વર્ણનો સુંદર લેપ કરાવ્યો હતો. લેપ થયા પછી પ્રભુજીની મૂર્તિ એટલી અદ્ભુત રમણીય અને દર્શનીય બનેલી કે એ મૂર્તિ ક્યારે ફરી ગાદીનશીન કરાય. ૐ પુણ્યાહં પુણ્યાહંના મંગળ ઘોષ ગાજી ઊઠ્યા. ગાદીનશીન ૩૧'' ઈંચના અલબેલા પાર્શ્વપ્રભુની પ્રતિમા જોઈ જોઈ આંખો ધરાતી ન હતી. દર્શન કરતાંની સાથે જ જાણે કે હમણાં પ્રભુજી આપણી સાથે વાતો કરીને આપણા મનના સકળ વાંછિત પૂરશે એવી ઊર્મિઓ જાગી ઊઠતી હતી. મનોવાંછિત શ્રી પાર્શ્વનાથ ભગવાન સમક્ષ ચૈત્યવંદન કરીને સૌના હૈયા હરખાયા. પૂજા માટે ભાવિકોની પડાપડી થવા માંડી.

સોનામાં સુગંધ જેવો બીજો પ્રસંગ :

પાલનપુરમાં પૂજ્યપાદશ્રીની નિશ્રામાં ઉપધાનતપ કરી જનાર જળગાંવના વતની મુમુક્ષુ મનોજકુમાર ત્યારથી દીક્ષા લેવાની ભાવનામાં રમતા હતાં. પૂજ્યશ્રી જળગાંવમાં પધાર્યા અને તેમની ભાવનાએ તીવ્રવેગ પકડ્યો. પૂજ્યશ્રી પાસે વારંવાર 'મને પણ આ મંગળ મુહૂર્તવાળા મહા સુદ-૧૩ના દિવસે દીક્ષા અપાવવા માટે નમ્રતાપૂર્ણ યાચના અનેકવાર રજૂ કરી. દિવસો ઓછા હતા. એકદમ તો કોણ હા પાડે ? પણ ધન્ય છે તે પિતા શ્રી ઈશ્વરભાઈ તથા માતા શ્રી સ્નેહલતાબેનને જેમણે ટૂંકા ગાળામાં પણ પોતાના સુપુત્ર મનોજકુમારને દીક્ષા લેવાની અનુમતિ હરખભેર આપીને સાચા કલ્યાણપિતા અને સાચા કલ્યાણી માતા બન્યા. મહા સુદ-પાંચમના દિવસે વ્યાખ્યાનમાં સકળસંઘની હાજરીમાં આ સમાચારની મંગળ ઘોષણા થઈ. આખો સંઘ ધન્ય... ધન્ય... બોલી ઊઠ્યો. માત-પિતા તથા મુમુક્ષુ મનોજકુમાર ઉપર શ્રી સંઘના ભાઈ-બહેનોના અંતરના અભિનંદન વરસવા લાગ્યા. જળગાંવ શ્રી સંઘના આંગણે તરુણવયસ્ક પુરુષદીક્ષાનો આ પ્રસંગ પહેલવહેલો હોવાથી શ્રી સંઘમાં ઉલ્લાસ અને આનંદની આંધી ચઢી આવી. મુમુક્ષુ મનોજકુમારના પણ આનંદની અવધિ ન રહી. તેમના માતાપિતાએ ટૂંકા સમયમાં આમંત્રણ પત્રિકા છપાવી સૌને મોકલી આપી.

'દીક્ષાર્થીનો જય હો' એ નારાથી ગગન ગાજી ઊઠ્યું. વાયણા જમાડવાની અનેકોની માંગણીઓને સંતોષવા માટે જુદા જુદા લત્તાઓ તરફથી વાજતે ગાજતે રોજ વ્યાખ્યાન બાદ સંઘ સાથે લત્તામાં વાયણું જમાડવા લઈ જવાતાં જળગામમાં રોજ વાજાં વાગવા લાગ્યાં. દીક્ષાર્થીના સગા-સંબંધીઓ બહારગામથી દીક્ષા પ્રસંગે આવી પહોંચ્યા.

મહોત્સવનો અજબ ઉછરંગ :

મહોત્સવના સમાચાર વાયુવેગે ગામેગામ પ્રસરી ગયા હોવાથી મહોત્સવમાં ભાગ લેવા માટે બહારગામથી ભાવિકોની પુષ્કળ અવર-જવર ચાલુ થઈ ગઈ. શ્રી સંઘ તરફથી બહારગામથી આવનારા ભક્તજનો માટે સંપૂર્ણ સાધર્મિક ભક્તિની સગવડો કરાઈ હતી. વિશેષ ઉલ્લેખનીય હકીકત એ છે કે આ મહોત્સવમાં જળગાંવ નિવાસી શ્વેતામ્બર-દિગમ્બર-સ્થાનકવાસી-તેરાપંથી બંધુઓ ખભે ખભા મિલાવીને મહોત્સવને સફળ બનાવવા પુરુષાર્થ કરી રહ્યા હતા. રાજસ્થાની-ગુજરાતી-કચ્છી સમાજના સૌ ભાઈ-બહેનો ઊલટભેર ભાગ લઈ બહારગામથી આવતા સાધર્મિકબંધુઓની સેવામાં રાત દિવસ ઊંઘ કે આરામની પરવા કર્યા વિના ખડે પગે રત રહ્યા.

મહોત્સવના દિવસોનું મંગળ પ્રભાત ખીલી ઊઠ્યું. શ્રી જિનમંદિર, ઉપાશ્રય તથા નજીકના રાજમાર્ગો રોશનીથી ઝળહળી ઊઠ્યા. જ્યાં આચાર્યપદ પ્રદાનના પ્રસંગ ઊજવવાનો હતો તે નવજીવન કાર્યાલયનો હજારોની માનવમેદની સમાવી લે એવો વિશાળ હોલ સંશોભનોથી દીપી ઊઠ્યો. રોજ પૂજાઓ અને રાત્રે ભાવનાઓમાં સંગીતમય પરમાત્મભક્તિની રમઝટ ચાલુ થઈ. દેવાધિદેવનો પવિત્ર દેહ જુદી જુદી સુંદર અંગરચનાથી ઝળહળી રહ્યો.

ખૂબી એ હતી કે આચાર્યપદવી ગ્રહણ કરનાર પૂજ્ય પંન્યાસજી મહારાજ તદ્દન નિરાળા હતા. પોતાના સ્વાધ્યાયાદિ કાર્યમાં રાતદિવસ નિમગ્ન હતા. 'મારી આચાર્યપદવી થશે' એનો જરાય તલસાટ કે ઉત્સૂકતા તેમની મુખમુદ્રા ઉપર દેખાતા ન હતા. ધન્ય છે આવા બહિર્ભાવથી અલિપ્ત પૂજ્ય પંન્યાસજી ભગવંતોને.

મહા સુદ-બારશને દિવસે વરઘોડો :

આચાર્યપદવી પ્રદાનને માત્ર હવે એક જ દિવસ આડો રહ્યો હતો. લોકોના ઉત્સાહ અને ઉમંગનું માપ નીકળી શકે તેમ ન હતું. વરઘોડામાં જોડાઈને શાસન-શોભા વધારવા અને આત્માને ઉદ્ધારવા ગામ-પરગામથી હજારો પુણ્યાત્માઓ આવી પહોંચ્યા હતા. બપોરે વરઘોડાની શરૂઆત થાય એ પહેલાં જ દહેરાસરની બહાર હજારોની જૈન-જૈનેતરોની મેદની સહુનું ધ્યાન ખેંચતી હતી. રાજમાર્ગો સુંદર લખાણોવાળા બોર્ડ વગેરેથી સુશોભિત કરાયા હતા. સૌથી આગળ ખાસ શિરપુરથી લવાયેલ ઈન્દ્રધ્વજ શોભી રહ્યો હતો. તે પછી અમલનેરના ચિત્રકારે બનાવેલા ભગવાનની સાધના અને સિદ્ધિને અભિવ્યક્ત કરતા વિશાળકાય ચિત્રપટોની રચના, મધ્યપ્રદેશના બેઝિમવાળા... વગેરે જોઈ જોઈ લોકો વિસ્મિત થતા હતા. ત્યારબાદ બેન્ડના વાજીંત્રો વાગી રહ્યા હતા. તે પછી પૂજ્યપાદ આચાર્ય ભગવંત સાથે પૂજ્ય પંન્યાસજી મહારાજ તથા વિશાળ સાધુ સમુદાયની હાજરી ભવ્ય જીવોને તેવા થવા માટે ક્ષણભર તો લલચાવી દે એવી હતી. દર્શન માટે હજારોનો માનવ મહેરામણ ઊમટી પડ્યો હતો. ગામેગામથી ઊતરી પડેલ ગુરુભક્તોનો વિશાળ રેલો ચાલ્યો. બંને બાજુમાં મુગ્ધ બનીને દર્શનાર્થે ઊમટેલી માનવમેદનીનો હોઠ અને હૈયે એક જ અવાજ સંભળાઈ રહ્યો હતો. ધન્ય અણગાર... ધન્ય ત્યાગ... ધન્ય જૈનધર્મ... ત્યારબાદ હજારો ભાવિકો વરઘોડામાં જોડાયેલા હતા. તે પછી મુમુક્ષુ મનોજકુમારની વર્ષીદાનની ગાડી ગોઠવાઈ હતી. તેમાં ઊભા રહી દરબારી ડ્રેસમાં મુમુક્ષુ વર્ષીદાન કરતા શોભી રહ્યા હતા. વર્ષીદાન લેવા માટે પડાપડી થઈ રહી હતી. ત્યારબાદ ખાસ શિરપુરથી લવાયેલ ભગવાનનો ચાંદીનો રથ અને એમાં નયનરમ્ય પ્રભુમૂર્તિની

શોભા અલૌકિક હતી. તેની પાછળ વિશાળ સાધ્વી સમુદાય, ચકચકતા બેડાવાળી બેનો અને વિરાટ શ્રાવિકા સમુદાય દીપી રહ્યો હતો. જુદી જુદી રાસમંડળીઓ વરઘોડામાં ઠેર ઠેર પ્રભુભક્તિમાં તરબોળ દેખાતી હતી. તથા 'જૈન શાસન દેવકી જય' વગેરે નારાઓની ઘોષણાથી ગગન ભેદાઈ રહ્યું હતું. મુખ્ય મુખ્ય રાજમાર્ગ ઉપર બે-ત્રણ કલાક ફરતો ફરતો વરઘોડો આખરે દહેરાસર પાસે આવીને ઊતર્યો હતો. પ્રભાવના તો દરેકે દરેક કાર્યક્રમોમાં ચાલુ જ હતી.

દીક્ષાર્થીને અભિનંદન પ્રદાનનો સમારોહ :

વરઘોડો પત્યા બાદ રાત્રે નવજીવનમંગલ કાર્યાલયમાં મુમુક્ષુ મનોજકુમારને અભિનંદન આપવા માટે વિશાળ સંખ્યામાં સંઘના શ્વેતામ્બર-દિગંબરસ્થાનકવાસી--તેરાપંથી ભાઈ-બહેનો ઉપસ્થિત થયા હતા. આ પ્રસંગે જિલ્લાના કલેક્ટર સાહેબની પધારવાની અદમ્યભાવના હોવા છતાં એકાએક તબીયત બગડવાથી તેઓ ન આવી શક્યા તે બદલ તેમને પાછળથી ખેદ દર્શાવ્યો હતો. ઉચિત સમયે અભિનંદન સભાનો કાર્યક્રમ પ્રારંભાયો. મંગળરૂપે સ્વાગતગીત ગવાયું. ત્યારબાદ પ્રમુખ વક્તાઓએ પોતપોતાના વક્તવ્યોમાં જૈન શાસનને, પૂજ્યપાદ આચાર્યભગવંતને, દીક્ષાર્થી તથા તેમના માતાપિતાને અને સંયમ ધર્મને બિરદાવ્યા હતા. મુમુક્ષુની બહેને એક સુંદર આશીર્વાદ ગીત સંભળાવ્યું. ત્યારબાદ મુમુક્ષુનું હાર-તોરા વગેરેથી સન્માન થયું. અંતે મુમુક્ષુને દીક્ષા માર્ગે ભાવભરી વિદાયના ભાવો વ્યક્ત કરતું વિદાયગીત ગવાયું હતું. હજારોના દિલમાં દીક્ષાધર્મની અનુમોદનાનું સંગીત વહેતું થયું.

મહોત્સવની વિશેષતા-રંગોળી અને રચનાઓ :

શ્રી સંઘના આમંત્રણથી રાજસ્થાનથી ખાસ રચનાઓની સામગ્રી લઈને તખતગઢવાળા ભાઈ આવી પહોંચ્યા હતા. કોંગ્રેસ ભવનના વિશાળ હોલમાં સૌ કોઈ સુખ-શાંતિથી જોઈ શકે-સમજી શકે એવી રીતે જૈન કથા પ્રસંગોની હાલતી ચાલતી રચનાઓની ગોઠવણ કરાઈ હતી. નીચે જૈનેતર પ્રજાના ખાસ લાભાર્થે તે તે પ્રસંગની ખાસ સમજૂતીના બોર્ડો હિન્દી ભાષામાં ગોઠવ્યા હતા. પ્રભુ મહાવીર અને ચંડકૌશિક, કાનમાં ખીલા ઠોકતો ગોવાળ, વજ્ર સ્વામીની દીક્ષાનો પ્રસંગ, મેઘરથ રાજાનો (શાંતિનાથ પ્રભુનો) ભવ, વગેરે દશેક પ્રસંગો નિહાળી સૌ ધન્ય બની રહ્યા હતા અને પૂર્વજો મહા પુરુષોની પેટભર અનુમોદના કરી રહ્યા હતાં. આ રચનાઓ ઉપરાંત ત્યાં જ એક બાજુ રંગોળી કરવામાં આવી હતી જેમાં ભગવાન મહાવીરસ્વામી પોતાના ૧૧ પટ્ટશિષ્યોને ગણધરવાદનો વાસક્ષેપ કરી રહ્યા છે તે ભવ્ય પ્રસંગ ચાલુ પ્રસંગને અનુલક્ષીને રચવામાં આવ્યો હતો. તથા

બીજી રંગોળીમાં પૂજ્યપાદ સ્વર્ગસ્થ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ ઉપર આકાશમાં રહીને બે પંન્યાસજી ભગવંતોને આશીર્વાદ પ્રદાન કરી રહ્યા છે, એ સુંદર દૃશ્ય ઉપસાવાયું હતું. જોવા માટે ગામના-બહારગામના જૈન-જૈનેતર ભાઈ-બહેનોનો ધસારો અવિરત ચાલુ રહ્યો હતો.

આચાર્યપદનો મંગળદિન-શુભ ઘડી :

વરઘોડા પછી પણ ગુરુભક્તો અને ભાવિકો જેને જે સાધન મળે તે ટ્રેન-બસ-અંગત વાહનો દ્વારા ખૂણે ખૂણેથી જળગાંવમાં આવી રહ્યા હતા. આતુરતાથી જે દિવસની રાહ જોવાઈ રહી હતી તે મહા સુદ-૧૩નો ઝળહળાટ કરતો સૂર્યોદય થયો. ઘુવડો-રાત્રિચર પશુઓ ખૂણે ખાંચરે લપાઈ ગયા. સારીયે પૃથ્વી ઉપર જાણે કે સોનેરી પ્રકાશની જાજમ પાથરીને સૂર્યદેવે આચાર્યપદ મહોત્સવમાં પધારેલા અનેકાનેક જૈન સંઘોનું સ્વાગત કર્યું. દીક્ષાર્થીને ત્યાં મંગળ વાંજીત્રો ગાજી ઊઠ્યા. વરઘોડા સાથે મુમુક્ષુ મનોજકુમાર દીક્ષા લેવા માટે નવજીવન કાર્યાલયના વિશાળ મંડપમાં સવારે સાડા સાત વાગે વાજતે ગાજતે આવી પહોંચ્યા. પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી પૂજ્ય પંન્યાસજી ભગવંતો વિશાળ સાધુ-સાધ્વી સમુદાય સાથે વાજતે-ગાજતે ત્યાં પધાર્યા. આજના દિવસના પ્રભાતના વાતાવરણમાં કોઈ દિવ્ય સુરભિનો અને તાજગીનો અનુભવ થતો હતો. હજારો જૈન-જૈનેતર ભાવુકોથી સવારના સાત વાગે જ વિશાળ મંડપ ચિકાર ભરાઈ ગયો હતો. સૌ નૂતન આચાર્ય ભગવંતોને વધાવી લેવા થનગની રહ્યા હતા. તથા ૩૦-૪૦-૪૫-૫૫-૫૮-૬૮ વગેરે દિવસોના ઉપવાસની તપશ્ચર્યા કરનારા પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજીને તપસ્વીરત્ન પદ અર્પણ કરવા પૂજ્યપાદશ્રીએ સ્ટેજ ઉપર ઊભા કર્યા. સાથે સાથે ત્રણ નૂતન દીક્ષિત મુનિઓ ૧. પૂ. મુનિરાજશ્રી જગદ્‌ભૂષણ વિજયજી, ૨. પૂ. મુનિશ્રી ભાગ્યસુંદરવિજયજી, ૩. પૂ. મુનિશ્રી સત્યકાન્તવિજયજી, તથા નૂતન દીક્ષિત સાધ્વીઓ ૧. પૂ. સાધ્વીજી શ્રી ઋદ્ધિનિધિશ્રીજી તથા ૨. પૂ. સાધ્વીજી શ્રી ચૈતન્યયશાશ્રીજી કુલ પાંચ સંયમીઓની વડીદીક્ષા થવાની હતી. તેઓ સર્વે નાણસમક્ષ ઉપસ્થિત થઈ ગયા હતા. તથા મુમુક્ષુ મનોજકુમાર પણ દીક્ષા લેવા માટે નાણસમક્ષ મંડપમાં દીપી રહ્યા હતા. કોઈ અભૂતપૂર્વ દૃશ્ય સર્જાયું હતું. જેનું સંપૂર્ણ વર્ણન શબ્દોથી તો કોણ કરી શકે ? હાજરી હજારોની હતી હૈયે હૈયું ભીડાય એટલી ગીર્દી હતી છતાં વાતાવરણમાં અજબની શાંતિ હતી આ જૈન સંઘની શિસ્ત અજોડ હતી. હજારોના હૈયે પ્રસંગની પૂરી અદબ અને આદર હતાં. સૌ શાંત રહીને સ્ટેજ તરફ એકીટશે થઈ રહેલા વિધિવિધાનો જોઈ-સાંભળી રહ્યા હતા. જ્યાં શિસ્ત અને

સમતા હોય ત્યાં જ જયઘોષ અને જયનાદ સહિત પ્રારંભાયેલ વિધિને જોવાની મજા આવે. દીક્ષાર્થીને સકળ સંઘ વતી તિલક કરવાની ઉછરામણી બોલાયા બાદ ઉછરામણી લેનાર ભાગ્યશાળીએ દીક્ષાર્થીને સબહુમાન તિલક કર્યું. મંગળરૂપે દેવવંદન વગેરે પવિત્ર અનુષ્ઠાનો થયા. મુમુક્ષુ મનોજકુમારને જ્યારે પૂજ્યપાદશ્રીએ ઓઘો અર્પણ કર્યો ત્યારે નાણસમક્ષ તેઓ નાચી ઊઠ્યા અને સકલ સંઘમાં જયજય ઘોષના મંગળ ધ્વનિ ગુંજી ઊઠ્યા. ત્યારબાદ દીક્ષાર્થીને અપાનારા ઉપકરણો પૂજ્યપાદશ્રીને વહોરાવવાની ઉછરામણીઓ ચાલુ થઈ. જોતજોતામાં ઉછરામણીનો આંક હજારોની ઉપર પહોંચી ગયો. ત્યારબાદ બે પૂજ્ય પંન્યાસજી મહારાજને આચાર્યપદ અર્પણ કરવા માટે સકળ શ્રી જૈન સંઘ વતી પૂજ્યપાદશ્રીને વિનંતી કરવાની અલગ અલગ રોમહર્ષક ઉછરામણી બોલાવાની શરૂઆત થઈ. તદુપરાંત નૂતન આચાર્યોને માટે સૂરિમંત્ર જાપ માટે નવકારવાળી વહોરાવવાની તથા પૂજ્યપાદશ્રી આચાર્ય ભગવંતો તથા નૂતન આચાર્યદેવોને નિષદ્યા(આસન) અર્પણ કરવા માટે તથા કામળી ઓઢાડવાની, તથા તેમના ગુરુપૂજનની ઉછરામણીઓનો રંગ તો અનોખો જામ્યો. પૂજ્ય બે પંન્યાસજી મહારાજનાં સંસારી સંબંધીઓ તથા પિંડવાડા-મુંબઈ-અમદાવાદ-જળગાંવ વગેરે સ્થળોના સુશ્રાવકોએ આ ઉછરામણીમાં ચઢતે પરિણામે રંગ જમાવવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો. કલ્પના બહારની ઉછરામણી થતાં ઉછરામણી એક સ્વપ્ન બની ગયું. સૌ આનંદવિભોર થઈ ગયા. ભાવિકજનો બોલીઓના હજારો રૂપિયાના અનુમોદનીય લાભો ઉછળતા હૈયે અને ઉમદા-ઉદાર ભાવપૂર્વક લેતા ગયા. ધનની મૂર્છા તોડી ધર્મ પ્રત્યે મમતા પ્રગટાવનાર ઉદાર મહાનુભાવોની સૌ કોઈ અંતરનાય અંતરથી અનુમોદના કરતા રહ્યા. ધનની મૂર્છાના ત્યાગનો હૈયા ઉછળતો આવો બહુરંગી ઉત્સાહ જોઈ જૈનેતરો તો ગદ્‌ગદ થઈ ગયા. કારણ કે ધનની મૂર્છાના ત્યાગનો હૈયા ઉછાળ પ્રસંગ તો જૈન સંઘમાં જ જોવા નિહાળવા મળે ને !

પૂજ્યપાદશ્રીએ સ્વમુખે બંને પૂજ્ય પંન્યાસજી મહારાજને મંગળ નંદીસૂત્ર-આગમ શુદ્ધ ઉચ્ચારથી લગભગ ૦।।। કલાક એકધારા સૂરમાં સંભળાવ્યું. સકળ સંઘે પણ શાંતિપૂર્વક ઉલ્લાસથી આ પવિત્ર સૂત્રનું શ્રવણ કર્યું. કલ્પસૂત્ર તો વર્ષોવર્ષ સાંભળવા મળે પરંતુ આ સૂત્ર તો આવા પ્રસંગે જ સાંભળવા મળે. સાધુવેષ પરિધાન કરીને મનોજકુમાર મંડપમાં પધારતાં 'દીક્ષાર્થીનો જયજયકાર'ના ગગનભેદી ધ્વનિઓ ગુંજી ઊઠ્યા. અને એ ચિરપ્રતિક્ષિત મંગળ ઘડી આવી. નિર્મળ પ્રેમથી સૂરિમંત્ર દ્વારા ઘોળી-ઘૂંટીને બંને પૂજ્યોને પૂજ્યપાદશ્રીએ વાસક્ષેપ કર્યો. અને બરાબર મંગળમુહૂર્તપળે ૧૦ ને ૫૧ મિનિટે બંને પૂજ્ય પંન્યાસજી મહારાજને પૂજ્યપાદશ્રીએ

સૂરિમંત્ર કાનમાં સંભળાવ્યો. તથા બંનેને વંદનીય તૃતીય આચાર્યપદ પ્રદાન કર્યું. નૂતન દીક્ષિતોને મહાવ્રતોનું ઉચ્ચારણ કરાવવામાં આવ્યું તથા મુમુક્ષુ મનોજકુમારની લોચવિધિ થઈ. આ અવસરે શ્રી સંઘે રોમહર્ષ હૈયે સુવાસિત વાસક્ષેપમિશ્રિત અક્ષતોથી નૂતન આચાર્યોને વધાવ્યા. જયનાદોથી પ્રસંગને ધમધમાવી દીધો. આનંદના અશ્રુઓથી છલકાવી દીધો. તે વખતના એ દશ્યને ભાવ છતાં ભાવથી વ્યક્ત કરવો અસંભવ છે બસ, એક નાદ... એક સાદ... બુલંદ અવાજ ગુંજી રહ્યો હતો... નૂતન આચાર્ય ભગવંતો અમર રહો...

ત્યારબાદ પૂજ્યપાદશ્રીએ બે નૂતન આચાર્યોને નિષદ્યા, અક્ષ, સૂરિમંત્ર, નવકારવાળી વગેરે અર્પણ કર્યા. નૂતન આચાર્ય ભગવંતોના તથા વડીદીક્ષા ગ્રહણ કરનારા મુનિઓ અને સાધ્વીજીઓના નામની ઘોષણા થઈ. વિશેષ ઉલ્લેખનીય છે કે સકળ સંઘમાં આગમ-કર્મસાહિત્ય-પ્રકરણ-છેદસૂત્રો વગેરેના અજોડ જ્ઞાતારૂપે સુપ્રસિદ્ધ પરમ પૂજ્ય નૂતન આચાર્યશ્રી વિજય જયઘોષસૂરિજી મહારાજને પૂજ્યપાદશ્રીએ **'સિદ્ધાંત દિવાકર'** પદથી વિભૂષિત કર્યા. મુમુક્ષુ મનોજકુમારનું નવું નામ પૂ. મુનિરાજશ્રી મનોરત્નવિજયજી જાહેર કરવામાં આવ્યું તથા તેમને પૂ.મુનિશ્રી જયસુંદરવિજયજી મહારાજના શિષ્ય રૂપે જાહેર કરાયા. ત્યારબાદ પૂ. મુનિશ્રી કલ્પરત્નવિજયજીનું પ્રસંગને અનુરૂપ બનાવેલું એક ગીત શ્રી ધર્મેન્દ્ર તથા જયેશ ભણશાલીએ ગવરાવ્યું.

તે પછી એક અભૂતપૂર્વ દશ્ય સર્જાયું જે જોવા માટે હજારો તલપાપડ બન્યા. જાણે કે આખો પ્રસંગ અદબ વાળીને મૌન ઊભો રહી ગયો. વાતાવરણમાં માત્ર હજારોનાં હૈયાની ધબક સંભળાતી રહી. આંખો સૌની વ્યાસપીઠ પર અપલક બની રહી પૂજ્યપાદ ગુરુદેવશ્રી પોતાના આસનેથી ઊભા થયા. પાટ પરથી ભૂતલ ઉપર ઊતર્યા. ક્રમશઃ નૂતન આચાર્યભગવંતોને એ આસન પર બિરાજમાન થવું પડ્યું. પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ વિનીત ભાવે ઉલ્લાસપૂર્વક વંદન કરવા માંડ્યું - આચાર્યપદ અર્પણ કરનાર પૂજ્યપાદ સૂરિ ભગવંત સહિત સકળ સાધુ-સાધ્વી સમુદાયે તેઓને ક્રમશઃ દ્વાદશાવર્ત વંદન કર્યું. તે અવસરે નૂતન આચાર્યોના મુખ ઉપર ગંભીરતા સાથે ગમગીનીનું વાદળ ઘેરાયેલું દેખાતું હતું. તથા આંખની પાંપણ ઉપર આંસુનું તોરણ ટીંગાઈ રહ્યું હતું. પદાર્પણ કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી પણ પોતાના શિષ્યને વિસ્તૃત વંદનવિધિ કરે અને એ રીતે નૂતન આચાર્યમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરવાનું આ અદ્‌ભુત વિધિવિધાન નિહાળી હજારો નેત્રો ધન્ય બન્યા. સૌના મુખમાંથી ઉદ્‌ગારો સરી પડ્યા. ધન્ય... જિનશાસન, ધન્ય... આચાર્યપદ અર્પણ કરનાર અને ધન્ય... આચાર્યપદે આરૂઢ થનાર. તે પછી ગુરુપૂજનની બોલી બોલનારા

ભાગ્યશાળીઓએ ગુરુપૂજન કર્યું. કામળી ઓઢાડવાની બોલી બોલનારા ભાગ્યશાળીઓએ કામળી ઓઢાડી. ત્યારબાદ પૂજ્યપાદશ્રી તથા નૂતન આચાર્યભગવંતોને કામળીઓ વહોરાવવા માટે ભવ્યાત્માઓની ભારે ભીડ જામી અને કામળીઓનો ગંજ ખડકાઈ ગયો.

તે અવસરે અમલનેર-માલેગાંવ-નંદરબાર-મુંબઈ ચંદનબાળા-પુના વગેરે સ્થળના અનેક શ્રી જૈન સંઘો તરફથી પૂજ્યપાદશ્રીને ચાતુર્માસ માટે આગ્રહપૂર્ણ વિનંતીઓ થઈ. ઉત્સર્ગાપવાદને નજર સમક્ષ રાખનારા પૂજ્યપાદશ્રીએ સાધુમર્યાદા અનુસાર અપવાદ રાખીને લાભાલાભ જોઈ-વિચારીને પુના શહેરમાં ચાતુર્માસ કરવાની ત્યાંના શ્રી પંચ દશા ઓસવાળ જૈન સંઘની વિનંતી મંજૂર કરી. પુના સંઘના અગ્રણીઓ આનંદથી નાચી ઊઠ્યા. બીજા અનેક સંઘોને પૂજ્યશ્રીએ આશ્વાસનના શબ્દો કહ્યા. ત્યારબાદ નૂતન પૂ. આચાર્યદેવોને તથા નૂતન વડીદીક્ષા-દીક્ષા ગ્રહણ કરનારા સંયમીઓને પૂજ્યપાદશ્રીએ સુંદર શાસ્ત્રીય હિતશિક્ષા સંભળાવી.

આચાર્યપદ પ્રદાનના મંગળ દિવસે અમલનેરવાળા શ્રી મિશ્રીલાલ લખીચંદ કોઠારી તથા પૂ. મુનિરાજશ્રી જગદ્‌ભૂષણવિજયજીની વડીદીક્ષા નિમિત્તે તેમના પિતાશ્રી નટવરભાઈ હરગોવિંદદાસ મુંબઈવાળા તરફથી સંઘપૂજનો થયા હતાં. તથા પિંડવાડાવાળા શ્રી પારસમલ કપૂરચંદ જશરાજજી તરફથી સકળ સંઘને શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી. તદુપરાંત, આ પ્રસંગે અવસર પામીને મુંબઈના ખોજાના માળાવાળા જૈન ભાઈ-બહેનોએ ભેગા થઈ પૂજ્યપાદશ્રીની અનુમતિ લેવાપૂર્વક પોતાના માળાના નિવાસી શ્રી નટવરભાઈ હરગોવિંદદાસને અભિનંદન આપવા પૂર્વક જણાવ્યું હતું કે તમોએ તમારા સુપુત્ર જિતેન્દ્રભાઈને (પૂ. મુનિરાજશ્રી જગદ્‌ભૂષણ વિજયજીને) પૂજ્યપાદશ્રીના ચરણે આજીવન સમર્પિત કરીને અમારા માળાનું ગૌરવ વધાર્યું છે. તથા ખૂબજ ઉલ્લાસપૂર્વક દીક્ષિત થયેલા તમારા સુપુત્ર મુનિરાજશ્રી જગદ્‌ભૂષણવિજયજીની વડીદીક્ષાનો પ્રસંગ હરખભેર ઉજવીને પિતૃત્વને ઉજમાળ કર્યું છે. તમારું સન્માન કરતાં અમે ખૂબ જ ગૌરવ અનુભવીએ છીએ. ત્યારબાદ તે ભાઈ-બહેનો તરફથી સકળ સંઘની હાજરીમાં શ્રી નટવરભાઈને સોનાનો અછોડો પહેરાવ્યો હતો તથા તેમના ધર્મપત્નીને ભારે સાડી અર્પણ કરી હતી. સુપુત્રને ઊલટભેર વડીદીક્ષા અપાવવા માટે ઉપસ્થિત થયેલા શ્રી નટવરભાઈને જોઈ સૌ હરખાયા હતા.

ત્યારબાદ પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી તથા પૂજ્ય નૂતન આચાર્ય ભગવંતો અને અન્ય મુનિસમુદાય 'સર્વ મંગલ' કરી બપોરે દોઢેક વાગે ઉપાશ્રયે પાછા પધાર્યા હતા. તે દિવસે વાસક્ષેપ નંખાવવા માટે આવનારા ભાવિકોની સખત ભીડ

જામી હતી. બપોરે શ્રી સંઘના ઉલ્લાસ સાથે દહેરાસરજીમાં શાંતિસ્નાત્ર ભણાવાયું હતું. બીજે દિવસે સવારે મુમુક્ષુ મનોજકુમારના પિતાશ્રીને ત્યાં ઘરઆંગણે મંડપમાં સવારે પૂજ્યપાદશ્રીએ મંગળ પ્રવચન ફરમાવ્યું હતું. એ સાંભળીને ત્યાંના બે જૈનેતર મહારાષ્ટ્રીયન ભાઈઓએ આજીવન માંસાહાર બંધ કરેલ. નૂતન દીક્ષિતના પિતાશ્રી અને સ્વજનોએ ગુરુપૂજન આદિ કરીને કામળીઓ વહોરાવી હતી. ત્યારબાદ પૂજ્યપાદશ્રીએ ૯ કલાકે ઉપાશ્રયેથી ભુસાવળ તરફ વિહાર કરતાં પૂજ્યશ્રીને વળાવવા માટે વિશાળ જનસમુદાય ક્યાંય સુધી પાછળ પાછળ આવ્યો હતો.

એકંદરે આચાર્યપદ પ્રદાનનો મહોત્સવ ખૂબ જ ઉલ્લાસ અને આનંદથી ઊજવાઈ ગયો. હજારો ભાવિકોએ તે નજરે નિહાળીને પોતાની જાતને ધન્ય માની. હજુ પણ ત્યાં જળગાંવ નગરમાં નૂતન આચાર્ય દેવોના જયઘોષ અને જયનાદના મંગળ ધ્વનિ ગુંજી રહ્યા છે. શાસનદેવની તથા સ્વર્ગસ્થ સિદ્ધાંતમહોદધિ આચાર્ય ભગવંતશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની સંપૂર્ણ કૃપાદૃષ્ટિથી આ મહોત્સવ અત્રે ઉપસ્થિત ભારતના વિવિધ જૈન સંઘ-અગ્રણીઓમાં ચિરસ્મરણીય અને અનુમોદનીય બની ગયો છે તેમાં કોઈ સંદેહ નથી.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૨,અંક-૨૭,તા.૧૭-૩-૧૯૮૪

ભુસાવળમાં ભવ્ય શાસન-પ્રભાવના

જળગાંવમાં શાનદાર રીતે ઉજવાયેલ આચાર્યપદ મહોત્સવનાં આખે દેખ્યા અહેવાલની શાહી સૂકાય એ પહેલા બીજા એક ભવ્ય મહોત્સવ ઉજવાયાના સમાચાર વાંચતા 'દિવ્યદર્શન'ના વાંચકો જરૂર આનંદાનુભવ કરશે.

વાત છે ભુસાવલનગરની. કેટલાય પૂજ્ય સાધુ-સાધ્વી મહારાજ દર વર્ષે ભુસાવલ થઈ અંતરીક્ષજી તરફ વિહાર કરે, પણ ભુસાવલમાં ભગવાનના દર્શન મળે નહીં. સેંકડો ઘરો અહીં સ્થાનકવાસી ભાઈઓનાં, પણ મૂર્તિપૂજક જૈનના માત્ર એક-બે. પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સમીપે સ્વ. કસ્તુરચંદજી રાંકાના ધર્મપત્ની ધાપૂબહેને નિયમ લીધેલો કે જ્યાં સુધી ભુસાવલમાં દહેરાસર ન કરીએ ત્યાં સુધી ભાત ખાવાના બંધ. તેમના સુપુત્રો સુગનચંદજી, પુખરાજજી, ઈન્દરચંદજીના હૃદયમાં દહેરાસર કરવા માટેની ઉત્તમ ભાવનાએ વેગ પકડ્યો. એના શુભ પરિણામે તેઓએ પોતાના નિવાસ સ્થાનમાં ઉપર આખો વિશાળ બીજો માળ સ્વતંત્ર ભવ્ય ગૃહમંદિર તૈયાર કરાવવામાં રોકી

લીધો. સંગેમરમરની વેદિકા અને સુંદર છત્રી બનાવરાવી. ૨૭" ઉંચના શ્રી મહાવીરસ્વામી ભગવાન વગેરે ત્રણ જિનબિંબોની અમલનેર મુકામે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના પવિત્ર હસ્તે અંજનશલાકા-પ્રાણપ્રતિષ્ઠા કરાવરાવી. તથા ગૃહમંદિરમાં તે ભગવાનની પ્રતિષ્ઠાના મહોત્સવ પ્રસંગે પધારવા પૂજ્યપાદ આચાર્યદેવશ્રીને ખૂબ જ આગ્રહપૂર્ણ વિનંતી કરી.

મહા સુદ-બીજના દિવસે શુભમુહૂર્તે શ્રી મહાવીરસ્વામી આદિ ત્રણ જિનબિંબોનો ભવ્યાતિભવ્ય સ્વાગત સાથે નગરપ્રવેશ અને ગૃહમંદિર પ્રવેશ પ્રસંગ ઉજવ્યો. આ પ્રસંગે વરઘોડામાં ભુસાવલ હાઈસ્કૂલ કૉલેજના એક હજાર વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ શાનદાર રીતે ભાગ લીધો. બહારગામથી પણ આમંત્રિત મહેમાન સાધર્મિક ભાઈઓની વરઘોડામાં મોટી સંખ્યામાં હાજરી રહી. નગરવાસી ભાઈઓએ પણ તેમાં ઉલટભેર ભાગ લીધો. તથા રોજ રોજ તેઓ દર્શન કરવા માટે પણ આવવા લાગ્યા. સ્થાનિક નગરજનોમાં ભારે ઉત્સાહનું મોજું ફરી વળ્યું. પૂજ્યપાદ આચાર્યદેવશ્રી પ્રતિષ્ઠા પ્રસંગે ક્યારે પધારે તેની સૌ રાહ જોવા લાગ્યા.

શ્રી સુગનચંદજી વગેરેએ પૂજ્યપાદશ્રીના ભવ્ય સ્વાગત માટે દિલ-દિમાગ લગાવીને બધી તૈયારી કરી. મહા વદિ ૧ ના દિવસે સવારે ભુસાવલના નાગરિકો તથા બહારગામથી પધારેલા આમંત્રિત મહેમાનોની વિશાળ મેદની પૂજ્યપાદશ્રીનું સ્વાગત કરવા સારું થનગની રહી હતી. મુખ્ય મુખ્ય માર્ગો ઉપર વિવિધ પ્રકારના સુશોભનો તોરણો, સુભાષિત વાક્યોના બોર્ડો વગેરે શોભી રહ્યા હતા. બેન્ડની પાછળ ન્યાય વિશારદ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂજ્ય આ.શ્રી વિજય ધનપાલસૂરિજી મહારાજ તથા પૂ. સિદ્ધાન્તદિવાકર આ.શ્રી જયઘોષસૂરિજી મહારાજ આદિ મુનિપરિવાર તથા સાધ્વીજી સમુદાય આટલી મોટી સંખ્યામાં જોવાનો લહાવો ભુસાવલના નગરજનો માટે પહેલીવાર જ હતો એટલે લોકોનો ઉત્સાહ અમાપ હતો. હાથી ઉપર પ્રભુજીની પ્રતિમા લઈ પુખરાજજી બેઠેલા.

સ્વાગત-સામૈયુ શહેરના મુખ્ય મુખ્ય માર્ગો ઉપર ફરીને દહેરાસર પાસે આવી ઊતર્યું. પૂજ્યપાદશ્રીએ દહેરાસરની નીચેના વિશાળ વ્યાખ્યાનગૃહમાં માંગલિક પ્રવચન ફરમાવ્યું. પ્રભાવના લઈ સહુ વ્યાખ્યાન વાણીથી ભિંજાયેલા હૈયે વિખરાયા. ભગવાનનો ભક્તિ મહોત્સવ શાનદાર રીતે ઉજવવા માટે બહારગામથી ખાસ ભક્તિમંડળોને આમંત્ર્યા હતા. પૂજાઓમાં અને ભાવનાઓમાં લોકો ભક્તિતરબોળ થઈ ગયા. વ્યાખ્યાનોમાં પૂજ્યશ્રીએ ભગવાનનો મહિમા, એમનો ઉપકાર, એમને સ્થાપેલા તીર્થની મહત્તા, એમના પ્રતિમાજીની મહત્તા તથા મૂર્તિપૂજા વગેરે વિષયો

ઉપર મંડન શૈલીથી સચોટ દાખલા અને દલીલો આપી આપી લોકોને ગદ્‌ગદ કરી દીધા હતા. મૂર્તિપૂજાનું અપ્રતિમ મહત્ત્વ સમજ્યા પછી લોકોનો દર્શન-પૂજનનો ઉત્સાહ ઘોડાપુરની જેમ વધી રહ્યો હતો.

જે પવિત્ર દિવસની રાહ જોવાઈ રહી હતી તે દિવસ મહા વદિ ચોથનું સુવર્ણ પ્રભાત આજે કોઈ જાણે નવી જ તાજગીનો સંદેશો લઈને ખીલ્યું હતું. પ્રતિષ્ઠાના સમયપૂર્વે જ હજારો ભક્તજનોથી દહેરાસર ખીચોખીચ ભરાઈ ગયું હતું. ઓમ્ પુણ્યાહં પુણ્યાહંના મંગળઘોષ ગાજી રહ્યા હતા. પ્રતિષ્ઠા કરાવનાર ભાગ્યશાળીની વિનંતીથી પૂજ્યપાદ આચાર્યદેવશ્રી સપરિવાર દહેરાસરમાં પ્રતિષ્ઠાવિધિ માટે પધાર્યા. લગ્નવેલાની પુણ્ય પળો પસાર થઈ રહી હતી. પૂજ્યપાદશ્રીએ પવિત્ર હસ્તે પ્રતિમાજી ઉપર પ્રતિષ્ઠાવિધિ મુજબ વાસક્ષેપ કર્યો. પ્રતિમાજીનું તેજ કોઈ ગજબનું ખીલી ઊઠ્યું. **શુભમુહૂર્તે ભગવાન ગાદીનશીન થયા.** લાગતું હતું કે જાણે ભગવાનની મૂર્તિ હમણાં જ બોલી ઊઠશે. પૂજ્યપાદશ્રી સહ ચતુર્વિધ સંઘે પ્રભુજી સમક્ષ સામૂહિક ચૈત્યવંદન કર્યું. ત્યારબાદ પ્રતિષ્ઠાના ઉત્તર અંગ રૂપે નીચેના વ્યાખ્યાન ગૃહમાં મંગલપ્રવચન થયું. બાદ નવકારશી જમણ અપાયું. સૌના હૈયા હરખાયા.

બીજે દિવસે મહાવદિ પાંચમની સવારે દ્વારોદ્‌ઘાટનવિધિ સુંદર રીતે ઉજવાયા બાદ વિશાળ પરિવાર સાથે પૂજ્યપાદશ્રીએ જામનેર તરફ વિહાર લંબાવ્યો ત્યારે સૌનાં હૈયા ગમગીન થઈ ગયા હતાં મોટી સંખ્યામાં લોકો પૂજ્યપાદશ્રીને વળાવવા આવ્યા હતા. માંગલિક સાંભળતાં સાંભળતાં કેટલાયની આંખમાં પૂજ્યશ્રીના વિરહની કલ્પનાથી આંસુ આવી ગયા હતા.

એકંદર, ભુસાવલ નગરમાં ઉજવાયેલ શ્રી મહાવીરસ્વામી ભગવાન પ્રતિષ્ઠા મહોત્સવ નગરજનો અને બહારગામથી પધારેલા ભાઈ-બહેનો માટે સુંદર કીમતી સંભારણું બની ગયો. ચાર દિવસના પૂજ્યશ્રીના સત્સંગની સુવાસ હજુ પણ ભુસાવલમાં મહેંકી રહી છે. લોકોના મુખે એક જ વાત રમી રહી છે... ભગવાનની પ્રતિષ્ઠાનો આવો ભવ્ય મહોત્સવ... અને આવા મહાન ગુરુદેવ ભૂલ્યા ભૂલાશે નહિ...

પૂજ્યશ્રી ભુસાવળથી વિહાર કરી જામનેર પધારતા સ્વાગત સામૈયું મુખ્ય માર્ગે ફરી મહાવીરભવનમાં ઉતરતાં પ્રવચન થયું. બે જાહેર પ્રવચન મંગલ કાર્યાલયમાં થતા નાગરિકોએ પ્રવચનનો લાભ ઉઠાવ્યો. રવિવારે શ્રી અષ્ટાપદજીની મહાપૂજા ભણાવાઈ. અમલનેરથી પધારેલ શ્રી વાસુપૂજ્ય મંડળે ભક્તિ સંગીતની રમઝટ મચાવી. પૂ. આચાર્યદેવશ્રીએ વચમાં વચમાં પૂજાના ભાવો પોતાની વૈરાગ્ય ભરપૂર

શૈલીથી સમજાવતા ભાવિકો સંવેગ-વૈરાગ્યરસથી ભીના થયા. જામનેરથી વિહાર કરી શેંદુર્ણી-પહુર-વરખેડી વગેરે ગામોમાં પૂજ્યશ્રીના પ્રવચન થતાં લોકોએ સારો લાભ ઉઠાવ્યો. પાંચોરા પધારતા શ્રી સંઘે ભવ્ય સ્વાગત સાથે પૂજ્યશ્રીની પધરામણી કરાવી વિવિધ ગહુલીઓથી પૂજ્યરી આદિ વિશાળ પરિવારને વધાવ્યા. પૂજ્યશ્રી અત્રે પધારનાર હોઈ શ્રી સંઘ પંચાન્હિકા જિનેન્દ્ર મહોત્સવ ગોઠવી પ્રભુભક્તિનો તેમજ વ્યાખ્યાન વાણીનો સારો લાભ ઉઠાવ્યો.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૨,અંક-૩૫,તા.૧૨-૫-૧૯૮૪

સંગમનેરમાં ભાગવતી દીક્ષાઓનો જયડંકો

સંયમગગનમાં ઉડ્ડયન કરવા કાજે સુવિખ્યાત એરોડ્રોમ-સંગમનેર

શાસનના પ્રભાવક પ્રસંગોને સુપેરે ઊજવવાનું અદ્‌ભુત કૌશલ્ય ખાનદેશ મહારાષ્ટ્રમાં આવેલા સોભાગી સંગમનેરનગર પાસે છે; અને અવારનવાર આવા પ્રસંગોને ઊજવવાનું સદ્‌ભાગ્ય પણ આ નગરને પ્રાપ્ત થયું છે.

સંગમનેરના ૪ તપસ્વી યુવાન ચેતનકુમાર તથા રાજેન્દ્રકુમારના પ્રભાવક દીક્ષા-મહોત્સવને હજુ ૨ વર્ષના ય વહાણાં વીત્યા નહોતા. અને ગત મહા માસમાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય રંગસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ની નિશ્રામાં પાંચ યુવાનોનો પ્રભાવક દીક્ષા-મહોત્સવ ઊજવાયો, આ દીક્ષા પ્રસંગના દશ્યો હજુ નજર સામેથી ખસ્યા નહોતાં, ત્યાં જ સાયન નિવાસી મુમુક્ષુ મહેન્દ્રભાઈ પરિવાર આદિ **૬ ભવ્યાત્માઓના અતિ ભવ્ય** પ્રવ્રજ્યા-મહોત્સવને ઊજવવા સંગમનેર સદ્‌ભાગી બન્યું.

વર્ધમાન તપોનિધિ, પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા, પ્રશાન્તમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ધનપાલસૂરીશ્વરજી મહારાજા, સિદ્ધાંત દિવાકર પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા આદિ સુવિશાલ શ્રમણ સમુદાયના શુભ સાંનિધ્યમાં અતિ ભવ્ય દીક્ષા મહોત્સવ તાજેતરમાં જ ઊજવાયો.

ઘર ઘરમાં સંયમ ધર્મનું વિશિષ્ટ ઉપબૃંહણ ઉપસ્થિત કરતા આ દીક્ષા મહોત્સવનો વિસ્તૃત અહેવાલ દિવ્ય-દર્શનના આ અંકમાં જનહિતાર્થે પ્રકાશિત કરવામાં આવે છે.

વાંચકોના દિલને ડોલાવતી બેનમૂન આમંત્રણ પત્રિકા :

મુમુક્ષુ મહેન્દ્રકુમાર પરિવારના દીક્ષા પ્રસંગે આમંત્રણ કાજે શેઠશ્રી લલ્લુભાઈ દેવચંદ પરિવાર તરફથી વિશિષ્ટ આમંત્રણ પત્રિકાનું પ્રકાશન થયું હતું.

મંગલકુંભના આકારની આ પત્રિકા દશ પાનાની હતી. પત્રિકાનો પ્રત્યેક શબ્દ વાંચકના હૃદયને ગદ્‌ગદ બનાવતો હતો. અપાર ભૌતિક વૈભવને તિલાંજલી આપી સંયમપંથે દોડી જતા આ પરિવારનું આ અદ્‌ભુત પરાક્રમ જાણી સહુના અંતરમાં સંયમપંથનો અપૂર્વ અહોભાવ પ્રગટાવતી આ પત્રિકા સહુના આકર્ષણનું કેન્દ્ર બની. પાછળથી મળેલા સમાચાર મુજબ આ પત્રિકાએ ગામેગામ જન-આવર્જન અદ્‌ભુત કરેલું.

આ છે મહાસંગ્રામના પરાક્રમી સેનાનીઓ :

(૧) મુમુક્ષુ મહેન્દ્રકુમાર : જૈનકુળમાં જન્મેલા મહેન્દ્રકુમારને જૈનશાસનનો સાચો પરિચય ખૂબ મોડો થયો. પણ "જાગ્યા ત્યારથી સવાર" એ ન્યાયને અનુસરીને નાસ્તિકતાના ઝેર એક જ ઝાટકે ઓકી નાખ્યા. અને આ લોકોત્તર શાસનને પૂર્ણપણે આરાધી લેવાનો અપૂર્વ તલસાટ તેમના દિલમાં જાગ્યો. તેમનું અદ્‌ભુત શુરાતન કર્મના પંથેથી ધર્મના પંથે વળ્યું. આજે તેમના પ્રત્યેક રૂંવાડામાં જૈન શાસન પામ્યાની અજબ ખુમારી ફરકે છે. તેમના વાણી અને વર્તનમાં નર્યો વૈરાગ્ય નીતરે છે. પોતાના પરિવાર સહિત આત્મકલ્યાણના પંથે પ્રયાણ કરવાનું તેમનું પરાક્રમ દાદ માગી લે તેવું છે. અઠ્ઠાઈ, નવ ઉપવાસ, સોળ ભથ્થુ, ૧૧ ઉપવાસ, ધર્મચક્ર તપ, વર્ધમાન તપની ૯ ઓળી અને મહિનાઓ સુધી એકાસન વ્રત આદરીને તેમણે આત્મવીર્યને ખીલવ્યું. પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, શ્રમણસૂત્રો, સ્તવન-સજ્ઝાય વગેરે તેમણે કંઠસ્થ કર્યા.

(૨) મુમુક્ષુ વિકાસકુમાર : ૧૫ વર્ષની કુમળી વય અને કુમળી કાયામાં સંયમની કઠીન સાધનાને આદરનારા વિકાસકુમાર વિશિષ્ટ બુદ્ધિ પ્રતિભા ધરાવે છે. ઈંગ્લીશ મિડિયમમાં ૯ ધોરણનો વ્યાવહારિક અભ્યાસ છતાં સંયમધર્મના સર્વયોગોને સુપેરે આરાધી લેવાના અરમાનો અને ઉમંગોથી તેમનું હૃદય છલકાય છે. ૨ વર્ષ સુધી સતત ગુરુનિશ્રામાં રહીને તેમણે ૧૫૦૦ કિ.મી.થી પણ વધુ વિહાર કર્યો છે. તેમણે કરેલી અઠ્ઠાઈ, ધર્મચક્ર તપ અને વર્ધમાન તપની ૯ ઓળીની આરાધનામાં તેમનું વિશિષ્ટ સત્ત્વ છતું થાય છે.

પાંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથ (પદાર્થ સહિત), વૈરાગ્ય શતક, ઈન્દ્રિય પરાજય શતક, ઉપદેશમાલા (અર્ધી) કામણસૂત્રો

તથા દશવૈકાલિક ૪ અધ્યયન કંઠસ્થ કરીને તેમણે ઊભી કરેલી સ્વાધ્યાયની આ મોટી મૂડી તેમની ઉત્કટ જ્ઞાનપિપાસાનો પ્રબળ પુરાવો છે.

(૩) મુમુક્ષુ આશીષકુમાર : ૧૨ વર્ષની ઉંમરના આ નાનકડા બાળમાં પીઢ પુરુષને છાજે તેવું અનુપમ ગાંભીર્ય છે. મોહસેનાને ધ્રુજાવી દે તેવી અદ્‌ભુત ખુમારી આ બાળક ધરાવે છે.

ગુરુનિશ્રામાં સતત ૨ વર્ષ રહીને તેમણે સંયમ જીવનની અપૂર્વ તાલીમ લીધી છે. ૧૫૦૦ કિ.મી.થી પણ વધુ વિહાર કરીને તેમણે મહારાષ્ટ્ર અને ગુજરાતની ધરાને પગે ચાલીને ખૂંદી છે. વર્ધમાન તપનો પાયો તથા અઠ્ઠાઈ તપની સાધના કરીને બાળદેહમાં છુપાયેલા અદ્‌ભુત કૌવતનું તેમણે દર્શન કરાવ્યું છે. તેમની અદ્‌ભુત સ્મરણશક્તિ અને સ્પષ્ટ ઉચ્ચારથી પ્રભાવિત બનેલી શ્રી સાયન જૈન સંઘે તેમને "સાયનરત્ન"નું બિરૂદ એનાયત કર્યું હતું. પાંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૧ કર્મગ્રન્થ, વૈરાગ્ય શતક, શ્રમણસૂત્રો અને શ્રી દશવૈકાલિક ૪ અધ્યયન તેમણે કંઠસ્થ કર્યા છે.

મુમુક્ષુ નીરૂબેન :

અખૂટ ધૈર્ય અને સહિષ્ણુતાની મૂર્તિ સમા મુમુક્ષુ નીરૂબેન પિયરપક્ષ તેમજ શ્વસુરપક્ષે અપાર ભૌતિક વૈભવ વચ્ચે ઉછરેલા છે. આ નશ્વર વૈભવ તેમને વસમો લાગ્યો. આત્માના શાશ્વત વૈભવને પામવાની ઉત્કટ ઝંખના તેમના અંતરમાં ઉદ્‌ભવી અને ૨૨ પરિષહોથી મઢેલા સંયમપંથને તેમણે મુબારક માન્યો. જવલંત વૈરાગ્યની જ્યોતિ અંતરમાં પ્રગટાવીને તેમણે સંયમ માટેની અદ્‌ભુત તાલિમ લીધી. વર્ધમાનતપની ૯ ઓળી અને મહિનાઓ સુધી એકાસણ વ્રત કરીને તપોયોગની તાલિમ લીધી. પૂ. સાધ્વીજી ભગવંતની નિશ્રામાં વિહાર, સ્વાધ્યાય, તપ આદિ યોગોને સુપેરે આરાધીને ઉજ્જવળ સંયમ જીવનની પૂર્વભૂમિકા રચી. પાંચ પ્રતિક્રમણ, શ્રમણસૂત્રો, નવસ્મરણ, વૈરાગ્યશતક તેમણે કંઠસ્થ કર્યા, પોતાના સંસાર ત્યાગની સાથે જ પોતાના આંખની કીકી સમા બે તેજસ્વી બાળકોનું અમૂલ્ય યોગદાન હર્ષભેર કરીને આ રત્નકુક્ષી માતા સાધ્વીજીવન પામી રહ્યા છે.

દીક્ષાર્થી અમરકુમાર :

ઉચ્ચ પ્રકાશના પંથે બંધુ ચેતનકુમારને વળાવ્યા પછી આ યુવાનનું મન સંસાર પર ચોંટતું નહિ. બી.કોમ.નો અભ્યાસ ચાલુ હતો પણ ચિત્તડું તો સમ્યગ્જ્ઞાનના શિખરો તરફ મીટ માંડીને બેઠેલું હતું. સંવેગ ભરપૂર હતો પણ પુરુષાર્થ પાંગળો પૂરવાર થતો હતો. એમાં સાયનનિવાસી દીક્ષાર્થી મહેન્દ્રભાઈ

પરિવારનો દીક્ષા મહોત્સવ સંગમનેરમાં પોતાના ઘર આંગણે ઊજવવાનો નિર્ણય થતા તેની જોરદાર તૈયારીઓ ચાલુ થઈ ગઈ, આ પરિવારના દીક્ષાદિનની ઘડીઓ નજીક આવતાં આ યુવાન અમરમાં અજર અમર થવાના માર્ગે અદ્‌ભુત સત્ત્વનો સંચાર થવા લાગ્યો. અને અદ્‌ભુત દૃઢતા અને અપૂર્વ કર્તવ્યનિર્ણય અંતરમાં સ્થાન પામ્યા. ચૈત્ર વદ-૫ ના દીક્ષા દિનને ૨૦ દિવસનું જ અંતર હતું અને તે મુહૂર્તને જ સાધી લેવાના પોતાના દૃઢ નિર્ધારને આ યુવાને પોતાના વડીલો સમક્ષ રજૂ કર્યો. જ્વલંત વૈરાગ્ય અને અપૂર્વ અડગતાને પિછાણીને ઉદાર સ્વજનોએ આશીર્વાદ અનુમતિ આપી.

૨૦ મી એપ્રિલના દિને પોતાની બી.કોમ.ની પરીક્ષાનો પ્રારંભ થવાનો હતો. તે જ દિને અમરકુમારે માનવ જનમની સાચી પરીક્ષામાં ઝુકાવી દીધું.

તેમને અખાત્રીજના દિને વરસીતપનું પારણું થશે. અમરકુમાર તપ, સ્વાધ્યાય વૈયાવચ્ચ આદિ તારક ધર્મ યોગોની અદ્‌ભુત રુચિ ધરાવે છે. સુવિશુદ્ધ સંયમપાલનના અપૂર્વ તલસાટથી એમનું મન થનગની રહ્યું છે.

દીક્ષાર્થી પ્રફુલ્લકુમાર :

સ્વ. પૂ. તપસ્વીશ્રી મણિપ્રભવિજયજી મ.સા. એ પોતાના સંસારી કુટુંબ પર અપાર કૃપા વરસાવીને સંયમ અને તપનું સુંદર દાન કર્યું. મુમુક્ષુ પ્રફુલ્લકુમાર પણ આ મહાપુરુષથી કૃપાને પામેલા આ કુટુંબ સાથે સંકળાયેલા છે.

વ્યાવહારિક નવ ધોરણ સુધીનો તેમણે અભ્યાસ કરેલો છે. ગુરુકુળવાસમાં મહિનાઓ સુધી રહીને તેમણે તપ, સ્વાધ્યાય આદિ યોગોની સુંદર તાલીમ લીધી. કલિકુંડ તીર્થમાં યોજાયેલી જૈન ધાર્મિક શિક્ષણ શિબિરે તેમના જીવન પરિવર્તનમાં અમૂલ્ય ફાળો આપ્યો.

પાંચ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય તેમણે કંઠસ્થ કર્યા. પૂર્વ ભારતની અનેક કલ્યાણક ભૂમિઓની તેમણે યાત્રા કરી છે.

હજારોની મેદનીને મુગ્ધ અને દિઙ્‌મૂઢ કરતા બાળમુમુક્ષુઓના વક્તવ્ય-અંશો :

કોઈ માણસ મુંબઈ જાય અને હલવો લીધા વગર આવે તે મૂર્ખ કહેવાય છે. કોઈ માણસ સુરત જાય અને ધારી લીધા વગર આવે તે મૂર્ખ કહેવાય છે. કોઈ માણસ ખંભાત જાય અને હલવાસન લીધા વગર આવે તે મૂર્ખ કહેવાય છે. તેમ જે માણસ માનવગતિમાં આવી સંયમ લીધા વગર જાય તે મહામૂર્ખ કહેવાય છે.

સિગરેટના પાકીટ ઉપર Statutory Warning લખેલી હોય છે કે,-

"Ciggarete Smoking is injurious to health."

આ વોર્નિંગ વાંચવા છતાં મજેથી બેફિકર બનીને સિગરેટ પીનારો માણસ ખૂબ બેપરવા કહેવાય છે. તેમ... અનંતજ્ઞાની જિનેશ્વર ભગવંતોની સંસારની પ્રત્યેક પદાર્થ પર આવી ગુપ્ત ચેતવણી લખેલી છે કે- "આ ચીજ આત્માનું ભયંકર અધ:પતન નોંતરનારી છે." જ્ઞાની ગુરુભગવંતો દ્વારા આ ચેતવણી પ્રગટ રૂપે જાણવા છતાં તેનો ભોગવટો કરનાર માણસ પણ કેટલો બેપરવા કહેવાય ?

અમારો આધ્યાત્મિક ઉત્કર્ષ તે અમારું પરાક્રમ નથી.

અમારું જીવન એક અંધારો ઓરડો હતો, અમારા ગુરુદેવે તેમાંથી આ મનોહર શિલ્પ ઘડ્યું.

અમારું જીવન દોષોના ઉકરડા સમું હતું, બુલડોઝર બનીને અમારા ગુરુદેવ ઉકરડો ઉલેચી નાખ્યો.

અમારા જીવનની ઉખરભૂમિમાં કુશળ કિસાન સમા અમારા ગુરુદેવે પ્રેરણાના પીયૂષ સીંચીને વૈરાગ્ય બીજ અંકુરિત કર્યું અને ક્રમશઃ પલ્લવિત, પુષ્પિત અને ફલિત બનાવ્યું.

"ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુદેવો મહેશ્વરઃ"

અમારા ગુરુદેવે અમારામાં ગુણોનું સર્જન કર્યું, માટે તે બ્રહ્મા છે. અમારા ગુરુદેવે અમારા ગુણોનું પાલન-રક્ષણ કર્યું, માટે તે વિષ્ણુ છે. અમારા ગુરુદેવે અમારા દોષોનું વિસર્જન કર્યું, માટે તે મહેશ છે.

માથાફોડ પ્રશ્નોના જડબાતોડ જવાબો :

બાલ્ય વયમાં પોતાના માતા-પિતા સાથે ઉચ્ચ પ્રકાશના પંથે સંચરણ કરવા કટિબદ્ધ બનેલા મુમુક્ષુઓ સામે બુદ્ધિજીવીઓ તરફથી ઠેર ઠેર વિકટ પ્રશ્નોનો વરસાદ વરસ્યો. આ તેજસ્વી મુમુક્ષુઓએ તે પ્રશ્નોના તર્કસંગત સચોટ પ્રત્યુત્તર વાળીને સહુને સ્તબ્ધ કરી દીધા;-

પ્રશ્ન : આ કુમળી વયમાં કોમળ કાયાથી તમે સંયમની કઠીન સાધના કેવી રીતે કરી શકશો ?

જવાબ : સાધનાને વય સાથે સંબંધ નથી, વિવેક સાથે સંબંધ છે. બાલ્ય વયમાં અતિમુક્ત મુનિએ કૈવલ્યલક્ષ્મી સંપાદન કરી હતી. શૈશવકાળમાં સંચરણ કરતા વજસ્વામી ૧૧ અંગના જ્ઞાતા બન્યા હતા. ૧૮ દેશના પ્રતિપાલક પરમાર્હત્ કુમારપાળના ગુરુ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કિશોરવયમાં જ આચાર્યપદે પ્રતિષ્ઠિત થયા હતા...

આ જ્યોતિર્ધર મહાપુરુષોના જ્વલંત આદર્શો સતત અમારી નજર સમક્ષ છે.

પ્રશ્ન : દુનિયાના રંગવૈવિધ્યનો અનુભવ કર્યા વગર તમે સંયમધર્મને સ્વીકારી રહ્યા છો. તમારું આ પગલું ઉતાવળિયું નથી ?

જવાબ : અનંત જ્ઞાની જિનેશ્વર ભગવંતોએ આ સંસારને વિષમય કટોરાની ઉપમા આપી છે. અને વિષના કદી પારખા થતા હશે ?

વળી, પરમાત્માએ આઠ વર્ષની વય થતાં જ સંસારને તિલાંજલી આપી દેવા ફરમાવ્યું છે. અમે તો ઘણા મોડા જાગ્યા છીએ.

પ્રશ્ન : તમે દાક્ષિણ્યવશ માતા-પિતાની પાછળ ખેંચાઈને તો દીક્ષા નથી સ્વીકારતા ને ? એકી સાથે એક જ પરિવારના ચારે સભ્યોને સંયમના ભાવ જાગે તે કેવી રીતે સંભવે ?

જવાબ : પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભકુમારે ૪,૦૦૦ ક્ષત્રિયો સાથે દીક્ષા સ્વીકારી હતી. પાર્શ્વકુમાર અને મલ્લિકુમારોએ ૩૦૦ તેજસ્વી રત્નો સાથે સંયમનો સ્વીકાર કર્યો હતો. વાસુપૂજ્ય સ્વામીએ ૬૦૦ નરબંકાઓ સાથે પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી. પ્રભુ વીર સિવાયના શેષ તીર્થંકરો પણ હજાર-હજારની સાથે સંયમ પંથે સંચર્યા હતા. અરે !... સંયમનો સ્વીકાર એ તો સામાન્ય વાત રહી... પુંડરીકસ્વામીએ ૫ ક્રોડ અણગારો સાથે નિર્વાણપદ પ્રાપ્ત કર્યું. પાંચ પાંડવો ૨૦ ક્રોડ મુનિવરો સાથે મોક્ષે સીધાવેલા. દ્રાવિડ અને વારિખિલ્લ ૧૦ ક્રોડ મુનિવરો સાથે સિદ્ધ થયેલા નમિ-વિનમિ ૨ ક્રોડ મુનિઓ સાથે મુક્તિપદને પામ્યા તો અમે ચાર એક સાથે સંયમનો સ્વીકાર કરીએ તેમાં શું આશ્ચર્ય ?

ઘાતકી ખંડના ૬ ખંડને જીતવા નીકળેલા સુભૂમ ચક્રવર્તીના ચર્મરત્નની પાલખી ઉપાડનારા ૧૬ હજાર યક્ષને એક સાથે એક સરખો વિચાર આવ્યો કે, "હું એકલો હાથ છોડી દઈશ તો કાંઈ વાંધો નહિ આવે." ૧૬ હજારને એક જ વખતે એક સરખો વિચાર આવે તો ચાર વ્યક્તિને એક સાથે દીક્ષાનો ભાવ કેમ ન જાગે ?

નગરજનોની પરીક્ષા કાજે હોજમાં રાત્રે દૂધનો એકેક લોટો રેડી જવાનું સર્વ નગરજનોને બીરબલે ફરમાન કર્યું. "સહુના દૂધની વચ્ચે મારો ૧ લોટો પાણી ભળી જશે." આવો વિચાર એક સાથે સર્વ નગરજનોને આવ્યો.

મશીનગન ચાલુ થતાં તેમાંથી એક સાથે સેંકડો ગોળીઓ નીકળે છે અને સેંકડો ગોળીઓ નીકળે છે અને સેંકડો સૈનિકોને વીંધી નાખે છે... તેમ અમારા પરમ તારક પૂ. ગુરુદેવના હૃદયમાંથી નીકળેલી વૈરાગ્યવર્ધક વાણીની વેધક

ગોળીઓએ અમારા ચારેયની મોહદશાને એક સાથે વીંધી નાખી.

મ્યુનિસિપાલીટીનો વર્કર ૧ બટન દબાવે અને રોડ પરની સેંકડો લાઈટ એક સાથે ચાલુ થઈ જાય છે તેમ અમારા પૂ. ગુરુદેવ હિતોપદેશનું એક બટન દાબી અમારા ચારે ય ના અંતરમાં એક સાથે અધ્યાત્મના અજવાળા પધાર્યા.

પ્રશ્ન : તમે દીક્ષિત બનીને તમારી શક્તિઓ દ્વારા શાસનની શું સેવા કરવા ચાહો છો ?

જવાબ : અમારા ગુરુદેવના આંગળીચીંધ્યા રાહ પર ચાલવા સિવાય અમારી બીજી કોઈ ઉમેદ નથી. અમારી પાત્રતા અનુસાર અમારા ગુરુદેવ અમને જ્યારે જે ફરમાવે તે કરવા અમે તૈયાર છીએ.

પણ, એટલું તો અમે પરમાત્માને રોજ પ્રાર્થીએ છીએ કે, અમારી શક્તિઓ આ પરમતારક પરમાત્મશાસનને સહેજ પણ નુકસાન કરનાર ન નીવડો...

ઠેર ઠેર મુમુક્ષુઓના સન્માન :

(૧) ધંધુકામાં મુમુક્ષુ મહેન્દ્રભાઈ પરિવારનો વરસીદાનનો ભવ્ય વરઘોડો તથા શાનદાર સન્માન થયા.

(૨) કલકત્તામાં મુમુક્ષુ મહેન્દ્રભાઈ પરિવારનો વરસીદાનનો વરઘોડો તથા સન્માન થયા.

(૩) બેરમો (બિહાર)માં મુમુક્ષુ મહેન્દ્રભાઈ પરિવારનું શાનદાર સન્માન થયું.

(૪) ભાવનગરમાં મુમુક્ષુ મહેન્દ્રભાઈ પરિવારના કુટુંબીજનો તરફથી ત્રણ દિવસનો ભવ્ય મહોત્સવ ઊજવાયો અને દીક્ષાર્થી પરિવાર તરફથી સમગ્ર ભાવનગરના ૨૫ હજાર સાધર્મિકોનું સ્વામી વાત્સલ્ય થયું, ભવ્યાતિભવ્ય વરસીદાનનો વરઘોડો અને સન્માન સમારંભ હજારો લોકોએ ઉલ્લાસથી નિહાળ્યા, લોકો બોલતા હજારો રૂા. ઉછાળ્યા.

(૫) સાયન (મુંબઈ)માં દીક્ષાર્થી પરિવાર તરફથી ૩ દિવસનો મહોત્સવ ઊજવાયો. વરસીદાનનો અતિ ભવ્ય વરઘોડો થયા તથા સંઘરત્ન શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફના પ્રમુખપદ નીચે ભવ્ય બહુમાન સમારંભ થયો. અતિથિવિશેષ તરીકે શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ, શેઠશ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ તથા શેઠશ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી ઉપસ્થિત થયા હતા.

(૬) કરાડમાં પણ દીક્ષાર્થી મહેન્દ્રભાઈ પરિવાર તથા અમરકુમારને વરસીદાનનો વરઘોડો તથા બહુમાન થયા.

(૭) મંચરમાં દીક્ષાર્થી મહેન્દ્રભાઈ પરિવાર તથા અમરકુમારનો વરસીદાનનો વરઘોડો તથા બહુમાન થયા.

(૮) મુમુક્ષુ પ્રફુલ્લકુમારના સંસારી વતન હીરાપુરમાં તેમનો વરસીદાનનો ભવ્ય વરઘોડો, સ્વામિવાત્સલ્ય, બહુમાન આદિ સુંદર કાર્યક્રમ થયા.

(૯) સંગમનેરમાં મહોત્સવ દરમ્યાન ભિન્ન ભિન્ન વ્યક્તિઓ તરફથી દીક્ષાર્થીઓના અનેક વરઘોડા થયા.

(૧૦) તદુપરાંત મુંબઈ, સંગમનેર આદિ શહેરોની અનેક સંસ્થાઓએ અને સંઘોએ દીક્ષાર્થીઓનું બહુમાન કર્યું.

પૂજ્ય સૂરિપુંગવોનો શાનદાર નગર પ્રવેશ :

દીક્ષા મહોત્સવમાં શુભ સાંનિધ્ય અર્પવા વર્ધમાનતપોનિધિ, પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાને દીક્ષાર્થી પરિવારે તથા સંગમનેરના સંઘે મહિનાઓ પૂર્વે જ આગ્રહપૂર્ણ વિનંતી કરી રાખેલી. આવો વિશાળ મુનિ પરિવાર પ્રથમવાર જ સંગમનેરના આંગણે પધારવાનો હોવાથી સહુના અંતરમાં ઉલ્લાસ અપાર હતો. પૂજ્યશ્રીના ભવ્ય સત્કારની સુંદર તૈયારીઓ થઈ.

અને પ્રભુ વીરના જન્મકલ્યાણકના શુભ દિને પૂજ્યપાદશ્રીનો સંગમનેર નગરમાં પ્રવેશ થયો. સંગમનેરના સઘળા રાજમાર્ગો ધજાપતાકાઓ અને સત્કારના પડદાઓથી શણગારવામાં આવ્યા હતા. અનેક બેન્ડ, બેડાયુક્ત બાલિકાઓ, ઘોડેસવાર, વરસીદાન આપતા મુમુક્ષુઓની ગાડીઓ, આદિથી ભવ્ય સ્વાગતયાત્રા શોભતી હતી, ૧૦૮ મનોહર અને વિવિધ રચનાઓવાળી આકર્ષક ગહુંલીઓથી પૂજ્યપાદશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું.

માર્ગમાં એક જગ્યાએ દેવવિમાનની રચના ખૂબ આકર્ષક હતી. આ વિમાનમાંથી ઉતરીને એક દેવકન્યાએ પૂજ્યપાદશ્રીને ગહુંલી કરી અને વાતાવરણ જયનાદોથી ગુંજી ઊઠ્યું.

આ સ્વાગતયાત્રાની સાથે જ પરમાત્માના જન્મકલ્યાણકનો વરઘોડો તથા દીક્ષાર્થીઓના વરસીદાનનો વરઘોડો પણ સમ્મિલિત કરવામાં આવ્યો હતો.

સ્વાગતયાત્રા પૂર્ણ થતાં સ્વાગતગીત બાદ પૂજ્યપાદશ્રીનું પ્રવચન થયું. દીક્ષાર્થી પરિવારના કુટુંબીજનો તરફથી સંઘપૂજન તથા સંગમનેર જૈન સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ.

પ્રવ્રજ્યાના પુનીત પ્રસંગે સુવિશાલ શ્રમણ સમુદાયનું શુભંકર સાંનિધ્ય :

સાર્ધશત શ્રમણ સાર્થપતિ વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય

ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા પ્રશાન્ત મૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય ધનપાલસૂરીશ્વરજી મહારાજા સિદ્ધાન્ત દિવાકર પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા પૂ. પંન્યાસ પ્રવરશ્રી વિચક્ષણવિજયજી ગણિવર, પૂ. પંન્યાસ પ્રવરશ્રી ધર્મજિતવિજયજી ગણિવર, પૂ. પંન્યાસ પ્રવરશ્રી પુંડરિકવિજયજી ગણિવર, પૂ. ગણિવર્ય શ્રી જયશેખરવિજયજી ગણિવર આદિ ૬૦ સાધુ ભગવંતો તથા

સાધ્વીશ્રી રોહીણાશ્રીજી મ., સાધ્વીશ્રી વિજ્ઞાનશ્રીજી મ., સાધ્વીશ્રી વિનોદશ્રીજી મ., સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી મ., સાધ્વીશ્રી શુભોદયાશ્રીજી મ., સાધ્વીશ્રી શીલવર્ધનાશ્રીજી મ. આદિ ૮૦ સાધ્વીજી ભગવંતો

સર્વવિરતિ સ્વીકારના મંગળ અવસરે અપૂર્વ ભક્તિ મહોત્સવ :

ચૈત્ર સુદ-૧૧ ના દિને શરણાઈના મધુર સૂરોથી વાતાવરણ ગુંજી ઊઠ્યું, અને નવ દિવસના ભવ્ય જિનેન્દ્રભક્તિ-મહોત્સવનો પ્રારંભ થયો. સંગીતના વિવિધ સાજ સાથે સંગીતજ્ઞો ઉપસ્થિત થયા. રાજકોટથી શ્રી વર્ધમાન સંગીત મંડળ આવ્યું અને મુંબઈથી શ્રી મેઘકુમારભાઈ આવ્યા. યેવલાથી બાળ સંગીતકાર પારસકુમાર પધાર્યા અને સંગમનેરનું સ્થાનિક સુપ્રસિદ્ધ શ્રી મહાવીર શાસન સેવા મંડળ તો જિનભક્તિની રસલહાણ પીરસવા ઉપસ્થિત જ હતું.

શ્રી મોહનીયકર્મ નિવારણ પૂજા, શ્રી અંતરાયકર્મ નિવારણ પૂજા, શ્રી વીસસ્થાનક પૂજા, શ્રી સત્તરભેદી પૂજા, પાટલાપૂજન આદિ વિવિધ પૂજાઓમાં રાગ-રાગીણીની વૈવિધ્યથી સંગીતકારોએ સહુને મંત્રમુગ્ધ બનાવ્યા અને ભક્તિરસમાં તરબોળ કર્યા.

શ્રી અષ્ટાપદજીની પૂજાનો ઠાઠ તો અનેરો હતો. પૂજાના પ્રારંભથી જ શ્રોતાઓની ભારે ઠઠ જામી હતી. પૂ. આચાર્ય ભગવંતે આ પૂજાના રહસ્યો સમજાવીને સહુને ભક્તિરસ નિમગ્ન ને રોમાંચિત કર્યા.

છાણીથી પધારેલા વિધિનિષ્ઠ શ્રાદ્ધવર્ય શ્રી જગુભાઈએ શુદ્ધ મંત્રોચ્ચારોપૂર્વક શ્રી અષ્ટોત્તરશત પાર્શ્વનાથ મહાપૂજન ભણાવ્યું. સુશોભિત માંડવા સમક્ષ સંગીતના જલસાપૂર્વક આ પૂજન ઠાઠથી ભણાવાયું.

સર્વ વિઘ્નઉપશામક અને મહાશાંતિકારક શ્રી બૃહત્‌ શાન્તિસ્નાત્ર પણ અપૂર્વ ઉલ્લાસપૂર્વક ભણાવવામાં આવ્યું.

જિનભક્તિના આ મહોત્સવ દરમ્યાન મુંબઈથી પધારેલા વર્ધમાન આયંબિલતપની ૮૦ ઓળીના આરાધક અંગરચનાકુશળ શ્રી અશોકકુમારે પ્રભુજીની

નયનમનોહર અંગરચના કરીને દર્શકોના ચક્ષુ અને ચિત્તને ચમત્કૃત કર્યા.

નિત્ય પૂજા તથા પૂજનમાં વિવિધ પ્રકારની પ્રભાવનાઓ થતી.

નિત્ય રાત્રે ભાવનામાં સંગીતકારો, ભક્તિની રમઝટ બોલાવતા, તથા રાજકોટના શ્રી વર્ધમાન સંગીતમંડળે રજૂ કરેલા શ્રી ભાવ નૃત્ય, નાવડી નૃત્ય, થાળી નૃત્ય, દિપક નૃત્ય, દાંડીયારાસ આદિ અનેક ભક્તિનૃત્યોએ ખૂબ આકર્ષણ જમાવ્યું.

અન્નદાન કે ધર્મદાન ?

ચૈત્ર વદ-૨ ના દિને મુમુક્ષુ મહેન્દ્રભાઈ પરિવારના કુટુંબીજનો તરફથી મોટા પાયા પર અન્નદાનનું આયોજન થયું. આ અન્નદાનની જાહેરાત કરનારા આકર્ષક, ભીંતપત્રો દિવસો પહેલાં જ સંગમનેરના માર્ગોની દીવાલો પહેલાં જ સંગમનેરના માર્ગોની દીવાલો પર લગાવી દેવામાં આવ્યા હતા. મહાત્મા ગાંધી રોડની બંને બાજુ સેંકડો જૈનેતરો ગોઠવાઈ ગયા અને દીક્ષાર્થી પરિવારે સુંદર દ્રવ્યોથી તેમને ભાવથી જમાડ્યા. જૈનધર્મીઓના આ ઔદાર્ય અને પ્રેમે જૈનેતરોના અંતરમાં જૈનધર્મનું એક વિશિષ્ટ સ્થાન ઊભું કર્યું.

દીક્ષાર્થીઓના ગૃહાંગણે પૂજ્યપાદશ્રીની પધરામણી :

ચૈત્ર વદ-૩ ના દિને વિશિષ્ટ સત્કારપૂર્વક પૂજ્યપાદ આચાર્ય ભગવંતો તથા સકલ મુનિગણ દીક્ષાર્થીના નિવાસસ્થાન શેઠશ્રી રસીકલાલ દલીચંદના ઘરે પધાર્યા. વિષયોની ભયાનકતા અને સંયમધર્મની તારકતાને પૂજ્યપાદશ્રીએ પ્રવચનમાં વર્ણવી સંયમધર્મની અનુમોદનાર્થે સહુ શ્રોતાઓએ ''નમો ચારિત્તસ્સ''ની માળા ગણવાનો સંકલ્પ કર્યો.

૭૩ વર્ષની ઉંમરના પૂજ્યપાદશ્રીનું સ્વાગત કરવા ૭૩ શ્રીફળ, ૭૩ પેંડા, ૭૩ રવિયા અને ૭૩ ધજાઓથી યુક્ત એક મનોરમ્ય ગહુંલી, રચવામાં આવી હતી.

પ્રવચન બાદ દીક્ષાર્થી પરિવાર તરફથી ગુરુપૂજન તથા કામળી આદિ વહોરાવવાની વિધિ થઈ તથા આઠ પ્રકારે વિશિષ્ટ સંઘપૂજન થયું.

હજારોના હૈયામાં અધ્યાત્મ-બીજનું આરોપણ કરતી મુમુક્ષુઓની ભવ્ય વરસીદાન યાત્રા :

મુમુક્ષુઓના સંસારવાસના અંતિમ દિન **ચૈત્ર વદ-૪** ના દિવસે સવારે ૮-૩૦ કલાકે પ્રભુજીની રથયાત્રા સાથે ભવ્ય વરસીદાન યાત્રાનો પ્રારંભ થયો. શરણાઈવાદક, ઈન્દ્રધ્વજ, રાસમંડળી, અનેક બેન્ડ, સાંબેલાઓ, ઘોડેસવારો, પ્રભુજીનો રથ આદિથી યુક્ત આ વિશાળ દાનયાત્રા ૪ કલાક સુધી સંગમનેરનગરના સુશોભિત

રાજમાર્ગો પર ફરી.

આવતી કાલે સર્વ વાઘાઓને ફગાવીને શ્વેત સાધુવેષમાં સજ્જ થનારા મુમુક્ષુઓ આજે વિવિધ અલંકારોથી અલંકૃત બની રજવાડી વેષમાં સુંદર શોભતા હતા. બાળમુમુક્ષુ આશિષકુમાર તથા વિકાસકુમાર હંસ તથા મયુરની મુખાકૃતિથી યુક્ત મનોહર શિબિકામાં સજ્જ થયા હતા. સિપાઈના વેષમાં શોભતા ચાર-ચાર માણસોએ ઉપાડેલી આ શિબિકાઓ પૂર્વપુરુષોના રજવાડી વૈભવનું સ્મરણ કરાવતી હતી.

મુમુક્ષુઓના મુખ પરનું તેજ અને સ્મિત નિકટમાં આવેલી સંયમપ્રાપ્તિની પળની વધામણી વ્યક્ત કરતાં હતા. અંતરના ઉછરંગથી છૂટે હાથે આ બાલ મહા ત્યાગીઓ રસ્તા પર જ્યારે લક્ષ્મી ઉછાળતા ત્યારે આ મહાત્યાગીઓને સહુ અશ્રુભીની આંખોથી ગદ્‌ગદ દિલથી નિહાળી રહ્યા હતા. જેની પાછળ આખી દુનિયા પાગલ બની છે અને જેની ખાતર સગા ભાઈઓ કોર્ટે ચડે છે, તે લક્ષ્મીનો આટલો સહજ ત્યાગ કરવાનું આ અદ્‌ભુત કૌવત આ આત્માઓમાં ક્યાંથી પ્રગટ્યું, તે સહુના વિસ્મયનો વિષય બની રહ્યું. અપાર ભૌતિક વૈભવોને તિલાંજલી આપતા આ પરાક્રમી ત્યાગીઓને સહુ વંદી રહ્યા. લેનારા થાકે પણ દેનારા ન થાકે, તેવા વેગથી વરસીદાન સતત ચાલુ રહ્યું. ચલણી સિક્કાઓ, નોટો, વિવિધ વસ્ત્રો, વાસણો, ફળો અને મીઠાઈઓ આદિ અનેક ભોગસામગ્રીઓનું મુમુક્ષુઓએ દાન કર્યું. બાળકોને પ્યારા વિવિધ રમકડાને પણ વરસીદાનમાં આપીને બાળમુમુક્ષુઓએ સહુને આશ્ચર્યમુગ્ધ બનાવ્યા. દીક્ષાર્થીઓના નામ અને સંયમનો સંદેશ છાપેલી કપડાની થેલીઓમાં વિવિધ ચીજો ભરી ભરીને દીક્ષાર્થીઓ ઉછાળતા હતા.

અપૂર્વ અનુમોદન-સમારંભ :

સંયમસ્વીકારદિનની પૂર્વસંધ્યાએ **શ્રી પ્રેમસૂરિનગર**માં રહેલ નાટ્યગૃહના વિશાલ કંપાઉન્ડમાં સુશોભિત મંડપમાં સંયમયાત્રિકોના અનુમોદનનો શાનદાર સમારંભ ઊજવાયો. ૬ કલાક સુધી ચાલેલા આ સમારંભમાં એકત્રિત થયેલી હજારોની મેદનીએ અશ્રુપૂર્ણ આંખોથી દીક્ષાર્થીઓનું હાર્દિક અનુમોદન કર્યું.

શ્રાદ્ધવર્ય શ્રી હિંમતમલજી બેડાવાળાના પ્રમુખપદ નીચે યોજાયેલા આ સમારંભના અતિથિવિશેષ શેઠશ્રી હરસુખલાલ ઓધવજી હતા. અનેક આગેવાન વ્યક્તિઓએ જોરદાર અનુમોદનાનાં વક્તવ્યો કર્યા. વિદાયગીતના કરુણ સ્વરોએ વાતાવરણને ખૂબ ગમગીન બનાવ્યું અને દીક્ષાર્થીઓના પ્રભાવક વક્તવ્યોએ સૌને સ્તબ્ધ કરી દીધા.

શ્રી સંગમનેર જૈન સંઘ તરફથી મુમુક્ષુઓને સુશોભિત સન્માનપત્રો એનાયત કરવામાં આવ્યા. શેઠશ્રી રસિકલાલ દલીચંદ પરિવાર તરફથી મુમુક્ષુ મહેન્દ્રભાઈ પરિવારને એક મોટું આકર્ષક સન્માનપત્ર આપવામાં આવ્યું. આ સન્માનપત્રની આકર્ષક ફ્રેમમાં સંયમના સર્વ ઉપકરણોને સુપેરે ગોઠવવામાં આવ્યા હતા.

દીક્ષાર્થીઓના ઉપકરણો વહોરાવવાની ઉછામણી આ સમારંભ દરમ્યાન જ બોલાવવામાં આવી, તેમાં અકલ્પિત ઉપજ થઈ.

અપૂર્વ ઉલ્લાસથી મહાભિનિષ્ક્રમણ :

ચૈત્ર વદ-૫ ના દિને સવારે ૯ કલાકે પ્રવ્રજ્યા-વિધિનો પ્રારંભ થયો. આ પ્રવ્રજ્યા પ્રસંગને નિહાળવા નાટ્યગૃહના કંપાઉન્ડમાં ઊભા કરાયેલ જંગી મંડપમાં હજારોની મેદની એકત્રિત થઈ હતી. સ્નેહભીના સ્વજનો શોકસાગરમાં ડૂબી ગયેલા દેખાતા હતા. પણ, દીક્ષાર્થીઓના મુખ પર ફરકતા સ્મિતે સહુના અશ્રુ સુકાવી નાંખ્યા. સિંહના સત્ત્વથી મુમુક્ષુઓએ રજોહરણનો સ્વીકાર કર્યો અને હર્ષભેર નાચીને હૃદયમાં ઉપજેલા અનહદ આનંદને વ્યક્ત કર્યો. તેમના હર્ષવિભોર નૃત્યે સહુની મોહદશાને ખંડિત કરી દીધી.

ત્યારબાદ નૂતન દીક્ષિતોને મુંડન સ્નાન અને વેષ પરિવર્તન કરાવી ભારે જયનાદો વચ્ચે જ્યારે દીક્ષામંડપમાં સાધુવેષમાં સજ્જ થયેલા ઉપસ્થિત કરવામાં આવ્યા ત્યારે એમને જોતાં સહુ અત્યંત ભાવથી વંદી રહ્યા.

અંતે કેશલુંચન અને નામકરણ વિધિ પૂર્ણ થતા સકલસંઘે નૂતન મુનિઓને વંદન કર્યું. નૂતન દીક્ષિતોને સંયમના ઉપકરણો વહોરાવીને સહુ સંયમધર્મની હાર્દિક અનુમોદનાપૂર્વક છૂટા પડ્યા.

અનામી પદની યાત્રાએ નીકળેલા દીક્ષિતોના નૂતન નામો :

દીક્ષાર્થીનું નામ : ૧. મુમુક્ષુ મહેન્દ્રકુમાર, ૨. મુમુક્ષુ અમરકુમાર, ૩. મુમુક્ષુ વિકાસકુમાર, ૪. મુમુક્ષુ પ્રફુલ્લકુમાર, ૫. મુમુક્ષુ આશિષકુમાર, ૬. મુમુક્ષુ નીરુબેન.

નૂતન દીક્ષિતનું નામ : મુનિશ્રી મેઘવલ્લભવિજયજી, મુનિશ્રી દર્શનવલ્લભવિજયજી, મુનિશ્રી ઉદયવલ્લભવિજયજી, મુનિશ્રી હર્ષબોધિવિજયજી, મુનિશ્રી હૃદયવલ્લભવિજયજી, સાધ્વીશ્રી નિર્વાણપ્રભાશ્રીજી.

ગુરુનું નામ : મુનિશ્રી જગવલ્લભવિજયજી મ., મુનિશ્રી ચારિત્રવલ્લભ-વિજયજી મ., મુનિશ્રી મેઘવલ્લભવિજયજી મ., મુનિશ્રી વરબોધિવિજયજી મ., મુનિશ્રી ઉદયવલ્લભવિજયજી મ., સાધ્વીશ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ.

અ...વ...ન...વું :

● આ દીક્ષા મહોત્સવ પ્રસંગે મુમુક્ષુ મહેન્દ્રભાઈ પરિવારના, મુમુક્ષુ અમરકુમારના તથા મુમુક્ષુ પ્રફુલ્લકુમારના કુટુંબીજનો તરફથી સુંદર આમંત્રણ પત્રિકાઓ પ્રગટ થઈ હતી.

● આ દીક્ષા પ્રસંગના વિશિષ્ટ કાર્યક્રમોની જાહેરાત કરતા રંગબેરંગી પોસ્ટરો પણ ગામે-ગામ મોકલવામાં આવ્યા હતા.

● આ દીક્ષા પ્રસંગનો વિસ્તૃત અહેવાલ આપતી એક ખાસ પૂર્તિ મરાઠી દૈનિક 'દેશદૂતે' પ્રગટ કરી હતી.

● દીક્ષા મંડપમાં પ્રવેશ કરનાર પ્રત્યેક વ્યક્તિને નૂતન દીક્ષિતોના નામ લખવા માટે વિશિષ્ટ છાપેલા કાર્ડ તથા બોલપેન પ્રવેશદ્વાર પર આપવામાં આવ્યા હતા.

દીક્ષા પ્રસંગ દરમ્યાન...

● તપસ્વીરત્ન પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મ.સા.ની વર્ધમાનતપની ૯૬-૯૭ ઓળીનું ચૈત્રવદ-૫ ના દિને પારણું થયું. એ પૂજ્ય મુનિરાજશ્રીના પારણાનો લાભ લેવા સેંકડો આયંબિલની ઉછામણી થઈ.

● પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રંગસૂરીશ્વરજી મ.સા.ના ચાતુર્માસ માટે જુન્નર સંઘની, પૂ. પંન્યાસપ્રવરશ્રી ધર્મજિતવિજયજી ગણિવરના ચાતુર્માસ માટે મલાડ (મુંબઈ) સંઘની અને પૂ. ગણિવર્યશ્રી જયશેખરવિજયજી ગણિવરના ચાતુર્માસ માટે કોરેગાંવ સંઘની વિનંતીનો સ્વીકાર કરવામાં આવ્યો. હર્ષનાદો વચ્ચે ઉપરોક્ત સાધુ ભગવંતોના ચાતુર્માસની જય બોલાવવામાં આવી.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૨,અંક-૪૦,તા.૨૩-૬-૧૯૮૪

સંગમનેરથી મંચર

- **નાસિકમાં ૪૦ વર્ષીતપના પારણા**
- **૫૦૦ એકાંતર આંબેલ નિમિત્તે શ્રી અષ્ટાપદજીની પૂજા**
- **નાસિકની નજીકમાં ૪ ઉપાશ્રયોનું નિર્માણ નિર્ણય**
- **અકોલાસંઘમાં સંપ**
- **સિન્નરસંઘમાં એકતા**
- **રાજુરમાં ૧૦૦ વર્ષના જિનાલયની ઉજવણી**

- **સ્વર્ગસ્થ પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગતિથિની ભવ્ય ઉજવણી**

સંગમનેરમાં ૬ દીક્ષાઓના ભવ્ય મહોત્સવની સફળ પૂર્ણાહુતિ બાદ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે નાસિક તરફ વિહાર લંબાવતા ભીની આંખે અને સૂના હૈયે પૂજ્યશ્રીને વળાવવા આવેલ શ્રી સંઘના સેંકડો ભાઈ-બહેનોને પૂજ્યશ્રીએ માંગલિક સાથે આશ્વાસન પૂર્ણ હિતોપદેશમાં "ધર્મ એ જ જીવનમાં સારભૂત છે અને એના વિના મોક્ષ નથી. મોક્ષ તમારે જોઈએ છે તો દિવસમાં કેટલીવાર મોક્ષ યાદ કરો છો ? 'નમો સિદ્ધાણં'ના રોજ ૧૦ માળા ગણો તો ૧૦૦૦ વાર મોક્ષ યાદ આવે, ૩૦ વરસમાં એક કરોડની મૂડી થાય" એમ પ્રેરણા કરતાં એના નિયમો લેવાયા પછી પૂજ્યશ્રીએ સપરિવાર પ્રયાણ કર્યું. સિન્નર પધારતાં શ્રી સંઘે સ્વાગત કર્યું. શ્રી ચિન્તામણિપાર્શ્વનાથ જિનાલયમાં ચૈત્યવંદન થયા બાદ ઉપાશ્રયે પધાર્યા. પ્રવચનનો અનેક જૈનેતરોએ પણ લાભ લીધો. ત્યાંથી વિહાર કરી નાસિક પધાર્યા.

નાસિકમાં ગત વર્ષે લગભગ ૬૦ અને આજુબાજુમાં લગભગ ૪૦ જેટલા આરાધકોએ વર્ષીતપ આદરેલ. અખાત્રીજે પારણા પ્રસંગે ઉજવાનારા મહોત્સવમાં પધારવા માટે નાસિક જૈન સંઘે પૂજ્યશ્રીને નાસિકમાં પધારતાં સર્વોદય સોસાયટીમાં નવા થયેલા જિનમંદિરમાં બિરાજમાન કરવામાં આવનાર શ્રી જિનબિંબોનાં દર્શન-વંદન કરીને પૂજ્યશ્રી નંદનવન સોસાયટીમાં હિરજી-વીરજી ટ્રાન્સપોર્ટવાળા પૂ.મુનિરાજશ્રી હિતેશ્વરવિજયજી મ.ના સંસારી સુપુત્ર પદમશી હીરજી પરિવારને ત્યાં ઘરદેરાસરે પધારતાં તેઓ તરફથી વાજતેગાજતે સ્વાગત થયું ગહૂંલીથી પૂજ્યશ્રીને વધાવ્યા. તેમના ગૃહમંદિરમાં દર્શન-વંદન કરી નજીકના વિશાળ ઉતારામાં પૂજ્યશ્રીને ઉતારો આપ્યો. પદમશીભાઈના માતુશ્રી હાલ પૂ. સાધ્વીજી શ્રી મુક્તિરત્નાશ્રીજીને એકાંતરે ૫૦૦ આયંબીલનું પારણું હતું તે નિમિત્તે તેઓશ્રીએ પૂજ્યશ્રીના પ્રવચનનું આયોજન કરેલ. ત્યારબાદ સંઘપૂજન કર્યું.

સર્વોદય સોસાયટીથી બીજે દિવસે પૂજ્યપાદશ્રી વિશાળ પરિવાર સાથે મહાવીર સોસાયટી પધાર્યા જ્યાં શ્રી સંઘે વર્ષીતપના પારણા નિમિત્તે ભવ્ય મહોત્સવનું આયોજન શ્રી સંઘે કર્યું હતું. ખૂબ જ ઉલ્લાસપૂર્વક શ્રી સંઘે ઉછળતા હૈયે વાજતે ગાજતે સ્વાગત કર્યું. ઠેર ઠેર ગહૂંલીઓ થઈ. મહાવીર સોસાયટીમાં શ્રી મહાવીરસ્વામિ જિનાલયે દર્શન-વંદન કર્યા તથા તત્રસ્થ પૂ. પરમગુરુદેવશ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજ સાહેબની મનોહર મૂર્તિનાં દર્શન-વંદન કર્યા બાદ પટાંગણમાં

ઊભા કરાયેલ વિશાળ મંડપમાં પૂજ્યશ્રીએ માંગલિક પ્રવચન ફરમાવ્યું. બાદ સંઘપૂજન થયું પછી ધન્વંતરી એપાર્ટમેન્ટસમાં પૂજ્યશ્રીને ઉતારો અપાયેલ ત્યાં પધાર્યા. પારણા નિમિત્તે ભવ્ય શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવનો મંગલ પ્રારંભ થઈ ગયો. રોજ પૂજ્યશ્રીનું પ્રવચન સાંભળવા શ્રી સંઘના ભાઈ-બહેનો ઊલટભેર દોડ્યા આવતા. સંઘનો ઉત્સાહ અદમ્ય હતો. વૈશાખ સુદ-૧ ના દિવસે અષ્ટાપદજીની મહાપૂજા ભણાવાઈ તે માટે મુંબઈથી ખાસ ગવૈયા સોભાગચંદભાઈને સંઘે તેડાવ્યા હતા. બપોરે પાંચ કલાક સુધી પૂજાની રમઝટ એકધારી ચાલી. પૂજ્યશ્રીના શ્રીમુખે પૂજાની વચમાં વચમાં શ્રી ઋષભદેવ તથા તીર્થના પ્રસંગોના ભવ્ય વર્ણનથી પૂજા એક આખ્યાનરૂપ બની રહી. એ સાંભળતાં શ્રોતાઓ ભાવવિભોર બન્યા. મહોત્સવ દરમ્યાન રોજ રોજ સંઘપૂજન તથા સાધર્મિક વાત્સલ્ય થતા હતાં. બહારગામથી પધારનાર સાધર્મિકોની વિશેષ ભક્તિ-સરભરા થતી હતી. સુમતિ સોસાયટીના ભક્તજનોના આમંત્રણથી પૂજ્યશ્રી ત્યાં ચૈત્યપરિપાટી માટે પધાર્યા. વાજતે ગાજતે સકલસંઘ સાથે ત્યાં સ્વાગત થયું. શ્રી કુંથુનાથ જિનાલયે દર્શન-ચૈત્યવંદન બાદ પૂજ્યશ્રીએ માંગલિક પ્રવચન ફરમાવ્યું. તેમજ પૂજ્યશ્રીની પાવન પ્રેરણાથી નાસિકના આજુબાજુના વિહારના ચાર ગામોમાં ઉપાશ્રયની આવશ્યકતા અંગે ઉપદેશ કરતાં ૪ ઉપાશ્રયોના લાભ લેનારે પોતાના નામ નોંધાવ્યા. શ્રી કેશવલાલ મગનલાલ સુમતીલાલ ચંદુલાલ તથા ડૉ. શૈલેશ શાહ વગેરે તરફથી સંઘપૂજન તથા નૌકારશી જમણમાં શ્રી સંઘની ભક્તિ થઈ. ત્યારબાદ પૂજ્યશ્રી મહાવીર સોસાયટી પાછા પધાર્યા.

શ્રમણ-શ્રમણીનો વિશાળ પરિવાર ઉપસ્થિત હતો તેમાં પૂ.મુનિશ્રી ચારિત્રવલ્લભવિજયજીના નૂતન દીક્ષિત પૂ. મુનિશ્રી દર્શનવલ્લભવિજયજી તથા પૂ.સા.શ્રી હંસકીર્તિશ્રીજી મ.ના શિષ્યાઓ પૂ. સાધ્વી શ્રી મૃગાવતીશ્રીજી આદિ ચાર સાધ્વીજી મહારાજે પણ વર્ષીતપ આદરેલ હતો. વૈ.સુ. ૨ ના દિવસે પ્રવચનમાં શ્રી સંઘે ઉલટભેર ભાગ લીધો. તદુપરાંત નાસિકગામમાં ૫૭"ની વિશાળ મૂર્તિવાળા શ્રી આદીશ્વરભગવાનને ઈક્ષુરસથી પ્રથમ અભિષેક કરવાની ઉછરામણીનો રંગ અદ્ભુત જામ્યો.

અખાત્રીજના પ્રભાતે મંગલસૂર ગાજી ઊઠ્યા. સકલસંઘ સહિત પૂજ્યશ્રી વાજતે ગાજતે નાસિક ગામમાં શ્રી ચિન્તામણિપાર્શ્વનાથ તથા શ્રી આદીશ્વર ભગવાનના જિનાલયે દર્શન-ચૈત્યવંદનાર્થે પધાર્યા. સકલસંઘે ઉછળતા હૈયે ચૈત્યવંદન કર્યું. ત્યારબાદ અભિષેક-પ્રક્ષાલાદિ પૂજામાં સકલસંઘે ઊલટભેર ભાગ લીધો. ત્યારબાદ પૂજ્યશ્રીએ પ્રવચન ફરમાવ્યું. પૂજ્યશ્રીના પ્રવચનનો ઝોક પહેલેથી જ એવો ચાલ્યો

આવ્યો છે કે શ્રોતાઓને કાંઈક ને કાંઈક ત્યાગ વગેરેના નિયમ લેવાની ભાવના પ્રાયઃ જાગ્યા વિના રહે જ નહીં. શ્રોતાઓ પ્રવચન સાંભળ્યા બાદ ત્યાંને ત્યાં ખંખેરીને ઊભા થઈ કોરાધાકોર ઘેર જાય એના કરતાં કાંઈક ને કાંઈક નાનકડો પણ શક્તિ મુજબ પળાય એવો નિયમ લઈને જાય તો આત્માની ધર્મમાર્ગે સક્રિય પ્રગતિ થાય એવી ઉદાત્ત ભાવનાવાળા પૂજ્યશ્રીના પ્રવચનોના પુણ્ય પ્રતાપે ઠેર ઠેર જૈન સંઘોમાં આજે પણ શક્તિમુજબના નિયમો પાળવાની પ્રણાલિકા અખંડપણે જળવાતી આવી છે. આજે પણ પળાઈ રહેલા એ નિયમો લેનારા ભાગ્યવાનોનું લીસ્ટ કરીએ તો એક આખો ચોપડો ભરાઈ જાય. આજના પવિત્ર દિવસે પ્રવચનમાં શ્રોતાઓએ આ વિશિષ્ટ પ્રસંગના સંભારણાં રૂપે કોરી ખાંડ નહીં ખાવાનો નિયમ લઈ આત્માને પાવન કર્યો. ત્યારબાદ પૂ. સાધુ-સાધ્વીજી મ.ને વર્ષીતપના પારણા પ્રસંગે ઈક્ષુરસ વહોરાવવાની તપથી ઉછામણી બોલાઈ. બાદ શ્રી સંઘે તથા બહારગામથી પધારેલા સગા-સંબંધી-સાધર્મિકોએ વર્ષીતપના આરાધકોને ઉલટભેર ઈક્ષુરસથી પારણા કરાવ્યા. તથા સંગમનેરના શ્રી રસિકલાલ સુમતિલાલ દલીચંદ તરફથી પૂ. મુનિરાજોના વર્ષીતપ તેમજ પોતાના કુટુંબમાં ૧૭ વર્ષીતપ નિમિત્તે સકલસંઘનું સાધર્મિકવાત્સલ્ય થયું. બપોરે પૂ. સાધ્વીજી મૃગાવતીશ્રીજીના સંસારી ભાઈ શ્રી વાડીલાલ છોટાલાલ ઘીવાળા તરફથી નવાણું અભિષેકની મોટી પૂજા ભણાવાઈ.

ચૈત્ર વદ-પાંચમના દિવસે મહાવીર સોસાયટીના પટાંગણના વિશાળ મંડપમાં પૂજ્ય મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મહારાજના નૂતન દીક્ષિત શિષ્યો પૂ. મુનિશ્રી મેઘવલ્લભવિજયજી વગેરે તથા પૂ. મુનિરાજશ્રી વરબોધિવિજયજીના શિષ્ય પૂ. મુનિશ્રી હર્ષબોધિવિજયજીની વડીદીક્ષાના પ્રસંગે પૂજ્યશ્રીએ નૂતનમુનિઓને મહાવ્રત ઉચ્ચરાવ્યા અને હિતશિક્ષાનું પ્રવચન ફરમાવ્યું. દીક્ષાર્થીઓના કુટુંબી તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું. સકલસંઘે નૂતનદીક્ષિતોને અક્ષતથી વધાવ્યા. મહોત્સવ દરમ્યાન રોજ રોજ પ્રભુજીને સુંદર અંગરચનાઓ થતી હતી. એકંદર સમગ્ર મહોત્સવ શ્રી સંઘ માટે હૃદયાલ્હાદક ચિરસ્મૃતિચિહ્ન બની રહ્યો.

મહોત્સવ ઉજવાયા બાદ શ્રી સંઘની વિનંતીથી પૂજ્યશ્રી વાજતે ગાજતે નાસિક ગામના ઉપાશ્રયે પધાર્યા. વ્યાખ્યાનપીઠ ઉપર અત્રે પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મહારાજની પ્રેરણાથી ચિતરાવેલ શ્રી મહાવીરપ્રભુની સંપૂર્ણ પાટપરંપરાના દર્શનીય ચંદરવાનો ઉછરામણી બોલાવવાપૂર્વક અનાવરણ વિધિ થયો. પ્રવચનમાં શ્રી સંઘે સુંદર લાભ લીધો. પૂજ્યશ્રીના પુનીત ઉપદેશથી શ્રી સંઘે ૨૦૦ વર્ષ પ્રાચીન શ્રી ચિન્તામણિપાર્શ્વનાથના જિનાલયનો જીર્ણોદ્ધાર કરવાનો શુભ નિર્ધાર કર્યો. સાથે આયંબિલશાળા અને ધર્મશાળાનો પણ નિર્ણય લેવાયો.

પીંપળગામમાં નવનિર્મિત ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન

પૂજ્યશ્રી માલેગાંવ હતા ત્યારે પીંપળગાંવના સંઘે નવનિર્મિત ઉપાશ્રયના ઉદ્‌ઘાટન પ્રસંગે પીંપળગામના વતની પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજ સહિત પૂ. પાદશ્રીને પીંપળગામ પધારવા વિનંતી કરેલ. તે મુજબ નાસિકથી પૂજ્યપાદશ્રી ઓઝર થઈને પીંપળગાંવ પધાર્યા. વાજતે ગાજતે ભવ્ય નગરપ્રવેશ થયો. શ્રી છોટાલાલ નગીનદાસના હસ્તે ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન થયું. તેમના તરફથી સાધારણ ખાતામાં સારા દાનની તથા ૫ વર્ષ સુધી પાઠશાળા સંબંધી સંપૂર્ણ ખર્ચની જાહેરાત થઈ. તદુપરાંત અહીંના વિશાળ સ્થાનકમાં ઠાઠપૂર્વક અષ્ટાપદજીની પૂજા ભણાવાઈ. કાર્યક્રમ સમાપ્તિ બાદ ત્યાંથી સાયખેડા થઈ પૂજ્યશ્રી સિન્નર પધાર્યા. વાજતે ગાજતે સ્વાગત થયા બાદ પ્રવચન તથા સંઘપૂજન થયું. અહીંના સંઘમાં અંદરો-અંદર દેવદ્રવ્યના મકાન અંગે મનભેદ હતો તે પૂજ્યશ્રીના હૃદયદ્રાવક પ્રવચનથી દૂર થયો, ને ભાડવાતને સમજાવવાથી વાર્ષિક ભાડામાં લગભગ સારો વધારો કરાયો.

પુના તરફ વિહાર

સિન્નરથી પૂજ્યશ્રી પુના તરફ વિહાર લંબાવતાં ડુબેરાગામે પધાર્યા. અહીં સો વર્ષ જૂનું જિનાલય છે. તથા દહેરાસરમાં લગભગ ૧૦૦ વર્ષ જૂનું સુંદર આકર્ષક ચિત્રકામ દર્શનીય છે. જૈનોના એક-બે કુટુંબ, પણ દેરાસર ખૂબ જ સારી રીતે જાતના ખર્ચે સંભાળે છે અને આવતા જતાં પૂ. સાધુ-સાધ્વી મહારાજની અનુમોદનીય ભક્તિ કરે છે. ડુબેરાથી પૂજ્યશ્રી દેવઠાણ-સમશેરપુર સસ્વાગત પધાર્યા. વ્યાખ્યાન સંઘપૂજન થયું બાદ અકોલા સસ્વાગત પધાર્યા. ત્યાં પૂજ્યશ્રીની પ્રેરણાથી ટ્રસ્ટીઓ અને કાર્યકારિણી કમિટી કરી સંઘના મનભેદ દૂર કર્યા બાદ રાજૂર પધાર્યા. રાજૂરનો શ્રી સંઘ પૂજ્યશ્રીના આગમનની રાહ ચાતકની જેમ જોઈ રહ્યો હતો. અકોલામાં પૂજ્યશ્રીની તબિયત સહેજ નરમ થયાનું સાંભળી રાજૂરથી ઘણા યુવાનો પૂજ્યશ્રીનું સ્ટ્રેચર ઉપાડવા માટે સ્વયંભૂ ઉલ્લાસથી આગળ આવ્યા હતા.

રાજૂર નગરના પાદરે પૂજ્યશ્રી પધાર્યા ત્યાં મંગલનિમિત્તે સ્નાત્રપૂજા ભણાવ્યા બાદ વાજતે ગાજતે પૂજ્યશ્રીનો નગરપ્રવેશ કરાવ્યો. અહીં સો વર્ષથી પણ વધુ જૂનું શ્રી પાર્શ્વભગવાનનું ભવ્ય જિનાલય છે. ત્યાં દર્શન-ચૈત્યવંદન કર્યા બાદ પ્રવચન અને સંઘપૂજન થયું. વૈશાખ વદ-૧૧ ના દિવસે પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની સ્વર્ગવાસતિથિ નિમિત્તે ઘણા સાધુ ભગવંતોએ ઉપવાસ કર્યા હતા. તથા શ્રી સંઘમાં પણ તે નિમિત્તે વિવિધ તપશ્ચર્યાઓ થઈ હતી. પ્રવચનમાં પૂજ્યશ્રીએ સ્વર્ગત ગુરુદેવશ્રીના કરેલા ગુણાનુવાદ સાંભળી

સૌએ ગળગળા થઈ હૃદયપૂર્વક સ્વર્ગત ગુરુદેવશ્રીને ભાવભીની અંજલી આપી હતી. અત્રેના મંદિરને ૧૦૦ વર્ષ થતાં હોવાથી સંઘે શ્રી નવાણું અભિષેકની મહાપૂજા શ્રી સંગમનેર મંડળને પૂજ્યશ્રીની નિશ્રામાં આમંત્રણ આપી, પૂજા ઠાઠથી ભણાવી. સાધર્મિક વાત્સલ્ય થયું. ચાર દિવસ રાજૂરની સ્થિરતા દરમ્યાન અનેક સંઘપૂજન-પ્રવચન આદિથી શ્રી સંઘમાં સુંદર આરાધનાનું વાતાવરણ જામી ગયું હતું.

રાજૂરથી વિહાર કરી કંતૂર-બ્રાહ્મણવાડા-ઓતૂર વગેરે ગામોમાં શાસનની પ્રભાવના કરતાં કરતાં જુન્નર પધાર્યા. વચ્ચેના લગભગ દરેક ગામોમાં અનેક સંઘપૂજનો થતાં હતાં, તથા સાધર્મિકવાત્સલ્ય પણ થતાં હતાં. જુન્નરના શ્રી સંઘે વાજતે ગાજતે ભવ્ય સ્વાગત કર્યું. અનેક ગહૂંલીઓ થઈ. મહારાષ્ટ્ર જૈન વિદ્યાર્થીભવન પાસેના તીર્થસ્વરૂપ દહેરાસરે શ્રી શાંતિનાથભગવાન તથા શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાનનાં નયનરમ્ય અલૌકિક જિનબિંબ નિહાળતાં સૌના રોમાંચ ઊભા થઈ ગયા. ત્યાં દર્શન-ચૈત્યવંદન થયા બાદ વાજતે ગાજતે પૂજ્યશ્રી ગામના ઉપાશ્રયે પધાર્યા પ્રવચન અને સંઘપૂજન થયાં.

બે દિવસ પૂજ્યશ્રીની શાસ્ત્રવિશુદ્ધ સારગર્ભિત વાણી સાંભળીને ભાવુક લોકો ગદ્ગદ થયા. જેઠ સુદ-ત્રીજની સાંજે પૂજ્યશ્રીએ નારાયણગાંવ તરફ વિહાર કર્યો. મોટાભાગના ભાઈ-બહેનો તથા યુવાનો વળાવવા માટે એકત્રિત થયા. બોર્ડિંગ દહેરાસરે દર્શન-વંદન બાદ પૂજ્યશ્રીએ માંગલિક ફરમાવ્યું. અનેકોએ વિવિધ નિયમો લીધા. સવારે નારાયણગાંવ પધાર્યા. અહીં મૂર્તિપૂજક જૈનનું ઘર એક અને બાકી ૩૦-૪૦ ઘર સ્થાનકવાસીના દહેરાસર નહીં, બપોરે પ્રવચનમાં પૂજ્યશ્રીએ મૂર્તિપૂજાનો મહિમા વર્ણવ્યો, તે સાંભળીને અનેક ભાઈઓને પૂજા ભણાવવાની ભાવના થઈ. બીજે દિવસે પૂજ્યશ્રીને રોક્યા. જુન્નરથી પ્રભુમૂર્તિ સહિત બીજો બધો ઠાઠ મંગાવ્યો. સંગમનેરથી ભક્તિમંડળને આમંત્રિત કર્યું. બપોરે ભક્તિસંગીતના સ્વરો સ્થાનકમાં ગુંજી ઊઠ્યા. અષ્ટાપદજીની મહાપૂજાના ઉદાત્ત ભાવો પૂજ્યશ્રીના મુખે સાંભળી સૌએ ધન્યતા અનુભવી. દહેરાસરના નિર્માણની ભાવનાના બીજ રોપાયા. સાંજે પૂજ્યશ્રીએ મંચર તરફ વિહાર લંબાવ્યો.

વિહાર દરમ્યાન તથા સ્થિરતા થાય તે બધા ગામોમાં પૂજ્ય સિદ્ધાન્તદિવાકર આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરિજી મહારાજ વગેરે પાસે મુનિઓને છેદશાસ્ત્રો-આગમ-પ્રકરણ-કર્મગ્રન્થ વગેરેનો અભ્યાસ પણ નોંધપાત્ર થવા પામ્યો. પૂજ્યશ્રીને વિહારમાં શ્રમ જણાય ત્યારે સહવર્તી અનેક મુનિઓ પૂજ્યશ્રીને સ્ટ્રેચરમાં ઉપાડી માઈલોના માઈલો સુધી એકધારા ચાલી જાય છે એ દૃશ્ય પણ સંગમનેરથી જુન્નર સુધીના ડુંગરાળ પ્રદેશોના ચઢાણ-ઉતરાણવાળા ઘાટના વિસ્તારોમાં વસતા લોકોને

માટે અભૂતપૂર્વ અને અનુમોદનીય હતું.

એકંદર આ વખતે મહારાષ્ટ્રની ભૂમિમાં સપરિવાર પૂજ્યશ્રીનો વિહાર ખૂબ જ શાસનની પ્રભાવના કરનારો તથા ગામેગામ માટે મીઠા સંભારણાનો વિષય બની ગયો.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૨,અંક-૪૩,તા.૧૪-૩-૧૯૪૩

પૂજ્યશ્રીની પૂનામાં પધરામણી

વર્ધમાનતપોનિધિ પ.પૂ. આચાર્યદેવશ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.** આદિ નારાયણ ગામથી મંચર પધારતાં શ્રી સંઘે ભવ્ય સ્વાગત કર્યું. સંઘપૂજન-પ્રવચનોમાં ત્યાગ-તપસ્યાના અભિગ્રહ થયા. ત્યાંથી ચાકણ-મ્હાલુંગા થઈ દેહુરોડ સસ્વાગત પધાર્યા. અત્રેના સુશ્રાવક શ્રી પુખરાજજી ૩ વર્ષ પૂર્વે દીક્ષા લઈ મુનિશ્રી પુણ્યસુંદરવિજયજી બનેલા તેઓ પણ પૂજ્યશ્રી સાથે પધારતા હોઈ તેમના કુટુંબીઓ તેમજ સંઘનો ઉલ્લાસ ઘણો વધી ગયેલ. વ્યાખ્યાન અગ્રવાલ ભુવનમાં થતા. મુનિશ્રીના સંસારી સુપુત્રો બસ્તીમલજી વગેરેની આગ્રહભરી વિનંતીથી તેમના ઘરઆંગણે પધારતા મંડપમાં પ્રવચન ગુરુપૂજન સંઘપૂજનાદિ થયેલ. પ્રવચનમાં જૈન-જૈનેતરો સારી સંખ્યામાં આવેલ. માંસ-દારૂબંધીના અભિગ્રહો સારી સંખ્યામાં લેવાયેલ. અત્રેના ઉપાશ્રયમાં વર્ષો પૂર્વે દેવદ્રવ્યની રકમ વાપરેલ. પૂજ્યશ્રીની પ્રેરણાથી તે દેવદ્રવ્ય છ વર્ષે બમણાના હિસાબે વ્યાજ સહિત આપવાનો ઉપદેશ અપાતા સાધારણ ખાતાની ન ધારી મોટી ટીપ થઈ. નૂતન જિનમંદિર અને ઉપાશ્રય બનાવાનું નક્કી થયું. ચાતુર્માસ માટે મુનિઓ આપવાનો અતિ આગ્રહ થતાં પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મ. આદિનું ચોમાસુ નક્કી થયું. દેહુરોડથી પૂજ્યશ્રી ખડકી પધાર્યા. શ્રી સંઘે ઘણા ઉલ્લાસથી સામૈયુ કર્યું. બે દિવસની સ્થિરતા દરમ્યાન શ્રી સંઘમાં અપૂર્વ જાગૃતિ આવી. અત્રે ૬૦ વર્ષોથી કોઈ મુનિનું ચોમાસુ થયું ન હોવાથી શ્રી સંઘે પૂજ્યશ્રીને ચોમાસુ રહેવા પુ. મુનિઓને મોકલવા કરેલી આગ્રહભરી વિનંતીનો પૂજ્યશ્રીએ સ્વીકાર કરી પૂ. મુનિરાજશ્રી ગુણસુંદરવિજયજી મ. આદિનું ચોમાસુ નક્કી કર્યું.

જેઠ વદ-ચોથને દિવસે પુના (લશ્કર)નાં સંઘ તરફથી પુનામાં પૂજ્યશ્રીનું સામૈયા સહિત ભાવભર્યું સ્વાગત થયું. લશ્કરના ઉપાશ્રયે ચારેક દિવસની સ્થિરતા દરમ્યાન પુનાની જૈન જૈનેતર પ્રજાએ પ્રવચનાદિમાં સુંદર લાભ લીધો. ત્યારબાદ

શ્રી ભવાનીપેઠ સંઘની વિનંતીથી પૂજ્યશ્રી ત્યાંના ઉપાશ્રયે પધારતાં શ્રી સંઘે ઘણા ઠાઠથી સામૈયુ કર્યું. રોજ પૂજ્યશ્રીના પ્રવચનો સાંભળવા જૈનોની પડાપડી થવા લાગી. જાણે કે પુનાના જૈનો કેટલાય વર્ષોથી આવી ઉત્તમ જિનવાણી સાંભળવા માટે ભૂખ્યા ન થયા હોય... એમ લાગતું હતું. જેઠ વદ-૧૪ ને દિવસે ચૈત્યપરીપાટીનું આયોજન થયું. એક વિશેષતા એ થઈ કે જે. વીરચંદ એન્ડ સન્સવાળા શ્રી રામલાલજીએ પૂ. આચાર્યદેવશ્રી આદિ ચતુર્વિધ સંઘને પોતાના આંગણે પધરાવી મંગળ પ્રવચન બાદ પૂજ્યનું ગીનીથી અને દરેકનું ૫-૫ રૂ.થી સંઘપૂજન કર્યું; ને આ લાભ મળ્યાનો અવર્ણનીય આનંદ માન્યો. અષાઢ સુદ-ત્રીજના દિવસે પુનાનગરનો જૈન સંઘ વિશાળ સંખ્યામાં પૂજ્યશ્રીને ચોમાસાનો પ્રવેશ કરાવવા માટે ભાવભીનું સ્વાગત કરવા સમયસર ભવાનીપેઠમાં હાજર થઈ ગયો. સૌના મુખ ઉપર અપૂર્વ ઉલ્લાસ વર્તાતો હતો. શુભ મુહૂર્તે સામૈયાનો પ્રારંભ થયો. આગળ સારામાં સારા ત્રણ બેન્ડના વાજિંત્રો વાગી રહ્યા હતા. વચ્ચે બેડાવાળી બહેનો મંગલ ગીતો ગાઈ રહી હતી. બેન્ડ પાછળ પૂજ્યપાદશ્રી પોતાના પટ્ટાલંકાર શિષ્યરત્ન પૂ.આ.શ્રી જયઘોષસૂરિજી મહારાજ આદિ વિશાળ પરિવાર સાથે નીચું જોઈને ચાલી રહ્યા હતા. આશ્ચર્ય તો એ વાતનું હતું કે અષાઢ સુદ-બીજ અને ચોથના દિવસે પુનામાં ધોધમાર વરસાદ પડ્યો અને વચલા ત્રીજના દિવસે સામૈયા વખતે શાંત રહ્યો. પૂજ્યશ્રીના ૧૦૮ વર્ધમાન આયંબીલ ઓળી તપ અને સંયમનો આ પ્રત્યક્ષ પ્રભાવ વર્તાઈ રહ્યો હતો. નગરના મુખ્ય મુખ્ય માર્ગો પર ફરીને સામૈયું દહેરાસર પાસે આવ્યું ત્યાં પૂજ્યશ્રી સહિત સકલ સંઘે માંગલિક ચૈત્યવંદન કર્યું. ત્યારબાદ લગભગ પોણા બાર વાગે પૂજ્યશ્રીએ ચાતુર્માસાર્થે જ્યારે સોનારની ધર્મશાળામાં પ્રવેશ કર્યો ત્યારે પૂજ્યશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ પૂ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. અને પૂજ્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના જયજયારવથી આખું વાતાવરણ ગાજી રહ્યું હતું. પ્રવેશ પછી પૂજ્યશ્રીએ માંગલિક પ્રવચન ફરમાવ્યું. લગભગ ત્રણેક હજાર ભાગ્યશાળીઓની હાજરીમાં બે-બે રૂપિયાથી સંઘપૂજન થયું. બહારગામ મુંબઈ-અમલનેર-યેવલા, અમદાવાદ અહમદનગર, મંચર, કોલ્હાપુર, દેહુરોડ વગેરે આજુબાજુથી પધારેલા અનેક ભાગ્યશાળીઓને સાધર્મિક ભક્તિ માટે સ્થાનિક શ્રી પંચદશા ઓસવાલ જૈન સંઘે આમંત્રણ આપ્યું. ત્યારબાદ સૌ કાલે પ્રવચનમાં જલદી હાજર થવાની ઉમેદ સાથે વિખરાયા. એકંદરે પૂજ્યશ્રીનો મહારાષ્ટ્ર દેશમાં વિહાર અને પૂના નગરમાં પ્રવેશ જૈનશાસનની પ્રભાવનામાં મહત્ત્વનો ઊમેરો કરતો ગયો. પત્ર વ્યવહારનું સરનામું : **સોનારની ધર્મશાળા, ૮૬૧, શુક્રવાર પેઠ-પુના-૪૧૧૦૦૨**

ઈર્લા-અંધેરી ખાતે 'યોગદૃષ્ટિ સમુચ્ચય શાસ્ત્ર'

વિવેચનગ્રંથ પ્રથમ ભાગનો દબદબાભર્યો વિમોચન સમારોહ ગ્રંથ, ગ્રંથકાર અને વિવેચનકાર ત્રણેયને અપાયેલ ભાવપૂર્ણ ભાવાંજલિ

- **યોગદૃષ્ટિ સમુચ્ચય શાસ્ત્ર.**
- પૂજ્યપાદ શાસ્ત્રકાર સૂરિપુરંદર હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ,
- શાસ્ત્ર વિવેચનકાર ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્વિજય
- શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ.

ત્રણેયના ત્રિવેણી સંગમને ભવ્ય ભાવાંજલિ અર્પણ કરવાનો દબદબાભર્યો જ્ઞાનોત્સવ અંધેરી ઈર્લા ખાતે યોજાઈ ગયો. પરમ પૂજ્ય બંધુ ત્રિપુટી મુનિવર્યોની પ્રસન્ન નિશ્રામાં ગયા મહિનાની ૨૯ તારીખે યોગદૃષ્ટિ સમુચ્ચય શાસ્ત્ર ઉપર ગુજરાતી વિવેચન પ્રથમ ભાગનું વિમોચન ઉલ્લાસ અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં થયું હતું. સમારંભનું રોમહર્ષક શબ્દચિત્ર આ રહ્યું... ચાલો આપણે માણીએ...

ન્યાયવિશારદ શ્રદ્ધેય આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ વિ.સં. ૨૦૩૮માં પાલનપુર ખાતે ચતુર્માસ અર્થે બિરાજમાન હતા. વર્ષાકાળ વ્યતીત કરતા તત્ત્વચિંતનમગ્ન ગુરુદેવશ્રીએ પોતાના વિશાળ શિષ્ય પ્રશિષ્ય, સાધ્વી મહારાજો અને સુજ્ઞ સ્વાધ્યાય પ્રેમીઓ સમક્ષ વાચનાઓની અમીવર્ષા કરી હતી. જિનશાસન ગગનાંગણને પોતાના વિશાળ શ્રુતશાસ્ત્રોથી અજવાળનાર સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા રચિત 'યોગદૃષ્ટિ સમુચ્ચય શાસ્ત્ર' ઉપર પૂજ્યશ્રીએ વાચનાઓ આપી હતી. શ્રદ્ધેય ગુરુદેવશ્રીના મનના હિમાલયમાંથી અવતરેલી એ યોગ અને અધ્યાત્મની બોધપ્રદ જ્ઞાનગંગાને મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મ.ના અવતરણ પ્રયત્ન દ્વારા સફળ રીતે ઝીલી લેવાનું થયું હતું.

યોગ અને અધ્યાત્મની દેશ અને વિદેશમાં ભૂખ અને ભાવના વિસ્તરતી અને વિકસતી જાય છે. એવા સમયે મુમુક્ષુઓને માર્ગદર્શક ભોમિયાની ગરજ સારે એવા આ વિષ્યનું પ્રકાશન કરવાનું દિવ્ય-દર્શન ટ્રસ્ટે ઉપાડી લીધું. વિવેચનના પ્રથમ ભાગનું પ્રકાશન સુપેરે થાય તે માટે પાલણપુર જગદ્‌ગુરુ હીરસૂરીશ્વરજી નૂતન જૈન ઉપાશ્રય જ્ઞાનખાતામાંથી એના અગ્રણી ધર્મસ્નેહી શ્રી દલપતભાઈ પ્રેમચંદભાઈએ સારા આર્થિક સહકારની ઘોષણા કરી પ્રકાશકોને આર્થિક ચિંતામાંથી મુક્ત કરવામાં અનુમોદનીય સાથ આપ્યો હતો તેથી જ પ્રકાશનનું આ મહત્ત્વપૂર્ણ

કાર્ય ઝડપી થઈ શક્યું છે. સાથે સાથે પૂજ્ય આચાર્ય મ.શ્રીના શિષ્યરત્ન મુનિરાજશ્રી પદ્મસેનવિજયજી મહારાજની વિમળ વિશુદ્ધ ભાવના મૂલક સંપાદનના કારણે તથા વિદ્વદ્વર્ય મુનિરત્નશ્રી જયસુંદરવિજયજી મહારાજના અર્થગંભીર અને પ્રાસંગિક વિસ્તૃત વિહંગાવલોકનથી વિવેચનગ્રંથ વધુ મહત્ત્વપૂર્ણ બન્યો છે. સુંદર સફાઈદાર પ્રિન્ટિંગ અને સરસ ગેટઅપથી સજ્જ ગ્રંથ આકર્ષક અને અધ્યયન યોગ્ય બન્યો છે.

પ્રસન્ન પળોમાં પ્રકાશન સમારોહ યોજવાનું ઈર્લા અંધેરી ખાતે નક્કી થતાં સંઘ અને સંઘ અગ્રણીઓમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો. અંધેરી સંઘે પોતાના આંગણે પુણ્યોદયે યોજાઈ રહેલ વિમોચન સમારંભ અને રોચક બનાવવા માટેની તડામાર તૈયારી આરંભી દીધી. સાચવીને રાખવાનું મન થાય તેવી નિમંત્રણ પત્રિકાઓ સર્વત્ર પાઠવવાનું પ્રારંભી દીધું (પત્રિકા અન્યત્ર મૂકાઈ છે) પ્રસંગ જોવા માણવાથી કોઈ વંચિત ન રહે તે માટે વર્તમાનપત્રોમાં જાહેરાતો પણ અપાઈ. પ્રવચનમંડપ વિસ્તારવાનું, સજાવવાનું અને પ્રસંગે આવનાર સૌ કોઈને હૈયેથી વધાવવાનું ઊમળકાભેર આયોજન કર્યું હતું.

૨૯મી જુલાઈ રવિવાર બપોરે ૧ વાગેથી તો શ્રોતાઓનું આગમન શરૂ થઈ ગયું હતું. ભાવગીતનો શાંત પણ મધુર અવાજ, ધજાપતાકાથી લહેરાતો પ્રવચનમંડપ, સુવાસિત ધૂપથી મઘમઘતું મુલાયમ વાતાવરણ અને ચાંદીના ચળકતા સિંહાસન ઉપર જાજરમાન જરીના કપડાંમાં મૂકાયેલ વિવેચનગ્રંથ સૌના મસ્તકને નમ્રતાપૂર્વક નમાવી રહ્યો હતો. સૌના હૈયે ગ્રંથરત્નના સત્કાર અને સન્માન માટે ઉલ્લાસ અને ઉત્સાહ છલકતો હતો. સમારંભના પ્રારંભથી જ પ્રવચનમંડપ શ્રોતાઓથી છલકાઈ ગયો હતો. પૂજ્ય સાધ્વી મહારાજોની ઉપસ્થિતિ સહિત નગર ઉપનગરોના સંઘ અગ્રણીઓ સાથે ગ્રંથ ઉદ્‌ઘાટક અને મુખ્ય મહેમાન સમયસર પોતાના સ્થાને ગોઠવાઈ ગયા હતા.

સૌના હૈયે ઉલ્લાસ છલકતો હતો અને બીજી તરફ શ્રોતાઓથી પ્રવચનમંડપ છલકાઈ રહ્યો હતો. એવી પ્રસન્નપળોમાં પરમ પૂજ્ય બંધુત્રિપુટી મુનિવર્યોનું આગમન થતાં જ જયનાદથી વાતાવરણ ગાજી ઊઠ્યું હતું. જૈન જૈનેતર પ્રજામાં જૈનધર્મના વિશાળ અને વ્યાપક મૂલ્યોને પહોંચાડવાનું સફળશ્રેય મેળવનાર પૂજ્ય બંધુત્રિપુટી મુનિવર્યોની નિશ્રામાં વિમોચન-સમારંભનો પૂજ્ય મુનિશ્રી મુનિચંદ્રવિજયજી મહારાજ સાહેબના મંગળ મંગલાચરણથી પ્રારંભ થયો હતો. સમ્યગ્‌જ્ઞાનની ગરિમા ગાતું ભાવવાહી ગહુંલી સ્વરૂપનું ગીત બહેનો દ્વારા રજૂ થતાં વાતાવરણમાં પ્રસન્નતા પ્રસરી હતી. ગીતના શબ્દો હજી તો કર્ણપટલ પર ગુંજતા હતા ત્યાં જ...

શ્રી અંધેરી ગુજરાતી જૈનસંઘના અગ્રણી સૌજન્યશીલ શ્રી હર્ષદભાઈએ વિમોચન સમારંભની ભૂમિકા સમજાવતાં, પ્રસન્નચિત્તે કહ્યું હતું કે "અમારા શ્રી સંઘના મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ સંઘવી પૂજ્ય આચાર્યદેવશ્રીને વંદનાર્થે પૂના ગયા હતા. એ સમયે 'યોગદૃષ્ટિ વિવેચનગ્રંથ ઉદ્‌ઘાટનને અંધેરીને આંગણે યોજીને જ્ઞાનભક્તિનો લાભ લેવાની અમારા અંતરની વાત આનંદપૂર્વક વ્યક્ત કરી હતી. પૂજ્યશ્રીએ આનંદપૂર્વક આશીર્વાદ આપ્યા હતા. ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીએ અમારા ઉપર અને શ્રી સંઘ ઉપર અનુગ્રહ કર્યો છે. આ ગ્રંથનો ઉદ્‌ઘાટન-સમારોહ સાર્થક ત્યારે જ થાય કે આપણે ગ્રંથરત્નનું બહુમાન કરીએ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે બહુમાનની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે ગ્રહણ કરવા યોગ્યનું આનંદથી ગ્રહણ કરવું અને ગ્રહણ કરેલ પદાર્થમાં શ્રદ્ધા રાખવી તે બહુમાન છે. યોગદૃષ્ટિ ગ્રંથમાંથી આપણને મોક્ષના કારણભૂત એવું જ્ઞાન મળે છે. આત્મકલ્યાણની દૃષ્ટિ રાખીને સૌને આ મૂલ્યવાન ગ્રંથનું બહુમાન કરવા હું વિનંતી કરું છું."

આ ગ્રંથની ૧૦૦ કોપીઓ સંઘના જ્ઞાનખાતા તરફથી લેવાનું સહર્ષ જાહેર કરાયું હતું.

દિવ્ય-દર્શન ટ્રસ્ટના ટ્રસ્ટી અને વિમોચન-સમારંભના સંચાલકશ્રી કુમારપાળ વિ. શાહે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે,

"સદ્‌ગુરુનું શરણ પરમાત્મવાણીનું શ્રવણ અને તત્ત્વનું ગ્રહણ. આ ત્રણેયનો ત્રિવેણી સંગમ જીવનમાં થતાં જીવન ઝગમગે છે. આ સુભગ સંગમ સૂરિપુરંદર આચાર્યદેવશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજમાં જોવા મળે છે. એટલે જ એમનું યોગદાન અને અર્પણ ઇતિહાસનાં પાનાં ઉપર આજ પણ સુવર્ણ અક્ષરે અંકિત છે. ૧૫ સદીથી પણ વધારે પ્રાચીન થવા છતાં એમના કામ અને નામને કાળનો પણ કોઈ ઘસારો લાગ્યો નથી. આજે પણ સર્વત્ર એમના ગુણગીત વારંવાર ગવાતા રહે છે.

દિવેલ ભરેલો દીપક ઓરડાને અજવાળે છે, પણ જ્ઞાનીને જ્ઞાનદીપક જનજનના અંતરમાં અજવાળાં પાથરે છે. ૧૪૪૪ જેટલા શાસ્ત્રોના સમર્પણથી જિનશાસનના શ્રુતને મોટું માતબર બનાવવાનું વંદનીય પરાક્રમ કર્યું છે. એ ગ્રંથોમાંનો એક 'યોગદૃષ્ટિ સમુચ્ચય' બહુમૂલ્ય નિધિ સમાન છે.

આ ગહન ગ્રંથના પદાર્થોની સરળ અને સરસ વાચનાઓ શ્રદ્ધેય ગુરુદેવશ્રીએ બે વર્ષ પહેલાં પાલનપુર ખાતે આપી હતી. ગુરુદેવશ્રીની કલમમાંથી કરુણા નીતરે છે, નરવી કરુણા એ ભાષાથી નહિ, ભાવથી બોલે લખે છે. વાચનાઓમાં નીતરેલી નરવી કરુણા પૂર્ણ અમીવર્ષા સ્વરૂપ 'યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ' વિવેચન પ્રથમ

ભાગનું પ્રકાશન અમારા દિવ્ય-દર્શન ટ્રસ્ટના ઉપક્રમે થઈ શક્યું તે બદલ રોમહર્ષ અનુભવીએ છીએ.

ગ્રંથ : યોગદૃષ્ટિ સમુચ્ચય

ગ્રંથકાર : સૂરિપુરંદર હરિભદ્રસૂરિજી

અને

વિવેચનકાર પૂજ્ય શ્રદ્ધેય આચાર્યશ્રીના ચરણોમાં અંતરનાય અંતરથી ભાવપૂર્ણ ભાવાંજલિ અર્પણ કરું છું.''

ચોપાટી સંઘના અગ્રણી અનેક સંસ્થાઓમાં સતત સેવારત શ્રી સુધાકરભાઈ મણિલાલ દલાલે વિશિષ્ટ ગ્રંથ ઉપર લખાયેલ વિવેચનગ્રંથ પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. ''પૂજ્ય આચાર્યશ્રી પરમ વૈરાગી છે. ત્યાગી છે. ગંભીર છે. જ્ઞાની છે. તેમની આ વિવેચનાનું મૂલ્યાંકન અલ્પજ્ઞ નહિ કરી શકે. ગ્રંથથી સાત્ત્વિક, તાત્ત્વિક અને અધ્યાત્મિક પરિણતિ થાય તો કરેલો પુરુષાર્થ સફળ બનશે.'' એ રીતે પ્રકાશનની સફળતા ઇચ્છવાપૂર્વક આનંદ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતી સાહિત્યકાર તરીકે જાણીતા આજના મુખ્ય મહેમાન શ્રી **ગુલાબદાસભાઈ બ્રોકરે** જ્ઞાનના પ્રતિક સમાન દીપક પ્રગટાવવાની વિધિ કરી હતી. એ પછી તરત જ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. શ્રી રમણભાઈ સી. શાહે સસન્માન ગ્રંથરત્નની સામે આવી જરીના કપડામાંના વિવેચન ગ્રંથ લઈને શ્રી સંઘને દર્શન કરાવ્યું ત્યારે વાજિંત્રોના સૂરો સહિત હજારો શ્રોતાઓએ બુલંદ અવાજે જયનાદથી ગ્રંથને વધાવી લીધો હતો.

પ્રસન્નચિત્ત શ્રી ગુલાબદાસભાઈ બ્રોકરે પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું કે ''સ્થૂળ દીપક પેટાવવો મુશ્કેલ છે, તો અંતરના દીવાને પેટાવવો તો એથી ય મુશ્કેલ છે. અંદરનો દીવો એકવાર પ્રગટી ગયો, નાની સરખી જ્યોત પણ પ્રગટી ઊઠી, તે પછી એ અંતરનો દીવો સળગતો જ રહેશે. સ્થૂળ દીપ પેટાવવા પણ મહેનત કરવી પડે છે, તો અહીં પણ મહેનત તો કરવી જ પડશે. આજે નહિ તો કાલે. મહેનત કરતા રહેવાથી એક દિવસ અંતરનો દીવો પણ જરૂર પ્રગટશે.

દીપકમાં સ્નેહ ખૂટે છે. આતમરામના દીપમાં સ્નેહ પૂરવાની, તેલ પૂરવાની જરૂર છે. એ પૂરવા માટે ઘણા શુભાત્માઓ થયા છે... હરિભદ્રસૂરિજી એવા શુભાત્મા થઈ ગયા. તેમને ગૃહસ્થપણે અભિમાન હતું કે મેં જાણવા જેવું બધું જાણી લીધું છે. હવે મારે કશું જાણવાનું બાકી નથી. આથી તેમણે પ્રતિજ્ઞા કરી હતી કે મને વિદ્યામાં હરાવશે તેનો હું ગુલામ બની જઈશ. એક દિવસ જૈન

સાધ્વીના કંઠે તેમણે એક ગાથા સાંભળી. તેનો અર્થ તેમને સમજાયો નહિ. શેનો સમજાય ? હરિભદ્ર બ્રાહ્મણ પંડિત હતા. સંસ્કૃતના વિદ્વાન હતા. ગાથા પ્રાકૃત ભાષામાં હતી. સાધ્વીજી પાસે ગયા. સાધ્વીજી મહારાજે દૂરદૃષ્ટિથી વિચારીને તેમને પોતાના ગુરુ પાસે મોકલ્યા. ગુરુએ કહ્યું કે આ ગાથા સમજવી હોય તો જૈન સાધુ થવું જોઈએ. જ્ઞાન જોઈએ તો તપશ્ચર્યા, કરવી જોઈએ; અને બ્રાહ્મણ હરિભદ્ર મુનિ હરિભદ્ર થઈ ગયા ! તેમનાં જીવનનો આ પ્રસંગ કહે છે કે સાચું જ્ઞાન જ્યાંથી મળે ત્યાંથી લેવું, ભેગું કરી લેવું. જ્ઞાન આપનાર માતા જેવી બીજી કોઈ મોટી માતા નથી. હરિભદ્રસૂરિએ પોતાના ગ્રંથોમાં 'યાકિની મહત્તરાસૂનું' તરીકે પોતાને ઓળખાવવામાં ગૌરવ અનુભવ્યું છે.

હરિભદ્રસૂરિના જીવન અને ગ્રંથો વિષે જૈનોને આદર હોય જ. તેમના માટે અન્યો પણ એટલા જ ઉત્સુક રહે છે. એક વાર મેં આપણા મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોષીને પૂછ્યું હતું કે તમે પી.એચ.ડી. કેમ નથી કરતા ? ત્યારે તેમણે કહ્યું હતું કે જ્યારે પણ હું પી.એચ.ડી. કરીશ ત્યારે હરિભદ્ર પર પી.એચ.ડી. કરીશ.

સત્પુરુષો સાથે સંગ ને યોગ મહા પુણ્યે થાય છે યોગ એટલે જોડવું. આત્માને પરમાત્મા સાથે જોડે તે યોગ. સમ્યગ દૃષ્ટિ હોય તો યોગ થાય. યોગદૃષ્ટિ હોય તો ક્લિષ્ટ ચિત્તવૃત્તિનો નિરોધ થાય. ક્લેશ કરનાર વૃત્તિનો નાશ થાય, અને પરમ આનંદ આપનાર વૃત્તિનો વિકાસ થાય; અને તો જ જ્ઞાનનો દીપક જલતો રહેશે.''

વિવેચનગ્રંથ ઉદ્‌ઘાટક ડૉ. શ્રી રમણભાઈ સી. શાહે વક્તવ્યમાં જણાવ્યું હતું કે 'યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ પરના વિવેચન-ગ્રંથનું ઉદ્‌ઘાટન કરવાનું મારું પરમ સૌભાગ્ય સમજું છું. પણ એ માટે મારી પાત્રતા છે એવું સમજતો નથી. ક્યાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ અને એમના ગ્રંથ પર વિવેચન કરનાર શ્રી ભુવનભાનુસૂરિજી મહારાજ ક્યાં ? હું તો અલ્પજ્ઞ છું. તેમણે ગ્રંથના ગહન રહસ્યોને છતા કર્યા છે. આથી હું એમ માનું છું કે આ ગ્રંથથી હૃદય અને ચિત્તનું ઉદ્‌ઘાટન કરવું જોઈએ.

૧૫૦૦ વર્ષ પહેલાં હરિભદ્રસૂરિએ આ ગ્રંથની રચના કરી. તેમાં આઠ દૃષ્ટિની વાત કરી છે. આપણે ત્યાં ગુણસ્થાનકની પરંપરા છે. આત્મા ઉર્ધ્વારોહણ કરતો એક એક સ્થાનકે ઊંચે ચડે છે. ત્યારે તેનામાં કઈ દૃષ્ટિ ઊઘડે છે, તેનામાં કયું લક્ષણ પ્રગટ થાય છે તેનું વિવરણ કર્યું છે.

પ્રાચીન પરંપરા છે કે તીર્થંકરો દેશના આપે, ગણધરો તેનું વિવરણ કરે, એ વિવરણનું સૂક્ષ્મ મનન કરીએ તો પણ બધું રહસ્ય સમજાઈ જાય એવું નથી. ક્યારેક

બધું જ રહસ્ય સમજાતું નથી. વાણી તો ખાણ છે. ખાણમાં ખોદકામ કરતાં તેમાંથી રત્નો નીકળતા જ રહે છે. વિવરણ અને વિવેચન કરનાર નવો નવો અર્થ બતાવે છે. અને અવનવાં રહસ્યો ઉદ્‌ઘાટિત કરે છે. શ્રી હરિભદ્રસૂરિજી માટે કહી શકાય કે બહુ ઓછા શબ્દોમાં તેમણે યોગનું રહસ્ય છતું કર્યું છે.

અન્યોએ કરેલા વિવરણ ઉપર વિવરણ અને પ્રવચનો કરવાની પણ પ્રાચીન પરંપરા છે. સાધુભગવંતો માટે સ્વ-પર ઉપકાર માટે પ્રવચન આપવું જરૂરી કહ્યું છે. મોક્ષમાર્ગની પરંપરા જીવંત રાખવા માટે સાધુભગવંતો રોજ પ્રવચનો આપે છે.

સામાન્ય માણસ બોલે છે કે લખે છે તે શબ્દો ભૂલાઈ જાય છે. લુપ્ત થઈ જાય છે. પરંતુ મહાપુરુષો પોતાની જ્ઞાનની લબ્ધિથી શબ્દમાં બળ લાવે છે. એ શબ્દો લુપ્ત થતા નથી. તેમની જ્ઞાનની એ જ્યોત સૈકાઓ સુધી પ્રકાશ આપે છે.

યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ ઉપર અગાઉના અભ્યાસ ગ્રંથોમાં આગવો પૂજ્યપાદ આચાર્યશ્રી ભુવનભાનુસૂરિજી મહારાજનો આ ગ્રંથ વાચનાગ્રંથ છે. વાચનાદાતા વાચના દ્વારા દરેક પદાર્થ અને તત્ત્વને અલગ અલગ રીતે સૂક્ષ્મતાથી વિસ્તારપૂર્વક સમજાવે છે, પ્રશ્ન કરે છે, જવાબ આપે છે. વાચનાની આ પદ્ધતિથી દરેક પદાર્થના નવા નવા અર્થ અને રહસ્ય સમજાય છે. યોગદૃષ્ટિ ગ્રંથ ઉપર અગાઉના અભ્યાસ ગ્રંથોમાં આગવો પૂજ્યપાદ આચાર્યશ્રી ભુવનભાનુસૂરિજી મહારાજનો આ ગ્રંથ વાચનાગ્રંથ છે. વાચનાદાતા વાચના દ્વારા દરેક પદાર્થ અને તત્ત્વને અલગ અલગ રીતે સૂક્ષ્મતાથી વિસ્તારપૂર્વક સમજાવે છે, પ્રશ્ન કરે છે, જવાબ આપે છે. વાચનાની આ પદ્ધતિથી દરેક પદાર્થના નવા નવા અર્થ અને રહસ્ય સમજાય છે. યોગદૃષ્ટિ ગ્રંથ ઉપર મનનીય વાચનાઓ આપીને આચાર્ય મહારાજે મહત્ત્વનું કામ કર્યું છે. સ્થૂળમાંથી સૂક્ષ્મમાં અને સૂક્ષ્મમાંથી સૂક્ષ્મતમમાં જવા માટે આ ગ્રંથ ઉપયોગી બની રહેશે.''

પ્રભાવક પ્રવચનકાર મુનિવર્ય **શ્રી જિનચંદ્રવિજયજી મહારાજના** પ્રેરક પ્રવચનનો કેટલોક સારાંશ.

''વિશ્વમાં જીવાત્માની દોટ બે માર્ગે રહી છે. એક ભોગ તરફ અને બીજી યોગ તરફ. ભોગથી થાકીને યોગ તરફ આવ્યા વિના જીવાત્માનો છૂટકો નથી. યોગનો સાચો અર્થ આજે ખોવાઈ ગયો છે. 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથ પરના વાચના-ગ્રંથથી મુમુક્ષુઓ માટે યોગનું સાચું દર્શન ઉપલબ્ધ થયું છે.

જીવનમાં સત્સંગનું મહત્ત્વ છે. જીવનના વિકાસનો એ પાયો છે. સત્ એક જ છે. આત્મા સત્ છે. જીવનમાં શાંતિ અને આનંદ જોઈતા હોય તો સત્ એવા

આત્માનો સત્સંગ કરો. સત્સંગ ન કરી શકો તો સંતનો સંગ કરો. સત્નો જે સ્પર્શ પામ્યા છે તે સંત છે. સંતનો સંગ દુર્લભ હોય. એવા સંગની અનુકૂળતા ન હોય તો સંતના ગ્રંથનો સંગ કરજો.

હરિભદ્રસૂરિ મહારાજા આત્મજ્ઞાની હતા. તેમનો આ ગ્રંથ અદ્‌ભુત છે. તેમને જેટલી ભાવાંજલિ આપીએ તેટલી ઓછી છે. તેમણે ૧૪૪૪ ગ્રંથોની રચના કરી છે. તેમાં આ યોગદૃષ્ટિનો ગ્રંથ કોઈ જુદી જ ભાત પાડે છે.

કેટલાક ગ્રંથો ખંડનાત્મક હોય છે. કેટલાક ગ્રંથો મંડનાત્મક હોય છે તો કેટલાક ગ્રંથો સમન્વયાત્મક હોય છે. આજનો ગ્રંથ સમન્વયાત્મક કહી શકાય. પતંજલિએ યોગની આઠ ભૂમિકા બતાવી છે. એને સમાવી લઈ ગ્રંથકારે અહીં આઠ દૃષ્ટિ બતાવી છે. સાચા મુમુક્ષુ માટે આ આઠ દૃષ્ટિ મૂલ્યવાન માર્ગદર્શન કરાવે છે.

અમારા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ આ ગહન ગ્રંથ પર સરળ ગુજરાતી ભાષામાં વાચનાઓ આપીને બધી દૃષ્ટિઓ સમજાવીને એઓશ્રી આપણા ઉપકારી બન્યા છે. પંચોતેર વર્ષની ઉંમરે પણ અમને યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ અને શક્તિથી રાત દિવસ સંઘની સેવાના અને શાસન-પ્રભાવનાના કામ કરી રહ્યા છે. પૂજ્યશ્રી દીર્ઘ સમય સુધી શાસન પ્રભાવના કરતા રહે એવી શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ.''

પૂજ્યશ્રીના મંગળ પ્રવચનના અંતે દૂર દૂરથી પધારેલ સૌ કોઈ પ્રત્યે આદર અને આભાર ભાવ વ્યક્ત કરવાપૂર્વક 'સૌની સાધર્મિક ભક્તિ રાખવામાં આવી છે. લાભ આપીને જવા' માટે સંઘ તરફથી નિમંત્રણ અપાયું. પ્રસન્ન ચિત્તે સર્વમંગલમ થતાં સમારંભનું કાર્ય સમાપન થયું. 'કેવો ગ્રંથરત્ન ! કેવા ગ્રંથકાર !... આહા ! કેવા વિવેચનકાર ! આનંદ અને અહોભાવપૂર્વક મોટી સંખ્યામાં શ્રોતાઓ વિવેચનગ્રંથના સ્ટોલ પાસેથી સ્વાધ્યાયના ખજાના જેવો ગ્રંથ ખરીદવામાં લાગી જતાં ૨૦૦ જેટલી નકલો મિનિટોમાં જ ઊપડી ગઈ હતી.

• • •

શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ

ગુજરાતી વિવેચના-ભાગ પ્રથમનો પ્રકાશન સમારોહ

મૂલગ્રન્થકાર • મહાન જૈનાચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ

વિવેચનકાર • ન્યાયવિશારદ, આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

પ્રકાશન સમય : વિ.સં. ૨૦૪૦ શ્રા.સુ. ૧ દિનાંક ૨૯મી જુલાઈ, ૧૯૮૪, રવિવાર, બપોરે ૨-૩૦ કલાકે

સમારોહ સ્થળ : શ્રી કરમચંદ જૈન પૌષધશાળા

૧૦૬, એસ.વી. રોડ, ઈર્લા બ્રીજ, વિલેપારલે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬.

શુભનિશ્રા : પૂજ્યબંધુ ત્રિપુટી મુનિવર્યો

ઉદ્‌ઘાટક : ડૉ. રમણલાલ ચી. શાહ (અધ્યક્ષ ગુજરાતી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી)

અતિથિવિશેષ : શ્રી ગુલાબદાસ બ્રોકર (સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને લેખક)

નિમંત્રણ : આ મંગલ પ્રસંગે આપ સૌને પધારવા અમારું સપ્રેમ નિમંત્રણ છે.

નિમંત્રક : શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ, શ્રી દિવ્ય-દર્શન ટ્રસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૬.

ગ્રંથરત્ન 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

દેશ-વિદેશમાં સર્વત્ર આજકાલ 'યોગ' વિષે કુતૂહલ રસ અને જિજ્ઞાસા વધતી જાય છે.

યોગ અને યોગસાધનાના નામે સાચી-ખોટી, નાની-મોટી અનેક પ્રવૃત્તિઓ પણ વિસ્તરતી જાય છે.

'યોગ' અંગેની ચર્ચા વ્યાપક બનતી જાય છે ત્યારે ખરેખર 'યોગ' એટલે શું ? એ વિષે સાચી અને સર્વાંગીણ 'દૃષ્ટિ'નું દાન કરતો આ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' નામનો ગ્રંથ જિજ્ઞાસુઓ અને મુમુક્ષુઓ માટે માર્ગદર્શક ભોમિયાની ગરજ સારે એવો છે.

'યોગ.' શબ્દ ક્રિયાનો સૂચક છે.

'દૃષ્ટિ' શબ્દ જ્ઞાનનો સૂચક છે.

યોગ + દૃષ્ટિ = ક્રિયા + જ્ઞાન.

જ્ઞાનમાર્ગ અને ક્રિયામાર્ગ બંનેનો 'સમુચ્ચય' સુંદર સમન્વય આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

જૈન અને જૈનેતર પરંપરાની યોગસાધનાઓનો સુંદર સમન્વય આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

યોગસૂત્રના પ્રણેતા મહર્ષિ પતંજલિના અષ્ટાંગયોગની સાથે આત્મદૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિના અષ્ટાંગી વિકાસની અદ્‌ભુત વાતો અને તેની સાથે ક્રમશઃ થતી અષ્ટગુણ વિકાસની તથા અષ્ટદોષ વિનાશની પ્રક્રિયાને સંકલિત કરીને ગ્રંથકર્તા શ્રીમદ્‌ હરિભદ્રસૂરીશ્વરજીએ આધ્યાત્મિક વિકાસનો એક એવો સર્વાંગ સુંદર નકશો આ ગ્રંથ દ્વારા જગતને આપ્યો છે કે જે ભવવનમાં ભૂલા પડેલા અને મુક્તિપુરીમાં પહોંચવા ઇચ્છતા દરેક મુમુક્ષુઓએ સદાયે રાખવા જેવો છે.

ટૂંકમાં 'યોગદૃષ્ટિ' એટલે આધ્યાત્મિક વિકાસની મહાયાત્રાનો સુરેખ નકશો.

'યોગદૃષ્ટિ' એટલે જીવમાંથી શિવ બનવાનો સંદેશ સુણાવતો અને આત્મામાંથી પરમાત્મા બનવાની પ્રેરણા આપતો અદ્‌ભુત ગ્રંથ.

સંસ્કૃત ભાષામાં, લગભગ ૨૨૮ શ્લોકોમાં ગુંથાયેલો આ ગ્રંથ માત્ર જૈન સાહિત્યનો જ નહીં પરંતુ ભારતીય સાહિત્યનો અને સમગ્ર વિશ્વના આધ્યાત્મિક સાહિત્યનો 'કોહીનુર હીરો' છે.

આવા ઉત્તમ ગ્રંથરત્નનું સર્જન કરનાર મહર્ષિ પૂજ્ય આચાર્યવર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ તો આપણા મહાન ઉપકારી છે જ સાથે સાથે સંસ્કૃત ભાષાના આવા ગંભીર ગ્રંથરત્ન ઉપર ગુજરાતીમાં સરળ વિવેચના કરીને વિવેચનાકાર, ન્યાયવિશારદ, તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે પણ આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે. માનવમાત્રને ભોગી મટીને યોગી બનવાનો અને યોગીમાંથી અયોગીપદે પહોંચવાનો પંથ બતાવતા આ ગ્રંથરત્નને ચાલો આપણે અંતરથી વધાવીએ... એનું ભાવપૂર્વક પઠન-પાઠન કરીએ, અને એ મુજબ જીવન જીવવાનો સંકલ્પ કરીએ.

ગ્રંથકર્તા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી

હરિભદ્રસૂરિજી એટલે જ્ઞાનોપાસનાની જીવંતમૂર્તિ.

હરિભદ્રસૂરિજી એટલે હરતી-ફરતી જીવંતવિદ્યાપીઠ.

હરિભદ્રસૂરિજી એટલે ૧૪૪૪ ગ્રંથોના રચયિતા મહાનસર્જક.

વિક્રમની પાંચમી અને છઠ્ઠી શતાબ્દીમાં, ભારતીય સંસ્કૃતિના ગગનાઙ્ગણને પોતાના અસ્તિત્વથી અજવાળી દેનાર આ મહાન જ્ઞાની જૈનાચાર્યે એકલે હાથે ચૌદસો ચુમ્માલીશ (૧૪૪૪) ગ્રંથોની રચના કરી છે. એ વાત કદાચ કોઈના

માનવામાં ન આવે પરંતુ એ એક ઐતિહાસિક હકીકત છે.

સંસ્કૃત અને પ્રાકૃત (અર્ધમાગધી) ભાષામાં વિવિધ વિષયો પર અસ્ખલિત લેખિની ચલાવનાર... જ્ઞાનની ગંગા વહાવનાર આ મહાન સાહિત્યસ્વામીની જીવનકથા પણ ભારે રોમાંચક છે.

શ્રી હરિભદ્રસૂરિજી પૂર્વાવસ્થામાં ચિત્તોડના રાજપુરોહિત હતા. વેદ-વેદાંગ, ઉપનિષદો-પુરાણો અને ષડદર્શનના એક પ્રકાંડપંડિત હતા. બ્રાહ્મણ કુલોત્પન્ન પંડિત હરિભદ્રને પોતાની વિદ્વત્તાનું ભારે અભિમાન હતું. એમની એ અસાધારણ વિદ્વત્તા અને પંડિતાઈના ગર્વની આસપાસ અનેક દંતકથાઓએ જન્મ લીધો હતો.

પરંતુ એમનો એ ગર્વનો ઘડો એક નાનકડી કાંકરીએ ફોડી નાખ્યો. એક નાનકડી ઘટનાએ એમના જીવનમાં ભારે પરિવર્તન લાવી દીધું. પવિત્રતાની મૂર્તિસમા'યોકિની મહત્તરા' નામના એક વિદુષી જૈનસાધ્વીજીના અચાનક થયેલા પરિચયે, પંડિત હરિભદ્રને મહાનજ્ઞાની આચાર્યશ્રી જિનભદ્રસૂરિજીના ચરણોમાં મૂકી દીધા.

શ્રીજિનભદ્રસૂરિજીએ પંડિત હરિભદ્રમાં સાચા જિજ્ઞાસુના દર્શન કર્યા અને જ્ઞાનની નવી-નવી ક્ષિતિજોનું ભાન કરાવી અનંત આકાશમાં ઉડ્ડયન કરવાનું આહ્વાહન આપ્યું.

પંડિત હરિભદ્રે એ આહ્વાહન ઝીલી લીધું.

બ્રાહ્મણ સંસ્કૃતિના એ ધુરંધર વિદ્વાન, ગુરુ જિનભદ્રસૂરિના ચરણે નમ્ર વિદ્યાર્થી બનીને શ્રમણ સંસ્કૃતિનો એકડો ઘૂંટવા બેસી ગયા.

પંડિત હરિભદ્ર મુનિ હરિભદ્ર બની ગયા.

દિવ્યદૃષ્ટા શ્રી જિનભદ્રસૂરિજી પણ આ સુયોગ શિષ્યને પામીને ધન્યતા અનુભવી રહ્યા. ગુરુ પાસેથી જ્ઞાનનાં ગૂઢ રહસ્યો પામીને મુનિ હરિભદ્ર પણ આનંદમગ્ન બની ગયા. જ્ઞાન સાધનાનો યજ્ઞ અખંડ ચાલતો રહ્યો. આગળ વધતાં મુનિ હરિભદ્ર આચાર્ય હરિભદ્રસૂરિ તરીકે આચાર્યપદે પ્રતિષ્ઠિત થયા અને ૧૪૪૪ ગ્રંથોના રચયિતા તરીકે ઈતિહાસમાં અમર બની ગયા.

આજે પણ એમના રચેલા અનેક ઉત્તમ ગ્રંથો ઉપલબ્ધ છે.

'યોગદૃષ્ટિ સમુચ્ચય' પણ તેમનો રચેલો એક ઉત્તમ ગ્રંથ છે.

વિવેચનકાર આચાર્યશ્રી

આંખે આત્મભાવનું અંજન છે. અંતરમાં પરમાત્મા ભક્તિનું ગુંજન. હોઠ પર પ્રશમભાવ વેરતું સ્મિત. હૈયે સમ્યક્ત્વનું હજાર પાંખડીએ ખીલેલું કમળ. ચહેરા ઉપર પ્રસન્નતાનો પારદર્શક પાલવ. વાણીમાં વૈરાગ્યની ઋજુભીનાશ. વ્યવહારમાં જિનાજ્ઞાનો શીતલ ચંદન સ્પર્શ. સંયમ જીવનમાં શુદ્ધ જયણાની ઝંખના અને કમલમાં વેધક પણ વ્યાપક આત્મબોધ

એટલે

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પરમ વિનેય શિષ્યરત્ન શ્રદ્ધેય પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ ૭૫ વર્ષની વયના વિખ્યાત જૈનાચાર્ય સર્વજ્ઞવાણીના મર્મજ્ઞ વિવેચક છે. ન્યાય, આગમ, દર્શન અને કર્મશાસ્ત્રોના ગહન રહસ્યોના પ્રતાપી વિશેષજ્ઞ છે. વ્યાકરણ, કાવ્ય, સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી, હિંદી, મરાઠી ઈત્યાદિ ભાષાઓ ઉપર પ્રભાવી પ્રભુત્વ છે. વ્યવહારિક શિક્ષણક્ષેત્રે યુવાનવયે ચાર્ટડ એકા. (C.A.)ની સમકક્ષ લંડનની પરીક્ષા સપુરસ્કાર પાસ કરનાર સ્વભાવ અને શોખથી તાર્કિક છે.

વાણીમાં વૈરાગ્યભાવ છલકે છે. કલમમાંથી અધ્યાત્મ બોધ નીતરે છે. એમનું જીવન ચિંતનપ્રધાન છે. પરમતેજ, ઉચ્ચ પ્રકાશને પંથે, ધ્યાન અને જીવન ઈત્યાદિ ૫૦ ઉપરાંત કૃતિઓનું સર્જન કર્યું છે. છેલ્લા ૩૨ વર્ષથી દિવ્ય-દર્શન સાપ્તાહિકના માધ્યમથી વૈરાગ્યબોધની અમી વર્ષા કરી રહ્યા છે અને સ્વાધ્યાય પ્રેમી હજારો વાચકોને અધ્યાત્મ વાણીનું આચમન કરાવી રહ્યા છે.

ઉગ્ર તપસ્વી છે. ૧૦૮ વર્ધમાન તપ આયંબિલની ઓળી ઉપરાંત અનેક ઉગ્ર તપશ્ચર્યાઓથી પોતાના આત્માને તપભીનો ભીંજાયેલ રાખ્યો છે. ૧૦૦ ઉપરાંત પોતાના વિશાળ શિષ્ય પરિવારના સર્વાંગીણ શ્રેય માટે સતત મથે છે.

યુવા વર્ગ પ્રતિબોધક તરીકે પૂજ્યશ્રીનું ગણનાપાત્ર યોગદાન છે. જૈન સંઘમાં શિક્ષણ શિબિરોના સૌ પ્રથમ પ્રેરક અને પ્રણેતા પણ પૂજ્યશ્રી જ છે. હજારો નવયુવાનોના માનસને સમજીને સરસ રીતે જિનશાસનને સફળ રીતે સમજાવવાનો અટૂટ ક્રમ આજે પણ ચાલુ જ છે.

વિશ્વકલ્યાણકર જિનશાસનની સેવામાં સતત રત, મનહર અને મનભર સાહિત્યકાર અને પ્રવચન પ્રભાવક પૂજ્યશ્રી આચાર અને વિચારની જીવંત સંહિતા છે. એમનું ચિંતન ભાષાથી નહિ ભાવથી ઘડાયેલું છે. કલમમાં શુભભાવ જગાડવાની

દિવ્ય સંજીવની છે.

એવા શ્રદ્ધેય પૂજ્યપાદશ્રીએ સૂરીપુરંદર શ્રી હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ રચિત 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શાસ્ત્ર ઉપર અધ્યયન અને અભ્યાસપૂર્ણ વિવેચન કર્યું છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૩,અંક-૧૪,તા.૧૫-૧૨-૧૯૮૪

અહમદનગરમાં અંજનશલાકા મહોત્સવ

અદ્‌ભુત ધર્મભાવના અને શાસનપ્રભાવના મૂર્તિપૂજક જૈનોના ૧૦૦ ઘર છતાં ઉમટેલો માનવ મહેરામણ ! પ્રિયવંદા દાસી વગેરે અમુકની બોલીઓ ભારતમાં રેકોર્ડ બ્રેક...

સ્વ. સુવિશાલ ગચ્છાધિપતિ નૂતન કર્મ સાહિત્ય સૂત્રધાર પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર વૈરાગ્ય વારિધિ ખાનદેશ આદિ મહારાષ્ટ્ર દેશોદ્ધારક સ્વ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજે પૂર્વ મહારાષ્ટ્રના અનેકાનેક ગામ નગરોના ઉદ્ધાર કરીને નામજૈનોને ધર્મારાધક શ્રદ્ધાળુ જૈનો બનાવ્યા, ભવ આલોચના વગેરે દ્વારા જીવનમાં અભક્ષ્યત્યાગ, તપસ્યા, પ્રભુદર્શન પૂજા, સાધુસેવા, વગેરેના તથા નવલાખ નવકાર આદિના નિયમો દ્વારા નવકાર મંત્રાદિના ઉપાસક બનાવ્યા. દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યોના ખાતામાં ચોકખા કરાવ્યા, એમની પ્રેરણાથી અનેક સ્થળે સંઘમંદિર, ગૃહમંદિર, ઉપાશ્રય આદિનાં નિર્માણ થયાં, અંજનશલાકા મહોત્સવો, પ્રતિષ્ઠા મહોત્સવો, દીક્ષા મહોત્સવો, સંઘ-યાત્રાઓ વગેરે ઉજવાયા. આવા ગામ નગરોમાંના એક નગર જિલ્લાની રાજધાની અહમદ-નગરમાં પણ ભવ્ય ધર્મપ્રભાવના કરીને પૂજ્યપાદશ્રીએ અહમદનગર જૈન સંઘની રોનક ફેરવી નાખી. જેમાં એક સુખદ ફળ સ્વરૂપે અહમદનગરમાં બે મોટા શિખરબંધી મંદિરો, એક શ્રી ઋષભદેવ પ્રભુનું, અને બીજું શ્રી સંભવનાથ પ્રભુનું. એમાંથી શ્રી સંભવનાથ ભગવાનના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવતાં એને ભવ્ય ચોવીસ જિનાલય રૂપમાં બનાવવામાં આવ્યું.

આ ભવ્ય જિનાલયમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર પૂ. સંયમિરત્ન આચાર્યદેવશ્રી વિજય ત્રિલોચન-સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઉજવવાનું ધારેલું. પરંતુ એઓશ્રીને કમળી થવાથી સુંદર સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો. તેથી સંઘે પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનો આજથી ચાર વર્ષ પૂર્વે ઠરાવ કરીને વૈશાખમાં મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું અને પૂજ્યશ્રીને વિનંતી

કરતા વિનંતી માન્ય રાખીને પૂ.આચાર્યદેવશ્રીનું મુંબઈથી એ તથા મહારાષ્ટ્રના બીજા ધર્મકાર્યો માટે વિહાર કરવાનું નક્કી થયું. પરંતુ પૂ.આ.શ્રી વિજય રામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજે આગ્રહપૂર્વકના બે પત્રો લખી પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ. નો અમદાવાદ તેડાવી લીધા, તેથી આ મહોત્સવ ક્યારે ઉજવાયા એની સંઘ ચિંતામાં હતો એમાં ૩ વર્ષ નીકળી ગયા. પૂ. આચાર્યદેવશ્રીનું પુના ચાતુર્માસ કરવાનું નક્કી થતાં અહમદનગર સંઘે આવીને પૂજ્યશ્રીને જોરદાર વિનંતી કરી કે અમારું આ મહાન કાર્ય ચોમાસા પછીના પહેલા શુભ મુહૂર્તે કરાવી આપો અને આ માટે સંઘમાં વિશેષ જાગૃતિ આવે, તથા મંદિર આર્ટિસ્ટિક કામથી ભવ્ય રોનકદાર બને એમાં માર્ગદર્શન મળે, એ માટે અમને પૂ. તપસ્વી મુનિરાજશ્રી વિમલસેનવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી નંદીભૂષણવિજયજી મ. વગેરેનું અહમદ-નગરમાં ચોમાસું કરવાનું નક્કી કરી આપો. વિનંતી માન્ય રખાઈ અને એ પ્રમાણે આ બે મુનિરાજો સહિત ચાર મુનિરાજો અહમદનગર ચાતુર્માસાર્થે પધાર્યા.

મંદિરના આર્ટિસ્ટિક કામ માટે અમલનેરના તીર્થ સ્વરૂપ બેનમૂન ત્રણ શિખરી ભવ્ય જિનપ્રાસાદ બનાવનાર જામનગરવાસી નિષ્ણાત શિલ્પી અને આર્ટિસ્ટ વેલજીભાઈ નારણભાઈને એમના સ્ટાફ સાથે તેડાવવામાં આવ્યા. કામ જોરદાર ચાલ્યું. ટુંકા સમયમાં ઘુમટમાં પાંચ કલ્યાણકો છતોમાં અનેરી ડીઝાઈનો, અનેકાનેક તીર્થ, પટો, વગેરેથી દેરાસર એટલું બધું સુશોભિત તૈયાર થયું કે રંગની કંપનીના મેનેજર જોવા આવેલ એણે કહ્યું કે ભારતમાં અમારા રંગો ઘણે ઠેકાણે વપરાય છે, પરંતુ આવું ભવ્ય આર્ટિસ્ટિક કામ આજસુધી મેં જોયું નથી.

ખૂબી એ હતી કે એટલું ઝડપી કામ ચાલવા છતાં વેલજીભાઈના કારીગરો માણસો રોજ સાંજ પડ્યે મંદિરમાં,

'નામ હે તેરા તારણહારા, કબ તેરા દર્શન હોગા...
જિનકી પ્રતિમા ઈતની સુંદર, વો કિતના સુંદર હોગા...'

વગેરેથી ભક્તિગીતોથી ભાવના જમાવતા ! ઉક્ત બંને મુનિરાજોની માર્ગદર્શનમાં અથાગ મહેનત, ઉપરાંત હવે ભવ્યાતિભવ્ય અંજનશલાકા મહોત્સવ કેમ ઉજવાય તે માટે શ્રી સંઘને માર્ગદર્શન આપતા જ રહ્યા. બીજી બાજુ ચારે બાજુથી આરસના તથા પંચધાતુના નયનરમ્ય જિનબિંબો આવતા ગયા. એની અંજનશલાકા વિધિ કરાવવા વેદિકા મંડપ, ક્રિયા મંડપ, ઉજવણી મંડપ, વગેરે વગેરે કેવા ભવ્ય જોઈશે એનું માર્ગદર્શન પણ આપતા રહ્યા. આ બાજુ શ્રી સંઘે પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા., પૂ.આ.શ્રી વિજય

રંગસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ.શ્રી વિજય ધનપાલસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ.શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. આદિ વિશાળ પરિવાર સાથે કાર્તિક પૂનમ બાદ જલ્દીમાં જલ્દી અહમદનગર પધારવા ઉપરાપર વિનંતી કરતા રહ્યા.

સંઘનું પુણ્ય જોરદાર તે નગરની બહાર સંધ્યા કોલોની રોડ પાસે હોસ્પીટલ માટે બનેલા નવા વિશાળ બે મકાન પૂ. મુનિરાજોને ઉતારવા માટે તથા દૂરમાં પૂ. સાધ્વીજી મહારાજો માટે મકાન મળી ગયા. એમાં આગળના માર્કેટયાર્ડ સામે ખુલ્લા મોટા પટાંગણમાં જગા એક વેપારી સંસ્થા તરફથી ઉત્સવ મંડપો માટે મળી ગઈ. વિશાળ મંડપો ઊભા કરવામાં આવ્યા. પહેલાં તો કાર્યકરોને શંકા થઈ કે આટલા મોટા વિશાળ મંડપ પ્રમાણે સૌ જૈન ઘરના હિસાબે માણસ જો નહિ થાય તો બેહૂદું દેખાવાથી વચમાં પડદા નાખીને શું મંડપ નાનો કરવો પડશે ? પરંતુ અરિહંત ભગવાન અને સ્વર્ગસ્થ પૂ. ગુરુદેવોશ્રીનો એવો પ્રભાવ વરસ્યો કે ઉજવણીઓ ચાલુ થતાં મંડપ એટલો ચિકાર ભરાઈ જતો કે બહાર ચોગાનમાં માણસોને ઊભા રહેવું પડતું.

આ ઉત્સવ અર્થે પૂનાથી પૂ. આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરિજી મ. ને સપરિવાર આગળ મોકલવામાં આવ્યા. એમનું કારતક વદ-૭ના ભવ્ય પ્રવેશ-સ્વાગત અહમદનગર સંઘ તરફથી કરવામાં આવ્યું. એઓશ્રીએ અંજનશલાકાની અસલી વિધિ મુજબ ત્રણ કલાક એક આસને બેસી સેવનના પાટલા ઉપર વિધિપૂર્વક નંદ્યાવત યંત્રનું ૨૫૦ ઉપરાંતના નામો સાથે આલેખન કર્યું. ધ્યાનમાં રહે પ્રાચીન પ્રતિષ્ઠાવિધિના 'નિર્વાણ-કલિકા' શાસ્ત્રમાં આ નંદ્યાવર્ત પટ્ટ આલેખનને મુખ્યતા અપાઈ છે. બાહોશ અને શુદ્ધ વિધિકારક જામનગર નિવાસી ભાઈ શ્રી નવીનચંદ બાબુભાઈએ પૂ.આચાર્યદેવશ્રીના આકર્ષણથી સંઘની અંજનશલાકા વિધિ કરાવવા માટેની આગ્રહભરી વિનંતી ખાસ માન્ય કરેલી, તે પણ પોતાની મંડળી સાથે સમયસર પધારી ગયેલ. એમણે પણ નંદ્યાવર્ત યંત્ર આલેખનવિધિ કરાવતાં ખૂબ આનંદ અનુભવ્યો.

પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.નો અન્ય આચાર્ય ભગવંતો આદિ સુવિશાળ શ્રમણ પરિવાર તથા પૂ. બાપજી મ.ના સાધ્વીશ્રી શુભોદયા શ્રીજી મ.સા. આદિ તથા સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી મ.આદિ તથા પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.ના પૂ.સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી મ.સા.આદિ તથા પૂ.આ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ના સાધ્વીશ્રી ચારુયશાશ્રીજી મ.આદિ શ્રમણી પરિવાર સાથે કારતક વદ-૧૦ ભવ્ય નગરપ્રવેશ-સામૈયું કરવામાં આવ્યું. આ ભવ્ય પ્રવેશ-

વરઘોડાથી નગરના નાગરિકો ખૂબ પ્રભાવિત થયેલા, અંજનશલાકા મહોત્સવને ભવ્ય રીતે ઉજવવા માટે મૂળ અત્રેના જ વતની અને ૩૦ વર્ષ પૂર્વે દીક્ષિત બનેલા પૂ. સાધ્વીજીશ્રી ચંદ્રયશાશ્રીજી મ. નો શ્રાવકોને પ્રેરણા કરવામાં મોટો ફાળો હતો. એમણે ચોવીસ જિનાલયોમાં વર્તમાન ચોવીસીના ૨૪ ભગવાનના નૂતન બિંબો શ્રાવિકા બેનો પાસે વર્ષો પૂર્વે નક્કી કરાવેલા.

ઉજવણી માટે આયોજન અને કોમેન્ટ્રી કરવા પ્રસિદ્ધ સિદ્ધચક્ર પૂજન વિધિકારક શ્રી બાબુભાઈ કડીવાળાને આગ્રહભરી વિનંતીથી આમંત્રવામાં આવેલા. કારતક વદ-૧૦ને પૂ.આચાર્યશ્રીજીના વરદ હસ્તે નંદ્યાવર્ત પૂજન કરાવવામાં આવ્યું. વદ-૧૧ શ્રી સિદ્ધચક્ર પૂજન અને વીસસ્થાનક પૂજન ઉજવાયું. બાબુભાઈ કડીવાળાની સાથે પ્રસિદ્ધ સંગીતકાર નટરવલાલ નવસારીવાળા તથા શરણાઈવાળા બેન્જોવાળા વગેરેનો સ્ટાફ તો હતો જ ઉપરાંત અજમેરથી પ્રસિદ્ધ સંગીતકાર ગોપાલ ગવૈયાને પણ એમની મંડળી સાથે અને પ્રફુલભાઈને અત્રે રોકવામાં આવેલ.

વદ-૧૩થી ચ્યવન કલ્યાણક આદિની ઉજવણી શરૂ થઈ. ભવ્ય ઉજવણી જોવા પૂર્વે વિશાળ વેદિકા-મંડપમાં નૂતન કલકત્તા મંદિર, નૂતન ઉજ્જૈન મંદિર, કોલ્હાપુર પાસેના નૂતન કાગળ મંદિર, વગેરેના આરસના અદ્‌ભુત ૩૭ ઈંચ સુધીના ભવ્ય જિનબિંબો તથા પંચધાતુના સપરિકર અપરિકર જિનબિંબો ગણધર બિંબો વગેરે લાંબી ૬ વેદિકા ઉપર હારબંધ વ્યવસ્થિત ગોઠવાયેલા તે જોવાનો અનેરો લહાવો હતો. વિધિકાર પણ કહેતા કે મેં અનેકાનેક સ્થળે અંજનશલાકા વિધિ કરાવી પરંતુ આટલો વિશાળ વેદિકા મંડપને આવી વ્યવસ્થિત ૧૫૦ ઉપરાંત જિનબિંબોની ગોઠવણી આજસુધી જોઈ નથી. દર્શન કરનાર ભાવિકોના આ જોઈ હૈયા ભરાઈ જતાં...

પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ. ના જોશિલા વ્યાખ્યાનો તથા પૂ. મુનિરાજશ્રી નંદીભૂષણવિજયજી મ.ના પ્રસંગે પ્રસંગે પ્રેરક ઉદ્‌બોધનથી બોલીઓમાં ઉછાળા, તથા પ્રભુભક્તિ આદિમાં ભારે વેગ આવેલા. વિધિમાં મુખ્ય તરીકે શ્રી વાસુપૂજ્ય ભગવાનનું મનોરમ ભવ્યબિંબ સ્થાપન કરવામાં આવેલું. તેને ભરાવવાની ઉછામણીનો રેકોર્ડ આંક થયેલો. એ ઉપરાંત આમંત્રણ પત્રિકા લખનાર તથા ભગવાનના માતા-પિતા, ઈંદ્ર-ઈંદ્રાણી, હરિણૈગમેષી દેવ, રાજમંત્રી, પુરોહિત, પ્રિયંવદા દાસી, ફઈબા, મામા-મામી, સાસુ-સસરા, હાલરડું, કુલમહત્તરા વગેરે વગેરે બોલીઓના આંકડા સંઘની કલ્પના બહારના થતા જ ગયા. વિધિકારક નવીનભાઈ કહે કે કેટલીય અંજનશલાકાઓ વિધિઓ કરાવી ક્યાંય પ્રિયંવદા દાસી

બનવાનો આવો અતિ ભવ્ય ચઢાવો મેં જોયો નથી. ઉજવણી-સંચાલક શ્રી બાબુભાઈ કડીવાળા પણ એ જ કહેતા હતા કે આ બોલી અને ઉજવણીઓ આટલી ભવ્ય અને વ્યવસ્થિત પહેલી જ વાર જોઈ. રોજ ને રોજ આગળના દિવસના પ્રસંગોની બોલીઓ બોલાતી, ત્યારે એમ લાગતું કે ભવી જીવો જાણે અનર્થકારી લક્ષ્મીને ફેંકી દેવા આતુર હતા !

કલ્યાણકોની ઉજવણીમાં પ્રભુશ્રી વાસુપૂજ્ય સ્વામીનું દેવલોકમાંથી જ્યાં માતાના ગર્ભમાં અવતરવું, ૧૪ સ્વપ્નનું કથન, ઈન્દ્ર સિંહાસનનું ડોલાયમાન થવું, શક્રસ્તવ, સ્વપ્ન પાઠકને સ્વપ્નોનો ફલાદેશ પૂછવા વગેરેના ભવ્ય પ્રસંગોથી ચ્યવન કલ્યાણકની ઉજવણી જોઈને ગયેલા નગરવાસીઓએ પોતે જ એવું ગેઝેટિંગ કર્યું કે બીજે દિવસથી ઉજવણી જોવા અર્થે માનવમેદની વધી ગઈ. કારતક વદ-૧૩ જન્મ વિધિ વખતે પ્રભુનો જન્મ થતાં શ્રી સંઘ ખૂબ નાચ્યો કૂદ્યો, પૈસા ઉછાળ્યા, વાંજિત્રોનો ગર્જારવ એક સાથે ૧૭ ઘંટોના નાદ થયા. પેંડા વહેંચ્યા. ત્યારબાદ ઉજવણી મંડપમાં ૫૬ દિગ્કુમારી મહોત્સવ અદ્ભુત ઉજવાયો. માલેગામવાળા શાંતિલાલ પંડિત વગેરે અત્રે આગળથી આવીને ૮-૧૦ વર્ષની નાની નાની બાલિકાઓને એવી સુંદર તાલીમ આપેલી તેમજ ૮-૮ દિગ્કુમારીના એવા સુશોભિત ગણવેશ અપાયેલા કે ભૂમિશોધન, જલવર્ષા, દર્પણદર્શન, વગેરેના આ નાનકડી દિગ્કુમારીઓએ સુંદર અભિનયપૂર્વકની ઉજવણી કરતી રહી તે જોઈ ચિક્કાર પ્રેક્ષકવર્ગ મંત્રમુગ્ધ બની જોતો જ રહ્યો. તે પછી ત્રણ કેળના ઘરમાં દિગ્કુમારીઓએ પ્રભુના કરેલ મજ્જન, સ્નાન, અલંકાર સજાવટ વગેરેનો ભવ્ય વિધિ ઉજવાયો. બાદ ઈન્દ્ર મહારાજાનું આસનકંપ, હરિણૈગમેષી સેનાપતિનું દેવોને મેરુ પર્વત ઉપર જન્માભિષેકમાં આવવાનું એલાન, ઈન્દ્રમહારાજાનું પ્રભુની માતા પાસે આવી જન્માભિષેક માટે પ્રાર્થના વગેરે ઉજવણી થયા બાદ અલગ સ્થાનમાં નિર્માણ કરાયેલ ગગનચુંબી મેરુ પર્વત પર ૬૪ ઈન્દ્રો વગેરેએ પ્રભુનો જન્માભિષેક ઉજવ્યો. એમાં છેલ્લે જ્યારે સૌધર્મઈન્દ્રે ઈશાનઈન્દ્રને વિનંતી કરીને એમના ખોળામાં પ્રભુને સ્થાપ્યા પછી પોતે પ્રભુની અભિષેક ભક્તિ કરવા 'પોતે ઈન્દ્ર તરીકે કે દેવ તરીકે તો શું કિન્તુ એક મનુષ્ય તરીકે પણ ઊભવા લાયક નથી.' એ દર્શાવવા બે મોટા શિંગડાવાળા બળદનું મોઢું ચઢાવી અભિષેક માટે ઊભા થયા ત્યારે લોકોને ભ્રમ પડી ગયો કે મેરુ પર્વત પર આ બળદ ક્યાંથી ચડી ગયો ! સારાંશ, ભવ્ય ઉજવણી થઈ. આ વૃષભરૂપથી છેલ્લો અભિષેક થયા બાદ પ્રભુને વસ્ત્રાલંકાર સજાવી સોધર્મેન્દ્રે પ્રભુને લઈ જઈ માતાને સોંપ્યા અને ત્યાં ૩૨ સુવર્ણ મણિ માણેક મોતિ આદિની વૃષ્ટિ કરવામાં આવી. આ તકે જનતાને જાહેર કરવામાં આવ્યું કે આ દ્રવ્ય-વૃષ્ટિ રાજાને

પ્રભુનો ઉદાર અને દબદબાભર્યો જન્મોત્સવ ઉજવવા માટેની પહેરામણીનો છે, તેથી એના પર અધિકાર રાજાનો છે. એટલે આ વૃષ્ટિનું દ્રવ્ય બીજા કોઈએ લેવાની દોડાદોડ કરવી નહી. ઈન્દ્રસભામાં સંગમનેરના યુવક ચંદ્રેશકુમારે સુંદર નૃત્ય કરેલ.

કારતક વદ-૦)) પ્રભુના જન્મની વધામણી વગેરેની ભવ્ય ઉજવણી થઈ એમાં પ્રિયંવદા દાસીનો વધામણી-અભિનય તથા ઉદ્બોધન અદ્ભુત હતો. નાચતી કૂદતી મહારાજા પાસે આવીને 'જય હો ! જય હો ! મહારાજાધિરાજનો જય હો ! અત્યંત શુભ સમાચાર ! મહારાણી સાહેબે આપના કુળદીપકપુત્રરત્નને આજ રાત્રિના જન્મ આપ્યો છે...' ઈત્યાદિ... રાજાએ થાળી ભરીને આભૂષણો વગેરે દાનમાં આપ્યા, પછી ઊંચી ઉછામણી બોલીને પ્રભુને હાલરડે ઝુલાવવા સજ્જ થયેલ. પાંચ સન્નારીઓએ આવીને ગીત સાથે પારણે ઝુલાવ્યા. 'ઝુલો ઝુલો નાથ ! મારા પારણિયામાં ઝુલો, રુડા હાલરિયામાં ઝુલો'...એ ગીત પૂ. આચાર્યદેવશ્રી બોલતાં હજારો માનવની મેદનીએ ઝીલવા માંડ્યું ત્યારનો રંગ કોઈ અનેરો હતો. પછી શ્રી બાબુભાઈ કડીવાળા ખાસી પાઘોટી લગાવી રાજજ્યોતિષી બની પૂર્વે સ્વપ્ન ફલાદેશ કથનનું કાર્ય જેવી ભવ્યતાથી બજાવેલું અને એમાં એક સ્વપ્નના અલગ અલગ ફલાદેશ બતાવી જનતાને મંત્રમુગ્ધ કરેલી, એમણે અહીં આજે પ્રભુના નામકરણ માટે રાજજ્યોતિષી બની પ્રભુના ફઈબા સાથે નામકરણ માટે સુંદર સંવાદ કરીને પ્રભુનો ને પ્રભુના નામનો અચિંત્ય પ્રભાવ દાખવેલો. પ્રભુનું વાસુપૂજ્ય એવું નામ પાડવામાં આવ્યું.

માગશર સુદ-૧ રાજા તરફથી જન્મોત્સવ અને નિશાળ ગણણું ઉજવાયું એમાં ઈન્દ્રે બ્રાહ્મણરૂપે આવીને પ્રભુને પંડિતના આસન ઉપર પ્રભુને સ્થાપિત કરી, પંડિતના મનના સંશય પ્રભુને પૂછી પ્રભુના શ્રીમુખે એના ઉત્તરો મેળવ્યા ત્યારે પંડિત તો બિચારો આભો જ થઈ ગયો. ત્યાં ઈન્દ્રે ખુલાસો કર્યો કે આ રાજપુત્ર કોઈ સામાન્ય માનવ નથી પરંતુ ગર્ભમાંથી અવધિજ્ઞાન સહિત ત્રણ જ્ઞાને સંપન્ન પરમેશ્વર છે. એમને ભણાવવા બેસવું એટલે સરસ્વતીને ભણાવવા બેસવા જેવું છે. વગેરે અહીં વિશેષતા એ હતી કે નિશાળમાં પ્રભુની સાથે બેસવા માટે વિદ્યાર્થીઓની પણ મોટી ઉછામણીઓ થઈ હતી. પછી વિદ્યાર્થીઓને સારી પ્રભાવના કરવામાં આવી.

એ પછી પ્રભુનો લગ્નોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો એના ચઢાવા ભવ્ય થયેલા. આ તક **પૂ. આચાર્યદેવશ્રીએ જનતાને એક સુંદર ખુલાસો કર્યો કે** કેટલાકો પ્રશ્ન કરે છે કે ભગવાનની અંજનશલાકાવિધિમાં પાંચ કલ્યાણકની ઉજવણી

બરાબર છે, પરંતુ લગ્નવિધિ રાજ્યાભિષેક જેવી સાંસારિક ક્રિયા આમાં શા માટે લાવવામાં આવે છે ? એના સમાધાનમાં સમજવાનું છે કે અહીં મૂર્તિમાં દેવત્વના સંસ્કરણ માટે પ્રભુનું આખું જીવન ઉતારવાનું હોય છે. તેથી લગ્નવિધિ, રાજ્યા-ભિષેકવિધિ ઉજવવામાં આવે છે. અહીં ધ્યાનમાં રાખવાનું છે કે પ્રભુનું લગ્ન અને સાંસારિક ભોગ વગેરે એ આપણા જેવાની જેમ કર્મબધનું કારણ નથી પ્રભુ જુએ છે કે નિકાચીત ભોગાવલી કર્મ નીચ કોટિના છે. એવી નીચને નીચ ઉપાયથી સંતોષી મારી હટાવવા જોઈએ. એટલે સંસારભોગમાં પણ પ્રભુ હૃદયથી જળકમળવત્ નિર્લેપ અનાસક્ત હોય છે. ત્યાં એમનું સમ્યક્ત્વ એટલું બધું જાજ્વલ્યમાન અને અત્યંત વિશુદ્ધ હોય છે કે પ્રભુ ત્યાં અદ્ભુત કર્મનિર્જરા કરતા હોય છે. શું પ્રભુ સિવાય બીજાનું ગજું છે કે આવું હૃદય ત્યાં રાખી શકે ? રાજ્યાભિષેક પ્રસંગે પણ પ્રભુ એવા નિર્લેપ અને રાજ્ય-સંચાલનમાં એવા કલ્યાણ રાજા બને છે કે સૂરિમંત્ર અંગેના મંત્રાધિરાજ શાસ્ત્રમાં સિંહતિલકસૂરિજી મહારાજે લખ્યું છે કે રાજ્ય ચલાવતા પણ તીર્થંકર ભગવાન પ્રજાના અલૌકિક કલ્યાણને કરી રહ્યા છે, આ બધુ વિચારતાં આ ઉજવણી પર કશી શંકા કરવા જેવી નથી. અલબત્ત નિશાળ ગણણું બધા તીર્થંકર ભગવાનને નથી. છતાં અહીં અંજન મહોત્સવમાં અનેક જિનબિંબો પૈકી શ્રી મહાવીરસ્વામી ભગવાનની બિંબની પણ અંજનવિધિ હોય છે, માટે ઉજવાય છે.

લગ્નવિધિમાં સાસુ-સસરાએ તથા મામા-મામીએ પ્રભુને દાગીના ભેટ કરેલ તે વખતે બીજાઓની સાથે જોષી બનેલ બાબુભાઈ કડીવાળાએ શાલ ભેટ કરી. એ વખતે બાબુભાઈએ શાલ પ્રભુને ભેટ કરી અને પાછળથી આ શાલની ઉછામણી બોલવામાં આવી, ૧૩૦૦૦ રૂપિયાનો આંક થયો અને તે દેવદ્રવ્યમાં લઈ જવાનું જાહેર કર્યું. આ વખતે પૂજ્યશ્રીએ જાહેર કર્યું કે પ્રભુને અંગત ભેટ કરાયેલા દાગીના એ પ્રભુની માલિકીના, એટલે બિંબની માલિકીના ગણાય તો બધા પ્રભુનું દ્રવ્ય એટલે દેવદ્રવ્ય તરીકે રાખવામાં આવશે.

પ્રભુનો રાજ્યાભિષેકવિધિ દબદબાથી ઉજવાયો. પિતા વાસુપૂજ્ય રાજાએ પુત્ર વાસુપૂજ્ય કુમારને રાજ્યગાદી સોંપતા પોતાના માથેથી રાજ્યભાર કેમ ઉતારવો પડે છે, ને કુમારમાં કેવી કેવી મહાન યોગ્યતાઓ તથા કાર્યશક્તિ અને જ્ઞાનસંપન્નતા છે ઈત્યાદિ ઉદ્બોધન કર્યું તે ગદ્ગદતાભર્યું હતું, પછી ત્યાં રાજા તરફથી કારભારીઓ અને નોકરજનને સારા સારા ઈનામો અપાયા.

એ પછી ત્યાં નવ લોકાંતિક દેવોનું આગમન થયું અને પ્રભુને 'બુજ્ઝાહિ તિલોયનાહા'... હે ત્રિલોકનાથ પ્રભુ ! આપ બોધ પામો, ચારિત્ર ગ્રહણ કરી

કેવળજ્ઞાન ઉપાર્જી ધર્મતીર્થ સ્થાપો. જેથી જગતનું કલ્યાણ થાય, વગેરે વિનંતી કરાઈ અને ત્યાં વાસુપૂજ્ય રાજાએ વર્ષીદાન શરૂ કર્યું.

માગશર સુદ-૨ : આજે વરસીદાન અને દીક્ષાનો વરઘોડો હતો. પ્રભુજીની વતી વરસીદાન દેનારની ઉછામણીનો રંગ જોરદાર હતો. બીજા કલ્યાણકોના વરઘોડા સોસાયટીમાં ફરેલા, પણ આ દીક્ષા કલ્યાણકનો વરઘોડો અહમદનગર શહેરમાં ફર્યો. વરઘોડાનો ઠાઠ એવો ભારે હતો કે એણે આખા નગરના લોકોને જોવાનું ઘેલું લગાડેલું. વરઘોડો નગરના શ્રી સંભવનાથ ભગવાનના દેરાસરથી ચડી રાજમાર્ગે અને બજારો વગેરેમાં ફરી નગર બહાર ઓચ્છવ-મંડપમાં ઉતર્યો. યુવાનો ઉલ્લાસથી દાંડીયા રમેલા ને પછી દીક્ષા વિધિ ઉજવાયો. પૂ. આચાર્યદેવશ્રીએ પ્રભુને પંચમુષ્ટિ કેશ લુંચન વિધિ કરી. જાવજ્જીવના સર્વ વિનંતી સામાયિક પાઠનું ઉચ્ચારણ કર્યું અને એમાં સર્વ સાવદ્યના ત્યાગની પ્રભુ કેવી ભીષ્મ પ્રતિજ્ઞા કરે છે એ સમજાવતાં કહ્યું કે 'સાવદ્ય એટલે પાપવાળા વ્યાપાર અર્થાત્ માનસિક-વાચિક-કાયિક દરેકે દરેકે પ્રવૃત્તિનો ત્યાગ. એમાં હિંસાદિ પાપો સાથે ક્રોધાદિ કષાયોની પ્રવૃત્તિનો પણ ત્યાગ પ્રભુ સમજી લે છે. એટલે જ ગમે તેવા ઉપસર્ગ પરીસહોમાં પણ ઉપસર્ગ કરનારો ખરાબ એટલું ય નહી અરે ! 'ઉપસર્ગ પરીસહ ખરાબ યા એની વેદના ખરાબ' એટલો પણ દ્વેષ મનમાં લાવવાનો નહિ. પ્રભુએ દીક્ષા દિવસથી જ આ સમજી રાખ્યું હોય પછી દીક્ષા કાળમાં ઉપસર્ગ પરીસહ સમતાથી વધાવી લેવામાં શેની પાછી પાની કરે ? આવા ઊંચા અધ્યવસાયને લીધે તીર્થંકર પ્રભુને દીક્ષા ઉચ્ચરતાં જ ચોથું વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન પ્રગટ થાય છે. સમય બહુ થઈ ગયો હતો છતાં લોકો આ સાંભળવામાં તલ્લીન હતા.

આજે રાતના પૂ. આચાર્યદેવોના હસ્તે સમસ્ત નૂતન બિંબોની પડદામાં અધિવાસના વિધિ થઈ અને ત્રીજ સવારે અંજનવિધિ પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજના શ્રી હસ્તે થઈ, જે લગભગ બે કલાક ચાલી. એ પછી સંઘને પ્રથમ પ્રભુદર્શન કરાવવાની મોટી ઉછામણી બોલનારને પડદો ખોલ્યો. ત્યાં બે કલાકથી બહાર રાહ જોઈને બેઠેલા વિશાળ સંઘે દર્શન થતાં જયજયકારો મચાવી દીધો, સંઘ સાથે ચૈત્યવંદન થયું અને પછી પ્રભુને ઊંચા સમવસરણ પર લઈ જવામાં આવ્યા, ત્યાં પૂ.આચાર્યદેવશ્રીએ પ્રભુના વતી દેશના આપી, એમાં ત્રિષષ્ઠી શાસ્ત્રમાં શ્રી વાસુપૂજ્ય ભગવંતે આપેલી દેશનાનો સાર સમજાવ્યો.

ત્યારબાદ નિર્વાણ કલ્યાણકના ૧૦૮ અભિષેક, દેવવંદન થયા. વરઘોડો નીકળ્યો. કલ્યાણકો વગેરેની ઉજવણી જોવા લગભગ ૧૦૦ મૂર્તિપૂજક જૈન ઘરો

અને ૧૫૦૦ સ્થાનકવાસી ઘરોવાલા અહમદનગરમાં ૫-૭ હજાર માણસ એકત્રિત થતું એ મોડે સુધી ઉજવણી જોવા બેસી રહે એમને ઉજવણી બાદ રોજ આમંત્રણપૂર્વક જમણ અપાતું. બહારગામના મહેમાનોની સવાર સાંજે એક જ ભાગ્યશાળી તરફથી ભક્તિ કરવામાં આવતી. બાકી અંજનવિધિના દિવસે નવકારશી જમણમાં હજારોની સંખ્યા હતી. અહમદનગર સંઘે ઉત્સવના આઠેય દિવસની સાધર્મિક ભક્તિમાં કશી કચાશ ન રાખી. ઉપરાંત રાતના ભાવનામાં શહેરમાંથી આવનાર માટે સંઘે ખાસ બસની વ્યવસ્થા રાખેલી ને લોકોને લાવવા લઈ જવાની સેવા બજાવેલ.

સમગ્ર મહોત્સવમાં નગરના યુવાનોએ જબરદસ્ત સેવા આપેલી. સુદ-૪ બધા નૂતન જિનબિંબોને નગરના મંદિરે લઈ જવા વરઘોડો નીકળ્યો જે દર્શનીય હતો.

એકંદરે આ અંજનશલાકા મહોત્સવ, બોલીઓ, પ્રેક્ષક સંખ્યા, મંડપ શોભા તથા ઉજવણી, બધુ કલ્પના બહારનું બની આવ્યું એટલે જ કવિ કહે છે એ ખોટું નથી કે **'જગપતિ જેણે કલ્યાણક દીઠ, ધન્ય તે સૂરનર ખેચરા.'**

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૩,અંક-૨૦,તા.૨૬-૧-૧૯૮૫

જ્ઞાત છતાં અજ્ઞાત

(આ અંકમાં જૈનશાસનની એક મહાન વિભૂતિની યોગ્ય ઓળખાણ કરાવવા ધાર્યું છે. 'હીરા મુખ સે ના કહે લાખ હમારા મોલ' એ કહેવત તો સૌએ ઘણી વાર સાંભળેલી હશે પરંતુ જ્યારે માનવીય ક્ષેત્રમાં પ્રચંડ પ્રતિભા ધરાવનાર, બોલ્યા વિના જૈનશાસનની બહુમૂલ્ય મૂક સેવા બજાવી રહેલા શાસનરત્નોનો આંતરિક ગુણવૈભવ પોતે જણાવવા ન ચાહે છતાં પણ બીજાઓના જાણવામાં આવી જાય છે ત્યારે એ જાણનારાઓનું હૃદય એ વિભૂતિના ચરણે નમ્યા વિના રહેતું નથી, ઉપરાંત, એવી મહાન વિભૂતિનો પુનીત પરિચય અપરિચિતોને કરાવવાનો ઉમળકો દાબી શકાતો નથી. આપણા શ્રી સંઘમાં આવા અનેક ગુણરત્નો વિદ્યમાન હોવા છતાં તેમની ગંભીરતા અને ઉચ્ચ કોટિની નિઃસ્પૃહતાના કારણે શ્રી સંઘ એવા રત્નોની આંતરિક પ્રભાથી અજ્ઞાત રહી જાય છે. અનેકોને એમનો બાહ્ય ઉપર ઉપરનો દીર્ઘકાલીન પરિચય હોવા છતાં પણ તેમના આંતરિક ગુણવૈભવનું દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી. એવા સૌ કોઈ ગુણાનુરાગીના હૈયા અહીં અપાઈ રહેલા મહાન વિભૂતિના પુનીત પરિચયથી આનંદથી છલકાશે તેમાં કોઈ સંદેહ નથી.

ગયા વર્ષે જ આ મહાપુરુષને જૈનશાસનના તૃતીય પદથી વિભૂષિત કરાયા છે. તેમની પ્રથમ પદારોહણ વાર્ષિકતિથિએ આ 'પુનીત પરિચય' અવસરોચિત પણ ગણાશે. – તંત્રી)

પ.પૂ.સિદ્ધાન્તદિવાકર આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબને ગયા વર્ષે જલગાંવ (મહારાષ્ટ્ર) મુકામે મહા સુદ-૧૩ના શુભ મુહૂર્તે આચાર્યપદ અને સિદ્ધાન્તદિવાકર પદવીથી વિભૂષિત કરાયા તે અવસરે ખંભાતના સુપ્રસિદ્ધ વિપ્ર કવિ શ્રીયુત ભાલચંદ્ર દયાશંકર (બી.એ. સંસ્કૃત ઓનર્સ)જીએ પાઠવેલું એક સુંદર ઊર્મિકાવ્ય.

શાસન મેં ધીર અરુ જ્ઞાન મેં ગંભીર વીર,
શ્રદ્ધા દૃઢ જિનકી હૈ શાસ્ત્રીય જ્ઞાન-ધ્યાન મેં,
પંચ મહાવ્રતચારી વાણી મેં મિષ્ટત્વધારી
સબ પર સમચિત્ત રખેં લાભ અરુ હાન મેં...
શ્રદ્ધાલુ સમૂહનારી નયનોં મેં પ્રેમ વારિ
મુખ્યતયા ગણના હૈ જિનકી પ્રમાણ મેં
પંન્યાસવર્ય શ્રીમદ્ જયઘોષવિજયજી કી
ગહન જ્ઞાન ખ્યાતિ ચમકીલી હૈ જહાંન મેં...૧
જયઘોષવિજયજી કો સૂરિપદ પ્રાપ્તિ હોતી
ઈસકે નિમિત્ત મેં યહ ભારી ખુશાલી હૈ,
હર્ષ કે પ્રકર્ષ સે અભાનતા સભીમેં છાઈ
આનંદવિભોર હુએ લોક લેતે તાલી હૈ,
તાપ અધિદેવ સૂર્ય આજ તો ઉત્સાહ મેં હૈ
ઈસકે કિરણોં મેં ભાવભરિત ઉજાલી હૈ
કહે ભાલચન્દ્ર શાનદાર પ્રસંગ આજ
ઈસકી ભવ્યતા તો ખૂબ સબ સે નિરાલી હૈ...૨
રત્નત્રય આરાધના જિનકી નિત્ય પ્રશસ્ત
દેવેન્દ્રોંકા વર્ગ હૈ વિસ્મિત આજ સમસ્ત
ચિરંજીવિતા ધાર કે સૂરિવર જયઘોષ
ભારતકો દેતે રહે આધ્યાત્મિક પરિતોષ...૩
જિનકે પાસ પાવન ચિત્તમેં નવપદકા પરિપોષ
અમર રહેં સૂરીન્દ્ર વે જયસુંદર-જયઘોષ
આશીર્વાદ પરંપરા આ રહી નભસે આજ

પ્રેમસૂરિ મહારાજ કી, હૈ સંતુષ્ટ સમાજ...૪
ભુવનભાનુસૂરીન્દ્રવર જ્ઞાનમૂર્તિ અવદાત
પ્રેમામૃતસે પૂર્ણ હૈ ઈનકા દૃષ્ટિપાત...૫

યઃ ક્ષાન્તૌ વસુધોપમો દિનપતિઃ સૌમ્યે શિવે તેજસિ,
ગાંભીર્યેઽબ્ધિસમસ્તથા નયવતામગ્રેસરો ધર્મરાટ્
શાસ્ત્રાણાં પ્રતિભૂઃ સદા શમવતાં મૂર્ધન્યતામાસ્થિતઃ
સ શ્રીમદ્ જયઘોષસૂરિવરરાડ્ જિયાત્ સમાનાં શતમ્ ॥૬॥

• • •

• પ.પૂ.વિદ્વદ્રત્ન આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ગુણાનદસૂરિજી** મહારાજ લખે છે.

તમને સ્વ. પૂ. આચાર્યદેવશ્રીનો (પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.નો) કર્મશાસ્ત્ર તથા છેદશાસ્ત્રનો વારસો મળેલ છે, તેમજ આહાર-ઉપધિ-શિષ્ય-પદવી આદિ બાબતોની નિઃસ્પૃહતાનો વારસો પણ મળેલો છે.

• અમદાવાદ વેધશાળાના પ્રાચીન જ્યોતિષ વિભાગના અધ્યક્ષ મહોદય **શાસ્ત્રી શ્રી હિંમતરામ મહાશંકર જાની** તેમના પત્રમાં લખે છે કે-

"શાસ્ત્રપારાવાર પારીણ યથોચિતનામભૂષિત પંન્યાસજી શ્રી જયઘોષવિજયજી મહારાજને આચાર્ય પદવી પ્રદાનનો આ મહોત્સવ "રત્નં સમાગચ્છતુ કાંચનેન" આ ઉક્તિને સાર્થક કરે છે. જેમ કાંચન રત્નની શોભાને વધારતું નથી હોતું, પરંતુ કાંચનને રત્નનો સંયોગ કોઈ બીજી જ સુષમાને ધારણ કરે છે. પંન્યાસજીનો અમને ઘણો સારો પરિચય છે. તેમની વિદ્વત્તા અને સાધુતા એકી સાથે સમાનાંતરરૂપે વહીને તેમની વિરાગતાનું પૂર્ણરૂપે પરિપોષણ કરી તેમને અભેદમાર્ગના (શિવપદના) સફળ સમર્થ યાત્રી બનાવી રહી છે.

• જૈન શ્રેયસ્કર મંડળ અને શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના મૂર્ધન્ય **પંડિત શ્રી પુખરાજ અમીચંદજી** લખે છે-

"પ.પૂ.પંન્યાસપ્રવર જયઘોષવિજય મ.સા. માટે સ્વર્ગસ્થ પ.પૂ. ૧૦૦૮ આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના શબ્દોમાં કહું તો" **"અમારા સમુદાયમાં અને સમગ્ર આજના જૈનશાસનમાં જયઘોષ વિજય જેવા પ્રાયઃ કોઈ આગમજ્ઞ અને કર્મસાહિત્યાદિ અનેક શાસ્ત્રોના વિશારદ કોઈ નથી."** એમ મને ઘણીવાર કહેતા; એટલે આચાર્ય પદવીને અત્યંત યોગ્ય છે. (વિદ્વાનોની કદર તો વિદ્વાનો જ કરી જાણે.)

• વિદ્વદ્વર્ય-ઋજુપ્રાજ્ઞ પૂ. **પંન્યાસજી શ્રી વિચક્ષણ વિજયજી** ગણિવર એક

પત્રમાં લખે છે-

"પં. વિચક્ષણ વિ. ની અંતિમ અનુવંદના. આ પત્ર મળતાં પહેલા યા પછી પરમેષ્ઠી પદના તૃતીયપદે આરૂઢ થઈ જશો તે વખતે અમારી અંતિમ અનુવંદનાનો અંત થવા સાથે કોટિશઃ વંદનાનો પ્રારંભ થશે. માટે તૃતીયપદ પર બિરાજમાન થતાંની સાથે અમારી કોટિશઃ વંદના જરૂરથી સ્વીકારશો એવી આશા રાખું છું."

(આ પત્ર-લેખક દીક્ષાપર્યાયમાં મોટા હોવા છતાં તેમનો હાર્દિક શુભેચ્છાભર્યો પત્ર આવતાં પૂ.પં.શ્રી જયઘોષ વિ. મહારાજે તેનો ખૂબ જ નમ્રતા અને વિનય પૂર્ણ સ્વલઘુતાદર્શક પ્રત્યુત્તર લખ્યો હતો.)

• **વાડજ (અમદાવાદ)થી પંડિત શ્રી અંબાલાલ પ્રેમચંદ** લખે છે કે-

પંન્યાસપ્રવર શ્રી જયઘોષવિજયજી મ. ની જ્ઞાનગરિમા અને ગાંભીર્યનો મને પરિચય છે એટલે આચાર્યપદવી આરૂઢ કરતાં હું ખૂબ ખૂબ આનંદ અનુભવું છું, યોગ્યતાનું બહુમાન થાય એ સદા અભિનંદનીય અને વંદનીય છે.

• **દાદર (મુંબઈ)થી પં.નાનાલાલ ઘેલાભાઈ** લખે છે કે-

"પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી કેટલાય વર્ષોથી આચાર્ય પદવીને યોગ્ય હતા જ, કેમકે તેઓશ્રી પરમગીતાર્થ સૂત્રાર્થજ્ઞાતા છે, તેટલા જ ગંભીર છે. પૂજ્યશ્રીએ પોતાના પવિત્ર ચારિત્ર દ્વારા કેઈ પુણ્યાત્માઓને જીવનશુદ્ધિનું પ્રદાન કર્યું છે. મહાન જ્ઞાની હોવા છતાં પરમ લઘુતાગુણને વરેલા છે. પરમ જ્ઞાની હોવા છતાં પરમ વિનયી છે તેથી જ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેવું સિંહનાદના કર્તા પૂ.આ. મહારાજશ્રી મુક્તિચન્દ્ર સૂ.મ.ને પરમપૂજ્ય સિદ્ધાન્તમહોદધિ આ.ભ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું હતું. સર્વ આગમોના જ્ઞાતા છે એટલું જ નહિ પણ અધ્યાપક (માસ્ટરીવાળા) છે. જેથી ગમે તે પ્રશ્નો પૂછો તેનો જવાબ કયા કયા આગમમાં ક્યાં ક્યાં રહ્યો છે તેનો હાજરા-હજુર બોધ તેઓશ્રીને હોવાથી 'જીવંત આગમપુરુષ' છે તેવું પૂ. પુણ્યવિજયજી મહારાજના પ્રસંગથી જાણી શકાય છે. છતાં 'લઘુતા મેરે મન માની' ને તેઓશ્રી ચરિતાર્થ કરી બતાવે છે કેમકે કોઈપણ સાધુની સેવા તેઓ લઘુ થઈને કરી શકે છે. એવા પરમયોગ્યને આચાર્યપદવી આપે છે તે હીરાની પરીક્ષા ઝવેરી કરી શકે તે ચરિતાર્થ કરે છે."

• **અમદાવાદ** (જમનાભાઈના બંગલે)થી પૂ. **પંન્યાસ શ્રી પ્રદ્યુમ્નવિજયજી** ગણિવર લખે છે કે-

"આચાર્યપદવીના સમાચાર જાણી ખૂબ હર્ષ થયો. આગમ ગ્રંથોની વાતો પૂછવાનું-જાણવાનું સ્થાન કયું ? આ પ્રશ્નના ઉત્તરમાં જે બે-ચાર નામ તરત હોઠે ચઢે છે તેમાં તમારા ગુરુમહારાજનું (મુનિજયસુંદર વિજયના ગુ.મ.પૂ.પંન્યાસશ્રી જયઘોષવિજયજીનું) નામ પણ સહસા બોલાઈ જાય છે. છેદગ્રંથો તો આપણી વારસા-મૂડી. તે પણ આપણા માટે પરાયી બનતી જાય છે. ત્યારે તેના સમ્યગ્જ્ઞાતા પૂ.પં.શ્રી જયઘોષ વિ. મ. આચાર્યપદારૂઢ બને તે વાજબી જ છે. તેઓ જે રીતે જ્ઞાનપરબ માંડીને સર્વ શ્રુત તૃષાતુરને શીતલ જ્ઞાનવારિથી તૃપ્ત કરે છે તેમ સદા કાળ કરતા રહે."

● **નાનપુરા (સુરત)થી ડૉ. જિતેન્દ્ર સી. શાહ** લખે છે કે-

"પ્રશંસા તથા પ્રસિદ્ધિથી સદાય દૂર રહી... માત્ર સાધુભગવંતોને સદાય ભણાવવામાં જ લીન, બિનજરૂરી વાતોથી સદાયે અલગ, કર્મસાહિત્ય તથા જરૂરી માર્ગદર્શન આપવામાં પ્રકાંડ પંડિત અને નિષ્ણાત એવા પં.શ્રી જયઘોષવિજયજી મહારાજ સાહેબને... ખૂબ જ સુયોગ્ય પદવી અપાઈ રહી છે."

● **ઉમરેઠથી જયેન્દ્રભાઈ પી. શાહ** (M.A., M.Ed.) લખે છે-

આપ તો વર્ષોથી આ પદથી દૂર હોવા છતાં આ પદને ઉજમાળી રહ્યા હતા. આથી જ (પદવીએ આપને નહિ પણ) આપે પદવીને વિભૂષિત કરી તેનું માન-ગૌરવ વધાર્યા છે. આપના વિવેક અને વિનયપૂર્ણ સૌમ્ય વ્યવહારો, બધી જ અગત્યની બાબતમાં હકારાત્મક અને અવિવાદી વલણ, સૌ સાથેના સહાનુભૂતિપૂર્ણ સંબંધો અને મનમાં ઊડે ઊડે છૂપો પણ જરાય ક્રોધ ન હોય એવો સાલસ આપનો જીવડો... આ બધું ય યાદ આવે છે અને આપ સર્વગુણ સંપન્ન વિદ્વદ્વર્ય વિવેકમૂર્તિને મારું હૃદય અને મસ્તક ઝુકી જાય છે."

● **પંન્યાસ શ્રી રાજેન્દ્રવિજય મહારાજ** લખે છે કે-

"પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ કર્મશાસ્ત્ર નિષ્ણાત આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના અનન્ય કૃપાપાત્ર બનેલા આગમતત્ત્વના ઊંડા અભ્યાસી સ્વાધ્યાયશીલ ગુણનિધિ એવા પૂ.પં. **શ્રી જયઘોષવિજયજી** મહારાજના તૃતીય પદારોહણના મંગલ પ્રસંગે શ્રી સંઘે શાસનપ્રભાવક જિનભક્તિનો મહોત્સવ યોજી લાભ લેવાનું ભવ્ય સુકૃત કર્યું છે."

● **પૂ.પંન્યાસ શ્રી નિત્યાનંદવિજયજી** મહારાજ (ખંભાત) લખે છે કે-

"પંન્યાસજી આચાર્યપદ પ્રાપ્ત કરીને ખૂબ ખૂબ શાસનની ઉન્નતિ કરે અને આત્મકલ્યાણ સાથે બીજા અનેકને મુક્તિપુરીનો રાહ બતાવે-આચાર્યપદ દીપાવે."

● **અમદાવાદથી હેમંત ભાઈલાલ** શાહ લખે છે કે-

"આપશ્રીના મારા ઉપર ઘણા-ઘણા ઉપકાર છે. કૉલેજમાં દેડકા મારવાના પાપના પ્રાયશ્ચિત્તરૂપે યોગશાસ્ત્ર-પ્રશમરતિ વિ. ગ્રંથોનો અભ્યાસ આપની કૃપા વગર ક્યાંથી થાત ? આ પ્રસંગે રૂપિયા ૨૦૧ જીવદયામાં વાપર્યા છે."

● **સાણંદથી મુનિશ્રી નિપુણચંદ્રવિજયજી** લખે છે કે-

"આપને જૈનશાસનના જવાબદારીભર્યા પદે આરૂઢ કરવાના છે તેની સહર્ષ સહૃદયી ભાવભરી અનુમોદના માટે આ સેવકને આરાધનાના મનોરથ જાગ્યા છે તે આપ સ્વીકારશો."

(૧) કોઈપણ એક આગમ સૂત્રથી ગોખીશ.

(૨) ૩૦ થી ૫૦ આંબેલની ઓળી પાંચ વર્ષમાં કરવી.

(૩) મિષ્ટાન્ન અને ફ્રૂટ પાંચ વર્ષ માટે બંધ.

(૪) ઉપદેશમાલાની ચૂંટેલી ગાથાઓ ગોખીશ.

(૫) વીસસ્થાનક પદમાં ત્રણ પદની આરાધના ઉપવાસ-છઠ્ઠથી અને થાય તો અઠ્ઠમથી કરવી.

(૬) ઉપરની સિવાય બીજી (કોઈપણ) પાંચસો ગાથા ગોખવી.

● **શાહીબાગ (અમદાવાદ)થી સુપ્રસિદ્ધ શ્રેષ્ઠી શ્રી શ્રેણિકભાઈ** કે. લાલભાઈ લખે છે કે-

"આચાર્યપદવી અર્પણ થવાની છે એ જાણી ખૂબ આનંદ થયો. એમને અપાતી પદવીથી તેઓની તેમજ પદવીની શોભા વધવાની છે એમ હું માનું છું. એમની નિર્મળ સંયમ સાધનાની અનુમોદના કરું છું."

● **અમદાવાદથી શ્રી સી.એમ.શાહ** (L.L.B.) **એડવોકેટ** જણાવે છે કે-

'...આવા અજોડ પદ માટે તેઓશ્રીની લાયકાત ઘણા વર્ષોથી પુરવાર થયેલી છે.'

● **ડૉ. બાબુભાઈ એચ. શાહ** નવસારીથી લખે છે કે-

પૂ.પં.શ્રી જયઘોષવિજયજી આ. પદને યોગ્ય જ છે. શાસનની ધુરા સંભાળવા સમર્થ છે. સ્વ-પર શાસ્ત્રોના જ્ઞાતા, જ્ઞાની અને સૌની સાથે હળી-મળી જવાનો તથા સરળવાણી અને સરળસ્વભાવ-આ ગુણોને લઈ શાસનની ધુરા સારી રીતે સંભાળી શકશે.

● **અમદાવાદથી રતિલાલ દીપચંદ દેસાઈ** લખે છે કે-

પ.પૂ.પં.શ્રી જયઘોષવિજયજીની શાસ્ત્રશોધનની નિષ્ઠાથી હું કંઈક પરિચિત છું અને તેથી એમના પ્રત્યે ઊંડો આદર ધરાવું છું, ભારપૂર્વક આ પ્રસંગે વંદના.

• **મુંબઈથી** સુપ્રસિદ્ધ જૈન શ્રેષ્ઠી **શ્રી રમણભાઈ દલસુખભાઈ શ્રોફ** (ખંભાતવાળા) તાર સંદેશાથી જણાવે છે કે-

Glad hearing Padavi Mahotsava. My Vandana to new Acharya Shree.

આ ઉપરાંત પદવી પ્રસંગે સંખ્યાબંધ તાર-સંદેશાઓ અને પત્રો દ્વારા અનેક પૂ. આચાર્ય-મુનિ-ભગવંતો અને શ્રીસંઘો તથા સુશ્રાવકોએ પોતપોતાની શુભેચ્છાઓ અભિવ્યક્ત કરી હતી.

છેલ્લે છેલ્લે... પૂ. **મુનિરાજશ્રી કુલચંદ્રવિજયજી** મહારાજે તે પ્રસંગે ખંભાતથી રચી મોકલેલું એક કાવ્ય રજૂ કરીએ છીએ.

વંદો વંદો રે... ગુરુકૃપાકામી જયઘોષ મુનિશ્રીને સૂરિપદ દો સ્વામી
ગુરુકૃપા ફળ પૂરણ પામી સહજ ભાવ સે આતમરામી... વંદો...૧
પ્રભુશાસન જિન્હેં પાયા પ્રેમ કા સામ્રાજ્ય જગ છાયા
રામરાજ્ય કી લગાઈ છાયા ભુવનભાનુ-ધર્મ-તેજ લાયા... વંદો...૨
પ્રગટ ભયે કોહિનૂર અનેક ઉનમેં શ્રી ધર્મઘોષ એક
પાયા જિન્હોંને તત્ત્વવિવેક અંત તક રાખી સમાધિ ટેક... વંદો...૩
ઉનકે પનોતે પૂત આજ શિષ્ય જયઘોષવિજય મહારાજ
પા રહે પદવી સૂરિરાજ શોભ રહે શાસન શિરતાજ... વંદો...૪
હૈં જો સાધુ-સમાજમેં અજોડ, કીર્તિકામના કો દી છોડ
નિજ અભિમાન કો દિયા મોડ કર લી ગુરુસેવા તનતોડ... વંદો...૫
તભી દિવ્ય પ્રેરણા પાઈ સાધુસેવા દૃઢ મનમેં ઢાઈ
બાલ-વૃદ્ધ સબસે કી સગાઈ સ્વાધ્યાયરુચિ ભી ચિત્ત લાઈ... વંદો...૬
બન ગયે આપ પ્રેમ અવતાર સાધુઓ કે સચ્ચે આધાર
આગમોં કે સચ્ચે આધાર આગમોં કે પહોંચે પાર માનો સાક્ષાત્ જ્ઞાનભંડાર... વંદો...૭
ગુરુકૃપા હૈ જિનકા પ્રાણ જિન કે સિર શ્રી જિનકી આણ
રસના પર સરસ્વતી કા ઠાણ વચન હૈ જિનકા વિદ્વત્પ્રમાણ... વંદો...૮
ધન્ય ધરતી જલગાંવકી ધન્ય ઘડી સૂરિ-પદ પ્રદાનકી
ધન્ય જનતા મંગલ ધામકી ધન્ય ભારતી યશોગાનકી... વંદો...૯
પ્રભુ સે એક અર્જ હમારી મોહ અજ્ઞાન જાવે હારી
સૂરિ કા જયઘોષ હો ભારી **પ્રેમ-કુલ** મેં **ચન્દ્ર** યશ ધારી... વંદો...૧૦

પુનાનગરે ૫૦૦ આરાધકોના ઉપધાનમાં ધર્મની અદ્‌ભુત રંગરેલ, પૂર્ણાહુતિમાં પોસહપારતાં રોઈ રહેલા તપસ્વીઓ, જીવનને અજવાળનારા વ્રત-નિયમોના કરાતા સ્વીકાર, ૧૦૦ ખમાસમણાના ૩ આંતરામાં વરસતો દેશનાનો ધોધ, ૧ કિલોમિટર લાંબો માળનો ભવ્ય વરઘોડો

વિક્રમનું ૨૦૪૧મું સંવત્સર પુનાનગર માટે નવલી ધર્મપ્રભા લઈ આવ્યું. સુવિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ સ્વ.પૂ.આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ૩૦ વર્ષ પૂર્વે શેઠ મોટાજી રૂગનાથજી તરફથી ૪૫૦ ઉપર આરાધકોના ઉપધાન તપની ભવ્ય ઉજવણી અત્રે થયેલી જોયા પછી શેઠશ્રી ચુનીલાલ હુકમાજીને એવા ભવ્ય ઉપધાન કરાવવાની તમન્ના હતી; એમાં અત્રે સ્વ.પૂજ્યશ્રીના પટ્ટધર વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યશ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ.નો વિશાળ સમુદાય સાથે વિ.સં. ૨૦૪૦ ના ચાતુર્માસનો યોગ મળ્યો. એટલે કાકાશ્રી ચુનીલાલજી તથા ભત્રીજાશ્રી રામલાલજી વીરચંદજીએ ખૂબ આગ્રહપૂર્વક વિનંતી કરી કે અમને ભલે અહમદનગરના ભવ્ય અંજનશલાકા મહોત્સવ પછી, પણ આપશ્રી પાછા અત્રે પધારી વિશાળ પાયા પર ઉપધાન સમારોહનો લાભ અમને આપો. અમારી આપની નિશ્રામાં ઉપધાન કરાવવાની પ્રબળ ઈચ્છા છે.

પૂજ્યશ્રીએ એમનો અતિઆગ્રહ જોઈ વિનંતી માન્ય કરી, માગશર વદ-૪-૬ ઉપધાન પ્રારંભના મુહૂર્ત નક્કી થયા. પૂજ્યશ્રી અહમદનગરમાં હજારો સ્થાનકવાસી ભાઈઓના પણ દીલને પીગળાવી નાખનાર અભૂતપૂર્વ અંજનશલાકા મહોત્સવ પૂર્ણ થતાં તરત જ પુના પધાર્યા. દરમિયાન આ ઉદાર-ચરિત ઉપધાનકારકોએ પુનાનગરની મધ્યમાં ય ખાડા-ટેકરા તથા ગલી-ખૂંચીવાળી જમીન સરખી કરાવી રાજદરબારી મંડપોથી સુશોભિત વિશાળ પાયા પર ઉપધાનનગર ખડું કરાવી દીધું. જેની ભવ્યતા ઠેઠ મેઈન રોડના પર પડતા ડેકોરેટેડ ગેઈટમાં પેસતાં જ ઉપસી આવતી હતી. કાકા ભત્રીજાની બેલડીના હજાર ઉપર તપસ્વીઓ મળે તોય એમને ઉપધાન તપ કરાવવાના મંગળ મનોરથ હતા, છતાં નગરની મધ્યમાં આવાસોની પરિમિતતાના લીધે ૫૦૦ જણને પ્રવેશ આપવામાં આવ્યો; અને ૩૦૦ જેટલા તો માળવાળા સહિત બીજાઓ કેટલાયને પ્રવેશ ન આપી શકાતાં નિરાશ કરવા પડ્યા.

એક મહાન ખુબી એ હતી કે આ ઉદાર બેલડીએ નિર્ધાર કર્યો હતો કે-

નીવીઓ તો પોતાની જ, તીર્થસમા મનમોહન પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાં સેંકડોના ખર્ચે નિત્ય નવનવી આંગીઓ તો પોતાની, તેમજ તપસ્વીઓને શાતા પૂછવા આવનાર તથા પૂજ્યશ્રીના વિશાળ પરિવારના સાંસારિક સગાસંબંધીઓ તથા મહારાષ્ટ્રના ગામ-ગામથી ચોમાસાદિની વિનંતી કરવા આવતા મોટા ડેપ્યુટેશન ઈત્યાદિ સાધર્મિક મહેમાનોની ભક્તિ તો પોતાની, યાવત્ છેલ્લો માળારોપણ ઉત્સવ અને છેલ્લે નવકારશી બધું જ સુકૃત પોતાના તરફથી. આ જોતાં એમ થતું કે વર્તમાનયુગમાં આવા ઉદાર ચરિતના દર્શન પણ પાવન કરી દે. વિશેષતા ખર્ચમાં ક્યાંય સંકોચ કરવા મન ન થાય એટલે તેમજ વ્યવસ્થા સારી રીતે થાય એટલા માટે ઉપધાન સમારોહનો બધો વહિવટ ભવાનીપેઠ સંઘમાંથી નીમાયેલ સમિતિને જ સુપરત કરી દીધેલો. એટલે કહેવાય કે કાકાભત્રીજાની બેલડીએ ઉદારતાથી નાશવંત લક્ષ્મીનો સદ્વ્યય કરવામાં પાછું વળીને જોયું નહિ.

ઉપધાનમાં ૪૨૫ ઉપરાંત બેનો તથા ૮૦ જેટલા પુરુષો હતા. જેમાં લગભગ ૩૦૦ આરાધક માળ પહેરનાર હતા જેમાં પુરુષોમાં ૪૫ ઉપર માળ પહેરનારા હતા. આરાધકોને પૂ. ગણીશ્રી જયશેખર વિજયજી મ., પૂ. મુનિશ્રી જયતિલકવિજયજી મ. તથા શ્રી રાજરત્ન વિજયજી મ. એવી ચોકખી ક્રિયા કરાવતા કે આરાધકોને ઉલ્લાસ બન્યો રહેતો. સાધ્વીજીમાં પૂ. સાધ્વીજીશ્રી હંસકીર્તિશ્રીજી મ.ના મધૂર કોયલ કંઠે ગવાતાં સ્તવન-સજ્ઝાયોએ તથા એઓશ્રી અને પૂ. સાધ્વીજીશ્રી અનંતકીર્તિશ્રીજી મ. ની ચીવટભરી ક્રિયાઓ તથા પ્રેરણા દ્વારા બેનોમાં સુંદર ધાર્મિક હૃદય પરિવર્તન થઈ ગયા, તે સેંકડો બેનોએ ભવઆલોચના કરી અને બારવ્રત વગેરે વ્રતો લઈ લીધા.

રોજના ૧૦૦ ખમાસમણ પૂ. આચાર્યદેવશ્રી પોતે જ ૨૫-૨૫ ખમાસમણાના ગ્રુપથી દેવરાવતા. એમાં હાથ જોડી ઊભા ઊભા ખમાસમણ સૂત્રના 'ઈચ્છામિ ખમાસમણો વંદિઉમ્'-એક ભાગ, 'જાવણિજ્જાએ. નિસીહિઆએ' બીજો ભાગ, તથા નીચે માથું અડે ત્યારે 'મત્થએણ વંદામિ' ત્રીજો ભાગ, એમ બધાને બોલાવરાવીને ખમાસમણ દેવરાવતા એ જોવાની એક મજા હતી.

૧૦૦ ખમાસમણના ૩ આંતરામાં પૂજ્યશ્રી ક્રિયાના તથા સૂત્રોના મર્મ, વીસસ્થાનક, સમ્યક્ત્વના ૬૭ વ્યવહાર વગેરે પર સુંદર ટૂંકા પ્રવચન આપતા. જેથી તપસ્વીઓને સુંદર બોધ ઉપરાંત વીસામો મળતો, ત્યારબાદ વ્યાખ્યાનમાં વિરતિધર્મ અને સમ્યગ્દર્શન વગેરેના મહિમા પર બોધક અને પ્રેરક પ્રવચન થતાં. તે પછી જોશીલા વ્યાખ્યાનકાર પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ.ના માર્ગાનુસારી

ગુણો ઉપર એટલા બધા આકર્ષક પ્રવચન થતા કે તપસ્વીઓના જીવનમાં અવનવો બોધ પ્રકાશ હૃદયમાં છવાઈ જતો. ઉપધાન આરાધના ઉપરાંત જીવન માટે ભાતાંરૂપે ત્યાગ-તપસ્યા-પ્રભુભક્તિ-જીવજયણા, કષાય-નિગ્રહ, વગેરે વગેરેના અવરનવર નિયમો લેવાતાં. એ જોઈને ઉપધાન કરાવનાર બેલડીની છાતી ગજગજ ફૂલતી કે 'અહો અમારી નાશવંત લક્ષ્મી લેખે લાગી ગઈ. ૪૭ દિવસો સુધી સેંકડો આરાધકોની વિરતિની આરાધના તથા વ્રત નિયમાદિથી પરલોકના ભવ્ય ભાતાં કમાવાની આગળ પૈસા શું ચીજ છે ?' અવરનવર કાકા-ભત્રીજાની પુણ્ય બેલડી પૂજ્યશ્રી આગળ હર્ષના આંસુ સારતી. નીવીઓમાં ભક્તિ કરવામાં એમણે કમીના ન રાખી મોંઘોદાટ મેવો પણ પાણીની જેમ પીરસવામાં આવતો.

એ અપૂર્વ હર્ષના આવેગમાં ઉપધાનકારકશ્રી રામલાલજીએ છેલ્લે છેલ્લે તપસ્વીઓને ઉદ્બોધન કરતાં જાહેરાત કરી કે **"કોઈ પણ ભાગ્યશાળીને આર્થિક સંકડામણના કારણે ચારિત્ર લેવામાં અંતરાય થતો હોય તો એ દૂર કરવાનો મને લાભ આપે, એવી હું હૃદયથી વિનંતી કરું છું."**

ઉપધાન જોતજોતામાં પૂરા થવા આવ્યા. માળ ઉપર ૨૫-૩૦ હજારની મેદનીની ગણત્રી હતી તેથી અનેક મંડપોની વચલી દીવાલો હઠાવી દેવામાં આવી અને પૂજ્યશ્રીનો વિશાળ મુનિ પરિવાર, સાધ્વી સમુદાયની વિશાળ સંખ્યા, તથા ૩૦૦ માળવાળા ક્રિયા કરી શકે, એમને એમના સગા માળ સ્ટેજ પર જ પહેરાવી શકે. એટલું બધુ સમાય એવું મોટું, ઊંચુ સ્ટેજ ઊભું કરવામાં આવેલું. સ્ટેજની નીચે લોખંડી ગર્ડરો નાખવામાં આવેલા જેથી એના પર માળ પહેરાવનારાઓ વધારામાં ચઢી આવે તો પણ જરાય સ્ટેજમાં જોખમ થાય નહિ. એની આગળ વિભાગો પાડેલો વિશાળ મંડપ અને બંને બાજુ લોબી રાખવામાં આવી હતી, જેમાં હજારોની મેદની સમાઈ શકે.

માળની ઉછામણીનો રંગ કોઈ અદ્ભુત હતો ઉપધાન કરાવનાર અનેક પુત્ર-પૌત્રાદિને સાફા બંધાવવાની તથા માનપત્ર આપવાની રેકોર્ડ બોલીઓ થયેલી ! ગુરુપૂજન તથા આચાર્ય ભગવંતને કામળી વહોરાવવાની બોલીઓ પણ સારી થયેલી. ઉપધાન આરાધકો તરફથી માનપત્ર મેળાવડો તથા ડોક્ટરો તથા સ્ટાફ, પૂજારી, વગેરેને ઈનામો મેળાવડો વગેરે સુંદર થયેલ. ઉપધાનમાં નવા જોડાયેલા હડપસરના રમેશકુમારે તથા જલગામનાં કું. અમીતાબેન વગેરેએ ઉત્કૃષ્ટ વિધિથી ઉપધાન આરાધેલા, બીજાઓએ વચમાં છઠ્ઠ, અઠ્ઠમો, મીઠાઈ ત્યાગ, પરિમિત દ્રવ્ય વગેરે પણ વિશેષતાઓ ઝળકતી.

ઉત્સવમાં વાલકેશ્વર દેરાસરવાળા ભોજક પોપટલાલ મણિલાલ, સોહનલાલ, શાસ્ત્રી, સુરતી સંગીતકાર નીકેશ સંઘવી અને સંગીતકાર ગોપાલે રંગ રાખ્યો. તેમજ અષ્ટોત્તરી સ્નાત્ર સિરોહીના મનોજકુમારે ભવ્ય ભણાવ્યું.

એક નોંધપાત્ર વિશેષતા એ થઈ કે જ્યારે માળવાળા ઉપધાન વાહકોએ પોષધ પાર્યો ત્યારે એમણે મીલીટરી બેન્ડ સાથે વિદાય આપેલી. એકેકને પગે પડી ચાંલ્લો કરવાનું દૃશ્ય અલૌકિક અને આંખમાંથી પાણી પડાવનારું બનેલું ! અને ઉપધાન વાહકોને પોષધ પારતા પહેલા પૂજ્યશ્રીએ ટૂંકો ઉપદેશ આપ્યો એ વખતે પોષધ પારતા ભાઈઓ અને બેહેનો રડી રહ્યા હતા. મનને થતું કે 'આ ષટ્કાય, જીવ-અભયદાનના અને ૧૮ પાપસ્થાનક રહિતનાં જીવન પછી હવે અમારે કયા ષટકાય સમારંભમાં તથા ૧૮ પાપસ્થાનકના કતલખાનામાં જાવું પડશે ?' પથ્થર જેવા હૈયાને પીગાળી નાખે એવા ઉપધાન સમારોહની અનેરી અનેરી વિશેષતાઓથી લાગતું કે 'આવા ઉપધાન ફરી ક્યારે મળશે !'

માગશર વદ-૪થી શરૂ થયેલ ઉપધાનના દિવસો મહા સુદ-૭ પૂર્ણ થતાં સુદ-૮ વ્યાખ્યાનમાં અહમદનગરના કુમુદબહેનને સમસ્ત ઉપધાન વિગતોને આવરી લેતી મોટી ગહુલી જે ગદ્‌ગદ દિલે ગાઈ, એની હલક અને ભાવ એવા દિલદર્દ ભર્યા હતા કે શ્રોતાઓના દિલ પીગળાવી નાખેલા ને આંખો અશ્રુભીની કરી દીધેલી. સુદ-૯ માળનો ભવ્ય વરઘોડો નીકળ્યો. ૨૮૧ માળની ગાડીઓ, શ્રી શ્રેયાંસનાથ સ્વયં સેવક મંડળ બેન્ડ (મલાડ) તથા બીજા ત્રણ બેન્ડો, લેઝિમવાળા, વિશાળ સાજન પૂ. આચાર્યદેવાદિ લગભગ ૪૮ મુનિ મહારાજો, વિશાળ સાધ્વીગણ, શ્રાવિકા બહેનો વગેરેથી વરઘોડો લગભગ ૧ કિલોમીટર લાંબો નીકળ્યો ! મોટા રાજમાર્ગો પર પણ ચારે બાજુ પ્રેક્ષકોની ચિક્કાર મેદની જામેલી રહેતી.

ઉપધાન માળારોપણનો સમારોહ ખૂબ દબદબાભર્યો ઉજવાયો. વિશાળ અને ઊંચા સ્ટેજ પર જ્યારે તપસ્વીઓને એમના સંબંધીઓએ માળા પહેરાવી ત્યારે ભારે આહ્‌લાદક દૃશ્યો સર્જાયા હતા.

ઉપધાન તપની આવી ભવ્ય આરાધના અને દબદબા ભરેલા મહોત્સવની સફળતામાં દેવાધિદેવશ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવંતનો અચિંત્ય પ્રભાવ. વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીની પુનીત નિશ્રા. કાકા-ભત્રીજાની બેલડીની અનેરી ઉદારતા. ઉપધાન તપ સમિતિના કાર્યકરોની ભારે જહેમત ઈત્યાદિ મુખ્ય કારણો બની રહ્યા !

પૂજ્યશ્રીના પાવન પગલે
મોહમયી મુંબઈ નગરીમાં ધર્મનો જયજયકાર

વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. પોતાના વિશાળ મુનિ પરિવાર સાથે પુનાના શા. વીરચંદ ચુનીલાલ હુકમાજી પરિવાર આયોજિત ઉપધાન તપના મંગળમય પ્રસંગની પૂર્ણાહૂતિ બાદ વિહાર કરતા મુંબઈ નગરે પધાર્યા ત્યારથી જ મુંબઈ નગરમાં ધર્મનો જયજયકાર થઈ ગયો.

પૂજ્યશ્રીની થાણા નગરે પધરામણી થઈ ને હજારો આરાધકો પૂજ્યશ્રીના સ્વાગતમાં હાજર થઈ ગયા. મુલુંડ-ઘાટકોપર માટુંગા થઈ પૂજ્યશ્રી લાલબાગ (ભુલેશ્વર) શ્રાદ્ધવર્ય શા. જેઠાલાલ ચુનીલાલ ઘીવાલાએ પોતાના જીવતા જ પોતાના સુકૃતોની અનુમોદનાર્થે કરેલ પાંચ દિવસના જિનેન્દ્ર ભક્તિ મહોત્સવમાં તેઓની સંઘ સાથેની વિનંતીથી પધાર્યા. મહોત્સવ બાદ દાદર-શાંતાક્રુઝ-ગોરેગામ વગેરે પરામાં લાભ દેતા ઓળીની આરાધના કરાવવા મલાડ ઈસ્ટ હીરસૂરિ ટ્રસ્ટ જૈન સંઘમાં પધાર્યા; ઓળીની ખૂબ જ સુંદર આરાધના સેંકડો ભાવિકોને કરાવી; થાણા મુકામે શા. મંગળદાસ માનચંદના તરફથી 'ચંદનબાળા'માં વરસીતપના પારણાની અત્યાગ્રહભરી વિનંતી માન્ય કરેલ હોવાથી પૂજ્યશ્રી અંધેરી-પારલા-શાંતાક્રુઝ-સાયન આદિ સંઘોને લાભ દેતા દેતા ચૈત્ર વદ-૧૩ના 'ચંદનબાળા' વાલકેશ્વર પધાર્યા. ૫ દિવસનો જિનભક્તિ મહોત્સવ, ભવ્ય મહાપૂજા, પારણા આદિના પ્રસંગ બાદ પૂજ્યશ્રી લોકાગચ્છ જૈન સંઘ કોટમાં પધાર્યા, ત્યાં પૂ. મુનિશ્રી વિમલસેનવિજયજી મ.ની વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ ઓળી તથા ગણિપદ પ્રદાનની અનુમોદનાર્થે તેમના સંસારી કુટુંબીજનોના તરફથી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પૂજન આદિ શ્રી જિનભક્તિ પ્રસંગો રાખવામાં આવેલા. આમ મુંબઈમાં પૂજ્યશ્રીના પગલે પગલે જિનભક્તિ પ્રસંગો... પૂજ્યશ્રીના સંવેગ-વૈરાગ્ય નિતરતા પ્રવચનો તથા જોશીલા પ્રવચનકાર પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના હૃદયવેધક પ્રવચનો સાંભળવા સેંકડો-હજારો આરાધકો ઉમટતા.

આ બધા પ્રસંગોને શિખરે ચડે તેવા પ્રસંગો.

ત્રિવેણી સંગમની ભવ્ય ઉજવણી

વૈશાખ વદ-૧૧ એટલે સ્વ. યુગપુરુષ સુવિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાન્ત

મહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનો ૧૭મો સ્વર્ગવાસ દિવસ હોઈ (૧) એઓશ્રીના વિરલ સદ્‌ગુણો-સુકૃતો-સાધનાના ગુણાનુવાદનો પ્રસંગ;-

સાથે (૨) મહાન તપસ્વી પૂ.મુનિરાજો શ્રી વિમલસેનવિજયજી મ. તથા તપસ્વીરત્ન શ્રી જયસોમવિજયજી મ.ના વર્ધમાન આયંબિલ તપની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગ;-

તેમજ (૩) પરાર્થરસિક પૂ. મુનિરાજશ્રી વિમલસેનવિજયજી મ.તથા સ્વાધ્યાયરસિક પૂ. રાજશેખર વિજયજી મહારાજને શ્રી ભગવતી સૂત્ર યોગોદ્વહનપૂર્વક શ્રી ગણિપદ અર્પણનો પ્રસંગ;-

આ ત્રણ પ્રસંગોના ત્રિવેણી સંગમને પામીને પૂ. મુનિરાજશ્રી વિમલસેન-વિજયજી મ.ના સંસારીપણે માતા ગંગાસ્વરૂપ શ્રી વિમળાબેન હીરાલાલ પરિવાર અને પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મ. ના સંસારી સંબંધીઓ ભાઈશ્રી મંગળદાસ મોહનલાલ ગોળાવાલા પરિવાર અને શ્રી લલિતકુમાર રતનચંદ કોઠારી પરિવાર આદિ ભાવિકો તરફથી વાલકેશ્વર ચંદનબાળા જૈન ઉપાશ્રયમાં એક ભવ્ય મહોત્સવ ઉજવવાની ભાવના થઈ અને એ માટે પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબને ભાવભરી વિનંતી પુના મુકામથી ચાલુ હતી તેનો થાણા નગરે સ્વીકાર કરેલ. એ હિસાબે કોર્ટમાંથી પૂજ્યશ્રી વિહાર કરી લાલબાગ સંઘની વિનંતીથી માન્ય કરેલ. વૈશાખ સુદ-૧૧ શાસન-સ્થાપના દિનની ઉજવણીનો પ્રસંગ લાલબાગ-ભૂલેશ્વરમાં પૂર્ણ કરાવી પૂજ્યશ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રયે વિશિષ્ટ સ્વાગતયાત્રા સાથે પધાર્યા. ત્યાં પણ ચાલી રહેલા પ્રવચનોમાં લોકોની મોટી મેદની ઉભરાતી હતી. શ્રી કનૈયાલાલજી ભેરુમલજી રીલીજીયસ ટ્રસ્ટ તથા આરાધક ભાઈઓ મહોત્સવ ક્યારે શરૂ થાય એની ચાતકવર્ષાની જેમ રાહ જોઈ રહ્યા હતા ત્યારે શ્રાદ્ધવર્ય શ્રી હીંમતલાલજી બેડાવાળા, શ્રી ભાણાભાઈ વગેરેની કુશળ બુદ્ધિથી મહોત્સવના આયોજનો થઈ રહ્યા હતા.

તપધર્મની ઉજવણી તરીકે રખાયેલા ઉદ્યાપન મહોત્સવમાં ભાવિકો પોતાના છોડ (ત્રિગડા-ભંડાર-સ્વપ્ના વગેરે) નોંધાવી લાભ લેતા હતા; તેથી વિશિષ્ટ ઉદ્યાપન રાખવામાં આવેલું. જે ઉદ્યાપનના હોલમાં જ શ્રી જિનભક્તિ મહોત્સવ ચાલુ થયેલો. શ્રેષ્ટ રંગોળીકાર ડભોઈ નિવાસી શ્રી રમણિકભાઈ શાહના હસ્તે ત્રણ-ત્રણ રંગોળી આલેખાઈ હતી જેમાં (૧) શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થ કેવી રીતે થયું એના ઈતિહાસને જણાવનાર રંગોળી. (૨) ચક્રવર્તી ભરત રાજાની વિષયવાસના તોડવા અને પોતાને ચારિત્ર જીવન જલદી મળે એ માટે ૬૦૦૦૦ વર્ષના આયંબિલ તપની તપસ્વિની

સુંદરીની રંગોળી. (૩) બાળપણમાં સાધ્વીજીના ઉપાશ્રયમાં ઘોડિયામાં રહ્યા એકતાન થઈ સાધ્વીજીથી ભણાતા ૧૧ અંગો આગમો કંઠસ્થ કરી રહેલ અને ચારિત્ર બાદ ગુરુઆજ્ઞાથી મોટા મોટા મુનિઓને ૧૧ અંગની વાચના દેતા બાળમુનિશ્રી વજ્રસ્વામીની રંગોળી.

આ ભવ્ય રંગોળી પ્રદર્શન-ઉદ્યાપન જોવા અને જિનભક્તિમાં જોડાવા અનેક આરાધકો ઉમટેલા.

વૈશાખ વદ-૮થી શરૂ થયેલા પંચાહ્નિકા શ્રી જિનભક્તિ મહોત્સવમાં પ્રીન્સેસ સ્ટ્રીટમાં રહેતા કલાસીકલ સંગીતકાર શ્રી હેમેન્દ્રભાઈ, વાલકેશ્વરવાસીને ભક્તિમાં ગુલતાન કરી દે તેવા સુરતના સંગીતકાર શ્રી નિકેશકુમાર અને શાંતિજિન આરાધક મંડળ અને નવસારીના શ્રી નટવરભાઈ સોનીએ સંગીત દ્વારા પ્રભુભક્તિમાં કેઈ આરાધકોને ગળાબુડ ડૂબાડી દીધેલા.

વૈશાખ વદ-૧૦ના કોટના રહેવાસી સ્વ. રણછોડદાસ શેષકરણ પરિવાર તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજાનું આયોજન કરવામાં આવેલું.

વૈશાખ વદ-૧૧ના સવારના ૮-૩૦ વાગતા પૂ. મુનિશ્રી વિમલસેનવિજયજી મહારાજ તથા પૂ. મુનિશ્રી રાજશેખરવિજયજી મહારાજની ગણિપદ પ્રદાન ક્રિયા અને સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના ગુણાનુવાદનો લહાવો લેવા સંખ્યાબંધ ભાવિકો મુંબઈના જુદા જુદા પરામાંથી તથા મુંબઈ બહારના ગામો અમલનેર-અહમદનગર-ભીવંડી-નાસિક-પુના-જલગામ-શાહપુર આદિ અનેક ગામોમાંથી ઉમટેલા હતા.

વિશાળ મેદની વચ્ચે બંને પૂજ્ય મુનિરાજોની ગણિપદાર્પણની ક્રિયા પૂજ્યશ્રીના વરદ મુખે શરૂ થતા લોકો શાંત ચિત્તે નિહાળી રહ્યા હતા. એમાંય જ્યારે સ્વર્ગસ્થ પૂ. ગુરુદેવ સિદ્ધાન્ત મહોદધિ સુવિશાળ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના ગુણાનુવાદ શરૂ થયા. અને કોલાહલ વિના શાંત મને સાંભળતી વિશાળ મેદની વચ્ચે સંઘરત્ન શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફે પૂજ્યશ્રીના ગુણોનું વર્ણન કરતાં કંઈકના મસ્તક ઝૂકી પડ્યા. પૂજ્ય પંન્યાસથી હેમચંદ્રવિજયજી મહારાજે સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના ગુણાનુવાદ દ્વારા સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના જીવનમાં વણાઈ ચૂકેલા જ્ઞાન-દર્શન-ચારિત્ર-સંઘહિતચિંતા-અજોડ બ્રહ્મચર્ય-નિર્દોષચર્યા-સાધુ બનાવવાની ગજબકળા-વચનસિદ્ધતા-સ્વાધ્યાય મગ્નતા-પૂંજવા પ્રમાર્જવાના ને જયણાધર્મના પરમોપાસક, તપ અને ત્યાગ ભરતક્ષેત્રમાં આવી ગયેલા મહાવિદેહના ચોથા આરાના સંત, વગેરે અનેક પાસાઓનું વર્ણન કરતા અનેકોના આંખમાંથી આંસુ નીકળી પડ્યા હતા.

વર્ધમાન તપોનિધિ પૂજ્યઆચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે ગુણાનુવાદમાં કંઈકના હૈયા ગદ્‌ગદ કરેલા અને સ્વર્ગસ્થ ગુરુદેવશ્રીના ગુણો આપણામાં આવે એવા ઉપાયો દેખાડેલા.

પૂજ્યશ્રીને તેમજ નૂતન ગણિવરોના ગુરુપૂજન અને કામળી વહોરવાની ઉછામણીમાં ભાવિકોએ ખૂબ સારો લાભ લીધો.

બપોરે શાંતિસ્નાત્રમાં અને સાંજે પ્રભુજીની ભવ્ય અંગરચના તેમજ વિશિષ્ટ જિનમંદિર શણગારમાં સેંકડો અને હજારો ભાઈઓએ લાભ લીધો હતો.

વૈશાખ વદ-૧૨ના સવારે સંઘ સાથે ચૈત્ય પરિપાટીમાં અને ત્યારબાદ પ્રવચનમાં તપસ્વીના ગુણાનુવાદ અને બૃહદ્‌ મુંબઈના ૧૦૦ ઓળીના આરાધકોના બહુમાન વખતે ય સારા ભાવિકો જોડાયેલા. આ પ્રસંગે શેઠશ્રી શ્રેણિકભાઈની ઈચ્છાથી શ્રી આણંદજી કલ્યાણજી પેઢી હસ્તકની છાપરિયાળી પાંજરાપોળને મોટું દેવું હોવાથી એકેક ઘેટાના નિભાવના રૂા. ૫૦/- લેખે ટીપ થતાં રૂા. ૬૭/- હજારની ટીપ થયેલી.

બંને ૧૦૦ ઓળીના આરાધકોની તપની અનુમોદનાર્થે અનેક આરાધકોએ તપધર્મની રેલમછેલ કરી દીધી.

બંને પૂજ્યશ્રીના પારણા બાદ સંઘ સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ.

બંને તપસ્વીના પારણા પ્રસંગ બાદ પૂજ્ય આચાર્યદેવશ્રી વિહાર કરી ઘાટકોપરના યુવાન દીક્ષાર્થી શ્રી સ્નેહલકુમાર વિનોદભાઈની દીક્ષા જેઠ સુદ-૫ની આયોજિત થયેલ હોવાથી ઘાટકોપર તરફ પધાર્યા છે. ત્યાંથી વિહાર કરી શ્રી હીરસૂરિ ટ્રસ્ટ જૈન સંઘના આંગણે તેઓની વિનંતી માન્ય કરી. પૂ. ગણિશ્રી જયશેખર-વિજયજી મહારાજની જેઠ સુદ-૧૦ પંન્યાસપદવી કરવાના પ્રસંગે પધારનાર છે.

પૂજ્ય આચાર્યદેવશ્રી અનેક સંઘોને લાભ આપતા અષાઢ સુદ-૮ બુધવાર તા. ૨૬-૬-૮૫ ના રોજ બાબુલનાથ ચાતુર્માસનો પ્રવેશ કરશે.

(શ્રેયસ હોલ, ચોપાટી, મુંબઈ)

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૩,અંક-૩૭,તા.૧૫-૬-૧૯૮૫

ઘાટકોપરના આંગણે ઉજવાયેલ અપૂર્વ દીક્ષા મહોત્સવ

● પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની તારક નિશ્રામાં વિશાળ સંઘમેદનીની હાજરીથી જેઠ સુદ-૫ શનિવાર, તા. ૨૫-૫-૮૫ના

ઘાટકોપર નિવાસી શાહ વિનોદભાઈ અને શ્રીમતી હંસાબેનના સુપુત્ર સ્નેહલકુમાર C.A. એન્ટલ પાસ (ઉં.વ. ૧૮) ની ભાગવતી પ્રવ્રજ્યા શુભ મુહૂર્તે થઈ.

બાળપણથી જ વૈરાગી તથા દેવ-ગુરુની ભક્તિમાં મગ્ન મુમુક્ષુ સ્નેહલકુમાર પૂ.પં.શ્રી હેમચંદ્રવિ.મ. તથા પૂ. જયંતિલક વિ.મ.ની વૈરાગ્યમય દેશના તથા સંયમજીવન માટેની પ્રેરણાને પ્રાપ્ત કરી ચારિત્રજીવન સ્વીકારવા તૈયાર થયા. મુનિસુવ્રતદર્શનના વિશાળ મંડપમાં પૂજ્યશ્રી તથા પૂ. આચાર્યભગવંત વિજય જયઘોષસૂરીશ્વરજી મ. આદિ વિશાળ મુનિગણની નિશ્રામાં પ્રવ્રજ્યાવિધિ શરૂ થઈ. ઉપકરણોની ઉછામણી બોલવાનો રંગ પણ અદ્‌ભુત હતો. ઘાટકોપરના ભાઈઓએ પણ આ પ્રસંગે સારો એવો લાભ લીધેલો.

ઉછામણી પૂર્ણ થતાં સ્નેહલભાઈ સાધુના વેષમાં મંડપમાં પધાર્યા. નૂતન મુનિને જોઈ લોકો હર્ષોલ્લાસમાં આવી ગયા. નામકરણ વિધિ વખતે પૂ. આચાર્યદેવશ્રીએ નૂતન મુનિનું નામ મુનિશ્રી સંયમબોધિવિજયજી રાખી પૂ.પં.શ્રી હેમચંદ્ર વિ.મ.ના શિષ્ય તરીકે જાહેર કરાયા.

નૂતન મુનિવરની દીક્ષા પ્રસંગે તેમના સંસારી માતા પિતા તથા તેમના બહેને ચતુર્થ વ્રતનું ઉચ્ચરણ કરેલ.

પૂજ્યશ્રીના સ્વાગતયાત્રામાં તેમજ નૂતન મુનિવરશ્રીના વર્ષીદાનના વરઘોડા પ્રસંગે તથા દીક્ષા પ્રસંગે વિશાળ મેદનીએ લાભ લીધો હતો. દીક્ષાના તેમના સંસારી કુટુંબીજનો તરફથી સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ.

● **મલાડ (ઈસ્ટ) :** પ.પૂ.કર્મસાહિત્ય નિષ્ણાત સિદ્ધાન્ત મહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા-માર્ગદર્શનાદિના ફળસ્વરૂપે રચાયેલ નવા વિશાળ કર્મસાહિત્યના એક ભાગરૂપ મૂળપયડિ રસબંધો ગ્રંથનું લગભગ ૧૬૦૦૦ શ્લોકપ્રમાણ સંસ્કૃત વિવરણ કરનારા, વર્ધમાનતપની ૬૨ ઓળીના સમારાધક, તેત્રીશવર્ષના દીર્ઘ ચારિત્રપર્યાયવાળા તેમજ પ.પૂ.પંન્યાસપ્રવર શ્રી ધર્મજિત્‌ વિ. ગણિવરના શિષ્યરત્ન પૂ. ગણિવર શ્રી જયશેખર વિ.મ.સા.ને પંન્યાસપદ અર્પણ કરવાનો, પ.પૂ. વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે નિર્ણય જાહેર કરતાં ચંદનબાળા ઉપાશ્રયમાં લાલભાગ-ગોરેગામ-ચંદનબાળા દાદર-મલાડ વગેરેના ઘણા સંઘોએ તે પદવી પોતાને ત્યાં આપવાની વિનંતી કરેલ. શાસ્ત્રમર્મજ્ઞ સંઘ હિતચિંતક પ.પૂ.આ. ભગવંતે મલાડમાં તે પદવી કરવાની અનુજ્ઞા આપતાં શ્રી હીરસૂરી જગદ્‌ગુરુ ઉપાશ્રયનો સંઘ રાજીનો રેડ થઈ ગયેલ. તેમજ જેઠ સુદ-૮ થી ૧૦ સુધીનો ત્રણ

દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવનું આયોજન કરેલ. તેમાં જેઠ સુદ-૯ના દિવસે પ.પૂ.સિદ્ધાન્ત દિવાકર પૂ.આ.ભગ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા. અન્ય અનેક પૂ. પદસ્થો, ૬૦ જેટલા પૂ. મુનિભગવંતોના વિશાળ પરિવાર સાથે પ.પૂ.વર્ધમાન-તપોનિધિ આચાર્યશ્રીનો સુંદર સામૈયા સાથે ધામધૂમથી મલાડમાં પ્રવેશ થયેલ. પ્રવેશ બાદ પ.પૂ.આચાર્ય ભગવંતે પ્રેરક પ્રવચન આપેલ. એ પછી શ્રી મણિબેન ભાઈચંદ દોશી તરફથી શ્રી સિદ્ધચક્રમહાપૂજન ઠાઠમાઠથી ભણાવાયેલ. તેમજ શ્રી શ્રેયાંસનાથ પ્રભુજીને ભવ્ય અંગરચના થયેલ. સ્થાનિક વિવિધ ભક્તિમંડળો તેમજ સુરતનિવાસી સંગીતકાર શ્રી નીકેશકુમાર સંઘવી (શાંતિ જિનભક્તિ મંડળ) એ રાતે ભાવનામાં આરાધકોને ભક્તિતરબોળ કરી દીધા. જેઠ સુદ-૧૦ના દિવસે અનેક પદસ્થો-મુનિભગવંતોની હાજરીમાં પૂજ્ય ગણિવરશ્રીએ કરેલ ચાતુર્માસાદિના જુદા જુદા કોલ્હાપુર-પુના-વડગામ-કોરેગામ આદિ અનેક ગામોના સંઘોની તેમજ સ્થાનિક સંઘની સુવિશાળ મેદની વચ્ચે પ.પૂ.આ.ભગવંતશ્રીના વરદ હસ્તે શુભ મુહૂર્તે પંન્યાસપદ પટ્ટક-કામળી વહોરાવવા વગેરેની ઉપજ ઘણી સારી થયેલ. તેમજ સંઘપૂજન થયેલ. પરાઓમાંથી તેમજ બહારગામથી આવેલા સાધર્મિકોની સ્થાનિક સંઘે સુંદર સાધર્મિક ભક્તિ કરી હતી. પૂજ્ય નૂતન પંન્યાસજીશ્રી જયશેખર-વિજયજી મહારાજાના સંસારીપણે વડીલભાઈ, બે ભત્રીજા, પૂ.માતાજી, ૪ બેન, ૧ ભત્રીજી પણ ચારિત્રના માર્ગનાં આરાધકો છે. પ.પૂ.શ્રી હેમચંદ્રવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી કલ્યાણબોધિવિજયજી મ.ના સંસારી માતુશ્રી અ.સૌ. પદ્માબેન પ્રવિણચંદ્રના આગ્રહથી પૂજ્યશ્રી કાંદીવલી સુસ્વાગત પધાર્યા. અ.સૌ. પદ્માબેનના વર્ષીતપની આરાધના, તેમજ મુનિશ્રી કલ્યાણબોધિવિજયજી મ.ના સંયમસાધનાની અનુમોદના નિમિત્તે શ્રી ભક્તામર પૂજન સહિત ત્રણ દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયેલ.

● **પાટણ :** વર્ધમાન તપોનિધિ પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં ગણિવર શ્રી જગતચંદ્રવિજયજી મ.ને પંન્યાસ પદવી જેઠ સુદ-૧૦ના થયેલ. ગણિવરશ્રીના સંસારીબંધુઓ નાથાભાઈ તથા બાબુભાઈ કેશવલાલ તરફથી સિદ્ધચક્રપૂજન સહિત ત્રણ દિવસનો મહોત્સવ સારી રીતે ઉજવાયેલ. બહારગામથી સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. ગણિશ્રીએ નૂતન કર્મ સાહિત્યના મૂળ સ્થિતિબંધ અને ઉત્તરપ્રકૃતિ સ્થિતિબંધના ૧૫૦૦૦-૧૫૦૦૦ શ્લોક પ્રમાણના ૩ સંસ્કૃત વિવરણના ગ્રંથનું નિર્માણ કરેલ છે. ૩૨ વર્ષના દીર્ઘ ચારિત્ર પર્યાયવાળા એને વર્ધમાનતપની ઓળીઓ અને નિત્ય એકાસણા વગેરે ગુણોથી સુંદર આરાધના કરી રહેલ છે. નૂતન પંન્યાસ શ્રી જગતચંદ્રવિજયજી મ. આદિઠાણા ૭નું ચાતુર્માસ બરલુટ નક્કી થયેલ છે.

અંધેરીમાં ભવ્ય ઉપધાન માળારોપણ - દીક્ષા

અંધેરી (મુંબઈ) અત્રે પ.પૂ. ગણિવર્ય શ્રી હેમચંદ્ર વિજયજી મ.ની નિશ્રામાં ઈર્લા કરમચંદ જૈન પોષધશાળામાં ગત આસો સુદ-૧૪થી મુખ્ય આયોજક શેઠશ્રી રાયસીભાઈ સહિત અન્ય આયોજકો તરફથી લગભગ ૧૨૫ આરાધકોને ઉપધાનતપની આરાધના શરૂ થયેલી. ઉપધાન દરમિયાન સીમંધર ભગવાનના ત્રણ દિવસ અઠ્ઠમની આરાધના ભવ્ય કરાવવામાં આવી. જાણે આપણે સીમંધર ભગવાનને ભેટવા સાક્ષાત્ અહીંથી મહાવિદેહ ઉપડ્યા એ રીતે વચમાં વચમાં આવતા શાશ્વતા જિનમંદિરોની યાત્રા કરતાં કરતાં ત્યાં પહોંચ્યા ! પૂજ્યશ્રીએ મધ્યલોકમાં રહેલા નંદીશ્વરદ્વીપ રુચકદ્વીપ વૈતાઢ્ય મેરું પર્વત વગેરે વગેરે પર રહેલા જિનમંદિરોના તૈયાર કરાવેલા નકશાના આધારે યાત્રા કરાવતાં આરાધકો ભાવ-વિભોર બની જતા. ઉપધાનમાં પૂ. પંન્યાસજીનાં વ્યાખ્યાનો તો શ્રોતાઓ કહે છે કે એવા ભારે સંવેગ વૈરાગ્ય રસભર્યા ચાલતા કે કેટલાય શ્રોતાઓના દિલ વૈરાગ્યથી ભીના ભીના થઈ ચારિત્ર લેવા થનગની ગયા. ઉપધાનના માળારોપણના ઓચ્છવ પૂર્વે પધારી જવા કરમચંદ જૈન પોષધશાળાના ટ્રસ્ટીઓ શ્રી હર્ષદભાઈ, શ્રી જિતુભાઈ તથા ઉપધાનતપ સમિતિના સભ્યો શ્રી બાલચંદભાઈ રમણભાઈ વગેરે તથા શેઠશ્રી રાયશીભાઈ આદિએ મુંબઈ બાબુલાલનાથ પાસેના તેજકિરણ બિલ્ડિંગ અને શ્રેયસહોલમાં ચાતુર્માસ બિરાજમાન સુવિશાળ ગચ્છાધિપતિ સ્વ. પૂ. સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ને કા. સુદ-૧૫ પછી તરત અંધેરી પધારવા આગ્રહભરી વિનંતી કરેલી. તેથી પૂજ્યશ્રી કા. વદ-૨ વિહાર કરી દાદર જ્ઞાનમંદિરમાં ટ્રસ્ટીઓ શેઠશ્રી ભાઈલાલભાઈ, શેઠશ્રી દામજીભાઈ જેઠાભાઈ વગેરેની વિનંતીથી પાંચ દિવસ વાચના વ્યાખ્યાનનો લાભ આપી કા. વદ-૮ અંધેરીમાં ભવ્ય સ્વાગત સમારોહ સાથે પધાર્યા.

પૂ. આચાર્યદેવશ્રી તથા જોશીલા પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજના વાચના વ્યાખ્યાનોથી ઉપધાન આરાધકો સહિત શ્રી સંઘમાં નવું ધર્મજોમ પ્રગટ્યું. ૧૧૦ ઉપધાન આરાધકોમાંથી ૬૦ જણને ઉપધાન માળા પહેરવાની હતી. માળારોપણની બોલી બોલાતાં વચમાં વચમાં પૂ.આચાર્યદેવશ્રી નવનવી પ્રેરણા કરતા રહેવાથી પહેલી માળાના ચડાવાએ ભારતભરમાં વર્તમાનયુગમાં થયેલ ચડાવાએ પણ રેકોર્ડ તોડી નાખ્યો. એવો બીજી માળના ચડાવાએ પણ રેકોર્ડ તોડી એમ

પહેલી પાંચ માળ સુધી ચાલ્યું. બીજે માળ પહેનાર ૨૫૦-૩૦૦ આરાધકોની સામે અત્રે માત્ર માળ પહેરનાર ૬૦ જણમાં આ રેકોર્ડ બ્રેક માળાની બોલીઓથી સંઘમાં અતિશય ધર્મ-ઉત્સાહ પ્રગટી ગયો.

આ માળા બોલીની ખુશાલીમાં કરમચંદ જૈન પોષધશાળા ટ્રસ્ટીઓએ અત્રે શિખરબંધી ભવ્ય જિનપ્રાસાદ ઊભો કરવાનું નક્કી કર્યું. કેમકે આ પ્રદેશમાં જૈનોની વસ્તી ખૂબ જ વધી ગઈ હોવાથી શિખરબંધી વિશાળ જિનમંદિરની ખોટ સાલતી હતી. સાથે સાથે પોષધશાળાના કંપાઉન્ડમાં પાછળના ભાગમાં ભવ્ય ઉપાશ્રય આયંબિલશાળા પાઠશાળાની ભવ્ય ઈમારતનું નિર્માણ કરવાનું પણ નક્કી કર્યું.

કરમચંદ જૈન પોષધશાળા આજથી ૪૦-૪૫ વર્ષ પૂર્વે કરમંચદશેઠના સુપુત્ર મણિભાઈએ એવી કોઈ ધન્ય પળે ને એવી પવિત્ર ભાવનાથી ઊભી કરેલી, કે એમાં વિ.સં. ૧૯૯૮માં દાનવીર શેઠ માણેકલાલ ચુનીલાલ તરફથી ૧૧૦૦ આરાધકોના ઉપધાન થયેલા, ને પછીથી તો અનેકાનેક પૂ. આચાર્યાદિના જવલંત ચાતુર્માસ, જવલંત ધર્મશાસન, પ્રભાવનાઓ, અનુષ્ઠાનો તથા મહોત્સવો થતા આવ્યા છે.

પ્રસ્તુત માળારોપણના મહોત્સવમાં માળાનો વરઘોડો શાનદાર ચડ્યો. ૫-૬ માળવાલાની તો ખુલ્લી ગાડીઓની દેવવિમાનશી શણગારવામાં આવેલી. બેન્ડો પણ સૂરિલા નાદથી ગગને ગજાવી રહેલા હતા. પૂ. આચાર્યદેવશ્રી સાથે પૂ.આ.શ્રી વિજય ગુણાનંદસૂરિજી મ., પૂ.આ.શ્રી વિજય જયઘોષસૂરિજી મ., પૂ.પં.શ્રી ધર્મજિત વિ.મ., પૂ.પં.શ્રી પુંડરિક વિ.મ., પૂ.પં.શ્રી જયશેખર વિ.મ., પૂ.પં.શ્રી હેમચંદ્ર વિજયજી મ., પૂ. ગણિવર શ્રી વિમલસેન વિ.મ., આદિ ૬૦/૬૫ શ્રમણ ભગવંતોના પરિવાર તથા અંધેરી જૈન સંઘના અને ચારે બાજુથી ઉમટી પડેલ ગૃહસ્થોનું વિશાળ સાજન, એની પાછળ પ્રભુજીના ચાંદીના બે રથ એની પાછળ પૂ. તીર્થ પ્રભાવક આચાર્યદેવશ્રી વિજય વિક્રમસૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તી સાધ્વીજી શ્રી જયલતાશ્રીજી આદિ શ્રમણી પરિવાર, ને એની પાછળ વિશાળ શ્રાવિકા બેનોનો સમુહ ચાલી રહેલ હતો.

આ ઉપધાન માળારોપણ સોનામાં સુગંધ ભળે એમ પૂ. આચાર્યદેવશ્રીના વિદ્વાન શાસન પ્રભાવક શિષ્યરત્ન પૂ.પં.શ્રી રાજેન્દ્રવિજયજી મ. ના સંસારિપણે મોટા ભાઈ શ્રી ચીમનભાઈ મગનલાલનો દીક્ષા પ્રસંગ નક્કી થઈ ગયો. એટલે માળારોપણના અતિ ભવ્ય વરઘોડામાં દીક્ષાર્થી ચીમનભાઈ ઊંચી બે ઘોડાની બગીમાં બેસીને વરસીદાન આપી રહ્યા હતા. મૂળ એ સ્થાનકવાસી કુટુંબના પરંતુ એમની

નાની ઉંમરમાં માતા ગુજરી ગયેલા તેથી એમની મામીની દેખરેખમાં એ ઊછરેલા. મામી શ્વેતાંબર મૂર્તિપૂજક પક્કા જૈન, તેથી ચીમનભાઈ અને નાનાભાઈ રોજ પ્રભુપૂજા કરતા થઈ ગયેલ. પૂ. મૂર્તિપૂજક જૈન સાધુઓના વ્યાખ્યાન પણ સાંભળતા અને પોષધ પ્રતિક્રમણ પણ કરતા સૌથી મોટાભાઈ અમુલખભાઈ તથા એમના પિતાશ્રીજી જુના સંસ્કારથી સ્થાનકવાસી પંથમાં રહેલા પરંતુ ઉદાર એવા કે એમણે વિ.સં. ૨૦૦૭માં મુંબઈ લાલબાગમાં સૌથી નાનાનો દીક્ષા ઉત્સવ કરી પાસેના માધવબાગમાં વિશાળ મંડપ ઊભો કરાવી પૂ. આચાર્યદેવશ્રી પાસે દીક્ષા અપાવેલી તે આજે પૂ.પં.શ્રી રાજેન્દ્ર વિજયજી મ. તરીકે કચ્છ સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, ગુજરાતમાં ધર્મનો ડંકો વગાડી રહેલ છે.

ચીમનભાઈની દીક્ષા પણ સ્થાનકવાસી મોટાભાઈ અમુલખભાઈએ વિશાળ પરિવાર સાથે ભાગ લઈને કરાવવા તૈયારી કરી માળારોપણની ક્રિયા સાથે જ દીક્ષાની ભવ્ય ક્રિયા કરાવવામાં આવી. અમુલખભાઈ અને કુટુંબે દીક્ષાર્થી માટે પૂ. આચાર્યદેવશ્રીને ઓઘો વહોરાવ્યો. એક સ્થાનકવાસી કુટુંબ, મૂર્તિપૂજક માર્ગમાં ભાઈને દીક્ષા અપાવવા ઓઘો વહોરાવે, એ હજારોની માનવમેદનીને જોવા માટે અદ્‌ભુત દૃશ્ય હતું. મેદની તો બહુ વિશાળ મંડપમાં પણ માતી નહોતી; છતાં વ્યવસ્થા એવી કરવામાં આવેલી કે બધું કામકાજ ખૂબ શાંતિથી ચાલતું હતું. દીક્ષાર્થીને ઓઘો અપાઈ ગયો, ને એ ખૂબ નાચ્યા.

પછી એમની બાકીના ઉપકરણ વહોરાવવાના રેકોર્ડ ચડાવા થયા. એમાં વળી ઝોળી-પાત્રા વહોરાવવાનો ચડાવો ચાલ્યો ત્યારે તો વચમાં પૂ. આચાર્યદેવશ્રીએ સભાને પ્રેરણા આપતા કહ્યું કે 'નૂતન દીક્ષિત આ પાત્રા લઈને બે મહાન સાધના કરશે, (૧) એક તો આમાં ગોચરી વાપરી એના બળ ઉપર સંયમ-સ્વાધ્યાય સેવા-વૈયાવચ્ચ આદિની ચોવીસે કલાક સાધના કરશે; તેમજ (૨) બીજું એ કે, આ ઝોળી પાતરા લઈ ગોચરી જઈ ગામેગામ હજારો ભાવિકોને સુપાત્રદાનનો લાભ કરાવશે. પૂજ્યશ્રીની એ પ્રેરણા પછી તો ચડાવા કલ્પના બહારના વધતા ગયેલા, આંકે સભામાં હર્ષના પૂર ઉછળ્યા દીક્ષાર્થી સ્નાન કરી સાધુવેશે મંડપમાં આવ્યા ત્યારે સભાએ ભારે જયજયનાદથી વધાવી લીધા... દીક્ષાર્થી ચીમનભાઈને દીક્ષાની બાકીની ક્રિયા કરાવવામાં આવી એમનું મુનિપણે નામ, પૂ. આચાર્યદેવશ્રીના શિષ્ય તરીકે મુનિરાજશ્રી ચમરેન્દ્ર વિજયજી જાહેર કરવામાં આવ્યું.'

ઈર્લા શ્રીસંઘે પૂજ્યશ્રીને ચાતુર્માસની ખૂબ જ જોરદાર વિનંતી કરી અને જય બોલાવવાની જ વાત પકડી રાખી... પૂજ્યશ્રીએ ખાસ વિચારશું એમ જવાબ

આપ્યો... દાદર આરાધના ભુવન સંઘના ભાઈઓએ પણ પૂજ્યશ્રીને ચોમાસા માટે આગ્રહભરી વિનંતી કરી... મલાડ હીરસૂરિજગદ્‌ગુરુ જૈન ઉપાશ્રયના આરાધક ભાઈઓએ પણ પૂજ્યશ્રી ચાતુર્માસ પધારવાની આગ્રહભરી વિનંતી કરી...

ઈર્લા શ્રીસંઘે પૂજ્યશ્રીને કામળી વહોરાવવા માટે ઉછામણી શરૂ કરી અને ભક્તવર્ગોએ ખૂબ જ ઉલ્લાસપૂર્વક એવી તો ઉછામણી કરી કે જે સભાજનોની કલ્પના બહારની વસ્તુ બની !

સંઘના યુવાનોએ જિનેન્દ્રભક્તિ મહોત્સવ અને તેમાંય મહાપૂજા (જિનમંદિર શણગાર સાથે પ્રભુજીની ભવ્ય અંગરચના)નું કરેલું આયોજન ઈર્લા શ્રીસંઘના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગયું... ખૂબ જ સારું મૂલ્ય ચૂકવી શ્રી રાયશીભાઈએ મહાપૂજાનું સાંજે લગભગ ૫-૩૦ વાગે ચતુર્વિધ સંઘ સાથે ગજરાજ પર આવી ઉદ્‌ઘાટન કર્યું... ત્યારે પ્રભુભક્ત વર્ગની ભક્તિભાવના ખૂબ જ ઉમટેલી... પ્રભુદર્શન સાથે મહાપૂજાના દર્શનાર્થે ભક્તજનો રાતના ૧૧-૩૦ અને ૧૨ વાગ્યા સુધી એટલા ટોળામાં ઉમટેલા કે આવનાર ૨૦/૨૫ મિનિટ લાઈનમાં ઊભો રહે પછી જ દર્શનનો લાભ મળે...

ઈર્લા શ્રીસંઘ ઉપર ઉપકારનો ધોધ વરસાવતા વિશાળ મેદનીની હાજરીમાં સાંજે પૂજ્યશ્રી વિહાર કરી અંધેરી ગામમાં પધાર્યા... ત્યાંથી ગોરેગામ જવાહરનગર પધાર્યા ત્યાં શ્રીસંઘે પૂજ્યશ્રીને અત્યારથી જ ચૈત્ર માસની ઓળીનું નક્કી કરી દેવા આગ્રહભરી વિનંતી કરી... ત્યારથી પૂજ્યશ્રી વિહાર કરી મલાડ-હીરસૂરિ જગદ્‌ગુરુ જૈન ઉપાશ્રયે વાજતે ગાજતે ભવ્ય સ્વાગત સાથે પધાર્યા... સંઘના ભાઈઓએ ઈર્લામાં કરેલી ચાતુર્માસની વિનંતીની પુનરાવૃત્તિ જોરદાર કરી, અને સંઘના ભાઈઓ તો ત્યાંસુધી બોલવા લાગ્યા કે ચાતુર્માસની જય બોલાય પછી જ પૂજ્યશ્રીને અત્રેથી વિહાર કરવા દેવો...

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૪,અંક-૨૧,તા.૧-૨-૧૯૮૬

• **મુંબઈ** : શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘના આંગણે ઉપધાનતપની માળારોપણ પ્રસંગે જ્યારથી પ.પૂ.એકાન્તવાદ તિમિરતરણી આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.ના પુનીત પગલાં થયાં ત્યારથી ધાર્મિક ઉત્થાનના નગારા વાગવા માંડ્યા છે.

વાત એમ બની કે ઉપધાનતપ માળારોપણ મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીના

પવિત્ર ઉપદેશથી અત્રેના શ્રીસંઘના અંતરમાં એક ભવ્ય જિનાલય અને ઉપાશ્રયનું નવનિર્માણ કરવાની શુભ ભાવના મૂર્તિમંત થઈ. માળારોપણ પ્રસંગે જે અસાધારણ ઉછરામણીઓ થઈ એનાથી સકલ સંઘમાં ભારે ઉલ્લાસનું મોજુ પથરાઈ ગયું. ત્યારબાદ પૂજ્યપાદશ્રી મલાડ (પૂર્વ) સંઘના ઘણા આગ્રહથી મૌન અગીયારસ અને પોષદશમીની આરાધના કરાવવા માટે શ્રી હીરસૂરિ જગદ્‌ગુરુ જૈન ઉપાશ્રયે પધાર્યા. ત્યાં પૂજ્યશ્રીની નિશ્રામાં પૂ. સાધ્વીજી શ્રી શીલવર્ધનાશ્રીજીના સમાધિમય સ્વર્ગવાસ નિમિત્તે મહોત્સવ ઉજવાયો. તે પછી પ.પૂ.આ.શ્રી રવિચન્દ્રસૂરિ મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે પણ મહોત્સવ ઉજવાયો. પોષદશમીએ ૨૬૦ અક્રમ તપની ભારે ઉલ્લાસપૂર્વક આરાધના થઈ. ત્રણે દિવસ પ્રભુજીને અંગરચના થયેલ. તે ગાળામાં અંધેરી ગુજરાતી જૈન સંઘના આગેવાન ભાઈઓ નૂતન જિનાલય અને ઉપાશ્રયના નવનિર્માણની ભાવનાને સાકાર બનાવવા માટે વારંવાર માર્ગદર્શન લેવા માટે દોડી આવતા હતા. સંયમધર્મની મર્યાદામાં રહીને પૂજ્યશ્રીએ આપેલા માર્ગદર્શન મુજબ તપોવનના ભવ્ય જિનાલયનું બાંધકામ કરી રહેલા નિષ્ણાત શિલ્પીઓ વેલજીભાઈ અને એમના પુત્ર વસંતભાઈને આમંત્રીને તેમની પાસે વિશાળ જિનાલયનો નક્શો બનાવાયો. સંઘની ભાવના વધતી ચાલી. કળા-કારિગિરીયુક્ત શિખરબંધી ભવ્ય ૨૦ વિહરમાન જિનોનું મંદિર તથા ઉપાશ્રય અંગેના આખરી નિર્ણયોની પ્રેરણા પ્રાપ્ત કરવા માટે ફરીથી અંધેરી (ઈર્લાબ્રીજ) પધારવા સંઘના આગેવાન ભાઈઓએ ભારપૂર્વક આગ્રહભરી વિનંતી કરી. તે સ્વીકારીને પૂજ્યશ્રીએ અંધેરી તરફ વિહાર કર્યો, વચ્ચે ગોરેગાંવ-ચિંતામણિમાં સંવેગ-વૈરાગ્યમય પ્રવચનો સાંભળવા ૩ દિવસ ખૂબ ઘસારો રહ્યો. એ જ રીતે ૩ દિવસ જવાહરનગરમાં પણ પ્રવચનશ્રવણ માટે ભરચક મેદની રહી. પોષ સુદ-૫ પૂજ્યશ્રી અંધેરી-ઈર્લાબ્રીજ કરમચંદ જૈન પોષધશાળામાં પધારતાં સંવેગ-વૈરાગ્યગર્ભિત અમૃતવાણી સાંભળનારાઓ શાસનના રંગે રંગાવા માંડ્યા. નૂતન જિનાલય અને ઉપાશ્રયના નિર્માણ માટે ભાવના વધે એવા સચોટ ઉપદેશથી સરવાણી વહેતી રહી.

સોનામાં સુંગધ ભળે એમ અંધેરી સંઘને નવી એક ભાવના જાગી કે પોષ સુદ-૧૨ના દિવસે પૂજ્યપાદ આચાર્ય ભગવંતની પવિત્ર દીક્ષાતિથિ પ્રસંગે જીવદયાનું ઉત્કૃષ્ટ કાર્ય કરવું. શ્રી સંઘમાં આયંબિલ કરાવવા તેમજ પૂ.આ.શ્રી સિદ્ધાન્તદિવાકર વિજય જયઘોષસૂરિજી મ. ના પ્રમુખપદે પૂજ્યશ્રીના ગુણાનુવાદ કરવા. વળી એ જ પવિત્ર દિવસે નૂતન જિનાલય-ઉપાશ્રયના નિર્માણ માટેની આખરી વિચારણા માટે શ્રી સંઘની જનરલ મિટિંગ પણ રખાયેલી હતી.

આખરે જેની ચાતકની જેમ રાહ જોવાતી હતી તે પોષ સુદ-૧૨નો દિવસ આવી પહોંચ્યો. સવારે ૯/૧૫ કલાકે કરમચંદ જૈન પોષધશાળામાં સંઘ વિશાળ સંખ્યામાં એકત્રિત થયો. પૂજ્યપાદ સિદ્ધાન્તાદિવાકર આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરિજી મહારાજે મંગલાચરણ ફરમાવ્યું. ત્યારપછી શ્રી સંઘના આગેવાન હર્ષદભાઈ સંઘવીએ પૂજ્યશ્રીના ગુણાનુવાદ કરી અનેક ઉપકારોની યાદ દેવડાવી. ત્યારબાદ મુનિશ્રી જયસુંદરવિજયજી મ. ને પૂજ્યપાદ ગુરુભગવંતની બાવનમી દીક્ષાતિથિ પ્રસંગે ગુણાનુવાદ સંભળાવવા માટે કહેવામાં આવતા મુનિશ્રીએ જણાવ્યું કે આજનો દિવસ ખરેખર હીરા કરતા મોંઘો છે. ૧૯૯૧ની સાલમાં પૂજ્યશ્રીએ ચાણસ્મા મુકામે દીક્ષા ગ્રહણ કરી અને ૫૧ વર્ષના દીક્ષાપર્યાયમાં અમારા જેવા કંઈક પામર જીવોનો ઉદ્ધાર કર્યો. માત્ર ઉદ્ધાર કર્યો એટલું જ નહિ પણ તેઓએ સ્વ-આચરણ દ્વારા અમારા જીવનના ઘડતરમાં મહાન આદર્શની ભેટ આપી છે. આજે પણ શ્રી સંઘમાં ઘણા ગુણાનુરાગી જનોના મુખે સંભળાય છે કે ત્યાગ-વૈરાગ્ય-તપશ્ચર્યા-જ્ઞાન-ધ્યાન-ચારિત્ર-માર્ગદર્શન-નિઃસ્પૃહતા વગેરેમાંથી એક-બે ગુણોવાળા તો ઘણા જોવા મળે પરંતુ આ બધા ગુણોએ કોઈ એક જ ઠેકાણે નિવાસ કર્યો એવું પાકું ખાતરીનું સરનામું જોઈએ તો પૂજ્ય ભુવનભાનુસૂરિ મહારાજને અચૂક યાદ કરવા જ પડે. સમય ઝાઝો હતો નહિ એટલે મુનિશ્રીએ ટૂંકે પતાવ્યું. ત્યારપછી સંઘની શ્રાવિકાઓએ પૂજ્યશ્રીના ચારિત્રજીવનની અનુમોદના કરતી બે ગહૂંલીઓ પ્રસ્તુત કરી. શ્રી સંપતરાજજીએ પણ ગુરુગુણ સ્તુતિ ગાઈ.

બરાબર ૧૦ વાગે પૂજ્યશ્રી ભુવનભાનુસૂરિ મ.સા. સંઘની વિનંતીને માન આપી પાટ ઉપર પધાર્યા. મંગલાચરણ ફરમાવ્યું. ત્યારબાદ એઓશ્રીના શ્રીમુખેથી સાજન મંત્રી અને સાંતૂ મહેતા વગેરે અનેક મહાપુરુષોની યાદ તાજી કરાવતા પ્રેરક પ્રસંગો સહિત માર્મિક અને સચોટ પ્રવચનની મધુર વાંસળી ગુંજવા લાગી. પ્રવચન પૂરું થયા બાદ સંઘના આગેવાન શ્રી જિતેન્દ્રભાઈએ ઊભા થઈ ટૂંકા વક્તવ્યમાં પૂજ્યશ્રીના ખૂબ ખૂબ ઉપકારોનું વર્ણન કર્યું અને બાવનમી દીક્ષાતિથિનો પ્રસંગ અમને ઉજવવાનો લાભ મળ્યો તે માટે ઘણો અહોભાવ પ્રગટ કરવા સાથે સકલ સંઘમાં આયંબિલ કરાવવાનો લાભ શેઠશ્રી શામજીભાઈ બચુભાઈને મળ્યો. તથા જીવદયાના ઉત્કૃષ્ટ કાર્ય માટે ૫૨ થી પણ વધુ જીવોનાં પાલન માટે રૂપિયા ૧૫૦૦૦ થી પણ વધુ ફાળો છલકાયો હોવાની જાહેરાત કરી, ઘણો આનંદ વ્યક્ત કર્યો. તે પછી નૂતન જિનાલય અને ઉપાશ્રયના નિર્માણ માટે સકલ સંઘનો ભારે ઉલ્લાસ જોઈને એક સર્વમાન્ય બને એવી યોજના રજૂ કરી. સકલ સંઘે જૈન શાસનના જય જયકારના બુલંદ ઘોષ વચ્ચે એ યોજનાને ભારે ઉત્સાહથી વધાવી લીધી. પૂજ્યશ્રીના

ઉપદેશથી એ જ સભામાં નૂતન ઉપાશ્રયના નિર્માણ માટે દાન કરવાને ઉત્સુક બનેલા અનેક ભાઈઓએ શેઠશ્રી રાયશીભાઈના બહુ ઉદાર શ્રી ગણેશ પછી વિશાળ રકમો અર્પણ કરવાની જાહેરાત કરી. શ્રી સંપતરાજજી, રમેશભાઈ ધીરજલાલ, પિંડવાડાવાળા પારસમલજી, દીક્ષાર્થી સુમનભાઈ તરફથી પાંચ સંઘપૂજનો થયા. ચોમાસું અત્રે જ કરવા આગ્રહ ભરી વિનંતી કરી.

ટૂંકમાં, (૧) નૂતન જિનાલય-ઉપાશ્રયની નિર્માણ યોજનાને મૂર્તસ્વરૂપ મળ્યું. (૨) પૂજ્યશ્રીની બાવન દીક્ષાતિથિની શાનદાર ઉજવણી થઈ. (૩) જીવદયા માટે પંદર હજારથી વધારે રકમનો ફાળો થયો.

આ ત્રિવેણી સંગમ જેવા પુનીત પ્રસંગોથી ઈર્લાબ્રીજ-શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘનું આગણું ધન્યતાનો અનુભવ કરી રહ્યું છે.

● **મુંબઈ-ચેંબુર :** જૈન તીર્થમાં શ્રેષ્ઠિવર્ય પુખરાજજી મૂળચંદજી શિવગંજવાળા તરફથી વૈરાગ્ય દાતા પૂ.પંન્યાસશ્રી હેમચંદ્રવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં ઉપધાનતપનું આયોજન થતાં ૧૭૫ આરાધકો જોડાએલ અને તેમાં અનેક આરાધકો તો મૂળવિધિ પ્રમાણે ઉપધાન આરાધના કરેલ. ઉપધાનમાં સુકૃત અનુમોદના દુષ્કૃકગર્હા પુદ્ગલ વોસિરાવવાની ભવ્ય આરાધના થઈ હતી. જેમાં આયંબિલ તપ સાથે અન્ય આરાધકો જોડાયેલ. પૂ. પંન્યાસજી મહારાજે ૧૧ ચિત્રપટ્ટો દ્વારા ઉપસ્થિત રહેલ. ૮૦૦ થી ૧૦૦૦ ભાવિકોને લોકમાં રહેલા સમસ્ત શાશ્વત તીર્થોની ભાવયાત્રા કરાવી હતી. શત્રુંજયગિરિ, ગિરનારજી, સંમેતશિખરજી અને શંખેશ્વર વગેરેની પણ સુંદર શૈલીમાં ભાવયાત્રા કરાવી હતી. તે પ્રસંગે ૪ સંઘપૂજન થયેલા. અરિહંત ભગવંતો, સિદ્ધભગવંતોનો મહિમા દર્શાવવાની સાથે જિનશાસનમાં થઈ ગયેલા સંયમીઓ અને શ્રાવકોના ચારિત્ર્યની સુકૃત અનુમોદનની આરાધના કરાવેલ. આ પ્રસંગે માળારોપણ ઉછરામણી અને માળની ક્રિયા નિમિત્તે ઉપધાન કરાવનારાના અતિ આગ્રહથી પૂ. વર્ધમાનતપોનિધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ એમના વિશાળ શિષ્ય પરિવાર સાથે પધારેલ. પોષ સુદ-૧૪થી નવાહ્નિકા મહોત્સવ થયો. આ પ્રસંગે ઉપધાન ક્રિયા કરાવનાર તપસ્વીરત્ન પૂ.શ્રી જયસોમવિજયજી મ. ૧૦૧મી વર્ધમાન આયંબિલતપ સુંદર રીતે પૂર્ણ થયેલ.

● **વીરાર-મુંબઈ :** પ.પૂ.તપસ્વી ગણિવર્યશ્રી વિમળસેનવિજયજી મ. ની નિશ્રામાં પ.પૂ.મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી આદિઠાણાના ભાઈંદર-વીરાર-અગાશી વિહાર દરમ્યાન વ્યાખ્યાનમાં લોકોની ખૂબ જ હાજરી રહેતી. યુવાનોએ સામાયિક માબાપને પગે લાગવું વગેરેના સુંદર નિયમો કર્યા. 'અરિહંતનો અચિંત્ય પ્રભાવ

અને ધર્મપ્રધાન જીવન બનાવવાની', પૂ. મુનિરાજશ્રીની વાણીએ યુવાનો સહિત શ્રોતાઓને મંત્રમુગ્ધ બનાવ્યા અને શ્રોતાઓને રડાવ્યા. વર્ષો સુધી મુંબઈ લાલબાગ ઉપાશ્રયમાં આરાધના કરનાર સુશ્રાવક ચીમનલાલભાઈની દીક્ષા અંધેરી થયેલ. તેમની વડી દીક્ષા ગણિશ્રી વિમલસેનવિજયજી મ. આદિની નિશ્રામાં ઠાઠપૂર્વક અગાશી મુકામે થઈ. એમનું નામ મુનિશ્રી દેવેન્દ્રવિજય રખાયું અને વર્ધમાન તપોનિધિ પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્ય થયા...

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના-૧"** વર્ષ-૩૫,અંક-૭,તા.૨૫-૧૦-૧૯૮૬

મુલુંડના આંગણે ઉજવાઈ ગયેલ ભવ્ય મહાપૂજા
ધન્ય અરિહંત ! ધન્ય જૈનશાસન !
દર્શન માટે ઉમટેલો એક લાખ માનવોનો મહેરામણ

સાધ્વીજી શ્રુતરત્નાશ્રીજીના શ્રેણિતપની અનુમોદના નિમિત્તે તથા શ્રાવકોના વાર્ષિક અગિયાર કર્તવ્ય પૈકીના એક કર્તવ્ય તરીકે ગોઠવાયેલા આ મહાપૂજાના આયોજન અંગેનો અત્રેના સંઘનો ઉત્સાહ અમાપ હતો... લગભગ કોઈએ આવી મહાપૂજા જોયેલી નહીં એટલે સહુના મનમાં ઉત્કંઠા પણ હતી કે 'મહાપૂજા કેવી હશે ? એમાં જોવાનું શું હશે ? પબ્લિક કેટલી થશે ?'

...છેલ્લા ત્રણેક દિવસથી તો ઉત્સાહે માઝા મૂકી ! જિનાલયના કમ્પાઉન્ડમાં શણગાર ચાલુ થઈ ગયો. મંદિરના શિખરના અગ્રભાગ પર-કમ્પાઉન્ડના ગેટ પર... દીવાલ પર રંગરોગાન ચાલુ થઈ ગયા...

યુવાનોએ હાથી નક્કી કરી દીધો હતો... મહાપૂજાની જાહેરાતનું એક સુંદર અને આકર્ષક બોર્ડ હાથીના શરીર પર વ્યવસ્થિત રીતે ગોઠવીને છેલ્લા બેદિવસ એ હાથીને મુલુંડની ગલીએ ગલીએ ફેરવ્યો... જૈન-જૈનેતરો સહુ આ પળની ઉત્કંઠાથી રાહ જોવા લાગ્યા...

આસો વ. ૨ રવિવારના સાંજના પા। વાગે પૂ. શ્રી દેવસુંદર વિ. રત્નસુંદર વિ.મ. આદિ સહુ મહાપૂજાનું ઉદ્ઘાટન કરનાર લલિતભાઈના ઘરે ગયા... હાથી પર બેસીને એમના ભાઈ અને બહેન વરસીદાન આપતા આપતા ચતુર્વિધ સંઘ સાથે દેરાસરે આવવા માટે નીકળ્યા...

૬।। વાગે ઉદ્ઘાટન હતું... લગભગ ૬। વાગે દેરાસર પાસે સહુ આવી ગયા... પબ્લિક તો અત્યારથી જ ટોળેટોળા ઉમટી ગઈ હતી... બધાયને સ્વયંસેવકો

લાઈનમાં ઊભા રહેવાની સૂચના આપતા હતા પણ દ્વારોદ્ઘાટન માટેની ઉત્કંઠા એટલી બધી જોરદાર હતી કે લોકો કાંઈ સાંભળવા જ માગતા નહોતા...

ચાર યુવાનો દાંડિયારાસની રમઝટ મચાવતા હતા... શરણાઈ અને ઢોલીવાળો ફુલ ફોર્મમાં આવીને પોતાની તાકાત એમાં નિચોવી રહ્યા હતા... લોકોનો ભારે ધસારો અને ઉમંગ ખાળવો મુશ્કેલ હતો... બરાબર ૬-૨૭ મિનિટે કમ્પાઉન્ડના દરવાજા પાસે ગોઠવવામાં આવેલ ટેબલ પર ઊભા રહીને પૂ. રત્નસુંદર મહારાજે પ્રવચન આપ્યું...

એકદમ શાંતિ થઈ ગઈ... 'મનમાં પદની-પત્નીની-પૈસાની-પરિવારની પ્રતિષ્ઠા તો અનંતાભવોમાં અનંતીવાર કરી છે... આજે એ મનમાં પરમાત્માની પ્રતિષ્ઠા કરવાની છે... દિલને એવું ભક્તિસભર બનાવી દો કે દ્વારોદ્ઘાટનને સૂચવતા બેંડનો અવાજ આવે કે મન અરિહંતની યાદે પાગલ થઈ જાય... જરાય સંકોચ રાખ્યા વિના મન મૂકીને નાચજો... બરાબર ૬-૩૦ મિનિટ થઈ અને દ્વારોદ્ઘાટન થયું... પૂ. દેવસુંદર વિ.મ. આદિ સહુ તો દેરાસરમાં ગયા પણ બહાર તો લોકોના હર્ષે માઝા મૂકી... મન મૂકીને સહુ નાચ્યા...

દેરાસરમાં પરમાત્માની સમક્ષ પહોંચ્યા ત્યારે તો હર્ષે માઝા મૂકી... ભવ્યાતિભવ્ય આંગી જોઈને જ આંખમાંથી આંસુઓ ચાલ્યા... **'મારો ધન્ય બન્યો આજે અવતાર મળ્યા મને પરમાત્મા'**ની પંક્તિ સાથે પરમાત્માની સ્તવના કરી 'પૂજ્યશ્રી આદિ સહુ બહાર નીકળ્યા અને આ બાજુ પબ્લિકનો ધસારો ચાલુ થયો...

કમ્પાઉન્ડના દરવાજા પાસે જ ફુવારો હતો... કમ્પાઉન્ડમાં દાખલ થયા પછી છેક દેરાસર સુધી પહોંચતા ગાલીચા જેવી કારપેટ પાથરેલી હતી... બંને બાજુ અત્યંત આકર્ષિત કમાનો વચ્ચેથી પસાર થતા લોકોનું પાંચ-પાંચ ફૂટને અંતરે ઊભી રાખેલી નાના બાળિકાઓ પરીનો વેશ પહેરીને સ્વાગત કરી રહી હતી... કો'કના હાથમાં અક્ષત હતા તો કો'કના હાથમાં બાદલું હતું... કો'કના હાથમાં અત્તરનો સ્પ્રે હતો તો કો'કના હાથમાં ગુલાબજળ હતું ! દરેક પરીઓ હાથ જોડીને સૌનું અભિવાદન કરી રહી હતી... અત્તરનો સ્પ્રે જેના પર છંટાતો એ સહુ રાજી થઈ જતા...

અને એમાં ય વચ્ચે ટાંકીના ભાગ પર એક અત્યંત આકર્ષક મૂકેલા હોડકામાં અંજનશલાકા નહીં કરેલ દૂધ જેવા આરસ પહાણના પ્રતિમાજી જે ગોઠવાયેલા હતા એ પ્રતિમાજીએ તો સૌના મન હરી લીધા ! બંને બાજુ બે બાળકુંવરો ઈન્દ્રના વેશમાં સજ્જ થઈને બેઠા હતા ! એ જગ્યા પસાર કરતા તુરત જ દેરાસરના

પગથિયા આવી જતા હતા ! એટલે છેક ટાંકી સુધી આવતા આવતા તો લોકોને બબ્બે અઢી કલાક લાગી જતા હતા... પણ આ જગ્યાએ ઊભેલી નાનકડી પરી જ્યારે હાથ જોડીને પોતાની નજીકમાં ઊભેલા પ્રૌઢને 'કાકા ! મજામાં છો ને ? હવે તો તમે દેરાસર પાસે આવી ગયા !' આવું કહેતી ત્યારે એ સાંભળનારા સહુના મુખ પર ભારે તાજગી આવી જતી... થાક જાણે ઊતરી જતો અને સહુ ઉતાવળે ઉતાવળે દેરાસરના પગથિયા ચડવા લાગતા !

કંપાઉન્ડમાં જે જગ્યાએ ફુવારો હતો ત્યાં મલાડવાળો શૈલેશ માઈકમાં જાહેરાત કરતો હતો કે 'બહેનોને ખાસ વિનંતી કરવામાં આવે છે કે પરમાત્માના દર્શન કરતી વખતે માથું ઢાંકવાનું ભૂલશો નહીં'... આ જાહેરાતની એટલી બધી અસર થઈ ગઈ કે સાડી પહેરીને આવેલા બહેનો તો તુરત માથે ઓઢવા લાગ્યા પણ દુપટ્ટો પહેરીને આવેલી યુવતીઓએ પણ પોતાના માથાને દુપટ્ટાથી ઢાંકી દીધું !

દેરાસરના પગથિયા ચડ્યા પછી રંગમંડપમાં દાખલ થાય એ પહેલા ડાબી બાજુએ આગમ પુરુષ સાથે ૪૫ આગમની ભવ્ય ગોઠવણી કરવામાં આવી હતી... એના દર્શન કરીને સહુ રંગમંડપમાં દાખલ થતા હતા...

કાંદીવલીવાળા અશોકભાઈએ પરમાત્માની આંગી કરી હતી એટલે એની ભવ્યતાની તો વાત થાય તેમ નહોતી... ચાર ઘોડા ગભારામાં એકદમ આગળ ગોઠવાયા હતા... અને પરમાત્માને રથના સારથી તરીકે બિરાજમાન કરવામાં આવ્યા હતા... અઢી અઢી કલાક લાઈનમાં ઊભા રહ્યા પછી જ્યારે પરમાત્માના દર્શન કરવાની તક મળે ત્યારે એનો આનંદ કેવો હોય એ તો જે પરમાત્માની સામે ઊભો હોય એને ખ્યાલ આવે !

પણ, બહાર ધસારો એટલો બધો કલ્પનાતીત હતો કે ગભારા પાસે ઊભા રહેલા સ્વયંસેવકો દર્શન કરવા આવી ચૂકેલાને હાથ જોડીને વિનંતી કરતા હતા કે ભાગ્યશાળીઓ ! માત્ર હાથ જોડીને અહીંથી આગળ પધારો... બહાર હજારો માણસો લાઈનમાં ઊભા છે.

અને આશ્ચર્ય એ થતું કે સહુ એ સૂચનાનો અમલ કરતા... ગભારા પાસે ઊભા રહીને હાથ જોડવા જેટલો સમય પણ એમને આપવામાં આવતો નહોતો... ચાલતા ચાલતા જ હાથ જોડી લેતા હતા અને હાથમાં તૈયાર રાખેલ પરચુરણ કે રૂપિયાની નોટો થાળમાં મૂકીને આગળ ચાલતા હતા...

વાસુપૂજ્ય સ્વામીના રંગમંડપમાંથી બહાર નીકળતા શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતનો રંગમંડપ આવતો હતો... ત્યાં ય અતિ આહ્લાદક આંગી હતી...

એના દર્શન કરીને સહુ નીચે ઊતરતા હતા...અને બહાર નીકળતા જ આયંબિલ શાળાના ઓટલા પર સુંદર પોશાકમાં સજ્જ થયેલા વિલેપાર્લા બેંડના ૩૮ સભ્યોના ભારે હર્ષોત્પાદક બેંડના સુરો સાંભળીને સહુ ડોલી ઊઠતા હતા !

પ્રાચીન સ્તવનો પર જ ચાલતા એ બેંડના સંગીતનું આકર્ષણ એટલું બધું જોરદાર હતું કે લોકો ત્યાં જ ઊભા રહી જતા હતા પણ હાથ જોડીને તેઓને બહાર નીકળવાની વિનંતી કરવી પડતી હતી... અને પરિસ્થિતિને સમજી ગયેલા લોકોએ વિનંતીનો સ્વીકાર કરીને ખૂબ ઝડપથી બહાર નીકળતા હતા.

પણ, જે ઝડપથી લોકો દેરાસરના કમ્પાઉન્ડમાં દાખલ થતા હતા એના કરતાં કદાચ અડધી ઝડપથી ય લોકો બહાર નીકળતા નહોતા... કોણ જાણે સહુના મનમાં એમ જ થઈ ગયું ન હોય કે ત્રણ જગતના આવા ભવ્ય સ્વરૂપને નિહાળ્યા પછી બહાર નીકળવામાં મજા શી હોય ?

પરમાત્માના દર્શન કરીને બહાર નીકળતા લોકો વ્યવસ્થા જાળવી રહેલા સ્વયંસેવકો માટે તકલીફ રૂપ એટલા માટે બની રહેતા હતા કે એ લોકો દર્શન માટે લાઈનમાં ઊભેલાઓને કહેતા હતા કે 'ભાઈ ! અંદર જઈને ભગવાનને જોશો તો તો ગાંડા થઈ જશો... શું આંગી છે ? અંદરની શું ભવ્યતા છે ?' બસ, આ સાંભળતાં જ લોકો દર્શન માટે આતુર બની જતા અને એકદમ ઝડપથી અંદર જવાનો પ્રયત્ન કરતા !

૬॥ વાગે કરેલા દ્વારોદ્‌ઘાટનથી જ લોકોનો ધસારો એટલો બધો હતો કે વ્યવસ્થા કરી રહેલા સ્વયંસેવકો સમજી ગયેલા કે જેમ જેમ સમય જશે તેમ તેમ ધસારો વધતો જ જશે... એટલે દેરાસરના કમ્પાઉન્ડમાં જરૂર જેટલા સ્વયંસેવકો જ ઊભા રહ્યા... બાકીના સો જેટલા સ્વયંસેવકો બહાર લાઈનમાં ઊભેલા લોકોની વ્યવસ્થા જાળવવા પહોંચી ગયા !

અંદર દાખલ થનારા લોકો પણ એક સાથે દશ-દશની લાઈનમાં આવતા હતા તો બહારના ધસારાનું તો પૂછવું જ શું ? આખો ય ઝવેરરોડ તો લાઈનથી પૂરો થઈ ગયો પછી લાઈનને વાળવામાં આવી... ત્યાં રોડ પૂરો થયો હતો તો એ જગ્યાએથી ય લાઈનને વાળવામાં આવી... લાઈન છેક ચોરસ આકાશમાં આવી ગઈ ! બહાર રહેલા સ્વયંસેવકો લાઈનમાં ઊભા રહેલા લોકોને કહેતા હતા કે 'શક્ય એટલે ઝડપથી અમે આપને પરમાત્માના દર્શન કરાવશું પણ આપ શાંતિ રાખજો... જ્યાં સુધી લોકો ઊભા હશે ત્યાં સુધી દેરાસર ખુલ્લું રહેશે... આપ ચિંતા ન કરશો'... અને આશ્ચર્ય એ બનતું કે લગભગ ૧૦ થી ૧૫ હજાર

માણસની લાઈન હોવા છતાં સહુ એકદમ શાંત થઈ જતા અને સ્વયંસેવકોને વ્યવસ્થામાં સહકાર આપતા...

એમાં બન્યું એવું કે અચાનક બહાર રોડ પરની બધી ય લાઈટ ગઈ ! ઝવેરરોડ પર તો પુષ્કળ લાઈટ હતી એટલે વાંધો નહોતો પણ એ સિવાયના રોડ પર અંધારું થઈ જતાં ભારે મૂંઝવણ ઊભી થઈ... પણ સ્વયંસેવકોએ જેવી જાહેરાત કરી કે જે લોકો પાસે મોટર હોય એ લોકો પોતાની મોટર અહીંયા લઈ આવે અને હેડલાઈટ ચાલુ કરી દે ! આ જાહેરાત થતાવેંત જ મોટરો આવવા લાગી.. એની હેડલાઈટો ચાલુ થઈ ગઈ... કોઈક પેટ્રોમેક્ષ લઈ આવ્યું... અને તકલીફવાળો એકાદ કલાક જેટલો સમય શાસનદેવની કૃપાથી નિર્વિઘ્ને પૂર્ણ થઈ ગયો.

માત્ર ત્રણ કલાકના ગાળામાં લગભગ ૨૫ થી ૩૦ હજાર માણસ દર્શન કરી ગયું હોવા છતાં ધસારો ઓછો થતો નહોતો... અને એમાં કમ્પાઉન્ડની બહાર આરતી-મંગળદીવાની ઉછામણી ચાલુ થઈ ! ઉત્સાહ જ એટલો બધો હતો કે ઉછામણીનો આંક વધવા લાગ્યો... ૪૧૦૦ મણમાં આરતી-૧૬૦૧ મણમાં મંગળદીવાનો આદેશ અપાયો ! આદેશ લેનારને એમના કુટુંબીજનો સાથે અંદર જવા દેવામાં આવ્યા... ભારે ભાવોલ્લાસ સાથે એમણે એ વિધિ પૂર્ણ કરી...

રાતના લગભગ ૧૧॥ વાગે બહારના ભાગમાં ધસારો એટલો બધો કલ્પનાતીત વધી ગયો કે સ્વયંસેવકોની ૧૦૦ની સંખ્યા પણ ઓછી પડવા લાગી ! સમય ઓળખી ગયેલા લગભગ ૨૦૦ જેટલા યુવાનો કે જેઓ દર્શન માટે કલાકોથી લાઈનમાં ઊભેલા તેઓ પોતાની સ્ફુરણાથી જ લાઈનમાંથી નીકળી ગયા અને વ્યવસ્થા જાળવવાના કામે લાગી ગયા ! ૩૦૦ જેટલા સ્વયંસેવકોએ એ સમયે જાળવેલી કુનેહ અને દાખવેલા વિનયે કટોકટીના એ અડધો કલાકને હેમખેમ પસાર કરી દીધો...

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના-૨" વર્ષ-૩૫,અંક-૮,તા.૮-૧૧-૧૯૮૬

૧૨॥ વાગ્યા છતાં પબ્લિકની સંખ્યાઓમાં કોઈ એવો નોંધપાત્ર ઘટાડો ન દેખાયો ત્યારે કમ્પાઉન્ડની બહાર માઈક પર જાહેરાત કરનારે પોતાની મીઠી ભાષામાં જાહેરાત કરી કે 'મુલુંડમાં વસતા ભાઈઓને હાર્દિક અપીલ કરવામાં આવે છે કે આપ સહુ તો આવતી કાલે સવારના પણ દર્શન કરી શકશો પણ મુલુંડની બહારથી આવેલા ભાગ્યશાળીઓ દર્શનથી વંચિત ન રહી જાય માટે આપ ઉદારતા દાખવીને

એમને આગળ આવવા દો !' અને સતત થતી આ જાહેરાતની તુરત અસર થઈ... મુલુંડવાળા ભાઈઓ-બહેનો બહાર નીકળીને બહારગામવાળાને જગ્યા કરી આપવા લાગ્યા... અને લોકો ઝડપથી લાઈનમાં આગળ વધવા લાગ્યા...

મુલુંડના ભાઈ-બહેનોને તો અગાઉથી જ સૂચના અપાઈ ગઈ હતી કે 'મહેરબાની કરીને ચંપલ-બૂટ પહેરીને આવશો નહીં' એટલે મુલુંડના જૈનોએ તો એનો અમલ કર્યો હતો પણ જૈનેતરોને તો આનો ખ્યાલ પણ ક્યાંથી હોય ? એટલે તેઓ તો પગમાં ચંપલ વગેરે પહેરીને જ લાઈનમાં ઊભા હતા... પણ દેરાસરના કમ્પાઉન્ડ પાસે આવતા તેઓને પરિસ્થિતિનો ખ્યાલ આવતો હતો અને તેઓ રસ્તા પર જ ચંપલ ફેંકી દેતા હતા ! સવારના પહોરમાં સ્વયંસેવકોએ માત્ર ઝવેરરોડ પરથી બે મોટા કરંડીયાઓ ભરાય એટલા તો ચંપલ-બૂટ એકઠા કર્યા !

મુલુંડના ય કેટલાક જૈન નબીરાઓ એવા હતા કે જેઓ સંવત્સરીના દિવસ સિવાય પ્રાયઃ દર્શન નહીં કરતા હોય, તેઓ પણ ત્રણ-ત્રણ કલાક લાઈનમાં ઊભા રહ્યા પણ દર્શન કર્યા વિના તો ગયા જ નહીં !

પાર્લાના બેંડના ભાઈઓના સંગીતના એટલા બધા જોરદાર પડઘમ પડતા હતા કે કમ્પાઉન્ડની બહાર લાઈનમાં ઊભેલા લોકો એક બીજાને જરા પણ અવાજ ન કરવાની અને બેંડના મધુર સ્વરો શાંતિથી સાંભળવાની વિનંતી કરતા હતા !

આમ તો આ મહાપૂજાના આયોજનમાં જુદા જુદા ભાગ્યશાળીઓએ લાભ લીધો હતો પણ આ આયોજન જોયા પછી અનેકના મુખમાંથી આ શબ્દો નીકળતા હતા કે 'આવું આયોજન તો આપણે એકલાએ જ કરવું જોઈએ... લાખો આત્માઓને સમ્યક્‌દર્શન પમાડવામાં નિમિત્ત બનનાર આ આયોજનમાં ખર્ચાયેલ એક એક રૂપિયો લાખની કિંમતનો છે...'

કોઈના ય મોઢામાંથી અનુમોદનાના આવા શબ્દો સિવાય બીજા કોઈ શબ્દો જ નહોતા નીકળતા... 'જોવા ન આવ્યા હોત તો જીવનભર આપણે પસ્તાવું પડત... સારું થયું આપણે આવી ગયા... આપણો તો બેડો પાર થઈ ગયો !'

સર્વત્ર આ એક જ વાત હતી અને એક જ હવા હતી... એક જ નાદ હતો અને એક જ ધૂન હતી ! દેવ તો માત્ર અરિહંત ! શાસન તો માત્ર અરિહંતનું ! ધર્મ તો માત્ર અરિહંતનો !

સવારના ૯ વાગ્યાથી બપોરના ૪॥ વાગ્યા સુધી મુલુંડથી આ મહાપૂજાની જાહેરાત કરવા માટે મોટરમાં નીકળેલા સ્વયંસેવકો છેક ચેંબુરથી થાણા સુધી જઈ આવ્યા... ગુજરાતી, હિંદી, મરાઠી, અંગ્રેજી અને કચ્છી ભાષામાં તેઓએ એવી

જોરદાર રજૂઆત કરી કે એનો પ્રભાત રાતના જોવા મળ્યો... એ પરાઓમાંથી લોકોના ટોળેટોળા ઊમટ્યા !

મહાપૂજાના આ આયોજનમાં વિશેષતા એ બની હતી કે દેરાસરની આજુબાજુના બિલ્ડિંગોમાં રહેતા જૈન ભાઈઓએ પોતાના ખર્ચે પોતાના બિલ્ડિંગો પર ભારે આકર્ષક રોશનીઓ ગોઠવી દીધી હતી... અને એના કારણે ઝવેરરોડ પર આવનાર એ ભૂલી જતો હતો કે હું છું ક્યાં ? ઈન્દ્રપુરી જેવું દશ્ય આબેહૂબ ખડું થઈ ગયું હતું !

હા... લાઈનમાં ઊભેલા વૃદ્ધોને-અપંગોને સ્વયંસેવકોએ દર્શન કરવા માટે જુદા તારવી લઈને છેક પરમાત્માના ગભારા સુધી આટલા ધસારા વચ્ચે પણ હેમખેમ પહોંચાડવાની જે વ્યવસ્થા જાળવી એનાથી તો સૌ ભારે ખુશ થઈ ગયા...

ડોંબીવલી - કલ્યાણ - થાણા - ભાંડુપ - વિક્રોલી - સાયન - ભાયખલા - લાલબાગ - દાદર - માટુંગા - વાંદરા - સાંતાક્રૂઝ - પાર્લા - અંધેરી - ગોરેગામ - મલાડ - કાંદીવલી - બોરીવલી - દહીંસર - ભાઈંદર - વિરાર - દહાણુ - ઘોલવડ - બોરડી વગેરે દૂરદૂરના પરાઓમાંથી એટલા બધા લોકો ઊમટ્યા હતા કે કેટલાક લોકો તો આટલી જંગી લાઈન જોઈને હબક જ ખાઈ ગયા ! 'અત્યારે દર્શનમાં નંબર નહીં લાગે... આવતીકાલે સવારના આવશું' એમ વિચારી પાછા પોતાના ઘરે જવા માટે નીકળી ગયા...

રાતના દોઢ વાગે ધસારો કંઈક ઓછો થયો... દર્શનમાં ય ઝડપ વધી... બરાબર બે વાગે લાઈન પૂરી થઈ ગઈ અને પછી મલાડના શ્રી શ્રેયાંસનાથ સ્વામી સ્નાત્ર મંડળના યુવકો કે જેઓએ આ મહાપૂજાના આયોજનને સફળ બનાવવા માટે તનતોડ મહેનત કરી હતી તેઓએ વગર માઈકે પણ અડધી કલાક દેરાસરમાં ભાવના જગાવી...

'કેસરીયા રે કેસરીયા !... ગાન તમારાં ગાતા ગાતા અમે સમયનું ભાન ભૂલ્યા...' વગેરે ગીતો એવા ઉલ્લાસથી ગાયા કે એમાં હાજર રહેનારા બોલતા હતા કે મહાપૂજાના શિખર જેવી આ ભાવના હતી.

રાતના ત્રણ વાગે તો સહુ વીખરાયા અને ૩॥/૪ વાગ્યાથી લોકો પાછા દર્શન કરવા માટે આવવા લાગ્યા... ભરપૂર થાક છતાં સ્વયંસેવકોએ હાથ જોડીને તેઓને પાંચ વાગે આવવાનું કહ્યું... અને પાંચ વાગતા જ ચાલુ થયેલો એ દર્શનાર્થીઓનો પ્રવાહ છેક અગિયાર વાગ્યા સુધી રહ્યો... લગભગ ૧૦ થી ૧૫ હજાર જેટલું માણસ એટલા ગાળામાં દર્શન કરી ગયું !

સહુના મોઢામાં એક જ વાત છે કે 'જિંદગીમાં આવું ક્યારેય જોયું નથી !' માત્ર સેકન્ડ માટે દર્શન કરવા મળવાના હતા છતાં એ ખાતર ત્રણ-ત્રણ કલાક લાઈનમાં ઊભા રહેવાની જે મજા આવી છે એનું તો વર્ણન થાય એમ નથી... વૃદ્ધો એમ કહે છે 'અમારો જન્મારો સફળ થઈ ગયો... એંશી એંશી વરસમાં જે જોવા ન મળ્યું એ આજે જોવા મળ્યું !'

યુવાનો કહે છે કે 'અમારું તો સમકિત નિર્મળ થઈ ગયું... આવતા જનમમાં ભગવાનના શાસનની પ્રાપ્તિ અમારા માટે રિઝર્વ થઈ ગઈ ! મરીને કદાચ કરેલા પાપના કારણે નરકમાં જશું તો ય આ ભગવાન સાથે હશે એટલે સમાધિ તો અકબંધ રહેશે !'

મહાપૂજાના દર્શનથી થયેલા આનંદને અભિવ્યક્ત કરવા માટે કોઈની પાસે શબ્દો નથી... વર્ણન કરવા જાય છે તો આંખમાંથી હર્ષના આંસુઓ ચાલ્યા જાય છે... ભગવાનનું શાસન મળ્યું નહોત તો ? આ વિચારે સહુ સ્તબ્ધ થઈ જાય છે..

લાઈનમાં ઊભેલા અને લાઈનમાં ઊભેલાને જોનારા સહુ મન મૂકીને નાચ્યા છે અને પેટ ભરી ભરીને આંખમાં આંસુ સાથે અનુમોદના કરી રહ્યા છે...

મહાપૂજાના આ આયોજનની સાથોસાથ સાધર્મિકોને સહાય-જીવદયા-અનુકંપા-અનાથાશ્રમના બાળકોને ફૂટ વિતરણ વગેરે રાખ્યું હતું એનાથી ય લોકો ખૂબ ખુશ થઈ ગયા છે... આવતી સાલ આવું આયોજન થતું હોય તો ૧૧/૧૧ હજાર રૂપિયા આપવા ભાગ્યશાળીઓ તૈયાર છે.

અહીંના ટ્રસ્ટીઓનો સહકાર... વર્ધમાન સંસ્કૃતિ ધામના યુવાનોની અથાક મહેનત... મલાડના યુવકોનું અદ્ભુત સક્રિય માર્ગદર્શન... મહાપૂજાના આયોજન માટે રકમ આપવાની થયેલી ભારે પડાપડી... પાર્લાના બેંડની અથાક ઉત્સાહવર્ધક ધગશ... દર્શનાર્થીઓએ વ્યવસ્થા જાળવવામાં આપેલી ગજબનાક સહાય... ઝવેરરોડ પરના બિલ્ડિંગોમાં રહેતા જૈનોએ પોતાના બિલ્ડિંગમાં બૂટ-ચંપલ રાખવાની તથા પાણી પીવડાવવાની કરેલી વ્યવસ્થા... અશોકભાઈએ વર્ધમાન તપની ચાલુ ૮૮ મી ઓળીમાં દિલ દઈને કરેલી ભારે નયનરમ્ય આંગી... આ બધાયના કારણે મુલુંડના ઈતિહાસમાં પ્રભુભક્તિનું એક એવું સુવર્ણપૃષ્ટ ઉમેરાયું છે કે આ મહાપૂજા નીરખનાર પોતાની જિંદગી સુધી આ આયોજનની અનુમોદના કરી કરીને ભારે પુણ્યાનુબંધી પુણ્ય અર્જિત કર્યા જ કરશે !

દેવલોકનું જિનમંદિર તો આપણે નિહાળ્યું નથી પણ જિનમંદિરની આ ભવ્યતા જોઈને એમ થાય છે કે એ દેવતાઈ મંદિર તો કેવું ય હશે ? આટઆટલી ઋદ્ધિ-

સિદ્ધિના પ્રભુ માલિક હતા છતાં ઘાસના તણખલાની જેમ એનો ત્યાગ કરીને ચારિત્ર સ્વીકારનાર ભગવાન અરિહંતદેવના ભવ્ય પરાક્રમની અનુમોદના કરવાનું આપણું ગજુ જ ક્યાં છે ? આ હતી સહુના દિલની વાત !

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૫,અંક-૨૫/૨૬,તા.૧૪-૩-૧૯૮૭

નયણે નિહાળેલો ભવ્ય પ્રસંગ

તપોવન સંસ્કારધામ :

બારડોલી સ્ટેશન ઉપર નિર્માણ થયેલા નયનરમ્ય જિનાલયમાં શ્રી કુંથુનાથ ભગવાન આદિ પ્રભુજીની પ્રતિષ્ઠા કરાવી તપોવન સંસ્કારધામમાં થનારી ભવ્ય અંજનશલાકા મહોત્સવમાં પધારી રહેલા વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ - શાસ્ત્રાધ્યાપનકુશળ પૂ.આ.શ્રી વિજય ગુણાનંદસૂરિજી મહારાજ, સિદ્ધાંતદિવાકર પૂ.આ.શ્રી વિજય જયઘોષસૂરિજી મહારાજ સહિત ૭ પંન્યાસજી મહારાજો - ૧ ગણિવર્ય અને ૧૨૫ સાધુ ભગવંતોનું ભવ્ય સામૈયું પોષ વદ-૬ના નવસારી તપોવનના હાઈવેથી થયું...

● પૂ. નેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પૂ.પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ તેમજ પ્રખર પ્રવચનકાર પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ નવસારીથી વિશાળ મેદની સાથે ચૈત્યપરિપાટી લઈને પધાર્યા હતા...

● વિવિધ બેંડો-ડાંડિયારાસો અને તપોવનની બાળકોના વિવિધ પ્રોગ્રામો સાથે સેંકડોની સંખ્યામાં માનવમેદનીએ સામૈયાને શોભાવી દીધું.

● પૂજ્યશ્રી સહિત અનેક વક્તાઓ પૂ.પં. રાજેન્દ્ર વિ.મ., પૂ.પં. ચંદ્રશેખર વિ.મ., પૂ.પં. હેમચંદ્ર વિ.મ., પૂ.મુનિ રત્નસુંદર વિ.મ., પૂ.મુ. હેમરત્ન વિ.મ.ના રોજના ચાલતા અવનવા પ્રવચનોએ અંજનશલાકા મહોત્સવમાં આવેલી માનવમેદનીને ભાન ભૂલાવી દીધું કે 'આપણે તપોવનમાં છીએ કે સાક્ષાત્ શ્રી શાંતિનાથ ભગવાનની સાથે છીએ...

● પોષ વદ-૧૨ થી મહોત્સવની શરૂઆત કુંભસ્થાપનાદિ થયા...

● પોષ વદ-૬ ના વર્ધમાનતપોનિધિ પૂજ્યશ્રીના હસ્તે ૩ કલાકની એક જ બેઠકે વિધિપૂર્વક આલેખન થયેલા શ્રી નંદ્યાવર્ત પટ્ટનું પૂજન પોષ વદ-૧૨ના ખૂબ જ ભવ્ય રીતે થયું. બહાર ગામથી માનવમેદની અગણ્ય સંખ્યામાં તપોવનમાં ઠલવાતી ગઈ. એમના માટે વાડીઓ, એપાર્ટમેન્ટો, કૂટીરો, વિશાળ હોલો વગેરેની

ભવ્ય સગવડ રખાયેલ.

● જેમાં નારકના જીવો પણ ક્ષણભર આનંદ પામે છે, શાતાનો અનુભવ કરે છે તે કલ્યાણકોના ભવ્ય પ્રસંગો ચાલુ થયા... પોષ વદ-૧૪ના બપોરે શ્રી શાંતિનાથ ભગવાનનું સર્વાર્થસિદ્ધ નામના અનુત્તરદેવના વિમાનમાંથી ચ્યવન થઈને હસ્તિનાપુર નગરના રાજાધિરાજ શ્રી વિશ્વસેન રાજાની પટ્ટરાણી અચિરાદેવીની કુક્ષિમાં પધરામણી થયાનો ભવ્ય પ્રસંગ ઊજવાયો... બબ્બેવાર ૧૪ સ્વપ્નદર્શન થયા... (શ્રી શાંતિનાથ ભગવાન ચક્રવર્તી થઈને તીર્થંકર પરમાત્મા બન્યા છે માટે) ઈન્દ્રાસન ચલાયમાન થયું... સૌધર્મેન્દ્રનો ભયંકર કોપ અને પશ્ચાત્તાપ સાથે પ્રભુસ્તુતિનો પ્રસંગ પણ આંખમાં ચોંટી ગયો...

● પોષ વદ-૦)) ના મંગળ મુહૂર્તે થનારા શ્રી શાંતિનાથ ભગવાનનો જન્મ મહોત્સવ ઊજવવા વિધિમંડપમાં હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઊમટ્યું... પૂજ્યશ્રીના શ્રીમુખે પ્રભુજીના જન્મ કલ્યાણકના વિધિના મંગળ શ્લોકના ઉચ્ચારણ થતાંની સાથે જ નળામાંથી પ્રભુજીને બહાર કાઢ્યા અને જન્મોત્સવ ચાલુ થયો. ચારે બાજુ બેંડ-વાજા જોરશોરથી વાગવા લાગ્યા... અનેક ઘંટનાદો ચાલુ થઈ ગયા... થાળીઓના ભારે રણકાર ગાજવા માંડ્યા... ઢોલ-ત્રાંસા બજવા માંડ્યા... શંખનાદો અને હસ્તનાદોથી આકાશ ગાજવા માંડ્યું... દાંડિયારાસો ને ગીત-ગરબાઓ ચાલુ થયા... આનંદ-આનંદ ચારે બાજુ વ્યાપી ગયો... ચારે બાજુ ભગવાનના જયઘોષના નારાઓ ગાજવા માંડ્યા... અજવાળા પથરાવવા માંડ્યા... ઈન્દ્રો ચામર લઈને નાચવા માંડ્યા... અહીં જે યુવાનોના થોકેથોક નાચતા રહેલા એમને સ્વસ્થ કરતાં મુશ્કેલી પડી. હર્ષોલ્લાસનું વાતાવરણ જોનારા કંઈકની આંખોમાંથી હર્ષના આંસુઓ સરવા માંડ્યા... સાક્ષાત્ પ્રભુના જન્મનું વાતાવરણ એવું તો જામી ગયું કે ભાવનાના હિલોળે ચડી ગયેલા સેંકડો અને હજારો લોકોને સમયનું ભાન ન રહ્યું તે ૧-૧। કલાક પછી માંડ માંડ આગળનો પ્રોગ્રામ ચાલુ કરી શકાયો...

પ્રભુના જન્મકલ્યાણકનો આ પ્રસંગ નજરે જોનારા કંઈકના મોંઢામાંથી શબ્દો સરી પડ્યા કે 'આવો પ્રસંગ ક્યારેય જોયો નથી.'

ઉજવણી મંડપમાં પટ્ટ દિક્કુમારી મહોત્સવ, ઈન્દ્રાણી મહોત્સવ-ઈન્દ્ર મહોત્સવ ઊજવાયો... વિશાળ પાયા પર નિર્માણ થયેલા ઉતુંગ મેરુપર્વત પર ૬૪ ઈન્દ્ર અને પછી અગણિત ઈન્દ્રો દ્વારા પ્રભુનો જન્માભિષેક થયો... પ્રભુ માતાના ઘરે સૌધર્મેન્દ્ર દ્વારા. દિવ્ય જગસંદેશ-બત્રીસક્રોડ સુવર્ણની વૃષ્ટિ વગેરે પ્રસંગો ઉજવાયા...

● મહા સુદ-૧ ના દિવસે મોટા માંઢાવાળા મુમુક્ષુ મનસુખભાઈની દીક્ષા

થઈ... ત્યારબાદ પ્રિયંવદા દાસી દ્વારા વિશ્વસેન રાજાને પુત્રજન્મની વધામણી અપાઈ. વિશ્વસેન રાજાએ પુત્રજન્મના આનંદમાં પેઢીની પેઢી ચાલે તેટલું (મુગટ સિવાયનું બધું જ) ઈનામ અપાયું... વિશ્વસેન રાજાએ આખા હસ્તિનાપુર નગરમાં ૧૦ દિવસનો મહોત્સવ ઊજવ્યો. કેદીઓને કારાવાસમાંથી મુક્ત કરાયા. કરવેરા બંધ કરાયા. બજારોમાં લોકોને સસ્તે ભાવે ને મફતમાં વસ્તુઓ અપાવી. દેવાદારોના દેવા ભરપાઈ કરાયા... વગેરે પ્રસંગો ઉજવાયા...

● પ્રભુને પારણે ઝૂલાવવાનું ફોઈબાનું ફોઈયારુ નામકરણ વિધિ-શાળાગમન પ્રસંગ ઉજવાયો... પ્રભુનું શાળાગમન અવધિજ્ઞાનથી જાણી સૌધર્મેન્દ્ર બ્રાહ્મણના રૂપમાં આવ્યા... પંડિતજીના મનમાં વરસોથી શલ્યની પેઠે ઘર કરી ગયેલી અનેક શંકાના સમાધાન પ્રભુમુખે કરાવાયા... (સૌધર્મેન્દ્રવતી બ્રાહ્મણરૂપે આવેલા શ્રી બાબુભાઈ કડીવાળાએ જાહેર જનસમાજને ખૂંચતા પ્રશ્નોના પ્રભુ પાસે ઉત્તરો અપાવ્યા... જેવા કે...

પ્ર.- માનવીની ઈચ્છાઓ કેમ પૂરી થતી નથી ? ઈચ્છા પર ઈચ્છાઓ કેમ થયા કરે છે ?

ઉ.- ઈચ્છાનો સ્વભાવ જ એવો છે કે એકને પૂરી કરવા જતાં બીજી દસ ઈચ્છાઓ નવી જન્મે માટે ઈચ્છાને આકાશ જેવી અનંત કહેવાય. આકાશનો જો અંત હોય તો ઈચ્છાનો અંત આવે. અલબત્ત જીવ જો અરિહંતાદિ નવપદની ઉપાસનામાં ઠરે તો ઈચ્છા ઊઠતી જ બંધ થઈ જશે માટે ઈચ્છાનો રોગ કાઢવા નવપદ આરાધના એ ઔષધ છે.

પ્ર.- જીવનું સર્વ કલ્યાણ શેનાથી થાય ?

ઉ.- જીવનું કલ્યાણ કરવાની તાકાત એક માત્ર નવપદની સાધનામાં છે. નવપદની સાધનામાં રક્ત રહેનારને કલ્યાણ સામેથી મળવા આવે છે. શ્રીપાલકુમાર નવપદમાં રક્ત હતા તો પગલે પગલે સમૃદ્ધિ એમને સામેથી આવી મળતી.

પ્ર.- ધર્મક્રિયામાં મન કેમ ચોંટતું નથી ? શું મન ચંચળ છે માટે ?'

ઉ.- ના, મન એવું ચંચળ નથી, એટલે તો વણિકને વેપારમાં, નાચનાર નટને દોરડા પર, પરોણીગરને મોતી પરોવવામાં મન સ્થિર જ રહે છે. માટે મન એમાં સ્થિર રહે છે એમ જીવને તો મૃત્યુ અને પરલોક નજર સામે રાખી ધર્મમાં અનહદ રસ જાગતો રહે તો ધર્મની ક્રિયામાં મન સ્થિર થઈ જાય. એમાં પણ મનને જો નવપદનું આલંબન અપાય તો મન એમાં સ્થિર અને ઉત્સાહી બની ધર્મસાધનામાં ચંચળ કે નિરુત્સાહી ન થાય.

મહા સુદ-૨ ના દિવસે શ્રી શાંતિનાથ ભગવાનનો લગ્ન મહોત્સવ મોહનીય કર્મોના નાશ કરવારૂપે કરાવાયો... બપોરે રાજ્યાભિષેક-ચક્રવર્તી પદે સ્થાપન થયું... આખાય નગરને જમણવાર દેવાયો. જમણવારનો મેન્યુ (૩૦૦-૩૫૦ ચીજ) બે નાના બાળકોએ જે બતાવ્યો તે સાંભળતા જ નગરજનોના (મહોત્સવ નિહાળતાં લોકોના) પેટ હસીહસીને ભરાઈ ગયા... મોઢામાંથી જાણે પાણીની સરિતા વહેવા માંડી...

● ગુજરાત-કચ્છ-બનાસકાંઠા-સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં બબ્બે વરસથી ભરડો લઈ રહેલા દુષ્કાળને ધ્યાનમાં લઈને અને લાખો ઢોરોને અન્ન-પાણી વિના મોતના ખપ્પરમાં હોમાઈ જતાં બચાવવા જીવદયા-દુષ્કાળરાહત માટે મોટી ટહેલ નંખાઈ; તપોવનના બાળકોએ વીર જગડુશાના દાનને યાદ કરાવી હૃદયને હચમચાવી દેતા કરુણાથી ભરેલો સંવાદ ભજવ્યો... તેમાં ય સિંધદેશના રાજાએ જગડુશા પાસે દુકાળમાં પાથરેલો ખોળો જગડુશાના મોત પર ૩-૩ દિવસ ખાવા-પીવાનું છોડતો સિંધ નરેશ, દિલ્હીતખ્તના રાજાએ ઉતારેલો મુગટ અને શોકથી નીકળી ગયેલા આંખમાંથી આંસુ જોઈને મહોત્સવમાં પધારેલ વિશાળ માનવમહેરામણે જીવદયા-દુષ્કાળરાહતની ઝોળીઓ છલકાવી દીધી; બહેનોએ અંગ ઉપર ચઢાવેલા દાગીના-અલંકારો ઉતારવા માંડ્યા... અને બહુ જ મોટી લાખોની સંખ્યામાં દુષ્કાળરાહત અંગે ફંડ થયું... અને થઈ રહ્યું છે.

● સકલાગમરહસ્યવેદી પરમગુરુદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણાનુવાદ સુંદર થયા...

● મહા સુદ-૩, રવિવારે, નવસારી શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપર પ્રભુના દીક્ષા કલ્યાણકનો ભવ્ય વરઘોડો નીકળ્યો; જે વરઘોડો વર્તમાન નવસારીના ઈતિહાસમાં અભૂતપૂર્વ હતો. લગભગ અનેકના દિલમાં જિનશાસનનો વાસ કરાવી દીધો... જે વરઘોડામાં ૫ બેંડો અનેક શણગારેલી મારુતી કારો, સ્કૂટરો, ગાડીઓ-ઊંટગાડીઓ-હાલતીચાલતી રચનાઓ-રાસમંડળી-નૃત્યમંડળી-લેઝીમમંડળી, અનેક મહિલામંડળની ગાડીઓ, જુદી જુદી જાતના અનેક વેશવિભૂષકો, જુદી જુદી શિબિકાઓ, ૨ ગજરાજો, અનેક અશ્વો-એલાઉન્સર ગાડી-રથ વગેરે અનેક શણગારોથી શોભતો હજારો માનવોથી ઊભરાતો ભવ્ય વરઘોડો નવસારીના રાજમાર્ગો ઉપર થઈ ઠેઠ તપોવન સંસ્કારધામના હસ્તિનાપુર નગરમાં આવ્યો... પ્રભુ શ્રી શાંતિનાથ ભગવાનની દીક્ષા વિધિ પ્રારંભ થાય તે પહેલા પૂજ્યશ્રીને મુંબઈના સંઘો-નવસારી-બારડોલી-ડીસા-સાબરમતી-દક્ષિણ મહારાષ્ટ્રના અનેક સંઘોએ આગ્રહભરી ચોમાસાની

વિનંતીઓ કરી. કુલમહત્તરાએ પ્રભુને અંતિમ શિખામણો દેતા દેતા એટલા બધા ગળગળા થઈ ગયા કે આંખોમાંથી આંસુઓ ઊભરાવા માંડ્યા ને જાણે કે બેહોશ જેવા થઈ ગયાં કે પ્રભુના અલંકારો પોતાના પાલવમાં લેવાની હામ ન રહી અને તેમાંય ગવાયેલું ગીત **વહાલા રે... વિયોગની આ વસમીવેળા કેમ કરી સહેવાય ?**

અંતર ને આંખોમાં આંસુ ઊભરાય...

કહી ન શકાય... સહી ના શકાય... અંતરને...

સહુ નગરજનોને અશ્રુભીના કરી દીધા... ગંભીર અને ગમગીન વાતાવરણની વચ્ચે કુલહત્તરા-શ્રી વિશ્વસેનપિતા અને શ્રી અચિરામાતાના હિતોપદેશને સાંભળી પોતાની જાતે જ અલંકારો ઊતારી; મસ્તક-દાઢી-મુછના કેશનો લોચ કરતા શ્રી શાંતિનાથ ભગવાન ચારિત્રવંત થયા-સાધુ થયા. મંગળશ્લોકો ઉચ્ચરાયા. પ્રભુને ચોથુ મનઃપર્યવજ્ઞાન પ્રગટ થયું...

● આજના દિવસે ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજના ત્રિશતાબ્દિ વર્ષ પ્રસંગે તેઓશ્રીના ગુણાનુવાદ પૂ.પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજે કર્યા.

● રાતના શુભ લગ્ને-શુભ મુહૂર્તે પ્રભુજીને અધિવાસનાને અંજનની મંગળમય ક્રિયાઓ પૂજ્યશ્રીના હસ્તે થઈ...

● મહા સુદ-૪ સવારે સંઘને સૌ પ્રથમ પ્રભુદર્શન થયા... સમવસરણ દેશના થઈ. નિર્વાણ કલ્યાણકના અભિષેકો થયા અને શુભ મુહૂર્તે અતિશય ભાવોલ્લાસ સાથે હજારોની મેદની વચ્ચે પૂજ્યોના સુગંધી વાસક્ષેપ સાથે પ્રતિષ્ઠાકારકો દ્વારા મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન આદિ અનેક પ્રભુ-પ્રતિમાજી નવનિર્મિત ભવ્ય ત્રિશિખરી જિનાલયમાં પ્રતિષ્ઠિત થયા...

● ભૂલ્યા ન ભૂલી શકાય તેવા; નવનિર્માણ થયેલા જિનમંદિરના બાંધકામમાં પ્રાણસમા; વર્ધમાન જૈન ટ્રસ્ટના ઉદાર અને સક્રિય કાર્યકર ટ્રસ્ટી શ્રી મનુભાઈ ત્રિકમભાઈ મહેતા મૂળનાયક ભગવાનના શિખર ઉપર આકાશમાં લહેરાતી ધ્વજાને આનંદવિભોર બની જઈને; પેથડશાને યાદ કરાવે તેમ શિખર ઉપર જ નૃત્ય અને નાચગાન કરવા માંડ્યા... નાચ-ગાનમાં કાંઈક ગફલત ન થઈ જાય અને શિખરનું સ્થાન યાદ રહે તે માટે અન્ય લોકોએ રોક્યા ત્યારે કેટલીયે વારે માંડ માંડ રોકાયા... આ પ્રસંગે તપોવન સંસ્કારધામના વર્ધમાન જૈન ટ્રસ્ટ દ્વારા તૈયાર થયેલ આ જ જિનમંદિરમાં તન-મન-ધન અને જીવનનો બહુમૂલ્ય સમય ન્યોછાવર કરનાર શ્રીયુત મનુભાઈ ત્રીકમભાઈ મહેતાના ધર્મપત્ની અને શ્રી શાંતિનાથ પ્રભુના કુલમહત્તરા શ્રી નીરૂબેનના તથા તેમની સુપુત્રી (પ્રભુની દીક્ષા પ્રસંગે ઉપરોક્ત ગીત દ્વારા

હજારો લોકોને આંસુભીના કરનાર) મોનિકાનો હર્ષાશ્રુ તથા આનંદવિભોર બનેલા હૈયાનો થનગનાટ જુદો જ હતો...

● પાલનપુરના શ્રી દલપતભાઈ સી. શાહે બાળકોને ખાસ તૈયાર કરી જુદા જુદા જાતિવૈરવાળા પ્રાણીઓ રૂપે બાળકોને લાવી સમવસરણની દેશના વખતના પ્રસંગો દેખાડ્યા...

● સ્વાધ્યાયકુટીરના મુખ્યદ્વારની નામકરણ વિધિ માનનીય શ્રાદ્ધવર્યશ્રી સિદ્ધાર્થભાઈ કસ્તુરભાઈ શેઠના હસ્તે થઈ...

● મહા સુદ-૫ ના દિવસે સવારે શુભ સમયે પૂજ્યશ્રી સહિત ચતુર્વિધ સંઘની વિશાળ મેદની વચ્ચે મંગળ ગીતો દ્વારા નૂતન ભવ્ય ત્રિશિખરી જિનમંદિરના દ્વારોદ્ઘાટન થયા...

અંજનશલાકા મહોત્સવ જોનારા હજારો ભાગ્યશાળીમાંથી અનેક ભાગ્યશાળીઓના મોંઢામાં એક જ વાત હતી ભાઈ ! અંજનશલાકા ઘણી જોઈ પણ આટલી મેદની-આટલા સુંદર કાર્યક્રમો- આટલી સરસ બધી જ જાતની વ્યવસ્થાઓ-કાર્યકરોનો આવો ઉત્સાહ-ભાવના બહુ ઓછે જગ્યાએ જોવા મળે છે... આવા શબ્દો સાંભળતા મનમાં એમ થાય છે કે જે પ્રભુના કલ્યાણકોના કાર્યક્રમો લોકોને ભાવવાહીને આવા સરસ થાય છે તો સાક્ષાત્ પ્રભુના કલ્યાણકોમાં શું ય થતું હશે... માટેસ્તો પેલા કવિએ કહ્યું છે.

નરપતિ ! જેણે કલ્યાણક દીઠ ધન્ય તે સુર નર ખેચરા !... મહા સુદ-૧૩ ના સવારે વર્ધમાન તપોનિધિ પૂજ્યશ્રી દક્ષિણ ભારતના સંઘોને ધર્મના વિશિષ્ટ લાભો થાય એ ભાવનાએ તે તરફ વિહાર કર્યો છે... ફાગણ સુદ-૬ ના નાસિક મુકામે પૂજ્યશ્રી આદિ વિશાળ મુનિપરિવારનો પ્રવેશ થશે... ત્યાં ફા. સુદ-૧૦ ના રોજ 'શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થદર્શન' પુસ્તકના પ્રકાશન બાદ પુના-કોરેગામ-કરાડ થઈને ચૈત્ર વદ-૬ના કોલ્હાપુર પહોંચવા ધારે છે... પૂજ્યશ્રી સાથે પત્રવ્યવહાર માટે,

C/o, કુમારપાળ વિ. શાહ, ૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ-૪૦૦૦૦૪.

૧૦૮ પાર્શ્વનાથ તીર્થદર્શન ગ્રંથ ભાગ-૧ નું વિમોચન તથા જીવદયા માટે માતબરભંડોળ

'જે જન જાય ભવ તરી જાય પ્રભુ પાર્શ્વનું મુખડું જોઈ હરખાય.'

પાર્શ્વનાથ પ્રભુનું નામ લેતાં અને સાંભળતાંની સાથે પ્રભુભક્તોની ગરદન ટટાર થઈ જાય છે; એમનું મહત્ત્વ અને માહાત્મ્ય ગાતાં હૈયું હર્ષથી નાચી ઊઠે છે. જેમનાં દર્શન વંદનથી ઉપસર્ગો ઉપશાંત થઈ જાય, વિઘ્નો વિખૂટાં પડી જાય, મન ચિત્ત પ્રસન્ન બની ઊઠે અને આત્મા રસતરબોળ થઈ જાય એવા અચિંત્ય પ્રભાવશાલી પાર્શ્વપ્રભુના પ્રાચીન તીર્થોના તીર્થપતિઓ વિવિધ રંગોથી યુક્ત તસવીરો સહિતના મહામૂલા ગ્રંથનું પ્રકાશન નાસિક સંઘના ઈતિહાસ માટે યાદગાર ઘટના બની રહેશે.

અરિહંત પ્રભુની ભક્તિમાં અનુપમ શક્તિ છે. એ વાતને હૈયે દૃઢ કરવામાં સમર્થ, ભક્તિમાં ભાવનો ઉછાળો લાવવામાં સહાયક, સંકલેશોને શાંત કરી અનુપમ ચિત્ત પ્રસન્નતાની ઠંડક આપવામાં આધારભૂત બને એવો શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થદર્શન ગ્રંથ ભાગ-૧નું પ્રકાશન તારીખ ૧૦-૩-૮૭ના સવારે થતાંની સાથે જ પ્રભુભક્તો ભાવવિભોર બની ગયા હતા.

ગ્રંથ પ્રકાશન સમારોહ પ્રસંગે પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્ય શ્રી રંગસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્ય શ્રી ગુણાનંદસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્ય શ્રી ધનપાલસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્ય શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સહિત પંન્યાસજી મહારાજો, ગણિવરો વિશાળ સંખ્યામાં મુનિ ભગવંતો, સાધ્વીજી મહારાજો, મહારાષ્ટ્રના અનેક સંઘોના અગ્રણીઓ તથા નાસિક શ્રીસંઘની ભારે મોટી ઉપસ્થિતિ પાર્શ્વપ્રભુની ભક્તિથી ભાવિત બની હતી.

ગ્રંથ નિર્માણની જન્મ ગાથા ખૂબ રસપ્રદ છે. પરમપૂજ્ય વિદ્વદ્વર્ય પંન્યાસ શ્રી ધર્મજિતવિજયજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પ્રવચનકાર પરમપૂજ્ય મુનિશ્રી જગવલ્લભવિજયજી મહારાજ સાહેબે પાર્શ્વનાથ પ્રભુનો મહિમા, શ્રદ્ધા અને ભક્તિભાવ સ્વયં અક્રમો આદિ દ્વારા પોતાના દિલમાં લાવી પછી ભક્તોના હૈયે દૃઢ કરવાના ભાવથી ગ્રંથના સંયોજન માટેનું મંગળ કાર્ય ઉપાડી લેવા શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થદર્શન ગ્રંથ સમિતિને પ્રેરણા કરી. નાસિક સહિતના અન્ય નગરોના

અગિયાર કર્તવ્યનિષ્ઠ શ્રાવકોએ સતત ચાર ચાર વર્ષ સુધી આ કાર્ય માટે મહેનત કરી, પૂજ્ય મુનિશ્રી મુક્તિવલ્લભ વિજયજી મહારાજે તીર્થોનો ઈતિહાસ, પ્રભુનો જીવન પરિચય ઈત્યાદિનું સુંદર શબ્દચિત્ર તૈયાર કર્યું. મુનિશ્રી ચારિત્રવલ્લભ વિજયજી મહારાજનું ઉત્સાહી આયોજન, **પૂજ્ય મુનિશ્રી પદ્મસેનવિજયજી મહારાજ,** પૂજ્ય મુનિશ્રી જયસુંદર વિજયજી મહારાજનું પ્રુફ સંશોધન ઈત્યાદિ કાર્ય તથા મુંબઈના ફોટોકલાકાર શેનોય અને સુરતના મહાવીર પ્રીન્ટર્સવાળા શ્રી દિનેશભાઈ શાહનું છપાઈ કાર્ય ઈત્યાદિ કાર્યોનો ઝડપી સહકાર મળી રહેવાથી શ્રી સંઘને હૈયે વસી જાય એવું સાહિત્યનું અનોખું નજરાણુ મળી શક્યું.

પૂજ્યપાદ આચાર્યદેવશ્રીની કૃપા અને આશીર્વાદથી પૂજ્ય મુનિશ્રી જગવલ્લભવિજયજી મહારાજ સાહેબે શ્રી સંઘને એવી સુંદર સરસ ભક્તિ માટેની ભેટ આપી છે તે બદલ સદાય માટે સમગ્ર સંઘ આભારી રહેશે. કેમકે ભારતભરના પ્રાચીન પાર્શ્વનાથ પ્રભુજીના ૧૦૮ તીર્થોના તીર્થપતિઓના નયનરમ્ય તસવીરો છે. બે ભાગોમાં વિભક્ત ગ્રંથમાં ૫૪/૫૪ તીર્થોનું આલેખન છે. તસવીર, તીર્થની તારીખ, પ્રાચીનતાના દસ્તાવેજી પુરાવા, ગૌરવ થાય તેવો ઈતિહાસ, શીલાલેખો, સ્તવનો, છન્દો ઈત્યાદિથી સમૃદ્ધ માહિતીથી ભરપૂર ગ્રંથ મોટી સાઈઝના ૫૫૦ પાનામાં આલેખાયો છે. આર્ટપેપર ટેકનીકલર ચિત્રો, ઓફસેટ પ્રિન્ટિંગ, પાકું બાઈન્ડીંગ, સુંદર ગેટઅપ છતાં ય બંને ભાગની કિંમત ૬૫૦ રૂપિયાના ગ્રંથો આંખ અને અંતરને ભક્તિથી ભીંજવી નાખે તેવો છે.

ગ્રંથ વિમોચન સમારોહ પૂજ્યપાદ આચાર્યશ્રીના મંગળ મંગળાચરણથી શરૂ થયો હતો. પ્રારંભમાં નાસિક નિવાસી શ્રી રમેશભાઈ ભુરાલાલનું ભાવગીત રસતરબોળ કરનારું બની ગયું હતું.

ગ્રંથ પ્રકાશન સમિતિના સભ્યો સર્વશ્રી રસીકલાલ મણિલાલ, અનુભાઈ ગીરધરલાલ, ચંપાલાલ કેશવલાલ, સુરેશચંદ્ર સુમતિલાલ, અરવિંદકુમાર કાળીદાસ, સુંદરકુમાર રસીકલાલ, જયંતકુમાર શાંતિલાલ, શરદકુમાર છોટાલાલ, બીપીનચંદ્ર કાન્તીલાલ, અરૂણકુમાર હોંશીલાલનું ગ્રંથ સર્જન કરવામાં આપેલા અનુમોદનીય યોગદાન બદલ અભિવાદન અને અનુમોદન કરવામાં આવ્યું હતું. ફોટોગ્રાફર શ્રી શેનોય અને પ્રિન્ટર્સ શ્રી દિનેશભાઈ શાહનું સમિતિ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આજના ગ્રંથ પ્રકાશન સમારોહના મુખ્ય મહેમાનો જ્ઞાનજ્યોત પ્રજ્વલ કરનાર માનનીય શ્રી દીપચંદભાઈ ગાર્ડી મુંબઈ, ગ્રંથ પૂજન કરનાર શ્રાદ્ધવર્ય શ્રી રામલાલજી વીરચંદજી સંઘવી પુનાવાળા, ગ્રંથ વિમોચન કરનાર સૌમ્યમૂર્તિ શ્રી છબીલભાઈ

અમુલખભાઈ શાહ (ધોટીવાળા) મુંબઈ તથા ગ્રંથ સમર્પણકર્તા મુરબ્બી શ્રી કેશવલાલ મગનલાલ શાહ નાસિકનો પરિચય અપાયો, એમનું સન્માન કરાયું અને એમના કરકમલોથી જયનાદો વચ્ચે ઉપરોક્ત વિધિ કરાતાં સૌનાં હૈયાં હર્ષથી નાચી ઊઠ્યાં હતાં.

ગ્રંથ સમિતિના મુખ્ય સૂત્રધાર શ્રી રસીકલાલ મણિલાલ શાહ નાસિકવાળા તથા શ્રી શરદભાઈ શાહ (C.A.) નાસિક, શ્રી દીપચંદભાઈ ગાર્ડી, શ્રી રામલાલજી સંઘવી તથા કોલ્હાપુર સંઘના અગ્રણી શ્રી જયંતીભાઈ વડેચાએ પ્રાસંગિક વક્તવ્યોમાં પોતાના હૈયે રહેલી દેવ, ગુરુ ધર્મ પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરી હતી.

પરમપૂજ્ય શાંતમૂર્તિ પં. શ્રી રાજેન્દ્ર વિજયજી ગણિવરે પાર્શ્વનાથ પ્રભુના પ્રસંગો કહીને સમતામૂર્તિ પ્રભુનો પરિચય કરાવ્યો હતો. ગ્રંથ નિર્માણના આધારસ્તંભ પૂજ્ય મુનિશ્રી જગવલ્લભવિજયજી મહારાજે ગ્રંથ નિર્માણની પ્રેરણા, શા માટે નિર્માણ કરવું ? શી રીતે નિર્માણ થયો ઇત્યાદિ રસપ્રદ બાબતોનો સીલસીલાબંધ ઇતિહાસ રજૂ કર્યો હતો.

સમારોહનું સંચાલન કરનાર શ્રી કુમારપાળ વિ. શાહે પોતાના વક્તવ્યમાં ગુજરાતનાં દુઃખદ દુષ્કાળગ્રસ્ત અબોલ ઢોરોનું કરુણાભીનું ચિત્ર ખડું કર્યું હતું. ૧૦ હજારથી પણ વધારે મૂંગા ઢોરોને બચાવી લેવા માટે એમને નિભાવવા માટે ધોળકા પાસે શેખડી ગામે પશુરાહત કેમ્પની સત્તાવાર માહિતી આપીને સૌની આંખો ભીંજવી નાખી હતી. જાત માટે ઉદાસ બનો. પણ આ વર્ષે શક્ય હોય તો જીવો માટે ઉદાર બનો. જીવદયા માટે શક્ય એટલું આપવાની કરુણાભીની દર્દપૂર્ણ અપીલ કરી હતી.

પૂજ્યપાદ આચાર્યશ્રીએ પોતાના માર્મિક પ્રવચનનો પ્રારંભ કરીને હકડેઠઠ મેદનીને રસમગ્ન બનાવી દીધી. પરમાત્માનો પ્રભાવ અને એમના જ પ્રભાવથી પ્રાપ્ત થતી સમાધિ, સુખ, શાંતિની વાતોએ સૌને ભીંજવી નાખ્યા એટલું જ નહિ એ જ પરમાત્માએ બતાવેલ કરુણા, જીવદયા માટે જ્યારે પૂજ્યપાદશ્રીએ જ્યારે બોલવાનું શરૂ કર્યું ત્યારે સૌ કોઈને દયા માટે, અબોલ જીવોને બચાવી લેવા માટે, નિભાવવા માટે શક્ય હોય તેટલું આપી દેવાનું ભારપૂર્વક જણાવ્યું ત્યારે મિનિટોમાં જ ત્રણ લાખ રૂપિયા અને સોનાના આભૂષણો ઊતરી ગયા. શ્રોતાઓ જાત માટે ઉદાસ બનવાનો અને જીવો માટે ઉદાર બનવાનો સંદેશો હૃદયમાં કંડારીને મન મૂકીને વરસી ગયા. અને આમ પરમાત્મા પાર્શ્વ પ્રભુની ભક્તિના આ પ્રસંગને વધુ ઉજ્જવળ યશસ્વી અને દેદિપ્યમાન બનાવી દીધો.

ગ્રંથ પ્રકાશનના ઉપક્રમે શ્રી સંઘમાં પાંચ દિવસનો પરમાત્મભક્તિનો

મહોત્સવ, પૂજનો, અંગરચના, ભક્તિભાવના, ૭૫ તપસ્વીઓની અક્રમ તપની ઉગ્ર તપશ્ચર્યા, શ્રી મહાવીર સોસાયટી નાસિક તરફથી સંઘપૂજન અને સમિતિના ભાઈઓ તરફથી સંઘનું સાધર્મિક વાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

પૂજ્યપાદ આચાર્ય ભગવંત પોતાના વિશાળ શિષ્ય પ્રશિષ્ય પરિવાર સહિત દક્ષિણ ભારતના કોલ્હાપુર શહેર જવા માટે તારીખ ૧૧-૩-૮૭ના રોજ પુના શહેર તરફ પ્રયાણ કરી ગયા છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૫,અંક-૩૩,તા.૨-૫-૧૯૮૭

દક્ષિણ મહારાષ્ટ્રમાં ધર્મધુરંધર આવ્યા ગાજે

પુના શહેરના ભાવિકોના અતિ આગ્રહ છતાં નિર્ધારિત પ્રસંગો પર પહોંચવા પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ પરિવાર સાથે દક્ષિણ મહારાષ્ટ્રમાં પુનાથી આગળ વધતાં ફુરસંગી સાસવડ થઈ વાલ્હા ગામે પધાર્યા... સંઘે પૂજ્યશ્રીની પ્રેરણા ઝીલી મંદિર તૈયાર કરવાનું નક્કી કર્યું... નીરા થઈ લોણંદ પધારતાં ત્યાંના સંઘે પૂજ્યશ્રી જે મુહૂર્ત આપે તે મુહૂર્તે પ્રભુજીની પ્રતિષ્ઠા કરવાનું સ્વીકાર્યું... દેવુર-સાતારા રોડ થઈ કોરેગામમાં સંઘના ભાવભીના સ્વાગત સાથે પધારી ધર્મવાણીનો ધોધ વરસાવ્યો... રહીમતપુર મસુર વગેરે સંઘોમાં ધર્મની પ્રભાવના કરતાં ચૈત્ર સુદ-૧૩ના શ્રી મહાવીર જન્મ કલ્યાણકને દિવસે કરાડ પધાર્યા... ત્યાં ભવ્ય વરઘોડો જન્મ કલ્યાણકનો નીકળ્યો... સંઘમાં દુષ્કાળ અંગે જીવદયાની વાત સમજાવતાં સારી એવી જીવદયાની ટીપ થઈ. કાસેગામ થઈ નેરલા પધાર્યા... વર્ષોથી અહીં જિનમંદિરનું કામ અટકેલું તે ચાલુ થયું ઘરમંદિર નક્કી થયું... ટૂંક સમયમાં સંઘમંદિર તૈયાર કરવાનું સ્વીકાર્યું... પૂજ્યશ્રી ઇસ્લામપુર પધાર્યા... અહીં કોલ્હાપુરમાં આચાર્યપદ પ્રદાન મહોત્સવ પછી વૈ. સુદ-૧૨ થી વૈ. વદ-૧ સુધીનો છ'રી' પાળતો શ્રી કુંભોજગિરિ તીર્થનો સંઘ કાઢવાની ભાવના વ્યક્ત કરી. એ પર નિશ્રા આપવા આગ્રહભરી વિનંતી કરી શક્યતાનુસાર સંઘમાં પૂજ્યશ્રી હાજરી આપશે... વડગામ સંઘને લાભ આપી પૂજ્યશ્રી કોલ્હાપુરના પાદર તુલ્ય શિરોલી મુકામે પધાર્યા... શાનદાર સામૈયા સાથે પૂજ્યશ્રીનો પ્રવેશ આદિ થયું... કોલ્હાપુરની સોસાયટી રૂઈકર કોલોનીમાં પૂજ્યશ્રી પધાર્યા અને અહીંના સ્થાનિક ભાઈઓએ જિનમંદિર ત્રણ વરસમાં કરવાનું નક્કી કરી નિયમ લીધો. ચૈત્ર વદ-૬ રવિવાર તા. ૧૯-૪-૮૭ ના રોજ પૂજ્યશ્રીનું

કોલ્હાપુર સંઘે બહુ જ ભવ્ય આયોજન દ્વારા સ્વાગત-સામૈયું કર્યું... સામૈયું અતિભવ્ય હતું.

પૂ.આ.શ્રી વિજય ગુણાનંદસૂરિજી મહારાજ; પૂ.આ.શ્રી વિજય જયઘોષસૂરિજી મહારાજ આદિ અનેક પદસ્થ-મુનિગણ ૬૦/૬૫ ઠાણાથી પરિવરેલા પૂજ્યશ્રીનું સામૈયુ કરવા કોલ્હાપુરનો માત્ર શાહુપુરી જૈન સંઘ જ નહિ બલ્કે લક્ષ્મીપુરી જૈન સંઘ; ગુજરી જૈન સંઘ; મહાવીરનગર જૈન સંઘ આદિ સમસ્ત કોલ્હાપુર સંઘ થનગનાટ કરી રહેલો હતો. એમાં વળી સામૈયા પ્રસંગે અનેક ગામોના ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત થયેલ.

ભવ્ય ગજરાજ; મહારાષ્ટ્ર વિખ્યાત ઈચલકરજીનું મોટું બેન્ડ; શરણાઈઓવાળા; ૭૭ બેડા લઈ ચાલતી બાળિકાઓ અનેક મહિલામંડળો, સ્કૂટર સવારો; ઘોડેસવારો; ઝાંઝપતાકા; આદિથી વાજતું અને અનેક નારાઓથી ગાજતું પૂજ્યશ્રીનું સ્વાગત સામૈયુ કોલ્હાપુરના મુખ્ય માર્ગો ગુજરી-લક્ષ્મીપુરી થઈ શાહુપુરીના આંગણે પધારતાં પૂજ્યશ્રીના ૭૭મા આજના જન્મદિનને યાદ અપાવતી... શ્રેણીક રાજાની સ્મૃતિ કરાવતી ભાવિકોના દિલને હર્ષવિભોર બનાવતી વિવિધ કળાયુક્ત ૭૭ ગહુંલીઓ, ઉપરાંત એક સાચા **સોનાના ૭૭ અક્ષતની ગહુંલીથી** સ્વાગત થયું... અને શાહુપુરીના મુખ્ય માર્ગો પર ફરતું આ સામૈયું શાહુપુરી સંઘમંદિરના મુગટસમા શ્રી શાંતિનાથ ભગવાનના ચરણોમાં આવ્યું... પ્રભુજીના દર્શન - વંદન - ચૈત્યવંદન બાદ મંગળ મુહૂર્તે પૂજ્યશ્રીનો હીરાભુવન જૈન ઉપાશ્રયમાં પ્રવેશ થયો... માંગલિક પ્રવચન શરૂ થતા પહેલા સ્વાગત ગીત ગવાયું...

'ગુરુવર આવા મળવા મુશ્કેલ છે...' આ ધ્રુવપદને લોકોએ ખૂબ ઘુમરાવ્યું...

વૈરાગ્ય નિતરતી; અધ્યાત્મરસને પોષતી; તન-મનના સંતાપને હરતી જિનેશ્વર પરમાત્માની અમિયભરી વાણીને પૂજ્યશ્રીના શ્રીમુખે લોકોએ શાંતિથી સાંભળી... અનેક સંઘોએ ચોમાસા માટેની વિનંતી કરી... સોલાપુર; સાંગલી; ગોકાક, નિપાણી; વિજાપુર-ઈસ્લામપુર; વડગામ-ગુજરી; લોણંદ; પુના સંઘમંદિર; પુના બુધવારપેઠ આદિ અનેક સંઘો પોતાને ત્યાં ચોમાસા માટે સાધુઓને લઈ જવા થનગની રહ્યા છે. પૂજ્યશ્રીને ગુરુપૂજન અને કામળીની વિશિષ્ટ બોલી બોલીને ભાવિકોએ પોતાની ગુરુભક્તિ દેખાડી...

પૂજ્યશ્રીના આજના ૭૭મા જન્મદિનની સ્મૃતિ રૂપે સંઘની નાની-મોટી બહેનોએ ખૂબ જ ભાવવાહી અને કલાકૃતિને દેખાડતી ૭૭ જુદી જુદી જાતની ગહુલીઓ કરી તેનું પ્રદર્શન જેવું ગોઠવ્યું...

પૂજ્યશ્રીના રોજ ૯ વાગે પ્રવચન ચાલે છે અને સેંકડો લોકો પ્રવચનનો લાભ લઈ રહ્યા છે. સાથોસાથ પૂ.પં. શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ; પૂ.પં. શ્રી ધર્મજીતવિજયજી મહારાજ અને પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ.ની વૈ.સુ. ૬ ના થનારી આચાર્ય પદવી અંગેના જિનભક્તિ મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સંઘના અગ્રગણ્ય મુરબ્બીઓ જમનાદાસભાઈ - જયંતિભાઈ - પ્રાણલાલભાઈ વગેરે સાથે અનેક પ્રૌઢ-યુવાન કાર્યકરો ખૂબ જ ઉલ્લાસથી મહોત્સવના અવનવા આયોજનો ઉઠાવી રહ્યા છે...

પૂજ્યશ્રી સાથેના પત્ર વ્યવહાર માટે **C/o. હીરાભુવન જૈન ઉપાશ્રય,**
પાહુપુરી, કોલ્હાપુર-૪૧૬૦૦૧ M.S.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૫,અંક-૩૬/૩૭,તા.૩૦-૫-૧૯૮૭

કોલ્હાપુરના આંગણે દબદબાપૂર્વક ઉજવાયેલ આચાર્ય પદ-પ્રદાન મહોત્સવ

મરાઠાયુગીન સાંસ્કૃતિ શહેર કોલ્હાપુર ખાતે શાહુપુરી જૈન સંઘના ઉપક્રમે પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ વાત્સલ્યમૂર્તિ સ્વર્ગસ્થ **આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના** પરમકૃપાપાત્ર પટ્ટાલકાર પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના** વરદ હસ્તે એઓશ્રીના સુયોગ્ય શિષ્યરત્નો **પંન્યાસશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવર, પંન્યાસશ્રી ધર્મજીતવિજયજી ગણિવર તથા પંન્યાસશ્રી રાજેન્દ્રવિજયજી ગણિવરને આચાર્ય પદ પ્રદાન તથા વયોવૃદ્ધ સ્થવિર પંન્યાસશ્રી યશોભદ્રવિજયજી ગણિવરને** ઉપાધ્યાય પદ પ્રદાન કરવાનો મહોત્સવ અભૂતપૂર્વ ઉલ્લાસ અને ઉત્સાહના ઉછળતા દરિયા વચ્ચે ઉજવાયો.

ઓગણીસ એપ્રિલના મંગલ પ્રભાતે પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંત પોતાના વિદ્વાન પટ્ટધર આચાર્યશ્રી વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજ, શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ વગેરે ૬૮ સાધુઓની સાથે શાસન પ્રભાવનાપૂર્ણ સ્વાગતયાત્રા સાથે કોલ્હાપુર, શાહુપુરી હીરાભુવન જૈન ઉપાશ્રય ખાતે પધાર્યા.

૧૪મી એપ્રિલથી મહોત્સવના માંડવા રોપાયા... વિવિધ પૂજાઓ અને પૂજનોના અનુષ્ઠાનોથી પરમાત્મભક્તિની આરાધનાનો રંગ ઘેરો બની ગયો.

શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શ્રી જિન શ્રુતદેવી સરસ્વતી પૂજન, શ્રી ઉવસ્સગ્ગહરં પૂજન શ્રી ભક્તામર પૂજન ઈત્યાદિ મંત્ર-તંત્ર-યંત્રાનુષ્ઠોનોની શુદ્ધ શુભ આરાધનાએ

વાતાવરણમાં પવિત્રતાના પરમાણુઓ ફેલાવી દીધા.

વૈશાખ સુદ-૨ના દિવસે બપોરે હીરાભુવનના સુંદર હોલ ખાતે આયોજિત **અષ્ટાપદ મહાતીર્થની પૂજાનું** આયોજન અદ્‌ભુત અને આનંદથી ભર્યું ભર્યું બની રહ્યું. પૂ. આચાર્યદેવે પૂજાની ઢાળોની વિવિધ રાગોમાં તર્જો બતાવ્યા પ્રમાણે સંગીતકારોએ સહુને ઝીલાવીને પરમાત્મ ભક્તિમાં રસતરબોળ બનાવી દીધા... અને પૂજાની વિશિષ્ટ શૈલીની પૂજ્યશ્રીની વિવેચનાએ સહુના હૈયામાં શ્રદ્ધા-ભક્તિના દીવડાં પેટાવ્યાં.

અક્ષયતૃતીયાના મંગળ દિવસે પંન્યાસપ્રવરશ્રી યશોભદ્રવિજયજી ગણિવરને ઉપાધ્યાય-પદ પ્રદાન કરવાનો કાર્યક્રમ સુંદર રીતે ગોઠવાયો.

વૈશાખ સુદ-પના દિવસે સવારે રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢ્યો... શાહુપુરીના વિશાળ રાજમાર્ગો પણ સાકડા લાગે એટલી બધી માનવમેદની વરઘોડામાં જોડાઈ હતી. પાર્લાના પ્રખ્યાત બુદ્ધિસાગરસૂરિ બેન્ડમંડળના તરવરતા યુવાનોએ શ્રુતિમધુર સંગીત રેલાવીને સહુના મન મોહી લીધા.

એ જ દિવસે બપોરે આચાર્યપદ પ્રાપ્ત કરનારા પંન્યાસજી મહારાજોને અંતરની શુભકામનાઓ-અભિનંદન આપવાનો કાર્યક્રમ વિશાળ જનમેદનીની હાજરી વચ્ચે કુમારપાળ વિ. શાહના સંચાલન હેઠળ યોજવામાં આવ્યો. એમાં દૂરદૂરથી પધારેલા સંઘોના અગ્રણીઓએ પોતાના શુભ ભાવોને વાચા આપી. ત્રણે પંન્યાસજી મહારાજે પણ પોતાના પ્રવચનોમાં બધા સંઘોની અનુમોદનાને સ્વીકારવાની સાથે સાથે 'આજે તેઓ જે કંઈ છે' તે પૂજ્ય સ્વ. પરમગુરુદેવ અને પૂજ્યગુરુદેવના જીવન ઘડતરના ફળ રૂપે છે.' એ વાત નમ્રતાપૂર્વક રજૂ કરી.

વૈશાખ સુદ-૬ એટલે સમગ્ર આયોજનનાં કળશરૂપ દિવસ !

વહેલી સવારથી સ્થાનીય તારા રાણી વિદ્યાલયના પટાંગણમાં બંધાયેલા વિશાળ **'પ્રેમભાનુનગર'**ના મંડપમાં લોકો મોટી સંખ્યામાં ઉમટવા લાગ્યા હતા.

અહીં સહુ પ્રથમ કુમારી પ્રજ્ઞાબેન (B.Com.)ની દીક્ષા પ્રદાનની ક્રિયા પ્રારંભ થઈ એમાં નંદી પછી પૂ. આચાર્યદેવશ્રીના વરદ હસ્તે દીક્ષાના પ્રાણરૂપ રજોહરણ સ્વીકારીને પ્રજ્ઞાબેન ધન્ય બની ગયા ! પછીથી તેઓ ક્રમશઃ પૂ.શ્રીના વરદમુખે સર્વ વિરતિ સામાયિક ઉચ્ચરવાપૂર્વક સાધ્વીજી શ્રી પ્રેમપૂર્ણાશ્રીજી નામે જાહેર થયા.

આચાર્યપદ પ્રદાનની ક્રિયાનો મંગળ પ્રારંભ થવાની સાથે જ સમગ્ર સભા એકતાન બની ગઈ. સ્ટેજમાં વચ્ચોવચ ગોઠવાયેલા સમવસરણની આજુબાજુ પ્રદક્ષિણાની શરૂઆત કરતા પંન્યાસ પ્રવરોની આંખોના કિનારે સમર્પણના ભાવથી

છલકાતા આંસુઓના તોરણ રચાઈ ગયા. નાણની સમક્ષ જ પરમગુરુદેવ આચાર્ય ભગવંત સ્વ. શ્રીમદ્‌ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનો સુંદર ફોટો ગોઠવાયેલો હતો. પ્રસન્નવદન સૂરિદેવની આંખો જાણે પરમ કરુણાના નીર વહાવતી હતી... અને ત્રણે પંન્યાસજી એ કૃપાનીરમાં નખશિખ નહાઈ રહ્યા હતા. અમે પણ ત્રણે પંન્યાસજી મુનિવરો દીક્ષા જીવનના શૈશવકાળથી પૂજ્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના પાવન ચરણે બેસીને જ શિક્ષા-દીક્ષા પામ્યા હતા. આ બાજુ એઓશ્રીની પુણ્ય કૃપા વરસતી હતી. બીજી તરફ પાટ પર બિરાજમાન પૂજ્ય ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરિજીના શ્રીમુખે થતા મંત્રોચ્ચારોમાં હૃદયના આશીર્વાદ વરસતા હતા. સમગ્ર મંડપમાં એ પુણ્યકૃપાના પરમાણુઓ પ્રસન્નતા, પવિત્રતા અને ધન્યતાની હેલી વરસાવતા હતા. આચાર્યદેવે સ્વમુખે ક્રિયા કરાવી. સૂત્રોનું પઠન કર્યું. ગણિવર શ્રી વિમલસેનવિજયજી મહારાજે અને તપસ્વીરત્ન મુનિશ્રી જયસોમ વિજયજીએ બૃહદ્‌ નંદીસૂત્રનું શ્રવણ કરાવ્યું.

શુભ મુહૂર્ત-શુભ પળમાં પૂ. આચાર્યદેવે વિધિપૂર્વક ત્રણે શિષ્યોના કાનમાં મહાપવિત્ર સૂરિમંત્ર સંભળાવવાપૂર્વક વાસનિક્ષેપ આશીર્વાદ આપીને તીર્થની અનુજ્ઞા આપવાપૂર્વક ત્રણે પંન્યાસપ્રવરોને આચાર્યશ્રી વિજય ભદ્રગુપ્તસૂરિજી, આચાર્યશ્રી વિજય ધર્મજિતસૂરિજી, આચાર્યશ્રી વિજય રાજેન્દ્રસૂરિજી નામ આપીને સૂરિ પદ પ્રદાન કર્યું. ઉપસ્થિત જનસમુદાયની આંખો અને અંતર શ્રદ્ધાભક્તિથી ત્યારે છલકાઈ ઊઠ્યા. જ્યારે આચાર્ય ભગવંતે પોતાના નૂતન આચાર્ય શિષ્યોને પાટ પર બિરાજમાન કરીને તેઓને દ્વાદશાવર્ત વંદન કરવાપૂર્વક જિનશાસનની મહાન પરંપરાનું સહુને દર્શન કરાવ્યું ત્યારે 'જિનશાસનમાં' વ્યક્તિ ગૌણ છે સંઘ-શાસન અને ધર્મ મહાન છે' એ જોઈ જોઈને સહુના હૈયા શ્રદ્ધાથી ગદ્‌ગદ બની ઊઠ્યા ! દસ હજારની માનવમેદનીએ હર્ષના પોકારો કર્યા.

આ પ્રસંગે પૂ. આચાર્યદેવના ચરણ અંગુષ્ઠનું ગુરુપૂજન તથા કામળી ઓઢાડવાના ચડાવા અને નૂતન આચાર્યદેવોને સ્થાપનાચાર્યજી અર્પણ કરવા, સૂરિમંત્ર પદ તથા નવકારવાળી અર્પણ કરવી... અને ન્યુંછણું કરીને કામળી ઓઢાડવાની બોલીઓ અત્યંત ઉલ્લાસના ઉછળતા ભાવો વચ્ચે બોલાઈ.

પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા દ્વારા લિખિત 'જૈન ધર્મનો પરિચય' પુસ્તકનું અંગ્રેજી ભાષાતર 'A HAND BOOK JAINOLOGY'નું વિમોચન મદ્રાસવાળા શ્રી શાંતિમલજી નાહરે કરીને પુસ્તક ગુરુદેવને અર્પણ કર્યું. તેમના તરફથી આ પુસ્તક ભારતની તમામ યુનિવર્સિટીઓને ભેટ મોકલાશે. પુસ્તકના

અનુવાદક પ્રો. રામપ્પાનું બહુમાન સોનાની ચેઈન પહેરાવીને કરવામાં આવ્યું. શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ : મહેસાણા દ્વારા પ્રકાશિત બીજા ૬ પુસ્તકોનું પ્રકાશન પણ આ સાથે જ રાખવામાં આવ્યું હતું.

વૈશાખ સુદ-૫ અને ૬ના દિવસે સમગ્રસંઘની નવકારશી સાધર્મિક વાત્સલ્યનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. બહારથી આવનારા મહેમાનોની સાધર્મિક ભક્તિ માટેની વ્યવસ્થા પણ ઉમદા હતી.

આ પ્રસંગ નિમિત્તે મુંબઈના ખ્યાત રંગોળી કલાકાર શ્રી રમણિક શાહ દ્વારા આલેખિત ૫ સુંદર રંગોળીઓનું પ્રદર્શન તથા સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનાના પ્રતીકરૂપે ૩૬ છોડનું ઉજમણું ગોઠવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુંબઈ, અમદાવાદ, મહેસાણા, મદ્રાસ, કોયમ્બતુર ઉટી, કુનુર, રાણીબેન્નુર, નિપાણી, તિરપાતુર, તિરુપુર, પાલી, જોધપુર, જયપુર, બ્યાવર, ઉન્હેલ, રતલામ, ઈન્દોર, દેવાસ, તિરુવન્નામલાઈ, ગદગ, શિકારપુર, ભદ્રાવતી, અગાસી, હુબલી, શંખેશ્વર, હારીજ, ચેન્નાપટ્ટનં, રામનગર, નાસિક, પીપળગામ, અમલનેર, કરાડ, ઈસ્લામપુર, વડગામ, અનાવલ, યેવલા વગેરે સ્થળોથી ખૂબ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે માનવ રાહત સાધર્મિક સહાય, વગેરે કાર્યો સુંદર રીતે પાર પડ્યા હતા.

ચાતુર્માસ માટે સાધુ મહારાજ આપવા અંગે અનેક (૨૫ થી પણ વધુ) સંઘોની જોરદાર વિનંતિઓ વચ્ચે નિમ્ન ચાતુર્માસ હાલ જાહેર કરવામાં આવ્યા.

બેંગ્લોર આચાર્યશ્રી વિજય ગુણાનંદસૂરિજી મહારાજ આદિ, સોલાપુર આચાર્યશ્રી વિજય ભદ્રગુપ્તસૂરિજી મહારાજ આદિ, પુના (સંઘમંદિર) આચાર્યશ્રી વિજય રાજેન્દ્રસૂરિજી મહારાજ આદિ, બારામતી મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મહારાજ આદિ, ગોકાક મુનિશ્રી નંદિઘોષવિજયજી મહારાજ આદિ, બેલગામ મુનિશ્રી અભયશેખરવિજયજી મહારાજ આદિ.

આ ઉપરાંત મુંબઈ, ભાવનગર, રત્નાગિરિ, નિપાણી, ઈસ્લામપુર, વડગામ વગેરે સંઘોની પણ જોરદાર વિનંતિઓ છે.

પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.નું ચાતુર્માસ હીરાભવન-શાહુપુરી કોલ્હાપુર પહેલેથી જાહેર થયેલ છે. પૂજ્યશ્રી ઈસ્લામપુરથી કુંભોજગિરિના સંઘમાં પધારી સાંગલી ખાતે ૧૭ થી ૩૧ મે સુધી યોજાયેલ જૈન ધાર્મિક શિબિરમાં વાચના આપવા સાંગલી પધારશે.

• પૂના શ્રી સંઘના મંદિરમાં શ્રી સિદ્ધચક્ર ભગવાનની ભવ્ય પ્રતિષ્ઠા

વર્ધમાન તપોનિધિ ૫. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્નો પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મ.સા. અને પૂ. મુનિરાજશ્રી વિશ્વકલ્યાણવિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં વૈશાખ સુદર ૬ના દિવસે શ્રીસંઘના મંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ સહિત શ્રી સિદ્ધચક્રજીના પ્રતિષ્ઠાનો મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

સ્વ. શ્રી કાંતિલાલ ગમાલભાઈ શાહના સુપુત્ર ભીખુભાઈ વગેરે પરિવારે સારી એવી રકમ ખર્ચીને નાનું પણ સુંદર અને ભવ્ય જિનાલય નિર્માણ કરાવીને શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ પુનાને પ્રતિષ્ઠા કરાવીને અર્પણ કર્યું. અષ્ટાહ્નિકા મહોત્સવ રચાવી પ્રતિષ્ઠા કરાવી પણ દેવદ્રવ્યની વૃદ્ધિ થાય તે માટે બધી જ પ્રતિષ્ઠાનો પોતાનો હક્ક જતો કરી ચડાવા શ્રી સંઘને ચરણે સુપ્રત કરી દીધા. ટ્રસ્ટીઓના આગ્રહ છતાં તેમણે એક પણ બોલી પોતાના માટે ન રાખી. આથી દેવદ્રવ્યની ખૂબ જ વૃદ્ધિ થવા પામી. વળી, ધજાનો ચડાવો લેવા માટે આ પરિવારે મોટી રકમ સુધી બોલી બોલી હતી... આખરે લાભ શ્રી શા. દાનમલજી હુકમાજી પરિવારને પ્રાપ્ત થયો.

શ્રી સંઘના ભારે ઉલ્લાસપૂર્વક જળયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. પછી વધતા ઉલ્લાસે ચડાવા થયા. તેમાં પણ સમ્યગ્દર્શનાદિ ચાર ધર્મપદના ચડાવામાં તો ભારે હોડ ચાલી. ગર્ભગૃહમાં શ્રી નમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા પણ રંગેચંગે થઈ.

વૈશાખ સુદ-૬ ના દિવસે ચતુર્વિધ સંઘના ભારે ઉલ્લાસે શ્રી નવપદજીની પ્રતિષ્ઠા થઈ. વિવિધકાર શ્રી મનસુખભાઈ (અમલનેરવાળા) તથા શ્રી સુરેશભાઈ પૂના બુધવાર પેઠવાળાએ ખૂબ જ પવિત્રતા અને શુદ્ધિથી પ્રસંગ દીપાવ્યો.

સુશ્રાવક શ્રી ભીખુભાઈ કાંતિલાલ શાહ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી નિર્મળાબહેને શ્રી નવપદજીની સાક્ષીએ જાવજ્જીવ બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું. જો કે આ પવિત્ર યુગલ છેલ્લા ૧૫ વર્ષથી બ્રહ્મચર્ય પાળતું જ હતું.

શ્રી ગોડી પાર્શ્વનાથજી જૈન સંઘ પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની આનંદ અને આશ્ચર્યપૂર્વક મુક્ત કંઠે પ્રશંસા કરે છે... કે જેઓશ્રીએ પ્રતિષ્ઠા માટે પોતાના શિષ્યો આપી અપાર ઉપકાર કર્યો.

વળી, અતિ આનંદની વાત એ છે કે પૂજ્ય વર્ધમાનતપોનિધિએ પોતાના શિષ્યરત્ન નૂતન આચાર્યશ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ ઠાણા પાંચને શ્રી

સંઘના મંદિરમાં આગામી ચાતુર્માસ માટે શ્રી ટ્રસ્ટીઓની આગ્રહભરી વિનંતીથી આવ્યા છે.

પદ પ્રદાન પ્રસંગે બોલાયેલ બોલીઓ

- **પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનું ગુરુપૂજન :** શ્રી શાંતિમલજી નાહર (મદ્રાસ)
- **પૂજ્ય આચાર્યદેવને કામળી ઓઢાડવી...**શ્રી લક્ષ્મીપુરી સંઘ (કોલ્હાપુર)

• • •

- **પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવરને**
- સ્થાપનાજી અર્પણ : શંખેશ્વર ફેન્ડ સર્કલ (મુંબઈ - અમદાવાદ)
- કામળી અર્પણ : અશોકભાઈ રતિલાલ કાપડીયા (અમદાવાદ)
- સૂરિમંત્ર પદ અર્પણ : વેલપુર (નિહાલચંદ સંચેતી : વી. હીરાચંદ : કોયમ્બતુર)
- નવકારવાળી અર્પણ : શાંતિમલજી નાહર (મદ્રાસ)

• • •

- **પૂજ્ય પંન્યાસશ્રી ધર્મજિતવિજયજી ગણિવરને**
- સ્થાપનાજી અર્પણ : જેઠાલાલ દેવશી, શાંતિલાલ લીલાધર (મુંબઈ)
- કામળી અર્પણ : શાહુપુરી જૈન સંઘ (કોલ્હાપુર)
- સૂરિમંત્ર પદ અર્પણ : વીરચંદ ચુનીલાલ સંઘવી (પૂના)
- નવકારવાળી અર્પણ : બેલગામ જૈન સંઘ (બેલગામ)
- **પૂજ્ય પંન્યાસશ્રી રાજેન્દ્રવિજયજી ગણિવરને**
- સ્થાપનાજી અર્પણ : રોહિતભાઈ મનુભાઈ ઝવેરી (અમદાવાદ)
- કામળી અર્પણ : રોહિતભાઈ મનુભાઈ ઝવેરી (અમદાવાદ)
- સૂરિમંત્ર પદ અર્પણ : હીરાચંદ રાયચંદ (કોલ્હાપુર)
- નવકારવાળી અર્પણ : રોહિતભાઈ મનુભાઈ ઝવેરી (અમદાવાદ)

• • •

દુકાળમાં ટળવળતાં ઢોરોની વહારે વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈ અને હિંસા નિવારણ સંઘ અમદાવાદ

વર્ધમાન સેવા કેન્દ્ર, મુંબઈના મુખ્ય ટ્રસ્ટી શ્રી કુમારપાળ શાહ વિશે અગાઉ ઘણું સાંભળેલું. ૧૯૭૧માં બાંગલાદેશની સરહદે શરણાર્થીઓ વચ્ચેની વ્યાપક કામગીરી, આંધ્રનું વાવાઝોડું, મોરબીની હોનારત, સૌરાષ્ટ્રમાં ઊમટેલાં પૂર દરેક વખતે વર્ધમાન સેવા કેન્દ્રે દેખા દીધેલી. મોરબીમાં તો એમણે 'વર્ધમાન નગર' ખડું કરી આપ્યું છે.

આ કુમારપાળ શાહ શેખડી (તા. ધોળકા) પાસે ૧૬૦૦૦ પશુઓનો રાહત કેમ્પ ચલાવી રહ્યા છે; એવી જાણ થતાં જ મુલાકાતની તક ઝડપી. પહેલાં કેમ્પનું નિરીક્ષણ કર્યું પણ તેઓ ત્યાં નહોતા, કામે ગયેલા એટલે ધોળકા તેમના હાલના નિવાસ સ્થાન પર ડોકીયું કર્યું. અને... બહારગામથી આવેલા અને થાકેલા હોવા છતાં 'સાધના'નું નામ સાંભળતાં જ આત્મીયતાથી આવકાર્યા અને... અખબારનવીશોથી દૂર રહેનાર આ માણસે માત્ર 'સાધના' પ્રત્યેના પ્રેમથી વાતો કરી. માહિતી આપી-માત્ર વર્ધમાન સેવા કેન્દ્રની પ્રવૃત્તિઓની, પોતાના વિશે મૌન જ રાખ્યું. ફોટો પણ ન પાડવા દીધો. એમના વિશેની જે જુજ માહિતી છે એ બહારથી મળેલી છે.

ગુજરાતમાં સેવાકાર્ય

વર્ધમાન સેવા કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓમાંની એક હાલ ગુજરાતમાં ચાલી રહી છે. છેલ્લા ત્રણ ત્રણ વર્ષથી દુષ્કાળમાં ભીંસાતું ગુજરાતનું પશુધન ખતમ ન થઈ જાય, કતલખાને ન ધકેલાઈ જાય એ હેતુથી ૮ મી ફેબ્રુઆરી, ૮૭ના રોજ શેખડી (તા. ધોળકા) ગામે હિંસા નિવારણ સંઘના સહયોગથી ૧૧૭૦૦ ઢોર સાથે પશુરાહત કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું. જેમાં ૮૦ ટકા ઢોર કચ્છનાં હતાં, અને છે. અત્યારે આ કેમ્પમાં ૮૦૦ માલધારીઓનાં ૧૬૦૦૦ ઢોર છે.

સીત્તેર એકર જમીનમાં પથરાયેલા પશુરાહત કેમ્પમાં પાણીના બે હવાડા છે, આંબાનાં વૃક્ષો છે. આ જમીનમાં જ પાણીનો એક બોર છે, બીજો ગામનો બોર થોડે દૂર છે. એક બોર સતત ૨૪ કલાક ચાલ્યા કરે છે. તેના દ્વારા આ પશુઓને પાણી પૂરું પાડવામાં આવે છે. પણ વીજળી ધાંધીયા કરે તો ? તેથી

જનરેટર લાવીને મૂક્યું છે. ઘાસ વગર બે-ચાર દિ' ઢોર ખેંચી નાખે, પણ પાણી ન હોય તો ? બંને વિકલ્પ હોવા છતાં એક બોર કૂવાનું પાણી ખાલી થઈ જાય ત્યારે મુશ્કેલી ન નડે માટે ગામના બોર સાથે પાઈપલાઈન લગાવી રાખી છે.

પૂરતી ચોકસાઈ

ઢોરને ખાવા માટે જુવારના સૂકા પૂળા, ડાંગરના પુરિયાં, ખાણ અને લીલું ઘાસ આપવામાં આવે છે. પશુરાહત કેમ્પની સંરક્ષિત જગ્યામાં ઘાસના ગંજ ખડકાયા છે. અને લીલા ઘાસના પૂળા તો આજુબાજુના ગામડાના ખેડુતો નક્કી કરેલા દરે આપી જાય છે. એ એના તોલમાપ અને ગણતરીની ચકાસણી તો ખરી જ, એકેય પૂળો ખરાબ નથી લેવાતો. સાથે સાથે ખેડુતોને નાણાં તુરંત ચૂકવી દેવાનાં જરૂરી વિધિ પૂરી થાય કે તુરંત જ હાથમાં મૂકાય. ૧૪ લાખ પૂળા તો અગાઉથી જ સ્ટોક કર્યા હતા.

આ ઢોર બીમાર પડે તો સારવાર માટે પશુ દવાખાનું પણ ઊભું કરાયું છે. દરરોજ નિશ્ચિત સમયે ડૉક્ટર આવે છે.

આ બધું તો પ્રાણીઓ માટે થયું, પેલા ૮૦૦ માલધારીઓનું શું ? એમને પણ લોટ, ચોખા, દાળ, કઠોળ તથા તેલ-ઘી આપવામાં આવે છે. આ માલધારીઓની વૈદ્યકીય તપાસ માટે વી.પી. યુથ ટ્રસ્ટ (મુંબઈ) અને અમદાવાદના ડૉક્ટરોની એક ટુકડી પહોંચી હતી. અને આધ્યાત્મિક ખોરાક માટે તો કુમારપાળભાઈ દરરોજ ત્યાં હાજર રહીને પ્રાર્થના સમયે અમૃતવાણીનો લાભ આપે જ છે.

મુલાકાત

● **જીતેન્દ્ર શાહ :**

આટલું કાર્ય કરવા પૈસા કેટલા જોઈએ ? એવા પ્રશ્નના જવાબમાં એમણે જણાવ્યું કે રોજનો સાઈઠ હજાર રૂા.નો ખર્ચ થાય છે ! આજ સુધી લગભગ ૪૫ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. અને આટલા મોટા ખર્ચનો હિસાબ પણ અપ-ટુ-ડેટ રખાય છે. મુલાકાતના આગળના દિવસ સુધીના પાકા ચોપડા બતાવીને કુમારપાળભાઈએ અમને આશ્ચર્યમાં મૂકી દીધા હતા.

શ્રદ્ધાથી દાન મળે છે

પૈસા વગર કામ અટક્યું હોય તેવું ક્યારેય બન્યું છે ? તેવા સવાલના પ્રત્યુત્તરમાં કુમારપાળભાઈ કહે છે કે શરૂઆતમાં થોડી તકલીફ પડી હતી ત્યારે ઘરના પૈસા લગાવ્યા, લોન લીધી. પછી તો સમાજ પાસે માગવા જવાની જરૂર પડતી નથી. માગવું પડે એ વિકૃતિ છે અને સ્વાભાવિક આવી મળે એ પ્રકૃતિ છે.

જૈન સમાજ અત્યંત વિશ્વાસ અને શ્રદ્ધાથી-જરૂરિયાત કરતાં ય વધુ ધન આપે છે. એમણે મોરબીની યાદ તાજી કરતાં કહ્યું કે અમે મોરબીમાં રાહત કેમ્પ ખોલ્યો તેના બીજા દિવસે મુંબઈના લોકોએ લાઈનમાં ઊભા રહીને ૨૨ લાખ રૂપિયા આપ્યા હતા.

આ કાર્યની પ્રેરણા ? સવાલના સાથે જ જવાબ મળ્યો, જૈન મુનિ આચાર્ય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિબિરમાં ૧૯૬૫માં ગયેલો. ત્યારથી મારા જાહેર જીવનની શરૂઆત થઈ, પરંતુ એ પહેલાં પણ ગુરુ ગોળવલકર (મા.સ. ગોળવલકર) અને વિનોબાજીના સાહિત્યનો પ્રભાવ મારી પર હતો. એ બંને બ્રહ્મચારી હતા. એમના જીવનમાંથી પણ મને પ્રેરણા મળેલી. (કુમારપાળભાઈ પણ લગ્નબંધનથી દૂર જ રહ્યા છે. ૧૬ વર્ષની ઉંમરે એમણે આ નિર્ણય કરેલો.)

ક્યાંક, ક્યારેક આપ ન પહોંચી શકો તેમ હો ત્યારે બીજી સંસ્થાઓને મદદ કરો છો? આ પ્રશ્નના જવાબમાં એમણે જણાવ્યું કે ઘણી પાંજરાપોળોમાં વ્યવસ્થા છે, પણ નાણાંના અભાવે ઢોર રાખી શકતા નથી ત્યાં નાણાં આપીએ છીએ. મોરબીનું વર્ધમાનનગર તૈયાર કરવામાં પૈસા વર્ધમાન સેવા કેન્દ્રે આપ્યા ને કામ કર્યું આર.એસ.એસ.ના સ્વયંસેવકોએ. આમ સહયોગી પણ બનીએ છીએ જ.

બીજી યોજનાઓ

આટલા કામથી પણ એમને સંતોષ તો હોય જ ક્યાંથી ? ગુજરાત માટે બીજી કોઈ યોજના છે ? એવા પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે અમે સાંતેજ (મહેસાણા)માં ૨૦૦૦ ઢોર તથા ધરજી (અમદાવાદ જિલ્લો) ૧૫૦૦ ઢોરનો કેમ્પ ચાલુ કર્યો છે. મફલીપુર અને રનોડાની ૮૦૦ જેટલી ગાયોને નીરણ આપીએ છીએ અને તાજેતરમાં જ દુષ્કાળ રાહત કાર્ય આરંભ્યું છે. જેમાં ધોલેરા વિભાગમાં પિંગલપુર, મહોલપુર, ખુણ, રાજપુર અને બીજા ૧૦ જેટલા ગામોમાં તથા નળ કાંઠાના શિયાર, ધરજી, મેણી, કાણોદર, દેવળથલ, કાળીવેજી, મીઠાપુર, કાંઠા, તલાવડી, ગુંદાના પરા વગેરે ગામોમાં દુષ્કાળ રાહત કાર્યનો આરંભ કર્યો છે.

કાર્યકર્તાઓની ટુકડીએ ઝુંપડે ઝુંપડે પહોંચી જઈને અસરગ્રસ્તોને શોધી કાઢી ૨૦ કિલો અનાજ, ત્રણ કિલો કઠોળ અને નાનાં બાળકો માટે કપડાં બિસ્કિટનું વિતરણ કરીએ છીએ; ઘાસ પણ આપીએ છીએ. ઘણે ઠેકાણે કાર્યનો પ્રથમ તબક્કો લગભગ પૂર્ણ થઈ ગયો છે.

આ પશુરાહત કેમ્પમાં બનાસકાંઠા સાંતલપુરના એક માલધારી હરદાસભાઈ ખેતાભાઈને એક તરફ લઈ જઈને પૂછ્યું કે કુમારપાળભાઈ વિશે કાંઈ ? ત્યારે હરદાસભાઈ હરખાતાં બોલ્યા એ તો અમારા ગુરુ છે. અમે ઘેર જઈશું ત્યારે ય

એમને યાદ કરીશું. એમના દિલમાં પરભુ વસ્યો સ ભગવાન સાતેભવ એમનું હારું કરે.

વર્ધમાન સેવા કેન્દ્ર બીજી પ્રવૃત્તિઓ પણ કરે છે. એમાંની પહેલી એ આપત્તિ વખતે મદદ માટે દોડવું. બીજું કાયમી કાર્ય ધર્મ અને સંસ્કૃતિની આજની પેઢીને સમજ આપે તેવા કાર્યક્રમો, મંદિરોનો જિર્ણોદ્ધાર, પાઠશાળાઓ સ્થાપવી-ચલાવવી, વ્યાવહારિક શિક્ષણનો વિકાસ, વિધવા ત્યકતા અને યુવકો માટે રોજી ઊભી કરવી વગેરે છે. પણ આ રોજી ઊભી કરતાં ગામડું ન તૂટે એની ખાસ કાળજી રખાય છે. દા.ત. હીરાને પહેલ પાડવા માટે એમણે ત્રણ કરોડનો પ્રોજેક્ટ ચિત્તોડમાં સ્થાપ્યો છે. આગ્રા, મથુરા, સવાઈ માધોપુર, અલ્વર, અજમેરમાં પણ કેન્દ્ર સક્રિય છે.

બાંગલા દેશની સરહદે !

બાંગલાદેશના યુદ્ધ વખતે ભારતમાં પ્રવેશ કરવા સરહદે કતારો લગાવીને ઊભેલા બાંધવોની પીડા અખબારમાં વાંચી, હૃદય દ્રવી ઊઠ્યું. કંઈક કરવાની તાલાવેલી થઈ. છાપાના આ કટીંગ સાથે એક અલ્પ પરીચિત ધનાઢ્ય વ્યક્તિને ચિઠ્ઠી લખી : 'આપણું ધન આ શરણાર્થીઓને જીવન ન બક્ષી શકે ?' અને નવાઈ ! પેલા સજ્જને રૂા. ૭૦,૦૦૦ આપ્યા. અને... એક નાનકડી ટુકડી સાથે ઉપડ્યા બાંગલા સરહદ તરફ. કલકત્તાના ગુજરાતી સમાજ અને જૈન મહાજનોએ નકસલવાદી ઉપદ્રવને કારણે આગળ ન જવા સમજાવ્યા. પણ, આ વીરલા અટકવા નહોતા નીકળ્યા... આગળ ધપ્યા. વચ્ચે નકસલવાદીઓ ય મળ્યા પણ બીજા 'ખડે રહો' સાંભળી ભાગતા હતા ત્યાં આ તો ઊભા રહ્યા, ડર વિના પોતાની વાત સમજાવવા લાગ્યા. અને બીજી નવાઈ સર્જાઈ... એમાંનો જ એક નકસલવાદી જ એમનો ભોમિયો બન્યો.

સરહદે વાતચીત કરતાં પાલનપુર બાજુના એક અફસર સાંભળી ગયા ? અહીં ગુજરાતી ક્યાંથી એ જિજ્ઞાસાએ એમની પાસે આવ્યા; વિગતો જાણી અને મુક્તિ ફોજની છાવણી વચ્ચે એમના ટેન્ટની મંજૂરી અપાવી.

ભારત પ્રવેશ માટેની વિધિઓ પૂરી કરવા શરણાર્થીઓએ સાત સાત દિવસ કતારોમાં ખડા રહેવું પડતું ત્યારે સડેલું ધાન પણ એમને આશીર્વાદ જેવું લાગતું. એમને કુમારપાળભાઈની વર્ધમાન સેવા કેન્દ્રની આ ટુકડીએ તૈયાર ફુડ પેકેટ આપવા માંડ્યાં. શરણાર્થી શિબિરોમાં અનાજ, વાસણ વહેંચ્યાં. પણ સમસ્યા એટલી તીવ્ર કે વાસણનો એક સેટ સવાર-બપોર-સાંજ ત્રણ કુટુંબો વારાફરતી વાપરે. ભારતનાં નાનકડાં નેટ વિમાનોએ દુશ્મનોનાં ત્રણ સેબરજેટ વિમાનો તોડેલાં શ્રી કુમારપાળભાઈ

તેના પ્રત્યક્ષ સાક્ષી છે.

દુષ્કાળ પીડિત પશુઓ અને માણસો માટે જેઠ મહિનો અને જૂન માસ ભારે યાતનાજનક બની રહ્યા છે. કાળજાર ગરમી, આગ આંકતું આકાશ, ધૂળની ડમરીઓ અને ઊની લૂના સૂસવાટાથી પશુઓ અને માણસોની સ્થિતિ આકરી અકારી બની રહી છે. હજીય આકાશ તરફ નજર કરતાં એવું નથી લાગતું કે દુ:ખના વાદળો વિખરાઈ જશે અને વરસાદ વરસવાનો શરૂ થશે. પ્રાર્થના છતાંય શ્રદ્ધા અને અડીખમ વિશ્વાસ સાથે આ બંને સંસ્થાઓ જીવદયાના કાર્યનો વિસ્તાર અને વ્યાપ વધારી રહી છે. શેખડી કેમ્પમાં ૧૫૦૦૦ હજાર ઢોર, સાંતેજ કેમ્પમાં ૨ હજાર ઢોર, ધરજી કેમ્પમાં ૧૫૦૦ ઢોર, મેણી કેમ્પમાં ૧ હજાર ઢોર, સાંઢીડા ૭૫૦ ઢોર, કેલીયાવાસણા ૧ હજાર ઢોર, ચલોડા ૫૦૦, મફલીપુર ૫૦૦ ઢોર મળીને અંદાજ ૨૩ હજાર ઢોરોને નિભાવવાનું એક જબરજસ્ત કાર્ય સુવ્યવસ્થિત ચલાવી રહ્યા છે.

જીવદયાના આ કાર્યો માટે સર્વશ્રી કુમારપાળ વિ. શાહ, શ્રી કલ્પેશભાઈ વી. શાહ, શ્રી જયેશભાઈ ભણસાલી, શ્રી ડૉક્ટર નટુભાઈ શાહ (ધોલકા) શ્રી મહેન્દ્રભાઈ ચલોડાવાળા સહિત અનેક સાથીઓ સતત વ્યસ્ત છે.

(સાધના સાપ્તાહિકમાંથી સાભાર)

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૬,અંક-૪/૫,તા.૩-૧૦-૧૯૮૭

અમદાવાદ નારણપુરા નગરે

વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પાવનકારી આજ્ઞાને શિરોધાર્ય કરીને ચાતુર્માસ બિરાજમાન પૂજ્ય મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજની પ્રેરણાથી થયેલ ભવ્યાતિભવ્ય આરાધનાઓનો

એક આંખે દેખ્યો અહેવાલ. એ દિવસો ભૂલ્યા નહિ ભૂલાયે

અષાઢ સુદ-૯, તા. ૫-૭-૮૭, રવિવાર

જૈન મહાભારત પ્રવચન શ્રેણીનો આજે પ્રથમ રવિવાર પ્રવચન હોલ ગેલેરી, સીડી બધુંયે ચિક્કાર હતું. દૂરદૂરથી દોડી આવેલા પિપાસુઓને સમાવી લેવા માટે યુવા શિબિરાર્થીઓને વિનંતી કરવામાં આવી કે તમે શિબિરમાં ત્રણ કલાક પૂજ્યશ્રીનો લાભ લીધો છે તમે બહાર નીકળી જાવ તો બહારથી આવેલા નવા શ્રોતાઓને અંદર દાખલ કરી શકીએ. સમય સૂચકતા વાપરીને યુવાનો હોલની બહાર નીકળી

ગયા અને જગ્યા ખાલી કરી આપી ખેર ! બીજા રવિવારે અષાઢ ચૌમાસીનો દિવસ હતો. ભીડથી છલોછલ ઊભરાઈ રહ્યો. પ્રવચન ધારા વહી રહી. જયણા એ તો શ્રાવકનો પ્રાણ છે. રાજા કુમારપાળનાં અગિયાર લાખ ઘોડા અને અગિયાર સો હાથી ગળેલું પાણી પીતા અને આજે તો ઘરઘરમાં થમ્સઅપની બાટલીઓના અપેય પાણી પીવાઈ રહ્યા છે. દેવનારના કતલખાનાને બંધ કરવાની ઝુંબેશ શરૂ કરવા પૂર્વે આ ઘરમાં ચાલતું અનંતકાયનાં ઘોર સંહારનું કતલખાનું તો પહેલાં બંધ કરીએ તેજીને ટકોરો બસ હતો આખીયે પ્રવચન સભા હાથ જોડ્યા સાહેબ ! આપી દો. અભિગ્રહ !! ચાર માસ તમામ કંદમૂળ ત્યાગ ! બસ ત્યારની ઘડી અને આજનો દાડો પેલા ચાર રસ્તા ઉપર ઊભી રહેતી પાઉં-ભાજીની લારીઓ પરની રાતના બાર વાગ્યા સુધીની લટારો સદંતર બંધ !

શ્રાવણ સુદ-૧ : જાહેર પ્રવચનની વિરાટ મેદની આજે જ્યારે છૂટી ત્યારે જરાય અવાજ ન હતો સહુની આંખમાં માત્ર આંસુ અને મુખમાંથી ડૂસકાંની ઝુજારી. કેમકે આજે પૂજ્યશ્રી રડ્યા સાધુ-સાધ્વીજી રડ્યા આબાલવૃદ્ધ સહુ કોઈ રડી પડ્યા શા કારણે ? ગુજરાતમાં વ્યાપેલા ભીષણ દુષ્કાળમાં હોમાઈ રહેલા પશુઓનું શબ્દચિત્ર સાંભળ્યું હતું માટે.

શ્રાવણ સુદ-૪ : તા. ૩૦-૭-૮૭ ગુરુવાર. આજે મહિનાનું ધર હતું. ચાર દિવસથી પ્રવચનોમાં સતત અક્રમતપ માટે પ્રેરણાઓ થઈ હતી. યુવા આલમનાં ઓરડે પણ દાદા શ્રી શંખેશ્વરની શ્રદ્ધાના દીવડા પ્રગટ્યા હતાં. પૂજ્યશ્રીએ આરાધનામાં જોડાઈ જવાની છેલ્લી ટહેલ નાખી. એકી ધડાકે છ સો આરાધકો ઊભા થઈ ગયા સહુએ અક્રમતપમાં ઝુકાવી દીધું. આ છ સોમાંથી પાંચ સો એવા હતા કે જેમને જિંદગીનો પહેલો અક્રમ હતો.

શ્રાવણ સુદ-૪ : પ્રવચનમાં પ્રભુપૂજા માટે પ્રેરણાનો મૃદુપ્રવાહ વહેતો કર્યો હતો. હે શ્રાવકો ! આપણને મળેલા પ્રભુ માત્ર દર્શનીય નથી પણ પૂજનીય પણ છે ! પૂજનીયની પૂજા ન કરવી અને માત્ર દર્શનથી પતાવટ કરવી એમાં પૂજનીયનું અપમાન છે. પરમાત્માનું આવું અપમાન ક્યાં સુધી કરશું ? આખી પ્રવચન સભાએ રોજ જિનપૂજા કરવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરી.

શ્રાવણ સુદ-૮ : દુષ્કાળ નિવારણાર્થે આયંબિલતપની જાહેરાત એક ધાનનાં આયંબિલમાં ૩૫૦ આરાધકો જોડાયા.

શ્રાવણ સુદ-૧૨ : પર્વાધિરાજની પધરામણી આઠે દિવસની આરાધના માટે વિશાળ મંડપ જેના સાગર સમા પેટમાં ૩૦૦૦ની જનમેદની સમાઈ જતી. આઠે

દિવસના પ્રવચનમાં અમદાવાદનાં દૂર દૂરનાં વિસ્તારોમાંથી શ્રોતાઓ જૈન સંઘના અગ્રણી શેઠશ્રી શ્રેણીકભાઈએ પણ આઠે દિવસના તમામ પ્રવચનોમાં રોજના છ-છ કલાક સુધી સભાના અગ્રપદે બિરાજીને જિનવાણી શ્રવણનું એક અદ્‌ભુત દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું.

આજે સંવત્સરી મહાપર્વ : પ્રવચનોના પ્રભાવે ઘણા બધા પુણ્યશાળીઓએ વેરઝેરના હિસાબો પ્રતિક્રમણ પૂર્વ જ ચૂકતે કરી દઈને સહુની સામે મૈત્રીનો હાથ લંબાવી લીધો હતો.

બારસાસૂત્રનાં વાંચન બાદ ચૈત્યપરીપાટીમાં હજારોની મેદની ઉપસ્થિત રહી હતી. બપોરે ત્રણ વાગે સાંવત્સરિક પ્રતિક્રમણ વિશાળ મંડપ છતાંયે એડવાન્સ બુકીંગમાં કટાસણા, ધોતીયા અને ધાબળા બીછાવીને જગ્યા રોકવાની ચેષ્ટા લોકો ચૂક્યા ન હતા.

સાડાત્રણ વાગે પૂજ્યશ્રીએ પ્રતિક્રમણ વિધિની એક સમજૂતી કોમેન્ટ્રીની જેમ રજૂ કરી હતી. વાંદણા, ખમાસમણા કેવી રીતે દેવા, કાઉસ્સગ્ગ કેવી રીતે કરવો, વિધિસૂત્રો, કાઉસગ્ગો, ખમાસમણા વગેરે વગેરે શા માટે કરવામાં આવે છે તેની સવિસ્તર માહિતી આપી. એંસી વર્ષના કાકાને પણ કહેવું પડ્યું આવું પ્રતિક્રમણ તો જિંદગીમાં પ્રથમવાર જ કર્યું.

અનોખું સાધર્મિક વાત્સલ્ય

ભાદરવા સુદ-૬, તા. ૩૦-૮-૮૭ : આજે રવિવારનો દિવસ હતો. અમદાવાદની મિલો બંધ હતી એટલું જ નહિ પણ બધા વેપાર-ધંધા આજે બંધ હતા. આમ તો સહુને નિરાંતે ઊંઘવાનો દિવસ હતો પણ ન જાણે આજે સહુ વહેલા ઊઠી ગયા હતા. ઘડિયાળે જ્યારે નવના ટકોરા પાડ્યા ત્યારે નારણપુરાનાં રાજમાર્ગો પર ઊભા રહીને જરા અવલોકન કરવા જેવું હતું. હજારો શ્રાવિકાઓ હાથમાં મોટામોટાં ડબ્બા અને ટિફિનો લઈને ઉપાશ્રય ભણી આવી રહ્યા હતા. સહુના હૈયે કંઈક અગમ્ય હર્ષ ઉછાળા મારી રહ્યો હતો. કંઈક કર્યાનો, કંઈક પામ્યાનો અને કશુંક મેળવ્યાનો આત્મસંતોષ સહુના મોં પર તરવરી રહ્યો હતો.

ઢાંકેલા ડબ્બાઓમાં શું હતું ખબર છે ? થેપલા, શાક, અને દૂધ ! આજે એક અવનવા સાધર્મિક વાત્સલ્યનું આયોજન હતું. ગુજરાતભરમાં વ્યાપેલા દુષ્કાળને ધ્યાનમાં લઈને જમણવારો તો બંધ હતા પણ પર્યુષણાના પાંચ કર્તવ્યોમાં સાધર્મિક વાત્સલ્યનું કર્તવ્ય કેવી રીતે બજાવવું તે માટે પૂજ્યશ્રીએ પ્રવચનમાં એક વિચાર રજૂ કર્યો હતો કે 'સહુએ સાદી રસોઈ ઘરેથી લઈ આવવી, અને સકલશ્રી સંઘે

સાથે બેસીને જમવું' આ વિચાર સહુના માટે આનંદકારી રહ્યો. બહેનોએ અનેરા ઉત્સાહ સાથે આ વિચારને વધાવી લીધો અને એકેક ઘરમાંથી દશથી માંડી સો માણસો જમી શકે તેવા ટિફિનબોક્ષ આવવા લાગ્યા. કોકે દશ લીટર દૂધનો લાભ લીધો તો કોકે વીસ લીટર દૂધનો ! કોઈ ચાળીશ થેપલા લઈને આવ્યું તો કોઈ એક સો ચાળીશ લઈ આવ્યું. એક કલાકમાં તો મોટા દૈત ત્રણે તપેલા દૂધ, થેપલા અને શાકથી ઊભરાઈ ગયા. આવેલા શાકમાં થોડી ચીજો એડ કરીને ઊંધીયું બનાવી લીધું અને દૂધની ચા બનાવી લીધી, વરઘોડો ઊતર્યા બાદ સહુ ભોજન કક્ષમાં પ્રવેશ્યાં ! પાંચસોની પાંચ પંગતો હોંશભર જમી જમીને ઊઠી ત્યારે સહુને ચાંલ્લા કરીને શ્રીફળની પ્રભાવના આપીને બહુમાન કરવામાં આવ્યું. વધુમાં થાળી ધોઈને જેણે પીધી તેમને રૂપિયાની પ્રભાવના પણ કરવામાં આવી.

રે ! પેલું ઘર ઘરનું શાક તો એવું દાઢે લાગી ગયું કે તેને ચાર વાર પીરસતાં વોલીન્ટરોની કમ્મરો રહી ગઈ અને પેલા થેપલા ! એકેકો આદમી ડઝન ઊડાવી જાય, તોય ન ધરાય એવા ! અને પેલી ખ્યોર દૂધની ચા ! ઘરમાં ક્યારેય ન પીધી હોય તેવી.

આ બધાનું સાચું કારણ એ હતું કે આજની આ રસોઈ બનાવનાર કોઈ રસોઈયો ન હતો પણ સાધર્મિક પ્રત્યે જેમના હૃદયમાં છલોછલ પ્રેમ ભર્યો છે એવી શ્રાવિકાઓ હતી.

આટલી મોટી વિરાટ સંખ્યામાં સાધર્મિક ભક્તિનો સંપૂર્ણ લાભ તો અમને ક્યાં મળવાનો હતો ! પણ અમારું લીટર દૂધ સહુના ભેગું ભળીને પ્રત્યેક સાધર્મિકના પેટ સુધી પહોંચી જવાનું છે એ વિશ્વાસ સહુના હૃદયમાં હતો **ધનઘડી ! ધનભાગ ! તમે લાભ સવાયા લેજો ! અવસર આવા નહિ મળે !** (દુષ્કાળનાં સમયમાં વિના ખર્ચે થયેલા આ સાધર્મિક ભક્તિના નવતર પ્રયોગને નિરખવા અમદાવાદના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. શેઠશ્રી શ્રેણીકભાઈ, નગર શેઠશ્રી અરવિંદભાઈ આદિ પરિવારો પણ આજની આ ભક્તિમાં ટિફિનો સાથે સામેલ થયા હતાં. સાધર્મિક સાથે હળીહળીને એમણે સહુના દિલ જીતી લીધા હતા.)

ભાદરવા સુદ-૬, તા. ૩૦-૮-૮૭, રવિવાર : સવારના નવ વાગ્યા અને શરણાઈનાં સૂર રેલાવા લાગ્યા. બેન્ડ બજવા લાગ્યા અને ઢોલ ધબૂકવાં લાગ્યાં. જનસમુદાય ઊભરાવા લાગ્યો. આજે રથયાત્રાનો વરઘોડો હતો. બગીઓ, જીપો, ગાડીઓ, ઊંટગાડીઓ અને સાજન-માજન ધીરે ધીરે આગળ સરકવા લાગ્યું. મેઈન રોડ પર જ્યારે વરઘોડો આવી ઊભો ત્યારે તો એક વિરાટ મહાનદીનો પ્રવાહ વહી રહ્યો હોય તેમ હજારો નરનારીઓથી રાજમાર્ગ છવાઈ ગયો હતો. એમાં યુવાનોનાં

જુસ્સાએ વહેતા આ જનપ્રવાહને વિરાટ ઘોડાપૂરમાં ફેરવી નાખ્યો હતો. નારાઓના દિગંત વ્યાપી નાદથી નારણપુરા નગર ગાજી ઊઠ્યું હતું.

ભાદરવા સુદ-૧૪, રવિવાર, તા. ૬-૯-૮૭ : આજનો દિવસ યુવામિલનનો હતો. શિબિરનો છેલ્લો રવિવાર હતો. ઠેરઠેરથી યુવામિત્રો દોડી આવ્યા હતા. નારણપુરા જૈન દેરાસર પાસેથી પસાર થતો રોડ જાણે વિવિધ સ્કૂટરોનો અને ગાડીઓનો શો કેશ બની ગયો હોય તેમ ફલાંગો સુધી માત્ર રંગબેરંગી વાહનો જ દેખાતા હતા. સાત સાત રવિવારથી શિબિરમાં આવતાં સાતસો યુવાનો આજે એમના મિત્રોને પણ પરાણે તાણી લાવ્યા હતા. શિબિરમાં પૂજ્યશ્રી મંગલાચરણ કરીને 'વેપારશુદ્ધિ' એ વિષય પરનું પ્રવચન શરૂ કર્યું.

આજીવિકાના સાત ઉપાયો, ધંધામાં ચાર શુદ્ધિ; શેરોમાં થતું અયોગ્ય રોકાણ, ધંધાની ખોટી પસંદગી, પંદર કર્માદાન, ફાર્મિંગ, શીપીંગ, કેમીકલ્સ, પોઈઝન, ડ્રગ્સ, મટનટેલો વગેરે વેપારોમાં થતી ઘોર હિંસાઓ ઈત્યાદિ વિષયોને સ્પર્શતાં, સ્પર્શતાં વચ્ચે સાવધાનીની સાયરન બજાવતાં બજાવતાં વેપારશુદ્ધિનાં પ્રવચનો પૂર્ણ કરતાં સાડા બાર વાગી ગયા હતા. સાડા નવથી સાડા બાર સુધીના સતત ૩ કલાકના પ્રવચનમાં યુવાનો જરા પણ કંટાળ્યા ન હતા. 'બ્રહ્મચર્ય' એ વિષય પરનું બીજું પ્રવચન બાકી હતું પણ શિબિરનો સમગ્ર સમય પ્રથમ પ્રવચનમાં જ પૂર્ણ થઈ ગયો હતો. 'સર્વમંગલ' જ કરી દેવાનું હતું પણ યુવાનો ઊઠવા તૈયાર ન હતા. ભલે સાંજે પાંચ વાગે પણ બીજું પ્રવચન સાંભળ્યા વિના ઊઠવું નથી. જમવું પણ નથી. પહેલા પ્રવચન પછી બીજું બધું, વચલો માર્ગ કાઢતાં પૂજ્યશ્રીએ કહ્યું કે જમીને આવો પછી ફરી એક કલાકનું પ્રવચન ગોઠવીએ પણ યુવાનો ન જ માન્યા ! એમનો ઉત્સાહ જોઈને પૂજ્યશ્રીએ બીજા પ્રવચનનો પ્રારંભ કર્યો. ઉપાશ્રયનો વિરાટહોલ, ઉપરની ગેલેરી, સાઈડની ચાર ચાર રૂમો અને હોલને ચારેકોર ફરતી ખુલ્લી ગેલેરીમાં બધે જ યુવાનો ઠાંસીઠાંસીને ચિક્કાર ભર્યા હતા. જાણે મુંબઈમાં વિરારથી વીટી તરફ દોડતી લોકલ ટ્રેન. યુવાનોના જીવનને પાયમાલ કરતી અબ્રહ્મની વાસનાઓને પડકારતા આ પ્રવચનની જ્યારે પૂર્ણાહુતિ થઈ ત્યારે ઘડિયાળે અઢીનો ટકોરો પાડીને કલાકે કલાકે ખાવા છતાં ન ધરાતા આ યુવાનોનો પેટલાદપુર પરનો વિજય જાહેર કર્યો હતો. સમગ્ર શિબિરોનું સંચાલન યુવા કાર્યકર શ્રી કલ્પેશભાઈએ કર્યું હતું. નારણપુરા શ્રી સંઘનો અને ટ્રસ્ટીગણનો સાથ સહકાર અને સેવા અનુમોદનીય રહી હતી. શ્રી સંઘના યુવાનોએ તનતોડ મહેનત કરીને તમામ ફંકશનોને યશસ્વી બનાવ્યાં હતાં. રવિવારે યોજાતી આ શિબિરોમાં અમદાવાદનાં તમામ વિસ્તારોમાંથી બારેજડી-નાંદેજ, મહેસાણા, ગાંધીનગર, વિરમગામ, પેટલાદ, સુરત, મુંબઈ,

મહેમદાવાદ, બારેજા આદિ અનેક સ્થળોથી યુવાનો ઉપસ્થિત રહેતા હતા.

સંભવિત આગામી કાર્યક્રમો :

(૧) તા. ૨૦-૯-૮૭ રવિવાર સમગ્ર ગુજરાતની પાંજરાપોળોના સંચાલકો તથા કાર્યકર્તાઓની એક મિટિંગ સવારે ૯ થી ૧૨.

(૨) તા. ૪-૧૦-૮૭ રવિવારે શિશુશિબિરનાં બાળકો દ્વારા 'દાનવીર જગડૂશા' એ વિષય પર સંવાદ તથા પરીક્ષાનું પરિણામ, સાથોસાથ અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ યોજિત પરીક્ષાનાં પરિણામની જાહેરાત.

શિબિરનો પ્રારંભ અને પૂર્ણાહુતિ

વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ આજથી બાવીશ વર્ષ પૂર્વે અચલગઢથી પવિત્ર ધરતી પર શિબિરોનાં સૌ પ્રથમ શ્રી ગણેશ માંડ્યા. વાંધા, વિરોધ અને વંટોળ વચ્ચે યુવા આલમની સીકલ બદલવાની આ પુરુષાર્થ યાત્રા પ્રતિવર્ષ ગ્રીષ્મ વેકેશનમાં આગેકૂચ કરતી રહી. જેના રૂડા પ્રતાપે અનેક યુવાનો શ્રમણો બન્યા, અનેક યુવાનો સાચા શ્રાવકો બન્યા ! કોક કુમારપાળ બન્યા તો કોક કલ્પેશ બન્યા ! જૈન શાસનને પૂજ્ય આચાર્યદેવશ્રીએ કરેલી આ વિશિષ્ટ દેન ક્યારેય પણ ભૂલી શકાશે નહિ. જૈન સંઘ સદૈવ તેઓશ્રીનો ઋણી બની રહેશે.

નારણપુરા શ્રી સંઘના આંગણે પણ પૂજ્યશ્રીની પધરામણી બાદ શિબિરનો પ્રારંભ થયો. ઉદ્ઘાટન વિધિમાં મુંબઈથી શેઠશ્રી સુમતિલાલ દેવચંદ, શેઠશ્રી સુભાષભાઈ, ઉત્સાહી યુવાન કાર્યકર્તાશ્રી રાજેશભાઈ પધાર્યા હતા. અતિથિ વિશેષ તરીકે સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પરમ ભક્ત શ્રીયુત શેઠશ્રી રમણલાલ વજેચંદ આદિ પધાર્યા હતાં.

જ્ઞાનદીપક પ્રગટાવી ઉદ્ઘાટનવિધિ સંપન્ન થયા પછી પૂજ્યશ્રીએ શાસન સ્થાપના પૂર્વે પરમાત્માએ કરેલ સાધના કાળનું વર્ણન કરીને આજે જ પહેલ વહેલા શિબિરમાં દાખલ થયેલા યુવાનોના હૃદય ભીંજવી નાખ્યાં હતા. એ વાતની ચાડી ખાવાનું કામ તેમની આંખોએ જ બજાવ્યું હતું. પ્રથમ પ્રવચન પૂર્ણ થયા બાદ આમંત્રિત મહેમાનો, વડીલો અને વૃદ્ધોને સન્માન ભરી વિદાય આપીને પછી બીજા પ્રવચનમાં પૂજ્યશ્રીએ યુવાનોની નાડ હાથમાં લીધી હતી. અને તેમના જીવનમાં ઘૂસી ગયેલા વાયરસને પકડી પાડ્યા હતા. નિદાન સાચું થયું હતું. એટલે દવા લાગું પડે જ છૂટકો હતો. એક પછી એક રવિવાર પસાર થતો રહ્યો અને સાતમો રવિવાર

આવી લાગ્યો, બીડી, સીગરેટ, પાન પરાગ, તમાકું, બીયર, વીસ્કી, સ્કોચ વીસ્કી, જોઈટ રેન્ડ્રક્સ, પેથોડી, ફોર્ટવીન, ચરસ, ગાંજો, અફિણ, માર્ફિન, ભાંગ, એલ.એસ.ડી., કોકેન હેરોઈન અને બ્રાઉનસુગર આદિ તમામ નશાબાજ ચીજોના રીએકશન પૂજ્યશ્રીએ એવી દર્દભરી ભાષામાં રજૂ કર્યા કે યુવાનો રડી પડ્યાં અને સામેથી પોકાર ઊઠ્યા બસ ગુરુદેવ ! બસ ! હવે વધુ શ્રમ ન લેશો. અમને પ્રતિજ્ઞા કરાવી દો. આ બધા વ્યસનોનો આજથી ત્યાગ ! શુભ ઘડી, પળ અને ચોઘડીયું આવ્યું એકી ધડાકે સાત સો યુવાનો સોફા કમબેડની સ્પ્રીંગની જેમ ઊભા થઈ ગયા. જીવનમાં બ્લડ સુગરની જેમ ઘૂસી ગયેલા તમામ વ્યસનોને અલવિદા કરી દીધી. આ પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં રોજનાં ૫૦ પાન મસાલા ખાવાવાળા રાત્રે સૂઈ જતાં મોમાં પાનનો ડૂચો મૂકીને સૂઈ જવાવાળા યુવાનો પણ હતા.

આ વ્યસન ત્યાગની પ્રતિજ્ઞાની સાથોસાથ 'સ્વસ્ત્રી સંતોષ વ્રત'ની એક ભીષ્મ પ્રતિજ્ઞા પણ સાતસોએ સાતસો યુવાનોએ સ્વીકારીને આજના આ નપાવટ કાળમાં એક ગજબ આદર્શ ઊભો કર્યો હતો.

• • •

'ચાલો જિનાલયે જઈએ'

જમાનો પલટાયો છે, પ્રવાહ જરા બદલાયો છે અને પેઢીઓથી ચાલ્યો આવતો સંસ્કારોનો વારસો જોખમમાં મૂકાયો છે.

ગામડાં અને પોળોનાં જૈન પાડોશ છોડીને આજે લોકો દૂરદૂરનાં સોસાયટીના એરીયામાં બંધ બારણાવાળાં કેપ્સ્યૂલ જેવા પેક મકાનોમાં રહેવા લાગ્યા છે. બાળકોને કોન્વેન્ટમાં ભણાવે છે. સ્પોર્ટસ ક્લબમાં મોકલે છે. કુલુ-મનાલી અને દાર્જીલીંગના ટુરમાં મોકલે છે. કે.જી.થી માંડીને કૉલેજ સુધીમાં આધુનિકતાનાં ઝેર પી પી ને તૈયાર થયેલ એ બધા પ્રીન્સ ચાર્લ્સ (!)ને મા-બાપોએ ક્યારેય સદ્ગુરુનો સમાગમ કરાવ્યો જ નથી.

પ્રભુપૂજા વિના જીવાય જ નહિ એવી કોઈ વાત ક્યારેય દીકરાને સમજાવી જ નથી. જૈનકુળમાં જન્મવા છતાં મા-બાપોની ભૂલના કારણે ધર્મથી સાવ જ કોરી રહી ગયેલી આજની આ યુવા પેઢીને નજરમાં લઈને **'ચાલો જિનાલયે જઈએ'** નામના પુસ્તકનું આલેખન કરવામાં આવ્યું છે. જેમાં મંદિર પ્રવેશ, નમસ્કાર, પૂજા, ચૈત્યવંદન આદિ વિધિઓના રહસ્યો વગેરે એટલી ભરપૂર સામગ્રી પીરસવામાં આવી છે કે સહુ માટે આ પ્રકાશન એક રોડ મેપ યા ગાઈડની ગરજ સારે છે.

આજના યુવાનોએ આ પ્રકાશનને અતીવ પ્રેમથી સ્વીકાર્યું છે. માટે જ અત્યાર સુધીમાં એની ત્રણ ત્રણ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. પૂર્વની ત્રણ આવૃત્તિ કરતાં હવેથી ચોથી આવૃત્તિમાં નવા ઘણા સુધારા સાથે લગભગ એંશી ટકા મેટર નવેસરથી મૂકવામાં આવ્યું છે. આપે જો પૂર્વની આવૃત્તિ વાંચી હોય તો ચોથી આવૃત્તિ અવશ્ય વાંચજો. નીચેના એડ્રેસેથી પુસ્તક આપ મેળવી શકશો. **(કિ. રૂા. : ૧૨).**

૧. જયેશકુમાર ભણશાલી, ૫/૬ વિશાલ, દિનેશ હોલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ.

૨. કુમારપાલ વિ. શાહ, ૬૮/ગુલાલવાડી, ૩ જે માળે, મુંબઈ-૪.

૩. પ્રવીણ સી. શાહ, ૧૨૨/વૃજેશ એપાર્ટમેન્ટ, ભાદરણ નગર, મલાડ, વેસ્ટ મુંબઈ.

પ્રસ્તુત પુસ્તકના આધારે એક ઓપન બુક એક્ઝામનું આયોજન તા. ૧૧-૧૦-'૮૭ નાં રોજ કરવામાં આવેલ છે. જેમાં રૂા. ૧૫૦૧ થી માંડીને રૂા. ૨૫૧ નાં વિવિધ ઈનામો પણ રાખવામાં આવેલ છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૬,અંક-૧૯,તા.૬-૨-૧૯૮૮

● **કુંભોજગિરિ તીર્થ :** દક્ષિણ ભારતના શત્રુંજય સમા લેખાતા આ તીર્થમાં પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ને પંચપ્રસ્થાન સૂરિમંત્રની આરાધના સુંદર રીતે ચાલી રહી છે. પોષ સુદિ ૧૨ના રોજ બહારગામથી પધારેલા અનેક આરાધકોએ ૧ લાખ નવકારના જાપની પવિત્ર આરાધનાના મંગલાચરણ કર્યા છે. બપોરે ૨-૦૦ કલાકે પૂજ્યશ્રીના શિષ્ય-પ્રશિષ્યો અને સુશ્રાવકવર્ગે અતિશયોક્તિ ન થાય એ રીતે પૂજ્યશ્રીના યથાર્થ ગુણાનુવાદ કર્યા હતા. સાંભળવા માટે કોલ્હાપુર, સાંગલી, વડગાંવ વગેરે ગામોમાંથી અનેક આગેવાનો-આરાધકો દોડી આવ્યા હતા. ગુણાનુવાદ સાંભળતા સાંભળતા શ્રોતાઓ મનોમન પૂજ્યશ્રીની એક પ્રભાવક આચાર્ય તરીકે યથાર્થ પીછાણ પામીને ગદ્ગદ થયા હતા. ગુણાનુવાદ બાદ શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનના જિનાલયમાં શ્રી પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. તદુપરાંત વાપી વગેરે સ્થળેથી અત્રે પધારેલ ભક્તવર્ગ તરફથી બે સંઘપૂજન થયા હતા.

મહારાષ્ટ્રના શત્રુંજય તુલ્ય કુંભોજગિરી તીર્થમાં **કુંભોજ તીર્થમંડન** શ્રી

જગવલ્લભ પાર્શ્વનાથ પ્રભુની શીતલ છાયામાં અને વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા આદિ પૂજ્યોના તારક સાનિધ્યમાં પોશ દશમીના સામુદાયિક અક્રમતપની ભવ્ય આરાધના થઈ. પછી કુંભોજ તીર્થમાં પોષ સુદ-૧૨ થી એકાસણ તપ સાથે એક લાખ નવકાર મહામંત્રનાં જાપની ૨૦ દિવસની સામુદાયિક આરાધનાનો પ્રારંભ થયો. રોજ એકેક ફૂલે શ્રી નમસ્કાર મહામંત્રનાં સ્મરણપૂર્વક ૫૦૦૦ ફૂલથી નિત્ય પ્રભુજીની પૂજા, રોજની ૫૦ માળાનો જાપ, ઉભયટંક પ્રતિક્રમણ, દેવવંદન આદિ પૂર્ણ વિધિ સાથે મહારાષ્ટ્ર અને કર્ણાટકના અનેક ગામોમાંથી પધારેલા અનેક આબાલવૃદ્ધ આરાધકોએ આ મંગલમય આરાધનાનો અનુપમ આસ્વાદ ચાખ્યો. શ્રી નમસ્કાર મહામંત્રનાં અચિન્ત્ય પ્રભાવનું પ્રકાશન કરનારા બબ્બે પ્રવચનો પૂજ્ય ગુરુભગવંતો નિત્ય ફરમાવતા, પૂજ્યપાદ આચાર્ય ભગવંતનાં સાનિધ્યમાં પ્રભુજીનું ચૈત્યવંદન કરતી વેળા સહુ આરાધકો ભક્તિરસમાં તરબોળ બની જતા હતા. નવસારીથી ખાસ પધારેલ શ્રાદ્ધવર્ય શ્રીયુત બાબુભાઈ કડીવાલાએ ૩ દિવસ આરાધકો સમક્ષ શ્રી નમસ્કાર મહામંત્રનાં અદ્ભુત રહસ્યોનું બ્યાન કર્યું હતું.

બે દિવસ પૂજ્ય મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજે અરિહંત વંદનાની વિશિષ્ટ આરાધના આરાધકોને કરાવી હતી.

નમસ્કાર મહામંત્રની આ ૨૦ દિવસીય આરાધનાની સાથે જ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની સૂરિમંત્ર દ્વિતીય પ્રસ્થાનની બહુધા મૌન સાથેની આરાધનાની પણ પૂર્ણાહુતિ થઈ. તે નિમિત્તે મહા સુદ-૨ ના તા. ૨૦-૧-૮૮ દિને મહાપ્રભાવી શ્રી સૂરિમંત્ર મહાપૂજન વિસ્તૃત વિધિથી જૈન ધર્મશાળાનાં પટાંગણમાં ભણાવાયું. સાંગલીવાળા ભીકુભાઈનાં વ્યવસ્થિત વિધિવિધાનથી શ્રાવક શ્રાવિકાઓ પણ ખૂબ ભક્તિ વિભોર બન્યા.

પોષ વદ-પાંચમ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ.સા.ના ૩૮ માં દીક્ષા દિન નિમિત્તે અનેક ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવુકો ઉપસ્થિત થયા હતા. તે દિવસે તેમણે સિદ્ધાંતમહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા આદિ ગુરુભગવંતોનાં ઉપકારો અને મહાન ગુણોનું હૃદયસ્પર્શી વર્ણન કર્યું હતું. તેમના સંસારી બંધુ મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ સાહેબે પણ પૂજ્યોનાં અગણિત ઉપકારોની ઝાંખી કરાવી હતી. આ પ્રસંગ નિમિત્તે સુરત નિવાસી ડી. સુભાષચંદ્રની કંપની તરફથી શ્રી પાર્શ્વપદ્માવતી પૂજન ભણાવવામાં આવ્યું.

પોષ વદ-૧૦ ના દિને તપસ્વીરત્ન પૂજ્ય મુનિરાજશ્રી જયસોમવિજયજી મ.સા.ની વર્ધમાન તપની ૧૦૫મી ઓળીનું પારણું થયું. તપસ્વી મુનિરાજનાં પારણાનો લાભ લેવા ભાવુકો અત્યંત ઉત્સાહિત બન્યા હતા અને તપ જપનાં વિશિષ્ટ સંકલ્પો કરીને લાભ લીધો. આ પ્રસંગે પૂ. મુનિરાજશ્રીનાં સંસારી સંબંધીઓ તરફથી ભક્તામરસ્તોત્ર મહાપૂજન ભણાવવામાં અત્યંત ઉલ્લાસથી આવ્યું હતું.

મહા સુદ-૨ સકલાગમરહસ્યવેદી સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ તિથિ હોવાથી તેઓશ્રીનાં ગુણાનુવાદની સભાનું આયોજન થયું હતું, પૂજ્ય ગુરુભગવંતે તેઓશ્રીનાં સમૃદ્ધ ગુણવૈભવનો સભાને પરિચય આપ્યો હતો.

અત્રેથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ પ્રસંગે વડગામ (પેઠ) પધારશે.

ત્યારબાદ મહા સુદ-૧૦ ના દિને આ તીર્થભૂમિમાં જ ઉજવનારા પદપ્રદાન મહોત્સવ પ્રસંગે પધારશે તે દિવસે ત્રણ મહાત્માઓને પદપ્રદાન કરવામાં આવશે.

મહા વદમાં સાંગલી શિવાજીનગરમાં ઉજવનારા ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવનાં પ્રસંગે પૂજ્યપાદશ્રી સાંગલી પધારશે.

''દિવ્ય-દર્શન'' - **''શાસન પ્રભાવના''** વર્ષ-૩૬,અંક-૨૨,તા.૨૭-૨-૧૯૮૮

સાંગલીનગરે અભૂતપૂર્વ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ

છેલ્લા બાર માસથી મહારાષ્ટ્રમાં ઉજવાઈ રહેલ વિવિધ જૈનશાસન-પ્રભાવક ભવ્ય પ્રસંગો પર સુવર્ણકલશનું આરોપણ

સાંગલી (મહારાષ્ટ્ર)ની જૈન-જૈનેતર જનતાએ વિના વાદળ અમૃતવૃષ્ટિનો અનુભવ કર્યો. મહા સુદ-૧૪ થી મહા વદ-૭ સુધી ઉજવાયેલા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે લોકહૃદયના મહાસાગરમાં આનંદની અભૂતપૂર્વ ભરતી ઉભરાઈ રહી હતી.

છેલ્લા કેટલાક વર્ષોમાં જેમ સાંગલી નગરે વિકાસ સાધ્યો છે તેમ સાંગલી જૈન સંઘની ધર્મ ભાવનામાં પણ વિકાસ જોવા મળે છે. મુખ્ય દેરાસર તો સાંગલીમાં અમીઝરા પાર્શ્વનાથ ભગવાનનું એક જ છે. પણ કેટલાક વખતથી દક્ષિણ શિવાજીનગર વિભાગમાં જૈનોની વસતિ જેમ જેમ વધતી ગઈ તેમ ભક્તિ પૂજાદિ અનુષ્ઠાનો માટે એક દેરાસરની ખોટ પણ બધાને સાલવા માંડી.

શ્રી ગોપાલદાસ નારાયણદાસ શાહે નૂતન જિનમંદિર અને ઉપાશ્રયના નિર્માણ માટે વિશાલ ભૂમિનો પ્લોટ અર્પણ કર્યો. તે ભૂમિ ઉપર શ્રી વ્રજલાલ ચુનીલાલ વોરાના સુપુત્રો શ્રી ચંદ્રકાન્તભાઈ અને શ્રી સુભાષભાઈએ નાશવંત લક્ષ્મીનો અક્ષયલક્ષ્મી કરનાર એક ઉપાશ્રય અને તેના ઉપરના માળે સુંદર સામરણથી સુશોભિત જિનાલયનું નિર્માણ કર્યું અને ઘણું મોટું મૂલ્ય ચુકવીને ૪૧ ઈંચની વિશાલ શ્રી મહાવીરસ્વામી ભગવાનની પ્રતિમા વગેરે જિનપ્રતિમાઓ પ્રાપ્ત કરી.

હવે તેની પ્રાણપ્રતિષ્ઠા (અંજનશલાકા) અને પ્રતિષ્ઠા (ગાદીનશીન) કરવાની શુભ ઘડીઓ ગણાઈ રહી હતી.

સાંગલીનગરના સકલ શ્રી સંઘને આ સંપૂર્ણ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવવાના કોડ જાગ્યા. સાંગલી નગરમાં તાજેતરમાં જ ચોમાસું અને ઉપધાન કરાવનાર પૂજ્યપાદ આચાર્યશ્રી ધર્મજિતસૂરિ મહારાજ તથા પૂ. પંન્યાસ જયશેખર વિ. ગણિવરની મંગલ પ્રેરણા પ્રાપ્ત થતાં સાંગલીના સકલ શ્રી સંઘના અગ્રણીઓ અને શ્રી ચંદ્રકાન્તભાઈ-સુભાષભાઈ વગેરેએ ભેગા મળીને, નજીકમાં કુંભોજગિરિ તીર્થે શ્રી સૂરિમન્ત્રની આરાધનામાં નિમગ્ન વર્ધમાન-તપોનિધિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.ને સપરિવાર ઉપરોક્ત મંગલ પ્રસંગે સાંગલી પધારવા અને પ્રાણપ્રતિષ્ઠા શુભ કાર્યો કરાવી આપવા નમ્ર ભાવે આગ્રહપૂર્ણ વિનંતી કરી, પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો.

મહા વદ-૬ અને ૭ના શુભ મુહૂર્તે ક્રમશઃ અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવવાનો નિર્ધાર થયો. તથા તે માટે પૂજ્યશ્રીને સાંગલીનગર પ્રવેશનું મુહૂર્ત ઠેઠ મહા સુદ-૧૪ના આવતું હોવાથી તે પૂર્વે શ્રી સંઘમાં ઉત્સાહ વધે અને જાગૃતિ આવે તે માટે શ્રી સંઘની વિનંતીથી પૂજ્યશ્રીએ વિરાગી વ્યાખ્યાતા મુનિરાજશ્રી ભુવનસુંદર વિજય મ. આદિને સાંગલી મોકલ્યા. મુનિશ્રીના પ્રભાવક પ્રવચનોથી શ્રી સંઘમાં ઘણો ઉત્સાહ વધ્યો અને શ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ માટે શ્રી સંઘે સારી મોટી રકમની ટીપ કરી.

નૂતન મંદિરમાં મૂળનાયક રૂપે ૪૧''ના શ્રી મહાવીરસ્વામી ભગવાનના પ્રતિમાજી તથા બીજા જે પ્રતિમાજી પધરાવવાના હતા તેમનો નગરપ્રવેશ પોષ વદ-૧૩ રવિવાર તા. ૧૭-૧-૧૯૮૮ના રોજ શ્રી સંઘે ધામધૂમથી કરાવ્યો. આ પ્રસંગે શ્રી સંઘની વિનંતીને લક્ષમાં લઈને પૂજ્યશ્રીની આજ્ઞાથી પૂ. આ. શ્રી ભદ્રગુપ્તસૂરિજી મહારાજ, પૂ. મુ. નંદીભૂષણ વિ. આદિ ઠાણા ખાસ પધાર્યા હતા. પૂજ્ય આચાર્યદેવશ્રીના પ્રવચન-પ્રેરણાથી સોનામાં સુગંધ ભળે તેમ શ્રીસંઘનો ઉલ્લાસ

ખૂબ જ વધી ગયો. પૂજ્યશ્રીએ પ્રવચનમાં ફરમાવ્યું કે 'જેમ એક રોબોટ (યાંત્રિક માનવ) બનાવવા લાખો રૂપિયા જોઈએ, વળી તેમાં હજારો સ્પેરપાર્ટ્સ હોય અને ઈજનેરો સહિત અનેક માનવોની સર્જનશક્તિ તેમાં કામે લાગી હોય. આટલું થાય ત્યારે એક રોબોટનું નિર્માણ થાય અને ૧૦૦ માણસનું કામ એના એકલાથી થાય. ત્યારે આપણે તો અહીં પ્રતિમાજીને પરમાત્માનું સ્વરૂપ આપવાનું છે - તે માટે કરોડો રૂપિયા ખર્યાય તો તે લેખે છે, રોબોટનું નિર્માણ યંત્રશક્તિથી થતું હશે પણ પરમાત્માનું નિર્માણ આપણે મંત્રશક્તિથી કરવાનું છે, ઈજનેરોને બદલે અહીં પૂજ્ય આચાર્ય ગુરુદેવશ્રી, બીજા મુનિઓ તથા તમારા સંઘના સદસ્યો અને અનેક શિલ્પી વગેરેની સર્જનશક્તિ કામે લાગવાની છે અને એ રીતે પ્રતિમાજીમાં જે પરમાત્મ સ્વરૂપ પ્રગટ થશે એનાથી હજારો ભવ્ય જીવોનું કામ થવાનું છે - ઉત્થાન થવાનું છે. આ મહાલાભને નજર સમક્ષ રાખીને આ મહોત્સવમાં કોઈપણ જાતની કચાશ રાખતા નહિ..... ઇત્યાદિ ઉપદેશ સાંભળીને પ્રેરાયેલા શ્રી સંઘના અગ્રણીઓએ મહોત્સવ દરમ્યાન સવાર-બપોર-સાંજ સાધર્મિક વાત્સલ્ય અને સાધર્મિક ભક્તિ તથા એક-એક કલ્યાણક મહોત્સવ ધામધૂમથી ઉજવવાનો દૃઢ નિર્ધાર કર્યો. ઈન્દ્ર-ઈંદ્રાણી, ભગવાનના માતા-પિતા વગેરે બનવાની ઉછામણીઓ પણ ઘણી સારી થઈ.

શ્રી સંઘ પૂજ્યપાદ ગુરુભગવંતશ્રીના સ્વાગતની કાગડોળે રાહ જોતો હતો. કુંભોજગિરિમાં સૂરિમંત્રની આરાધના થયા બાદ પૂજ્ય ન્યાયવિશારદ વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ બીજા ત્રણ પૂ. આચાર્યો તથા ૫. પૂ. ઉપાધ્યાયશ્રી યશોભદ્રવિજય મહારાજ આદિ વિશાલ પરિવાર સાથે કુંભોજગિરિથી વિહાર કરી મહા સુદ-૧૪ના સવારે સાંગલી વખારભાગ-મહાવીરનગરે શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનના દેરાસરે પધાર્યા. ચૈત્યવન્દન-દર્શન કર્યા. તે પછી શાનદાર સ્વાગત યાત્રાનો પ્રારંભ થયો. સવારથી જ પૂજ્યશ્રીના સ્વાગત માટે લોકોની પડાપડી ચાલુ થઈ ગઈ હતી. ઘણી મોટી સંખ્યામાં શ્રી સંઘના આગેવાનો અને શ્રાવક-શ્રાવિકાઓ પૂજ્યશ્રીના સામૈયામાં જોડાયા હતા. શ્રી સંઘની વિનંતીથી બહેનોમાં ધર્મપ્રાણ ફૂંકનારા પૂ. સાધ્વીજી હંસકીર્તિશ્રીજી તથા સાધ્વીજીશ્રી અનંતકીર્તિશ્રીજી મહારાજ આદિ સાધ્વીજીઓ પણ પધારેલા તે ય આ સામૈયામાં જોડાયા હતા. દોઢેક કલાક સામૈયું મુખ્ય માર્ગો પર ફર્યા બાદ દક્ષિણ શિવાજીનગરમાં નૂતન નિર્મિત જિનાલય પાસે ઊતર્યું ત્યાં પ્રવચનમંડપમાં પૂજ્યશ્રીએ મંગલ પ્રવચન ફરમાવ્યું. બીજી બાજુ જે ભગવાનની નિશ્રામાં આ મહોત્સવ ઉજવવાનો હતો તે, ખાસ અમલનેરથી લાવવામાં આવેલ શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી વાસુપૂજ્ય સ્વામી અને શ્રી સીમંધર સ્વામી ભગવાન (ત્રિગડું), જિનાલયની

નીચે ઉપાશ્રયમાં બનાવેલ વેદિકા ઉપર વિરાજિત કરવામાં આવ્યા. તથા મહોત્સવના મંગલ પ્રારંભ રૂપે કુંભસ્થાપના-દીપકસ્થાપના વગેરે માંગલિક વિધિવિધાન થયા.

પૂજ્યશ્રીના મંગલ પ્રવચનની લોકો ઉપર જાદુઈ અસર થઈ. રોજ વિશાલ સંખ્યામાં શ્રોતાઓ પૂજ્ય ગુરુભગવંતશ્રીની શાસ્ત્રાનુસારી મધુરી ધર્મવાણી સાંભળવા સમયસર ઉપસ્થિત થઈ જતા હતા.

મહા વદ-૨, આજે શ્રી પાદલિપ્તાચાર્ય વિરચિત 'નિર્વાણકલિકા' શાસ્ત્રમાં આખાય પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગમાં મુખ્ય બતાવેલ શ્રી નંદ્યાવર્તપૂજન અર્થે પૂ. આચાર્યદેવ ખાસ કરીને ૨॥ કલાકનો શ્રમ લઈને વિધિપૂર્વક સંપૂર્ણ નંદ્યાવર્તનું આલેખન કર્યું; જેનો સમસ્ત પ્રતિષ્ઠા પ્રસંગો પર ભારે પ્રભાવ પડે છે.

મહા વદ-૩ શનિવાર તા. ૬-૨-૧૯૮૮ના રોજ માતા-પિતા થવાની ઉછામણી લેનાર શ્રાદ્ધવર્ય શ્રી રતનશીભાઈ-કલ્યાણજી જેઠાભાઈ ખોના પરિવારમાંથી રતનશીભાઈના પુત્ર શ્રી માણેકભાઈ અને તેમના ધર્મપત્નીની પિતાશ્રી સિદ્ધાર્થરાજા અને રાણી શ્રી ત્રિશલામાતા તરીકે સ્થાપના થઈ. તેમજ ઈન્દ્ર-ઈન્દ્રાણી થવાની ઉછામણીનો લાભ લેનાર સુશ્રાવક શ્રી ધરમચંદ ભિકુભાઈ શાહ તથા તેમના સુશીલા ધર્મપત્નીની ઈન્દ્ર-ઈન્દ્રાણી તરીકે સ્થાપના થઈ. ભવ્ય સજાવટવાળા સ્ટેજ ઉપર પાત્રોચિત પરિવેશ ધારણ કરીને બિરાજેલા માતા-પિતા અને ઈન્દ્ર-ઈન્દ્રાણીના દબદબાને જોઈને ઘણાને મનમાં થયું કે આ લોકો ખરો લાભ ખાટી ગયા. આપણને આવી ખબર નહિ...

આજથી શ્રી મહાવીરસ્વામી ભગવાનના કલ્યાણકોની ઉજવણીનો પ્રારંભ થયો. તેમાં પૂજ્યશ્રીએ ભગવાનના કલ્યાણકોનો અને તેમાં ય ચ્યવનકલ્યાણકનો વિસ્તૃત મહિમા દર્શાવતું પ્રવચન કર્યું તેથી કલ્યાણકની ઉજવણીનો તાદૃશ ચિતાર જોવા માટે લોકો ઉત્કંઠિત થઈ ગયા કારણ કે છેલ્લા ૫૦ વર્ષમાં આ ઈલાકામાં પહેલપહેલી વાર આ અંજનશલાકા પ્રસંગ જોવાની લોકોને તક મળી રહી હતી.

કલ્યાણકોની ભવ્ય ઉજવણીને જીવંતરૂપે રજૂ કરવા માટે શ્રી સંઘે અમદાવાદથી પ્રસિદ્ધ સંગીતકાર શ્રી ગજાનન ઠાકુરને આમંત્રણ આપીને તેડાવ્યા હતા. તેમના માર્ગદર્શન મુજબ સ્ટેજ ઉપર ચ્યવનકલ્યાણકને અનુરૂપ ૧૪ સ્વપ્ન જોઈ રહેલી માતા વગેરેના આબેહૂબ દૃશ્યો ઊભા કરવામાં આવ્યા હતા. કોમેન્ટ્રી આપવા દ્વારા તેઓ પ્રસંગની મનોરંજક સમજૂતી આપતા હતા અને તેમની કાલી કાલી ભાષામાં અભિનયપૂર્વકની રજૂઆત સાથે જયારે તેમને **"હે માડી ! તારા સપનોનાં શું કરું વખાણ..."** આ સ્વરચિત ગીતને સ્ટેજ ઉપરથી સૂરિલા સંગીત સાથે વહેતું મૂક્યું

ત્યારે તો શ્રોતાઓ-પ્રેક્ષકો એવા મંત્રમુગ્ધ અને દિઙ્મૂઢ થઈ ગયા હતા કે ૯ વાગ્યાથી શરૂ થયેલા કાર્યક્રમમાં બપોરનો દોઢ ક્યાં વાગી ગયો તેની કાંઈ ખબર જ પડી નહીં. સાધર્મિક વાત્સલ્ય ચાલુ થઈ ગયું હોવા છતાં જાણે લોકોને જમવાની કાંઈ પડી જ ન હતી. ગજાનનભાઈની અદા ઉપર સૌ ફીદા હતા. ગજાનનભાઈએ પોતાના વક્તવ્યમાં અનેક આચાર્ય ભગવંતોનો ઉપકાર યાદ કરવા સાથે પૂજ્ય ગુરુદેવશ્રીના ભારે ઉપકારનું સ્મરણ કરતા સ્પષ્ટ કર્યું હતું કે "મારામાં કાંઈ ઝાઝી આવડત નથી પણ એક વાર આ પૂ. ગુરુદેવશ્રીએ મને ટકોર કરી કે તું પોતે પણ ગીત બનાવતા શીખી જાય તો કેવું સારું... અને મેં આ પૂ. ગુરુદેવશ્રીની ટકોરને એક શુભ સંકેત સમજીને તેમના આશીર્વાદપૂર્વક ગીતરચનાનો આરંભ કર્યો અને એના પ્રતાપે જ આજે હું યત્કિંચિત્ ભગવદ્-ભક્તિના ગીતો રચી શક્યો છું." રાત્રે ભાવનામાં પણ તેઓએ ખૂબ સુંદર જમાવટ કરી.

મહા વદ-૪ના દિવસે સવારે ૯ વાગે પૂજ્યપાદશ્રીએ યથાસમય ભગવાનના જન્મપ્રસંગની ભવ્યતાની રજૂઆત કર્યા બાદ ત્રિશલામાતાની કુક્ષિએ ભગવાન મહાવીરનો જન્મ થયો. એ ઘોષણા થતાંની સાથે જ ઉપસ્થિત વિશાળ સમુદાયમાં આનંદની અપૂર્વ ભરતી ઉછળી આવી, બેન્ડવાજાના વાજિંત્રનાદ અને થાળીઓના ગડગડાટ સાથે સમગ્ર જનસમુદાય પુલકિત હૈયે જે નાચ્યો છે જે નાચ્યો છે એ દૃશ્ય તો કદિયે સાંગલીની જનતા વિસરી શકશે નહિ. તે પછી પદ્ દિક્કુમારીકાઓનો ભવ્ય કાર્યક્રમ રજૂ થયો અને સાથે સાથે ગજાનનભાઈએ પોતાના વિશિષ્ટ લહેકા સાથે વચમાં વચમાં અભિનય સહિત કોમેન્ટ્રી આપવાપૂર્વક "હેલે ચડ્યાં રે હૈયાં હેલે ચડ્યાં..... હો હૈયાં૦ એ ગીત એવું જમાવ્યું એવું જમાવ્યું કે બે-બે વાગ્યા સુધી કોઈ ઉઠવાનું નામ લેતુ ન હતું. આજે રવિવાર હતો. વચમાં વચમાં ભગવાનની પ્રતિષ્ઠા વગેરેના ચઢાવાઓ બોલાતા હતા, ને પૂજ્ય ગુરુદેવશ્રી પાવર પૂરતા, એ સાથે ગજાનનભાઈનું સંગીત લોકોના હૈયામાં ત્યાગની મહત્તાનું મોજું ફેલાવતા હતા અને ખરેખર હેલે ચડેલા હૈયાવાળા ભાવિક ભક્તો મન મૂકીને ચઢાવા બોલવા માંડ્યા. ન ધારેલી આવકથી દેવદ્રવ્યની સારી પુષ્ટિ થઈ.

એક બાજુ શાનદાર ઉત્તુંગ મેરુ પર્વતની રચના કરાઈ હતી તેના ઉપર ભગવાનનો જન્માભિષેક ચોસઠ ઇન્દ્ર વગેરેએ કર્યો.

મહા વદ-પના તા. ૮-૨-૧૯૮૮ના રોજ સવારે સિદ્ધાર્થ રાજા સમક્ષ જન્મ વધાઈનો મહોત્સવ ઉજવાયો. પિયંવદા દાસીએ ભારે લહેકાથી વધાઈ આપી. વધામણી દાનમાં મહારાજાએ એનું દાળદર ફેડ્યું ત્યારથી માંડીને ફઈબાએ 'વર્ધમાન' નામ પાડ્યું ત્યાં સુધીના કાર્યક્રમો નિહાળતા લોકો રસતરબોળ થઈ ગયા. ભગવાનને

ધામધૂમથી નિશાળે બેસાડવાનો ઉત્સવ, ઇન્દ્ર મહારાજાનું બ્રાહ્મણ વેશે આગમન, શંકાઓનું નિરાકરણ વગેરે દૃશ્યો જોઈ લોકો ધન્યતાનો અનુભવ કરવા લાગ્યા. નિશાળમાં આવેલા જૈન-જૈનેતર તમામ બાળકોને છૂટે હાથે નોટ-પેન્સિલ વગેરે વહેંચવામાં આવ્યા તે ઉપરાંત ઉદારદિલ શ્રી રતનશીભાઈએ ભાવવૃદ્ધિથી તે જ વખતે દરેક વિદ્યાર્થી બાળકને સારા એવા ઇનામો આપવાની જાહેરાત કરીને રંગ રાખ્યો. ત્યારબાદ વર્ધમાનકુંવરનો લગ્નોત્સવ-મામેરુ અને રાજ્યાભિષેક ઉજવાયા ત્યારે પૂજ્યશ્રીએ સ્પષ્ટતા પણ કરી દીધી કે "ખરેખર વર્ધમાન સ્વામીના જીવનમાં રાજ્યાભિષેકનું પ્રકરણ છે નહિ પણ અહીં આ અંજનશલાકાના મહોત્સવમાં બીજા અનેક જિનબિંબોની પ્રાણપ્રતિષ્ઠા ભેગી ભેગી જ થઈ રહી છે એટલે તે બધાને નજર સામે રાખીને આ રાજ્યાભિષેક અથવા તો ભગવાનની દીક્ષા વખતે માતા-પિતાનું સંબોધન વગેરે પ્રસંગોચિત જ છે." ગજાનનભાઈના ભક્તિસંગીતને સાંભળતાં આજે પણ જનતા પોતાનું ભાન ભૂલી ગઈ હતી. રાજ્યાભિષેક ઉત્સવ ભવ્ય ઉજવાયો. ત્યારબાદ દીક્ષામહોત્સવ પૂર્વે ભગવાને જ્યારે માતાપિતા પાસે દીક્ષાની રજા માગી તે વખતે ખાસ કરીને માતાએ એવું કરુણ ઉદ્બોધન કર્યું કે પોતે ત્યાં ખરેખર રોઈ પડ્યા અને એ રુદન સાચેસાચ બનીને આજના પ્રસંગની પૂર્ણાહુતિ સુધી ચાલુ રહ્યું ! મહા વદ-છઠના દિવસે રાજદરબાર ભરીને બેઠેલા ભગવાન સમક્ષ લોકાન્તિક દેવતાઓ સ્ટેજ ઉપર ઉતરી આવ્યા અને ભગવાનને તીર્થ પ્રવર્તાવવા આગ્રહપૂર્ણ વિનંતી કરી. દિવ્ય અવધિજ્ઞાનથી પોતાના દીક્ષા સમયને નજીક જાણીને ભગવાને વર્ષીદાન દેવાનો પ્રારંભ કર્યો. તેનો વરઘોડો પણ ખૂબ જ ભવ્ય નીકળ્યો. ભગવાનની સાથે રથમાં તેમના માતા-પિત, ભાઈ નંદીવર્ધન, બહેન સુદર્શના, ભાભી વગેરે બેઠા હતા. બધાએ છૂટે હાથે કપડા-પૈસા વગેરે ઉછાળીને વર્ષીદાન આપ્યું અને લેવા માટે લોકોની પણ પડાપડી થઈ રહી.

બપોરે ૩॥-૪ વાગે ફરી કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં જ ભગવાનનો દીક્ષા મહોત્સવ નિહાળવા માટે આખો મંડપ લોકોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. રોજેરોજના અભૂતપૂર્વ મહોત્સવની વાતો જૈન-જૈનેતર જનતામાં પ્રસરતાં પ્રસરતાં રોજ રોજ લોકોની ગિરદી વધતી જ જતી હતી. આશરે ૧૦-૨૦ હજાર લોકો રોજ મહોત્સવના દર્શને આવી જતા હતા. દીક્ષાના મહોત્સવ પ્રસંગે એક બાજુ માતા-પિતા વગેરે પરિવારના મુખ ઉપર થોડી ગમગીની વર્તાતી હતી તો બીજી બાજુ પૂજ્યશ્રીનું મધુર પ્રવચન અને ગજાનનભાઈની સાભિનય ભક્તિ-સંગીતકલા સાથે પ્રસંગાનુરૂપ ભક્તિગીતો વાતાવરણમાં તાજગી અને મધુરતા લાવી રહ્યા હતા. દીક્ષાપ્રસંગ નિહાળવા માટે સૌના હૈયામાં વિસ્મયપૂર્ણ ઊર્મિઓ ઉછાળા મારી રહી

હતી. ભગવાનનો વરઘોડો નગર બહાર ઉદ્યાનમાં ઉતર્યો. વૃક્ષ નીચે ભગવાનની શિબિકા મુકાઈ. તે વખતે માતા-પિતાએ ગમગીન હૈયે પણ સંભળાવેલા આશિષવચનો, કુલ મહત્તરા તથા બેન સુદર્શના અને ભાઈ નંદીવર્ધનના હૃદયવેધી સંવેદનો સાંભળતાં સાંભળતાં કોની આંખ અશ્રુભીની નહીં બની હોય ? પૂજ્યશ્રીએ ભગવાન વતી લોચવિધિ કરી 'કરેમિ સામાઈયં'નો પાઠ ઉચ્ચારી દીક્ષાની ઘોષણા કરી ત્યારે જોનારા ભાવવિભોર બની ગયા. જનસમુદાયના હૈયામાં **'ધન્ય દીક્ષા-ધન્ય ત્યાગ'**ના પડઘા પડ્યા.

રોજ રોજ પૂજ્યપાદ ગુરુદેવશ્રી તથા સહાયક પૂ. પં. શ્રી વિમલસેન વિ. મ. પૂ. મુ. શ્રી નંદીભૂષણ વિ. મ. વગેરે તથા વિધિકાર શ્રી બારશીવાળા ભિખુભાઈ વગેરે, સંપૂર્ણ પવિત્રતા જળવાય અને ક્યાંય પણ કોઈ દોષ ન રહી જાય તેની પૂરેપૂરી સાવધાની રાખવાપૂર્વક પોતપોતાને ઉચિત મંગલ વિધિ-વિધાનના કૃત્યો સમયસર આગળ ધપાવ્યે જતા હતા. એમાં વળી જામનગરના પ્રસિદ્ધ વિધિકારક શ્રી નવીનભાઈ ખાસ આમંત્રણથી પ્લેનમાં આવી પહોંચ્યા. આજે હવે ભગવાનને કેવળજ્ઞાન થયું તેના પ્રતીકરૂપે કરવામાં આવતું સર્વતોમુખ્ય અંજનશલાકાનું વિધાન કરવાની ઘડીઓ નજીક આવી ગઈ હતી. પૂજ્યપાદ ગુરુદેવશ્રી તથા પ. પૂ. આચાર્યશ્રી જયઘોષસૂરિજી, પ. પૂ. આ. શ્રી ભદ્રગુપ્તસૂરિજી તથા પ. પૂ. આ. શ્રી ધર્મજિત્સૂરિજીએ વિશુદ્ધ વસ્ત્રપરિધાન કરીને વિશુદ્ધ ભાવે 'મયિ તદ્રુપ' મારા આત્મામાં સર્વોચ્ચ પરમાત્મ સ્વરૂપનું પ્રણિધાન કરું છું - એવી અભ્યન્તર પ્રાણ-પ્રતિષ્ઠા કરવા સાથે રાત્રે યોગ્ય સમયે શુભ મુહૂર્તે દરેક પ્રભુપ્રતિમાને અધિવાસના કરવાપૂર્વક અત્યંત પવિત્ર અંજનવિધિ કરી નેત્રોન્મિલન કર્યું હતું. અર્થાત્ ભગવાનને કેવલજ્ઞાનરૂપી દિવ્યનેત્રનું ઉન્મીલન થયું છે - એ પ્રમાણે ધામધૂમથી ઘોષણા કરવામાં આવી. સમસ્ત જૈન સંઘના ભાવિક ભકત લોકોએ પણ હવે આ પ્રતિમા એ આપણા તરણ તારણ મહાવીરસ્વામી પરમેશ્વર જ છે એ પ્રમાણે પોતપોતાના પ્રચંડ શુભ ભાવોનું શ્રી જિનબિંબોમાં પ્રણિધાન કર્યું, તે પછી સવારે સમવસરણ ઉપર ભગવાન વતી પૂજ્યશ્રીએ ફરમાવેલી દેશનાનું અમીપાન કર્યું. ત્યારબાદ નિર્વાણ કલ્યાણકની મંગલ ઉજવણીરૂપે દરેક પ્રાણ-પ્રતિષ્ઠિત પ્રભુને વિસ્તારથી મંગલ શ્લોકગાન કરવાપૂર્વક અભિષેકો થયા.

આજે મહા વદ-૭નો શુભ દિન, નૂતન નિર્મિત-જિનાલયના ગર્ભગૃહમાં શ્રી મહાવીરસ્વામી વગેરે પ્રભુ-પ્રતિમાને ગાદીનશીન-સુપ્રતિષ્ઠિત કરવાનો ધન્ય અવસર અત્યંત નજીક આવી ગયો હતો. સવારથી જ જિનાલયની આજુબાજુની વિશાળ ખુલ્લી જગ્યામાં પ્રભુદર્શન માટે પુષ્કળ ધસારો ચાલુ થઈ ગયો હતો. યોગ્ય સમયે

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શિષ્ય પરિવાર સહિત જિનાલયમાં પધાર્યા, પૂ. સાધ્વીજી મહારાજ પણ પધાર્યા. વિધિકારક સુશ્રાવકો શ્રી નવીનભાઈ, બારશીવાળા ભિખુભાઈ તથા સાંગલીના શ્રી ભિકુભાઈ તેમજ ભગવાનની અને ધજાદંડની પ્રતિષ્ઠાનો લહાવો લેનારા સુશ્રાવકોના પરિવારો સમયસર આવી ગયેલા. દેરાસરની બહાર હકડેઠઠ જામી પડેલા ગામ-બહારગામથી પધારેલા ભક્ત ભાવુકો અંદરવાળાની અનુમોદના સાથે મીઠી ઈર્ષ્યા કરતા. દૂર-નજીકના અનેક ગામ-નગરોથી ભક્તો ચારે પાસ વિશાળ સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ૐ પુણ્યાહં પુણ્યાહં..... પ્રિયન્તાં..... પ્રિયન્તામ્ના મંગલ ઘોષ ચાલુ થઈ ગયા હતા. બરાબર ૯.૪૫ પછીના શુભ મુહૂર્તે પૂજ્યશ્રીએ શુદ્ધ મંત્રપાઠપૂર્વક પ્રતિષ્ઠાનો વાસક્ષેપવિધિ કર્યો, પ્રભુપ્રતિમાને ગાદીનશીન કરવામાં આવ્યા અને તે વખતે ભગવાનના ચહેરા ઉપર જે તેજ દેખાતું હતું તે જોઈને સૌ મુગ્ધ બની ગયેલ ! ત્યારબાદ ચતુર્વિધ સંઘ સાથે ભવ્ય ચૈત્યવંદનની ક્રિયા થઈ. તે પછી નીચે મંડપમાં ગુરુપૂજન તથા કામળી ન્યૂંછણા કરી ઓઢાડવાના સારા એવા ચડાવા થયા અને ગુરુપૂજન વગેરે વિધિ થઈ. પ્રતિષ્ઠા થઈ ત્યાર પછી આખો દિવસ નૂતન પ્રતિષ્ઠિત ૪૧" ઉંચના વિશાળ શ્રી મહાવીર સ્વામી ભગવત્પ્રતિમાના દર્શન-પૂજન કરવા માટે ભકતોની ભીડ ચાલુ રહી. બપોરે ઠાઠમાઠથી શ્રી અષ્ટોત્તરી-શાન્તિસ્નાત્ર જિનાલયમાં ભણાવાયું હતું.

આશ્ચર્યની વાત એ છે કે આ સકલ મહોત્સવ દરમ્યાન ક્યાંય ક્યારે પણ કોઈ જાતનું વિઘ્ન આવ્યું નહિ અને આખા સાંગલી શહેરમાં કોઈ ખૂણામાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો હોવાનું સાંભળવા પણ મળ્યું નહિ.

મહા વદ-આઠમના દિવસે સવારના શુભ ઘડીયે દ્વારોદ્ઘાટન વિધિ થયો તે બાદ ચતુર્વિધ સંઘે ચૈત્યવંદન સાથે કર્યું. દરેકના હૈયામાંથી જાણે કે આનંદની ઊર્મિઓ ઉછળતી હોય તેમ ચહેરા ઉપર ભારે હરખ-હરખ ઉભરાતો દેખાતો હતો.

પૂજ્યશ્રીની મંગલ પ્રેરણાથી મહોત્સવ દરમ્યાન જિનાલયમાં ચાલુ વર્ષના આંગી તેમજ અષ્ટપ્રકારી પૂજા સામાન અર્પણ કરવાનો લાભ લેવા માટેના હજારો મણ ઘીના ચઢાવા બોલાયા હતા તથા એક ભાગ્યશાળીએ શ્રી સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખાતે રૂ. ૫૧,૦૦૦-૦૦ ના વિશાળ દાનની જાહેરાત કરી હતી.

પૂરા મહોત્સવ દરમ્યાન ગામ-બહારગામથી પધારેલા જૈનો માટે ત્રણે ટાઈમ સાધર્મિક વાત્સલ્ય-સાધર્મિક ભક્તિનું ખૂબ જ સુંદર આયોજન શ્રી સંઘે કર્યું હતું.

જિનાલય નિર્માણ માટે જગ્યા આપનાર, સ્વદ્રવ્યે જિનાલયનું નિર્માણ કરાવનાર મોટી મોટી બોલીના ચઢાવા લેનારા, સાધર્મિકભક્તિ-સંઘભક્તિ વગેરેનો

લાભ લેનારા, અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ માટે દાન આપનારા તથા તેનું સુંદર આયોજન-સંચાલન-વ્યવસ્થા કરનારા ભાગ્યશાળીઓ તથા રાત-દિવસ જોયા વિના બહુ અલ્પ સમયમાં મંદિર તૈયાર કરનાર જામનગરના પ્રસિદ્ધ શિલ્પી શ્રી વેલજીભાઈ નારણભાઈ, સંગીતકાર અને વિધિકારકો આ બધાનું સાંગલી જૈન સંઘ તરફથી આભારવિધિ સાથે જાહેર બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂજ્યશ્રીની પ્રેરણાથી સકલસંઘે જીવદયાની ટીપમાં ઘણી મોટી રકમોનું દાન જાહેર કર્યું હતું.

મહોત્સવ બાદ પોતપોતાને ગામ-આંગણે સપરિવાર પૂજ્ય ગુરુદેવશ્રીને તેડી જવા માટે ઈસ્લામપુર-વીટા-તાસગાંવ વગેરેના અનેક સંઘોએ જોરદાર વિનંતી કરી હતી. તેનો સ્વીકાર કરીને પૂજ્યશ્રીએ મહા વદ-૯ના દિવસે સાંગલીથી માધવનગર તરફ શુભ ઘડીયે વિહાર લંબાવ્યો. તાસગાંવ-વીટા-ઈસ્લામપુર વગેરે શ્રી સંઘોને યથોચિત લાભ આપીને પૂજ્યશ્રી લગભગ ફા. સુદ-૧૨ની આસપાસ કુંભોજગિરિ તીર્થે પધારશે - ત્યાંથી ફા. વદ-૩ના બેંગલોરના અગ્રણીઓ તરફથી કાઢવામાં આવતા પદયાત્રા-સંઘનું બેંગલોર તરફ મંગલ પ્રયાણ નક્કી થયું છે.

'આવા પૂજ્ય ગુરુદેવશ્રીની સેવા મળે ક્યાથી ?' એમ સમજીને સાંગલી શ્રી સંઘના ભાઈઓ સદાને માટે પૂજ્યશ્રીની સેવામાં ખડે પગે ઊભા રહેતા ધન્યતા અનુભવતા હતા.

'આવો યાદગાર - ચિરસ્મરણીય - ભક્તિભાવસભર હર્ષોલ્લાસવર્ધક-ભાવોલ્લાસસંવર્ધક-અપૂર્વનિર્જરાસાધક-આત્મશુદ્ધિપ્રેરક ભવ્ય મહોત્સવ ફરી ક્યારે ઉજવાશે તેની સાંગલીનો જૈન સંઘ રાહ જોઈ રહ્યો છે.

મહોત્સવની વિશિષ્ટતાઓ :

વર્ધમાન તપોનિધિ સંઘહિતચિંતક પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન નિશ્રા - કુલ ચાર આચાર્ય અને એક ઉપાધ્યાય તથા પ્રવર્તકપ્રવર મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજય-પ્રવર્તક 'મુનિશ્રી યોગીન્દ્રવિજય તથા પંન્યાસજી વગેરે કુલ ૬૦ ઉપર પૂ. મહાત્માઓનું પવિત્ર સાંનિધ્ય - ભવ્ય નગરપ્રવેશ મહોત્સવ - ૪૧''ની શ્રી મહાવીરસ્વામી ભગવાનની બેનમૂન સૌંદર્યવતી મૂર્તિ - જિનાલય માટે સ્વભૂમિનું દાન-સ્વદ્રવ્યે જિનાલયનું નિર્માણ - દક્ષિણ શિવાજીનગર અને સાંગલી શ્રી સંઘ બધાએ હળી-મળીને આયોજિત કરેલ મહોત્સવ. - શુદ્ધ કોટિના વિધિવિધાન-સાધર્મિક ભક્તિની સુંદરતમ વ્યવસ્થા - પ્રસંગે પ્રસંગે પૂજ્યશ્રીના પ્રેરક ભાવવર્ધક માર્મિક પ્રવચનો - ૩૧ ઠાણા પૂ. સાધ્વીજી મ. ની ઉપસ્થિતિ - દેવદ્રવ્યાદિની નોંધપાત્ર વૃદ્ધિકારક

ઉછરામણીઓ - શ્રી ગજાનનભાઈની ભક્તિવર્ધક સંગીત સહ અભિનય કલા - રાજદરબારને પણ ટપી જાય એવો સ્ટેજનો શણગાર - જુદા જુદા કલ્યાણક પ્રસંગોની હરખભેર ઉજવણી.

આવી અનેક વિશેષતાઓથી સભર આ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવની જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે.

''દિવ્ય-દર્શન'' - **''શાસન પ્રભાવના''** વર્ષ-૩૬,અંક-૨૫,તા.૧૯-૩-૧૯૮૮

દક્ષિણ ભારતની ધરાને પાવન કરવા યાત્રાસંઘ સાથે પધારતા વર્ધમાનતપોનિધિ પૂજ્યશ્રીના પાવન પગલે...૧

વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા પોતાના વિશાલ શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવાર સાથે દક્ષિણ મહારાષ્ટ્રમાં અનેક ગામ-નગર-શહેરોમાં ધર્મની હેલી વરસાવી દક્ષિણ ભારતના બેંગલોર શહેરમાં ધર્મની પ્રભાવના કરવા કુંભોજગિરિ તીર્થ થી ૬ માર્ચના રોજ પગપાળા સંઘ સાથે પ્રયાણ કરેલ છે...

બેંગલોર ચીકપેઠ આદિનાથ જૈન દેરાસર ટ્રસ્ટ સંઘના આરાધક ભાઈઓની બેંગલોર પધારવાની વિનંતી વારંવારની હતી જે આ વખતે પૂર્ણ થતાં શ્રી સંઘે પૂજ્યશ્રીને યાત્રા-સંઘ સાથે બેંગલોર લઈ જવાનું નક્કી કરેલ તે મુજબ ૪ માર્ચના રોજ ૬ બસ સાથે બેંગલોરથી નીકળી ૫ માર્ચના રોજ સવારે યાત્રિકો કુંભોજગિરિ આવી ગયા... શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દાદાની યાત્રા કરી બપોરે શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવેલ... રાત્રે કુંભોજગિરિ ટ્રસ્ટના સભ્યો દ્વારા સંઘવીઓના બહુમાન થયા... ૬ માર્ચના સવારે ૬॥ વાગે સંઘમાળની મંગળક્રિયા ચાલુ થઈ.

સંઘવીશ્રી શા. સરેમલજી શીવલાલજી...

શા. દુધમલજી એન્ડ બ્રધર્સ...

શા. માંગીલાલજી એન્ડ કો.

શા એસ. કપુરચંદજી એન્ડ કો.

શા. મૈસુર પેપર સપ્લાયર્સ...

પાંચેય સંઘવીજીની સંઘમાળની ક્રિયા થયા બાદ કુંભોજગિરિ તીર્થના ભોજનશાળાના મકાન ઉપર નવનિર્માણ થનારા ઉપાશ્રયમાં મુખ્ય નામના આયોજનની વાત થતાં ખૂબ જ ઉલ્લાસથી એસ. કપૂરચંદ એન્ડ કો.એ લાભ લીધો...

મંગળ મુહૂર્તે વિવિધ વાજિંત્રોના નાદ ગાજી ઊઠ્યા, અનેક યાત્રાળુઓ સહિત સેંકડો ભાવિકોના હર્ષારવ વચ્ચે પૂજ્યશ્રીનું સંઘ સાથે પ્રયાણ ચાલુ થયું...

પૂ. આચાર્યશ્રી વિજય ભદ્રગુપ્તસૂરિજી મહારાજ; ૧॥-૨ કિલોમીટર સંઘ સાથે પધારી પોતાનું ચોમાસું પૂના બુધવારપેઠ નક્કી થયેલ હોવાથી પાછા પધારી પૂના તરફ પધાર્યા છે...

પહેલા મુકામ સુધી પૂ.આ.શ્રી વિજય ધર્મજિત્ સૂરિજી મહારાજ પધારી સમી સાંજે કોલ્હાપુર તરફ પધાર્યા (લક્ષ્મીપુરી સંઘની આગ્રહભરી વિનંતીથી તેઓનું ચોમાસું ત્યાં નક્કી થયેલ છે...)

સંઘમાં દરેક ભાગ્યશાળીઓનું સંઘપૂજનની પડાપડી થઈ ૨૮-૨૮ રૂા.નું સંઘપૂજન થયું...

૭ માર્ચે પૂજ્યશ્રી સવારના સંઘ સાથે ઈચલકરંજી પધાર્યા ત્યાં ભવ્યસામૈયું-સંઘવીજીનું બહુમાન વગેરે થયું... ૭ અને ૮ માર્ચ ઈચલકરંજી રોકાઈ પૂજ્યશ્રી રોજ દક્ષિણ ભારત તરફ આગળ ને આગળ સંઘ સાથે પ્રયાણ કરી રહ્યા છે.

સંઘમાં રોજ સવારે સુંદર સજાવટવાળી ગાડીમાં બિરાજમાન શ્રી સંભવનાથ આદિ જિનબિંબ સમક્ષ સામૂહિક ચૈત્યવંદન-ભક્તામર આદિ માંગલિક સ્તોત્રપાઠ, કાયોત્સર્ગ આદિ પછી વિહાર. મુકામે પહોંચતાં સામૈયું, ૧૦ વાગે સ્નાત્ર મહોત્સવ... બપોરે ૨॥ થી ૪ પ્રવચન... રાતે પ્રતિક્રમણ બાદ ભાવના અને ૮॥ થી ૯॥ પુરુષોનું પ્રવચન... આમ દૈનિક કાર્યક્રમ ચાલુ છે... પૂજ્યશ્રી ૧૧ માર્ચ નિપાણી ૧૮ માર્ચ બેલગામ, ૨૬ માર્ચ ધારવાડ પછી હુબલી - હાવેરી - રાણી બેન્નુર-દાવણગિરિ-ચિત્રદુર્ગા હીરીયુર વગેરે મોટા મોટા શહેરોમાં ૨-૨ દિવસ રોકાતા, ૧૩ મે ના રોજ બેંગલોર પ્રવેશ કરવા ધારે છે... પૂજ્યશ્રી સાથે પત્રવ્યવહાર માટે

C/o, **શ્રી આદિનાથ શ્વે. જૈન મંદિર, ચીકપેટ,** BANGLORE-53.

સંઘમાં વચ્ચેથી પોતાની અનુકૂળતા મુજબ થોડા દિવસ માટે જોડાઈને પણ ભાવિકો આરાધના કરે એ ભાવનાથી સંઘવીઓએ ખાસ સગવડતા જાહેર કરી પોતાની ઉદારદીલી દર્શાવી છે.

૬ માર્ચના રોજ ચતુર્વિધ સંઘ સાથે શ્રી આદિનાથ જૈન સંઘ બેંગ્લોર દ્વારા આયોજિત પદયાત્રા સંઘ સાથે બેંગ્લોર પધારી રહેલા વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ પરિવાર સાથે ઈચલકરંજીથી ૮ માર્ચના સાંજે ગુજરી સંઘના જીર્ણોદ્ધાર થઈ રહેલ ભવ્ય જિનાલયના દર્શન-વંદન કરી બેડકીહાલ પધાર્યા... મોટા યાત્રિક સંઘનું ઠાઠમાઠથી પ્રમાણ જોતાં જૈનેતરો ખૂબ પ્રભાવિત થાય છે. સંઘ મમદાપુર થઈ નિપાણી પધારતાં... નિપાણી શ્રી સંઘે ભવ્ય સામૈયુ કર્યું... વ્યાખ્યાનમાં સંઘવીના બહુમાન-સંઘપૂજન-ગુરુપૂજન વગેરે થયા તથા આખા સંઘની ભક્તિનો લાભ લીધો. ૧૩મી માર્ચે સોલાપુર પધાર્યા... છેલ્લા પચાસેક વરસમાં કોઈ સાધુ-સાધ્વીજી મહારાજ અહીં પધારેલા જ નહોતા તેથી અનેરો ઉત્સાહ હતો... કોલ્હાપુર-સાંગલી-વીટા-નિપાણીથી અનેક ભાવિકો દર્શન-વંદનાર્થે આવેલા... વરસો જૂના અત્રેના શિખરબંધી જિનાલયમાં અઢાર અભિષેકના ભવ્ય પ્રોગ્રામનું ખૂબ સુંદર આયોજન થયેલું... અઢાર અભિષેક માટે થયેલી બોલીઓ મોટા શહેરમાં થનારી બોલીને ય શરમાવે તેવી રકમની થયેલી... સોલાપુર સંઘના ભાઈઓએ સાધર્મિક ભક્તિનો લાભ લીધો... આગળ વિહાર કરતાં પૂજ્યશ્રી શંખેશ્વર પધાર્યા... સંઘના ત્રણેય મંદિરે વાજતે ગાજતે દર્શન કરવા પધાર્યા... બધે સંઘપૂજન વગેરે થયા... ૧૫ માર્ચે **ખાનાપુર** પધારતાં ભવ્ય સામૈયું-સંઘપૂજન-સંઘવીજીના બહુમાન વગેરે થયા... અત્રેના ભવ્ય શ્રી સંઘે યાત્રિક સંઘ સાથે પહેલેથી નક્કી કર્યા મુજબ ભારે સમારોહ સાથે નૂતન ઉપાશ્રયનું ઉદ્ઘાટન થયું... બેલગામના અનેક ભાવિકો અત્રે પધારેલા... ખૂબ જ ભાવોલ્લાસથી અનેક બોલીમાં લાભ લઈ આનંદ માણતા હતા... ૧૮/૧૯ માર્ચ પૂજ્યશ્રી બેલગામમાં લાભ આપી આગળ પધાર્યા છે... બેલગામમાં ભવ્ય સામૈયું... સંઘવીના બહુમાન-સંઘપૂજન ઉપરાંત ૧૮ માર્ચે શ્રી સિદ્ધચક્રપૂજન ભણાવાયું... બેંગલોરના પંડિતવર્ય શ્રી સુરેન્દ્રભાઈ; કોલ્હાપુરના પંડિતવર્ય શ્રી સુરેન્દ્રભાઈ વગેરે તથા બેંગલોરના નવયુવકોએ ભક્તિમાં સારો લાભ લીધો.

૧૯મી માર્ચે સવારના ૮॥ વાગે શ્રી અષ્ટાપદજીની પૂજા વ્યાખ્યાન સાથે બહુ જ ઠાઠથી ભણાવાઈ; શ્રી અષ્ટાપદજી તથા શ્રી ઋષભદેવ ભગવાનના ઐતિહાસિક ભાવો સમજાવવામાં પી.એચડી. જેવા પૂજ્યશ્રીના શ્રીમુખેથી અદ્ભુત વ્યાખ્યાન સાંભળતા આરાધકોથી ભરાયેલો હોલ ૧॥-૨ વાગ્યા સુધી ભરેલો ને ભરેલો જ

રહ્યો... બહારગામથી પણ લોકોએ આવી સારો લાભ લીધો... બપોરના પ્રવચનમાં ગઢડાવાળા શ્રી નરેન્દ્ર કામદારે માતાપિતાના ઉપકારને સમજાવતો એક વ્યક્તિના ત્રિપાત્રી સંવાદને સાંભળતાં અનેક શ્રોતાઓની આંખો આંસુભીની થઈ ગઈ હતી...

૨૦મી માર્ચે પૂજ્યશ્રી સવારના દૈનિક જિનભક્તિના કાર્યો બાદ આખા સંઘ સાથે અત્રેના આરાધક સ્વ. ચતુરદાસ નગીનદાસના સુપુત્ર સેવંતીભાઈના આગ્રહથી એમના ઘરદેરાસરે તિલકવાડીમાં દર્શનાર્થે પધાર્યા... સંઘપૂજન-ગુરુપૂજન થયા માંગલિક સંભળાવી-દર્શનાદિ કરી પૂજ્યશ્રી સંઘ સાથે બેંગ્લોર તરફ આગળ પધારી રહ્યા છે... ૨૯ માર્ચના હુબલી પહોંચવા ધારે છે... સંઘમાં ચાલતા દૈનિક પ્રવચનો-સંગીતકાર પ્રફુલ્લભાઈ (કોચીન) દ્વારા સ્નાત્ર મહોત્સવ-રાતના ભાવનામાં લોકોને સારો આનંદ આપી રહેલ છે... રોજ આજુબાજુના જૈન-જૈનેતરોના સંઘના દર્શન કરવા ટોળેટોળા આવી રહે છે... બેંગ્લોર સંઘના આરાધકો-સંઘવીજીઓ-કાર્યકરો ખૂબ સુંદર ભક્તિ કરી લહાવો લઈ રહ્યા છે.

તા. ૧૮ મી મેથી ૧૫ થી ૪૫ વર્ષના યુવાન ભાઈઓની ત્રિસાપ્તાહિક ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ શિબિર શરૂ કરવા શ્રી બેંગલોર સંઘ વિચારી રહ્યો છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના-૩" વર્ષ-૩૬,અંક-૨૮,તા.૯-૪-૧૯૮૮

બેલગામથી યાત્રાસંઘ સાથે મુત્તનાલ; એમ.કે. હુબલી થઈ આગળ વધતાં ધારવાડ શહેરમાં પૂજ્યપાદ વર્ધમાન-તપોનિધિ આચાર્યદેવશ્રી પધાર્યા ત્યારે ધારવાડ સંઘ સ્વાગત કરવા થનગની રહેલો હતો... ખૂબ જ ઉલ્લાસમય વાતાવરણમાં સંઘનું ભવ્ય સામૈયું થયું... નગરના રસ્તાઓ માનવમેદનીથી ઊભરાઈ ગયેલા. જિનમંદિરના દર્શન કરી સંઘ પોતાના ઉતારે પધાર્યો... ભવ્ય સ્નાત્ર મહોત્સવ... બપોરે પ્રવચનમાં લોકો ખૂબ સારી સંખ્યામાં જોડાયા...

વરસોથી અહીં નૂતન શિખરબંધી જિનમંદિર બાંધવાની ભાવનાવાળા લોકો... પણ આંતરિક મતભેદના કારણે નૂતન જિનમંદિર બંધાતું નહોતું તેથી રાત્રે પૂજ્યશ્રીની નિશ્રામાં ગામના ભાઈઓની જનરલ મિટિંગ થઈ... જેમાં જનરલ મિટિંગના સ્વભાવ મુજબ ગામના લગભગ બધા જ ભાઈઓએ એકબીજાની વિરુદ્ધ હૈયાના ઘણા ઊભરા બહાર કાઢ્યા જે જોતાં જોનારાને સ્પષ્ટ લાગ્યું કે અહીં દેરાસર બંધાય નહિ; બંધાવા માટેની પ્રેરણા-મહેનત પણ કરાય નહિ... પણ "તમે બધા નૂતન મંદિર નિર્માણ થાય એમાં તો રાજી છો ને ? તો મિટિંગમાં એકલી મંદિર નિર્માણની વાત

રાખો." એમ પૂજ્યશ્રીએ ખૂબ જ સારી રીતે લોકોને સમજાવ્યા "મંદિર બાંધવા સિવાયની કોઈ વાતોને મિટિંગમાં કાઢવી નહિ..." આવો નિયમ બેઠેલા બધા ભાઈઓને આપી દીધો... અને મિટિંગ બીજે દિવસે રાખી બધા જ ભાઈઓએ એમાં પ્રેમપૂર્વક ભાગ લીધો... પૂજ્યશ્રીના આશીર્વાદ અને દેવ-ગુરુનો અચિંત્ય પ્રભાવ કે મંદિર બાંધવાનું નક્કી થઈ ગયું... નવયુવકોની કમિટી રચાઈ... જગ્યાઓ જોવાઈ ગઈ અને બીજા દિવસના પ્રવચનમાં ખનનમુહૂર્ત અને શીલાસ્થાપનની અચિંત્ય રકમની બોલીઓ બોલાઈ... 'કમ્મે શૂરા તે ધમ્મે શૂરા'ની પ્રતીતિ ઉછામણીમાં થઈ... મિટિંગમાં અરસપરસ લડી પડનારા ભાઈઓ જ જે ઉમંગથી ઉછામણી બોલ્યા અને જે ઉછામણી બોલ્યા તે જોતાં એમ લાગે કે કદાચ ભારતભરના કોઈ સંઘમાં ખનનમુહૂર્ત અને શીલાસ્થાપન માટે આટલી ઉછામણી નહિ થઈ હોય... સંઘમાં જયજયકાર થઈ ગયો... મંદિર બાંધવાના કાર્યમાં યુવાનો અને વડીલો સૌ લાગી ગયા છે... સાધર્મિક ભક્તિનો લાભ ધારવાડ શ્રી સંઘે લીધેલો. 'સાધુ તો ચલતા ભલા...' પૂજ્યશ્રી સંઘ સાથે ૨૮ માર્ચના આગળ પધાર્યા... અને ૨૯ માર્ચના સવારે સંઘ સાથે પૂજ્યશ્રી હુબલી શહેરના એક ભાગ સ્વરૂપ 'હોસુર'માં સામૈયા સહ પધાર્યા... દર્શન કરી 'હોસુર'માં ચતુર્વિધ સંઘની નવકારશીનો લાભ ત્યાંના શ્રી સંઘે લીધેલો... અહીં પણ ચાર ભાઈઓ તરફથી શિખરબંધી દેરાસર બાંધવાનું કામ શરૂ થયેલું. ભાઈઓમાં મતભેદના કારણે ૩-૪ વર્ષથી એમજ ઊભું છે. પરંતુ પૂ. શ્રીની સમજાવટથી મોટા ભાઈએ બહારગામ ગયેલ બે ભાઈઓને લઈ પૂજ્યશ્રીની પાસે આવવાનો નિયમ લીધો, અને મંદિર કાર્ય આગળ ધપે એનો બહુ રસ બતાવ્યો.

● વરસોના જૂના સ્વજન પોતાના આંગણે ફરી પાછા આવે અને જે આનંદ હૈયામાં ઊભરાય એથી ય કંઈ ગણો વિશેષ આનંદ પૂજ્યશ્રીની પધરામણીથી થયો. એમ હુબલી સંઘના નાના-મોટા સૌ ભાઈઓ દર્શન માટે પડાપડી કરતા હતા અને સંઘે જે ઉલ્લાસપૂર્વક નગરજનોની હજારોની ચિકાર મેદની વચ્ચે સામૈયું કર્યું એ જોતાં બેંગ્લોરના ય અનેક આગેવાનોની આંખો પહોળી થઈ ગઈ; સામૈયામાં આવેલા હાથીએ એવા વિવિધ પ્રકારના નૃત્યો પૂજ્યશ્રી સમક્ષ કર્યા કે એ જોતાં સંઘવીઓના મોંમાંથી શબ્દો નીકળ્યા કે 'આવું અમે ક્યારેય જોયું નથી...' વિશાળ માનવ મહેરામણ સાથે હુબલીના રાજમાર્ગોમાં ફરી સામૈયું મરુધર જૈન સંઘ... હુબલીના મુખ્ય ઉપાશ્રયે આવી અટક્યું... મંગળ પ્રવચનમાં માણસ તો માતું નહોતું. બહુ મોટા વિશાળ હોલમાં લોકો હકડેઠઠ ભરાયેલ. પૂજ્યશ્રીએ પ્રવચનમાં સીતાજીના જીવન પ્રસંગો લઈ જે ગદ્‌ગદ સ્વરે સંવેગ વૈરાગ્યની છોળો ઉછાળતી વાગ્ધારા

વહેવડાવેલી; તેથી આગેવાન વર્ગની પણ આંખો અશ્રુભીની બનેલી, કમમાં કમ નવકારશી અને પ્રભુદર્શનના નિયમ ઘણાએ લીધા. બપોરના બાળકોના પ્રવચનમાં સારો લાભ લેવાયો. ચોમાસા માટે 'કોઈ પણ સંયોગોમાં અમારું ક્ષેત્ર ખાલી ન જ રહેવું જોઈએ...' એવી આગ્રહભરી વિનંતી થઈ... ૩૦ માર્ચ સવારે પૂજ્યશ્રી જિનમંદિરના સામુદાયિક નિત્યક્રમ પછી વાજતે ગાજતે સંઘ સાથે કેશવાપુરા જિનમંદિરના દર્શને પધાર્યા ત્યાંના વિશાળ હોલમાં જોરદાર પ્રવચન થયું... રાત્રિભોજન ત્યાગ વગેરેના નિયમ લેવાયા. મરુધર જૈન સંઘના માધ્યમે અઢાર અભિષેક મોટી મોટી બોલીઓપૂર્વક મુખ્ય જિનાલયે થયા એ વખતે આખો સંઘ હાજર, અને સંગીતકાર પ્રફુલ્લભાઈનાં મધુરાં ગીતો વરસ્યાં, અનેરી રંગત જામી ૩૧ માર્ચ સવારે ૮-૩૦ વાગે શ્રી મહાવીર જન્મકલ્યાણકનો ભવ્ય વરઘોડો નીકળ્યો... વરઘોડા પછી તરત જ સેટેલાઈટ એપાર્ટમેન્ટસવાળા તરફથી શ્રી મહાવીર પંચ કલ્યાણકની પૂજા ભણાવાઈ. બપોરે શ્રી મહાવીર સ્વામી ભગવાનના ચરિત્રનું ખૂબ સુંદર પ્રવચન થયું... 'તીર્થંકર ભગવાન જન્મ લેતા નથી, પણ કર્મવશ એમને જન્મ લેવો પડે છે.' તીર્થંકર ભગવાનની વિશેષતાઓ, પરમાત્માના અચિંત્ય પ્રભાવ પર પરદેશી દૃષ્ટાંત, ભગવાનના જન્મ કલ્યાણકની ઉજવણીમાંથી જીવદયા, તપસ્યા, ત્યાગ, આચાર વગેરે જીવનમાં ઉતારવા લાયક ઈત્યાદિ બહુ કહેવાયું. ગામેગામ સંઘમાં સંઘપૂજન ૧-૨ ને ૫ રૂા.થી લોકો કરતાં થાકતા જ નથી...

સંઘમાં બેનોને તેમજ ગામેગામના સંઘોમાં બેનોને આરાધના સ્વ.પૂ. સાધ્વીજીશ્રી રોહિણાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી મ. આદિ ઠાણા ખૂબ સુંદર કરાવી રહ્યા છે.

પૂજ્યશ્રી સંઘ સાથે હાવેરી-રાણી બેન્નુર તરફ આગળ પધારી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના-૪" વર્ષ-૩૬,અંક-૩૨,તા.૭-૫-૧૯૮૮

ચતુર્વિધ શ્રી સંઘની સાથે પૂજ્ય આચાર્યદેવશ્રી હુબલીથી બેંગ્લોર તરફ આગળ પ્રયાણ કરતાં બંકાપુરમાં પધાર્યા... ત્યાં ૧૨ વૃષભની જોડીઓ; અનેક પાઠશાળાના બાળકો અને બેન્ડવાજાના સાજથી નીકળેલું ભવ્ય સામૈયુ ખૂબ સારી શાસનપ્રભાવના કરી રહ્યું હતું... તેવી જ રીતે હાવેરીમાં ખૂબ ભવ્ય સામૈયું થયું. બેડગી સંઘના અત્યાગ્રહથી યાત્રા સંઘનો રૂટ થોડો બદલાવીને ત્યાં જવાનું થયું હતું... બેડગીમાં ભવ્ય સામૈયું થયું... શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણકની પૂજા પણ

એવા ઠાઠથી શ્રીસંઘે ભણાવી કે પૂજા સાંભળનારા ભાવિકો ઘડિયાળમાં સમય જ જોવાનું ભૂલી ગયા... લગભગ ૧॥-૨ વાગ્યા સુધી પૂજા ચાલી...

ચૈત્ર વદ-૬ ના વર્ધમાનતપોનિધિ પૂજ્યશ્રીના ૭૮ મા જન્મદિવસના નિમિત્તને પામીને હનુમંતબટ્ટીમાં શ્રી નવપદજીની પૂજા ભણાવાઈ. ૪-૪ રૂા.ના સંઘપૂજન થયા. આમેય સંઘપૂજનો રોજના ગણી ન શકાય એમ થયા જ કરે છે.

રાણીબેન્નુર હરિહર શહેરમાં પણ ભવ્ય સ્વાગત-સંઘપૂજનો-સાધર્મિકભક્તિ વગેરે થયા... આખો દિવસ લોકોનો મેળો જામેલો.

દાવણગિરિમાં ૧॥ કલાકના સામૈયા પછી પ્રવચનમાં ચોમાસા માટે ક્ષેત્ર ખાલી ન રાખવાની અત્યાગ્રહભરી વિનંતી થઈ... શ્રી અષ્ટાપદજીની પૂજાના ખૂબ સારા ચઢાવા થયા. ચઢાવાના લાભ લેનારા ભાગ્યશાળીઓને તો એટલો બધો આનંદ લાભ મળ્યાનો હતો... પણ સાંભળનારાઓના મોંઢામાંથી શબ્દો નીકળી ગયા,- "આવા વ્યાખ્યાન સાથે મોટા ઠાઠથી પૂજા તો જીવનમાં પહેલી જ વાર જોઈ. આમાં આપણે સુકૃત લાભ લેવો ગુમાવી દીધો !' લોકો આખો પૂજા એવા રસતરબોળ થઈને સાંભળી કે જાણે આ છેલ્લો પહેલો જ પૂજા સાંભળવાનો લહાવો છે -

રોજેરોજ સંઘમાં થતા સ્નાત્ર મહોત્સવ હિંદી અને કન્નડ ભાષામાં થતાં પ્રવચનો જૈન-જૈનેતર પ્રજાને ખૂબ જ ધર્મમાં જોડી રહી છે -

પૂજ્યશ્રી સંઘ સહિત દાવણગિરિથી આગળ પધારી ગયા છે -

દાવણગિરિમાં હુબલી સંઘ બહોળા ભાવિકો સાથે ફરી ચોમાસાની વિનંતી કરવા આવેલો તેમજ ભદ્રાવતી સંઘે પણ ઉપસ્થિત થઈ પૂજ્યશ્રીને ચોમાસા માટે છેવટે સાધુઓ આપવાની વિનંતી આગ્રહપૂર્વક કરવાની સાથોસાથ ચોમાસા બાદ તરત પૂજ્યશ્રીને અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ માટે પધારવા વિનંતી કરી છે.

શ્રી લબ્ધિસૂરિ જૈન સંગીતમંડળ ચીકપેઠ બેંગ્લોરના યુવાનો સંઘમાં ખૂબ સારી સેવા બજાવી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૬,અંક-૩૩,તા.૧૪-૫-૧૯૮૮

દાવણગિરિથી બેંગ્લોર તરફ વર્ધમાનતપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રીની નિશ્રામાં આગળ વધી રહેલો પદ યાત્રા સંઘ

ચતુર્વિધ શ્રી સંઘની સાથે પૂજ્યશ્રી વૈ. સુદ-૩, અખાત્રીજના દિવસે ચિત્રદુર્ગા શહેરમાં પધાર્યા. લોકોએ હર્ષના અતિરેકમાં સામૈયું બહુ લાંબું ફેરવ્યું. પ્રવચન પછી

શ્રી જશરાજજી વગેરે અનેક આરાધકોના વરસીતપના પારણા થયા...

વૈ.સુદ-૪ ના દિવસે મોટી મોટી બોલીઓપૂર્વક શાંતિસ્નાત્ર જેવી શ્રી નવ્વાણુ અભિષેકની પૂજા ચિત્રદુર્ગા સંઘ તરફથી ભણાવાઈ... આજથી આઠ દિવસનો શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ સ્વ. સહજાનંદી પૂ. આચાર્યદેવશ્રી વિજય ધર્મજિતસૂરિજી મહારાજના ચારિત્ર જીવનની અનુમોદનાર્થે ચાલુ થયેલો... ત્રણ દિવસમાં પર્યુષણા જેવો ઠાઠ બન્યો. રોજ વિહાર પછી ભવ્ય સ્નાત્ર અને ત્યારબાદ જુદી જુદી પૂજાઓ ભણાવાતી. પૂજ્યશ્રી વચમાં ભાવવાહી રાગે ગગણીથી વિવેચન સહિત સમજાવતા. કોચીન નિવાસી સંગીતકાર શ્રી પ્રફુલ્લભાઈ સંઘમાં રોજ સ્નાત્રમહોત્સવ-ભાવના દ્વારા આરાધકોને પ્રભુભક્તિમાં તલ્લીન બનાવી દે છે...

વૈ.સુદ-૮ ના દિવસે પૂજ્યશ્રી 'હીરીયુર' પધાર્યા... સંઘે ભવ્ય સ્વાગત કર્યું... ઇતરોમાં ભારે આકર્ષણ થયું.

વિહારમાં મુકામના સ્થળે ગામેગામથી લોકો દર્શનાર્થે આવ્યે જાય છે...

વૈ.સુદ-૧૪ ના દિવસે પૂજ્યશ્રી 'ટૂમકુર' પધાર્યા સુંદર સામૈયું થયું... વૈ.સુદ-૧૫ ના દિવસે ટૂમકુરમાં સ્વ. પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ઓંકારસૂરીશ્વરજી મહારાજાના સુવિશદ સંયમધર્મની અને પ્રભાવકતાની અનુમોદના નિમિત્તે શ્રી નવ્વાણુ અભિષેકની પૂજાનું આયોજન થયેલું તેમાં શ્રી સંઘના ભાઈઓએ બોલીઓ બોલી, ખૂબ સારી સંખ્યામાં લાભ લીધો... અત્રે મૈસુરનો શ્રી સંઘ પૂજ્યશ્રીને પોતાના આંગણે પધારવાની વિનંતી કરવા આવેો.

મૈસુર જિનમંદિરની ૬૦ મી વર્ષગાંઠ જેઠ સુદ-૫ ના હોઈ જો પૂજ્યશ્રી ન જ પધારી શકે તો છેવટે સારી સંખ્યામાં સાધુ મહારાજોને પધારવાની આગ્રહભરી વિનંતી કરી ગયો છે...

અહીંથી બેંગ્લોર માત્ર ૭૦ જ કિ.મી. હોવા છતાં કુંભોજગિરિ બેંગ્લોર છ'રી પાલિત યાત્રા સંઘના સંઘવીઓ પૈકીના એક સંઘવી 'એસ. કપુરચંદજી'ના તન-મન-ધનથી ચાલતી ગોશાળા પાંજરાપોળ શ્રી પદ્માવતી પ્રાણીદયા ટ્રસ્ટ વિજયપુરામાં પધારવાની એઓની આગ્રહભરી વિનંતીના હિસાબે સંઘનો રૂટ બદલી ૧૪૦ કિ.મી. વાળા રસ્તે પૂજ્યશ્રીએ પ્રયાણ કર્યું છે...

તા. ૮-૫-૮૮ ના રવિવારના રોજ પૂજ્યશ્રી શ્રી પદ્માવતી પ્રાણીદયા ટ્રસ્ટ પાંજરાપોળ વિજયપુરા પધારશે... ત્યાં પૂજ્યશ્રીની દર્શન-વંદન માટે તેમજ તે દિવસના આયોજિત વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા માટે કર્ણાટક સ્ટેટના કાયદામંત્રી શ્રી લક્ષ્મીસાગરજી પણ આવવાના છે.

૧૩ મી મે ના બેંગ્લોરમાં પૂજ્યશ્રીની પધરામણી થાય તે વખતે પૂજ્યશ્રીના ભવ્ય સામૈયા સ્વાગત માટે અનેક પ્રકારની તૈયારીમાં બેંગ્લોર શ્રી સંઘના નાના-મોટા ભાવિકો લાગી ગયા છે - અતિથિવિશેષ તરીકે ગવર્નર પધારવાનું નક્કી થયું છે.

દાવણગીરિ 'ચિત્રદુર્ગ' અને ટૂમકુરમાં દાવણગીરિના માનદ્ સંગીતકાર પ્રકાશભાઈએ પૂજા અને ભાવનામાં લોકોને સારા ઝીલાવ્યા...

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૬,અંક-૩૪/૩૫,તા.૨૮-૫-૧૯૮૮

બેંગ્લોરના આંગણે નિર્વિઘ્ને પહોંચેલો શ્રી છ'રી' પાલિત યાત્રા સંઘ

વર્ધમાનતપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રીની પાવનકારી નિશ્રામાં કુંભોજગિરિથી પ્રયાણ કરેલા છ'રી' પાલિત યાત્રા સંઘ અનેક ગામ-નગર-શહેરને પાવન કરતો ટૂમકુરથી નીકળી ૫ મી મેના દિવસે દોઢબાલાપુર નગરે પધાર્યો... સંઘે કરેલા ભવ્ય સ્વાગત બાદ શ્રી મહાવીરસ્વામી ભગવાનના ભવ્ય જિનાલયના દર્શન કરી ધર્મશાળામાં રોકાયો... પૂજ્યશ્રીના પ્રવચનમાં લોકોની ખૂબ સારી હાજરી; બપોરે શ્રી નવપદજીની પૂજા સ્થાનિક સંઘ તરફથી ભણાવાઈ. બેંગ્લોરથી શ્રી લબ્ધિસૂરિ સંગીત મંડળના સભ્યો આવ્યા હતા ખૂબ જ ઠાઠથી પૂજામાં અનેરો આનંદ ભાવિકોને આવેલો... ૬ ઠ્ઠી મે ના સારી ઉછામણી બોલીને સંઘના ભાઈઓએ સંઘવીજીઓના બહુમાન-ગુરુપૂજન વગેરે કર્યા...

૮ મી મે ના રોજ સવારે ૮-૩૦ વાગે છ'રી' પાલિત યાત્રા સંઘ સાથે વર્ધમાનતપોનિધિ પૂજ્યશ્રી **'શ્રી પદ્માવતી પ્રાણિદયા ટ્રસ્ટ'**-વિજયાપુર ખાતે પધાર્યા.

પૂજ્યશ્રીનું સ્વાગત કરવા એસ. કપુરચંદવાળા શ્રી ચુનીલાલજી સહિત બેંગ્લોરથી ૧૪ બસ ઉપરાંત ૪૦ થી ૫૦ ગાડીઓમાં અનેક ભાવિકો આવી ગયા હતા... બેંગાર૫ેઠ સંઘ અને દોઢ બાલાપુરથી પણ વિશાળ સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ થયેલી હતી...

કર્ણાટક સ્ટેટના કાયદાપ્રધાન શ્રી એ. લક્ષ્મીસાગર; દેવનહલ્લી વિભાગના એમ.એલ.એ. શ્રી પી.સી. મુનિસામૈય, બેંગ્લોર કોર્પોરેટર શ્રી ટી.કે. નારાયણ સ્વામી દેવનહલ્લી મ્યુનિસિપલ પ્રેસિડેન્ટ શ્રી અબ્દુલ ખાલક સહિત અનેક રાજદ્વારી નેતાઓ પૂજ્યશ્રીના સામૈયામાં જોડાયા હતા...

વિશાળ માનવના મહેરામણ વચ્ચે પૂજ્યશ્રીના માંગલિક બાદ શ્રી લબ્ધિસૂરિ

બાલિકા મંડળે સ્વાગત ગીત ભાવવાહી સ્વરે ગાયું, ત્યારબાદ માત્ર ચૌદ માસના ટૂંકા ગાળામાં મહાકાય પાંજરાપોળનું સર્જન કરવા દ્વારા પોતાની વિપુલ લક્ષ્મીનો સદ્વ્યય કરનારશ્રી પદ્માવતી પ્રાણિદયા ટ્રસ્ટના સંસ્થાપક શ્રી એસ. કપુરચંદે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું અને અતિથિવિશેષ કાયદાપ્રધાન શ્રી એ. લક્ષ્મીસાગર આદિ રાજનેતાનું સુખડના હાર-શાલ દ્વારા સન્માન કર્યું અને ચીફમીનીસ્ટર રીલીફ ફંડમાં ૨૧૦૦૦ રૂા.ની માતબર રકમ આપી. આ ગૌશાળા માટે શાસકીય સહાયતાની અપેક્ષાઓ વ્યક્ત કરી જેનો કાયદા પ્રધાન દ્વારા ખૂબ સારો આવકાર મળ્યો.

ગૌશાળાનું બહુ જ સારી રીતે સંચાલન કરનાર શ્રી લક્ષ્મીનારાયણ શેઠીએ કન્નડમાં સારું વક્તવ્ય કર્યું... બેંગ્લોર શહેર નિવાસી કીન્નારી ટોલિયા નામની એક નાની બાલિકાએ ઇંગ્લીશમાં અહિંસા-જીવદયા ઉપર સારું લેક્ચર કર્યું. લોકોએ તાળીઓના ગડગડાટ કર્યા અને એસ. કપુરચંદવાળા શ્રી ચુનીલાલજીએ ૧૦૧ રૂા.થી તેનું બહુમાન કર્યું.

બેંગ્લોર ચીકપેઠમાં બાળક-બાળિકાઓમાં ધર્મનું સારી રીતે વાવેતર કરનાર શ્રી સુરેન્દ્રભાઈ માસ્તરે પૂજ્ય ગુરુદેવશ્રીનો થોડા શબ્દોમાં પણ ખૂબ સુંદર પરિચય આપ્યો. પૂર્વે તૈયાર કરી રાખેલ પૂ. મુનિશ્રી ગુણસુંદર વિજયજી મહારાજનું અહિંસા ઉપરની કન્નડ પ્રવચન અને પૂ. મુનિશ્રી ભુવનસુંદર વિજયજી મહારાજનું હિંદીમાં પ્રેરક પ્રવચન બાદ આજીવન બ્રહ્મચર્યને ધારણ કરનાર કર્ણાટકના કાયદા મંત્રીશ્રી એ. લક્ષ્મીસાગરે કન્નડમાં ખૂબ સારું વક્તવ્ય કર્યું. ૨૧૦૦૦ ના દાનનો આભાર વ્યક્ત કરી સ્થાનિક એમ.એલ.એ. અને મ્યુનિસિપલ કોર્પોરેટર દ્વારા શક્ય બધા સહકાર આપવાનું વચન આપ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રીના ૭૮ વરસના હિસાબે અને પૂજ્યશ્રીની અત્રે પધરામણી થયાના આનંદમાં એસ. કપુરચંદે જીવદયા માટે આ ટ્રસ્ટમાં ૭ લાખ ૭૮ હજાર સાતસો ને અઠ્ઠોતેર રૂા. ના દાનની જાહેરાત કરી...

જેની ખૂબ જ આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તે પૂજ્યશ્રીનું ભાવવાહી અને દાનના પ્રવાહમાં વેગ વધારનારું જીવદયાના મહાત્મ્યને સમજાવતું પ્રવચન સાંભળી ખૂબ જ સારા પ્રમાણમાં લોકોએ ડોનેશનો ટ્રસ્ટને આપ્યા... અને ટ્રસ્ટના લગભગ બધા જ આયોજનોમાં લોકોએ પોતાની ઉદારતા દેખાડી; આવેલા બધા જ ભાવિકો અને સ્થાનિક જૈનેતર પ્રજા સહિત ગૌશાળામાં નિવાસ કરી રહેલ પ્રાણીગણનું જમણ થયું...

બપોરે શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજામાં સંગીતકાર શ્રી પ્રફુલ્લભાઈ

કોચીનવાલાએ ખૂબ રમઝટ મચાવી. જેમાં આખાય પ્રસંગને સવારથી ભાવવિભોર બની નીહાળી રહેલા મદ્રાસના રહેવાસી દાનવીર શ્રી કેવલચંદજી ખટોડે પ્રભુ સન્મુખ મન મૂકીને ચામરોથી નૃત્ય કર્યું... સવારે આ જ દાનવીરે પૂજ્યશ્રીના ૭૮ વરસના હિસાબે ૭૮૦૦૦ રૂા.ની માતબર રકમ જીવદયા ખાતે આ ટ્રસ્ટમાં અર્પણ કરી...

સમી સાંજે વર્ધમાનતપોનિધિ પૂજ્ય ગુરુદેવશ્રી પોતાના શિષ્યપ્રશિષ્યાદિ વિશાળ પરિવાર પૂ.આ.શ્રી વિજય ધનપાલસૂરિજી મહારાજના આજ્ઞાવર્તી સ્વ. પૂ. સાધ્વીજી શ્રી રોહિણાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા. શ્રી અનંતકીર્તિશ્રીજી મ. આદિ ઠાણા ૧૩; તથા છ'રી' પાલિત યાત્રા સંઘમાં ચાલી રહેલા વિશાળ શ્રાવક-શ્રાવિકા સહિત ચતુર્વિધ સંઘ સાથે બેંગ્લોર પ્રતિ પ્રયાણ કર્યું છે. અને ૧૩ મી તારીખે સવારે બેંગ્લોર પ્રવેશ કરવા ધારે છે. તા. ૨૦-૫-૮૮ થી બેંગલોરમાં શરૂ થનાર કૉલેજિયન અને મેટ્રીક વિદ્યાર્થીઓ માટેની ધાર્મિક શિબિરની શ્રી સંઘ સુંદર તૈયારી કરી રહ્યો છે.

• • •

મારા સિધ્યા વાંછિત કાજ પધાર્યા ભુવનભાનુ સૂરિરાજ બેંગ્લોર શહેરમાં આજ પધાર્યા ભુવનભાનુ સૂરિરાજ

• **બેંગ્લોર :** વર્ધમાનતપોનિધિ પૂજ્ય ગુરુદેવશ્રી છ'રી' પાલિત યાત્રા સંઘ સાથે તા. ૧૦ મી મેના રોજ યેહલંકા ગામમાં પધાર્યા; થોડા ઘરની વસતિ ધરાવતા પણ આ ગામના ભાવિકોએ ઉલ્લાસભેર પૂજ્યશ્રી સહિત શ્રી સંઘનું ભવ્ય સામૈયું કર્યું... મોટી ધન રાશિની ઉછામણી બોલી ગુરુપૂજન; સંઘવીઓના બહુમાન કર્યા... ભાવભક્તિથી સંઘની સાધર્મિક ભક્તિ કરી. અત્રે બંધાઈ રહેલા નૂતન જિનમંદિરમાં મૂળનાયક તરીકે બિરાજમાન થનારા પ્રભુ ભરાવવાની ઉછામણી થઈ જે કલ્પના બહારની હતી... તા. ૧૧ મી મે ના રોજ યશવંતપુરમ્માં પૂજ્યશ્રી સંઘ સાથે પધાર્યા... સંઘે ભવ્ય સામૈયું-સંઘવીજીઓના બહુમાન-ખૂબ સુંદર સાધર્મિક ભક્તિ કરી; બપોરે શ્રી પંચકલ્યાણકની પૂજા ભારે ઠાઠથી ભણાવાઈ; સંઘવીજીશ્રી એસ. કપુરચંદે અત્રેના નૂતન જિનમંદિરમાં સારી રકમનું દાન કર્યું. તા. ૧૨મી મે ના રોજ પૂજ્યશ્રી ચતુર્વિધ સંઘ સાથે બેંગ્લોર નગરના ઉપનગરસમા ગાંધીનગરમાં પધાર્યા... જિનમંદિરની આજના દિવસે સાલગિરિ હતી; પૂજ્યશ્રીના સામૈયા બાદ પૂજા ભણાવાઈ; કાયમી ચઢાવાનો લાભ લેનારા શ્રી નરોત્તમદાસ છગનલાલ મોદીએ

પરિવાર સહિત શુભમુહૂર્તે ધ્વજા ચઢાવી... બપોરે ૨-૩૦ મિનિટે પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ આચાર્યદેવશ્રીની નિશ્રામાં સ્વર્ગસ્થ પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ કર્મસાહિત્ય નિષ્ણાત સુવિશુદ્ધ સંયમમૂર્તિ સુવિશાલ મુનિગણસર્જક આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની ૨૧ મી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગ પામી ગુણાનુવાદની સભાનું આયોજન થયેલું હતું; મલાડના ભાગ્યશાળી ભાઈઓએ સંઘપૂજનનો લાભ લીધો. ગાંધીનગરના સંઘના ભાઈઓએ સારી ઉછામણી બોલી પૂજ્યશ્રી આદિનું ગુરુપૂજન; સંઘવીઓનું બહુમાન કર્યું, સંઘની ખૂબ સારી સાધર્મિક ભક્તિ કરી; સમી સાંજે પૂજ્યશ્રી આદિ ચતુર્વિધ સંઘના વાજતે ગાજતે સંઘવીજી શ્રી એસ. કપુરચંદ અને શ્રી છગનજીના ઘરે પગલા થયા; સંઘપૂજન થયા... સંઘવી શ્રી છગનજીને સ્વદ્રવ્યે પોતાના ઘર આંગણે જિનમંદિર બંધાવવાની ભાવનાથી પૂજ્યશ્રીનો વાસક્ષેપ નંખાવી જિનમંદિરની જગ્યા પવિત્ર બનાવી... નેહરુનગરમાં મોહનલાલજી મુકેશકુમારને ત્યાં રાતવાસો કર્યો... મોહનજીએ ગુરુપૂજન-સંઘપૂજન કર્યા; તથા ૧૩ મી મે ના સવારે પોતાના આંગણે આવેલા સેંકડો સાધર્મિકોની ભિન્નભિન્ન અનેક વાનગીઓ દ્વારા ખૂબ સુંદર સાધર્મિકભક્તિ કરી... માનવ મહેરામણ સાથે વાજતેગાજતે પૂજ્યશ્રીએ નહેરુનગરથી ચતુર્વિધ સંઘ સાથે પ્રયાણ કર્યું. બેંગ્લોર શહેરના નાકે પૂજ્યશ્રીના દર્શન અને સ્વાગત માટે થનગની રહેલા હજારો ભાવિકો ત્યાં પધારી રહેલ પૂજ્યશ્રી સહિત વિશાળ મુનિગણ-સાધ્વીગણને જોતાં જ આનંદ-આનંદવિભોર બની ગયો...

ઈન્દ્રધ્વજા-શરણાઈવાળા અને સ્કૂટરો પર હાથમાં ઝંડા લઈ શોભતાં યુવકો; શ્રી લબ્ધિસૂરિ ધાર્મિક જૈન પાઠશાળાના ઝંડા સાથે શોભતા નાના નાના અગણિત બાળક-બાળિકા; ૭૮ પુષ્પના ગુચ્છા-શ્રીફળ અને બેડાથી શોભતી કુમારિકાઓ અને મોટી બેનો; રાજવી ડ્રેસમાં અશ્વો ઉપર શોભતાં યુવકો; લોકોને કુતૂહલ અને આનંદ કરાવે તેવા રૂપ સજાવી આવેલા કિશોરો; ૫-૫ મોટા બેંડો; નિર્વિઘ્ને ખૂબ જ આનંદથી છ'રી' પાલિત કુંભોજગિરિ-બેંગ્લોર યાત્રા સંઘના આરાધકોને આરાધના અને ભક્તિ રસમાં તરબોળ કરી દેનારા અપાર કરુણાના સાગર શ્રી સંભવનાથ ભગવાનની શોભતી ભવ્ય ગાડી અને હજારો માનવ મહેરામણથી ઊભરાતું સામૈયું લગભગ ૨/૨॥ કલાક બેંગ્લોરના મુખ્ય માર્ગો ઉપર ફરીને સેન્ટ્રલ ગવર્મેન્ટ હાઈસ્કૂલના મેદાનમાં સુશોભિત કરેલા વિશાળ મંડપમાં સામૈયુ ઊતર્યું...

પૂજ્યશ્રીના સ્વાગત માટે કર્ણાટક ગવર્નર શ્રી પી. વેંકટસુભૈયા; કર્ણાટક કાનૂનમંત્રી શ્રી એ. લક્ષ્મીસાગર, બેંગ્લોર મ્યુનિસિપલ મેયર શ્રી એમ.જી. શેષાદ્રીને ખાસ આમંત્રણ અપાયેલું હતું...

મદ્રાસ-વેલ્લુર-ભદ્રાવતી-મૈસુર-ચિત્રદુર્ગા-બંગારપેઠ-મુંબઈ-મલાડ અમલનેર દહાણુ-ગોલવડ આદિ સ્થળેથી અનેક ભાવિકો પૂજ્યશ્રીના પ્રવેશ પ્રસંગે ખાસ આવેલા હતા...

હજારો માનવમેદનીથી ભરેલા વિશાળ મંડપમાં મુખ્ય સ્થાનેથી પૂજ્યશ્રીના માંગલીક બાદ ગુરુપૂજન-પૂજ્યશ્રીને કામળી ઓઢાડવાની-પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ગુણાનંદસૂરિજી મહારાજ, પૂ. ઉપાધ્યાયજી, પંન્યાસજી ગણિવર્યશ્રી, પ્રવર્તક આદિ મુનિગણને કામળી ઓઢાડવાની; પૂ. સાધ્વીજી શ્રી અનંતકીર્તિશ્રીજી મ.ને કામળી ઓઢાડવાની; સંઘવીજીઓને સાફા તિલક હારની ઉછામણી ખૂબ સારા પ્રમાણમાં થઈ...

શ્રી લબ્ધિસૂરિ બાલિકા મંડળની કુમારિકા ચંદ્રકાન્તાના સ્વાગત ગીત અને બે નાની બાલિકાના નૃત્ય સાથેના સ્વાગત ગીત બાદ શ્રી આદીશ્વર જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ ચીકપેઠના મુરબ્બી શ્રી લક્ષ્મીચંદજી કોઠારીએ પૂજ્યશ્રીનો પરિચય - પોતાની વર્ષો જૂની આંતરિક ભાવના (પૂજ્યશ્રીને બેંગ્લોર પધરાવવાની)ની વાતો અને યાત્રા સંઘની વાતોથી લોકોને હર્ષવિભોર બનાવી દીધા.

શ્રી આદિનાથ જૈન દેરાસર ટ્રસ્ટ ચીકપેઠના જ્ઞાનદ્રવ્યના સદ્વ્યયથી અને બેંગ્લોરમાં ગત ચાતુર્માસ દ્વારા અનેકોને ધર્મોપદેશ કરનારા પૂ. મુનિશ્રી દિવ્યરત્ન વિજયજી મ. તથા મુનિશ્રી અજિતશેખર વિજયજી મહારાજના અથાગ પરિશ્રમથી પુનર્મુદ્રિત થયેલ 'શ્રી પન્નવણા સુત્તમ્' ગ્રંથનું વિમોચન કરી કાનૂનમંત્રી શ્રી એ. લક્ષ્મીસાગરે પૂજ્યશ્રીને ગ્રંથ અર્પણ કર્યો...

શ્રી એ. લક્ષ્મીસાગર અને મેયર શ્રી એમ.જી. શેષાદ્રીએ કન્નડમાં સભાને સારું ઉદ્બોધન કર્યું... અને પૂજ્ય ગુરુદેવશ્રીને ચિરકાળ માટે બેંગ્લોર અને કર્ણાટકની ભૂમિને જ પાવન કરવા દ્વારા કન્નડપ્રજામાં ધર્મના સંસ્કારનું વાવેતર કરવાની વિનંતી કરી...

પૂજ્ય મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મહારાજના ઘણા જ સરસ પ્રવચન બાદ... કેટલાય સમયથી બેંગ્લોરની જનતા જેના માટે તલસી રહી હતી તે પૂજ્યશ્રી હૃદયદ્રાવક વૈરાગ્યસભર અને માનવના પ્રથમ કર્તવ્યોની સમજણ સાથોસાથ પ્રભુભક્તિના વર્ણનને જણાવતું પ્રવચન સાંભળી આનંદવિભોર બની ગયા...

બાળ કિન્નરી ટોલિયાના પ્રભુભક્તિના ઈંગ્લીશમાં રચેલા સંવાદને લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ...

શ્રી કુંભોજગિરી બેંગ્લોર છ'રી' પાલિત યાત્રા સંઘના સંઘવીઓના બહુમાન;

યાત્રા સંઘમાં પધારેલા યાત્રાળુઓના બહુમાન... યાત્રાસંઘમાં પોતાના બધા જ કાર્યોને બાજુમાં મૂકી તનથી અપૂર્વ લાભ લેનાર બેંગ્લોર સંઘના આગેવાન આરાધક શ્રી નથમલજી આદિ તથા યુવક મંડળના આગેવાન શ્રી જવાનમલજી વગેરે યુવાન કાર્યકરો સહિત તમામ કાર્યકરોના આભાર પ્રદર્શિત કરાયો... પૂજ્યશ્રીના માંગલિક પછી વાજતે ગાજતે લગભગ ૧-૩૦ વાગે પૂજ્યશ્રી ચીકપેઠના જૈન દેરાસરે પધાર્યા... વિવિધ અનેક ગહુલીઓથી પૂજ્યશ્રીને સંઘે વધાવ્યો...

બપોરે શ્રી પંચકલ્યાણકની પૂજા અને રાતે ભાવનામાં સંઘના ભાઈઓને ભક્તિરસમાં તરબોળ બનાવી દીધા. મલાડ (મુંબઈ)થી આવેલા શ્રી શ્રેયાંસનાથ સ્વામી જૈન યુવક મંડળે... કે જે મંડળે આગલે દિવસે ગાંધીનગરમાં ભાવના દ્વારા ગાંધીનગરના સંઘને પ્રભુભક્તિમાં લયલીન બનાવી દીધા હતા...

શ્રી આદિનાથ જૈન ટ્રસ્ટ બેંગ્લોર તરફથી સ્વ. પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ, જિનશાસન શણગાર કર્મશાસ્ત્ર-નિપુણમતિ સુવિશાલ મુનિગણસર્જક આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની વૈ. વદ-૧૧ની ૨૦ મી સ્વર્ગારોહણ તિથિની સ્મૃતિમાં તા. ૧૧-૧૨-૧૩ મે ના ૩ દિવસનો જિનભક્તિ મહોત્સવ રાખેલો હતો.

૪/૫ દિવસ ચીકપેઠના ઉપાશ્રયમાં સ્થિરતા કર્યા બાદ પૂજ્યશ્રી બેંગ્લોર શહેરના ઉપનગરસમા 'જયનગર' તા. ૨૦ મી મે થી શરૂ થનારી યુવાનોની જ્ઞાનશિબિરમાં પધારનાર છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૬,અંક-૪૨,તા.૧૬-૭-૧૯૮૮

કોલ્હાપુરમાં વાગેલા આચાર્યપદવીના જયડંકા
આચાર્ય પદ પ્રદાનનો ભવ્ય મહોત્સવ

સિદ્ધાંત મહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાના** પટ્ટાલંકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના** આદેશથી સ્વ. પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્વિજય ધર્મજિતસૂરિજી** મ.ના શિષ્યરત્ન પરમાત્મભક્તિરસિક પૂ. પં. **જયશેખરવિજયજી** ગણિવરશ્રીને આચાર્યપદથી અલંકૃત કરવાનો નિર્ણય થતાં અત્યંત ઉલ્લસિત બનીને કોલ્હાપુરના શ્રી લક્ષ્મીપુરી જૈન સંઘની વિનંતીથી પદપ્રદાનનો મહોત્સવ કોલ્હાપુરના આંગણે ઉજવવાનો નિર્ણય થયો અને સિદ્ધાંત દિવાકર પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા. આદિ ઠાણા ૨૨ તથા સાધ્વીશ્રી **વિશ્વપ્રજ્ઞાશ્રીજી** આદિ ઠાણા ૭ ની તારક નિશ્રામાં

કોલ્હાપુર લક્ષ્મીપુરીમાં દ્વિ. જેઠ સુદ-૩ થી ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવના મંડાણ થયા.

લક્ષ્મીપુરી તથા કોલ્હાપુરના અન્ય સંઘોમાં અત્યંત ઉલ્લાસ વ્યાપ્યો હતો. એક વર્ષ પૂર્વે જ ઉજવાયેલા ત્રણ મહાત્માઓના આચાર્ય પદ પ્રદાનના ભવ્ય મહોત્સવની સ્મૃતિઓ તાજી થઈ. બીજી વાર એવું સદ્ભાગ્ય સાંપડવાથી સહુનો હર્ષ ખૂબ વૃદ્ધિ પામ્યો.

આ મંગલ મહોત્સવમાં શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન મંદિર તથા શ્રી આત્માનંદ જૈન પૌષધશાળા ધજાપતાકાઓ, તોરણો, મંડપ અને રોશનીથી અદ્ભુત શોભી ઊઠ્યા. રોજ પ્રભુજીને થતી નયનરમ્ય અંગરચનાઓથી દર્શકોના દિલ ડોલી ઊઠતા. વ્યાખ્યાન, પૂજા અને ભાવનામાં તો ભાવુકોના ટોળા ઊમટતા. કોલ્હાપુરના વિવિધ ભક્તિમંડળો, નવસારીના સંગીતકાર શ્રી નટવરલાલની મંડળી, શિરડીના સંગીતકાર શ્રી પારસકુમાર, સુરતના સંગીત કલાકાર શ્રી નિકેશકુમાર સંઘવીની મંડળી તથા કોલ્હાપુરના શ્રી સુરેન્દ્રભાઈ માસ્તર, ઈચલકરંજીના દિનેશ શાંતિલાલજી પૂજા તથા ભાવનામાં ભક્તિગીતોની રમઝટ જમાવતા. વિધિવિધાન-નિષ્ણાત શ્રાદ્ધવર્ય શ્રી બાબુભાઈ કડીવાળા, શ્રી ભીખુભાઈ સાંગલીવાળા, શ્રી અરવિંદભાઈ ઈચલકરંજીવાળા, શ્રી ચંદુભાઈ કોલ્હાપુરવાળા તથા શ્રી ચંદ્રકાન્તભાઈ કરાડવાળાએ, ઈસ્લામપુરવાળા વેલચંદભાઈએ વિવિધ પૂજનોના પવિત્ર વિધિવિધાનથી ભાવુકોને ભક્તિમાં તરબોળ કર્યા. નવા સ્થપાયેલા શ્રી લક્ષ્મીપુરી યુથ કલબના સભ્યોએ સમગ્ર મહોત્સવની સુંદર વ્યવસ્થા કરી. રોજ પૂજ્ય પંન્યાસજી ભગવંત તથા પૂજ્ય મુનિરાજશ્રી **અભયશેખર** મહારાજ સાહેબના પ્રવચનો થતા. રોજ જુદા જુદા ભાગ્યવાનો તરફથી સંઘપૂજન તથા વિશિષ્ટ વિવિધ પ્રભાવનાઓ થઈ. આ મંગલ મહોત્સવમાં દૂર દૂરથી મોટી સંખ્યામાં ભાવુકો ઉપસ્થિત થયા હતા. દ્વિ. જેઠ સુદ-૯ ના દિવસે સહુનો ઉલ્લાસ આસમાને ચડ્યો હતો. બેન્ડ, હાથી, ઘોડા, રથ, સાંબેલા આદિ અનેક વિશેષતાઓથી શોભતી વિશાળ શાસન શોભાયાત્રા ત્રણ કલાક સુધી કોલ્હાપુરના રાજમાર્ગો પર ફરી હતી. આ દિવસે સમસ્ત કોલ્હાપુરના બધા સંઘોની નવકારશી **શ્રી સાંકળચંદ દોલાજી ગાંધી** તરફથી રાખવામાં આવી હતી.

દ્વિ. જેઠ સુદ-૧૦ ના મંગલ દિને ૯-૩૦ કલાકે પ્રાયવેટ હાઈસ્કૂલના પટાંગણમાં બાંધેલા વિશાળ મંડપમાં પદ પ્રદાનની મંગલવિધિનો પ્રારંભ થયો. આ ધન્ય પ્રસંગ નિહાળવા વિશાળ જનમેદની ઉપસ્થિત થઈ હતી. રેડિયો સ્ટાર નિકેશ સંઘવીએ મધુર કંઠે ગાયેલા પ્રસંગોચિત એક સુંદર ગીતથી સમગ્ર સભા મુગ્ધ બની

હતી. સહુ સંઘના હૈયા હીલોળે ચડ્યા હતા. પદ પ્રદાતા આચાર્ય ભગવંત તથા નૂતન આચાર્ય ભગવંતને કામળી આદિ ઉપકરણો વહોરાવવાની ઉછામણીમાં અત્યંત ઉત્સાહથી ભાવુકોએ લાભ લીધો, અને ખૂબ સારી ઉપજ થઈ તથા જીવદયાની પણ સુંદર ટીપ થઈ એ લાભ લેનારા ભાગ્યશાળીઓ -

પૂજ્ય આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.નું ગુરુપૂજન - શા. તિલોકચંદ જેસાજી

પૂ. આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.ને કાંબળી ઓઢાડવાનું - શા. શાંતિલાલ વીરચંદજી, ઇચલકરંજી

નૂતન આચાર્યને ગુરુપૂજન - શા. શાંતિલાલ વીરચંદજી, ઇચલકરંજી

નૂતન આચાર્યને સૂરિમંત્રપટ વહોરાવવાનું - સંઘવી શાંતિલાલ સુરતમલજી

નૂતન આચાર્યને સ્થાપનાજી વહોરાવવાનું - સંઘવી જેઠમલજી ધીરાજી, પૂના

નૂતન આચાર્યને નવકારવાળી વહોરાવવાનું - શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ જૈન સંઘ, ગોરેગાંવ.

અત્યંત ઉલ્લાસમય વાતાવરણમાં પૂજ્ય આચાર્ય ભગવંતે પૂજ્ય પંન્યાસજી ભગવંતને શ્રી સૂરિમંત્ર સંભળાવીને આચાર્ય પદ પ્રદાન કર્યું. તે વખતે પોલીસ બેન્ડની કર્ણપ્રિય સુરાવલિથી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. નામકરણ વખતે આચાર્ય શ્રી વિજય જયશેખરસૂરિજી તરીકે જ્યારે નૂતન આચાર્ય મહારાજને જાહેર કરવામાં આવ્યા ત્યારે ઉપસ્થિત થયેલી વિશાળ જનમેદનીએ ગગનભેદી જયનાદોથી અત્યંત હર્ષ વ્યક્ત કર્યો. ત્યારબાદ પદ પ્રદાતા પૂજ્ય આચાર્યદેવશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા સહિત સકલ સંઘે નૂતન આચાર્યદેવશ્રીને દ્વાદશાવર્ત વંદન કર્યું. જૈન શાસનની આ ગૌરવપૂર્ણ પરંપરા નિહાળી સહુ અત્યંત ભાવવિભોર બન્યા.

અનેક શહેરના સંઘોએ પૂજ્ય ગુરુભગવંતોને ચાતુર્માસ માટેની વિનંતી કરેલી. પૂજ્ય આચાર્યદેવશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજાના ચાતુર્માસ માટે શ્રી હુબલી જૈન સંઘની તથા પૂજ્ય નૂતન આચાર્યદેવના ચાતુર્માસ માટે શ્રી લક્ષ્મીપૂરી જૈન સંઘ કોલ્હાપુરની વિનંતીનો સ્વીકાર થતાં હર્ષનાદો વચ્ચે જય બોલાવવામાં આવી.

કોલ્હાપુર નિવાસી શેઠશ્રી સંઘવી **ભભૂતમલજી સુરતમલ પરિવારે** આ ચાતુર્માસના અંતે કોલ્હાપુરમાં ઉપધાન કરાવવાની ભાવના પ્રગટ કરીને તે મંગલ પ્રસંગે નિશ્રા આપવા પૂજ્ય ગુરુ ભગવંતોને આગ્રહપૂર્ણ વિનંતી કરી.

આ મંગળ અવસરે ગોકાક નિવાસી શેઠશ્રી **પુનમચંદજીના** વરદ હસ્તે **'નિસર્ગનું મહાસંગીત'** નામના પુસ્તકનો વિમોચન વિધિ થયો.

આચાર્ય પદ પ્રદાનના આ શુભ અવસરે **શ્રી આરાધના ભુવન જૈન સંઘ, દાદર** તથા **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ, ગોરેગાંવ** તરફથી એમ બે સંઘપૂજનો થયેલ. તેમજ સંઘવી **શાંતિલાલજી સુરતમલજી** તરફથી લાડુની પ્રભાવના થઈ. તેમજ **શ્રી દેવીચંદજી સુરતમલજી** તરફથી લક્ષ્મીપુરી-ગુજરી સંઘનું સ્વામીવાત્સલ્ય થયું.

બપોરે મહામાંગલિક શ્રી શાન્તિસ્નાત્ર ભવ્ય રીતે શ્રીફળની પ્રભાવનાપૂર્વક ભણાવાયું. સાંજે ૪ વાગે સિદ્ધાંત દિવાકર પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી **જયઘોષસૂરીશ્વરજી મહારાજા** આદિ ઠાણાનો હુબલી તરફ વિહાર થયો.

આચાર્ય પદ પ્રદાનનો આ ભવ્ય પ્રસંગ સમસ્ત કોલ્હાપુર માટે ચિરસ્મરણીય બની રહ્યો.

આચાર્યો છે જિનધરમના દક્ષવ્યાપારી શૂરા

બેંગલોર-ચિકપેઠ - આજના ભૌતિક યુગના કલુષિત વાતાવરણમાંથી ધર્મથી વિમુખ બનતી યુવા પેઢીને જ્ઞાનદાન સહ સન્માર્ગે જોડતી અત્રે જયનગરમાં થયેલી શિબિરની પૂર્ણાહુતિ બાદ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા. ૩૦ અત્રે શ્રી આદિનાથ જૈનમંદિર ટ્રસ્ટ ચિકપેઠ સંઘના ઉપક્રમે થનાર આચાર્ય પદવી અને દીક્ષા પ્રસંગે પધારતાં શ્રી સંઘે ભારે ઉષ્માભર્યું વાજતે ગાજતે સ્વાગત કર્યું.

જેમને આચાર્યપદ પ્રદાન કરવાનું હતું તે સ્વ. પૂ. પંન્યાસ શ્રી પદ્મવિજયજી ગણી મ.સા.ના શિષ્યરત્ન પૂ.પં. શ્રી જગચ્ચંદ્ર વિજયજી ગણી મહારાજે ૩૬ વર્ષના દીર્ઘ નિર્મળ સંયમ પર્યાયમાં પૂજ્ય ગુરુદેવો પ્રતિ સમર્પણ ભાવ અને અનન્ય નિષ્ઠાથી રહી સારી ગુરુકૃપા પ્રાપ્ત કરેલી. ક્રમશઃ ન્યાય વ્યાકરણ આગમ અને છેદ ગ્રંથોનું જ્ઞાન મેળવ્યું. કર્મ સાહિત્યનું તલસ્પર્શી અધ્યયન કરી સ્વ. સિદ્ધાંત મહોદધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા આદિની પ્રેરણા અને માર્ગદર્શનથી સંસ્કૃત ૬૦૦૦૦ શ્લોક પ્રમાણ નૂતન કર્મ સાહિત્યનું સર્જન કર્યું. **ગુરુ ગુણવેલી યાને પૂ. પ્રેમસૂરીશ્વરજી રાસગ્રંથ** દ્વારા પોતાની પ્રખર કાવ્યશક્તિ અભિવ્યક્ત કરી, આવા ચારિત્રનિષ્ઠ અને જ્ઞાનસંપન્ન પંન્યાસજી મહારાજની આચાર્યપદવી પોતાના આંગણે કરવાથી ચિકપેઠ સંઘ અતિ ઉલ્લસિત બનેલ એમાં સોનામાં સુગંધની જેમ કે જી.એફ.ના રહેવાસી વર્ધમાન તપ ૬૮ ઓળીના આરાધક તપસ્વી સુશ્રાવક શ્રી પારસમલજી રિખવચંદજી બાફણા (B.Sc.)ની દીક્ષા નક્કી થતાં શ્રી સંઘના ઉલ્લાસ મહાસાગરમાં ભારે ભરતી આવી.

શ્રી સંઘે આ અંગે અગાઉથી તૈયારી કરવા માંડી હતી. અને તે મુજબ શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજા સહ શ્રી જિનેન્દ્ર ભક્તિ સ્વરૂપ અષ્ટાહ્નિકા મહોત્સવ અત્યંત ઠાઠપૂર્વક ઉજવાયો. દરરોજ પૂ. ગુરુદેવોના વ્યાખ્યાન; પૂજા; પ્રભુજીની સવિશેષ અંગરચનાના દર્શન; રાત્રિભાવના વગેરેમાં લોકોની હાજરી ચિક્કાર રહી.

પ્રસિદ્ધ સંગીતકાર નરેશભાઈ સેવંતિલાલ ઊંઝાવાળાની મંડળીએ લોકોને સંગીત દ્વારા જિનભક્તિમાં તરબોળ કર્યા તો અત્રેના શ્રી વિજય લબ્ધિસૂરિ મંડળે વિવિધ પ્રકારની રચનાઓ આદિથી લોકોની આંખ ઠારી. સાથે જ ૨૫ છોડનું ભવ્ય ઉજમણું હોવાથી એની સુંદર ગોઠવણીએ લોકોના હૃદયને રંજિત કર્યું. બેલગામના આર્ટિસ્ટ R.K. Patil ને પ્રસંગ પર ખાસ તેડાવાયેલા એમણે નયનરમ્ય રંગોળીઓ દ્વારા આબેહૂબ ભાવો ચિત્રોમાં ઉતારતા રંગોળી જોવા માટે લોકોની ઠઠ જામી.

આચાર્યપદવી અને દીક્ષા પ્રદાનના ભવ્ય વરઘોડાએ બેંગલોરના રાજમાર્ગો પર ફરી અદ્‌ભુત શાસન અને ધર્મ પ્રભાવના કરી.

આ પ્રસંગને નિહાળી કાંઈક અવનવું મેળવી લેવાની હોંશમાં અને કૃતજ્ઞતા ભાવે મુંબઈ, અમદાવાદ, સુરત, કરબટીયા, મદ્રાસ, વિસનગર, વિજયવાડા, દાવણગિરિ, બંગારપેઠ, K.G.F. આદિ અનેક સ્થળેથી ભાવુક મહેરામણ ઉભરાયેલો. અત્રેના દોડન્ના ગ્રાઉન્ડમાં બાંધેલો વિશાળ મંડપ પદ પ્રદાન ક્રિયા શરૂ થતાં પૂર્વે જ ભરાઈ ગયેલ તેથી પછી ભાવિકોને મંડપ બહાર રહી પ્રસંગ નિહાળવો પડેલો.

સૂરિમંત્રપટ અર્પણ, ગુરુપૂજન ગુરુવર્યોને કામળી ઓઢાડવી, દીક્ષાના ઉપકરણો અર્પણ કરવા આદિની બોલીમાં ભાવિકોએ મન મૂકીને લક્ષ્મી છોડીને સુંદર લહાવો લીધો. સાથે જ જીવદયાના મહાન કાર્યમાં પણ ધનને વાવી પોતાના પુણ્યને પુણ્યાનુબંધી બનાવ્યું.

સૂરિપદ પ્રદાનની ક્રિયા નિર્વિઘ્ને શાંતિથી સંપન્ન થતાં શ્રી સંઘ ખૂબ હર્ષિત બન્યો. ખાસ તો પદ પ્રદાન બાદ સૂરિપદ દાતા વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવે ૩૦ સાધુઓ પંન્યાસજી આચાર્ય આદિ અને ૧૫ સાધ્વી સહ શ્રી ચતુર્વિધ સંઘ સહિત નૂતન આચાર્ય શ્રી વિજય જગચ્ચંદ્રસૂરિજીને બૃહદ્‌ વંદન કર્યું. ત્યારે તો ભાવિકો જિનશાસનની નિરાળી અનુપમ વિધિ જોઈ મંત્રમુગ્ધ બન્યા.

પદ પ્રદાન બાદ સૂરિપદદાતા પૂ. આચાર્યદેવે નૂતન આચાર્યને શાસ્ત્રીય શૈલીથી પદનું ગૌરવ બતાવવાપૂર્વક હિતશિક્ષા પ્રદાન કરી તો નૂતન પૂ. આચાર્યે પણ સંઘ સમક્ષ પોતાની કૃતજ્ઞતા પ્રદર્શિત કરવાપૂર્વક સુંદર શૈલીમાં પ્રવચન કર્યું.

દીક્ષા બાદ પારસમલજી પૂ. નૂતન આચાર્ય મહારાજના શિષ્યરત્ન પૂ.

મુનિરાજશ્રી કનકસુંદરવિજયજીના શિષ્ય મુનિશ્રી પદ્માનંદવિજયજી બન્યા. ઓઘો મળતા એમનો મનમયુર નાચી ઊઠ્યો અપૂર્વ નિધાનની પ્રાપ્તિનો આનંદ એમના અક્રમના પચ્ચક્‌ખાણ દ્વારા સવિશેષ વ્યક્ત થયો.

પદ પ્રદાન અને દીક્ષા પ્રદાનના સૂત્રો બોલવાનો મહાન લાભ... મેળવવા નૂતન આચાર્યના શિષ્ય તપસ્વી પૂ. મુનિરાજશ્રી અભયચંદ્રવિજયજી ભાગ્યશાળી બન્યા. તો બૃહદ્‌ નંદિસૂત્ર સંભળાવવાનો અમૂલ્ય લહાવો વર્ધમાન તપોનિધિ આચાર્યદેવની સાથે જ પૂ.પં. શ્રી વિમલસેનવિજયજી ગણી પામી ગયા...

આ મહાન પ્રસંગની સાથે જ નૂતન આચાર્યશ્રીની કુશળ કલમે કંડારાયેલ કર્મસાહિત્યના રસથાળ **'ઠિઇબંધો'** ગ્રંથનું વિમોચન ઘાટકોપર મુંબઈના સેવાભાવી સુશ્રાવક અમીભાઈના શુભ હસ્તે થયું તો પૂ. આનંદઘનજી મહારાજની સ્તવન ચોવીશીના પ્રથમ બે સ્તવનો પરની પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવેશની અમૃતમય ભક્તિ રસ પાન કરાવતી વિવેચનારૂપ 'પ્રીતમ કેરો પંથ નિરાળો' પુસ્તકનું વિમોચન બેંગલોરના ઉદારદીલ સંઘવી શ્રી દૂધમલજીના શુભ હસ્તે થયું.

પ્રસંગ પર ઉપસ્થિત. પ્રકાંડ વિદ્વાન પૂ. આચાર્યદેવશ્રી ગુણાનંદ સૂરીશ્વર મ. પ્રશાંતમૂર્તિ ઉપાધ્યાય શ્રી યશોભદ્ર વિજયજી ગણિ મ. પંન્યાસપ્રવર શ્રી વિમલસેનવિજયજી ગણિ મ. તપોનિધિ પ્રવર્તક પૂ. યોગીન્દ્ર વિજય મ. આદિ મુનિગણ તથા પૂ.આ. શ્રી વિજય નવીન સૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તિની પૂ. સાધ્વી શ્રી કલ્પલત્તાશ્રીજી મ. તથા પૂ.આ.શ્રી ધનપાલસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તિની સ્વ. સાધ્વી શ્રી રોહીણાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સાધ્વી શ્રી અનંતકીર્તિશ્રીજી મ. આદિ ઠાણા ૧૫ આદિનું પણ શ્રી સંઘે ગૌરવપૂર્ણ કામળીઓ ઓઢાડવાનું સુંદર બોલી બોલીને કર્યું.

ચિકપેઠ શ્રી સંઘની સાધર્મિક ભક્તિથી બહારગામના મહેમાનો આદિ અતિ સંતુષ્ટ થયા.

પૂ. નૂતન આચાર્યશ્રી વિજય જગચ્ચંદ્રસૂરિજી મહારાજ આદિ ઠાણા ૬ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની આજ્ઞાથી અને બંગાર પેઠે સંઘની અતિ આગ્રહભરી વિનંતીથી ત્યાં ચાતુર્માસાર્થે પોતાનો વિહાર લંબાવ્યો છે. બેંગલોરના જુદા જુદા પરાઓની આગ્રહભરી વિનંતીથી શેષકાળના હિસાબે પૂજ્યશ્રી હાલ ગાંધીનગર પધારેલ છે. વર્ધમાન તપોનિધિ પૂજ્ય ગુરુદેવશ્રી આદિ પૂજ્યોનો ચિકપેઠમાં ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ-૬ બુધવાર તા. ૨૦-૭-૮૮ ના રોજ નક્કી થયેલ છે. પૂજ્યપાદશ્રી સાથેના પત્ર વ્યવહારનું સરનામું.

C/o, Shri Adinath Jain Swe. Temple CHIKPET, BANGLORE 560053

એદલાબાદ નગરે ઉજવાયેલ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ

એદલાબાદ (જલગામ) મહારાષ્ટ્રમાં ભૂસાવલ પછી નાગપુર હાઈવે ઉપર ૩૦ કિ.મિ. એદલાબાદ નગર આવે છે. અત્રે પૂ.આ. શ્રી વિજય રાજેન્દ્રસૂરિજી મ.સા. આદિની નિશ્રામાં નૂતન જિનાલયમાં શ્રી વાસુપૂજ્ય સ્વામિ આદિ પાંચ જિનપ્રતિમાનો ભવ્ય પ્રવેશ તથા જિનેન્દ્ર અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો. જેઠ સુદ-૬ ના રથયાત્રા મંગલવાજિંત્ર-ઈન્દ્રધજા-લેઝીમ ભક્તિમંડળ-પૂ. ગુરુભગવંતો, વિશાલ સાજન, લોનાર ભક્તિમંડળ-બેન્ડ-કળશ સાથે કુમારિકાઓ-પ્રભુજીનો રથ અને વાહનો, સાધ્વીજી ભગવંતો-બેનો-અનુકંપાની ગાડીથી સુશોભિત બની. કુંભસ્થાપના-નંદાવર્તપૂજન થયું. પાટલાપૂજન થયું, જલયાત્રાનો વરઘોડો નીકળ્યો... રોજરોજ પ્રવચનમાં અરિહંત પરમાત્માના અચિંત્ય મહિમાનું રોચક વર્ણન-શાશ્વતસુખ-શાંતિ અને સમાધિ માટે ઉપાસ્યકેન્દ્ર અરિહંત પરમાત્મા છે, જિનભક્તિ એ મુક્તિની દૂતિ છે, સર્વસુખની કલ્પવેલિ છે. જેનાથી સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટે છે. નયા એદલાબાદમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામિનો વરઘોડો નીકળ્યો. શુભ મુહૂર્તે ગભારામાં પ્રભુજીનો પ્રવેશ કરાવાયો. જેઠ સુદ-૧૦ ના ધાપુબેન કસ્તુરચંદ રાકા જૈન પોષધશાળાનું ઉદ્‌ઘાટન શ્રેષ્ઠિ હિંમતલાલ રૂગનાથજી બેડાવાળાના શુભ હસ્તે થયું. ધ્વજદંડ-કળશ આદિની ઉછરામણીઓ ઉલ્લાસ સાથે થઈ. લગ્નમુહૂર્તે પ્રતિષ્ઠાદિ થયા. બૃહદ્‌ શાંતિસ્નાત્ર પૂજા ભણાઈ, નવકારશી થઈ, જીવદયા-સાધારણખાતાની ટીપો થઈ. સઘળું વિધિ-વિધાન શ્રી મનસુખલાલ રીખવચંદ માલેગામવાળાએ કરાવ્યું. જેઠ સુદ-૧૧ દ્વારોદ્‌ઘાટન-માંગલિક પ્રવચન-ગુરુપૂજન-સંઘપૂજન થયું. સત્તરભેદી પૂજા ભણાઈ, રોજ ભવ્ય અંગરચના-વિવિધ પૂજા ભાવનામાં શ્રી સંઘે લાભ લીધો. જલગામ સંઘે પ્રતિષ્ઠા મહોત્સવમાં મોટો ફાળો તેમજ અનેક ઉછરામણીમાં ઉદારતાપૂર્વક લક્ષ્મીનો વ્યય કરી સુકૃત કમાણી કરી. મહારાષ્ટ્રમાં અંતરિક્ષજી જતાં એદલાબાદનગરના ભવ્ય જિનાલયના દર્શનાદિનો લાભ લેવા સૌને વિનંતી છે.

● **ગાંધીનગર-બેંગલોર :** ચિકપેટ-બેંગલોર શ્રી સંઘના ઉપક્રમે શાસનપ્રભાવક આચાર્યપદવી અને દીક્ષાપ્રદાનનો શાનદાર મહોત્સવ પૂર્ણ થયે પ.પૂ. શાસનપ્રભાવક વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સા. વિશાળ પરિવાર સહિત ભવ્ય સ્વાગતપૂર્વક અત્રે પધારતાં શ્રી સંઘમાં બહુ જ ઉલ્લાસ પ્રવર્ત્યો. રોજ સવારના ૬-૧૫ થી ૭, ૯-૧૫ થી ૧૦-૧૫, અને રાત્રે ફક્ત પુરુષો માટેના વ્યાખ્યાનોમાં શ્રી સંઘે ખૂબ લાભ લીધો. એમાં વિશેષ કરીને

રોજ રોજ સમ્યક્ત્વ સહિત બારવ્રત ઉપર ઉપદેશની ઝડી વરસી. નાણ માંડી વ્રત ઉચ્ચરવાનું નક્કી થયું. રવિવાર તા. ૧૦-૭-૮૮ ના રોજ હંસા પિકચર્સવાળા ફતુભાઈ આદિ પરિવારની સાગ્રહ વિનંતીથી તેમને ત્યાં જ નાણ મંડાવવાપૂર્વક ચતુર્થવ્રત, બારવ્રત આદિ ઉચ્ચરવાની વિધિ થઈ. પૂજ્ય ગુરુદેવશ્રી વાજતે ગાજતે ત્યાં પધાર્યા. ભવ્ય નાણ સમક્ષ વ્રતોચ્ચારણ વિધિનો કાર્યક્રમ શરૂ થયો. બાર જણે સંપૂર્ણ ચોથું વ્રત ઉચ્ચર્યું. હંસા પિકચર્સવાળા તરફથી દરેકને રૂા. ૧૦૧ ની પહેરામણી થઈ. બીજા પણ બાર વ્રત વરસીતપ, રોહિણીતપ વીશસ્થાનકતપ આદિ અનુષ્ઠાનના આરાધકોએ નાણસમક્ષ વ્રત ઉચ્ચર્યાં. વ્રત લેનાર કુલ ૫૦ થી ૬૦ આરાધકોને હંસા પિકચર્સવાળા તરફથી ફેન્સી સ્થાપનાચાર્ય અનાનુપૂર્વી સાપડો, શ્રીફળ વગેરેની પ્રભાવના થઈ. પૂજ્યશ્રીના ગુરુપૂજન, કંબલપ્રદાન પછી ઉપસ્થિત વિશાળ જનમેદનીને બે-બે રૂપિયાનું સંઘપૂજન થયું. અહીં પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય ગુણાનંદસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. છ નું ચાતુર્માસ નક્કી થતાં આનંદ આનંદ છવાઈ ગયો.

કુંભોજગિરિથી બેંગલોરના પદયાત્રા સંઘના પાંચ સંઘવીઓ પૈકીના સંઘવી સરેમલજી છગનલાલજી પોમાવાળાને પોતાના ફલેટના કમ્પાઉન્ડમાં પોતાના તરફથી જિનમંદિર બંધાવવાની ભાવના થઈ. એની ખનનવિધિ થઈ ગઈ હતી. હવે એમાં શિલાસ્થાપન વિધિ એમની વિનંતીથી પૂ.પાદશ્રીની શુભ-નિશ્રામાં કરાવવાની હતી. તેથી પૂજ્યશ્રી સપરિવાર સકળસંઘ સાથે જેઠ વદ-૧૩ ના રોજ વાજતે ગાજતે ગાંધીનગરથી કલ્પતરુ બિલ્ડિંગમાં પધાર્યા. ત્યાં ખૂબ જ ઉલ્લાસપૂર્વક શિલાન્યાસ વિધિ થઈ. વ્યાખ્યાન અને સંઘપૂજન બાદ સકળ શ્રી સંઘની અલ્પાહાર દ્વારા સાધર્મિક ભક્તિ કરાઈ. દેરાસર બાંધનાર સંઘવીનું સન્માન માધવનગર સંઘ તરફથી થયું. પૂ. વર્ધમાનતપોનિધિ આ.દેવનો ચિકપેટ ચાતુર્માસ પ્રવેશ અ.સુ. ૬ તા. ૨૦-૭-૮૮ નો થશે. પત્રવ્ય. Shri Adinath Jain Swe. Temple, Chikpet, Banglore-560053.

● **બંગારપેટ** (કર્ણાટક) બેંગલોરમાં વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શુભ હસ્તે દિક્ષિત મુનિરાજશ્રી પદ્માનંદવિજયજીની વડીદીક્ષા અત્રે નૂતન આચાર્યશ્રી વિજય જગચ્ચંદ્રસૂરિ મ.ની શુભનિશ્રામાં ખૂબ જ ઉલ્લાસપૂર્વક રૂડી રીતે ઉજવાઈ. અત્રેના શ્રી સંઘના અને આજુબાજુના આરાધકોએ વિવિધ ચઢાવાઓમાં સુંદર લાભ લીધો. આચાર્યશ્રીનો અત્રે ચાતુર્માસપ્રવેશ ઠાઠથી થયો છે.

● **બેંગ્લોર** (ચીકપેઠ) : અત્રે વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પાવનકારી નિશ્રામાં ચાતુર્માસના પ્રવેશથી જ તપ અને જ્ઞાનના યજ્ઞ મંડાયા છે... દર રવિવારે ચાલતી શિબિરમાં યુવાનો ખૂબ જ રસપૂર્વક જૈનધર્મના મૌલિક તત્ત્વોને સમજવાની સાથોસાથ સપ્ત વ્યસન ત્યાગ... સિનેમા, ટી.વી. બંધ; હોટલ બંધ; ઉકાળેલા પાણી પીવાના; કષાય થાય તો અમુક દંડ... વગેરે જુદા જુદા અભિગ્રહો લેતા હતા... તેમજ અત્રે ચાતુર્માસ સ્થિત પૂ.આ.શ્રી ધનપાલસૂરિજી મ.ના આજ્ઞાવર્તિની અને સ્વ. સાધ્વીજી શ્રી રોહીણાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી અનંતકીર્તિશ્રીજી મ.ની નિશ્રામાં બેનોની શિબિરમાં બેનો પણ નવા નવા અભિગ્રહો લઈ રહ્યા હતા... ન સાંભળેલી અવનવી વાતો વ્યાખ્યાનમાં શિબિરમાં સાંભળી બેનો પણ ધર્મમાં ખૂબ જ ઓતપ્રોત બની ગયા છે... બીજી બાજુ પ્રવેશના દિવસથી જ સંઘમાં સળંગ અઠ્ઠાઈ તેમજ સળંગ અઠ્ઠમ ચાલુ થયા હતા તે ચાલુ છે. સાથોસાથ ત્રણ સાધ્વીજી મહારાજને ૩૦-૩૧-૩૬ ઉપવાસ મોટી તપશ્ચર્યાની ભાવનાથી ઉપવાસ ચાલુ થયેલા અને ૨ સાધ્વીજી મહારાજને સિદ્ધિતપ ચાલુ થયેલા... આ તપશ્ચર્યા જોઈ સંઘમાં ય આરાધકોને તપનો વિશેષ રંગ લાગ્યો... જેથી અનેક આરાધકો મોક્ષદંડકતપ-ધર્મચક્રતપ ચાલુ કરેલા... પૂજ્યશ્રીની વૈરાગ્યસભર અને તપધર્મમાં આગળ વધવાની ચાનક લગાડતા પ્રવચનોએ અનેક આત્માઓને માસખમણ જેવી મહાન તપશ્ચર્યા કરવાની ભાવના જગાડી... પૂ.સા.શ્રી વૈરાગ્યનિધિશ્રીજી મ. ૩૬ ઉપવાસ; પૂ.સા.શ્રી રિદ્ધિનિધિશ્રીજી મ. ૩૧ ઉપવાસ; પૂ.સા.શ્રી પુણ્યનિધિશ્રીજી મ. ૩૦ ઉપવાસ સિવાય સંઘમાં ૧૩ માસખમણ તેમજ સિદ્ધિતપની આરાધના કરતાં પૂ.સા.શ્રી નંદીવર્ધનાશ્રીજી મ., તથા પૂ.સા.શ્રી જિનદર્શનાશ્રીજી મ. સિવાય ૧૫ જેટલા સિદ્ધિતપ; ૩૫ જેટલા ૧૧ ઉપવાસથી વધુ ઉપવાસ; લગભગ ૨૫૦ જેટલી અઠ્ઠાઈ; ૨૨૫ જેટલા અક્ષયનિધિ તપ; ૮૦ થી વધુ મોક્ષકદંડ તપ; ૮૫ ધર્મચક્રતપ જેવી તપશ્ચર્યા સંઘમાં થવા પામી...

પર્યુષણા પર્વમાં સહુ સંઘને લાભ મળે એથી તે તે લત્તાના સંઘની વિનંતીથી સાધુઓને આરાધના કરાવવા મોકલાયા, જેવા કે કોન્ટોમેન્ટ; યશવંતપુરમ્, દાદાવાડી, નગરથપેઠ, માંગડીરોડ; મહાવીરસ્વામી જૈનમંદિર; સ્થળોએ ખૂબ જ સારી રીતે પર્યુષણાની આરાધના થવા પામી...

બેંગ્લોર સંઘમાં ચાલતી ધાર્મિક પાઠશાળા-રવિવારીય સ્નાત્ર મહોત્સવ ખાસ

આકર્ષક હોય છે. તો પર્યુષણમાં રોજના પાઠશાળાના બાળકોના સ્નાત્ર; નાના નાના બાળક-બાળિકાને અષ્ટપ્રકારી પૂજા-ગુરુવંદન વગેરેના અપાતા પ્રેક્ટીકલ સંસ્કાર પણ અનુમોદનીય હોય છે... અને પાઠશાળાના સંચાલકો શ્રી સુરેન્દ્રભાઈ માસ્તર વગેરે પાઠશાળા માટે આયોજનો કરતાં થાકી જાય એટલો શ્રી સંઘ સહકારમાં ઊભો હોય છે...

પર્યુષણા પર્વના પ્રથમ દિવસે **'હિંદી પાક્ષિક દિવ્યદર્શન'**નું અત્રેના દાનવીર શ્રેષ્ઠી અને પદ્માવતી પ્રાણીદયા ટ્રસ્ટના સ્થાપક અને સંચાલક શ્રી એસ. કપુરચંદના હાથે વિમોચન થયું... ૩૦ રૂા. ના નજીવા વાર્ષિક લવાજમ દ્વારા અનેક જિજ્ઞાસુ ગ્રાહક થવા માંડ્યા... તો ૧૦૦૧ના શુભેચ્છક તરીકે ય લોકો સારો ઉત્સાહ દેખાડી લાભ લેવા માંડ્યા...

અમદાવાદ મુનિસંમેલન દ્વારા આયોજિત ૩૬૦ની ૧ પુણ્યપેટી વાર્ષિક કુપન યોજનામાં ય સંઘના આરાધકોએ ખૂબ જ સારા સહકાર સાથે લાભ લીધો... ૫૦૦ કુપનો ઉપરાંત નોંધાવવાનું ચાલુ છે.

સુંદર રીતે ચાલી રહેલી ધર્મઆરાધનાથી આનંદિત થયેલા સંઘના આગેવાનોએ દશેરા કે તેના ૨/૪ દિવસમાં આવતા મુહૂર્તે સંઘના માધ્યમે ઉપધાન તપ કરાવવાની વિનંતી કરી જેનો પૂજ્યશ્રીએ સ્વીકાર કર્યો અને સંઘમાં ઉપધાનની સ્કીમ મૂકતા તત્કાલ સ્કીમ પૂરી થઈ ગઈ...

આમ કર્ણાટકની રાજધાની સભા બેંગ્લોરમાં પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ગુરુદેવશ્રીના પુનીત પદાર્પણે ધર્મની રેલમછેલ મચી છે.

શ્રી જિનભક્તિના મહોત્સવો તો રોજના ચાલુ જ છે... શ્રી સંઘ આસો માસની શરૂઆતમાં ભવ્ય મહોત્સવ કરવા આયોજનો ઘડી રહ્યો છે...

ભદ્રાવતી (કર્ણાટક) નગરમાં અભૂતપૂર્વ-અદ્ભુત શાસનપ્રભાવના

શ્રી અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવના નિમિત્તે **ભદ્રાવતી નગરમાં અદ્ભુત શાસન પ્રભાવના થઈ.** ખ્યાલ રહે કે ભદ્રાવતી પાર્શ્વનાથના તીર્થવાળું ભદ્રાવતી ગામ જુદું, અને પ્રસ્તુત ભદ્રાવતી નગર જુદું. આ ભદ્રાવતી કર્ણાટક પ્રાંતમાં સીમોગા જિલ્લાનું શહેર છે. શ્રાવકોના ભાવિક ઘરો છે. ઘણા વખતથી ઘરમંદિર ચાલતું હતું. કાળપાક્યો અને ભવ્ય શિખરબંધી મંદિર કરવાનો સંઘે નિર્ણય લીધો.

અને એ પ્રમાણે સુંદર મંદિર નિર્માણનું કામ શરૂ થયું. વિદ્વદ્વર્ય પૂ.આ.વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ સા. ની નિશ્રામાં ખાતમુહૂર્તથી મંગલ પ્રારંભ થયો. કામ પુરું થવા આવ્યું ત્યારે શ્રી સંઘના અગ્રણી શ્રી પારસમલજી વગેરેએ પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારવા વિનંતી કરી.

'સારા કામોમાં સો વિઘ્નો' ના ન્યાયે બે મોટા વિઘ્નો ઉપસ્થિત થયા ન થયા ને વિખરાઈ ગયા. જયપુર જઈને પ્રતિમાનો ઓર્ડર આપેલ. પછી લેવા ગયા એમાં મોં પર કાળા ડાઘ જેવું નીકળ્યું. બીજી બાજું મદ્રાસવાળા રૂા. દોઢ કરોડના ખર્ચે બંધાઈ રહેલ મંદિરમાં મહા માસમાં અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવી આપવા પૂ. આચાર્યદેવને વિનંતી કરવા આવ્યા. ચાલુ મહા મહિનામાં બંને ઠેકાણે પ્રતિષ્ઠામાં પૂ. આચાર્યદેવશ્રીથી હાજર રહી શકાય તેમ હતું નહિ, પરંતુ ભદ્રાવતી સંઘને પુણ્યોયદય એટલો બધો જબરદસ્ત કે મદ્રાસવાળાને એમના શિલ્પીએ ના પાડી દીધી કે આટલા જલ્દી મહા મહિના સુધીમાં મંદિરમાં શિખરનું કામ પુરું નહિ થઈ શકે. તે સમાચાર મળતા જ ભદ્રાવતીના આગેવાન પારસમલજીએ જયપુરમાં પૂર્વની મૂર્તિ રીજેકટ કરીને નવી મૂર્તિ બનાવવાનો તાબડતોડ આદેશ આપી શ્રી પાર્શ્વનાથ ભગવાનની સુંદર નવી મૂર્તિ તૈયારી કરાવી. અરિહંતદેવના અચિંત્ય પ્રભાવથી અને આચાર્યદેવની કૃપાથી બંને વિઘ્નો ટળી ગયા. ગામડાવાળાઓની અંતરની શુભભાવના કેવો ચમત્કાર સર્જે છે એનો નમૂનો જોવા મળ્યો.

પૂ. આચાર્યદેવશ્રીએ સંઘની તીવ્ર પ્રાર્થનાથી **પૂ. ગણિવર શ્રી પદ્મસેનવિજયજી મ.સા.**આદિને ભદ્રાવતીના શ્રી સંઘને શાસ્ત્રસિદ્ધાન્તોથી જાણકાર કરવા ચોમાસા માટે મોકલાવ્યા. મુનિઓએ શ્રી સંઘમાં ધર્મનો સારો ટેમ્પો જગાડી દીધો. પ્રતિમાજી ભરાવવાના ચઢાવા તેમજ નવકારશી નાસ્તા-પત્રિકામાં દસ્તક-જયજિનેન્દ્ર લખવાના ચઢાવા કલ્પના બહારની રકમના થયા. શ્રી સંઘે આમંત્રણ પત્રિકામાં જણાવ્યું.

શ્રી પ્રભુ પ્રતિમાની પ્રતિષ્ઠાના અનુપમ પ્રભાવ

અનંતોપકારી શ્રી જિનેશ્વર દેવ કી પરમતારક મૂર્તિ કી જો ભક્તિપૂર્વક પ્રતિષ્ઠા કરતે હૈ યા કરવાતે હૈ એવં અપની શક્તિ અનુસાર પ્રતિષ્ઠા કરને યા કરવાને કે દ્વારા પ્રતિદિન ઈસકી જો અનુમોદના કરતે હૈ વે સબ પરંપરા સે શાશ્વત સુખ કી પ્રાપ્તિ કરતે હૈ ।

શ્રી અરિહંત પરમાત્મા કી પરમતારક મૂર્તિ કી શ્રી જિનાલય મેં બાહ્ય

પ્રતિષ્ઠા પૂર્વક અપને અંતર મેં યદિ પ્રતિષ્ઠા કરે તો જન્મ-જરા-મૃત્યુ કે દુઃખો કો સર્વથા દૂર કરકે વહ અનંત સુખ-ધામ-રૂપ-મોક્ષ પ્રાપ્ત કરતા હૈ । ઈસલિયે મોક્ષ કે ઈચ્છુક ભવ્ય આત્માઓં કો જગદ્ ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્મા કી પરમતારક આજ્ઞાનુસાર પ્રતિષ્ઠાદિ શુભ-કાર્યો મેં હમેશા કે લિએ પ્રયત્નશીલ રહના ચાહિએ।

શ્રી તીર્થંકર ભગવંત કી પ્રતિષ્ઠા મંગલકારી, વિઘ્ननાશક એવં સર્વપ્રકાર સે સુખશાંતિ પ્રદાન કરનેવાલી હોતી હૈ ।

"જિનશાસન શણગાર, સુવિશુદ્ધ સંયમમૂર્તિ, સાધિક ત્રિશત મુનિગણ સાર્થાધિપતિ, સિદ્ધાંત-મહોદધિ પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** મ.સા. કે પટ્ટાલંકાર દ્વિ-શતાધિક મુનિગણાધિપતિ, વર્ધમાન તપોનિધિ, યુવજન પ્રતિબોધક, પૂજ્યપાદ, આચાર્યદેવ **શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા. કી પાવનકારી નિશ્રા મેં યહ અંજનશલાકા સહિત શ્રી પ્રતિષ્ઠા મહોત્સવ મનાને કા શ્રી સંઘને નિર્ણય કિયા ઔર ઈસ મહાન કાર્ય મેં પધારને હેતુ હમારે શ્રી સંઘ ને પૂજ્ય ગુરુદેવ કો બેંગ્લોર જાકર આગ્રહપૂર્ણ વિનંતી કી । પૂજ્ય ગુરુદેવ ને હમારે સંઘ કી વિનતી સ્વીકાર કી જિસસે હમારા આનંદ બહુત હી બઢ ગયા। ઈસ કાર્ય મેં ઉલ્લાસ બઢાને કે લિએ એવં હમારે શ્રી સંઘમેં જાગૃતિ લાને કે લીએ હમારે શ્રી સંઘ કી અત્યાગ્રહણપૂર્ણ વિનતી કા સ્વીકારકર કે પૂજ્ય વર્ધમાન તપોનિધિ ગુરુદેવશ્રી ને અપને શિષ્યરત્નો પૂજ્ય **ગણિવર્ય શ્રી પદ્મસેનવિજયજી** મ.સા. પૂ.મુનિશ્રી **કલ્પરત્નવિજયજી** મ.સા.કો વિ.સં. ૨૦૪૪ કે ચાતુર્માસ હેતુ ભેજને કી મહાન કૃપા કી, ચાતુર્માસ મેં શ્રી સંઘ કા ઉલ્લાસ ઔર બઢા ।"

હમારી અત્યાગ્રહપૂર્ણ વિનતી કા સ્વીકાર કરકે બેંગ્લોર ચિકપેટ જૈન ઉપાશ્રય મેં ચાતુર્માસ સ્થિત, પ્રવચન પ્રભાવક, વર્ધમાન તપોનિધિ, પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા. અપને વિશાલ મુનિપરિવાર કે સાથ એવં પ્રશાંતમૂર્તિ પૂ. ધનપાલસૂરીશ્વરજી મ.સા. કે આજ્ઞાવર્તિની વિદુષી પ્રશાંતવદના સ્વ. સા. **રોહીણાશ્રીજી** મ. કી શિષ્યરત્ના પૂજ્ય સાધ્વી **શ્રી અનંતકીર્તિશ્રીજી** મ. આદિઠાણા ૧૩ વિહાર કરતે હુએ પધાર રહે હૈ । આપકી પાવનકારી નિશ્રા મેં માઘ સુદી ૫ શુક્રવાર તા. ૧૦-૨-૮૯ કો અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ કા પ્રારંભ હુઆ ।

દરમિયાન, અહીં પાછું મોટું વિઘ્ન એવું આવ્યું કે પૂ. આચાર્યદેવશ્રીને ભદ્રાવતી તરફ ઝડપી વિહાર કરી રહ્યા હતા એમાં ટુમકુર નજીકના વિહારમાં બે દિવસ છાતીમાં વાયુનો ભારે પ્રકોપ જણાયો. અને ટુમકુરમાં તબીયત વધારે અસ્વસ્થ

થતાં કાર્ડિયોગ્રામ લેવાયો. હોશિયાર ડોકટરોએ હાર્ટ એટેકનું નિદાન કર્યું. અને પૂજ્યશ્રીને નવા બંધાયેલા નર્સિંગહોમમાં ૮ દિવસ સારવાર ને આરામ માટે રાખવામાં આવ્યા. એ નર્સિંગહોમના માલિક ડો. નરસિંહયાએ ટ્રીટમેન્ટમાં ભારે જહેમત ઉઠાવી. ફરીથી બેવાર કાર્ડિયોગ્રામ લેવાયા, નોર્મલ આવ્યા. પછી પણ ઉપાશ્રયમાં આરામ લેવાતા તબિયતમાં સારો સુધારો જણાયો. ડોક્ટરી સલાહ છે અઠવાડિયું તદ્દન આરામ લેવાની થઈ.

બીજી બાજુ હુબલીથી વિહાર કરીને દાવણગિરિ પધારેલા સિદ્ધાન્તદિવાકર પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબે પૂજ્યશ્રીની આજ્ઞાથી ભદ્રાવતી વહેલા પહોંચવા એ તરફ વિહાર લંબાવ્યો. અને પોષ વદિ ૧૧ ના ધામધૂમથી પ્રવેશ કર્યો. તેઓશ્રીની નિશ્રામાં ઈન્દ્ર-ઈન્દ્રાણી અને માતા-પિતા બનવાના ચઢાવા પણ સારી રકમના થયા.

ભદ્રાવતી સંઘના હૈયા ન ભાંગી જાય, તેમ જ ભગવાન જિનેશ્વર દેવની અંજનશલાકા પ્રતિષ્ઠા જેવા અતિ મહાન પ્રસંગની ઉપેક્ષા ન થઈ જાય એ હિસાબથી પૂ. આચાર્યદેવશ્રીએ ભદ્રાવતી જવાનું નક્કી કરેલું. એમાં વળી લાંબા સ્ટ્રેચરમાં પૂજ્યશ્રીને સુતા સુતા રાખી સ્ટ્રેચર ઊચકી લઈ જવા બાળ-યુવાન મુનિઓએ ખૂબ જ ઉત્સાહ દર્શાવ્યો તેથી ડોક્ટરે પણ એ પ્રમાણે વિહાર કરવાની સંમતિ આપી. વિહાર ચાલુ થયો એથી ભદ્રાવતી સંઘના જીવમાં જીવ આવ્યો. અલબત્ત રોજના ૧૦-૧૨ કિ.મિ.ના વિહારથી ભદ્રાવતી મહા સુદ-૧૦ ના પહોંચવાની ગણતરી હતી. પરંતુ એમાં અંજનશલાકા મહોત્સવના પાંચ કલ્યાણકો પૈકી ચ્યવન-જન્મ કલ્યાણક તો ઉજવાઈ જાય તે પછી પહોંચવામાં અડધું જાય, તેથી જલદી પહોંચવા માટે સાધુઓએ મોટા એટલે કે રોજના ૨૫-૩૦ કિ.મિ.ના વિહાર કરીને સ્ટ્રેચર ઊંચકી જવાનું બીડું ઝડપ્યું. એમાં છેલ્લે એક જ દિવસમાં ૪૨ કિ.મિ.વિહાર કરીને પૂજ્યશ્રીને મહા સુદ-પના દિવસે ભદ્રાવતીના પાદરે ૨-૩ કિ.મિ. નજીક લાવી દીધા.

મહા સુદ-૬ ના દિવસે ભદ્રાવતી શ્રી સંઘે ભારે દબદબાથી વિશાલ પરિવાર સહિત પૂજ્ય આચાર્યદેવશ્રીનું સ્વાગત સામૈયું કર્યું. આશ્ચર્ય એવું થયું કે ભારતમાં ચારે બાજુ પૂજ્યશ્રીને હાર્ટ એટેકની સંભાવનાના સમાચાર પહોંચી જતાં પૂ. આચાર્યદેવો આદિ મુનિ ભગવંતો તથા ભક્ત શ્રાવકોના સુખશાતાપૃચ્છાના પત્રો ઉપરાછાપરી આવવા લાગેલા, એમાં પરમેશ્વર પ્રભુજીને પૂજ્યશ્રીના આરોગ્ય અને દીર્ઘ આયુષ્યની પ્રાર્થના સાથે લાખોના જાપ તથા અઠ્ઠમ, શુદ્ધ આયંબિલ, ચોવિહાર નવ ઉપવાસ સામુદાયિક આયંબિલ વગેરેની તપસ્યાઓ લખાઈને આવેલી એમાં

એવા પણ લખાણ આવ્યા હતા કે "પ્રભુ ! જોઈએ તો અમારું આયુષ્ય આચાર્યદેવને આપી દો પણ પૂજ્યશ્રીને દીર્ઘયુષ્યવાળા કરો." કેટલાય તો દૂર દૂરથી ઠેઠ ટુમકુર પૂજ્યશ્રીની શાતા પૂછવા આવેલા. હવે ૧૫/૨૦ દિવસ બાદ પૂજ્યશ્રીનો ભદ્રાવતી તરફ વિહાર સાંભળીને એ ચકિત થઈ ગયેલા ને પૂ. આચાર્યદેવશ્રીના તપોબળ, મનોબળ તથા સંઘ-શાસનની ભારે લાગણીના વખાણ ચાર મુખે કરતા હતા.

મહા સુદ-૫ : ક્રિયામંડપમાં મૂળનાયક તરીકે પધરાવવા માટે બેંગ્લોરથી પધારેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુ આદિના ત્રણ ભવ્ય જિનબિંબોનો તેમજ અત્રેના ગૃહમંદિરના ધાતુનિર્મિત મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુના બિંબ વગેરેનો ભવ્ય વરઘોડો સાથે ક્રિયામંડપમાં પ્રવેશ કરાવાયો અને પૂ. આચાર્યશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે અંજનશલાકા વિધિમાં મુખ્ય નંદ્યાવર્તના પાટલાનું **આલેખન** થયું. તથા અંજનશલાકા પાત્ર નૂતન જિનબિંબોને વેદિકા પર પધરાવવામાં આવ્યાં.

મહા સુદ-૬ : આજે પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનો ધામધૂમથી નગર પ્રવેશ થયા બાદ **નંદ્યાવર્તપૂજન,** કુંભસ્થાપનાદિ-પાટલા પૂજનાદિ ઠાઠથી કરવામાં આવ્યા. ગવૈયા સોહનલાલ શાસ્ત્રી તથા શ્રી ગોપાલ સોલંકી વગેરેએ ભક્તિ સંગીતની રમઝટ જમાવી. જળયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ.

મહા સુદ-૭ : ઈન્દ્ર-ઈન્દ્રાણી (ઓટરમલજી તથા અ.સૌ.ભમરીબાઈ) તથા ભગવાનના માતા પિતા, અશ્વસેન રાજા તથા વામારાણી (શુકનરાજ તથા અ.સૌ.પવનબાઈ) આદિની સ્થાપના કરવામાં આવી.

ગૃહસ્થ પ્રતિષ્ઠાચાર્ય તરીકે બેંગ્લોરના ક્રિયાનિષ્ઠ સુશ્રાવક શ્રી નથમલજીની સ્થાપના થઈ અને તેમને જનોઈ પહેરાવવામાં આવી. જ્યારે એમણે ચ્યવન કલ્યાણક રૂપે માતા તથા ઈન્દ્રાણીને સાથે રાખી પ્રભુને સુશોભિત નળામાં પધરાવ્યા ત્યારે સૌનો ઉલ્લાસ અમાપ હતો. સુશોભિત ઉજવણી મંડપમાં રાજમહેલનું આબેહૂબ દશ્ય, એમાં વામા માતા પલંગમાં સૂતા છે, પરિચારિકા એમને પંખો વિંઝી રહી છે, ત્યાં યાંત્રિક યોજનાથી આકાશમાં ક્રમસર ચૌદ સ્વપ્ન ઉતારવામાં આવ્યા જે માતાના મુખ દ્વારા ઉદરમાં જઈને વિશ્રાંતિ કરતા હતા, એવું સુંદર દશ્ય જોઈને લોકો ભાવવિભોર થઈ ગયેલા.

અહીં બેંગ્લોરના મુમુક્ષુ કુમારી ચંદ્રકાન્તા બહેને સમસ્ત પાંચે કલ્યાણકોના સુંદર ગીતોની રચના કરેલી એમાંથી એમણે પોતે જ બીજી કુમારીકાઓ સાથે

ગીતની ખૂબ રમઝટ જમાવી. અત્રે બહારગામથી મહેમાન રૂપે મોટી સંખ્યામાં જૈન ભાઈ-બહેનો ઉતરી આવેલા. તેમજ અત્રેની વિશાળ જૈનેતર પ્રજા પણ જોવા સાંભળવામાં લીન બની. ત્યારબાદ વામામાતા ગજગતિથી ચાલતા અશ્વસેન મહારાજાના શયનખંડમાં જાય છે 'હે દેવાનુપ્રિય !' વગેરે મીઠા સંબોધનથી રાજાને જગાડી ચૌદ સ્વપ્નદર્શનની હકીકત જણાવે છે. મહારાજાને આનંદનો પાર નથી.બીજી બાજુ દેવલોકમાં સૌધર્મેન્દ્રનું સિંહાસન ચલિત થાય છે. અવધિજ્ઞાનથી પ્રભુનું ચ્યવન જાણીને પોતે સિંહાસનથી ઉતરી ૭-૮ ડગલા આગળ જઈ શક્રસ્તવનથી ઈન્દ્ર પ્રભુની સ્તુતિ કરે છે. બાદ અશ્વસેન મહારાજા સ્વપ્નપાઠકોને બોલાવી ૧૪ મહાસ્વપ્નના ફળાદેશ પૂછે છે. બેંગ્લોરની પ્રસિદ્ધ પાઠશાળાના પ્રધાન અધ્યાપક શ્રી સુરેન્દ્રભાઈ શાહે મુખ્ય વૃદ્ધ જ્યોતિષીનો એવો ભવ્ય ભાગ ભજવ્યો કે એમને ઓળખનારા પણ ભુલાવામાં પડી ગયા કે આ કોણ છે !' રાજા પછીથી જ્યોતિષીઓ વગેરેને ઈનામ આપે છે. પહેલાં જ દિવસની આબેહૂબ ભવ્ય ઉજવણી જોઈને પબ્લિક ખૂબ પ્રભાવિત થઈ અને એમને લાગ્યું કે જીવનમાં આ ન જોયાનું અદ્‌ભુત જોવા મળ્યું. ત્યારબાદ ચ્યવન કલ્યાણક ઉજવણી સમાપ્ત થઈ, વરઘોડો નીકળ્યો.

મહા સુદ-૮ : આજે જન્મકલ્યાણકની ભવ્ય ઉજવણી થવાની હોઈ વિધિમંડપ જનમેદનીથી ચિક્કાર ભરાઈ ગયેલ. પૂર્વવિધિ કરવામાં આવ્યા પછી પ્રભુનો જન્મ જોવા માટે જનતા ખૂબ આતુર થઈ, ત્યાં જ થાળીના નાદ અને ઘંટારવ શંખ તથા વિવિધ દેશી વાદ્યો તેમજ બેલગામના પ્રસિદ્ધ બેંડના સૂરો તથા સકલ સંઘના અપાર ઉલ્લાસ સાથે પ્રભુનો જન્મ પ્રસંગ ઉજવાયો. યુવાનોમાં દાંડીયા, બેનોમાં ગીતગાન વગેરેથી વાતાવરણ ગાજી ઉઠેલું. બાદ ઉજવણી મંડપમાં પદ્ દિક્કુમારીઓએ ભવ્ય મહોત્સવની ઉજવણી કરી. મુમુક્ષુ ચંદ્રકાન્તા બહેનના નેતૃત્વ નીચે બેંગ્લોરથી અત્રે પધારેલ દિક્કુમારીઓ અને અત્રેની સ્થાનિક બાલિકાઓને તાલીમ આપી સુંદર તૈયાર કરેલી. ૮-૮ ના ગ્રુપમાં દિક્કુમારીઓએ જ્યારે પ્રભુની જન્મભક્તિના પોતપોતાના કર્તવ્ય મનોરમ ગીત સંગીત સાથે સ્ટેજ ઉપર એવા સુંદર ભજવી બતાવ્યા કે તે જોઈને ભક્તિથી ભાવિત બનેલ પ્રેક્ષકોમાંથી દરેક દિક્કુમારીને ભવ્ય ઈનામ જાહેર કરાયા. ત્યારબાદ દેવલોકમાં ઈન્દ્રનું સિંહાસન એવું કંપ્યું અને ક્ષણભર તો ઈન્દ્રે 'કયા દુષ્ટે આ મારું સિંહાસન કંપાવ્યું ?' એવા પ્રચંડ ગુસ્સાનું પ્રદર્શન કર્યું ત્યારે જોનાર બધા સ્તબ્ધ થઈ ગયેલ. પછી ઈન્દ્રે અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ જાણી પૂર્વના ગુસ્સાની ક્ષમા માગી અને હરિણૈગમેષી સેનાપતિ દ્વારા સુઘોષાઘંટ બજાવી પ્રભુનો જન્મ જાહેર કર્યો અને દેવોને જન્મ મહોત્સવ ઉજવવા મેરુશિખર ઉપર આવવાનું એલાન થયું. પછી ઈન્દ્ર માતા પાસે જઈ પ્રણામપૂર્વક

માતાના અભિનંદન કરી પ્રભુને મેરુશિખર પર લઈ જઈ જન્માભિષેક ઉજવવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરે છે અને માતાને અવસ્વાપિની નિદ્રામાં પોઢાડી દઈ પોતે પ્રભુને પાંચરૂપે મેરુશિખર પર લઈ જાય છે. મંડપની બહાર ૨૦ ફૂટ ઊંચા મેરુની રચના કરવામાં આવેલ ત્યાં ૬૪ ઈન્દ્રો વગેરે ધામધૂમથી પ્રભુનો ઠાઠથી જન્માભિષેક ઉજવે છે. છેલ્લે પ્રભુને ઈન્દ્ર માતા પાસે મૂકી જાય છે અને સુવર્ણ વગેરેની વૃષ્ટિ કરે છે.

આવતી કાલે રાજા તરફથી જન્મ મહોત્સવ ઉજવવાનો હોઈ તે પૂર્વે રાજાને પુત્રજન્મની વધામણી આપનાર પ્રિયંવદા દાસીનો ચઢાવો બોલાયેલ એમાં પરસ્પર ભક્તિની હરિફાઈમાં ચઢાવો બી. ભરતકુમારે લીધો. તેમજ પ્રભુનું નામ પાડનાર ફોઈ તથા મામા-મામી વગેરેના ચઢાવા પણ સારા થયા. બપોરના સમયે ૧૮ અભિષેક થયા તેમાં પ્રભુજીને સુવર્ણ થાળીમાં અર્ઘ્ય-અર્પણ કરવાની ઉછરામણીમાં જોરદાર રંગ જમ્યો.

મહા સુદ-૯ : આજે ઉજવણી મંડપમાં સવારથી જ અનેરો રંગ જામ્યો. પ્રારંભે પ્રિયંવદા દાસી નાચતી કુદતી આવીને અશ્વસેન રાજાને પુત્રની વધામણી આપી. રાજા અનેરો હર્ષ વ્યક્ત કરે છે. દાસીને મોટું ઈનામ આપે છે. જન્મોત્સવના સુંદર ગીત ગવરાવવામાં આવ્યા. **"ઝુલો ઝુલો લાલ"** બાદ રાજા પ્રજાજનોને જન્મ મહોત્સવમાં ભાગ લેવા સપ્રેમ નિમંત્રણ કરે છે. પ્રભુના નામકરણ વિધિમાં ફઈબા (અ.સૌ.શકુંતલા નરેન્દ્રકુમાર) રાજમહેલમાં પધારી જ્યોતિષી સાથે જે વિચારણા કરે છે તેમાં જ્યોતિષીનું લાંબુલચક ટીપણું, પ્રભુના અનેક નામોનો નિર્દેશ, જમણવારમાં અનેકાનેક મીઠાઈઓ વગેરેના નામોનો કોલાહલ વગેરેએ પ્રેક્ષકજનનું આકર્ષણ કર્યું અને પ્રભુનું **'પાર્શ્વકુમાર'** એવું નામ જાહેર કરવામાં આવ્યું. ફઈબાએ અનેક જાતના એવા રમકડા વગેરે તેમજ ચાંદીનો ઘુઘરો વગેરે રજૂ કરેલ તે જોવામાં પણ લોકો લીન થઈ ગયા. ત્યારબાદ પ્રભુને વાજતે ગાજતે પાઠશાળા લઈ જવાનો પ્રસંગ ભવ્ય ઉજવાયો. પ્રભુને પાઠશાળામાં ઈન્દ્રે બ્રાહ્મણરૂપે આવીને પંડીતના સિંહાસન ઉપર બિરાજમાન કરી દીધા. પછી પંડિતના મનની શંકાઓ પ્રભુને પૂછી પ્રભુ પાસેથી એના ઉત્તરો મેળવી જાહેર કરવામાં એવો અભિનય કર્યો કે જાણે પ્રભુએ સાક્ષાત્ ઉત્તરો આપ્યા. પાછળથી પ્રભુને નિશાળે લઈ જવા એટલે સરસ્વતીને નિશાળે મૂકવા જેવી હસવાની વાત ઈન્દ્રે જાહેર કરીને લોકોનો ભ્રમ દૂર કર્યો અને બતાવ્યું કે પ્રભુ ઠેઠ અવધિજ્ઞાન સુધીના મહાન દિવ્ય જ્ઞાનને ધરનારા છે. બાદ અશ્વસેન રાજા તરફથી વિદ્યાર્થીઓને પ્રભાવના કરવામાં આવી.

અંજનશલાકા પ્રસંગ મુખ્યતાએ પાર્શ્વનાથ ભગવાનના જીવનચરિત્ર ઉપર હોવાથી ઉજવણીમાં કમઠ અને પાર્શ્વકુમારનો પ્રસંગ પણ અદ્‌ભુત ઉજવવામાં આવ્યો હતો. કમઠતાપસ પંચાગ્નિની ધૂણી ધખાવીને મોટી રુદ્રાક્ષની માળા જપતો બેઠેલો. લોકો એને નમવા અને ફળફળાદિ ભેટ આપવા આવતા. ત્યાં પાર્શ્વકુમાર પણ પધાર્યા અને કમઠની સાથે રોચક સંવાદ થયો એમાં છેલ્લે પાર્શ્વકુમાર કહે છે "ધર્મનું મૂળ દયા, એ મૂળને બાળીને તું તારા યોગને સળગાવી રહ્યો છે." એ સાંભળતા કમઠ ગુસ્સે થઈ કહે છે 'બતાવો, મેં દયા ધર્મને ક્યાં બાળી મૂક્યો છે ! ત્યાં પાર્શ્વકુમાર માણસ પાસે અગ્નિની વેદિકામાંથી એક લાકડું કઢાવી ચીરાવીને નાગને બહાર કઢાવે છે. અને ફણા કંપાવતા નાગને સેવક દ્વારા નવકાર સંભળાવે છે. અહીં જનસમુહની વચ્ચે કમઠ તપાસનો ફીયાસ્કો થવાથી કમઠ ઉઠીને જે કૂદકો મારીને ભાગ્યો એના અભિનયે વિશાળ પ્રેક્ષક મેદનીમાં હાસ્યનું ભારે મોજું પ્રસરાવી દીધું.'

મહા સુદ-૧૦ : આજે પાર્શ્વકુમારનો લગ્ન મહોત્સવ ઉજવાયો. મામા મામી વાજતે ગાજતે આવેલા. મામેરામાં પહેરામણી માટે સાડીઓ વગેરે લાવેલા. અહીં વેવાઈએ સામસામે કંકુના થાપા કર્યા. અને લગ્ન વખતે પૂજ્ય આચાર્યદેવશ્રીએ 'તીર્થંકર ભગવાનનો લગ્ન પ્રસંગ તો સાંસારિક પ્રસંગ છે તેની ઉજવણી શા માટે ?' એના ખુલાસામાં જણાવેલ કે 'સંસારના બીજા જીવો લગ્ન કરે છે તે મોહના ઉદયમાં, ભોગ વિલાસની ઉજવણી કરવા કરે છે ત્યારે તીર્થંકર ભગવાનનો આત્મા નિકાચિત ભોગાવલી કર્મ જે બીજી રીતે નષ્ટ થાય એવું ન જ હોવાથી એ કર્મના ક્ષય માટે લગ્નજીવન સ્વીકારે છે. એટલે પ્રભુનો લગ્ન પ્રસંગ કર્મ ક્ષય માટે જ હોવાથી એની ઉજવણી થાય છે.' અત્રે કન્યાદાનમાં જનતાએ સારી રકમો નોંધાવી.

ત્યારબાદ પાર્શ્વકુમારનો ભવ્ય રીતે રાજ્યાભિષેક ઉજવાયો. અશ્વસેન રાજાએ પ્રજાજનો વચ્ચે પોતાની નિવૃત્તિ લેવાની ઈચ્છા તથા પાર્શ્વકુમારમાં અસાધારણ યોગ્યતા અને અનુપમ ગુણો હોઈ એમના માથે રાજ્યગાદીનો ભાર મૂકાય એ જરૂરી હોવાનું જાહેર કરતા પ્રજાજનોને પૂછવામાં આવ્યું કે 'પાર્શ્વકુમાર યુવરાજ મટીને કાશીદેશનો મહારાજાધિરાજ બને તે પસંદ છે ?' લોકોએ તત્કાળ આનંદના ગર્જારવ સાથે એ વાત સ્વીકારી લીધી. પછી રાજદરબાર મંડાયો. એમાં પહેલા સંગીતની મહેફીલમાં મહેશકુમાર ભંડારીએ વિવિધ નૃત્યનો કાર્યક્રમ રજૂ કર્યો. વિશેષતામાં બાલિકાઓ દ્વારા વિવિધ રંગી સાડીઓના જુદા જુદા એંગલે અને જુદા

જુદા પોઝમાં ગુંથણી દ્વારા કમળ, જહાજ, સિંહાસન વગેરેના અદ્‌ભુત દેખાવા પ્રદર્શિત કરાયા. બંદીખાનેથી કેદીઓનું મોચન, જમણવાર, વાજીંત્ર-સૂરાવલી વગેરે ભવ્ય રીતે ઉજવાયું. છેવટે લોકાંતિક દેવોએ ગીત-વાંજીત્ર સાથે આવી 'જય જય નંદા, જય જય ભદ્દા'ના નાદ સાથે મહારાજા પાર્શ્વકુમારને 'ચારિત્ર લઈ ધર્મ પંથ દેખાડવાની' વિનંતી કરી, અને ત્યાં મહારાજાએ વર્ષીદાનનો પ્રારંભ કર્યો.

મહા સુદ-૧૧ : આજે ભગવાનનો વર્ષીદાનનો ભવ્ય વરઘોડો હોઈ બહારગામથી લોકો વિશાળ સંખ્યામાં ભદ્રાવતીમાં ઉમટી પડેલ. સંઘના ખાસ આમંત્રણથી ૭૫ યુવકોનું મહેસૂરથી શ્રી સુમતિનાથ યુવક મંડળ, તેમજ ૪૦ યુવકોનું ગદગથી જૈન યુવક મંડળ પધારેલ. તેઓએ શ્રી પાર્શ્વનાથ જૈન નવયુવક મંડળ સાથે વરઘોડામાં, નવકારશીમાં સુંદર સેવા આપી. સવારે વરઘોડા અંગેની ઘણી બધી બોલીઓ બોલાવાઈ તેમાં મન મૂકીને દાનવીરોએ લાભ લીધો. વરઘોડો જોવા આખું ભદ્રાવતી નગર ઉમટી પડેલું. વરઘોડામાં ગજરાજ, લેઝીમવાળા, ઢોલવાળા, રાસડા લેનાર જૈનેતર બાઈઓ, ટ્રકમાં સ્થાનિક મહિલા મંડળ, બીજી ટ્રકમાં પાઠશાળાના બાળક બાળીકાઓ તેમજ એક ટ્રકમાં અશ્વસેન રાજા, વામારાણી તેમજ નગરશેઠ, સેનાધિપતિ મંત્રી વગેરે, એક ટ્રકમાં ભરત-બાહુબલીનો દેખાવ, વગેરે અનેક પ્રકારની શોભા યોજવામાં આવેલી, સ્કૂલના એન.સી.સી.ના યુનિફોર્મમાં બાળકો, ૧ ટ્રકમાંથી વરસીદાન ઉછાળવામાં આવતું હતું. પૂ. આચાર્યદેવ આદિ મુનિરાજોની પછી વિશાળ સાજન, બીજું બેન્ડ, પ્રભુજીનો ભવ્ય રથ, એની પાછળ સાધ્વીજી મહારાજો તથા બેનોનું સાજન એમાં વરઘોડો ખૂબ લાંબો થયેલ, અને લાંબો ફરેલો. આ વરઘોડાની સુવાસ એવી ફેલાયી કે જૈનેતર લોકો પણ જોવા માટે હજારોની સંખ્યામાં એકત્રિત થઈ ગયેલા.

વરઘોડો ઉતર્યા બાદ પ્રભુના દીક્ષા કલ્યાણકની વિશાળ મંડપમાં ઉજવણી થઈ. આ પ્રસંગે કુમારી ચંદ્રકાન્તાબેને વૃદ્ધ કુલમહત્તરાનો જે વેશ બનાવેલો તે અદ્‌ભુત હતો અને એમણે પ્રભુને આશીર્વાદ આપવા સુંદર ઉદ્‌બોધન કર્યું. ત્યારબાદ પ્રભુના માતા વામાદેવીએ તો હૃદયભેદિ શબ્દોમાં જે વિદાય આપી હે બેટા ! હે પ્રજા વત્સલ ! હે મારા લાડલા કુંવર ! વગેરે શબ્દોથી વિદાય સમયે દુઃખના ઉદ્‌ગારો કાઢ્યા એમાં પોતે પણ એવા રડી પડ્યા કે ખુદ પૂ. આચાર્યદેવશ્રીની આંખોમાં પણ આંસુ લાવી દીધા અને સભાને પણ રડાવી દીધી. બાદ પૂ. આચાર્યદેવશ્રીએ પ્રભુની દીક્ષાવિધિ કરી. અત્રે વિશેષ નોંધપાત્ર પ્રસંગ એ બન્યો કે સુદ-૧૧ રાતના અંજન હોવાથી સભામાં એ પ્રસ્તાવ મૂકાયો કે પ્રભુને અંજનવિધિમાં પૂ. આચાર્યદેવ પ્રભુને કેવળજ્ઞાન પામવાના પ્રતીકરૂપે અંજન આંજશે.

એ અંજન ઘૂંટી આપનાર નાની બાલીકા કેટલી બધી ભાગ્યશાળી કે એ અંજન ઘૂંટીને પૂજ્યશ્રીને આપે એનાથી પ્રભુની કેવળજ્ઞાનની જ્યોત જળકવાની, જેના દ્વારા ધર્મશાસનની સ્થાપના અને પ્રભુના સમગ્ર કેવળી જીવનમાં હજારો દેશનાઓ ચાલવાની. એ અંજન ઘૂંટનાર બાલિકાનું સૌભાગ્ય કેટલું ઊંચું એમ કરીને અંજન ઘૂંટી આપવાની બોલી બોલાવાની શરૂઆત થઈ. અત્યારસુધી ક્યાંય નહિ દેખેલ એવો આ પ્રસંગ અલૌકિક બની ગયો. કેમકે લોકોએ આ બોલી બોલવામાં માઝા મૂકી. ફલે ચૂંદડીનો આદેશ લેનાર ભાગ્યશાળી તરફથી આદેશ લેવાયો અને બાલિકા કમલા કુમારીએ આયંબિલ કરીને અંજન ઘૂંટી આપ્યું. આ પ્રસંગથી લોકોમાં આનંદ અનેરો વધી ગયો.

રાતના પૂજ્ય આચાર્યદેવશ્રીના વરદ હસ્તે અધિવાસના તેમજ અંજનવિધિ થઈ. મહા સુદ-૧૨ની સવારે કેવળજ્ઞાન કલ્યાણકની ઉજવણીમાં ખાસ રચાયેલ સમોવસરણ ઉપર પ્રભુજીને બિરાજમાન કરી પ્રભુજીની નીચે બેઠેલ પૂ. આચાર્યદેવશ્રીએ ધર્મદેશના આપી. ત્યારબાદ નિર્વાણ કલ્યાણકના અભિષેક ઉજવાયા. કેવળજ્ઞાન તથા નિર્વાણ કલ્યાણકના વરઘોડા પણ નીકળ્યા.

મહા સુદી ૧૩ : જે ધન્ય અવસરની વર્ષોથી કાગના ડોળે રાહ જોવાતી હતી તે ધન્ય દિવસ, ધન્ય ઘડી, ધન્ય પળ અત્યંત નિકટ આવી જતાં આજે શ્રી ભદ્રાવતી જૈન સંઘના હર્ષ-આવેગ-ઉમંગ અને ઉલ્લાસના મહાસાગરમાં અભૂતપૂર્વ ભરતી આવી ગઈ હતી.

ભદ્રાવતી નદીનો પુલ પસાર કરો એટલે તરત જ ડાબા હાથ પર પોલીસ સ્ટેશન તરફ જતો જે માર્ગ છે તે હવે **'જૈન ટેમ્પલ રોડ'** નામથી ઓળખાતો થઈ ગયો છે. આ માર્ગ ઉપર નાકાથી એકાદ ફર્લાંગ દૂર ચાલીએ એટલે ઉત્તુંગ શિખરવાળી જે નયનરમ્ય ઈમારતના દર્શન થાય છે તે જ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું પુનીતપાવન મંદિર છે. પાછળ જ ભદ્રાનદીના નીર નિત નિત જાણે પાર્શ્વપ્રભુના ગીતગાન રેલાવી રહ્યા છે. નદીના પુલ પર ઊભા રહીને મંદિરના પાછળના ભાગને નિહાળો તો ઉત્તુંગ શિખર પર પડતા પ્રભાતના સૂર્યોદયના કોમલ કિરણોની લાલી જોઈને તમે ભાન જ ભૂલી બેસો. પ્રતિષ્ઠાન અવસરે આ મંદિરનું ડેકોરેશન પણ એટલું વિશિષ્ટ રીતે થયેલું કે રાતના તો જાણે હજારો તારાનો ત્યાં વરસાદ વરસી પડ્યો હોય એમ જ દેખાય.

ગામ-બહારગામથી આ ધન્ય પ્રસંગને નિહાળવા આવેલા-આવી રહેલા તમામ કોમના લોકોથી આજે સવારે ૮ વાગ્યાથી જ સમગ્ર જૈન ટેમ્પલ રોડ પર જાણે કે માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ગેલેરીઓ અને અગાશીઓ પર પણ લોકો

ખીચોખીચ ભરાઈ ગયા હતા અને મંદિરના ધ્વજાદંડ તરફ મીટ માંડીને એકીટશે જોઈ રહ્યા હતા. પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત અને વિશાલ સાધુ-સાધ્વી સમુદાય-વિધિકારકો તથા પ્રતિષ્ઠાના આદેશ લેનાર શ્રાવક-શ્રાવિકાઓ અને વ્યવસ્થાપકોના સમુદાયથી આખું દેરાસર ત્રણે માળ હકડેઠઠ ભરાઈ ગયા હતા અને ૐ પુણ્યાહં પુણ્યાહં, પ્રિયન્તાં પ્રિયન્તાંના મંગલધ્વનિઓ પ્રસન્ન વાતાવરણમાં ચારે કોર ગુંજી રહ્યા હતા. ઉપર આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા દેરાસર અને ચતુર્વિધ સંઘ ઉપર પુષ્પવર્ષા સતત ચાલુ હતી. બધી દિશામાં મંદ મંદ પવન વહી રહ્યો હતો અને લોકહૃદયમાં ઉભરાઈ રહેલી પવિત્ર ભાવનાઓથી સુવાસ સાથે ત્યાં બળી રહેલા સુગંધી ધૂપ વગેરેની મહેંક મહેંકથી સારું યે વાતાવરણ જ્યારે દિવ્યતાનો અનુભવ કરી રહ્યું હતું. તે સમયે જેવો પ્રતિષ્ઠાના મુહૂર્તની પુણ્ય એવં ધન્યપળનો ઘડિયાળને સ્પર્શ થયો ને તરત જ પૂજ્ય ગચ્છાધિપતિશ્રીના પવિત્ર હસ્તે મનોરમ શ્રી પાર્શ્વનાથ પ્રભુ આદિ બિંબોની જાજવલ્યમાન ગાદી પ્રતિષ્ઠા થઈ અને બીજી બાજુ થાળી પર જોરજોરથી ડંકા પડવા માંડ્યા, ઘંટારવ ગર્જી ઊઠ્યા અને બહાર નીચે રાહ જોઈને સાવધાન બનીને ઊભા અને બહાર નીચે રાહ જોઈને સાવધાન બનીને ઊભા રહેલા બેન્ડવાજાના મધુર સ્વરો વાતાવરણમાં ગુંજવા માંડ્યા. ચારે બાજુ "પારસનાથ-પારસનાથ જય જય બોલો પારસનાથ" ના નાદથી જોરજોરથી ધૂન મચી ગઈ. બહાર રસ્તા પર દૂર દૂર સુધી આ ધન્ય પળને નિહાળવા માટે ઊભા રહેલા હજારો જૈન-જૈનેતરો લોકો અને ગેલેરીઓ-ઝરુખા-અગાશી અને છાપરાઓ પર ઊભા રહી ગયેલા લોકોએ પણ "જય જય બોલો પારસનાથ"ની ધૂનથી ભક્તિનું આકર્ષક વાતાવરણ ખડું કરી દીધું. મુખ્ય ગેટ પર હાથીના હોદ્દે બેસીને ચઢાવો લેનાર ભાગ્યશાળીએ સુંદર તોરણ બાંધ્યું.

મુખ્ય ગભારામાં ફણા સહિત ૩૧"ના ચિત્તાકર્ષક શ્રી પાર્શ્વનાથ ભગવાનના બિંબની પ્રતિષ્ઠા થઈ અને આજુબાજુ શ્રી આદીશ્વર ભગવાન - શ્રી શાંતિનાથ ભગવાન - શ્રી મહાવીરસ્વામી ભગવાન તથા **શ્રી ઈચ્છાપૂર્ણ પાર્શ્વનાથ** ભગવાનના બિંબોની પ્રતિષ્ઠા થઈ. નીચેના માળામાં શ્રી ગૌતમસ્વામી ભગવાનની પ્રતિષ્ઠા થઈ તેમજ ઉપર શિખરના માળામાં પહેલાના ગૃહમંદિરના મૂળનાયક ધાતુના પ્રતિમાજી શ્રી પાર્શ્વનાથ ભગવાન આદિ ૩ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ. પ્રતિષ્ઠાની સાથે સાથે જ ધ્વજદંડારોપણનો શુભવિધિ થયો અને શિખર ઉપર સોનાથી રસેલા ઝગારા મારતા વિશાલ કલશનું અધિરોપણ થયું. શુકનવંત દિશાના પવનમાં ધ્વજાદંડ પર લટકતી ધ્વજા નૃત્ય કરવા લાગી જાણે કે પાર્શ્વનાથ ભગવાનની ભક્તિ માટે એમાં પણ નવા પ્રાણ ફુંકાયા ન હોય.

પૂજ્ય ગચ્છાધિપતિશ્રીએ દરેક જિનબિંબો ઉપર તેમજ ધ્વજદંડ અને કલશ ઉપર વાસક્ષેપવિધિ કર્યો.

ત્યારબાદ ચતુર્વિધ સંઘ સહિત પૂજ્યશ્રીએ વિધિપૂર્વક કાઉસ્સગ્ગ વગેરે સહિત પ્રથમ દેવવંદન કર્યું. પ્રતિષ્ઠાવિધિ સમાપ્ત થયા બાદ પૂજ્યશ્રી નીચે સ્ટેજ ઉપર આવ્યા અને ચિક્કાર જનમેદની વચ્ચે કોલાહલ શાંત થતા પૂજ્યશ્રીએ તથા અન્ય મુનિશ્રીઓએ વિધિ મુજબ મંગલાશીર્વાદિગર્ભિત પ્રવચન ફરમાવ્યું. ત્યારબાદ જમણા અંગૂઠે ગુરુપૂજન કરવાના અને કામણી વહોરાવવાસ્વરૂપ ગુરુપૂજનના વિશાલ ધનરાશિમાં ચઢાવા થયા. લાભ લેનાર ભાગ્યશાળીઓએ તે તે મુજબ ગુરુપૂજન કર્યું. આજે પ્રતિષ્ઠા નિમિત્તે ફલે ચુંદડીનો જે ચઢાવો થયેલો તેનો લાભ લેનાર ભાગ્યશાળી દુંદાડા (રાજસ્થાન) વાળા શા દેવીચંદ ભંવરલાલ પાલરેચા પરિવાર તરફથી સકલ સંઘ ઉપરાંત સમસ્ત ગામના તમામ કોમના લોકોને તેમજ બહારગામથી પધારેલા ભાવુકોને જમણવારમાં પધારવા માટે આમંત્રણ અપાયેલું અને એ રીતે હજારોની વિશાલ સંખ્યામાં જૈન-જૈનેતરની જમણવારથી ભક્તિ-ઉચિત સેવાનો તે પરિવારને યાદગાર લાભ મળ્યો.

બપોરે વિજય મુહૂર્તે અષ્ટોત્તરી સ્નાત્ર ઠાઠમાઠથી ભણાવાયું. તેમાં જીવદયાની સારી ટીપ થઈ. તેમજ નવો તૈયાર થઈને આવેલો ચાંદીનો મુગટ પ્રભુજીને પ્રથમવાર પહેરાવવાનો ચઢાવો ૨૫ હજાર મણનો થયો. શ્રીફળની પ્રભાવના થઈ.

મહા સુદી ૧૪ : આજે સવારે વાજતે ગાજતે શ્રી સંઘ, દ્વારોદ્‌ઘાટનનો ચઢાવો લેનાર ભાગ્યશાળીને તેડવા માટે તેમના નિવાસસ્થાને વહેલી સવારે પહોંચી ગયો હતો. વાજતે ગાજતે શ્રી સંઘ સાથે તે ભાગ્યશાળી મંદિરે આવ્યા. પૂજ્યપાદશ્રીની પુણ્ય ઉપસ્થિતિ વચ્ચે તે ભાગ્યશાળીએ **'ગોઠીડા તું દ્વાર ઉઘાડ પણ છે પૂજાનું...'** એ ગીતના નાદ વચ્ચે ગોઠીને સારી રકમના દાનથી ખુશ કરી દ્વારોદ્‌ઘાટન કરીને ચતુર્વિધ શ્રી સંઘને ભારે આંગી અને રોશની-અલંકારોથી ઝળહળતા પ્રભુજીના દર્શન કરાવ્યા. ત્યાં ચતુર્વિધ શ્રી સંઘે વિધિપૂર્વક ચૈત્યવંદન કર્યું. દેરાસરમાં અને બહાર એકત્રિત થયેલ વિશાલ જનમેદનીએ ચૈત્યવંદન બાદ ફરી એકવાર જય જય બોલો પારસનાથની ધુન મચાવી દીધી. બપોરે પૂ. સાધ્વીજી રોહિણાશ્રીજીના સ્વર્ગવાસ નિમિત્તે શ્રી પાર્શ્વચિન્તામણિપૂજન ઘણા ઠાઠથી ભણાવાયું હતું.

મહોત્સવ દરમ્યાન રોજ રોજ

- ભગવાનની પ્રતિમાની સુંદર આંગી-રોશનીથી વિભૂષા કરવામાં આવતી હતી.
- રોજ રોજ રાત્રે વિશાળ મંડપમાં સંગીતકાર શ્રી સોહનલાલ શાસ્ત્રીની મંડળી દ્વારા રજૂ થતા ભાવના-ભક્તિગીત-કથાગીતના પ્રોગ્રામો ઉપરાંત અહીંના સ્થાનિક ધાર્મિક શિક્ષક મહેશભાઈ ભંડારી તરફથી પોતાના અને પાઠશાળાના બાલક-બાલિકાઓના વિવિધ નૃત્ય વગેરે પ્રોગ્રામો રજૂ થતા હતા. જેને લોકોમાં એક અનેરું આકર્ષણ ઊભું કર્યું હતું.
- રોજ રોજ નવકારશીના ચઢાવાનો લાભ લેનાર ભાગ્યશાળીઓને ફેંટા-સાફા વગેરે પહેરાવીને માનપૂર્વક વાજતે ગાજતે દેરાસરથી ભોજન મંડપમાં બેન્ડબાજા સાથે લઈ જવાતા હતા.
- રોજ રોજ પૂજ્યપાદશ્રી તથા અન્ય મુનિઓના સુંદર પ્રાસંગિક પ્રવચનોની ઉપદેશગંગા વહેતી હતી.
- રોજ રોજ કોઈ ને કોઈ નવા નવા ચઢાવા થયા જ કરતા હતા.
- રોજ રોજ સાંજે જૈનેતર લોકોની દેરાસરમાં દર્શન માટે ભીડ જામતી હતી.
- રોજ રોજ સવાર-બપોર-સાંજ ત્રણ ટાઈમ નાસ્તો અને નવકારશી ચાલુ જ હતા.
- રોજ રોજ સવાર-બપોર-સાંજ બેન્ડબાજાના મધુર ધ્વનિઓ દેરાસર પાસે કલરવ કરતા હતા.
- રોજ રોજ શ્રાવિકાઓ સવારે મંગલગીતો ગાતી હતી.

ટુંકમાં પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. તથા તેમનો શિષ્ય પરિવાર પ.પૂ.આ.શ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાય શ્રી યશોભદ્ર ગણિવર, પ.પૂ.પ્રવર્તક શ્રી યોગીન્દ્ર વિ.મ., પ.પૂ. પંન્યાસ શ્રી વિમલસેન વિ.મ., પ. પૂ. ગણિવર શ્રી પદ્મસેન વિ.મ., પ.પૂ. ગણિવર શ્રી જયસોમ વિ. મ. આદિ વિશાલ મુનિપરિવાર તથા પ.પૂ. સાધ્વીજી શ્રી અનંતકીર્તિશ્રીજી આદિ સાધ્વી પરિવારની ઉપસ્થિતિમાં ભદ્રાવતી નગરમાં ઉજવાયેલ આ અંજનશલાકા-પ્રાણપ્રતિષ્ઠા-પ્રતિષ્ઠા મહોત્સવ સમગ્ર કર્ણાટક રાજ્યમાં યાદગાર અને સમગ્ર ભારતના જૈનો માટે અનુમોદનીય બની રહેશે.

આ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સીમોગા, તરીકેરે, કડુર, બીરુર,

અરસીકેરે, દાવણગિરિ, ચિત્રદુર્ગા, મૈસુર, બેંગ્લોર, રાનીબેન્નુર, ચન્નગિરિ, લકોલી, શીગારપુર, હોસદુર્ગા, હુબલી, હરિહર, મલેબેન્નુર, ચન્દ્રરાયપટ્ટન, ભિવંડી, અમદાવાદ, કોલ્હાપુર, કલ્યાણ, ગદગ, પુણે, વડગામ, બંગારપેઠ, ટુમકુર, ટીપટુર, બલ્લારી, આંદોની, વિજયવાડા, મદ્રાસ, પોંડિચેરી વગેરે વિવિધ ગામ-નગરોથી અનેક પુણ્યાત્માઓ પધારીને ધન્યતા અનુભવી ગયા.

भद्रावती अंजनशलाका-प्रतिष्ठा प्रसंग पर प्रवेश गीत

(राग - चांदी जैसा रंग है तेरा) (२०४५ महा सुद-५)

भुवनभानुसूरिवर गुरुजी, तुं है एक महान,
शिष्यो के रखवाल गुरुवर, प्रेम की है संतान...
दूर देशसे आये गुरुवर, हम तो है नादान,
हम जीवनमें ज्ञान नहीं है, मारग से अनजान,
ज्ञानी गुरुवर हम जीवनका, सदा बनो रखवाल,
तेरा है आधार गुरुवर (२), जीवन नाव संभाल-शिष्यो ०
जिस रास्ते से आप पधारे, महेंक महेंक हो जाय,
तेरे चरणकी धूलसे धरती, नंदनवन बन जाय,
निर्मल दरिर्शन तेरे करके, बनते हम पावन,
वाणी सुधा बरसासे करना (२) पतितको पावन-शिष्यो ०
धर्म मार्ग का मर्म बताना, आये हम हजूर,
कीरति जिनशासन की जगमें, फैलाये हम दूर,
करजोडी चरणो में आकर, करते हम वंदन,
लेना शरणमें ओ गुरुवरजी, (२) देना सम्यग्ज्ञान-शिष्यो ०

(रचयिता पू. मुनिराजश्री कल्परत्नविजय महाराज)

"दिव्य-दर्शन" - **"शासन प्रभावना"** वर्ष-૩૭,अंक-૩૪,ता.૧૩-૫-૧૯૮૯

भावनगरमां शासन प्रभावना

પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી ભાવનગર પધાર્યા, દાદાસાહેબમાં જાહેર પ્રવચનમાં હોલ ચીકાર ભરાયો. રવિવારે ટાઉનહોલ ખાતે જાહેર પ્રવચનમાં દોઢ કલાક પહેલાથી શ્રોતાજનોથી ટાઉનહોલ અને બેય ગેલેરીઓ પણ ભરાઈ ગઈ

હતી. લેટ પડેલાં શ્રાતોજનોએ ખુલ્લામાં સાઈકલ સ્કુટરની સીટો પર બેસીને પ્રવચન શ્રવણ કર્યું. પૂજ્યશ્રીએ પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને આજે વ્યાપેલી વિકૃતિને કથા-પ્રસંગો દ્વારા રજૂ કરીને ભાવિકોના દિલ ભીંજાવી દીધા. નૂતન ઉપાશ્રયની વિનંતીથી ત્યાં ૬ દિવસ પ્રવચનો વિશાલ હોલમાં ઉભરાતી જનમેદની સમક્ષ થયા. અનંતકાય કંદમૂળનાં ત્યાગ માટે દર્દભરી પ્રેરણા કરતા આખી સભાએ એક વર્ષ માટે કંદમૂળનો સર્વથા ત્યાગ કર્યો. અજૈન ભાઈઓએ પણ પ્રતિજ્ઞા કરી તે સમયનું દશ્ય વિરલ હતું. આજ સુધી કરેલી ભૂલ બદલ સહુના આંખે આંસુના તોરણ બંધાયા હતા. ઉપાશ્રયનું પગથીયું ચઢવામાં ક્ષોભ અનુભવતી યુવા પેઢીના જીર્ણોદ્ધાર માટે બે રવિવાર યુવા શિબિર થઈ. ૫૦૦ ઉપરાંત યુવાનો પ્રથમ રવિવારે શિબિરમાં જોડાયાં. જેમાં ડોક્ટરો, પ્રોફેસરોનો પણ સમાવેશ હતો. પૂ. મુનિરાજશ્રીએ યુવાનોને જિનવાણીના રંગથી એવા રંગી દીધા કે બીજા રવિવારે યુવાનોની ઉપસ્થિતિ બમણી થઈ ગઈ. સવારે સાડા દશથી પ્રારંભાએલ શિબિરમાં પૂ. મુનિરાજે યુવાનોનાં જીવનમાં વ્યાપેલા વ્યસનો, ફેશનો, વાસનાઓના તોફાની તત્ત્વોને જોશીલી જબાનથી પડકાર્યા. રંગ એવો જામ્યો હતો કે કોઈ યુવાનો ઊઠવા તૈયાર ન હતા. સાડા દશથી શિબિર સતત પોણા ત્રણ વાગ્યા સુધી ચાલુ રહી. ઘરેથી માત્ર નાસ્તો કરીને નીકળેલા યુવાનો ભોજન, પાન, માવો, મસાલા અને સીગારેટ વિના બેસી રહ્યા. પૂ. મહારાજશ્રીએ પ્રવચન પૂર્ણ કરવાની વાત કરી તો યુવાનો કહે ના હજી ચાલુ રાખો અમને કોઈને ભૂખ લાગી નથી. બપોરે ૩॥ વાગે જાહેર પ્રવચન હોવાથી પોણા ત્રણ વાગે શિબિર પ્રવચન અટકાવાયું.

બપોરે જાહેર પ્રવચનમાં જગ્યાનો પ્રોબ્લેમ હતો. જગ્યાનું બુકીંગ ૧॥ વાગ્યાથી શરૂ થઈ ગયુ. ૨॥ વાગે આખો હોલ ભરાઈ ગયો. પ્રવચનની પાટ પાછળ ખુલ્લી જગ્યામાં મોટી જાજમો બીછાવીને લોકોને બેસાડ્યા. જગ્યા ટુંકી પડી એટલે યુવાનો ખાટલા લઈ આવીને ખીચોખીચ રીતે ગોઠવાઈ ગયા. દશેક હજારની વિશાલ જનમેદની હતી.

શિશુ સામાયિક શિબિરમાં સાતસો ઉપરાંત બાળકો જોડાયા બાળકોએ પાંચ પ્રતિજ્ઞા ગ્રહણ કરી. (૧) માતા-પિતાને પગે લાગવું. (૨) રોજ જિનપૂજા કરવી. (૩) કંદમૂળ ન ખાવું. (૪) રોજ પાઠશાળાએ જવું. (૫) ટી.વી. - વીડીયો, સિનેમા ત્યાગ.

श्री सिद्धाचलजी छ गाउनी यात्रार्थे पदयात्रा संघ

છેલ્લી યુવા શિબિરમાં પૂ. મહારાજશ્રીએ ફાગણ સુદ-૧૩ (તેરસની) છ

ગાઉની યાત્રાની વાત રજૂ કરી, યુવાનોએ વધાવી લીધી. વિહાર વ્યવસ્થા તથા આર્થિક જવાબદારી યુવાનોએ પોતે જ ઉઠાવી લીધી. ફંડની તૈયારી કરતા હતા ત્યારે જોશીલા એક યુવાને પૂજ્યશ્રીને ખાનગીમાં ફંડ કરવાની ના પાડી, આટલો લાભ મને આપી દો. મારું નામ જાહેર ન કરશો છેલ્લા પ્રવચનમાં ચાર હજારની મેદની થઈ. પ્રવચન હોલ નાનો પડી જતા લોકોને તડકામાં બેસવું પડ્યું. ૫-૨૫ કલાકે સંઘનું પ્રયાણ હતું ચારેક વાગ્યાથી દાદાસાહેબનું કંપાઉન્ડ ઊભરાવા લાગ્યું. "જૈન જયતિ શાસનમ્"ના નારાઓથી આકાશ ગાજી ઊઠ્યું. શિશુ શિબિરના બાળકોએ ધ્વજ-વંદનનો કાર્યક્રમ રજૂ કર્યો. પૂ. મહારાજશ્રીએ માંગલિક સંભળાવી મંગલ પ્રયાણ આરંભ્યું. વ્હાઈટ એન્ડ વ્હાઈટ વસ્ત્રોમાં શોભતા યુવાનોએ ગિરિરાજ પ્રતિ કદમ બઢાવ્યા. સહુનાં મુખેથી શબ્દ સરી પડ્યા.

એકેકું ડગલું ભરે શત્રુંજય સામું જેહ
ઋષભ કહે ભવ કોડના કર્મ ખપાવે તેહ.

મંગલ વિદાય આપવા નરનારીઓ ટોળેટોળા વળીને રાહ જોતા ઊભા હતા.

સંઘના પ્રથમ રાત્રી મુકામ વરતેજમાં ભક્તિ ભાવનામાં યુવાનોએ અપૂર્વ જમાવટ કરી. તા. ૧૭-૩-૮૯ શીહોર પહોંચતા ભવ્ય સ્વાગત થયું. પ્રવચનમાં વિશાલ હોલ ઊભરાઈ ગયો. ભાવનગર, પાલિતાણા, આદિ સ્થળેથી શ્રોતાજનો ભરતડકે પ્રવચન સાંભળવા આવી પહોંચ્યા હતા. પ્રભુભક્તિની રમઝટ જામી. સ્નાત્રપૂજામાં ભક્તિ રસની જમાવટ થઈ. સંધ્યા સમયે પૂ. મુનિવરશ્રી સાથે જિનાલયમાં અરિહંત વંદનાવલીની સ્તુતિ ગાનનો મંગલ કાર્યક્રમ યોજાયો. મંદિર ગાજી ઉઠ્યું. રાત્રિના ભાવનાનો કાર્યક્રમ હતો. પદયાત્રા સંઘ પીપરલા-કીર્તિધામ પહોંચ્યો. સવારે સ્નાત્ર, બપોરે પ્રવચન, સાંજે સ્તુતિગાન, રાત્રે ભક્તિભાવના થયા સ્નાત્રમાં પૂ. મુનિરાજે સ્નાત્રનો મહિમા વર્ણવ્યો. બપોરે પ્રવચનમાં યુવાનો જે વ્યસનની ચુંગાલમાં ફસાયા છે તેમાંથી છૂટવા પ્રભુભક્તિમાં મનને જોડવાની સુંદર પ્રેરણા કરાઈ. યુવાનોને નિત્ય જિનપૂજાની તથા તમાકુ-પાનપરાગ-માવા-મસાલા-શરાબ જેવા વ્યસનોનાં ત્યાગની પ્રતિજ્ઞા આપી. પૂજ્યશ્રીએ યુવાનો સમક્ષ આત્મીય ભાવે વાતો અને પ્રેરણાઓ રજૂ કરી. યુવાનોના અંતર ભીંજાઈ ગયા હતા. વર્ષો જુના વ્યસનોને યુવાનોએ તિલાંજલી આપી.

સિદ્ધાચલ તીર્થમાં દિગંબરી જૈન ધર્મશાળામાં યુવાનો માટે નવકારશીની વ્યવસ્થા હતી. વાજતે ગાજતે પદયાત્રા સંઘ પાલિતાણામાં ગામના ઉપાશ્રયે પધાર્યો. સામૈયા સહ તળેટી તરફ પ્રસ્થાનમાં યુવાનોએ દાંડીયારાસની અપૂર્વ જમાવટ કરી.

જય તળેટી પહોંચતાં યુવાનો નાચી ઉઠ્યા.

"નહિ મળે, નહિ મળે, નહિ મળે રે તીર્થ આવું જગતમાં નહિ મળે રે" એ ગીતની પંક્તિઓ સાથે નાચ્યા. અંતરના ઉછળતા ભાવોથી ગિરિરાજની સ્પર્શના કરી. સહુ પાવન થયા. બપોરે ૩ થી ૪-૩૦ સુધી "સિદ્ધાચલ શિખરે દીવો" એ વિષય પર પૂ. મુનિરાજશ્રીનું જાહેર પ્રવચન ગોઠવાયું. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી, પંન્યાસપ્રવર શ્રી પ્રદ્યુમ્નવિજય ગણિવર્ય મ., વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિરાજશ્રી જંબુવિજયજી, ગણિવર્ય મહોદયસાગરજી આદિ મુનિવરો ચારસો ઉપરાંત સાધ્વીજી મહારાજો સમક્ષ શેઠશ્રી કર્માશાના વંશવારસદારોનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું.

સંધ્યા સમયે ગિરિરાજની સામુહિક આરતીમાં યુવાનો જોડાયા. ધુંધવાતા મહાસાગરની જેમ હજારો નરનારીઓ જય તળેટીથી માંડીને આગમ મંદિર સુધીનો એરીયા ઊભરાઈ ગયો, હજારો દીવડાઓ ઝલજળી ઉઠ્યાં ગિરિરાજની સમક્ષ આરતી ઝીલવા લાગી. ૬ ગાઉની યાત્રાર્થે વહેલી સવારે પૂજ્યશ્રી સાથે યુવાનોએ પ્રસ્થાન કર્યું. આજે તો પગ મૂકવાની પણ જગ્યા ન હતી દેશોદેશથી નરનારીઓના ટોળા ઉભરાયા, દાદાશ્રી આદીશ્વરની જય બોલાવતા યુવાનોને રામપોળથી દાદા પાસે પહોંચતા પૂરો એક કલાક લાગ્યો. દાદાના દરબારમાં સહુ આનંદથી ઝુમી ઉઠ્યા. પછીથી ૬ ગાઉની યાત્રાર્થે પ્રસ્થાન થયું, ચીલ્લણ તલાવડીએ સહુએ ચૈત્યવંદન, બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કર્યો, ફાગણ સુદ-તેરસે શાંબ પ્રદ્યુમ્ન આદિ સાડા આઠ કોડ મુનિવરો મોક્ષને પામ્યા. તે ભાંડવાજીની ટેકરી પર ચૈત્યવંદનાદિ થયા. બપોરે સાડા બાર વાગે આદપુરનાં પાલમાં પહોંચ્યાં, જ્યાં બપોરે બે વાગે પૂજ્યશ્રીના ચરણોમાં મસ્તક મૂકીને રડતી આંખે યુવાનોએ વિદાય લીધી. ચૈત્ર વદમાં પૂ. મુનિરાજશ્રી સુરત આસપાસ પહોંચવા ભાવના રાખે છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૭,અંક-૩૮,તા.૧૦-૬-૧૯૮૯

બેંગ્લોરમાં ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ

બેંગ્લોર નગરમાં ડોલર એરિયા જેવા ગણાતા માધવનગરમાં ય આપણા જૈન ભાઈઓની વસ્તી વધતી જતી હતી... કલ્પતરુ-કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટમાં બિલ્ડરે સુંદર જિનમંદિર બને તે માટે એક ભાગમાં જુદી જગ્યા રાખેલ. ત્યારબાદ એપાર્ટમેન્ટમાં રહેનારા ઉદાર શ્રાવક છગનલાલજી સરેમલજી અને શ્રાવિકા પવનબેનને

પોતાના આંગણે સુંદર જિનાલય બંધાવવાની ભાવના થઈ જેને ત્યાંના ભાઈઓએ સહર્ષ સ્વીકારી. ત્યારબાદ ગત ૨૦૪૪ના જેઠ મહિનામાં જ સિદ્ધાંત મહોદધિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. ના પટ્ટધર ગચ્છનાયક પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શિલા સ્થાપનાદિ કાર્ય થયું અને ધર્મપ્રેમી છગનલાલજીએ પોતાની દેખરેખ હેઠળ શિલ્પી દિલીપભાઈની ટીમ પાસે ઝડપી કાર્યની શરૂઆત કરી.

પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંતશ્રીની નિશ્રામાં બેંગ્લોર જયનગરમાં ઉપધાન તપ પૂરા થયા તે અવસરે માળારોપણ સમારોહ પ્રસંગે ક૦-ક૦ એપાર્ટમેન્ટસના ભાઈઓએ પૂ. શ્રી ની નિશ્રામાં નૂતનનિર્મિત જિનાલયની પ્રતિષ્ઠા અને અંજનશલાકા થાય એ માટે અત્યંત આગ્રહપૂર્ણ વિનંતી કરી. ભદ્રાવતી નગરમાં મહા મહિને અંજનશલાકા-પ્રતિષ્ઠા નિશ્ચિત્ત થઈ હોવાથી પૂજયશ્રીએ વૈશાખ મહીને સારા મુહૂર્તે અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગે પધારવા સમ્મતિ દર્શાવી તેથી તે ભાઈઓને અને બેંગ્લોર શ્રી સંઘમાં આનંદ-આનંદ છવાઈ ગયો. હવે ભદ્રાવતીથી ક્યારે પૂજ્યશ્રી પાછા બેંગ્લોર પધારે તેની પ્રતીક્ષા થવા લાગી.

ભદ્રાવતીમાં ઐતિહાસિક યાદગાર અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગ શાનદાર રીતે ઉજવાયો તે વખતે ફરી પાછા છગનજી વગેરે બેંગ્લોરના સુશ્રાવકોએ ભદ્રાવતી જઈ પૂજ્યશ્રીને વહેલી તકે બેંગ્લોર પધારવા વિનંતી કરી. ઉપરાંત બેંગ્લોર ચિકપેટના શ્રી સંઘ ચૈત્ર મહિનાની આંબેલ - શ્રી સિદ્ધચક્રની ઓળી પર પધારવા માટે વિનંતી કરી તેનો સ્વીકાર કરી. પૂજયશ્રી વિહાર કરી સીમોગા અલસીકેરા ટિપટૂર-ટૂમકુર આદિ નગરોને પાવન કરતાં કરતાં ચૈત્રી ઓળી પર બેંગ્લોર પધાર્યા. બીજી બાજુ હીરીયુર અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગે જઈ રહેલા પૂ.આ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ પણ પૂજ્યશ્રીની શાતા પૂછવા તે જ અવસરે બેંગ્લોર પધાર્યા. બંને સમુદાયોના સુભગ મિલનથી સંઘમાં પણ વિશેષ આનંદની છોળો ઊછળી. ત્યાં અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગને અનુલક્ષીને માતાપિતા-ઈન્દ્રઈન્દ્રાણી વગેરેની બોલીઓ પણ ખૂબ સારી બોલાઈ. ચૈત્રી ઓળીની આરાધના પૂ. પાદશ્રીની નિશ્રામાં દાનવીર શ્રી એસ. કપૂરચંદજી પરિવાર તરફથી કરાવાઈ.

કલ્પતરુ-કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટસના ભાઈઓએ મળીને શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન શ્વે.મૂ.પૂ.સંઘ બેંગ્લોરની સ્થાપના કરી. એ સંઘ તરફથી અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગ નિમિત્તે સુંદર આકર્ષક આમંત્રણ પત્રિકા છપાવીને ગામે ગામ રવાના કરવામાં આવી.

ચૈત્ર (વૈશાખ) વદ-૧૦ જે ભગવાનશ્રી શાંતિનાથ પ્રભુના ત્રિગડા સમક્ષ સર્વ વિધિવિધાન ક્રિયાઓ થવાના હતા તે પ્રભુજી સહિત પૂ. પાદ આચાર્ય ભગવંતશ્રીનું સપરિવાર સુંદર સ્વાગત સામૈયું થયું. પૂજ્યશ્રીએ કલ્પતરુ-કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટસમાં સ્થિરતા કરી અને ત્યાં વધુ જગા ન હોવાથી પૂ. આચાર્યદેવશ્રી વિજય ગુણાનંદસૂરિ, વિજય જયઘોષસૂરિ, વિજય જગચ્ચંદ્રસૂરિ આદિઠાણાએ નજીકમાં માધવનગરમાં K.C.N. પેલેસમાં સ્થિરતા કરી. વિશાળ સાધુ પરિવાર જોઈને પેલેસવાળા જૈનેતર ભાઈને આનંદનો પાર ન રહ્યો.

રસ્તાઓ ઉપર સુંદર કમાનો ધજા પતાકા બાંધવામાં આવેલી. ઉપરના ભાગમાં સીલ્વર ફોઈલ્સની રીબીનોથી આખો રસ્તો ઝગમગતો કરી દીધેલ. એપાર્ટમેન્ટસની અંદરની ખુલ્લી જગામાં ક્રિયા વિધિ મંડપ-કલ્યાણક ઉજવણી-મંડપ સ્ટેજ તથા વિશાળ ભોજન મંડપની રચનાઓ કરાયેલી. એપાર્ટમેન્ટના બંને પ્રવેશ દરવાજા ઉપર ખૂબ જ સુંદર આકર્ષક ગેટ-તોરણ ઊભા કરવામાં આવેલા. ઠેર ઠેર પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. આદિ વડીલ પૂજ્યોના સુંદર લખાણોવાળા બોર્ડ-બેનર્સ બંધાયેલા. મંડપોની અંદર અને સ્ટેજમાં પણ ખૂબ જ સરસ ડેકોરેશન કર્યું હતું. સમગ્ર મંડપોને શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની જન્મભૂમિ શ્રી "રાજગૃહીનગરી" નામાંકન કરવામાં આવેલ અને તેનું વિધિપૂર્વક ઓપનિંગ શા. કેવળચંદ જીવરાજજીએ બોલીનો આદેશ લઈને કર્યું હતું. ચૈત્ર વદી ૧૩ ના રોજ ક્રિયાવિધિ મંડપમાં શ્રી શાંતિનાથ ભગવાન આદિ ત્રિગડાની "ૐ-પુણ્યાહં પુણ્યાહં" ના મંગલ નાદપૂર્વક ચતુર્વિધ શ્રી સંઘની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે સ્થાપના કરવામાં આવી. ત્યાં નૂતન બિંબો માટેની વેદિકા પર બે સાઈડ ઉપર મૂલનાયક તરીકે નૂતનજિનાલયમાં બિરાજમાન થનાર ૩૧" ઈંચના શ્રી મુનિસુવ્રતસ્વામી આદિના ભવ્ય બિંબોની વિધિસહિત સ્થાપના થઈ. એજ દિવસે કુંભ સ્થાપના-દીપક સ્થાપના-જવારારોપણ-નવગ્રહ પૂજન-અષ્ટ મંગલ પૂજન-દશદિક્પાલ પૂજન આદિ માંગલિક ક્રિયાઓ પૂજ્યશ્રીની નિશ્રામાં વિધિકારક શ્રી નથમલજીની મંડલીએ કરાવી. મુંબઈથી ખાસ પધારેલ સંગીતકાર હસમુખદિવાન એન્ડ પાર્ટીએ બપોરે ઠાઠથી શ્રી પંચકલ્યાણક પૂજા ભણાવી. આ બધા પવિત્ર વિધિવિધાનોથી ઘેર-ઘેર ઓચ્છવ-આનંદનું મંગલ મોજું ફરી વળ્યું. મહોત્સવ દરમ્યાન આખા બંને એપાર્ટમેન્ટ સાથે રોજ-રોજ, જુદા-જુદા ભાગ્યશાળીઓ તરફથી સવાર-બપોર-સાંજ ભાવસહિત સાધર્મિક ભક્તિ કરાતી હતી. તેમજ પ્રભુજીને સુંદર આંગી રોશની પણ થતી હતી. દર્શન-પૂજા કરીને ભાગ્યશાળીઓ પોતાની જાતને ધન્ય સમજતા હતા. રાત્રે ભક્તિ ભાવનામાં રંગ જામતો.

ચૈત્ર વદ-૧૩ પૂજ્ય મોટા આચાર્યદેવશ્રીની આજ્ઞાથી પૂ.આ.વિજય જયઘોષસૂરિજી મહારાજે ૨-૨॥ કલાક બેસી નંદ્યાવર્તનું આલેખન કર્યું. વદ-૧૪ સવારે પૂ. આચાર્યદેવશ્રીએ પાટલા પર શ્રી નંદ્યાવર્ત પૂજન, શ્રી સિદ્ધચક્ર પૂજન શ્રી વિશસ્થાનક પૂજન આદિ માંગલિક અનુષ્ઠાનો થયા. બપોરે શ્રી નવપદજીની પૂજા ભણાવાઈ.

ચૈત્ર વદી-૦)) ના દિવસે સવારે માતા-પિતા અને ઈન્દ્ર-ઈન્દ્રાણીની સ્થાપના થઈ. એમના મુખારવિંદ હરખ-હરખથી મલકાતા હતા. ત્યારબાદ ૯-૦૦ કલાકે ક્રિયા-વિધિ મંડપમાં એક પવિત્ર દ્રવ્યોથી ભરેલ વિશાળ ચાંદીના મંગળ કુંભમાં ૧૫''ના શ્રી મુનિસુવ્રતસ્વામીના નૂતનજિનબિંબને પધરાવીને ચ્યવન કલ્યાણકનું પવિત્ર અનુષ્ઠાન ઉજવાયું. માતા અને ઈન્દ્રાણીની આનંદથી છાતી ગજ ગજ ફૂલતી હતી. હવે સ્ટેજ ઉપર ચ્યવન કલ્યાણકની ઉજવણીનો રોમાંચક કાર્યક્રમ શરૂ થાય તે પહેલા તો શ્રી સંઘના ભાઈબહેનોથી આખો મંડપ ભરચક ઉભરાઈ ગયેલો. માતા પદ્માદેવીને આવેલ ૧૪ સ્વપ્નોનાં દર્શન-રાજા સુમિત્રસેનને રાણીએ પોતે જોએલ સ્વપ્નોનું સવિનય નિવેદન-રાજાએ કહેલ અર્થકથન-ઈન્દ્રસિંહાસન કંપન-શક્રસ્તવન-રાજસભામાં જ્યોતિષિઓએ કરેલ સ્વપ્નાર્થ વિવેચન... આ બધા આકર્ષણ દૃશ્યોને જોતાં જોતાં કેટલો સમય વીતી ગયો અને પોતે અત્યારે ક્યાં છે તેનું ભાન પણ દૃષ્ટાઓ ભૂલી બેઠેલા. વચમાં વચમાં શ્રી વિજય લબ્ધિ સૂરિ જૈન સંગીત મંડળના કન્વીનર શ્રી જવાનમલજી તથા મુમુક્ષુકુમારી ચંદ્રકાન્તાબેને જે શ્રી ચ્યવન કલ્યાણકના **''સુપન સલોણા માતા દેખે હો...''** વગેરે ગીતો અને સંગીતના મધુર ગુંજારવથી અને ધાર્મિક અધ્યાપક શ્રી સુરેન્દ્રભાઈની અર્થસભર રોચક કોમેન્ટ્રી સાંભળતાં લોકો મંત્રમુગ્ધ બની ગયા. પૂજ્યશ્રીએ પણ સમયાનુકૂળ પ્રસંગાનુરૂપ પ્રવચન આપીને લોકોના ઉત્સાહમાં પ્રાણ ફૂંક્યા. બપોરે ચ્યવન કલ્યાણકના વરઘોડા બાદ ૩-૦૦ કલાકે મોટી પૂજા ભણાવાઈ.

વૈશાખ સુદી-૧ ના રોજ સવારે જન્મકલ્યાણકના દર્શન કરવા માટે પધારેલા ભાઈ-બહેનોથી મંડપ ચિક્કાર ભરાઈ ગયો હતો. મંડપની વચ્ચોવચ્ચ હર્ષોલ્લાસના આવિર્ભાવ માટે સુદીર્ઘ ઘંટમાળા ટીંગાડવામાં આવેલી, ઘણા લોકો થાળી વેલણ લઈને જ હાજર થયા હતા. મંગલકુંભમાંથી જન્મકલ્યાણકના અનુસરણરૂપે જેવા પ્રભુજીને ઉંચકીને બહાર લીધા તેની સાથે જ સમગ્ર એપાર્ટમેન્ટમાં ઘંટારવના મંગલ ઘોષ ગાજી ઉઠ્યા, અને થાળી વેલણ વગાડતા વગાડતા લોકો હર્ષભેર નાચવા-કૂદવા માંડ્યા. ''જય જય બોલો મુનિસુવ્રત જય જય બોલો મુનિસુવ્રત''ની ધૂન લાંબો ટાઈમ સુધી ગાજતી રહી. સંગીતકારે પણ વાદ્યોથી સૂર પૂરાવ્યો. પ્રભુજીને

સ્નાનપ્રક્ષાલ થયા બાદ જય જયરવ સહિત સ્ટેજ ઉપર પધરાવ્યા. **''એક જન્મા રાજદુલારા''** નું ગીત સાંભળતા સાંભળતા લોકોમાં ભક્તિનો નશો ચઢવા માંડ્યો. ૫૬ દિક્કુમારીઓના વિવિધ લય અને તાલબદ્ધ જન્મ કર્તવ્યોનું અનુસરણ ગીત સંગીત સાથે ભવ્ય રીતે ઉજવાયું. ઈન્દ્ર સિંહાસન ધ્રુજી ઉઠેલું જોઈને તો ઘડીભર લોકોના દિલ પણ ધ્રુજી ઉઠ્યા. અને સુઘોષા ઘંટા વગાડી પ્રભુજી જન્મ જાહેર કરવા ઈન્દ્રના હુકમથી હરિણૈગમેષીએ જે રોલ ભજવ્યો એ જોઈએ તો લોકો મોંમાં આંગળા નાખી ગયા. એની વેશભૂષાથી દિલ તર થઈ ગયા. મેરુ પર્વત ઉપર ભગવાનનો જન્માભિષેક કરવા માટે ૬૪ ઈન્દ્રો-ઈન્દ્રાણીઓ અને બીજા દેવદેવી બનેલા લોકોએ પડાપડી કરી. ઈન્દ્રોએ રાજભવનમાં સુવર્ણાદિની વૃષ્ટિ કરી. બપોરે મંડપમાં દરેક જિનબિંબ ઉપર ૧૮ અભિષેકથી પૂજા થઈ.

વૈશાખ સુદી-૨ નાં મંગલપ્રભાતે રાજા સુમિત્રસેન દ્વારા આયોજિત જન્મ-મહોત્સવ જોવા માટે સમયસર વિશાળ સંખ્યામાં લોકો હાજર થઈ ગયેલા. પહેલા મોટી બોલી બોલેલી પ્રિયંવદા દાસીએ ભારે હરખના અભિનય સાથે પુત્રજન્મની રાજાને વધામણી આપી. માતા-પિતાએ પોતાના લાડલા પુત્રને પારણે ઝુલાવ્યો. **''મુનિસુવ્રત''** નામ પાડ્યું. જન્મકલ્યાણકનો વરઘોડો વગેરે દૃશ્યો ગીત સંગીત સાથે ઉજવાયા. ત્યારબાદ પાઠશાળાગમનનો પ્રસંગ વરઘોડા સાથે ઉજવાયો. કેદીઓનું મોચન, કર માફ, ઋણ નિવારણ વગેરે પ્રસંગો સુંદર ઉજવાયા. સ્નેહીઓને ભોજન વખતે તો કેટલીય મીઠાઈઓ ને ફરસાણના નામો પુકારતા સાંભળી શ્રોતાઓના મોંમાં પાણી છૂટતા. રાજાએ આ રીતે આંડબરપૂર્વક જન્મ મહોત્સવ ઉજવ્યો.

વૈશાખ સુદ-૩ (અખાત્રીજ) આજે ઈન્દીરાબેન રમેશકુમારના વરસીતપના પારણા નિમિત્તે તેમની આગ્રહપૂર્ણ વિનંતીથી પૂજ્યપાદ ગચ્છનાયક ગુરુદેવશ્રી સપરિવાર સકળ સંઘ સાથે વાજતે ગાજતે માધવનગરમાં પધાર્યા. સંઘપૂજન વહોરાવવાનું વગેરે બાદ માધવનગરના કોર્નર ઉપર શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન સંઘ દ્વારા ભાવિ નિર્માણાધીન શ્રી શાંતિનાથ જિનમંદિરની ખનનવિધિના માંગલિક પ્રસંગે પૂજ્યશ્રી ત્યાં પધાર્યા. સ્નાત્ર ભણાવાયું. મંગળ મુહૂર્તે બોલીનો આદેશ લેનાર દાનવીર એસ. કપૂરચંદજી તરફથી ખનનવિધિ થઈ. પૂજ્યશ્રી પુનઃ કલ્પતરુમાં પધારી ગયા.

૯-૦૦ કલાકે શ્રી મુનિસુવ્રત રાજકુમારના લગ્ન મહોત્સવ નિમિત્તે મામેરું ભવ્ય ઉજવાયું. તે પછી પ્રભાવતી નામની રાજકન્યા સાથે પાણિગ્રહણ વિધિ થયો. અહીં પૂજ્યશ્રીએ તીર્થંકરની લગ્નવિધિ ઉજવણી શા માટે ? એ સમજાવતાં કહ્યું કે ''ભગવાન લગ્ન કરે છે તે ભોગવિલાસ માટે નહિ પરંતુ પોતાના **ભોગવિલાસ**

કર્મનો નાશ કરવા માટે કરે છે'' તેથી ઉદ્દેશ પવિત્ર હોવાથી તેની ઉજવણી કરવામાં આવે છે. બાદ સુમિત્રસેન રાજાએ શ્રી મુનિસુવ્રત રાજપુત્રના રાજ્યાભિષેકની ઘોષણા કરી. આડંબરપૂર્વક રાજ્યાભિષેક પ્રસંગ બહુ સુંદર ઉજવાયો. શ્રી મુનિસુવ્રત કુમાર હવે રાજા બન્યા. રાજદરબારમાં ખુશાલીમાં દાન, બંદિમોચન તથા વિવિધ નૃત્યો થયા. નરેશકુમારે સુંદર દીપક-નૃત્ય રજૂ કર્યું.

હવે દીક્ષાનો અવસર નિકટ જાણી નવ લોકાંતિક દેવતાઓએ દેવલોકથી રાજગૃહી નગરમાં રાજદરબારમાં આવીને રાજા મુનિસુવ્રતને દીક્ષાગ્રહણ કરી તરણતારણ ધર્મતીર્થ પ્રવર્તાવવા નમ્ર વિનંતી કરી. તે દૃશ્ય જોઈ લોકોના રૂંવાડા ઊભા થઈ ગયા... કે 'અહો ! હવે રાજાજી રાજપાટ-વૈભવનો ત્યાગ કરી ત્યાગી વૈરાગી સાધુમહાત્મા બની જશે !' રાજાજીએ વિનંતી સ્વીકારીને વરસીદાનનો પ્રારંભ કરી દીધો.

વૈશાખ સુદી-૪ આજે કલ્પતરુ૦ ની અંદર-બહાર સર્વત્ર માનવમહેરામણ હિલોળે ચઢ્યો હતો. રાજા મુનિસુવ્રતના દીક્ષાના વરઘોડામાં જોડાવા માટે ગામ-બહારગામથી ભાવિકોના ટોળેટોળા ઉભરાયા હતા. વરઘોડા માટે બેલગામથી સ્પેશ્યલ બેન્ડ બોલાવવામાં આવેલ. પ્રભાતબેન્ડના વાજંત્રના સૂરોથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું. બીજા પણ બેંગ્લોરના સુપ્રસિદ્ધ ત્રણે બેન્ડોએ પણ વરઘોડામાં રંગ જમાવ્યો. પ્રથમ બેન્ડ, પછી ઈન્દ્રધ્વજા - પછી ગજરાજ - ગજરાજ ઉપરથી વરસીદાન, ધાર્મિક પાઠશાળાના બાળક-બાળિકાઓની હારમાળા - સૂરજના તેજથી ચકચકતા બેડા માથે લઈને ચાલતી સુંદર વેશસજ્જ બેનો - બેન્ડ - ભગવાનના દર્શનીય સુશોભિત ફોટાની ગાડી - બેંડ પૂજ્યગુરુદેવો - સાજન બેંડ અલંકૃત બે ઘોડાવાળા ચાંદીના રથમાં પ્રભુજી - પૂ. સાધ્વીઓ અને મંગલગીત ગાતી શ્રાવિકાઓ વગેરેથી લાંબા વરઘોડાની શોભા ખીલી ઊઠી હતી. વરઘોડો ઉતર્યા પછી સૌ સાધર્મિક ભક્તિને લાભ આપ્યા પછી મંડપમાં પધાર્યા. દીક્ષાકલ્યાણકની ઉજવણી વખતે મંડપ ખીચોખીચ ભરાઈ ગયો હતો.

દીક્ષાગ્રહણ પૂર્વે પ્રભુજીના માતા-પિતાએ રજૂ કરેલ આશીર્વાદ વક્તવ્ય, અને કુલ મહત્તરાનું વક્તવ્ય સાંભળીને લોકોના હૃદય અને નેત્રો ભીંજાઈ ગયા હતા. પૂજ્યશ્રીએ પ્રસંગાનરૂપ પ્રવચન કર્યું. ત્યારબાદ ગંભીર વાતાવરણમાં પ્રભુજીના અલંકારો-વસ્ત્રો ઉતર્યા બાદ મસ્તકે પંચમુષ્ટિ લોચ થયો. 'કરેમિ સામાઈયં' ની ભીષ્મ પ્રતિજ્ઞા લઈ રહેલા પ્રભુજીને જોઈ લોકોના હૈયામાં અહોભાવના તોરણો ટીંગાઈ ગયા. ઈન્દ્રે નવદીક્ષિત પ્રભુજીના ખભે ભક્તિપૂર્વક દેવદુષ્ય સ્થાપિત કર્યું.

આજે રાત્રે પ્રભુજીના બિંબોને કૈવલ્ય ચક્ષુના ઉન્મિલ-પ્રાણપ્રતિષ્ઠાની પવિત્ર વિધિ થવાની હતી તે માટે આવશ્યક અંજનને ઘૂંટવાની બોલી બોલીને એક બાલિકાએ આયંબિલ કરીને અંજન ઘૂંટી તૈયાર કરેલું તે પણ બીજા ભાગ્યશાળીએ મોટી બોલી બોલીને પૂ. આચાર્યદેવશ્રીને સુંદર પેકિંગમાં અર્પણ કર્યું.

રાત્રિના શુભમુહૂર્તે પ્રભુજીને કેવળજ્ઞાનની પ્રાપ્તિના પ્રતિકરૂપે પ્રશાન્ત-ગંભીર-મધુર પરોઢિયાનો પ્રકાશ થાય તે પૂર્વે મન-વચન-કાયાથી પવિત્ર થયેલ પૂજ્ય ગચ્છાધિપતિ ગુરુદેવશ્રી તથા અન્ય બંને પૂ. આચાર્ય મહારાજોથી પવિત્ર હસ્તે સમગ્ર વિધિ-વિધાનની શુદ્ધિ જાળવવા પૂર્વક આત્મ-પરમાત્મતાદાત્મ્ય ભાવના દૃઢ પ્રણિધાન સાથે જિનબિંબોના નેત્રયુગલોમાં અંજનારોપણની મંગલક્રિયા કરવામાં આવી આ ક્રિયા સૌથી વધુ મહત્ત્વ ધરાવનારી છે અને એ જ મુખ્યત્વે 'અંજનશલાકા પ્રાણપ્રતિષ્ઠા'ના નામે ઓળખાય છે. પરોઢિયે પ્રભુજીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયાની ઉદ્‌ઘોષણા થઈ પ્રભુ સાચે જ હવે તીર્થસ્થાપના કરીને તીર્થંકર બન્યા. વૈશાખ સુદ-પાંચમની સવારે પ્રભુજીની પ્રથમ દેશના સાંભળવા માટે સવારના પહોરમાં જ લોકોની મેદની એકઠી થઈ ગઈ હતી. સમવસરણ પર પૂ. આચાર્ય ભગવંતે પ્રભુજીની વતી દેશના આપી. ત્યારબાદ મુનિસુવ્રત ભગવાને જે અશ્વ પ્રતિબોધ કરેલ તેનો આજ સ્ટેજ પર એક વિશિષ્ટ કાર્યક્રમ લોકોએ નિહાળ્યો જે આજ સુધી પ્રાયઃ કોઈપણ ઠેકાણે પ્રાયઃ જોવા-સાંભળવા મળ્યો નહીં હોય, સ્ટેજ ઉપર પ્રભુજીની દેશના ચાલુ હતી. ચિક્કાર જનમેદની વચ્ચેથી એક જીવતો જાગતો અશ્વ ડોલતો ડોલતો સ્ટેજ ઉપર આવ્યો. આગલા બે પગ ઘૂંટણેથી વાળીને મસ્તક અને ઘૂંટણ જમીન પર ટેકવીને અશ્વે બહુમાન સાથે પ્રભુજીને પ્રણામ કર્યા અને તે પછી રોમાંચક કાયાથી ગદ્‌ગદ ભાવે પ્રભુજીની એ દેશના સાંભળવા લાગ્યો. એ જોઈને સમગ્ર સભા અનોખા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. લગભગ ૧ કલાક સુધી ત્યાં ઊભો. ત્યારબાદ આ પ્રસંગ અંગે પૂજ્યશ્રીએ પ્રવચનમાં ઘટસ્ફોટ કરતાં કહ્યું ભરૂચમાં શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવંત એક અશ્વને પ્રતિબોધ કરવા ખાતર એક રાત્રિમાં ૬૦ યોજન ચાલીને પધારેલ. પ્રભુને જોઈ અશ્વને જાતિ સ્મરણજ્ઞાન થયું. એમાં એ અશ્વ પૂર્વ ભવમાં જિનપ્રતિમા ભરાવનાર સાગરદત્ત શેઠ હતો. એણે ગુરુના ઉપદેશથી જિનપ્રતિમા ભરાવી પરભવમાં જૈનધર્મ મળવાનું રિઝર્વેશન કરાવેલ. માત્ર વેપારની જળોજથ્થામાં આર્તધ્યાનથી એણે તિર્યંચગતિનું આયુષ્ય બાંધ્યું તેથી અહીં અશ્વ થયો. અને પ્રભુ પાસેથી એણે ધર્મબોધ પ્રાપ્ત કર્યો. પછીથી અશ્વે દેવતા થઈને પોતાના પ્રતિબોધ સ્થળે ભરૂચનગરમાં અશ્વાવબોધ તીર્થનું નિર્માણ કર્યું... વગેરે વ્યાખ્યાન સાંભળીને લોકો ભાવવિભોર બની ગયા.

ત્યારબાદ કેવળજ્ઞાન કલ્યાણકની ઉજવણી નિમિત્તે વરઘોડો નીકળ્યો. તે પછી તે જ દિવસે પ્રભુજીના નિર્વાણકલ્યાણકની ઉજવણી થઈ અને તે નિમિત્તે પ્રભુજીને ૧૦૮ અભિષેક થયા. બપોરે મોટી પૂજા ભણાવાઈ.

વૈશાખ સુદ-૬ આજે મહોત્સવના ૯મા દિવસે, શ્રી સંઘ અને કલ્પતરુ◦ કલ્પવૃક્ષ◦ ના ભાઈ-બહેનો કેટલાય મહીનાઓથી જે ધન્ય દિવસ અને પુણ્ય ઘડીની રાહ જોઈ રહ્યા હતા તે મંગલ ઘડી અને મુહૂર્તે હવે બહુ જ નજીક આવ્યા હતા. નૂતન નિર્મિત જિનાલયમાં મૂળનાયક નયનરમ્ય શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ ૫ જિનબિંબોની પરિકર સાથે ગાદીનશીન પ્રતિષ્ઠા થવાની હતી. સારાયે કલ્પતરુ કલ્પવૃક્ષના એપાર્ટમેન્ટના મહારાજારૂપે જ નહીં પરંતુ સમગ્ર સંઘના હૈયામાં આ નિમિત્તે પ્રભુજીની પ્રતિષ્ઠા થાય એવી સદ્‌ભાવના સૌના હૈયામાં રમતી હતી. સવારના પાંચ-સાડાપાંચ વાગતા તો મંદિરજીની ચારેકોર ભક્તગણોના ટોળેટોળા ઉભરાવા માંડ્યા હતા. પ્રતિષ્ઠાકારક પૂજ્ય ગચ્છનાયક આચાર્ય ભગવંત આદિ વિશાળ મુનિપરિવાર, પૂ. સાધ્વીજી મહારાજો, વિધિકારકો, સંગીતકારો, શીલ્પીઓ, બેન્ડવાળા, પ્રતિષ્ઠાનો આદેશ લેનાર ભાગ્યશાળી પરિવારો બધા એકચિત્તે સાવધાન થઈ ગયા અને સકલસંઘમાં પુણ્યાહં પુણ્યાહં પ્રીયન્તામ્ પ્રીયન્તામ્ના મંગળનાદો ગૂંજવા માંડ્યા - બરાબર શુભ ઘડી-પળના મંગળ મુહૂર્તે જયજયનાદ સાથે પ્રભુજી ગાદીનશીન થયા પ્રતિષ્ઠા થઈ. પૂજ્યશ્રીએ વાસક્ષેપ કર્યો. શિબિર ઉપર ધ્વજાદંડ તથા કળશની પ્રતિષ્ઠા થઈ અને ધ્વજાને જેવી છૂટી મુકી કે તરત જ પવનથી ફરકવા તે નૃત્ય કરવા લાગી. ત્યારબાદ પૂજ્યશ્રીએ સકલસંઘ સાથે દેવવંદન-ચૈત્યવંદન કર્યા. સૌના હૈયા હરખાયા. આજે આ મંગળ પ્રતિષ્ઠા નિમિત્તે આખાયે બેંગ્લોરના તમામ જૈનોની ભક્તિ માટે મોટી નવકારશી કલ્પતરુ-કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટના ઉદાર ભાગ્યશાળીઓ તરફથી રાખવામાં આવી હતી. બપોરે વિજયમુહૂર્તે શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવાયું જેમાં જીવદયાની ટીપ સારી થઈ.

વૈશાખ સુદ-સાતમના દિવસે શુભ પળે આદેશ લેનાર ભાગ્યશાળીએ સકલસંઘની ઉપસ્થિતિ વચ્ચે દ્વારોદ્‌ઘાટન કરીને સકલસંઘને પ્રભુજીનાં કાયમ માટે દર્શન ખુલ્લા મૂક્યા.

કલ્પતરુ-કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટમાં ઉજવાયેલો આ ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ બેંગ્લોર નગરના સકલ સંઘના હૈયામાં એક અમિટ છાપ પાડતો ગયો અને સૌના દિમાગમાં મિઠી-મધુરી સ્મૃતિઓના તરંગો ઉછાળતો ગયો. શ્રી જૈનશાસન પ્રત્યે અનેકોના હૈયામાં સદ્‌ભાવની સુગંધ રેલાવતો ગયો અને જન્મોજન્મ આવા ઉત્તમ કલ્યાણકોની ઉજવણી ઉજવવા મળે એવી ઉચ્ચ ભાવનાને પ્રેરતો ગયો.

"મદ્રાસમાં પૂજ્ય આચાર્યદેવશ્રીનું ભવ્ય સ્વાગત અને રોચક પ્રવચન"

● **મદ્રાસ :** ચાતક પક્ષી વરસાદની પ્રતીક્ષા કરે એવી રીતે, મદ્રાસ શ્રી જૈન સંઘ જેમની પ્રતીક્ષા કરી રહ્યો હતો તથા વારંવાર વિનંતી કરી રહ્યો હતો તે વર્ધમાન તપોનિધિ સુવિશાલ ગચ્છનાયક પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ વિશાળ પરિવાર સહિત વિ.સં. ૨૦૨૫નું ચાતુર્માસ કરવા અષાઢ સુદ-૬ રવિવાર તા. ૯-૭-૮૯ ના મદ્રાસ શહેરમાં પ્રવેશ કરવાના હતા તેથી શ્રી મદ્રાસ સંઘે શાનદાર પ્રવેશ - સ્વાગતની તૈયારી કરી. ભવ્ય શોભાયાત્રામાં શ્રી સંઘનો અપાર હર્ષોલ્લાસ ઉછળી રહ્યો હતો. ૩૫૧ મિન્ટ સ્ટ્રીટ શાહુકાર પેઠમાં સુવિશાલ આરાધના ભવનમાં પૂજ્યશ્રીની ચાતુર્માસ માટે સ્થિરતા થઈ.

વિશાળ લાંબા હોલમાં પૂજ્ય આચાર્યદેવશ્રીનો અવાજ છેક પાછળ સુધી પહોંચી શકે તે માટે શ્રી સંઘે પ્રવચન સમયમાં બેસી શકે તેવી એક કેબીન બનાવી હતી જેથી અવાજને પડઘો મળે. આ રીતે પૂજ્યશ્રીના અવાજથી વ્યાખ્યાન હોલ સુંદર રીતે ગાજી રહ્યો હતો.

મંગળ પ્રવચનમાં પૂજ્યપાદ આચાર્યદેવશ્રીએ ફરમાવ્યું કે : "સંતોના આગમન પર કેવો ચમત્કાર બને છે કે ત્રિલોકનાથ મહાવીર પરમાત્મા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને અપાપાપુરીમાં પધાર્યા. ત્યાં ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ ૧૧ મોટા વિદ્વાન મિથ્યાદૃષ્ટિ બ્રાહ્મણ પણ બદલી ગયા અને ભગવાન પાસે ચારિત્ર લઈ, તેમના ગણધર બન્યા. તો મદ્રાસ મહાન ધર્મભૂમિ છે અને આટલી મોટી સંખ્યામાં સાધુ મહાત્મા પધાર્યા છે. તો હવે મદ્રાસના શ્રી સંઘે આ સદ્‌ગુરુનો યોગ સફળ કરવાનો છે."

પરમ તારક શ્રી જિનશાસનની પ્રાપ્તિથી મનુષ્યભવ કેવો સુલબ્ધ અને ધન્ય બન્યો છે, તેના ઉપર પૂજ્યપાદશ્રીજીએ રોચક વિવેચન કર્યું. તેમાં શાસન શું છે ? શાસન આપવાવાળા શ્રી તીર્થંકર પરમાત્મા કેટલા ઉપકારી અને અચિંત્ય પ્રભાવશાળી છે, એ બતાવતાં કહ્યું કે આપણી શ્રદ્ધા માત્ર પ્રભુ ઉપર જ નહીં પરંતુ તેમના અનંત પ્રભાવ ઉપર પણ હોવી જોઈએ... ઈત્યાદિ સમજાવવા દ્વારા અમેરિકામાં એક મોટર બનાવનાર કંપનીનો માલિક ઈશ્વર તથા ઈશ્વરના અચિંત્ય પ્રભાવ ઉપર કેવી શ્રદ્ધાવાળો બની ગયો તથા એક્સિડન્ટમાં તેનો પગ લંગડાઈ ગયો હતો તે માત્ર પ્રાર્થનાથી જ કેવી રીતે સારો બની ગયો; એ પૂજ્યશ્રીએ બતાવ્યું ત્યારે

વ્યાખ્યાન સાંભળતાં સભાજનો દિગ્મૂઢ બની ગયા હતા. પૂજ્યશ્રીએ તેની પ્રાર્થનાનું અદ્‌ભુત અને વિચિત્ર સ્વરૂપ અંગ્રેજીમાં બતાવ્યું. તેનો સાર આ પ્રમાણે છે...

"ઓ મારા પ્રભુ ! તમે જુઓ કે હું મોટર બનાવનારી ફેકટરીનો માલિક છું. મોટર બનાવું છું, અને ઘરાકોને વેચું છું. તેમાં કોઈ ઘરાક મારી પાસે આવીને કહે કે સાહેબ ! આ મોટર તમારી કંપનીની બનાવેલી છે અને તે બગડી છે તો મહેરબાની કરીને તમે એને રીપેર કરાવી આપી. હું તેનો ચાર્જ ભરી દઈશ." ત્યારે હું તેને કહું છું કે અક્કલ વિનાની શું વાત કરો છો. મારી કંપનીની મોટર બગડે તે મારા માટે કલંક છે એને હું ચાર્જ વિના ફ્રી રીપેર કરી આપીશ. અહીં મૂકી જાવ બે દિવસ પછી આવજો.

ઓ મારા પ્રભુ ! હવે જુઓ કે આ મારું શરીર તમારી ફેકટરીમાં બન્યું છે. એ હાલ ખોટકાઈ ગયું છે. મને વિશ્વાસ છે કે તમે એને ઠીક કરી આપશો. મારા જેવો નાનો માણસ જો મોટર અંગેની આ જવાબદારી સમજે છે કે મારી કંપનીની મોટર બગડે એ મારા માટે કલંકરૂપ છે અને એને સારી કરી આપવા માટે હું બંધાયેલો છું. એની મારી જવાબદારી છે તો પછી તમે તો દુનિયાના મહાન પુરુષોથી પણ મહાન છો. તો તમે તો આ જવાબદારી સમજતા જ હો મને પાકો વિશ્વાસ છે કે તમે આ શરીરની ખોટ મટાડી જ દેશો."

અંતમાં પૂજ્યશ્રીએ એ બતાવ્યું કે - આવી પ્રાર્થનાથી તેના પગમાં રહેલી ખોડ બિલકુલ ચાલી ગઈ ! પ્રભુના અચિંત્ય પ્રભાવ ઉપર આપણને આવી શ્રદ્ધા હોવી જોઈએ. તો જ આથી અરિહંત પ્રભુનું સાચું શરણું આપણે સ્વીકારવાવાળા બન્યા ગણાઈએ. બાદમાં પૂજ્યપાદશ્રીએ આરાધનાની જોરદાર પ્રેરણા આપી.

આ વખતે મદ્રાસ શ્રી સંઘની વિનંતીથી બેંગ્લોરથી પધારેલ દાનવીર શેઠ એસ.કપૂરચંદજીના કરકમલ દ્વારા પૂ. આચાર્યદેવશ્રીની "A Key of Happy Life" પુસ્તકનું વિમોચન થયું. મદ્રાસ સંસ્કારના મંત્રીશ્રીએ મદ્રાસ સરકાર તરફથી પૂજ્યશ્રીનું સ્વાગત કરીને સુંદર પ્રશંસા કરી...

નાણ સમક્ષ ચાર શરણ સ્વીકાર અને ભવોભવના પુદ્‌ગલ વોસિરાવવાનું ભવ્ય અનુષ્ઠાન

મદ્રાસમાં પધારેલ પૂ. આચાર્યદેવશ્રીજીના વરદ હસ્તે અષાઢ સુદ-૧૧ રવિવાર તા. ૧૪-૭-૮૯ બકરીઈદના દિવસે આયંબિલના તપની સાથે આ એક અનોખું અનુષ્ઠાન બની ગયું. નાણ સમક્ષ જીવનમાં પહેલીવાર અરિહંતાદિ ચારના શરણનું

વિધિપૂર્વક સ્વીકાર કરવાને શ્રી સંઘનું સૌભાગ્ય જાગ્યું. નાણની ક્રિયા કર્યા પછી પૂજ્યશ્રીએ એનું મહત્ત્વ સમજાવ્યું કે, - 'શ્રી પંચસૂત્ર શાસ્ત્ર કહે છે' - "**सरण मुवगओ हं एएसिं गरिहामि दुक्कडाइं**" અર્થાત્ અરિહંત-સિદ્ધ-સાધુ-જૈનધર્મ આ ચારનું શરણ પ્રાપ્ત કરીને હું દુષ્કૃતોની ગર્હા કરું છું. અહીં જેમ દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના વિધિપૂર્વક કરવામાં આવે છે. તેવી જ રીતે શરણસ્વીકાર પણ વિધિપૂર્વક કરવો જોઈએ. એ શરણ સ્વીકાર આ રીતે કે - શરણના સ્વીકારથી આપણી ભવસ્થિતિ તૂટે છે. આપણને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે અને પરંપરાએ પરલોકમાં આપણા માટે અરિહંત તથા જૈનશાસન પ્રાપ્ત કરવાનું નિશ્ચિત (રીઝર્વેશન) થાય છે. આમ સમજાવીને પૂજ્યપાદશ્રી "**चतुः शरणपयन्नो**" શાસ્ત્રમાંથી અરિહંત આદિ એક એકનો શ્લોક બોલીને ભાવાર્થ બતાવ્યા અને સભાને સ્વીકાર કરાવતાં ગયા. અનુષ્ઠાન એટલું ભવ્ય બન્યું કે પથ્થરદિલ પણ પીગળી ગયા.

બાદમાં જન્મ જન્મના પુદ્‌ગલ વોસિરાવાનું અનુષ્ઠાન ચાલ્યું. અહીં પૂજ્યશ્રીએ બતાવ્યું કે - આ પુદ્‌ગલ બે રીતે વોસિરાવવાનાં છે. (૧) એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જે શરીર આપણે છોડ્યા તે તથા (૨) આપણે પૂર્વભવમાં જે પાપસાધનો ત્યાં મૂકીને આવ્યા છીએ તે. શ્રી ભગવતી સૂત્ર વગેરેના પાઠ દ્વારા પૂજ્યશ્રીએ સમજાવ્યું કે - આપણે મરતી વખતે તે તે શરીરનું મમત્વ નથી છોડ્યું તેથી આજ સુધી તે શરીર તથા તેના દ્વારા બનેલી વસ્તુ - જે જીવહિંસા કરે છે, અવિરતિના કારણે આપણે પણ તેના ભાગીદાર બનીએ છીએ. અર્થાત્ આપણને પણ પાંચેય પાપક્રિયા લાગે છે. આનાથી છૂટવા માટે આપણે આજે એ બધાને વોસિરાવવાના છે.

આમ વાત કરીને પૂજ્યશ્રીએ બતાવ્યું કે - એકેન્દ્રિયમાં માટી, ક્ષાર, પાષાણ, ધાતુ આદિ સ્વરૂપ શરીર આપણે છોડ્યા છે, તે કેવા કેવા પ્રકારની હિંસામાં કારણ બને છે. એમ વનસ્પતિનું શરીર, જેમકે લાકડું આદિથી બનેલા લાકડી, ધોકો, સાંબેલુ આદિ કેવા કેવા પ્રકારની હિંસામાં ઉપયોગ આવે છે. આ બધી વાત પૂજ્યશ્રી વિસ્તારથી સમજાવતા રહ્યા અને સાંભળનાર સભાજનોની પાસે વોસિરામિ... વોસિરામિ એમ બોલાવતા રહ્યાં. અંતમાં આપણા દ્વારા છોડાયેલા મકાન, વાડી, કારખાના, ઘંટી, શસ્ત્ર આદિ પાપસાધનોને વોસિરાવવાની ક્રિયા ચાલી.

આ બે ક્રિયામાં જ ઘણો સમય લાગી જવાથી દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદનાની ક્રિયા ભવિષ્ય માટે રાખવામાં આવી. પરંતુ લોકોને ચાર શરણ

સ્વીકાર અને પુદ્ગલ વોસિરાવવાની ક્રિયામાં એટલો રસ આવી ગયો હતો કે હવે તો નાણ દશેરા ઉપર મંડાશે, તેથી બાકીની ક્રિયા માટે ત્યાં સુધીનું ઘણું અંતર પડી જશે એમ મનમાં ઘણું રહ્યું. એટલો આનંદ આવ્યો કે જીવનમાં ક્યારેય નહોતી એવી જિનશાસનની શ્રદ્ધા વધારવાવાળું આ એક ઉત્તમ અનુષ્ઠાન કરવા મળ્યું.

• મદ્રાસમાં અષ્ટાપદજીની પૂજા-આખ્યાનના ભવ્યરંગનો પહેલવહેલો અવસર

પરમ સંઘ-શાસનહિતચિંતક, વર્ધમાનતપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબનું પાવન પદાર્પણ મદ્રાસ શહેરમાં થવાથી શ્રી સંઘ-સમુદ્રમાં નવીન નવીન ધર્મ-આરાધના ને જિનભક્તિ સ્વરૂપ ભરતી ચડવા લાગી છે. અષાઢ સુદ-૧૧ ના ચાર શરણ સ્વીકાર આદિનું ભવ્ય અનુષ્ઠાન પૂરું થવાની સાથે જ શ્રી સંઘને સુદ-૧૧ રવિવાર ૧૩-૭-૮૯ના દિવસે અતિભવ્ય શ્રી અષ્ટાપદજી પૂજા-આખ્યાનના શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આ માટે શ્રી સંઘે અષ્ટાપદજી પર્વતની ઝાકઝમાળ રચના બનાવી હતી. આ રચના લાંબા હોલના એક છેડે રાખી હોવાથી બીજા છેડા સુધી લોકો જોઈ શકતા હતા. આ પૂજા આખ્યાન પર પૂજ્યપાદશ્રીની માસ્ટરી હોવાથી આ પૂજા સાંભળવા માટે ઘણો મોટો હોલ પણ ચિક્કાર ભરાઈ ગયો હતો. પૂજા બપોરે ૧॥-૨ વાગે શરૂ થઈ, પરંતુ પૂજાની ચાર ઢાળમાં જ પાંચ વાગી ગયા આથી બાકીની ૪ પૂજા સંક્ષેપમાં ભણાવવી પડી. આથી બીજા દિવસે સંઘ પ્રમુખે વ્યાખ્યાનમાં જાહેર કર્યું કે બાકીની ચાર પૂજાના ભાવ પણ પૂજ્યશ્રીના શ્રીમુખે વિસ્તારથી સાંભળવા માટે ફરીથી પૂજા રાખી. પૂજા ૧૨-૧૨॥ વાગે શરૂ કરવામાં આવશે. આજના સંગીતકારો માટે અષ્ટાપદપૂજાની અજ્ઞાત એવી તર્જ-રાગરાગિણીનું પૂજા દરમ્યાન પૂજ્યશ્રી સંગીતકારોને સુંદર રીતે માર્ગદર્શન કરતા રહેતા હતા. આ પૂજા આખ્યાનરૂપ એટલા માટે બની કે સંગીતકારો દ્વારા બે-ત્રણ કે ચાર કડી ગવાયા બાદ પૂ. આચાર્યદેવશ્રી એ કડીઓનાં પોતાની લાક્ષણિક શૈલીમાં વિસ્તારથી વિવેચન કરતા રહેતા હતા. આ વિવેચન એટલું રોચક અને બોધક હતું કે મોટી સભામાં પણ પીનડ્રોપ શાંતિ રહેતી હતી. આશ્ચર્ય એ કે બહેનો પણ ૫-૫॥ વાગ્યા સુધી બેઠી રહી હતી.

આ પૂજામાં યુગલિક કાળ તથા શ્રી ઋષભદેવ ભગવાન અને અષ્ટાપદજીતીર્થનો ભવ્ય ઇતિહાસ સિદ્ધકવિ પૂ. દીપવિજયજી મ.સાહેબે સુંદર રીતે કંડાર્યો છે. પૂજ્યશ્રી આ બધાનું ક્રમશઃ વિવેચન કરતા રહ્યા. આમાં ખૂબી એ હતી કે જેવો પ્રસંગ તેને અનુસાર ઉપોદ્ઘાત તથા રાગરાગિણી ચાલતી હતી. જેમકે - પ્રભુ આદિનાથ કેવલજ્ઞાનની પ્રાપ્તિ પહેલાં અયોધ્યા પધારે છે. તે પૂજાની કડી

છે... 'વિચરંતા પ્રભુજી આયા રે...', ત્યારે પૂજ્યશ્રીએ લોકોને બતાવ્યું કે - 'જુઓ ! હવે પ્રભુજી પધારી રહ્યા છે તેથી આપણે બધાએ પ્રભુને લેવા માટે જવાનું છે. નગરની બહાર પ્રભુના આવવાના રસ્તે આપણે આતુરતાથી પ્રભુના આગમનની રાહ જોઈ રહ્યા છીએ...' "એ... એ... પ્રભુજી આયા !" એટલે પૂજાની પંક્તિને આવા ઢંગથી બોલાવાઈ... કે 'હે... આયા... એ... આયા... રે આયા'... 'રે આયા... પ્રભુજી આયા, જિનજી આયા...' એ... દેખો દેખો ... 'હે આયા રે, વિચરંતા પ્રભુજી આયા...' લોકો તાળી સાથે સમૂહમાં એવી રીતે ગાતા કે એનો ઘોષ ગગનમાં વ્યાપી જતો. બોલતી વખતે જાણે એવું લાગતું હતું કે સામેથી સાક્ષાત્ ભગવાન આવી રહ્યા છે.

પૂજાની એક ખાસ વિશેષતા એ હતી કે - પૂજ્ય આચાર્યદેવશ્રી વચ્ચે વચ્ચે - સમસ્યા ઊભી કરી તેનો ઉત્તર સભાજનો પાસેથી માગતા હતા. લોકો તો મુંઝવણમાં પડી જતા હતા કે આનો ઉત્તર શું હશે ? પછી પૂજ્યશ્રી સમાધાન આપતા હતા, જેને સાંભળીને શ્રોતાવર્ગ ચકિત બની જતો. જેમકે,- પ્રભુના વંશની સ્થાપના કરવા માટે ઈન્દ્ર હાથમાં શેરડીનો સાંઠો લઈને આવ્યા. એ સાંઠો તેમણે બાળપ્રભુની સામે ધરી દીધો પૂછે છે. 'ખાશો ?' એટલે પ્રભુએ હાથ લંબાવી સાંઠો પકડી લીધો... અહીં પૂજ્યશ્રીએ સવાલ ઉઠાવ્યો કે (૧) "શું વિરાગી પ્રભુને શેરડીનો રાગ થયો ?" તેમ રાજ્યાભિષેક ઈન્દ્રે કર્યા પછી યુગલિક લોકો દડિયામાં પાણી લઈને આવ્યા તો ખરા પરંતુ પાણીથી અભિષેક ક્યાં કરવો ? કેમકે પ્રભુ તો પગથી માથા સુધી આભૂષણથી ભૂષિત હતા. પણ પ્રભુનો અંગૂઠો ખુલ્લો હતો તેનાં પર અભિષેક કર્યો. હવે અહીં પ્રશ્ન એ છે કે - "ઈન્દ્રને પ્રભુનો શણગાર કરવા માટે હીરાનો મુગુટ મળ્યો... તેમ હીરાનો હાર... બાજુબંધ આદિ બધું મળ્યું, તો શું પગને શણગારવા માટે મોજડી ન મળી ?" તેમ (૩) પ્રશ્ન છે કે - ઋષભદેવ પ્રભુએ વરસીતપનું પારણું ભરત, બાહુબલી, બ્રાહ્મી, સુંદરીએ ન કરાવ્યું ને શ્રેયાંસે કેમ કરાવ્યું ? કેમકે પૂર્વ જન્મમાં આ પાંચેય સાથે જ હતા...! ઇત્યાદિ પ્રશ્નના માર્મિક સમાધાન અપાતાં હતા. પૂજાનો પ્રસંગ ખૂબ ખૂબ રોચક થયો... મદ્રાસના ઇતિહાસમાં આ ભક્તિપ્રસંગ ઐતિહાસિક બની રહેશે... જુના જુના ધર્માત્માઓ પણ કહેતા કે આવી પૂજા અને આખ્યાન (વિવેચન) જિંદગીમાં કદી સાંભળ્યું નથી.

મદ્રાસમાં ધર્મની રંગરેલ

વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના દક્ષિણ ભારતમાં પગલાં થયા ત્યારથી શ્રી જૈન સંઘોમાં ધર્મની રંગરેલ વહેતી આવી છે. એમાં વૃદ્ધિ થતાં થતાં આ વખતે મદ્રાસ જેવા મોટા શહેરમાં શ્રી જૈન સંઘમાં તપધર્મનો ઘરઘર ડંકો વાગવા માંડ્યો. વિ.સં. ૨૦૪૫નું આ વખતનું ચોમાસું બેસતાં મહાન પ્રભાવક શ્રી 'ધર્મચક્ર' નામના તપનો મંગળ પ્રારંભ થઈ ગયો.

સમૂહગત તપ શરૂ થઈ ગયા પછી એનો જ્વલંત રંગ જોતાં બીજાઓને ય લાગ્યું કે 'આ વખતે તપનો જે રંગ ઊછળ્યો છે એમાં જો આપણે રહી ગયા, તો કોણ જાણે ભવિષ્યમાં ક્યારે આવો રંગ જોવા મળે ?' તેથી આવી આવીને પૂ. ગુરુદેવને પૂછવા લાગ્યા કે સાહેબજી ! હવે અમે ધર્મચક્રતપ શરૂ કરી શકીએ ? પૂજ્યશ્રી કહેતા કે પહેલો અઠ્ઠમ કરીને તમો હવે પણ શરૂ કરી શકશો.

તપનો રંગ ઊઠવાનું કારણ 'યોગદૃષ્ટિસમુચ્ચય'ના તથા 'શ્રી સમરાદિત્ય-કેવલીચરિત્ર' પરનાં વ્યાખ્યાનો શ્રોતાઓમાં સંવેગ વૈરાગ્યની રેલમછેલ કરી દેતાં. આ બે વિષય પર પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનો વર્ષોથી એઓશ્રીની એક સ્પેશિયાલીટી હોવાનું શ્રોતાઓમાં જાણીતું છે. તેથી તો વ્યાખ્યાન વખતે કેટલાય શ્રોતાઓની આંખ ભીની ભીની થઈ જાય છે. અનેક વાર આંસુ લૂછવા પડે છે. એમાં જૈન શાસનની જીવનપદ્ધતિ સાથે પોતાના જીવનની દુર્દશા જોતાં હૃદય દ્રવિત થઈ જાય છે. શ્રોતાઓને એમ લાગે છે કે "આજ સુધી આવું કાંઈ સાંભળવા મળ્યું નહિ, ને આટલો ઊંચો જૈન ધર્મ સાથે માનવજન્મ મળવા છતાં આપણું જીવન મોહઘેલી પ્રવૃત્તિઓ અને મોહમય વિચારોમાં રગદોળાએલું રહ્યું. વીતરાગ-અરિહંત ભગવાનનાં દર્શન પૂજા કરતા રહેવા છતાં જૈન ધર્મનો મર્મ જાણ્યો નહિ. એથી જ આ ઉચ્ચ જન્મમાં ઉચ્ચ વચનશક્તિ મળવા છતાં પાપની ને મોહની વાતોચીતો અને કૂથલીઓમાં એ ઉત્તમ વચનશક્તિને પણ આપણા પોતાના અને પરના આત્મા માટે આશીર્વાદરૂપ ન બનાવતાં શ્રાપરૂપ બનાવી..." વ્યાખ્યાનમાં શ્રોતાઓને લાગતું કે દેવદર્શન પૂજા આદિ બીજી બધી ધર્મસાધના કરીએ પરંતુ જો જિનવાણીનું શ્રવણ ન હોય તો આ ધર્મપ્રકાશ ને તત્ત્વપ્રકાશ કંઈ મળે નહિ, અને વર્ષોથી ધર્મસાધના કરવા છતાં આત્માના દેદાર કાંઈ ફરે નહિ !

મદ્રાસ સંઘની પૂજ્યશ્રીનાં મદ્રાસમાં પગલાં કરાવવાની વર્ષોથી ઇચ્છા હતી,

તે આ વખતે ફળી હોવાથી સવારે ૬ થી ૬॥ સુધી સૂત્ર રહસ્યો પરની વાચનામાં, અને ૮-૪૫ થી ૧૦ યોગદૃષ્ટિ તથા સમરાદિત્યકેવળીચરિત્ર એ બે વિષય પરના વ્યાખ્યાનમાં લોકો દોડી દોડીને હાજર થઈ જતા. એમાં વળી ધંધા-વ્યવસાયની પ્રતિકૂળતાને લીધે વાચના-વ્યાખ્યાનમાં હાજરી ન આપી શકતા પુરુષ શ્રોતાઓ રાતના ૮॥ થી ૯॥ પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મ. ની જ્ઞાનગોષ્ઠીમાં સમયસર ઉપસ્થિત થઈ જતા. અને વૈરાગ્યમય જિનવાણીમાં રસતરબોળ બની જતા.

ધર્મચક્રતપ શરૂ થઈ ગયા પછી, છેલ્લી અઠ્ઠાઈ પજુષણમાં આવે એ રીતે સિદ્ધિતપ કે જેમાં ઉપવાસ, બેસણું, છઠ્ઠ-બેસણું, અઠ્ઠમ-બેસણું, ચાર ઉપ. બેસણું... એમ ઉપવાસો વધારતાં ઠેઠ અઠ્ઠાઈ સુધી પહોંચવાનું હોય છે, એવા સિદ્ધિતપની ટહેલ પડી એટલે ભાવિકો એ માટે તૈયાર થતા ગયા, ને સારી સંખ્યામાં એની શુભ શરૂઆત થઈ ગઈ. ત્યાં તો માસખમણની ટહેલ પડી તો કેટલાક એ માટે પણ તૈયાર થઈ ગયા અને એની શરૂઆત થઈ ગઈ. આ સિવાય સિંહાસનતપ, સમવસરણતપ વગેરે ચાલુ થઈ ગયા.

બીજી બાજુ ચોમાસાની શરૂઆતથી રોજ ને રોજ નવા નવા ત્રણ ત્રણ જણ અઠ્ઠમતપનાં પચ્ચક્ખાણ કરે એની નોંધ થઈ; તેમજ સાંકળી અઠ્ઠાઈનું પણ આયોજન થયું. રોજ વ્યાખ્યાન બાદ ૩-૩ અઠ્ઠમવાળાનાં બહુમાન કરવાનું ચાલવા લાગ્યું. વચમાં વચમાં એકબાજુ અઠ્ઠાઈવાળાનું બહુમાન અને બીજી બાજુ નવા અઠ્ઠાઈવાળાને અઠ્ઠાઈનું પચ્ચક્ખાણ ચાલતું. સંઘપ્રમુખ શ્રી પુખરાજજી સાહેબને તો હરખ માતો નહોતો તે વ્યાખ્યાન પૂરું થતું કે તરત માઈક પકડી લઈ તપસ્યાઓ, તથા બહુમાનની હરખભેર જાહેરાત કરવા લાગી જતા. રોજ રોજ નવા નવા તપસ્વીઓને બહુમાન કરવાની બોલીયો પણ અગાઉથી બોલવામાં આવેલી. એમાં ય સિદ્ધિતપનાં પારણાની તેમજ અંતર પારણાની બોલીઓનો રંગ ચાર ઉપવાસ પછી તો ખૂબ જામવા લાગ્યો.

આ સિવાય પણ ચાલુ પબ્લિક માટે રવિવારે રવિવારે સમૂહગત લાખો નવકાર-જાપનું અનુષ્ઠાન, એકેકને ૫૦ હજાર અરિહંત જાપનું અનુષ્ઠાન, શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમનું અનુષ્ઠાન, વગેરે ચાલતાં. એમાં ૨૪ તીર્થંકરના શ્રેણીતપના અનુષ્ઠાને તો કમાલ કરી દીધી. એકેક નવકાર બોલી બોલી ભગવાને પુષ્પ ચઢાવવાનું એમાં સેંકડો જણ સંગીતકાર બોલાવે એ રીતે કોરસમાં નવકાર બોલતાં ડોઢ બે કલાક ભક્તિસંગીતનું વાતાવરણ ભારે જામી પડ્યું !

પૂ. મુનિરાજો શ્રી ગુણસુંદરવિજયજી મ. તથા ભુવનસુંદરવિજયજી મ. એ

આ આરાધનામાં જબરદસ્ત રંગ પૂર્યો ! રોજના માટે પૂ. તપસ્વી ગણિવર્ય શ્રી જયસોમવિજયજી મહારાજ તપસ્વીઓને વ્યાખ્યાન બાદ બુલંદ અવાજે અનુષ્ઠાન કરાવતા. એઓશ્રીને ૧૦૮મી વર્ધમાન આયંબિલ તપની ઓળી ચાલે છે. એમાં આસો વદ-આઠમે પૂર્ણાહૂતિ પર ભવ્ય ઉજવણીના માટે આયોજનની અત્યારથી તૈયારી ચાલી રહી છે. 'ગાગરમાં સાગર'ના મહાન પુસ્તકનું વિતરણ કરવા માટે એનું મુદ્રણ પણ અત્યારથી ચાલી રહ્યું છે.

આ સિવાય ૪૧૬ ઉપવાસના મોટા ગુણરત્ન સંવત્સર તપ સમૂહગત રીતે કરવા માટે પર્યુષણના અગાઉથી જ આયોજન શરૂ થયું. એમાં રોજ રોજ પહેલા દિવસ બે-બે જણને ૧૬-૧૬ ઉપવાસ બીજા દિવસે બે-બે વ્યક્તિને ૧૫-૧૫ ઉપવાસ ત્રીજા દિવસે બે-બે જણને ૧૪-૧૪ પછીના દિવસ બે ને ૧૩-૧૩ ઉપવાસ ઇત્યાદિ ઇત્યાદિ ઘટાડતા ઘટાડતા ૧ ઉપવાસ સુધીનો ૧૬ માસનો તપ સામુદાયિક રીતે ૧૭ દિવસમાં પૂર્ણ થયો. સામુદાયિક રીતે ઉજવાયો.

પર્યુષણ બેસતાં તો ઘરઘરમાં તપસ્વીઓ સાવ નાના નાના બાળક-બાળિકાઓ પણ હોંશે હોંશે ઉપવાસ કરતા.

સિદ્ધિતપમાં દીક્ષાર્થી યુવકયુવતીઓ પણ જોડાયા. બેંગ્લોરના કલ્પેશકુમાર પારસમલજી રાઠોડે ૧૪/૧૫ વરસની વયમાં સિદ્ધિતપની જે આરાધના કરી એ તો કમાલ કરી.

પૂજ્યપાદશ્રીની કલમથી કંડારાયેલ હિન્દી પુસ્તકો 'સાધર્મિક વાત્સલ્ય'નું ઉદ્ઘાટન શેઠશ્રી હસ્તિમલજી જૈન 'સતી શિરોમણી મદનરેખા' નું ઉદ્ઘાટન શેઠશ્રી રવિલાલ એસ. દોશી અને 'માનવતાકા તેજ' નું ઉદ્ઘાટન બેંગ્લોર નિવાસી શેઠશ્રી જી. પારસમલજી ચશ્માવાલા દ્વારા થયું.

આ બાળ શ્રાવક કલ્પેશની ક્રિયારુચિ કેવી કે આવા મોટા સિદ્ધિતપના બધા જ ઉપવાસોમાં સવાર સાંજના પ્રતિક્રમણમાં પણ ઊભા ઊભા જ બધી ક્રિયા કરવાની તેમજ બધા જ ઉપવાસ લગભગ પૌષધમાં જ કરેલ એટલે પૌષધ અને દેવવંદનોમાં પણ બધા જ કાઉસ્સગ્ગ પણ ઊભા ઊભા કરવાના. દરેક દરેક ઈરિયાવહીયા પણ ઊભા ઊભા જ કરવાની. સિદ્ધિતપની બધી ક્રિયાના ખમાસમણા પણ ઊભા થઈને જ દેવાના એનો જાપ પદ્માસને બેસીને કરવાનો. વધારામાં એના ગુરુ આચાર્યશ્રી ગુણાનંદસૂરીશ્વરજી મ. ના નિમિત્તે કાઉસ્સગ્ગ ખમા૦ જાપ પણ અપ્રમત્તપણે કરવાનું રાખેલ-છેલ્લા ૬-૭-૮ ઉપવાસની બારીમાં પણ છેલ્લા ઉપવાસ સુધી બધી ક્રિયા પ્રમાદ રહિતપણે કરવાની રાખેલ. ૧-૨ ઉપવાસમાં ઢીલાશ

અનુભવતા આરાધકને આ જોતા તો ચમત્કાર લાગતો કે ઉપરાપર ચાલુ ઉપવાસોમાં આ કેમ બને છે ? કોઈ દેવતાનો પ્રવેશ થઈ ગયો છે કે શું ? નહિતર પૌષધમાં ત્રણ ટાઈમ મોટા દેવવંદન પણ કરવાના આવે, એમાં ય ખમા૦ કાઉ૦ ઉપવાસો ચાલુ છતાં, ઊભા થઈ થઈને કરવાનું કેમ બને ? સિદ્ધિતપની પૂર્ણાહૂતિમાં છેલ્લા આઠમાં ઉપવાસે પણ આખું સાંવત્સરિક પ્રતિક્રમણ, એમાં સંવત્સરી સૂત્ર શ્રવણ અને ૪૦ લોગ૦ કાઉ૦ પણ ઊભા ઊભા જ કરેલ. પછી પ્રભાતે કહે 'આજે તો સુદ-પંચમી છે મારે ૫૧ લોગ૦ કાઉ૦ ઊભા ઊભા કરવાનો અને ૫૧ ખમાસમણાં ઊભા થઈ, થઈને દેવાનાં.' અપ્રમત્ત આરાધનામાં ભારે ઉલ્લાસ ધરાવતા આ બાલ શ્રાવકને ઉપવાસમાં પણ આવી અપ્રમત્ત ક્રિયામાં શી રીતે રોકાય ? અપ્રમાદનો રસ ક્યાં સુધી કે પજુસણાના પહેલા ત્રણ દિવસમાં અઠ્ઠાઈ વ્યાખ્યાન સાંભળવા સાથે સાથે એની નોંધ લખવાનું પણ રાખેલું. બાકી ઠેઠ બારસાસૂત્ર સુધી બધા જ વ્યાખ્યાન ટટ્ટાર બેસીને જ સાંભળવાના રાખેલાં. આ બધું જોતા કહેવાનું મન થાય કે ધન્ય એના પિતાશ્રી પારસમલજી ! અને ધન્ય એની જનની શ્રીમતી ગીરજાદેવી ! માતા ગીરજાદેવીએ પુત્રના આવા મહારથી તપની ખુશાલીમાં પોતે છેલ્લી અઠ્ઠાઈ કરેલ તથા પિતાશ્રીએ બધા સિદ્ધિતપવાળા અને માસક્ષમણના તપસ્વીઓ દરેકને ૧-૧ કાંબળની પ્રભાવના કરેલ તેમજ માદરે વતન બેંગ્લોરમાં સ્વામિવાત્સલ્ય જમણ રાખેલું.

મદ્રાસ સંઘમાં પર્યુષણા પર્વની ઉજવણીનો ભારે રંગ હતો. વ્યાખ્યાનમાં સભા ચિક્કાર રહેવા છતાં શાંતિ અદ્ભુત રહેતી. મહારાજ સાહેબ સ્પેશિયલ બનાવેલી નાની કેબિનમાં બેસી વ્યાખ્યાન કરતાં તેથી અવાજને પડઘો સારો મળતો. બીજના દિવસે ગણધરવાદ તો પૂ. આચાર્યદેવશ્રીની સ્પેશિયાલીટી હોઈ મદ્રાસના લોકો સાંભળતાં સ્તબ્ધ જ થઈ ગયા.

શ્રી સંઘપ્રમુખે ઉલ્લાસમાં આવી જાહેર કર્યું કે દિવાળી પછી અત્રે કેસરવાડીમાં ઉપધાન કરાવવામાં આવશે.

પૂ.પાદશ્રીની આજ્ઞાથી મદ્રાસમાં ચાતુર્માસ માટે જુદે જુદે સ્થળોએ સાધુઓ આદિ મોકલવામાં આવેલા છે. ત્યાં પણ સમયાનુસાર ધર્મ આરાધના-પ્રભાવના સુંદર થઈ.

● **ગુજરાતી વાડી :** પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ. આદિ ઠાણાની નિશ્રામાં પૂજ્યશ્રીના સંવેગ વૈરાગ્યપૂર્ણ પ્રવચનોના શ્રવણથી જુદા જુદા અનુષ્ઠાનો આદિ દ્વારા ધર્મારાધનામાં ખૂબ જાગૃતિ આવી છે. તપસ્યા

વગેરે સુંદર થાય છે. યુવાનોમાં પણ રવિવારીય શિબિરના પ્રવચનોથી ધર્મચેતના ચેતનવંતી બની છે.

• **વેપેરી :** પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર મ. આદિ ઠાણાની શુભ નિશ્રામાં તપસ્વી પૂ. મુનિરાજશ્રી વરબોધિવિજયજી મ. ની વૈરાગ્યરસપૂર્ણ જિનવાણી શ્રવણથી શ્રોતાઓ ખૂબ પ્રભાવિત બન્યા છે. તપસ્યાઓ ખૂબ જોરદાર થઈ છે. આરાધનામાં વેગ વધ્યો છે. રથયાત્રાનો વરઘોડો શાસન પ્રભાવક બન્યો. પૂ. મુનિરાજશ્રી વરબોધિવિજયજી મ. ની ૮૦મી વર્ધમાન ઓળીના પારણા પ્રસંગે તપની અનુમોદનાર્થે બોલીઓ ખૂબ સુંદર બોલાયી. પૂ.મુનિરાજશ્રીની વાણીથી પ્રભાવિત બનેલ યુવાન વર્ગ તપસ્યામાં સારો જોડાયો. અત્રેના જ્ઞાનભંડારને વ્યવસ્થિત કરવામાં પૂ. મુનિરાજશ્રી હર્ષબોધિવિજયજી મ. ની કામગીરી અનુમોદનીય રહી.

• **ટ્રીપ્લીકેન :** પૂ.મુનિરાજશ્રી ભદ્રેશ્વરવિજયજી મ., પૂ. મુનિરાજશ્રી પુણ્યસુંદરવિજયજી મ. આદિ ઠાણા અત્રે પધારતાં શ્રોતાઓમાં ધર્મારાધના વેગવતી બની, તપસ્યાઓ સુંદર થઈ રથયાત્રાના વરઘોડામાં શાસન પ્રભાવના સુંદર થઈ. રવિવારીય અનુષ્ઠાનો અને બાળકોની રવિવારીય શિબિર અસરકારક બન્યા.

• **મેલાપુર :** પૂ. મુનિરાજશ્રી જિનહંસવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મ. આદિના ચાતુર્માસ પ્રવેશથી જ શ્રી સંઘમાં અનેકવિધ આરાધનાઓ શરૂ થઈ. બંને મુનિવરોના પ્રવચનોમાં સારી સંખ્યામાં લોકો લાભ લે છે. માત્ર પુરુષોના રાત્રિપ્રવચનમાં પણ સારી સંખ્યા થાય છે. ધર્મચક્રતપ, ૧૬ ઉપવાસ, ૧૧ ઉપવાસ, ૯ ઉપવાસ, અઠ્ઠાઈ, ચોસઠપ્રહરી પૌષધાદિ સુંદર આરાધનાઓ થઈ સામુદાયિક ક્ષમાપના રથયાત્રાનો વરઘોડો, ચૈત્યપરિપાટી, વગેરે શાસનધર્મપ્રભાવક બન્યા.

પૂ. સાધ્વી શ્રી અનંતકીર્તિશ્રીજી આદિ ઠાણા ની નિશ્રામાં શનિવારીય બેનોની શિબિરમાં એટલો ધસારો થયો કે જગાના અભાવે વધુ બેનોને પ્રવેશની ના કહેવી પડી. સંવેગરસપૂર્ણ પ્રવચનોથી બેનોમાં ધર્મની જાગૃતિ ખૂબ સુંદર આવી.

પર્યુષણપર્વની આરાધના માટે જુદા જુદા સ્થળોની વિનંતી આવતા પૂ. પાદ આચાર્યદેવશ્રીએ ઉદારતાથી ત્યાં પણ સાધુઓને મોકલવા કૃપા વરસાવી.

• **કેસરવાડી :** ૨૦૦૦ વર્ષ પૂરાણા શ્રી આદિનાથ ભગવાનના આ તીર્થસ્થળમાં ચોસઠપ્રહરી પૌષધમાં કરવા માટે બધી જાતની અનુકૂળતા હોવાથી મદ્રાસ અને આસપાસના ગામોથી દર વર્ષે અહીં એ માટે આરાધકો દોડી આવે છે. દર વર્ષ કરતાં એ સંખ્યામાં આ વખતે વધારો સુંદર થયો. પૂ. મુનિરાજશ્રી

ગુણસુંદરવિજયજી મ., પૂ. મુનિવર શ્રી મતિસુંદરવિજયજી મ. આદિ ઠાણા અને પૂ. સાધ્વી મ. ની નિશ્રામાં ભાઈ બહેનોની આરાધના સુંદર થઈ. પ્રવચનમાં આલોચના આદિનું મહત્ત્વ બતાવતાં અનેક ભાવિકોએ આલોચના દ્વારા શુદ્ધિ કરી.

• **સાધારણભુવન :** પૂ. મુનિરાજશ્રી કુલબોધિવિજયજી મ. ના રોમાંચક નવી વાતોથી ભરપૂર પ્રવચનોથી આરાધનામાં સારો વેગ આવ્યો. સ્વપ્ન આદિ દ્રવ્યની ઉપજ સારી રહી. તપસ્યાઓ રૂડી થઈ.

પૂ. સાધ્વી શ્રી અનંતકીર્તિશ્રીજીએ પણ અનેક સ્થળે પોતાના આજ્ઞાવર્તી સાધ્વીઓ પર્વારાધના નિમિત્તે મોકલી શ્રાવિકા બેનોની આરાધનામાં ખૂબ ઉત્સાહ વધાર્યો !



૧. હસમુખકુમાર કે. જૈન (૧૬) સિદ્ધિતપ
૨. અનિલકુમાર પોપટલાલ (૨૦) સિદ્ધિતપ
૩. કપ્લેશકુમાર પારસમલજી (૧૪) સિદ્ધિતપ
૪. ઈન્દરચંદ ઉમ્મેદમલજી (૩૨) ૩૪ઉપવાસ



મહાન સિદ્ધિતપના તપસ્વી કલ્પેશકુમાર જૈન ઉ. વ. ૧૪



કલ્પેશકુમારના માતુશ્રી જેમણે પુત્રના સિદ્ધિતપની સક્રિય અનુમોદના નિમિત્તે અઠ્ઠાઈનો તપ કર્યો.

● **દાદાવાડી :** અત્રે શ્રી સુમતિનાથ ભગવાનનું ભવ્ય જિનમંદિર છે. પૂજ્ય મુનિરાજશ્રી ભુવનસુંદરવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી સૂર્યકાન્તવિજયજી મ.સા. પર્યુષણાની આરાધના કરવા ૧૧ વર્ષ બાદ પધારતાં શ્રી સંઘમાં આનંદ આનંદ છવાયો હતો. આઠેય દિવસ પ્રભુજીને લાખેણી આંગી થઈ. સુપના આદિની બોલીઓ ખૂબ સારી થઈ. શ્રી સંઘે હવેથી કાયમ સુપનાની બોલીઓ બોલાવવી તેમ નક્કી કર્યું... પાઠશાળા જે બંધ પડી હતી, તે શરૂ કરવાનું નક્કી થયું. પાઠશાળા, જીવદયા-અનુકંપા, સાધર્મિકભક્તિ આદિ ટીપો ખૂબ જ સુંદર થવા પામી હતી. પર્યુષણના પ્રથમ દિવસે હિંસા બંધ કરવી જોઈએ તેવી પ્રેરણાથી આજીવન રાત્રિભોજન અને અનંતકાય ત્યાગના નિયમો થયા હતા.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૮,અંક-૨૫,તા.૩૧-૩-૧૯૯૦

મદ્રાસમાં ઝળકી રહેલ ધર્મજ્યોત

● **મદ્રાસ (ગુજરાતી વાડી) :** અહીં શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે શ્રી સંઘે પૂજ્યપાદશ્રી આચાર્યદેવ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબની પાવન નિશ્રામાં પાંચ દિવસનો શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ શાનદાર

રીતે મનાવવામાં આવ્યો. મહા સુદ-૪ ના દિવસે પૂજ્યશ્રી આદિ વિશાળ પરિવારનું જોરદાર સામૈયું થયું. પાંચ દિવસના મહોત્સવ દરમ્યાન રોજ રોચક પ્રવચન, બપોરે પૂજા તથા લાડુ આદિની પ્રભાવના થઈ. ઊંઝાથી પધારેલ સંગીતકાર શ્રી નરેશકુમાર અને પાર્ટીએ પૂજા તથા ભાવનામાં ભક્તિ સંગીતની સુંદર રમઝટ જમાવી. એમાં દાવણગિરિના સંગીતકાર પ્રકાશચંદ્રે ભારે રંગ પૂર્યો.

મહા સુદ-૧૧ ના શુભદિવસે પૂજ્યશ્રીના શ્રીમુખે શ્રી અષ્ટાપદજી પૂજા-આખ્યાનની સુંદર જમાવટ થઈ. શ્રોતાગણ મુગ્ધ બન્યા. મહા સુદ-૧૩ના શુભદિવસે પ્રભુજીને ધજા ચડાવવાનો શુભ પ્રસંગ વિશાળ જનસમુદાયની હાજરીમાં ઉલ્લાસપૂર્વક ઉજવાયો. બપોરે શાંતિસ્નાત્ર મહાપૂજા ભણાવાઈ. કેસર-સુખડ આદિ દ્રવ્યોની બોલીઓ ખૂબ જ સારી બોલાઈ.

● **મદ્રાસ (આરાધનાભવન) :** જૈન આરાધના ભવનના ટ્રસ્ટીઓની વિનંતી હતી કે બે દીક્ષાઓ આરાધના ભવનમાં થાય. આ ભાવભરી વિનંતીને માન આપીને દીક્ષા મહોત્સવ નિમિત્તે મહા સુદ-૧૪ના દિવસે શાનદાર સ્વાગત સહિત પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સાહેબ પોતાના સુવિશાળ પરિવાર સાથે આરાધના ભવનમાં પધાર્યા.

મુમુક્ષુ અનિલકુમાર પોપટલાલ શાહ (૧૮ વર્ષ) કોલ્હાપુરવાળા તથા કુમારી કિરણ નવીનચંદ્ર શાહ (૧૬ વર્ષ) નાસિકવાળાની દીક્ષા નિમિત્તે શ્રી જૈન સંઘમાં ભારે આનંદ ઉલ્લાસનું વાતાવરણ જામ્યું હતું. પંચાહ્નિકા શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ અપાર હર્ષોલ્લાસથી ઉજવાયો. પ્રતિદિન પૂજા તથા ભાવનામાં મદ્રાસ શહેરના વિવિધ મંડળો ભક્તિની ધૂમ જમાવતા હતા. પાઠશાળાના બાળકો તથા બાલિકાઓ તરફથી દીક્ષા આદિ વિવિધ વિષયોમાં રાત્રીભાવના વખતે નાટિકા-સંવાદ ભજવાતા હતા. રોજ સવાર સાંજ અલગ અલગ ઉપાશ્રયમાં મહિલામંડળો તરફથી સાંજી ગવાતી હતી. મંદિરમાં પ્રભુજીને સુંદર અંગરચના થતી. મંદિર તથા ઉપાશ્રયમાં મનોહર ડેકોરેશન થયા હતા.

ફાગણ વદ-૪ (ગુજરાતી મહા વદ-૪) ના શુભ દિવસે સવારના ૮-૩૦ વાગે બંને દીક્ષાર્થીઓનો વરસીદાનનો ભવ્ય વરઘોડો આરાધના ભવનથી ચડ્યો હતો. જેમાં ત્રણ બેન્ડ, ઈંદ્રધ્વજા, ૧૧ બેલગાડી જેમાં વિવિધ મંડળોની બાલિકાઓ તથા મહિલાઓ સમાન ગણવેશમાં સજ્જ મંગળગીતો તથા સ્તવનો દાંડિયા સાથે ઉલ્લાસપૂર્વક ગાતી હતી. બે વિશાળ બગ્ગીમાં બંને મુમુક્ષુઓ રાજશાહી શણગારપૂર્વક બેઠા હતા અને મનમૂકીને વરસીદાનમાં પૈસા સહિત કપડાં આદિ વિવિધ સામગ્રીઓ

ઉછાળતા હતા. બે રથમાં પ્રભુજી બિરાજમાન થયા હતા. મદ્રાસ શહેરના વિવિધ માર્ગો પર ૨ થી ૨॥ કલાક ફરીને વરસીદાનનો વરઘોડો આરાધના ભવનમાં ઊતર્યો હતો.

આરાધના ભવનમાં પૂજ્યપાદશ્રીજીની પાવનનિશ્રામાં બંને દીક્ષાર્થીઓનાં બહુમાનનો પાવન કાર્યક્રમ થયો હતો. મુમુક્ષુઓને તિલક કરવું, હાર પહેરાવવો, બહુમાનપત્ર આપવું આદિ બોલીઓ બોલાઈ હતી. નંદરબારથી પધારેલ બિપીનભાઈ શાહે ખૂબ જ મોટી બોલી બોલીને મુમુક્ષુઓને તિલક કરવાનો લાભ લીધો હતો. રાજમહેંદીથી પધારેલ શ્રી સંઘે વિશાળ જનસમુદાયનું સંઘપૂજન કરેલ. બપોરે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન પૂ. મુનિરાજશ્રી નિર્મોહચંદ્રવિજય મ. સાહેબના સંસારીપણે સુપુત્ર દિનેશભાઈ તરફથી ભણાવાયું. બાદમાં ૨૦૦ ગ્રામના મોટા લાડુની પ્રભાવના થઈ હતી. રાત્રીના પણ વિવિધ જૈન મંડળો તથા સંઘો તરફથી બહુમાન મેળાવડો યોજાયો તેમાં પાઠશાળાના બાળકોએ સુંદર નાટિકા ભજવી હતી.

ફાગણ વદ-૫ (ગુજરાતી મહા વદ-૫) ના સુપ્રભાતે સવારના ૭-૩૦ વાગે દીક્ષાની મંગળ વિધિનો પ્રારંભ થવાનો હતો. પરંતુ સવારના ૭-૦૦ વાગ્યાથી જ જૈન આરાધના ભવનમાં માનવ મહેરામણ ઉમટવા લાગ્યો હતો. બંને દીક્ષાર્થી મુમુક્ષુઓ ઠાઠથી પધાર્યા અને ગુરુપૂજન બધા મુનિભગવંતોને કર્યું હતું. ત્યારબાદ પૂજ્યશ્રી દ્વારા દીક્ષાની માંગલિક વિધિનો શુભ પ્રારંભ થયો હતો. ભવ્ય રીતે સજાવાયેલો આરાધના ભવનનો મહા વિશાળ હોલ તથા ગેરેલી ભાવિકોથી ખીચોખીચ ભરાઈ ગયેલ. નંદીની ક્રિયા પછી બંને દીક્ષાર્થીઓના માતા-પિતાઓએ પૂજ્યશ્રીને વરદ હસ્તે ઓઘો સમર્પણ થતાં દીક્ષાર્થી મન મૂકીને નાચ્યા હતા. એ વખતે 'દીક્ષાર્થી અમર રહો'ના મંગળનાદથી હોલ ગાજી ઉઠ્યો હતો. પછી બંને દીક્ષાર્થીઓને સ્નાન-મુંડન-વેશપરિધાન માટે લઈ જવામાં આવ્યાં. બંને દીક્ષાર્થીઓના માતાપિતાની ઉદારતાથી બીજા ઉપકરણોની બોલીઓ શ્રી સંઘમાં મૂકાઈ. ખૂબ ચડતા રંગે ઉછામણીઓ થઈ. દીક્ષાર્થીઓ વેશપરિધાન પછી નાણસમક્ષ પધારતાં એમને જોઈ કેઈકની આંખો અશ્રુભીની થઈ ગયેલી.

નૂતન દીક્ષાર્થીઓને 'કરેમિભંતે' ઉચ્ચારણ બાદ નામકરણ વિધિ થતાં આ પ્રમાણે નામ પડાયા હતા.

મુમુક્ષુનું નામ : અનિલકુમાર **ગામ :** કોલ્હાપુર
નૂતન નામ : મુનિશ્રી આદિત્યસોમવિજયજી મ.
ગુરુનું નામ : પૂ. ગણિવર્યશ્રી જયસોમવિજયજી મ.

મુમુક્ષુનું નામ : કિરણબેન **ગામ :** નાસિક
નૂતન નામ : સાધ્વીશ્રી લબ્ધિનિધિશ્રીજી મ.
ગુરુનું નામ : પૂ. સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી મ.

નામકરણવિધિ બાદ પૂજ્યશ્રીએ સકલ શ્રી સંઘ સમક્ષ નૂતન દીક્ષિતોને સુંદર હિતશિક્ષા ફરમાવી હતી. સકલ શ્રી સંઘે નૂતન દીક્ષિતોને વંદન કર્યા બાદ કપડાં-કામળી વહોરાવેલ.

દીક્ષાના આ પાવન પ્રસંગ પર મુંબઈ, અમદાવાદ, કલકત્તા, બેંગ્લોર, બેંગાલપેઠ, રાજમહેંદી, કોઈમ્બુતર, નાસિક, કોલ્હાપુર, નંદરબાર, અમલનેર આદિ અનેક સ્થળોએથી ભાવિકજનો પધાર્યા હતા. મદ્રાસના સ્થાનિક સંઘોમાંથી પણ અનેક ભાવિકજનો પધાર્યા હતા. પૂજ્યશ્રીને મદ્રાસના સંઘો તથા બહારના અનેક સંઘોએ ચાતુર્માસ માટે મુનિભગવંતો આપવાની ભાવપૂર્વક વિનંતીઓ કરી હતી.

કોઈમ્બતુરના શ્રીસંઘે આ પહેલા કેસરવાડીમાં ઉપધાન તપની માળા પ્રસંગે પૂજ્યશ્રી પોતાના વિશાળ પરિવાર સાથે કોઈમ્બતુર પધારે તેવી ભાવભરી વિનંતી કરી હતી. દીક્ષાના આ પાવન પ્રસંગે પણ કોઈમ્બતુર શ્રી સંઘે થનગનાટ અને હર્ષોલ્લાસપૂર્વક પૂજ્યશ્રી વિશાળ પરિવાર સાથે કોઈમ્બતુર પધારે તેવી જોરદાર વિનંતી કરી હતી. તેઓની ખુશી અપાર હતી કારણ કે અત્રેના મોટા શ્રી રાજસ્થાની જૈન સંઘમાં આચાર્ય ભગવંતના ચાતુર્માસ થવાનો આ પ્રથમ જ પ્રસંગ છે. કોઈમ્બતુર સંઘના અતિ આગ્રહવશ પૂજ્યશ્રીએ કોઈમ્બતુર સંઘની ચોમાસાની વિનંતી માન્ય કરી હતી.

વિશેષમાં દીક્ષાના આ પાવન પ્રસંગ પર એક ભક્ત શ્રાવકે વિશાળ જનસમુદાયની વચ્ચે ઊભા થઈને પૂજ્યપાદશ્રીજીને જોરદાર વિનંતી કરી હતી કે- "આપ પૂજ્યશ્રી સિદ્ધગિરિ પધારો. મારી ભાવના આપશ્રીનું વિશાળ સમુદાય સાથે ત્યાં ચાતુર્માસ કરવાની, બીજા પણ સમુદાયના સાધુ-સાધ્વીઓને ત્યાં આમંત્રિત કરી આપ તથા આપના વિદ્વાન શ્રમણભગવંતો પાસે ચોમાસામાં શાસ્ત્રવાંચનાઓ રાખવાની, બાદ ઉપધાન અને નવ્વાણું કરાવવાની પ્રબળ ભાવના છે."

પૂજ્યપાદશ્રીજીએ ઉત્તરમાં ફરમાવ્યું કે- 'તમારી જેમ સુરત-મુંબઈના વતની એક ભાવિક સુશ્રાવકે પાલીતાણામાં વિશાળ સાધુ-સાધ્વી સમુદાયને નોંતરી શાસ્ત્રવાંચનાઓ અપાવવા માટે ત્યાં ચોમાસુ પધારવાની જોરદાર વિનંતી અમને કરી છે. તમારા બંનેની શુભભાવનાપૂર્વકની જોરદાર વિનંતી પર અમારે વિચાર કરવો પડશે; અને તમારે એમને મુંબઈ કે સુરતમાં મળી લેવું.'

દીક્ષાનો આ મંગળ પ્રસંગ પૂજ્યશ્રી દ્વારા સર્વમંગલ બોલાઈને પૂર્ણ થયેલ ત્યારે ૨૦૦-૨૦૦ ગ્રામના લાડુની પ્રભાવના થઈ હતી. બપોરે સત્તરભેદી પૂજા ઠાઠપૂર્વક ભણાવાઈ હતી. સ્થાનિક અનેક સંઘોની શેષકાળ માટે પધારવાની પૂજ્યશ્રીને વિનંતી હતી. તેમાં શ્રી વેપેરી મહાવીર કોલોની સંઘની વિનંતીનો સ્વીકાર કરીને મહા સુદ-૬/૨ એ પૂજ્યશ્રી પોતાના વિશાળ પરિવાર સાથે સુસ્વાગત વેપેરી-મહાવીર કોલોની પધાર્યા છે. અહીં થોડા દિવસની સ્થિરતા થશે.

વૈશાખ સુદ-૬ ના એગમોર સોસાયટીમાં પૂજ્યશ્રી હસ્તે અંજનશલાકા-પ્રતિષ્ઠા છે. ત્યાંસુધી મદ્રાસના વિવિધ પરાઓમાં વિચરીને પૂજ્યશ્રી પોતાના વિશાળ પરિવાર સાથે ચાતુર્માસ માટે કોઈમ્બતુર પધારશે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૮,અંક-૨૭,તા.૨૧-૪-૧૯૯૦

મદ્રાસ નગરમાં ધર્મની રંગરેલ

મદ્રાસ (વેપેરી) : અત્રે પરમારાધ્યપાદ્ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં ફા.સુ. ૯ ના દિવસે બે નૂતન દીક્ષિત મુનિરાજશ્રી આદિત્યસોમવિજયજી અને સાધ્વીજી શ્રી લબ્ધિનિધિશ્રીજીની વડી દીક્ષાનો કાર્યક્રમ અનેરા ઉલ્લાસ પૂર્વક ઉજવાયો હતો. એમના સાંસારિક માતાપિતા દૂરથી આવીને પણ ઉપસ્થિત રહ્યા હતા.

વડી દીક્ષા બાદ નૂતન દીક્ષિતના નામ યથાવત્ રાખી પૂજ્યશ્રીએ દીક્ષા-જીવનોપયોગી માર્ગદર્શક સુંદર વાચના ફરમાવી હતી. પૂજ્યશ્રીને કામળી ઓઢાડવાની આદિ બોલીઓ ખૂબ જ સારી થઈ હતી. સંઘપૂજન, પ્રભાવના તથા બપોરે પૂજા અને પ્રભુજીને ભવ્ય અંગરચના થઈ હતી.

ફાગણ વદ-૬ ના દિવસે પૂજ્યપાદશ્રીજીને **સૂરિમંત્રની ત્રીજી પીઠિકા** આરાધનાની પૂર્ણાહુતિ નિમિત્તે શ્રી સંઘમાં અપાર ઉલ્લાસ હતો. શ્રીમતી જતનબેને પૂજ્યશ્રીની પદાર્પણ નિમિત્તે મોટો ચડાવો લીધેલ હોવાથી એમને ત્યાં પૂજ્યશ્રી સપરિવાર રણજીત સોસાયટીમાં વાજતે ગાજતે પધાર્યા હતા. ત્યાં સંઘપૂજન-ગુરુપૂજન આદિ થયા હતા.

ફાગણ વદ-૭ના દિવસે પૂજ્યશ્રીએ સુંદર વ્યાખ્યાન ફરમાવ્યું હતું. જેને સાંભળીને શ્રી વેપેરી જૈન સંઘ ઉલ્લસિત બન્યો હતો અને અહીં નૂતન જિન મંદિર નિર્માણ કાર્યને વેગ મળ્યો હતો.

આ દિવસે પૂજ્યશ્રી દ્વારા અલગ અલગ સમયે સાધુઓને ઉદ્દેશીને અપાયેલ વાચનાની નોંધનું પૂ. મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મ. સાહેબે પુસ્તક રૂપે સુંદર રીતે સંપાદન કર્યું હતું. તે **'વાચના પ્રસાદી'** પુસ્તક શ્રી મૈલાપુર (મદ્રાસ) શ્રાવિકા સંઘ તરફથી પ્રકાશન કરવામાં આવેલ. તેનો ઉદ્ઘાટનવિધિ સૌ. સુશ્રાવિકા પ્રેમાબાઈ મદનચંદ વૈદ્યના શુભહસ્તે થયો. અને સાંગલી સોસાયટીમાં તીર્થસમુ દેવવિમાન જેવું જિનમંદિર બંધાવનાર શ્રી સુભાષભાઈ શાહ તરફથી સંઘપૂજન તથા શ્રી સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ હતી. શ્રી વેપેરી જૈન સંઘની ચૈત્રી ઓળી માટે આગ્રહભરી વિનંતી પૂજ્યશ્રીએ માન્ય કરી હતી.

● જૈન આરાધના ભવન (મદ્રાસ) :

મદ્રાસમાં સૌ પ્રથમવાર વર્ષીતપ તપશ્ચર્યા પ્રારંભે નાણસમક્ષ ઉચ્ચારણ :

જૈન આરાધના ભવનમાં દરરોજ આરાધકો આરાધના કરતા હોવાથી ત્યાંના સંઘની વિનંતીથી પ.પૂ. ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજયજી ગણિવર્ય આદિઠાણા ૧૧ રોકાયા હતા. તે દરમ્યાન સમસ્ત દક્ષિણ ભારતમાંના સામુહિક વર્ષીતપ પ્રારંભ ફાગણ વદ-૭-૮ ના નાણસમક્ષ ઉચ્ચારણ વિધિ માટે શ્રી સંઘ તરફથી ઠેર ઠેર સુંદર આમંત્રણ પત્રિકા મોકલાયેલ. વ્યાખ્યાન દરમ્યાન અવારનવાર પૂ. મુનિરાજશ્રી વરબોધિવિજય મ.સાહેબ દ્વારા પ્રેરણા કરાઈ. તેના માટે અગાઉથી ફા.વ. ૮ના શ્રી સિદ્ધગિરિની નવ્વાણું અભિષેકની મોટી પૂજાનું આયોજન થયું. જેનો લાભ ચડાવો બોલીને શ્રી નાહર પરિવાર તરફથી લેવાયો. તેમજ ફા.વદ-૯ ના બંને ટંકના બેસણાનો લાભ મેઘરાજ એન્ડ સન્સ. આહોરવાળા સમસ્ત દુગડ પરિવાર તરફથી લેવાયો. દિવસો નજીક આવતા લોકોનો ઉલ્લાસ વધવા માંડ્યો. તેમાંય વેપેરીમાં બિરાજમાન પૂજ્યપાદ આચાર્યદેવેશ્રીને આરાધનાભવનના ભાઈઓએ આ પ્રસંગે પધારવા વિનંતી કરી. સૂરિમંત્રની ત્રીજી પીઠિકા ફાગણ વદ-૬ ના દિવસે પૂરી કરીને નજીકમાં જ ૪ થી પીઠિકાની આરાધના શરૂ કરવાની હોવા છતાં ફાગણ વદ-૮ ના સવારે ૭૯ વર્ષની ઉંમરે પણ ચાલીને સપરિવાર તપસ્વીઓને શ્રી પરમાત્માની નાણસમક્ષ પચ્ચક્ખાણ ઉચ્ચરાવવા પધાર્યા. ફાગણ વદ-૭ ના સાંજે જુના-નવા વર્ષીતપના આરાધકોના માત્ર ૩૬ નામો હતા. પરંતુ સવારના તો એક પછી એક નામ આવવા લાગ્યા ને આંકડો છેવટ સુધીમાં ૬૬ જેટલો પહોંચી ગયો જેમાં નૂતન શરૂ કરનાર ભાગ્યશાળીની સંખ્યા ૪૪ની આસપાસ થઈ. આ બધા ઉપરાંત બ્રહ્મચર્યવ્રત લેનાર ૫-૭ ભાગ્યશાળીઓ, વીશ સ્થાનક તપ, ૨૪ તીર્થંકરતપ ઈત્યાદિ તપસ્વીઓને પૂજ્યશ્રીએ ક્રિયા કરાવી. શ્રાવક-શ્રાવિકાની વિશાળ સંખ્યા સામે પૂજ્યશ્રીની પાસે બિરાજમાન તેઓશ્રીના પટ્ટધર પૂ.આ. દેવશ્રી વિજય

જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂ.આ. દેવશ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ અને વિશાળ મુનિપરિવારની હાજરીથી તપ ઉચ્ચરનારના ભાવોલ્લાસ ખૂબ વધી ગયા.

ત્યારબાદ વ્રત, પચ્ચક્ખાણ, અને તપશ્ચર્યાવાળા ભાગ્યશાળીઓનું તિલક અને હાર તેમજ પ્રભાવના, શ્રીફળ આદિથી બહુમાન થયું. તિલક તથા માળા પહેરાવવાનો ચડાવાનો લાભ શેઠશ્રી રૂપચંદજી સરેમલજીએ લીધો. તેમજ શ્રીફળ અને પ્રભાવના આપવાનો લાભ મેજરપેન કંપનીવાળા ભાગ્યશાળીઓએ લીધો.

પૂજ્યશ્રીએ વચ્ચે વચ્ચે વર્ષીતપની તપશ્ચર્યાનું માહાત્મ્ય સમજાવ્યું જેનાથી અનેકને પ્રેરણા મળી. અત્રેના શ્રી સંઘ તરફથી જાહેર કરવામાં આવ્યું કે બહારગામથી વર્ષીતપ ઉચ્ચરવા પધારેલ ભાગ્યશાળીને જવા આવવાનું ભાડું આપવામાં આવશે.

આ મદ્રાસ શહેરમાં પ્રથમવાર નાણસમક્ષ વિધિ સાથે વર્ષીતપ પ્રારંભનો પ્રસંગ સામુહિક સુંદર ઉજવાયો અનેકોને પ્રેરણા મળી.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૮,અંક-૩૨,તા.૨૬-૫-૧૯૯૦

મદ્રાસ નગરે-એગમોર વિભાગમાં અંજનશલાકા તથા પ્રતિષ્ઠા

પૂજ્યપાદ આચાર્યદેવશ્રીની પાવન નિશ્રામાં ભવ્યાતિભવ્ય ઉજવણી :

પરમારાધ્યપાદ શાસન પરમહિત સંરક્ષક પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પરમ કલ્યાણકારી પાવન નિશ્રામાં અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ શાનદાર ઉજવાયો. અહીં એગમોર સોસાયટીમાં શ્રીમાન માંગીલાલજી કટારિયાના ઘરમાં એક નાનું પણ સુંદર ઘરમંદિર લગભગ ૨૫ વર્ષથી હતું. ઘણાં વખતથી તેઓની ઇચ્છા એક વિશાળ જિનમંદિર નિર્માણની હતી. તેઓના પ્રબળ પુણ્યોદયથી તેઓની ભાવના સફળ થઈ અને બે વર્ષ પહેલા પ.પૂ. મુનિરાજશ્રી અરુણોદયસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં મંદિરજીનું ખાતમુહૂર્ત થયું. બે વર્ષમાં નીચે ઉપાશ્રય તથા ઉપર ચૌમુખજી વેદિકા સહિત વિશાળ મંદિરનું નિર્માણ થઈ ગયું. શ્રીમાન માંગીલાલજી કટારિયા કહે છે કે-

"અમારા અંતરની એવી પ્રબળ ઇચ્છા હતી કે શ્રી મદ્રાસ જૈન સંઘની પ્રબળ પ્રાર્થના અને વિનંતીથી મદ્રાસમાં પધારેલ સુવિશાલ ગચ્છનાયક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવવી."

પરંતુ શ્રીમાન માંગીલાલજી તથા તેમનો પરિવાર અને સગાસંબંધી પ્રતિષ્ઠાની સાથે સાથે અંજનશલાકા મહોત્સવ પણ થાય તો સોનામાં સુગંધ ભળે. આ વાતથી લગભગ અજાણ હતા. અંજનશલાકા કેવી રીતે થાય ? તે કેવી રીતે પાર પડે ? આટલી મોટી વ્યવસ્થા શી રીતે થઈ શકે ? ઇત્યાદિ અંજનશલાકા વિષયક વિધિવિધાનથી અનભિજ્ઞ હતા, અને આ વિષયમાં ગભરાતા હતા, ત્યારે મદ્રાસ જૈન આરાધના ભવનના ટ્રસ્ટી-પ્રમુખ તથા કર્મઠ કાર્યકર શ્રીમાન પુખરાજજીએ અંજનશલાકા માટે માર્ગદર્શન અને હિંમત આપ્યા જેથી તેમનો ડર-ભય જતો રહ્યો. એટલું જ નહિ કટારિયા પરિવારના બધા જ સભ્યો અંજનશલાકા માટે સહમત થયા, અને પુખરાજજીએ પણ તેમને તન-મનથી ખૂબ જ સહયોગ આપ્યો.

એ પછી શ્રીમાન માંગીલાલજી કટારિયા આદિ પરિવાર પૂજ્યશ્રી પાસે કેસરવાડી તીર્થમાં ઉપધાનતપની મહાન આરાધના ચાલતી હતી ત્યાં પૂજ્યશ્રીને અંજનશલાકા તથા પ્રતિષ્ઠામાં પધારવા તથા મુહૂર્ત આપવાની વિનંતી કરવા આવ્યો. તેઓએ ભાવભરી વિનંતી કરી. પૂજ્યશ્રીએ વૈશાખ સુદ-૬ નું મુહૂર્ત આપ્યું પરંતુ કહ્યું કે- "મારે ચાતુર્માસ માટે ૫૦૦ કિ.મી. દૂર કોઈમ્બતુર જવાનું હોવાથી હું મદ્રાસ ન રોકાઈ શકું છતાં પણ આ કાર્ય માટે બીજા આચાર્ય મહારાજને આપું છું." તો શ્રીમાન માંગીલાલજી કટારિયાએ કહ્યું કે- "સાહેબ ! મારે આપના હાથે જ અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવવી છે." પછી તેઓની અતિ આગ્રહભરી વિનંતીને માન આપી તેઓના પ્રસંગ પર સપરિવાર પધારવાની સહર્ષ સમ્મતિ આપી.

ઉપધાન તપ પૂર્ણ થયા બાદ આરાધના ભવનમાં બે દીક્ષા કરાવી. પૂજ્યશ્રી વેપેરી પધાર્યા. વેપેરીમાં પૂજ્યશ્રીએ સૂરિમંત્રની ત્રીજી તથા **ચોથી પીઠિકા**ની આરાધના એકાગ્રતાપૂર્વક કરી. પછી પૂજ્યશ્રી સુલે, રાયપુરમ્ જૈન આરાધના ભવન આદિ પધારી અનેકવિધ શાસનપ્રભાવના કરી પૂજ્યશ્રીએ એગમોર તરફ વિહાર કર્યો.

વૈશાખ વદ-૧૧ના શુભ દિવસે નૂતન જિનપ્રતિમા તથા સુવિશાલ પરિવારની સાથે પૂજ્યશ્રીનો અરિહંત એપાર્ટમેન્ટથી વિશાળ વરઘોડો પ્રારંભ થયો. નગરના વિશાળ રસ્તાઓ પર ફરીને એગમોર નૂતન જિનમંદિરની પાસે વરઘોડો ઉતર્યો. ત્યાં પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન થયું. બાદમાં શ્રીમાન માંગીલાલજી કટારિયા તરફથી શ્રીફળની પ્રભાવના થઈ.

વૈશાખ વદ-૧૪. મહોત્સવ દિવસ-૧ : આજે સવારે અંજનશલાકા-પ્રતિષ્ઠા નિમિત્તે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં કુંભ સ્થાપના, જુવારારોપણ, વેદિકાપૂજન,

માણેકસ્તંભરોપણ, ક્ષેત્રપાલ સ્થાપના આદિ માંગલિક વિધિ થઈ.

સવારે ૮-૦૦ કલાકે પૂજ્યશ્રીએ સ્વહસ્તે શ્રી નંદ્યાવર્તનું આલેખન કર્યું. પછી નંદ્યાવર્ત પૂજન થયું. લગભગ ૨॥ કલાકનો સમય પૂજ્યશ્રીને નંદ્યાવર્ત આલેખનમાં લાગ્યો. જેમાં ૧૧ વલયમાં ૨૪ ભગવાનના માતા, યક્ષ-યક્ષિણી, ૬૪ ઈન્દ્ર-ઈન્દ્રાણી ઈત્યાદિ લગભગ ૩૦૦ નામ લખવાના હોય છે. પૂજ્યશ્રીએ પૂરી સ્વસ્થતા અને સાવધાનીથી આ કાર્ય પૂર્ણ કર્યું આ નિહાળીને પૂજ્યશ્રીની અપ્રમત્તતા ઉપર લોકો આશ્ચર્યચકિત બની ગયા.

બપોરના નવગ્રહપૂજન, ૧૦ દિક્પાલપૂજન તથા અષ્ટમંગલના પૂજનોની વિધિ થઈ.

વૈશાખ વદ-અમાસ. મહોત્સવ દિવસ-૨ : આજે શ્રી સિદ્ધચક્રપૂજન તથા શ્રી વીશસ્થાનકપૂજન ઘણાં જ ઉલ્લાસથી થયાં.

વૈશાખ સુદ-૨. મહોત્સવ દિવસ-૩.

આજે ભગવાન શ્રી વાસુપૂજ્યસ્વામી આદિ જિનબિંબોની ચ્યવન કલ્યાણક વિધિ થઈ. શ્રી ચંદનમલજી કટારિયા ભગવાનના પિતા વાસુપૂજ્ય રાજા બન્યા તથા માતા તરીકે વિજયાબેનની જયાદેવી રાણી બન્યા. બંનેની સ્થાપના થઈ. શિખરચંદજી અને સુમિત્રાબેનની સ્થાપના ઈન્દ્ર-ઈન્દ્રાણીના રૂપમાં થઈ. પૂજ્યશ્રી દ્વારા મંત્રોચ્ચાર દ્વારા તથા વાસનિક્ષેપપૂર્વક આ બધી સ્થાપના કરવામાં આવી. પછી ચ્યવન કલ્યાણક વિધિ થઈ.

હવે ચંપાનગરીમાં સજાવેલ ભવ્ય મંડપમાં ઈન્દ્ર-ઈન્દ્રાણી પોતાના દેવલોકમાં સિંહાસન પર બિરાજમાન થયેલા ત્યારે ઈન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું. આક્રોશમાં આવી ઈન્દ્ર મહારાજા ગર્જી ઉઠ્યા- 'કોણ નાલાયકે મારું સિંહાસન કંપાવ્યું ? કોણે સૂતેલા સિંહને જગાડ્યો ? હવે હું તેને યમરાજના ઘરે પહોંચાડીશ !' પણ ક્ષણભર પછી અવધિજ્ઞાનના ઉપયોગથી ઈન્દ્ર મહારાજને ખબર પડી કે 'આ તો મારી મૂર્ખતા થઈ. પોતાના બોલનો પશ્ચાત્તાપ કરી બોલે છે-' 'અરે ! આજે તો ચંપાનગરીમાં માતા જયારાણીની કુક્ષીમાં વાસુપૂજ્ય સ્વામી ભગવાનનું અવતરણ થયું છે.' આમ જાણી આનંદ અને ઉલ્લાસથી ઈન્દ્ર મહારાજાએ સિંહાસન પરથી ઉતરી પાંચ-સાત ડગલા આગળ આવી ભગવાનની સ્તવના શક્રસ્તવથી કરી - "નમુત્થુણં અરિહંતાણં... ઈત્યાદિ !"

મધ્યરાત્રિમાં મહારાણી જયાદેવીએ ૧૪ મહા સ્વપ્ન જોયા. સ્ટેજ પર બાલિકાઓએ એકેક સ્વપ્નનું સુંદર દર્શન કરાવ્યું. પછી જયારાણી રાત્રિમાં જ

પોતાના પતિની પાસે આવીને ૧૪ સ્વપ્નોનું વર્ણન કર્યું. સવારે મહારાજાએ રાજ્ય જ્યોતિષીઓને બોલાવીને સ્વપ્નફળ તથા ભવિષ્ય કથન સાંભળ્યા કે- આપને ત્યાં કુલદીપક એવા ચક્રવર્તી કે તીર્થંકર આત્માનો જન્મ થશે. ખુશ થઈને મહારાજાએ જ્યોતિષીઓને કિંમતી વસ્ત્રાલંકારનું દાન આપ્યું.

વૈશાખ સુદ-૩. જન્મ કલ્યાણક... ઊગ્યો ઊગ્યો સૂરજ આજ સોનાનો... કારણ કે જયાદેવી મહારાણીએ બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય ભગવાનને જન્મ આપ્યો. પૂજ્યશ્રીએ મંત્રોચ્ચાર દ્વારા જન્મ કલ્યાણક વિધિ કરાવી. જેવો ભગવાનનો જન્મ જાહેર થયો કે વાજિંત્રોના નાદ, ઘંટના ગુંજન, થાલી-ડંકાના જોર શોર તથા બેન્ડબાજાના સૂરથી આખો મંદિર હોલ ગાંજી ઉઠ્યો અને ભક્ત લોકો કેટલીય વાર સુધી જન્મવધાઈની ખુશીમાં નાચતાં-કૂદતાં ને જય જય નાદ કરતાં - તાલીઓ વગાડતા ઝૂમી ઉઠ્યા. તેઓને શાંત કરવાનું મુશ્કેલ બની ગયું !

ભગવાનના જન્મ કલ્યાણકના પ્રભાવથી સૌ પ્રથમ ૫૬ દિક્કુમારીઓના સિંહાસન ચલાયમાન થયા. તેઓ આનંદિત બની ગઈ. ભગવાનનો જન્મ કલ્યાણક મહોત્સવ મનાવવા તથા માતા અને બાળક ભગવાનનું સૂચીકર્મ કરવા પધારી. વર્ધમાન જૈન તત્ત્વજ્ઞાન કેન્દ્રની બાલિકા મંડળે ઠાઠથી મહોત્સવ મનાવ્યો અને ઋષભ બાલિકા મંડળની કન્યાઓએ જોરદાર ગીતો ગાયા. હૈયા હેલે ચડ્યા... હેલે ચડ્યા આજ જિન જન્મથી હૈયા હેલે ચડ્યા... એમ ગાતા સર્વત્ર આનંદ-ઉલ્લાસ રેલાયો. માનો સાક્ષાત્ જન્મ કલ્યાણ ઉજવાયો છે તેવું વાતાવરણ સર્જાઈ ગયું !

બાદમાં ઈન્દ્રનું સિંહાસન ડોલાયમાન થયું. અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ થયાનું જાણીને ખુશ થયેલા ઈન્દ્રે જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવવા માટે પોતાના સર સેનાધિપતિ હરિણૈગમૈષી દેવને બોલાવ્યા અને સૂચના કરી કે- "ચંપાનગરીમાં આજે ૧૨મા તીર્થંકર પ્રભુનો જન્મ થયો છે, માટે સુઘોષા ઘંટ વગાડી બધા દેવ-દેવીઓને ભગવાનના જન્માભિષેક મહોત્સવની સૂચના આપો, અને મેરુ પર્વત પર પધારવા નિમંત્રણ આપો." હવે સૌધર્મેન્દ્ર સ્વયં પાંચ રૂપ કરી પ્રભુમાતા પાસે આવ્યા. માતાને અવસ્વાપિની નિદ્રા આપી ભગવાનને લઈ મેરુ શિખર પર આવ્યા. ત્યાં ૬૪ ઈંદ્રોએ મળી જન્માભિષેક મહોત્સવ ચડતા પરિણામથી ઉજવ્યો.

અક્ષયતૃતીયા : પારણાં...

આજે અખાત્રિજનો મહાન દિવસ હતો. ભગવાન શ્રી ઋષભદેવને લગભગ ૪૦૦ દિવસના ઉપવાસ પછી પારણાનો મહાન દિવસ યુગાદિપર્વ ! આજે પૂજ્યશ્રીના હાથે પૂ.આ.શ્રી ધનપાલસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાવર્તી પૂ.

સાધ્વીશ્રી રોહિણાશ્રીજીની પ્રમુખશિષ્યા પૂ. સાધ્વીશ્રી વિનિતાશ્રીજી મ.ની પ્રશિષ્યા પૂ. સાધ્વીશ્રીજી દક્ષનિધિશ્રીજી મ. ને વરસીતપનું પારણું વિવિધ અભિગ્રહો સાથે ઉલ્લાસથી થયું. સાધ્વીજી મ. ના સાંસારિક સંબંધી તરફથી ગુરુપૂજન, જ્ઞાનપૂજન, સંઘપૂજન આદિ થયા. પૂ. સાધ્વીજીએ ચાલુ વરસીતપમાં અમલનેરથી મદ્રાસ સુધીનો લગભગ ૨ હજાર કિ.મી.નો લાંબો વિહાર કરી અપૂર્વ કર્મનિર્જરા સાધી હતી.

વૈશાખ સુદ-૪ : રાજા દ્વારા પુત્રજન્મનો મહોત્સવ, પાઠશાળા ગમન તથા ભગવાનની લગ્ન વિધિ : આજે વાસુપૂજ્ય રાજાની રાજસભા ચિક્કાર ભરેલી છે પરંતુ રાજા સાહેબ ચિંતાતુર જણાય છે. એટલામાં તો પ્રિયંવદા દાસી નાચતી કુદતી આવી અને મહારાજાને પુત્રજન્મની વધાઈ આપી. સમાચાર સાંભળી મહારાજા એટલા બધા આનંદિત બન્યા કે-પ્રિયંવદાને મુગુટ છોડી બધા જ અલંકારો આપી ન્યાલ કરી દીધી.

મહારાજાએ મંત્રીશ્વરને આદેશ કર્યો કે- "આજે પુત્રજન્મની ખુશાલીમાં બધા મંદિરોમાં મહોત્સવ કરાવો. બંદિજનોને છોડી મૂકો... દીન-ગરીબોને મીઠાઈ જમાડો..." પછી ૧૨મા દિવસે અનેક સગા-સંબંધી-સ્વજનોના હર્ષોલ્લાસ વચ્ચે ફઈબાએ રાજ્ય જ્યોતિષીને પૂછી ભગવાનનું નામ વાસુપૂજ્ય રાખ્યું. સભામાં જય જય નાદના નારા ગુંજ્યા.

કુમાર વાસુપૂજ્ય આઠ વર્ષના થયા ત્યારે મોહવશ માતાપિતા તેમને પાઠશાળાએ ભણવા લઈ જાય છે. જો કે નિશાળ ગણણું ફક્ત મહાવીર પ્રભુના જીવનનો પ્રસંગ છે, છતાં પણ અંજનવિધિ બધા જ બિંબોની થતી હોવાથી તેમાં મહાવીર ભગવાનનાં બિંબની પણ વિધિ આવે તેથી આ પ્રસંગને સ્ટેજ પર ઠાઠથી ઉજવવામાં આવ્યો. ભગવાન જન્મથી ત્રણ જ્ઞાનના ધણી છે, છતાં વિવેકી અને વિનયી પ્રભુ માતા-પિતાની ખુશીથી પણ ભણવા ચાલ્યા. ત્યારે ઈન્દ્રે બ્રાહ્મણરૂપે આવી પ્રભુને પંડિતના આસન પર બેસાડી દઈ પંડિતના મનના સંશયો પૂછ્યા પ્રભુએ સુંદર સમાધાન આપ્યા. આમ ઈન્દ્રે ભગવાનનો અને ભગવાનના અગાધજ્ઞાનનો પરિચય કરાવ્યો. પંડિતે ક્ષમા માગી કે પરમેશ્વરના અવતારને હું ભણાવનારો કોણ ? સભા પણ ખૂબ જ પ્રભાવિત બની.

હવે, યુવાન બનેલા વાસુપૂજ્યકુમારને માતા-પિતાએ પરણાવવાનું વિચાર્યું અને ભગવાનના લગ્ન મંડાયા. યદ્યપિ જન્મથી જ્ઞાનગર્ભિત વૈરાગી વાસુપૂજ્યકુમાર સમજે છે કે **'परिग्रहो हि दारादेः महत्भवनिबंधनम्'** અર્થાત્ સ્ત્રીનું પાણિગ્રહણ એ સંસાર વધારનારું છે. છતાં પણ માતાપિતાએ પરાણે લગ્ન કરાવ્યા. ભગવાનને

પણ ભોગાવલી કર્મોને તોડવા પરાણે લગ્ન કરવા પડ્યા. લગ્નના પ્રસંગે મામા-મામી ભારે ઉલ્લાસથી કિંમતી દાગીના, વસ્ત્રો, મીઠાઈના થાળા લાવ્યા અને પોતાના ભાણેજ વાસુપૂજ્યકુમારનું મામેરું આનંદથી કર્યું. લગ્ન તથા મામેરાનો કાર્યક્રમ આલ્હાદક અને દર્શનીય થયો.

યુવાન પુત્ર વાસુપૂજ્યની યોગ્યતા અને પ્રજાવત્સલતા જોઈને રાજા વાસુપૂજ્યે તેમનો રાજ્યાભિષેક કરવાનો વિચાર કર્યો. પ્રજાજનોને તથા મંત્રીમંડળને પૂછી શુભ મુહૂર્તમાં રાજ્યાભિષેક મહોત્સવ ઉજવાયો. બહેને પોતાના લાડલા ભાઈને રાજ્યતિલક કર્યું. હવે વાસુપૂજ્યકુમાર રાજા બન્યા. તેઓ ન્યાય-નીતિથી પ્રજાનું પાલન કરે છે અને પ્રજામાં કોઈ દીન-દુઃખી ન રહે તેની વિશેષ કાળજી કરે છે.

રાજ્ય પાલન કરતાં વર્ષો વીત્યા અને વાસુપૂજ્ય ભગવાનનો દીક્ષાકાળ નજીક જાણી લોકાંતિક દેવોએ આવી પ્રભુને વિનંતી કરી - 'સ્વામી ! હિત-શ્રેયસ્ અને કલ્યાણકર ધર્મતીર્થ પ્રવર્તાવો.' ભગવાને વરસીદાન આપી જગતનું દારિદ્ર ફેડ્યું અને પછી ચારિત્ર લેવા માટે ઉદ્યત થયા.

વૈશાખ સુદ-૫. ભગવાનના વરસીદાનની ભવ્ય વરઘોડાની સાથે મુમુક્ષુ તિલોકચંદજીનો વરસીદાનનો ભવ્ય વરઘોડો : સવારે વરઘોડો શરૂ થયો. આ વરઘોડાની વિશેષતા એ હતી કે - વરઘોડામાં સૌથી આગળ ગજરાજ, અશ્વસ્વારો, ઈન્દ્રધ્વજા, મદ્રાસના સુપ્રસિદ્ધ બેન્ડો, મદ્રાસના અલગ અલગ જૈન મંડળોના બાલક-બાલિકાઓની શણગારયુક્ત ૧૦ ગાડીઓની લમ્બી કતાર, ભગવાન મહાવીરદેવના જીવનચરિત્રના ચિત્રો દર્શાવતી બે વિશાળ ગાડી, ભગવાનના માતા-પિતા, ઈન્દ્ર-ઈન્દ્રાણી, મામા-મામી આદિ સમસ્ત પરિવાર ભગવાનને લઈને સજી-ધજીને ગાડીમાં બેસેલા, વિશાળ સંખ્યામાં ચતુર્વિધ શ્રી સંઘ, ચાંદીના બે વિશાળ રથ અને અંતરમાં દીક્ષાર્થીની વરસીદાનની ભવ્ય ગાડી આદિ અનેક વિશેષતાઓથી ભરેલો વરઘોડો ૮-૩૦ વાગે શરૂ થયો તે વિશાળ માર્ગો પર ફરી ૧૦-૩૦ વાગે ચંપાનગરીમાં ઊતર્યો.

ચંપાનગરીમાં આજે એટલી જનતા ઊમટી પડી હતી કે ચંપાનગરીનો વિશાળ મંડપ પણ નાનો પડી ગયો હતો. પૂજ્યશ્રીના મંગલાચરણ પછી ભગવાનની દીક્ષાનો કાર્યક્રમ શરૂ થયો. ઋષભ બાલિકા મંડળની બાલિકાઓએ ભગવાન દીક્ષા લેવા નીકળ્યા તે પ્રસંગનું કરુણવિલાપ ગીત ગાયું. ભગવાનના માતા-પિતાજીએ પોતાના લાડકડા પુત્રને દીક્ષાની અનુમતિ આપવાની સાથે સાથ અંતિમ શુભાશિષ મનોહર અને વેધક શબ્દો આપતાં રડી પડ્યાં.

ભગવાનની કુલમહત્તરા રમિલાબેન મોહનલાલજીએ લગાતાર ૨૦-૨૫ મિનિટ સુધી કરુણ તથા વિલાપયુક્ત શબ્દોમાં ભગવાનને શુભાશિષ આપવા સાથે સાથે મોહની સામે વિજયી બનવાની તથા સંયમના સરળ માર્ગે ચાલીને કેવળજ્ઞાન પામવાની પ્રેરણા આપી. આ સાંભળીને પ્રાયઃ બધી જ સભાની આંખમાં આંસુ આવી ગયા. પછી પૂજ્યશ્રીએ કેશલોચવિધિની સાથે સર્વવિરતિ સામાયિક ઉચ્ચારણની વિધિ કરાવી. પૂજ્યશ્રીએ સમજાવ્યું કે "ભગવાન 'ભંતે' શબ્દ બોલતા નથી કારણ કે તેઓ સ્વયં તીર્થના સ્થાપક છે... આદિ..."

આજે આ જ વિશાળ સભામાં વિશાળ ઉપાશ્રય અને સુંદર જિનમંદિરના નિર્માણ કરવાવાળા અને અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવવાવાળા શ્રીમાન માંગીલાલજી પૂનમચંદજી કટારિયા જે ગામના નિવાસી છે તે રુણ (રાજસ્થાન)ના શ્રી સંઘે તેઓનું તથા સમસ્ત કટારિયા પરિવારનું સન્માન કર્યું. કટારિયા પરિવારે પણ પૂજ્યશ્રી આદિને કામળી ઓઢાડી જ્ઞાનપૂજન કર્યું.

આજે રાત્રિમાં પૂજ્ય ગચ્છાધિપતિશ્રી તથા પૂ.આ. સિદ્ધાંતદિવાકર શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબે અધિવાસના તથા અંજનશલાકા વિધિ કરી.

વૈશાખ સુદ-૬ : આજે સવારે ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકની જોરદાર ઉજવણી થઈ. ચતુર્વિધ શ્રી સંઘની સામે સમવસરણમાં બેસીને પૂજ્યશ્રીએ દેશના આપી કે-

चत्तारि परमंगाणि, दुल्लहाणीह, जंतुणो ।
माणुसत्तं सुई सुद्धा, संजमम्मिय विरियं ॥

શ્રી ઉત્તરાધ્યયન શાસ્ત્રની આ ગાથા પર ચાર અંગોની દુર્લભતાના વિષયમાં સુંદર દેશના આપી. પછી નિર્વાણ કલ્યાણકના ૧૦૮ અભિષેક થયા. સોનામાં સુગંધની જેમ આજના આ મહોત્સવની સાથે સાથે નાણસમક્ષ દીક્ષાવિધિનો પ્રારંભ થયો. પૂજ્યશ્રીએ રજોહરણ અર્પણ કર્યું કે મુમુક્ષુ ત્રિલોકચંદજી ત્રણ જગતનું સામ્રાજ્ય મળ્યું હોય તેમ મન મૂકીને નાણસમક્ષ ગોળગોળ ફરીને નાચ્યા. આ વખતે સભામાંથી દીક્ષાર્થી અમર રહો...નો નાદ ગાજી ઉઠ્યો. દીક્ષાર્થીના ઉપકરણોની બોલીની ઉછામણી પણ ખૂબ જ સારી બોલાઈ હતી.

મનુષ્યજન્મમાં સંયમપ્રાપ્તિની મહત્તા ઉપર પૂ. મુનિરાજશ્રી નંદીભૂષણ વિ.મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદર વિ.મ.ના પ્રસંગોચિત જોરદાર પ્રવચનો થયા. ૮-૩૭ વાગે લોચવિધિ થઈ. નામકરણવિધિ પૂજ્યશ્રીએ કરી.

મુમુક્ષુનું નામ : ત્રિલોકચંદજી
ગુરુનું નામ : પૂ. મુનિરાજશ્રી જયતિલક વિ.મ.
નૂતન મુનિનું નામ : પૂ. મુનિરાજશ્રી ત્રિભુવનતિલકવિજયજી.

પ્રતિષ્ઠાનું મંગળ મુહૂર્ત આવ્યું. પૂજ્યશ્રી શ્રી જિનમંદિરમાં વાજતે પધાર્યા. ત્યાં અપાર ભીડ જામી હતી કે પ્રવેશવાની જગા પણ ન હતી. મંદિરજી, નીચેના વ્યાખ્યાન હોલ, બહારના બંને રસ્તાઓ, ચિક્કાર માનવમેદનીથી ઊભરાયા હતા. ૐ પુણ્યાઽહં ૐપુણ્યાઽહંનો નાદ તથા 'ૐ શ્રી શ્રમણ સંઘસ્ય શાન્તિર્ભવતુ' આદિના સામુહિક મધુર ધ્વનિથી આખું વાતાવરણ ઉલ્લસિત બની ગયું. બધા પોતાના હૃદય મંદિરમાં ભગવાનને સ્થાપિત કરવા માટે લાલાયિત બની ગયા. બરાબર ૧૦ વાગીને ૭ મિનિટ થઈ કે શુભમુહૂર્તમાં ભગવાનને ગાદીનશીન-પ્રતિષ્ઠા કરવામાં આવી. ભગવાન ગાદી પર સ્થાપિત થયા કે તરત જ બેન્ડ, ડંકા, થાળી, ઘંટ, ચોઘડીયા આદિના મંગળનાદોથી વાતાવરણ ગાંજી ઉઠ્યું. બધા આનંદ અને ઉલ્લાસથી નાચવા લાગ્યા. શિખર પર ધ્વજા લહેરાવા લાગી. આખું વાતાવરણ પુલકિત બની ગયું.

પ્રતિષ્ઠા પછી પૂજ્યશ્રી સાથે ચતુર્વિધ શ્રી સંઘે ચૈત્યવંદન કર્યું, પ્રતિષ્ઠાવિધિ મુજબ શ્રી માંગીલાલજી આદિ પરિવારે પૂજ્યશ્રીનું સોનાની ગીની મૂકી ગુરુપૂજન કર્યું. સાથે સાથે ગૃહસ્થગુરુ વિધિકારક શ્રી નવીનભાઈનું પણ સોનાની કંઠી પહેરાવી સન્માન કર્યું. વિજય મુહૂર્તમાં શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ઘણાં ઠાઠથી ભણાવાયું.

વૈશાખ સુદ-૭. દ્વારોદ્ઘાટન... આજે સવારે પૂજ્યશ્રીની સાથે ચતુર્વિધ સંઘ શ્રીમાન માંગીલાલજીના ઘરે જઈ ભગવાનના દર્શન કરાવવાની વિનંતી કરી. શ્રી સંઘ સમેત બેન્ડબાજા સહિત શ્રી માંગીલાલજીએ ઘણાં જ ઉલ્લાસથી મંદિરમાં આવી દ્વારોદ્ઘાટન કર્યું... મંદિર જયનાદોથી ગાજી ઉઠ્યું. બધાએ પૂજ્યશ્રી સાથે ચૈત્યવંદન કર્યું. પછી નીચેના ઉપાશ્રયના હોલમાં પૂજ્યશ્રીએ રોચક પ્રવચન કર્યું. જેથી જીવનમાં પ્રતિષ્ઠા કર્યાના મહાન સુકૃતની વારંવાર અનુમોદના કરવાનું પૂજ્યશ્રીએ ફરમાવ્યું. સભામાંથી અનેકોએ દર્શન તથા પૂજાના નિયમ કર્યા.

મહોત્સવને ઉજ્જવળ બનાવ્યો : પ.પૂ. ગણિવર્યશ્રી પદ્મસેનવિજયજી મ. સાહેબે દિવસ રાત મહેનત કરી અંજનશલાકા-પ્રતિષ્ઠાના કાર્યક્રમોનું સંપૂર્ણ આયોજન કર્યું. વિદ્વાન મુનિરાજ પ.પૂ. જયસુંદરવિજયજી મ. સાહેબે અંજનશલાકામાં માતા, પિતા, ઈન્દ્ર, કુલમહત્તરા આદિને બોલવા માટેના મનોહર અને શાસ્ત્રીય સંવાદ લખી આપ્યા. પ.પૂ. મુનિરાજશ્રી વરબોધિ વિ.મ. સાહેબે અનેકોને પ્રેરણા કરી

જિનબિંબ ભરાવવા ઉદ્યત કર્યા. પ.પૂ. મુનિરાજશ્રી કુલબોધિ વિ.મ. સાહેબે શિલ્પીઓ પાસે સુચારુ લેખ લખાવ્યા.

વિધિકાર શ્રીમાન નવીનચંદ્ર બાબુલાલે (જામનગરવાળા) પોતાના સુમધુર કંઠથી શુદ્ધ વિધિ-વિધાન કરાવ્યા. નવીનભાઈના શુદ્ધ વિધિ-વિધાનથી તથા શીતળ-શાંત અને મધુર સ્વભાવથી મંદિર પ્રતિષ્ઠાકારક શ્રીમાન માંગીલાલજી કટારિયા આદિ પરિવાર ખૂબ જ પ્રભાવિત બન્યો હતો. મદ્રાસ શ્રી સંઘને પણ શાસ્ત્રીય વિધિ-વિધાન જોવાનો લાભ મળ્યો હતો. નમસ્કાર મહામંત્ર આરાધક શ્રી લલિતભાઈ એમ. શાહે પોતાની સુંદર શૈલીમાં અંજનશલાકાની સંપૂર્ણ રનિંગ કોમેન્ટ્રી આપીને શ્રોતાઓને કલ્યાણક ઉજવણીના પ્રસંગોથી માહિતગાર કર્યા હતા. બેંગ્લોરના કુમારી **ચંદ્રકાન્તાબેને** (B.Sc.) **બનાવેલા અંજનશલાકાના વિવિધ પ્રસંગોના ગીતોથી પ્રસંગો બહુ જ દીપી ઉઠ્યા હતાં.** શ્રી વર્ધમાન તત્ત્વજ્ઞાન કેન્દ્ર તથા શ્રી ઋષભ બાલિકા મંડળની કન્યાઓએ વિવિધ પ્રસંગોના ભાવવાહી રાગમાં ગીતો લલકારી જનતાને ભક્તિમાં ભીંજવી હતી તથા આ બંને મંડળોના બાળકો-બાલિકાઓએ પદ્મ દીકકુમારી, ૬૪ ઈન્દ્રો, તથા સ્ટેજના બધા જ કાર્યક્રમો અને ગીત-નૃત્યના સંપૂર્ણ પ્રોગ્રામોને સફળતા પૂર્વક પાર પાડ્યા હતા.

પાઠશાળાના સર સંચાલક શ્રી અનોપચંદજી કોચર તથા શ્રી રિખવચંદજીએ દિવસરાત એક કરીને સંપૂર્ણ સહયોગ આપી બધા જ કાર્યક્રમોને સારી રીતે સફળ બનાવ્યા. પાઠશાળાના ટીચર ભરતભાઈ શાહનો સહયોગ પણ પ્રશંસનીય રહ્યો.

શાસન પ્રભાવિકા પ.પૂ. સાધ્વીશ્રી વિનિતાશ્રીજી મ.સા. તથા અનંતકીર્તિશ્રીજી મ. સાહેબે પોતાના વિશાળ પરિવાર સાથે મહોત્સવના પ્રસંગોમાં પધારી અનેરી શાસનશોભા વધારી. શ્રી વાસુપૂજ્ય જૈન યુવક મંડળ, મૈલાપુર, શ્રી ચંદ્રપ્રભ જૈન મંડળ, આરાધના યુથ એસોસિએશનના કાર્યકર્તાઓએ સ્ટેજ વ્યવસ્થા, ભોજન વ્યવસ્થા, મહેમાનોની સેવા-ભક્તિ કરવા દ્વાર પૂરા મહોત્સવની શાન વધારી હતી. આમ પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં મદ્રાસ ખાતે અંજનશલાકા-પ્રતિષ્ઠા દ્વારા અજોડ શાસનપ્રભાવના થવા પામી હતી.

પૂજ્યશ્રી હાલ મદ્રાસથી કોઈમ્બતુર તરફના વિહારમાં છે. કોઈમ્બતુર ચાતુર્માસ પ્રવેશ ૧ લી જુલાઈના રોજ વિચાર્યો છે. પત્રવ્યવહાર.

Shri Rajasthan Jain Swetamber Murtipujak Sangh
24/208, Rangai Gowdr Street, COIMBATTUR. Pin. 641001.

કોઈમ્બતુર નગરમાં શાસન જયજયકાર

અત્રે ૧૦૮ વર્ધમાન તપોનિધિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના ત્યાગ-વૈરાગ્ય નીતરતા ઉપદેશથી શ્રી સંઘમાં આનંદોલ્લાસની છોળો ઉછળવા માંડી અને ચોમેર તપ-ત્યાગનું વાતાવરણ છવાઈ ગયું.

શ્રી સંઘમાં ધર્મચક્રતપ, મોક્ષદંડતપ, સમવસરણતપ, ભદ્રતપ, સિંહાસનતપ, ખીરસમુદ્રતપ, માસક્ષમણ ઈત્યાદિ અનેક તપશ્ચર્યા ચાલી રહી છે. સાંકળી અઠ્ઠમ રોજ બે અને અઠ્ઠાઈતપની સીરીયલ ચાલી રહી છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના સામુહિક અઠ્ઠમ ૨૧૦ થયા. શ્રી નેમિનાથ ભગવાનના છઠ્ઠની આરાધના પણ થઈ. રવિવારીય શિબિર અને સામુદાયિક એકાશનાપૂર્વક વિવિધ અનુષ્ઠાનની આરાધનાઓ ચઢતા ઉલ્લાસથી ચાલી રહી છે. શ્રાવણ સુદ-૧૪ રવિવારના દિવસે સામુહિક ૨૦ સ્થાનક તપની આરાધના શાનદાર થઈ. પૂજ્યશ્રી સહિત સકળ શ્રી સંઘે વીશસ્થાનકના ૨૦ ચૈત્યવંદન કર્યા અને સ્તવનના સ્થાને ૨૦ સ્થાનક પૂજાની ઢાળો ગાઈ. ૨॥ કલાક સુધી ૨૦ સ્થાનકની આરાધના ચાલી. આરાધકોને ૫૦૦ ગ્રામ મીઠાઈની પ્રભાવના કરવામાં આવી હતી.

પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી હરિઘોષવિજયજી મ. સા. એ ત્રણ વર્ષમાં ૨૦ સ્થાનકતપ પૂર્ણ કર્યો. મોટી ઉંમરમાં ચારિત્ર લઈ ૭ વર્ષમાં વીશસ્થાનકની સંપૂર્ણ આરાધના સહિત ૧૦૮ અઠ્ઠમ, ૧૩ અઠ્ઠાઈ તથા વર્ધમાનતપની ૫૧ ઓળીની આરાધના કરી છે. તપના અનુમોદનાર્થે એમના સંસારી પરિવાર તરફથી સંઘપૂજન અને પ્રભુજીને ભવ્ય અંગરચના રાખવામાં આવી હતી.

પૂજ્ય મુનિરાજશ્રી યશોવિજયજી મ. સા. એ ૩૧ ઉપવાસની આરાધના અપ્રમત્તપણે જ્ઞાન-ધ્યાન-શાસ્ત્રલેખન સાથે નિર્વિઘ્ને પૂર્ણ કરી. નાની ઉંમરમાં ચારિત્ર લઈ તીવ્ર ક્ષયોપશમ, ભણવાની અનેરી લગન તથા ગુરુકૃપાના બળથી સ્વપર અનેક ગહન દર્શન શાસ્ત્રો આદિનો તલસ્પર્શી અભ્યાસ કર્યો-કરાવ્યો. એમની તપશ્ચર્યાની પૂર્ણાહુતિ નિમિત્તે એમના સંસારી દાદા વેરાવલ નિવાસી શ્રી લીલાધરભાઈ કપૂરચંદ તરફથી પ્રભુજીને ભવ્ય અંગરચના, સંઘપૂજન, ગુરુપૂજન, પ્રતિક્રમણમાં પ્રભાવના, બહેનોની સાંજીમાં મોટા-મોટા લાડવાની પ્રભાવનાદિ થયું.

બંને મુનિરાજોની તપની અનુમોદના નિમિત્તે શ્રી સંઘમાં શત્રુંજય ૯૯ અભિષેકની પૂજા રાખી હતી. એનો લાભ વિમલ ટ્રેડર્સવાળાએ લીધો, પૂજામાં

શ્રીફળની પ્રભાવના થઈ. શ્રી સંઘ નિમંત્રણ પત્રિકામાં જયજિનેન્દ્રનો ચઢાવો રાજસ્થાન ગ્લાસ હાઉસવાળાએ લીધો. તપસ્વીઓના તપની અનુમોદના નિમિત્તે સ્થાનિક ભક્તિ મહિલામંડળો તરફથી ૩ દિવસ સાંજી રાખવામાં આવી હતી.

બંને તપસ્વીઓને પારણા કરાવવાનો લાભ શ્રી પન્નાલાલજી કરબાવાલા (સાદડી નિવાસી) મેસર્સ મયુર ઈલેકટ્રીકલ્સવાળાએ લીધો હતો. ભાદરવા વદ-૧ મંગળવાર દિ. ૭-૮-૯૦ના સવારે પૂજ્યશ્રી બે બેન્ડ અને ચતુર્વિધ સંઘ સાથે એમના નિવાસસ્થાને પધાર્યા. માંગલિક પ્રવચન-ગુરુપૂજન-સંઘપૂજન તથા શ્રી સંઘને નવકારશી (નાસ્તો) રાખવામાં આવ્યો હતો.

શ્રી સંઘના મંત્રી મહોદય શ્રી તારાચંદજીની ધર્મપત્ની સૌ. કમલાબાઈના માસક્ષમણની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ નિમિત્તે પૂજ્યશ્રી એમના ઘેર સકલ શ્રી સંઘની સાથે વાજતે ગાજતે પધાર્યા. ત્યાં ગુરુપૂજન-સંઘપૂજન તથા શ્રી સંઘની નવકારશી (નાસ્તો) રાખવામાં આવ્યો હતો. બપોરે પૂજા-ભાવના-આંગી આદિ કાર્યક્રમ ખૂબ જ ઠાઠથી થયો.

પૂજ્યશ્રીના વંદન માટે મદ્રાસથી પધારેલા ઉદારદીલ શ્રી હસ્તીમલજી બેંગાણી આદિ તરફથી ૨-૨ રૂપિયાનું તથા કોલ્હાપુર નિવાસી પૂનમચંદજી ગાંધી એવં બંગારપેઠથી પધારેલા શ્રાવકો તરફથી ત્રણ સંઘપૂજન થયા.

અહીં પ્રતિદિન સવારે ૬ થી ૬-૩૦ સુધી પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા.ના ચોવીસ સ્તવનો પર વાંચના ચાલી રહી છે. પૂજ્યશ્રી પોતાની લાક્ષણિક અને દાર્શનિક શૈલીથી પ્રવચનનો મર્મ સ્તવનના માધ્યમથી સમજાવે છે. ૮.૪૫ થી ૧૦ સુધી વ્યાખ્યાનમાં શ્રી શ્રાદ્ધદિનકૃત્ય અને સમરાદિત્ય કેવલી ચરિત્ર પર પૂજ્યશ્રી ભાવવાહી માર્મિક વિવેચન કરે છે.

પૂજ્ય સાધ્વી શ્રી અનંતકીર્તિશ્રી મ. સાહેબ બહેનોને દરરોજ બપોરે ૨ થી ૩ ધર્મરત્ન પ્રકરણ અને પુષ્પાવતી રાસ ગ્રંથ પર વ્યાખ્યાન સંભળાવે છે. રાત્રે માત્ર પુરુષો માટે પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદર વિ. મહારાજ ૮.૩૦થી ૯.૩૦ વ્યાખ્યાન ફરમાવે છે. જેનો લાભ અનેક ભાવિકો લઈ રહ્યા છે.

આ પ્રમાણે કોઈમ્બતુર નગરમાં જ્ઞાન-ધ્યાન-તપ-ત્યાગની ગંગાધારા વહી રહી છે.

રાજકોટમાં અજબ ગજબનું થયું !

અત્રે પૂજ્યશ્રી મુનિરાજશ્રી હેમરત્નવિજયજી ગણિ મ. નું પરાક્રમ વર્ણવવા તો કોઈ શબ્દો છે જ નહિ. ક્ષમાપનાના પ્રવચનનો પડઘો જોરદાર પડ્યો. ચારેય ફીરકાની આગળ પૂ.શ્રી ગેરકાયદેસર ચાલતા કતલખાના વિશે બોલતાં સહુને આંચકો જબ્બર લાગ્યો. બીજા દિવસની સવારથી જ છાપાઓમાં સમાચાર આવતાં ઉપાશ્રયમાં જાતજાતના માણસો પૂજ્યશ્રી પાસે આવવા લાગ્યા.

ખુદ મ્યુ. કમિશનર પણ આવી ગયા. જેમ જેમ દિવસો દિવસો નજીક આવતા ગયા તેમ તેમ વાતાવરણમાં ખૂબ ગરમી આવવા માંડી. 'બધાય બોલે પણ વર્ષોથી આવું જ ચાલતું આવ્યું છે.' વિરાટ રેલી-મોરચો, "કતલખાના બંધ કરો"ની શરણાઈઓ જ ચારે બાજુ ગુંજી રહી હતી.

રવિવારે સવારે શિબિર. એક ખાટકીએ પોતાનો સંપૂર્ણ ધંધો છોડ્યો. સંઘે તેનું બહુમાન કરતા સહુની આંખે હર્ષાશ્રુ ઊભરાયા. કેવુંક જિનશાસન ! કેવાક એના આચાર કેવા એના વિચાર !!!

જાતજાતના બોર્ડો દરેક ધર્મના અનુયાયીઓ અહિંસાને જ માને છે. તેને જણાવી રહ્યા હતા. બપોરે ૨॥ વાગતા તો જગન્નાથ હોલ ચિક્કાર ભરાઈ ગયો. દરેકના હૃદયમાં અબોલ જીવોની દયા તો પડી જ હોય, જવાબદારી શિરે સ્વીકારનાર આગેવાનની સહુને જરૂર હતી. અપૂર્વ સાહસિકતા નિડરતા પૂજ્યશ્રીએ બતાવી. રાજકોટની પ્રજાને ખમીરવંતો સંત મળ્યો. "ગુરુજી ! આગે બઢો ! હમ તુમારે સાથ હૈ"ના નારા યુવાનોએ લગાવ્યા. પ્રવચનમાં તાળીઓના ગડગડાટથી સભા વધાવતી હતી. પૂજ્યશ્રી ના જ પાડતા, "હું તાળીને યોગ્ય નથી. ગુરુકૃપાથી વિજય લઈને પાછો આવું ત્યારે જ - એક પથ્થર પણ જોડે રાખજો અને વિજય ન મળે તો આ સાધુના માથા સાથે અફળાવજો મેં તો કશું જ કર્યું નથી."

પરમકૃપાળુ પરમાત્માએ પ્રાણ પૂર્યા અને અબોલ જીવોની આંતરડી ઠારવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. દરેક મંડળોએ દરેક સંઘોએ, મુસલમાન ભાઈઓ પણ હાજર હતા. તેમને પણ હમદર્દીથી ટેકો આપ્યો. એમની આજીવિકાનો પ્રશ્ન હલ કરવા સહુએ બનતું કરી છૂટવાના વચનો આપ્યા. પ્રાસંગિક પ્રવચન બાદ ભવ્ય મૌન રેલી ચાર-ચારની લાઈનમાં ખૂબ જ શિસ્તથી પંદરેક હજાર માણસો ચાલી રહ્યા હતા. કોઈપણ સંયોગોમાં હવે નમતું નહિ આપવાની તૈયારી હતી. કાં તો

વિજયયાત્રા ! કાં તો સ્મશાનયાત્રા !

ઉપવાસ ઉપર ઉતરવા પણ અનેકની તૈયારી હતી ! ધારી સફળતા ન મળે તો ઉપાશ્રયે પાછો નહિ ફરવાનો ભીષ્મ સંકલ્પ કરી તંબુ પણ સાથે લીધો જેથી ત્યાં જ રહેવાનો દૃઢ નિશ્ચય કરનારા પણ તૈયાર જ હતા.

મ્યુ. કમિશનરની ઑફિસે વિશાળ મંડપમાં મેદનીનો કોઈ પાર નહિ. સત્તાધીશોએ કહ્યું અમારું આંગણું સંત-મહંતોથી પાવન થયું. કામળી ઓઢાડવાની વિધિ કરી. પણ ચારે બાજુથી ''નહિ નહિ''ના અવાજો આવવા લાગ્યા. છેવટે આપણું આવેદન પત્ર અપાયું. પૂજ્યશ્રીએ જણાવ્યું કે ''અબોલ જીવોનો નિરપરાધી રોજના ૧૫૦૦ જીવોની થતી ઘોર હિંસા અટકાવવાની આપની જ તાકાત છે. તમારી આજ્ઞા વિના એક પણ પશુ રાજકોટમાં દાખલ પણ થઈ શકે નહિ. કપાય પણ નહિ જ.

આપશ્રીના માતુશ્રીએ પણ કદી માંસનું ભોજન કર્યું નથી તો આપ શા માટે ઉપેક્ષા કરો છો ? કમિશનરશ્રી જવાબ આપો.'' શરૂઆતમાં વાત ગોળ ગોળ ફેરવીને બોલતાં પૂજ્યશ્રી જબ્બર ખુમારીથી પૂરી સાત્ત્વિકતાથી જડબાતોડ જવાબ વાળ્યો. જેથી આખી સભામાં સન્નાટો ફેલાઈ ગયો. કમિશનર સાહેબ પણ ખૂબ મૂંઝાઈ ગયા. કહ્યું, ''હું બનતા પ્રયત્ન કરીશ.'' પૂ.એ તથા બધાએ લેખીત માંગતા પોતાની ઑફિસમાં ગયા. આપણા ભાઈઓ તેમની સાથે ગયા. આટલી પબ્લિક સામે બોલેલા મારા વચનનો તમોને વિશ્વાસ નથી. લેખીત આપવાની રકઝકમાં ૦।।। કલાક વીતી ગયો. નીચે ભગવાનના ભજનો ગાતા પૂજ્યશ્રીએ ''નમો જિણાણં જિઅભયાણ'' આદિ ધૂન મચાવી બાર નવકાર ગણાવ્યા અને હજારોની મેદની એ નવકારમાં લીન બની.

અંતે આઠ દિવસના સતત બલિદાનથી વિજયડંકો જાહેર થયા લેખીત મળ્યું. અને અબીલ ગુલાલ ઊડ્યા. નીકળતાં નીકળતાં પૂજ્યશ્રીએ કમિશનરની સામે ''૪૮ કલાકમાં જો કામ નહિ થાય તો આ પ્રજા હવે મારા હાથમાં નહિ રહે.'' એમ જણાવ્યું. સોમવારની સવારે તો છાપાઓ આ વિજયયાત્રાથી ઝળહળી ઊઠ્યા. લારીઓ ઈંડાની ગઈ. કતલખાનાને તાળા દેવાયા. ગામેગામ પણ આના પડઘા પડ્યા. ત્યાંના કતલખાના બંધ કરાવ્યા. જૂનાગઢમાં મૌન રેલી નીકળી. નજીકમાં સતત સાથ આપનાર ભાઈઓ પણ આ મોરચાથી ડરતા હતા. પૂજ્યશ્રીની અપૂર્વ સાત્ત્વિકતા, નિડરતા, અતુલ વિશ્વાસ સાહસિકતા કામ ઉપાડ્યું અને પાર પાડ્યું. કેટલાક કસાઈઓએ તો શાકભાજીની લારી પણ લીધી છે.

કોઈમ્બતુર નગરમાં વણથંભી અવિરત શાસનપ્રભાવના

વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિ ઠા. ૨૩ ની પૂનિત નિશ્રામાં અહીં શાસનપ્રભાવના સતત અવિરત ચાલી રહી છે. પૂ. પાદશ્રીની ઉપા.શ્રી યશોવિજય મ. શ્રીની ચોવીશીના સ્તવનો પર વાચના તથા પૂ. મુનિરાજશ્રી જયસુંદરવિજય મ. ના પ્રવચનો સુંદર રીતે ચાલે છે.

પૂજ્યોની પ્રેરણાથી શ્રી નવપદજીની તથા વર્ધમાન આયંબીલ ઓળીની આરાધના લગભગ ૧૪૫ આરાધકોએ કરી.

આસો સુદ-૩ ના રોજ પૂ.પાદશ્રી આદિને વંદન હેતુ શ્રી સેલમ જૈન સંઘ તથા બેંગલોરથી શ્રી વિજય લબ્ધિસૂરિ જૈન મંડળ આવેલ. બંને તરફથી વ્યાખ્યાન બાદ સંઘપૂજન-ગુરુપૂજન આદિ બાદ મંડળના સભ્યોએ સુમધુર સ્વરમાં ગુરુગુણ ગીત ગાતાં શ્રી સંઘ ભાવવિભોર બન્યો. બપોરે મંડળે શ્રી નવપદજીની પૂજા ભણાવી અને એમાં પણ ભક્તિનો રંગ સુંદર જમાવ્યો.

એ જ દિને સાંજે પૂ. શાસનપ્રભાવિકા સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી મ. આદિના માર્ગદર્શન-પ્રેરણાથી મહારાજ કુમારપાળની સામૂહિક આરતીનું આયોજન ભવ્ય થયું. કુમારપાળ રાજા બનવાની બોલી અદ્ભુત થઈ. કુમારપાળ રાજા બનવાનું સૌભાગ્ય અત્રેના સંઘ સેક્રેટરી તારાચંદજી જૈનને સાંપડ્યું. સામંત રાજા, નગરશેઠ આદિની સાથે સકળ શ્રી સંઘ સહિત અતિ આડંબરથી કુમારપાળ રાજા તથા મહારાણી શણગારેલી ભવ્ય ગાડીમાં બેસી કોઈમ્બતુરના રાજમાર્ગ પર શાસન પ્રભાવના કરતાં કરતાં દેરાસરજી પધાર્યા. મંદિરનો મોટો રંગમંડપ ચિક્કાર ભરાઈ ગયો હતો. અત્રેના મંડળના યુવકો, બહેનો, શ્રી વિજય લબ્ધિસૂરિ મંડળના સભ્યો આદિના ગીત-સંગીત-નૃત્ય આદિપૂર્વક કુમારપાળ મહારાજની ૧૦૮ દીવાની આરતીના અને સાથે જ ઘેરઘેરથી આવેલા અનેક દીવડાના પ્રકાશથી અને અનેક વાજિંત્રોના સુમધુર નાદથી દેરાસરજીનું વાતાવરણ આનંદ કલ્લોલમય બન્યું. આરતી ઉતાર્યા બાદ કુમારપાળ રાજા એટલું ભાવવિભોર નાચ્યા કે એમની પાછળ ૧૮ સામંત રાજાઓ પણ નાચવા લાગ્યા. આ દેખીને કેટલાયના ભક્તિભાવ હિલોળે ચડ્યા.

આસો વદ-૪ ને સોમવારના રોજ બેંગલોર નિવાસી યુવાન મુમુક્ષુ શ્રી જતીનભાઈ અને એમના ધર્મપત્ની ભારતીબેનનું દીક્ષાનું મુહૂર્ત લેવા એ બંને અને એમના વડીલો-કુટુંબીજનો આવેલા. સાથે જ આ દીક્ષા ગાંધીનગર, બેંગલોરમાં

કરવાની વિનંતી ગાંધીનગર સંઘના પ્રમુખ શ્રી રવિલાલ શાહ તથા સેવાભાવી કાર્યકર કિરીટભાઈએ કરતા પૂજ્યશ્રીએ ફાગણ વદ-૩ રવિવાર તા. ૩-૩-૯૧નું મુહૂર્ત ફરમાવતાં અને દીક્ષા સ્થળ પણ ગાંધીનગર (બેંગલોર) સ્વીકારતાં સભામાં જયજયકાર થયો.

મહા સુદ-૪-૫ તા. ૨૦/૨૧-૧-૯૧ ના રોજ ઈરોડ મુકામે અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગ પણ ઉજવવાનું નક્કી થયું હોવાથી ત્યાંનો શ્રી સંઘ પૂ.ની રાહ જોઈ રહ્યો છે.

પૂ.પાદશ્રી આદિની શુભ નિશ્રામાં મહા સુદ-૧૨ ના રોજ સેલમ મુકામે શ્રી આદિનાથ જૈન મંદિરમાં શ્રી આદિનાથ આદિના જિનબિંબોની ચલપ્રતિષ્ઠા નક્કી થતાં સેલમ શ્રી સંઘ પણ આનંદવિભોર બન્યો છે.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૩૯,અંક-૧૬,તા.૨૯-૧૨-૧૯૯૦

ઈરોડનગરે (તામિલનાડુ) શ્રી નૂતન જિનબિંબ સહ પૂજ્ય આચાર્યદેવેશનો શાનદાર નગરપ્રવેશ

પરમ શાસન પ્રભાવક વર્ધમાન તપોનિધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. એમના વિશાલ સપરિવારની સાથે કોઈમ્બતુર (તામિલનાડુ)નું ઐતિહાસિક ચાતુર્માસ પૂર્ણ કરીને ઈરોડનગર તરફ વિહાર કર્યો.

ઈરોડ નગરે માગશર વદ-૫ ગુરુવાર તા. ૬-૧૨-'૯૦ ના શુભ દિવસે જેમનું અંજન કરવાનું છે તે શ્રી વાસુપૂજ્ય સ્વામિ આદિ જિનબિંબો તથા વિશાલ મુનિગણ સાથે પૂજ્ય આચાર્ય મ.સા.નો ભવ્ય નગરપ્રવેશ થયો.

ઈરોડ શ્રી જૈન સંઘમાં આજે અપૂર્વ ઉત્સાહ અને આનંદ હતો. અનેક વિશેષતાઓની સાથે બરાબર સમયસર ભવ્ય સામૈયાની શરૂઆત થઈ. સ્વાગત યાત્રામાં નૂતન જિનબિંબોને બિરાજમાન કરવા માટે પાંચ ટ્રકો ખૂબ જ સુંદર રીતે શણગારવામાં આવી હતી. પાંચે ગાડીઓનું ડેકોરેશન એવું આકર્ષક હતું કે જોનારા દંગ થઈ જાય. પાંચે ટ્રકોમાં ભવ્ય પ્રતિમાજી બિરાજમાન કરવામાં આવી હતી.

ભવ્ય સ્વાગતયાત્રામાં ઈન્દ્રધ્વજા, અશ્વસવારો, પીળા સાફા બાંધી પંચરંગી ધ્વજા ફરકાવતા સ્કૂટર સવારો, સ્થાનિય ગુરુ ગૌતમ મંડળ બેન્ડ પાર્ટી શ્વેતવસ્ત્ર પરિધાન કરીને બ્યુગલ અને ડ્રમ આદિ સાજની મસ્ત ધૂન સાથે આગળ ચાલી રહ્યા હતા. શ્રી શાંતિસૂરિ યુવક મંડળના યુવાનો ભક્તિવાહીની સાથે ભક્તિ સંગીત

બુલંદ અવાજે ગાઈ રહ્યા હતા તો શ્રી શાંતિસૂરિ મહિલા મંડળની બહેનો ટ્રકમાં સવાર થઈ ભક્તિ ભાવોલ્લાસ સાથે ગીતો ગાતી હતી.

અનેક વિશેષતાની સાથે પ્રભુજીની સ્વાગતયાત્રા નગરના મુખ્ય રસ્તાઓ પરથી પસાર થતી જૈન ભવનના પ્રાંગણે આવી પહોંચી. રસ્તાઓમાં અનેક સ્થળે ગહુંલીઓ થઈ. માર્ગમાં અનેક જગ્યાએ વિવિધ પ્રકારના બેનરો અને કમાનોથી રસ્તાઓ શણગારવામાં આવ્યા હતા. 'જૈનં જયતિ શાસનમ્'ના નારાઓ સાથે પૂજ્યશ્રી જૈન ભવનમાં પધાર્યા ત્યાં માંગલિક પ્રવચન થયું. જેનો સારભૂત અવતરણ અન્યત્ર આપેલ છે.

વ્યાખ્યાન બાદ ૧૨ નવકારના જાપપૂર્વક અહીંયા થનાર અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે થનાર નવકારશી આદિની બોલીની શરૂઆત થઈ. ત્યારબાદ જયજિનેન્દ્ર ફૂલે ચુંદડી ભગવાનના માતાપિતા-ઈન્દ્રઈન્દ્રાણી-નવકારશી-પૂજનો-પૂજા આદિની બોલીઓ રેકોર્ડ થઈ.

આ અવસર પર શ્રી સંઘ દ્વારા એડવોકેટ શ્રી પી. સી. પલની સ્વામીનું બહુમાન કરવામાં આવ્યું. શ્રી પલની સ્વામી એડવોકેટ શ્રી સંઘની વિવિધ રૂપે નિઃસ્વાર્થ સેવા કરે છે. પૂજ્યશ્રીના ઉપદેશથી એડવોકેટ દંપતીએ આજીવન માંસાહારના ત્યાગની પ્રતિજ્ઞા કરી.

પૂજ્યશ્રી મહા સુદ-૬ તા. ૨૨-૧-'૯૧ સુધી અત્રે સ્થિરતા કરશે.

નીચેના સરનામે પત્ર વ્યવહાર કરી શકાશે.

Shri Vasupujya Swami Jain Temple, Jain Temple Road, ERODE-638003 (T.N.)

● **કોઈમ્બતુર (તામિલનાડુ) :** વર્ધમાનતપોનિધિ પૂ. પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિના અત્રેના ચાતુર્માસ દરમ્યાન પૂ. પાદશ્રીએ શ્રાવકના જિનમંદિર નિર્માણ કરવાના કર્તવ્યને વિશદ રીતે સમજાવતા અત્રેના શ્રી રાજસ્થાન જૈન શ્વે. મૂ. પૂજક સંઘે શીખરબંધી જિનપ્રસાદનું શીઘ્ર નિર્માણ કરવાનો નિર્ણય લીધો. તદનુસાર તા. ૬-૧૨-'૯૦ને ગુરુવારના દિવસે પૂ. પાદશ્રીના શિષ્યરત્ન સિદ્ધાંત દિવાકર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. તથા શાસનપ્રભાવિકા સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી આદિ ચતુર્વિધ સંઘની પવિત્ર નિશ્રામાં મંદિરજી માટે ભૂમિપૂજન તથા ખનનની વિધિ ઘણાં જ ઉત્સાહ અને આનંદથી સંપન્ન થઈ.

તામિલનાડુ પ્રાંતમાં આવેલા ઇરોડનગરમાં ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ

ઈરોડ (તામિલનાડુ) નગરે શ્રી જૈનસંઘને અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવવી હતી. કારણકે શ્રી સંઘે લાખો રૂપિયા ખરચીને ભવ્ય-શિખરબંધ જિનમંદિર નિર્માણ કરાવ્યું હતું. દક્ષિણ દેશમાં પરમશાસનપ્રભાવક, ૧૦૮ વર્ધમાન તપોનિધિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ પોતાના વિશાળ પરિવાર સાથે પધાર્યા ત્યારથી અનેકવિધ શાસન-પ્રભાવનાના કાર્યો થતા રહ્યા છે. તેથી ઈરોડ શ્રી જૈનસંઘની ભાવના પણ પૂજ્યશ્રીના હાથે અંજનશલાકા-પ્રતિષ્ઠા થાય તેવી ભાવનાથી પૂજ્યશ્રીને આ માટે વિનંતી કરી. સાથે સાથે મંદિર સંબંધિત માર્ગદર્શન મળે અને અંજનશલાકા-પ્રતિષ્ઠા સુચારુરૂપે થાય તે માટે ચાતુર્માસમાં સાથ આપવાની પણ વિનંતી કરી. પૂજ્યશ્રીએ પોતાના શિષ્યરત્ન **પૂ. ગણિવર્ય શ્રી પદ્મસેનવિજયજી મ. સા.** તથા પૂ. મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મ. સા.ને ચાતુર્માસ માટે ઈરોડ મોકલ્યા. બંને પૂ. મુનિ ભગવંતોના ઉપદેશથી ઈરોડ શ્રી જૈનસંઘમાં આરાધનાનો ઉત્સાહ વધ્યો અને નૂતનજિનમંદિર નિર્માણના કાર્યને વેગ મળ્યો.

અંજનશલાકા-પ્રતિષ્ઠા હેતુ માગશર વદ-પના દિવસે નૂતન શ્રી જિનબિંબોનો તથા પૂજ્યશ્રીનો ઈરોડ નગરમાં ભવ્ય પ્રવેશ થયો. આ જ દિવસે બાબરી મસ્જીદના સ્થાને રામમંદિરનો પાયો નાંખવાનો અયોધ્યામાં કાર્યક્રમ હતો. તેથી સાવચેતીના પગલાં તરીકે સરકારે વરઘોડો આદિ નહીં કાઢવાનો ભારતભરમાં મનાઇ હુકમ ફરમાવેલો છતાં જિનેશ્વર ભગવાનનાં અચિંત્ય પ્રભાવે ઈરોડ શ્રી જૈનસંઘને નૂતન જિનપ્રતિમા તથા પૂજ્યશ્રીના પ્રવેશ માટેના વરઘોડાની પરવાનગી મળી હતી. આ શાસનપ્રભાવક પ્રવેશ એવો માંગલિક બન્યો કે પાછળથી અંજનશલાકા-પ્રતિષ્ઠા સંબંધિત બધા જ કાર્યો નિર્વિઘ્ને તથા ઉત્તરોત્તર વધતા ઉલ્લાસથી પાર પડતા રહ્યા ! આ દિવસે પ્રવેશ પછી પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ૧૦ દિવસ સુધી બંને ટાઇમના નવકારશી જમણ, પૂજનો તથા પત્રિકામાં જયજિનેન્દ્ર આદિના ચઢાવાની બોલીઓ ખૂબ જ વધતા ઉત્સાહથી થઈ.

પોષ વદ-૧૩ થી મહા સુદ-૬ સુધી દશાહ્નિકા શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઈરોડ શ્રી જૈનસંઘે આનંદ-ઉલ્લાસથી મનાવ્યો. બહારગામથી પણ હજારો મહેમાનો પધાર્યા હતા. અંજનશલાકા માટે બહારગામથી આવેલા અનેક જિનબિંબો માટે

વિધિમંડપમાં વિશાળ વેદિકા તૈયાર કરવામાં આવી હતી.

અંજનશલાકા વિધિના પ્રારંભમાં પ્રાણભૂત શ્રી નંદ્યાવર્ત પૂજન હોય છે. મુખ્ય વિધિથી વિધિપૂર્વક નંદ્યાવર્તનું આલેખન કરવાનું હોય છે. એ આલેખન પૂજ્યશ્રીએ સ્વયં ૨-૨॥ કલાક બેસીને કર્યું. આનો પ્રભાવ પછીના સમસ્ત પ્રસંગો પર સુંદર પડ્યો. ચ્યવન કલ્યાણકની ઉજવણીમાં મંત્રોચ્ચારની સાથે માતા-પિતા તથા ઈન્દ્ર-ઈન્દ્રાણીની સ્થાપના થઈ. જ્યારે દૂધભરેલા મોટા નળામાં મંત્રોચ્ચારપૂર્વક ભગવાનને ચ્યવન રૂપે ઉતારવામાં આવ્યા ત્યારે સભામંડપમાં ઉપસ્થિત વિશાળ જનસમુદાયના જય..... જય નાદથી આકાશ ગુંજવા લાગ્યું. મદ્રાસથી આવેલ શ્રી ઋષભ બાલિકા મંડળની નાની બાલિકાઓએ ૧૪ સ્વપ્નોનું દર્શન ભાવભર્યા ગીત-સંગીત સાથે સ્ટેજ પર અદ્ભુત કરાવ્યું હતું. ત્યારે માતાજીની પાછળ રાખેલા વિશાળ સફેદ પડદા પર પણ ૧૪ સ્વપ્નોનાં દૃશ્ય Visionમાં રજૂ થયા હતા. **'રંગને રંગીલા આવે માતાજીને સપનાં.....'** આ ગીતગાનથી ચંપાપુરીનગરી ગાજી ઊઠી. ભગવાનનાં ચ્યવન કલ્યાણક વખતે ઈન્દ્ર મહારાજાનું સિંહાસન કંપાયમાન થયું. ત્યારે તો તેઓ ગુસ્સામાં આવી ગયા કે 'મારું અચલ સિંહાસન ચલાયમાન કોણે કર્યું ? પણ અવધિજ્ઞાનથી વાસુપૂજ્ય સ્વામીનું જયામાતાની કુક્ષીમાં ચ્યવન જાણીને ખુશ થયા, ક્ષમા માગી અને વિનયભાવે શક્રસ્તવ બોલ્યા. જ્યોતિષીએ આવીને જયામાતા દ્વારા જોવાયેલા ૧૪ સ્વપ્નોના વિસ્તારથી ફળ કહ્યા. પ્રથમ દિવસનો આવો અદ્ભુત રોમાંચક કાર્યક્રમ જોઈને ઈરોડ શ્રી જૈન સંઘમાં આનંદ અને ઉમંગની લહેરી દોડવા લાગી !

પછીનો દિવસ ઊગ્યો ભગવાન શ્રી વાસુપૂજ્ય સ્વામીના જન્મની વધામણી લાવવાની સાથે સવારથી જ ક્રિયાવિધિ મંડપ જનસમુદાયથી ખીચોખીચ ભરાઈ ગયો. જ્યારે દૂધથી ભરેલા નળામાંથી ભગવાનને બહાર લેવા દ્વારા જન્મ મહોત્સવ જાહેર થયો ત્યારે 'જય જય બોલો વાસુપૂજ્ય'ના ગગનભેદી જયનાદ ગુંજી ઊઠ્યા. બેન્ડનાદ, ઘંટાનાદ, થાળીના રણકાર આદિથી ભગવાનના જન્મને વધાવવામાં આવ્યો. ભાવવિભોર અને ભક્તિમાં મસ્ત થઈ નાચ-ગાનપૂર્વક બધાએ જન્મની વધાઈ કરી. યુવાનો તો એટલા નાચ્યા કે પાછળથી તેમને રોકવા પડ્યા. પછી ચંપાપુરીના વિશાળ સ્ટેજ પર ૫૬ દિક્કુમારીઓ દ્વારા વિવિધ રાગ-રાગિણીમાં જિનજન્મ મહોત્સવ મનાવાયો. જન્મ થતાં ઈન્દ્રનું સિંહાસન ચલાયમાન થયું. અવધિજ્ઞાનથી જિનજન્મ મહોત્સવ જાણીને ઈન્દ્ર મહારાજે પોતાના સરસેનાધિપતિ હરિણૈગમૈષી દેવ દ્વારા બારમા તીર્થંકર શ્રી વાસુપુજ્ય સ્વામીના જન્મની ઘોષણા કરાવી અને પ્રભુને મેરુપર્વત પર લઈ જઈને જન્માભિષેક મહોત્સવ મનાવ્યો. આ માટે

ચંપાનગરીના એક ભાગમાં વિશાળ, મનોરમ્ય મેરુપર્વતની રચના કરવામાં આવી હતી.

અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવના ત્રીજા દિવસે વસુપૂજ્ય રાજા દ્વારા જન્મ-મહોત્સવ મનાવ્યો તેની ઠાઠથી ઉજવણી થઈ. રાજા વસુપૂજ્ય પોતાનાં સામન્ત રાજાઓ તથા વિશાળ સ્વજન-સભાજન પરિવાર સાથે રાજસભામાં સિંહાસન પર બિરાજમાન છે અને કોઈ સુખદ સમાચારની ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા છે..... ત્યાં જ પ્રિયંવદા નામની દાસી નાચતી-કૂદતી-ગીત ગાતી વસુપૂજ્ય રાજાનો જય જય પોકાર કરતી સભામંડપમાં આવી અને રાજાને પુત્ર જન્મની વધાઈ સંભળાવી. આ વખતે રાજા, પ્રિયંવદા અને સભાજનોનો હર્ષ અપાર હતો, અવર્ણનીય હતો. રાજાએ તેને ભેટ આપીને ન્યાલ કરી દીધી. પછી વસુપૂજ્ય રાજાએ પોતાનું સંપૂર્ણ નગરમાં પુત્રજન્મ મહોત્સવ અનેરા ઠાઠથી ઉજવવાનો આદેશ કર્યો, જેમાં જેલના કેદીઓની મુક્તિ, કરનો ત્યાગ, મફતમાં માલ આપવો..... આદિ આદેશ મુખ્ય હતા.

પ્રભુજીનું નામ પાડવા માટે રાજાની બહેન-પ્રભુજીના ફઈબાએ રાજ્ય જ્યોતિષીની સલાહ લીધી અને પોતાના પ્યારા-લાડલા ભત્રીજાનું નામ વાસુપૂજ્ય રાખ્યું. આ વખતે રાજાએ સગાસંબંધી-સ્વજનો-મિત્રોનું જ્ઞાતીભોજન સમારંભ રાખેલો. આ જમણવાર જ્યાં ચાલતો હતો ત્યાંથી લાડુ, પેંડા, જલેબી, ગુલાબજાંબુ, રસગુલ્લા, ભજીઆ, ચટણી આદિના લોભામણા અવાજ આવી રહ્યા હતા અને થાલી-વાડકા ખખડવાનો કોલાહલ સંભળાઈ રહ્યો હતો. જ્યારે ફઈબાએ વાસુપૂજ્ય નામ જાહેર કર્યું તે વખતે સભામાં જય જય જય જય વાસુપૂજ્યનો નાદ ગુંજી ઊઠ્યો. સભાજનોએ તાલીઓના ગડગડાટ સાથે પ્રભુના નામને વધાવી લીધું હતું.

પછી, ભગવાનને પાઠશાળામાં ભણવા લઈ જવાની વિધિ આવી. જો કે વાસુપૂજ્યકુમાર માટે આવો પ્રસંગ બન્યો ન હતો, તો પણ અંજનશલાકા વિધિમાં મહાવીર ભગવાનનું પણ બિંબ હોય તો તે માટે આ વિધિ થઈ હતી. ભગવાન મહાવીર દેવના માતા-પિતા ભગવાનને પાઠશાળામાં ભણવા માટે લઈ ગયા હતા. સ્ટેજ પર આ કાર્યક્રમ ભવ્ય ઉજવાયો. વસુપૂજ્ય રાજા અન્ય સામન્ત રાજાઓ, નગરશેઠ, મંત્રી, અમલદાર વર્ગ આદિ સાથે વરઘોડો બેન્ડવાજાના નાદ સાથે પાઠશાળામાં આવ્યો. આ તો સરસ્વતીને ભણાવવા જેવું થયું એમ જાણીને ઇન્દ્ર મહારાજા બ્રાહ્મણરૂપે પધાર્યા અને પંડિત રાજાને સામે લેવા જાય એટલામાં ઇંદ્રે પ્રભુને પંડિતજીના આસન પર બેસાડ્યા. પંડિત ચોંકી ઊઠે એટલામાં જ ઇન્દ્રે

પંડિતના મનમાં રહેલી વ્યાકરણશાસ્ત્ર સંબંધિત શંકાઓ પૂછી. ત્રણ જ્ઞાની પ્રભુએ પણ ફટોફટ એનાં સમાધાન કર્યાં. બધા આશ્ચર્યચકિત થયા, ત્યારે ઇન્દ્રે બતાવ્યું કે, "આ ભગવાન તો જન્મથી અગાધ જ્ઞાની છે અને આગળ ઉપર કેવળજ્ઞાની સર્વજ્ઞ પરમેશ્વર બનવાના છે." આ બધું સાંભળી પંડિતે ક્ષમા માંગી. રાજાએ પંડિતને સોનેરી દુપટ્ટો વગેરે વસ્ત્રો-ઘરેણાંની ભેટ આપી તથા વિદ્યાર્થીઓને મીઠાઈ તથા ભણવાના સાધનોની પ્રભાવના આપી.

મહોત્સવના ચોથા દિવસે પ્રભુનો લગ્ન-ઉત્સવ શાનદાર મનાવાયો. શું ભગવાન લગ્ન કરે ? ના. ભગવાનને લગ્ન કરવા પડ્યા હતા. બીજા લોકો મોહનીય કર્મના મીઠા ફળ ભોગવવા માટે લગ્ન કરે છે; જ્યારે ભગવાનને નિકાચિત ભોગાવલિ કર્મોના નાશ માટે લગ્ન કરવા પડે છે. અહીં પ્રશ્ન થાય કે..... આપણે તો પ્રતિમામાં દેવત્વનું સ્થાપન કરી પૂજનીય બનાવવા છે, તેમાં લગ્નવિધિની શી જરૂર ? આનું સમાધાન આપતા પૂજ્યશ્રીએ સમમજાવ્યું કે - પ્રતિમાને હૂબહૂ ભગવાન બનાવવા છે. 'જિનપ્રતિમા જિન સારિખી' આ ન્યાયે ભગવાનના સંપૂર્ણ જીવનની મુખ્ય મુખ્ય ઘટનાઓ પ્રભુપ્રતિમામાં આરોપિત કરવામાં આવે છે. એટલે પ્રભુની લગ્નવિધિ રાજ્યાભિષેક આદિ પણ કરવામાં આવે છે.

લગ્ન-મહોત્સવ વિધિમાં ભગવાનના મામા આદિ રાજાઓ સાથે મામેરાનું ફુલેકું ચડ્યું, પછી પ્રભુના લગ્નનો વરઘોડો ચડ્યો. સ્ટેજ પર લગ્નની ચોરી રચાઈ. વિધિકાર શ્રી નવીનભાઈ વાસુપૂજ્ય સ્વામીની પ્રતિમાજી લઈને ફેરા ફરતા હતા. જ્યારે કળશમાં કન્યાની સ્થાપના કરવામાં આવી હતી. લોકો આશ્ચર્યમુગ્ધ બની લગ્નવિધિ જોઈ રહ્યા હતા. જ્યારે કંસાર જમણનો અવસર આવ્યો ત્યારે વિધિકાર નવીનભાઈએ ગીત ગાઈ બધાને હસાવ્યા.

'લાડો લાડી જમે રે કંસાર, કે બીજા બધા ટળવળે રે
કોળિયે કોળિયે કાપે રે સંસાર, કંસાર કેવો ગળ્યો લાગે રે...

વેવાઈઓ ભેટ્યા, વેવાણો ભેટી પડી. લગ્ન ધામધૂમથી ઉજવાયા.

પછી, યુવાન થયેલા વાસુપૂજ્ય રાજકુમારનો રાજ્યાભિષેક વિધિ થયો. રાજા વસુપૂજ્ય રાજાએ રાજ્યસભામાં જાહેર કર્યું કે - 'વાસુપૂજ્ય કુમાર હોશિયાર છે, પ્રજામાં પ્રિય છે અને હું હવે ધર્મધ્યાનમાં લાગવા ઇચ્છું છું. માટે વાસુપૂજ્ય કુમારને રાજા બનાવવા છે.' આ સાંભળી મંત્રી, સેનાપતિ, નગરશેઠ આદિ બધાએ સહર્ષ સમ્મતિ જાહેર કરી. બહેને ભાઈને રાજ્યતિલક કર્યું. કુમારને રાજ્યસિંહાસન ઉપર આરુઢ કરાયા ત્યારે રાજ્યસભામાં ગીત-ગાન અને નૃત્ય ચાલ્યા.

પછી, નવ લોકાંતિક દેવોએ આવીને 'જય જય નંદા, જય જય ભદ્દા, બુજઝાહિ ભયવં તિલોગનાહા !' ના નાદપૂર્વક 'હે ભગવાન ! જગતના જીવોના કલ્યાણ માટે, હિતકારી એવું ધર્મતીર્થ પ્રવર્તાવો.' એમ કહી પોતાની ફરજ બજાવી. સંસારથી નિઃસંગ એવા ભગવાને પણ તે વિનંતી સ્વીકારી ને ત્યારથી ૧ વર્ષ સુધી વરસીદાન આપ્યું. પછી બીજે દિવસે પ્રોગ્રામ ભગવાનની દીક્ષાનો જબરદસ્ત દોમદમાદાર વરઘોડો નીકળ્યો.

વરસીદાનનો ભવ્ય વરઘોડો

ચારિત્ર-દીક્ષા લેવા ઉદ્યત થયેલા વાસુપૂજ્ય રાજાનો દીક્ષા વરઘોડો ઘણા જ ઠાઠપૂર્વક નીકળ્યો. ઈરોડ નગરના ઇતિહાસમાં જૈનો દ્વારા આટલો મોટો વરઘોડો આ પ્રથમવાર જ હતો. હજારો લોકો આ દીક્ષા વરઘોડામાં હર્ષભેર જોડાયા. સેલમ, કોઇમ્બતૂર, ઊટી, કલીકટ, કોચીન, બેંગલોર, મદ્રાસ, મુંબઈ, અમદાવાદ, તિરુપુર, તિરપાતુર, મૈસુર આદિ અનેક સ્થળોએથી ભાવિકજનો આવ્યા હતા અને દીક્ષા વરઘોડાને શોભાવ્યો હતો. ફાગણ વદ-૩ (તા. ૩-૩-'૯૧)ના શુભદિવસે બેંગલોરમાં દીક્ષા લેવાવાળા ૪ મુમુક્ષુઓ (૧ યુવાન બાળ બ્રહ્મચારી દંપતી તથા બે અમદાવાદના વેપારીઓ) ના વરસીદાનની ગાડી પણ આમાં સાથે જ હતી.

પ્રભુના વરસીદાનના વરઘોડામાં ઇન્દ્રધ્વજા, સજાવેલ ગજરાજ, લાલ સાફા પહેરેલા યુવાનોનું સ્કૂટર દળ, ભિન્ન ભિન્ન મંડળોના સજાવેલા ટ્રકમાં ગીત-ગાન, ઇન્દ્ર-ઇન્દ્રાણી અને માતા-પિતાની સજાવેલી ગાડીઓ, પૂજ્ય આચાર્ય ભગવંત આદિ વિશાળ મુનિવૃંદ સહિત વિશાળ-સાજન મહાજન, ચાંદીના રથમાં ભગવાન આદિના કારણે વરઘોડો ભવ્ય રહ્યો. જૈનેતર લોકોમાં આ વરઘોડાની ખૂબ જ શાસન પ્રભાવના થઈ.

મંડપનું વિશાળ સ્ટેજ આજે વનનો બગીચો બન્યો હતો. જ્યાં આજે ભગવાન દીક્ષા લેવાના હતા. ભગવાનની દીક્ષા માટેની વિદાઈ વેળાએ માતા-પિતા, કુલમહત્તરા આદિએ ભગવાનને દર્દભર્યા શબ્દોમાં શુભાશિષો આપી. કુલમહત્તરા બનેલી કુમારિકા સફેદ સાડીમાં અને અભિનયમાં આબાદ બુઢ્ઢી દેખાતી હતી.

રાજ્યાભિષેકનું તિલક કરવાવાળી બહેને પોતાનાં પ્યારા ભાઈ માટે ગાયું કે -

'ભૈયા રે ! વિરહની આ વાતડી કોને રે કહી જાય !
અંતર ને આંખોથી આંસુ ઉભરાય.....
કહી ન જાય..... સહી ન જાય..... ભૈયા રે.....'

પછી બહેને કહ્યું - 'મારા લાડિલા ભાઈ ! તું ચારિત્ર લેવા જઈ રહ્યો છે, એટલે તું તારું કલ્યાણ કરવા જઈ રહ્યો છે. પણ અમારાથી તારો વિરહ શી રીતે સહન થશે ? હવે અમે કોની સાથે બોલશું ? કોની સાથે પ્રેમથી જમીશું ? છતાં જાઓ ભાઈ જાઓ ! પછી મને પણ ચારિત્ર આપીને આ સંસારથી ઉગારજો.'

પિતાજીએ શુભાશિષ આપતાં કહ્યું કે - 'પુત્ર ! અમે તો વિચાર્યું હતું કે તું રાજ્ય સંભાળીશ તો અમે ધર્મધ્યાનમાં લાગ્યા રહીશું, પણ તું તો ચારિત્રના માર્ગ ઉપર જઈ રહ્યો છે ! તારો તો અમને મોટો સહારો હતો ! તારો વિરહ અમે શી રીતે સહન કરીશું ? તો પણ જા પુત્ર જા..... તારો માર્ગ નિષ્કંટક બનો !'

શુભાશિષ આપતાં જનેતા જયામાતાએ કહ્યું કે - 'વત્સ વાસુપૂજ્ય ! તને સંયમના કઠોર પંથે જતાં રજા આપવામાં અમારું મન કાયર બની જાય છે. અમારી આંખમાંથી આંસુ ઉભરાય છે. પુત્ર ! તું રાજવૈભવની જાહોજલાલીથી ટેવાયેલો છે અને સુખસાહ્યબીમાં ઉછર્યો છે. જંગલના કાંટા-કાંકરા તું શી રીતે સહન કરી શકીશ ? તારાથી ગરમી-ઠંડી, ભૂખ-પ્યાસ કેવી રીતે સહન થશે ? બેટા ! તારે અમારી સામે પણ જોવું જોઈએ ! કેવી રીતે તારા વિયોગનું દુઃખ અમે સહન કરી શકીશું ? તું અમારી આંખનો તારો ને હૈયાનો હાર છે. છતાં તેં જ્યારે સંયમના આ કષ્ટમય માર્ગનો દૃઢ નિર્ણય જ કરી લીધો છે, ત્યારે અમારી તને રજા છે. જા પુત્ર જા. તારો માર્ગ સુખદાયી બનો. બેટા ! હું મા છું તારી. આ તારી માતાને પણ ક્યારેક યાદ કરજે ! બેટા ! તારો જય હો..... વિજય થાઓ.....'

કુળની સૌથી વૃદ્ધ સ્ત્રી કુલમહત્તરાએ પોતાની વિદાયવાણીમાં કહ્યું કે - 'હે રાજપુત્ર ! તારો જય થાઓ ! વિજય થાઓ ! બેટા ! મારો અધિકાર છે તને કહેવાનો ! તું વીર છે, ધીર છે, ક્ષત્રિય છે, પૂર્વ તીર્થંકરોના માર્ગે તું જઈ રહ્યો છે. તારો માર્ગ સરળ અને સુખદાયી બનો ! પરિસહો અને ઉપસર્ગો ઉપર તું વિજયી બન ! કર્મશત્રુઓનો શીઘ્ર નાશ કરી તું કૈવલ્ય લક્ષ્મીને પ્રાપ્ત કર ! પુત્ર ! તું ક્ષત્રિય છો ! શૂરવીર છો. કર્મશત્રુ સામે તું સિંહ જેવો પરાક્રમી બનજે ! પૃથ્વી જેમ તું પણ સહનશીલ બનજે ! ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત બનજે ! હાથી જેવો સંગ્રામશૂર રહેજે ! આકાશની જેમ નિરાલંબન બનજે ! મેરુની જેમ નિશ્ચલ બનજે ! જાઓ ! મારી તને લાખો શુભાશિષ છે.....'

પછી પૂજ્યશ્રીએ સ્ટેજ પર પધારી ભગવાનની દીક્ષાવિધિમાં લોચ કર્યો અને ભગવાનની સર્વવિરતિ સામાયિકની પ્રતિજ્ઞા-ગ્રહણનું ત્રણવાર ઉચ્ચારણ કર્યું, જેમાં પ્રભુએ આજથી યાવજ્જીવ માટે ત્રણે યોગપૂર્વક સર્વ પાપવ્યાપારોથી રહિત બન્યાનો દૃઢ સંકલ્પ જાહેર કર્યો.

આજે રાત્રે પૂજ્યશ્રીએ અધિવાસના તથા અંજનની પવિત્ર વિધિ કરી. સવારે સમવસરણમાં બેસીને તીર્થંકર પ્રભુજી વતી પૂજ્યશ્રીએ ચાર અંગોની દુર્લભતા વિશે દેશના આપી. પછી ભગવાનના નિર્વાણના ૧૦૮ અભિષેક તથા દેવવંદન વિધિ થઈ. મહા સુદ-પના આજના શુભ દિવસે પ્રતિષ્ઠાવિધિ થવાની હતી, જે માટે આગળની રાત્રિમાં જ બોલીઓ બોલાવાઈ હતી. જેમાં ધજા-કલશની બોલી રેકોર્ડ થઈ હતી. ભગવાનની પ્રતિષ્ઠા પણ શાનદાર થઈ હતી. આ રીતે ઈરોડનગર નૂતન જિનમંદિર નિર્માણ તથા અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ દ્વારા ધન્ય બન્યું હતું.

• અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવની વિશેષતા •

(૧) 'ચંપાનગરી' અતિ વિશાળ અને મનોહર બનાવી હતી.

(૨) અંજનશલાકા માટે બહારગામથી અનેક જિન-પ્રતિમાઓ આવ્યા હતા. તેમાં પંચગની 'વિશ્વકલ્યાણ જિનમંદિર' માટે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પણ મોટી આકર્ષક પ્રતિમા પણ સામેલ હતી.

(૩) બેલગામથી આવેલ બેન્ડપાર્ટીએ ૮-૮ દિવસ ગગનભેદી વાજિંત્રનાદ અને પોતાની ધાર્મિક ગીત-ધૂનથી ઈરોડનગરને ઘેલું બનાવ્યું હતું.

(૪) બેલગામથી આવેલ ચિત્રકારે જગડુશાહ, સંપ્રતિ રાજા તથા સ્થૂલભદ્ર મુનિ અને કોશાના દરેકના બે બે એમ કુલ છ રંગોળી ચિત્રો બનાવી જૈન-જૈનેતરોને જૈનદર્શનનો વિશેષ બોધ કરાવ્યો હતો.

(૫) મોટો ગજરાજ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

(૬) વિશાળ ચાંદીના રથમાં પ્રભુજીને જોઈને લોકો કૃતકૃત્ય બન્યા હતા.

(૭) • વિશાળ ખુલ્લા આકાશમાં લાઈફ સાઈઝમાં વાસુપૂજ્ય સ્વામી, નૂતન જિનમંદિર, મહાવીર પ્રભુને થયેલ ચંડકૌશિકનો ઉપદ્રવ અને પદ્માવતી દેવીની વિવિધતાપૂર્ણ રંગીન લાઈટમાં બનાવેલી રચના બહુ જ પ્રશંસનીય બની. ઈરોડ જૈન સંઘનું નામ ઈરોડના ઈતિહાસમાં આ ૪૦ ફૂટ વિશાળ રચના દ્વારા અમર બની ગયું.

(૮) ઈરોડનગરીને ટ્યુબલાઈટ તથા રોશનીથી શણગાર કરાયેલ.

(૯) પ્રતિષ્ઠાના દિવસે નૂતન જિનમંદિરમાં દર્શન કરવા આવનાર પ્રત્યેક જૈનેતરને બુંદીના પેકેટની પ્રભાવના અપાઈ. આવા ૧૦ હજાર પેકેટોની પ્રભાવના થઈ હતી.

(૧૦) • અંજનશલાકા-પ્રતિષ્ઠાના દિવસે કતલખાના બંધ રહ્યા હતા અને રોજના ૮ લાખ ઈંડાનું વેચાણ કરનાર ઈંડાના વ્યાપારીએ બે દિવસ ઈંડા વેચવાના બંધ રાખ્યા હતા.

(૧૧) સંપૂર્ણ જૈનમંદિર અને જૈનભવન (ઉપાશ્રય) ને લાઈટથી સજાવ્યો હતો.

(૧૨) ઈરોડ, સેલમ, મદ્રાસ, કોઈમ્બતૂર, મૈસુર આદિના નવયુવક મંડળોએ રસોડાની વ્યવસ્થા, વરઘોડાની વ્યવસ્થા આદિ ઉલ્લાસથી સંભાળી હતી અને સફળતાપૂર્વક પાર પાડી હતી.

(૧૩) ધજાદંડ અને કળશની ઉછામણી રેકોર્ડ બ્રેક થઈ હતી.

(૧૪) મહોત્સવમાં ૩૧ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિતિ હતી.

(૧૫) ભક્તિભાવના તથા પૂજન-પૂજાઓમાં કોચીનના યુવાન સંગીતકાર પ્રફુલ્લભાઈએ ભક્તિ સંગીતની રમઝટ બોલાવી હતી.

(૧૬) ઈરોડ, સેલમ, મદ્રાસ, કોયમ્બતુર આદિ નગરોના જૈન મંડળોએ પણ પ્રભુભક્તિ-રાત્રિ ભાવનામાં ભક્તિરસ જમાવ્યો હતો.

(૧૭) ઈરોડનગરની મહિલા મંડળની બહેનોએ પણ અનેક પ્રકારના ભક્તિના કાર્યો ઉલ્લાસ અને ઉમંગથી ઉપાડ્યા અને પાર પાડ્યા હતા.

(૧૮) વિધિકાર શ્રી નવીનભાઈ (જામનગરવાળા) અને શ્રી રૂપજીસ્વામી (મદ્રાસવાળા)એ પવિત્ર વિધિ-વિધાન અનેરી ચોકસાઈથી કરાવ્યા હતા.

(૧૯) નવકાર ભક્ત શ્રી લલિતભાઈ (મદ્રાસવાળા) અને પંડિત શ્રી શાંતિલાલભાઈ (માલેગામવાળા) એ પંચકલ્યાણક આદિ વિવિધ પ્રસંગો પર રોચક અને મોહક કોમેન્ટ્રી આપી હતી અને પ્રસંગોને સુમધુર બનાવ્યા હતા.

(૨૦) મદ્રાસથી પધારેલ ઋષભ બાલિકા મંડળની બાલિકાઓએ જન્મ મહોત્સવ આદિ પ્રસંગોમાં અનેરો લાભ લઈ પ્રસંગોને દીપાવ્યા હતા.

(૨૧) અતિભવ્ય અને અદ્‌ભુત દિવ્ય અનુષ્ઠાનોની આગાહી કરાવનારી અંજનશલાકા-પ્રતિષ્ઠાની બેનમૂન પત્રિકા શ્રી ઈરોડ જૈન સંઘે છપાવી હતી.

(૨૨) પ્રસંગોચિત પ્રવચન પૂ. આચાર્યશ્રીએ સમય સમય પર આપ્યા હતા.

(૨૩) કલેકટર, ડી.એસ.પી. આદિનું દર્શન-વંદન હેતુ આગમન થયેલ.

(૨૪) ભગવાનની પ્રતિષ્ઠાને અહીંના તામિલ લોકો કુંભાભિષેક કહે છે. તેઓ આ પ્રસંગને અતિ મહત્ત્વનો અને પવિત્રનો માનતા હોઈ..... આ જૈનેતર લોકો પણ શ્રીફળ, કેળા આદિ ફળ, ફૂલહાર, કપૂર આદિ ભેટની સામગ્રી લઈને ભગવાન સામે ભેટ ચડાવેલ.

(૨૫) સંઘના પ્રમુખશ્રી આદિનો બોલી આદિમાં વિશિષ્ટ-કલ્પનાતીત ફાળો રહ્યો.

(૨૬) જૈનેતરોની જાણ માટે 'કુંભાભિષેક' (જિન પ્રતિષ્ઠા)ના મોટા પોસ્ટરો શ્રી સંઘે આખા નગરમાં લગાડ્યા હતા.

(૨૭) ૧૦ દિવસ સુધી રોજ બંને ટાઈમ સ્વામીવાત્સલ્ય થયા.

(૨૮) આજુબાજુના અનેક શહેર-નગરોમાંથી ભાવિકજનોએ પધારીને લાભ લીધો.

(૨૯) તામિલનાડુના જૈન સંઘોના ટ્રસ્ટીઓનું **એક સંમેલન** પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં થયું, જેમાં દેવદ્રવ્યને મંદિર નિર્માણ, મંદિર જીર્ણોદ્ધાર તથા મંદિર સિવાય અન્ય સ્થળે નહીં લઈ જવું, ટ્રસ્ટ બનાવવું ઇત્યાદિ વિષયો પર પૂજ્યશ્રી આદિએ માર્ગદર્શન આપ્યું.

(૩૦) દ્વારોદ્‌ઘાટનની બોલીના ચઢાવાનો લાભ એક સ્થાનકવાસી પરિવારે ઉલ્લાસપૂર્વક લીધો.

(૩૧) અતિ પ્રસિદ્ધ 'ઇન્ડિયન એક્સપ્રેસ' દૈનિકપત્રે પોતાના તરફથી ભગવાનના ફોટા સહિત કુંભાભિષેક (પ્રતિષ્ઠા)ના સમાચાર છાપ્યા.

(૩૨) જીવદયા-અનુકંપાના કાર્યો થયા.

આ રીતે ઈરોડનગરની અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ દક્ષિણમાં એક યાદગાર ઇતિહાસ બની ગયો. પૂજ્યશ્રીએ ત્યાંથી બેંગલોર તરફ વિહાર કર્યો છે. ત્યાં ૩-૩-'૯૧ના દિવસે ગાંધીનગરમાં ચાર દીક્ષાઓ થવાની છે.

પૂજ્યશ્રી સાથે સંપર્કસૂત્ર : C/o., Kirit U. Shah
3 Ravi Kiran, 12 Plain Road, Bangalore - 560 001.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૩૯,અંક-૨૭,તા.૩૦-૩-૧૯૯૧

અમદાવાદમાં અપૂર્વ જિનેન્દ્રભક્તિ

બેંગલોર મુકામે પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રામાં દીક્ષિત થનાર દીક્ષાર્થી શ્રી દીપકભાઈ તથા રતિભાઈની દીક્ષા નિમિત્તે અમદાવાદ આંબાવાડી તથા ભગવાન નગરના ટેકરે જિનેન્દ્ર ભક્તિ મહોત્સવો પૂ. ગણિવર્યશ્રી હેમરત્ન વિ. મ.ની નિશ્રામાં સારી રીતે ઉજવાયા હતા. ચોરીમાં પગ મૂકતાં પૂર્વે જ ચોથું જ વ્રત અંગીકાર કરી લેનાર બેંગલોરના દંપતિ શ્રી જતીનભાઈ તથા ભારતીબેનનો વર્ષીદાનનો વરઘોડો તથા બહુમાનનો કાર્યક્રમ અમદાવાદના દીક્ષાર્થીઓ સાથે ઉજવાયો હતો. શેઠશ્રી શ્રેણિકભાઈના વરદ હસ્તે

બહુમાન કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રીનાં રવિવારીય જાહેર પ્રવચનથી પ્રેરણા પામીને શેઠશ્રી રસીકલાલ જીવરાજની દીક્ષા પણ એકાએક નક્કી થઈ જતાં તેમની દીક્ષા નિમિત્તે પણ આંબાવાડીમાં સામૂહિક અષ્ટપ્રકારી જિનપૂજાનો કાર્યક્રમ ઉજવાયો હતો. બૃહદ્ અમદાવાદનાં પચ્ચીસ હજાર નર-નારીઓ આ કાર્યક્રમમાં હોંશભેર જોડાયા હતા.

સવારે નવનો સમય થયો અને હાઈ-વે પર દોડતી કાળી ભમ્મર નાગણ જેવી બધી ગાડીઓ, રીક્ષાઓ, સ્કુટરો વગેરે આંબાવાડી જિનાલય પાસે થંભી જવા મંડ્યા. રેલ્વે સ્ટેશન પર એક સાથે બે-ચાર ટ્રેનો આવે અને આખું સ્ટેશન જેમ માણસોથી ઊભરાઈ જાય તેમ મંદિરનું પ્રાંગણ હજારો નરનારીઓથી ઊભરાઈ ગયું, સહુએ પૂજાના રેશમી વસ્ત્રો પહેરેલા હતા. હાથમાં પૂજાના થાળ હતા. એ થાળમાં જલ, દૂધ, કેશર, ફૂલ, ધુપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળો ગોઠવાયેલા હતા. પૂજ્યશ્રી સાથે આખા આ જિનપૂજક પરિવારે બેન્ડ સાથે વાજતે ગાજતે પૂજા મંડપ પ્રતિ પ્રયાણ કર્યું, દીક્ષાર્થી રસીકભાઈ વર્ષીદાન ઉછાળવા મંડ્યા. "આડંબરશું દેહરે જઈએ" એ પંક્તિઓ ચરિતાર્થ થતી લાગી. ટુંક સમયમાં મ્યુનિસિપલના કબજા હેઠળના વિશાળ ક્રિકેટ ગ્રાઉંડ પાસે આવીને ઊભા રહ્યા.

૧૦૦૦ x ૮૦૦ ફૂટના ગ્રાઉન્ડમાં ૨૧૫ x ૧૧૫ ફૂટના વિશાળ ભવ્ય મંડપનું નિર્માણ કરવામાં આવ્યું હતું. મુખ્ય પ્રવેશદ્વારથી બેય બાજુ ૧૦૦ ફૂટ લાંબા સ્ટેજ પર એક બાજુ ઇન્દ્રો તિલક કરવા માટે ઊભા હતા તો બીજી તરફ બહેનોને તિલક કરવા માટે ઇન્દ્રાણીઓ ઊભી હતી. તિલક કરાવીને જિનપૂજકો આગળ વધે ત્યાં બેય બાજુ તેમને પૂજા માટે પુષ્પો અર્પણ કરવામાં આવતા. થોડાક આગળ વધે ત્યાં બેય બાજુ મોટા ડ્રમમાં ઘરેથી લાવેલ દૂધ ખાલી કરવા માટેના ડ્રમની વ્યવસ્થા હતી. થોડાક આગળ વધે ત્યાં જિનપૂજાની પુસ્તિકા ભેટ મળતી. થોડાક આગળ વધે ત્યાં શ્રી સિદ્ધાચલમંડન આદિનાથ ભગવાન તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય પ્રતિકૃતિના દર્શન થતાં, હજુ થોડાક આગળ વધે ત્યાં ૧૫ x ૧૫ના ચંદરવા નીચેના જિનાલયમાં ચતુર્મુખ પરમાત્માનાં દર્શન થતા, ત્યાં પ્રત્યેક પૂજકો હાથમાં પૂજાના થાળ રાખીને પરિવાર સાથે સમૂહમાં ત્રણ પ્રદક્ષિણા કરતા દુહા લલકારતા. પછી થોડાક આગળ વધતા ત્યાં મંડપના ભવ્ય દરવાજે બે દ્વારપાલો ખુલ્લા ભાલા સાથે ચોકી પહેરો ભરી રહેલા નજરે પડતા.

મંડપના બારણામાં પ્રવેશ્યા બાદ વિશાળ સમીયાણામાં કુલ ૨૭ જિનાલયો દૃષ્ટિગોચર થતા. સેન્ટરમાં ૨૦ x ૧૧૫ ફૂટના ગાળામાં મૂળનાયક ભગવાન્ શ્રી **મહાવીર સ્વામી** શોભી રહ્યા હતા. એક બાજુએ સિદ્ધાચલતીર્થ તો બીજી તરફ

ગિરનારતીર્થની સ્થાપના કરી હતી. કુલ ૨૭ ત્રિગડા પર ૨૭ જિનબિંબો બિરાજયા હતા. કાથીના દોરડાથી બાંધેલા ૭॥ ફૂટના ગાળાઓમાં ત્રણની લાઈનમાં જિનપૂજકો ગોઠવાતા જતા હતા. ધવલ વસ્ત્રોમાં શોભતા વોલીન્ટરો તેમને પ્રેમપૂર્વક આવકારતા અને પાસ મુજબના તીર્થમાં તેમને ગોઠવી દેતા. પરમાત્માના ત્રિગડા પર પણ ત્રણ-ત્રણ યુવાનો પ્રક્ષાલ-પૂજા આદિની વ્યવસ્થા માટે પૂજા વસ્ત્રોમાં ગોઠવાયા હતા. બહેનોના કુલ ૧૪ તીર્થોની બધી વ્યવસ્થામાં મહિલાઓ ગોઠવાઈ હતી. જોતજોતામાં તો તમામ ગાળાઓ ભરાઈ ગયા. મંડપ ઉભરાઈ ગયો.

રૂચી જયેશકુમાર ભણશાલીએ (ઉં.વ. ૮) ભક્તિનૃત્ય રજૂ કર્યું.

પૂજ્યશ્રીએ આજની આ મંગલઘડી-પળનો મહિમા સમજાવ્યો. નિસીહિ અને પ્રદક્ષિણા ત્રિક સમજાવી અને પછી સ્તુતિગાન માટે સહુને પ્રોત્સાહિત કર્યા. હાથમાં રહેલી પુસ્તિકાનું પાનું ઉઘડ્યું અને મંગલગાન શરૂ થયું. "જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે, હે પ્રભુ આનંદદાતા, દયાસિંધુ દયાસિંધુ" એક પછી એક સ્તુતિના સ્વરો વહેવા લાગ્યા અને કંઈક ચુંબકીય આંદોલનો પેદા થવા લાગ્યા. સ્તુતિઓના મંગલઘોષથી મંડપ ગાજી ઊઠ્યો, વાતાવરણ પવિત્ર બની ચૂક્યું. પછી પરમાત્માના અભિષેકની તૈયારી શરૂ થઈ. મૂળનાયક ભગવાન્ પાસે દીક્ષાર્થીઓ મોટા જલકુંભો લઈને ઊભા રહ્યા. અન્ય ૨૬ તીર્થોમાં પણ ત્રણ ત્રણ ભાવિકો જલકળશો ભરીને ઊભા રહ્યા. ઈન્દ્રો ચામર લઈને ઊભા રહ્યા. દેવો પંખા લઈને ઊભા રહ્યા. રાસમંડળ દાંડીયા સજ્જ કરીને ઊભું રહ્યું.

પછી એક સાથે સ્નાતસ્યાની સ્તુતિ બોલાઈ તે પછી "સ્વસ્તિ સ્વસ્તિ નમોઽસ્તુ તે ભગવતે ત્વં જીવ જીવ પ્રભો" વાળા અભિષેકના શ્લોક માલ-કોશ મિશ્રિત ભૈરવી રાગમાં સમૂહમાં ગવાયા. તે પછી જલપૂજાનો દુહો ભણવામાં આવ્યો. તે પછી સહુએ એક સાથે "ૐ હ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય"- વાળો મંત્ર ભણ્યો અને જેવું 'જલં યજામહે સ્વાહા' પદ બોલાયું કે તરત જ હજારો જલકળશોમાંથી દુગ્ધધારાઓ જિનબિંબો પર વરસવા લાગી. ઘંટ રણકવા લાગ્યા. શંખધ્વની ગુંજવા લાગ્યો. ઢોલીડાના ઢોલ ધ્રુબકવા લાગ્યા. મંડળ રાસ રમવા મંડ્યું. ઈન્દ્રો ચામર વીંઝવા લાગ્યા. દેવો પંખા વીંઝવા લાગ્યા. દિકકુમારી નાચવા લાગી. નૃત્યકારે ભરતનાટ્યમ્ શરૂ કર્યું. જનસમુદાયે તાલીઓના તાલથી વાતાવરણ ગજવી દીધું. સંગીતકારોએ 'મેરુશિખર નવરાવે હો સુરપતિ' કાવ્ય પંક્તિઓ ગાવા લાગ્યા. ખરેખર જાણે મેરુ પર પરમાત્માનો **જન્માભિષેક** ન ઉજવાતો હોય એવું ભવ્ય વાતાવરણ ખડું થયું.

"નૃત્યંતિ નૃત્યં મણિપુષ્પ વર્ષન્ સૃજન્તિ ગાયન્તિ ચ મંગલાણિ,
સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મંત્રાન્ કલ્યાણ ભાજો હિ જિનાભિષેકે,"-

શ્લોકની પંક્તિએ પંક્તિ સાચી પડે એવો માહોલ ઊભો થયો. દશ-દશ હજાર નર-નારીઓ જરાય ઉતાવળ કે ધક્કા-મુક્કી કર્યા વિના વોલીન્ટરોના આદેશ મુજબ ત્રણ ત્રણ જણા પોતાના સ્થાનેથી ઉઠતા ગયા, પ્રભુ પાસે પહોંચીને અભિષેક કરતા ગયા અને પાછા પોતાની જગ્યા પર આવીને બેસતા ગયા. માત્ર પંદર મિનિટમાં તો ૧૦,૦૦૦ માણસોએ પ્રક્ષાલનો લાભ મેળવી લીધો, તે દરમ્યાન વાજિંત્રનાદ, નૃત્ય, રાસ, સ્તોત્રોનું મંગલ પાઠન આદિ ચાલતું રહ્યું. દિકકુમારીએ **'ઢોલ વાગે છે'** ગરબો રજૂ કર્યો. અભિષેક પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રીએ ચંદનપૂજાનું રહસ્ય સમજાવ્યું. પછી સહુએ સાથે ચંદનપૂજાનો દુહો અને મંત્ર ભણ્યો. સાથે પુષ્પપૂજાનો દુહો મંત્ર બોલ્યા પછી થાળી વાગી અને ચંદનપૂજા તથા પુષ્પપૂજાનો પ્રારંભ થયો. "કેશરીયા રે કેશરીયા"..... ગીત ગુંજવા લાગ્યું અને પુનઃ પાછા જિનપૂજકો નિજસ્થાનકેથી ઊઠીને પૂજા કરવા પ્રભુ પાસે પહોંચ્યા. પૂજા થઈ જતાં આવીને બેસી ગયાં તે દરમ્યાન 'હેલે ચડ્યા રે હેલે ચડ્યા' એ ધ્રુવપદ સાથે અષ્ટપ્રકારી પૂજાનો ગરબો દિકકુમારીકાઓએ રજૂ કર્યો.

ચંદનપૂજા અને પુષ્પપૂજા પછી એક થાળની અંદર બે સુંદર અંગલૂછણાં પધરાવીને વસ્ત્રપૂજાનો દુહો તથા મંત્ર બોલાવ્યો અને પ્રભુજીને બે સુંદર વસ્ત્રો ઓઢાડવામાં આવ્યાં. ત્યારબાદ પૂજ્યશ્રીએ અષ્ટમંગલનો વિધિ સમજાવ્યો. અક્ષત હાથમાં લઈને અષ્ટમંગલનો દુહો તથા મંત્ર બોલાવ્યો અને તે અક્ષતથી અષ્ટમંગલનું આલેખન કરવામાં આવ્યું પછી પ્રભુજીને દર્પણ દર્શાવવામાં આવ્યું તથા ચામર વીંઝવામાં આવ્યા.

તે પછી ધૂપપૂજાનો દુહો અને મંત્ર બોલાયો. સહુએ સ્થાન પર બેઠાં બેઠાં જ ધૂપ પ્રગટાવ્યો અને પરમાત્માની સામે ઉખેવ્યો. ક્ષણવારમાં તો આખો મંડપ સુગંધી ધૂમ્ર-ઘટાઓથી છવાઈ ગયો. માઈક પર 'અમે ધૂપની પૂજા કરીએ રે ઓ મનમાન્યા મોહનજી' ગીત રજૂ થયું.

તે પછી દીપકપૂજાનો દુહો અને મંત્ર બોલાયો. હજારો દીવડાઓ ઝળહળી ઉઠ્યાં. શુદ્ધ ઘીની મીઠી મહેંકથી વાતાવરણ મહેકવા લાગ્યું.

ત્યારબાદ અક્ષતપૂજાનો દુહો અને મંત્ર બોલાયા અને સહુએ પોતાની થાળીમાં સ્વસ્તિક આલેખ્યો.

ત્યારબાદ નૈવેદ્યપૂજાનો દુહો-મંત્ર બોલાયા. મૂળનાયક સમક્ષ આલેખેલા ૧૫

ફૂટ x ૧૫ ફૂટના નંદ્યાવર્ત પર ૩ ફૂટ ઉંચા મોદકને પધરાવવામાં આવ્યો. સાથે ચાર પ્રકારના આહારના થાળ પણ ચડાવામાં આવ્યા. જેમાં પ્રથમ 'અશન' નામના થાળમાં કુલ ૩૦ પ્રકારની રસોઈ મૂકવામાં આવી હતી. બીજા 'પાનં' નામના થાળમાં ૧૨ પ્રકારના જુદા જુદા તાજા શરબત મૂકવામાં આવ્યા હતા. 'ખાદિમં' નામના ત્રીજા થાળમાં ૫ પ્રકારનો સૂકો મેવો મૂકવામાં આવ્યો હતો. ચોથા 'સ્વાદિમં' નામના થાળમાં કુલ આઠ પ્રકારનો મુખવાસ મૂકવામાં આવ્યો હતો. નૈવેદ્યપૂજા પૂર્ણ થયા બાદ.....

ફળપૂજાનો દુહો-મંત્ર બોલાયા બાદ ફળોના થાળ સિદ્ધશિલા પર ચડાવામાં આવ્યા હતા. જિનપૂજકોએ બેઠાં બેઠાં થાળીમાં જ નૈવેદ્ય તથા ફળપૂજા કરી હતી. આમ દ્રવ્યપૂજા પૂર્ણ થયા બાદ ભાવપૂજા રૂપે સમૂહ ચૈત્યવંદનનો પ્રારંભ થયો હતો. **'આજ મારા પ્રભુજી સામું જુઓને સેવક કહીને બોલાવો રે'** આ સ્તવનની કડી પર સહુ પ્રભુ સાથે એકાકાર બની ગયા હતા. દેશ-સ્થળ-કાળ અને કાયાનું ભાન ભૂલી ગયા હતા. ૩૦ મિનિટ સુધી પ્રભુને સામું જોવડાવા માટે ભારે મનામણું ચાલ્યું હતું. ત્યારબાદ છેલ્લે નૃત્ય પૂજારૂપે યુવાનોએ ચામર લઈને ભક્તિનૃત્ય કર્યું હતું. 'થૈયા થૈયા નાટક કરતાં દાદાને દરબારે જી' ગીતની પંક્તિએ સહુના પગ સ્પ્રીંગની જેમ ઉછળતા કરી દીધા હતા. ત્યારબાદ પૂજ્યશ્રીએ પરમાત્માની પૂજાના પ્રભાવે ''સકલ વિશ્વમાં શાન્તિ પથરાય, જગતના જીવમાત્રના રાગાદિભાવો નાશ પામે સંસારની જળોજથામાંથી જલ્દી છૂટાય, પ્રવ્રજ્યા પમાય અને વહેલી તકે મોક્ષે જવાય'' એવી ગદ્ય પ્રાર્થના સંવેદનરૂપે રજૂ કરી હતી, છેલ્લે 'ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ' અને 'સર્વ મંગલમાંગલ્યમ્' શ્લોકની ઉદ્‌ઘોષણા કરીને સહુ વિખેરાયા હતા. ત્યારે ઘડિયાલે બરાબર બપોરે બેના ટકોરા પાડી દીધા હતા.

વિશાળ ગ્રાઉન્ડની બહાર પાર્કીંગ જોનમાં તબેલામાં બાંધેલા ઘોડાઓની જેમ પાર્ક કરેલી ગાડીઓ અને સ્કૂટરોના હોર્ન વાગવા માંડ્યા અને સહુ ઘરભણી હંકારી ગયા હતા. વોલીન્ટર યુવાનોએ તરત જ સામગ્રી સમેટવાની તૈયારી આરંભી દીધી હતી. ત્રિગડા, પ્રતિમાજી, ઉપકરણો વગેરે જ્યાંથી લાવ્યા હતા ત્યાં પહોંચતું કરવાની કાર્યવાહી તરત જ શરૂ થઈ ગઈ હતી. મંડપવાળાએ સ્ટેજવાળાએ પણ પોતાનો સંકેલો શરૂ કરી દીધો. ૪ કલાકમાં તો બધું આટોપાઈ ગયું હતું પણ આ સ્પીડના કારણે પાછળથી રહી રહીને દૂર દૂરથી દર્શન કરવા માટે આવેલા હજારો નરનારીઓને વીલે મોંઢે માત્ર ગ્રાઉન્ડના દર્શન કરીને પાછા વળવું પડ્યું હતું.

અષ્ટપ્રકારી પૂજાની સાથે સાથે

- દશ હજાર ભાવિકો ઘરેથી જે દૂધ લાવેલા તેનાથી મોટા બે ડ્રમ ચીકાર ભરાઈ ગયા હતા.
- નૈવેદ્ય પૂજામાં આવેલ મીઠાઈથી ૨૫ કથરોટ તથા ફૂટથી ૫૦ કોથળા ચીકાર ભરાઈ ગયા હતા.
- અભિષેક માટે ૧૦૮ નદીઓ તથા ૬૮ તીર્થોના જલ તથા ૧૮ અભિષેકની દિવ્ય ઔષધિઓ લાવવામાં આવી હતી.
- ગ્રાઉંડમાં વાહનોનો ધસારો અટકાવવા માટે ૬ સીકયુરીટી ગાર્ડ રોકવામાં આવ્યા હતા.
- અમદાવાદના સમગ્ર વિસ્તારોમાંથી ભાવિકો હોંશભેર પૂજાવસ્ત્રોમાં સામગ્રી સહ પધાર્યા હતા.
- આ પ્રસંગે જીવદયા તથા અનુકંપાનો રૂ. ૨૬,૦૦૦ જેટલો ફાળો થયો હતો.
- એક સપ્તાહ સુધી પાસ વિતરણ થયું હોવા છતાં ય છેલ્લે દિવસે પ્રોગ્રામ પૂર્વે ૧૭૦૦ પાસ ઈસ્યુ કરવા પડ્યા હતા.
- સવારે ૯ થી બપોરના ૨ સુધી પૂજામાં જોડાયલા ભાવિકો આ પ્રોગ્રામથી એટલા બધા ધન્ય બન્યા હતા કે દિવસો સુધી અમદાવાદની પોળોમાં તથા સોસાયટીમાં આ વિશિષ્ટ કાર્યક્રમની ચર્ચાઓ ચાલુ રહી હતી.
- પ્રોગ્રામમાં નહિ આવી શકનારા એક ભાવિકે ફરી આવો પ્રોગ્રામ પોતાના ખર્ચે યોજવાની વિનંતી કરી હતી.
- વોલીન્ટરની વ્યવસ્થા એટલી સજ્જડ હતી કે ક્યાંય કોઈને કશી તકલીફ પડી ન હતી.
- એક ભાઈ પૂજા વિધિ માટે ૩૦ ગ્રામ કેશર લઈ આવ્યા હતા. જે લસોટીને કેશર પૂજામાં ઉપયોગ કર્યો હતો.
- એક ભાઈએ એક મોટી અત્તરની બોટલ અભિષેક જલમાં ખાલી કરી દીધી હતી.
- એક વીડીયોગ્રાફરે આખા પ્રસંગનો વીડીયો ઉતારીને સામે રોયલ્ટી રૂપે મોટી રકમ આપવાની ઓફર કરી હતી.
- આ કાર્યક્રમમાં કુલ ૨૦૦ કળશ, ૧૦૦ થાળી, ૧૦૦ ટેબલ, ૫૦ પાટો, ૨૭ કથરોટો, ૨૭ વાડકા, ૬૦૦૦ ફૂટ દોરડા, ૩ સ્ટેજ, ૧ પરબ, ૧ ઈંકવાયરી

ઓફિસ આદિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

- આ પ્રસંગે વિદૂષી સાધ્વીશ્રી તીર્થશ્રીજી આદિ વિશાળ સાધ્વીગણ દૂર દૂરથી ઉપસ્થિત રહ્યો હતો.

હાથ-પગ અને મસ્તક

મુખ્ય સંચાલન	:	કલ્પેશ વી. શાહ જયેશ સી. ભણશાળી રાજુભાઈ આર. શાહ
મંગલઘર	:	ભરતભાઈ, ભુપતભાઈ - રાજકોટ
નૃત્યકાર	:	મહેન્દ્રભાઈ - રાજકોટ
કળશ/ત્રિગડા	:	નિરંજન, મહેન્દ્ર - અમદાવાદ
સંગીત	:	વિપુલ, રાજુ, સુરેશ - અમદાવાદ
રાસ	:	ગોપાલ સ્ટુડન્ટ રાસ મંડળ - બાવળા
નૈવેદ્યના થાળ	:	આંબાવાડી મહિલા મંડળ
વોલીન્ટીઅર	:	આંબાવાડી મહિલા સામાયિક મંડળ
સ્નાન	:	કમલેશ ચીનુભાઈ શાહ
પ્રિન્ટિંગ	:	શ્રેણિક ભદ્રેશ શાહ
પ્રતિમાજી/ત્રિગડા	:	અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળ
પૂજા સામગ્રી	:	વીરેન્દ્ર સંઘવી, ધર્મેશ શાહ - રાજકોટ
દ્વારપાલ	:	વિમલ શાહ, મિલિન્દ શાહ
ઈન્દ્ર	:	વીરેન્દ્ર, વિજય, સજોડે
સૌધર્મ	:	મહેશ શાહ સુરત
ડ્રેસ/સ્ટેજ	:	મહેશ પી. શાહ શાંતીનગર - અમદાવાદ
તિલક	:	આંબાવાડી તથા ઓપેરા ટ્રસ્ટીગણ
નંદ્યાવર્ત	:	કેતન શાહ, શીવાભાઈ તળીયાની પોળ
પાસ ચેકીંગ	:	અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળ વિવિધ વ્યવસ્થા
વાસણ	:	નારણપુરા યુવા શિબિરાર્થીગણ એલ.આર. બોર્ડિંગ વિદ્યાર્થીગણ
શયન	:	મુકુંદભાઈ શાહ - આંબાવાડી
પ્રેસનોટ	:	રાજેન્દ્ર શેઠ, અનુભાઈ શાહ

• બેંગલોર(કર્ણાટક)માં પાંચ દીક્ષા દ્વારા શાસનનો જયજયકાર

અત્રે બેંગલોરમાં શ્રી ગાંધીનગર - જૈનમંદિર મધ્યે પરમારાધ્યપાદ પરમશાસન-પ્રભાવક, ૧૦૮ વર્ધમાન તપોનિધિ, ગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ, સિદ્ધાંતદિવાકર પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ, શાસનપ્રભાવક પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ૩૯ મુનિ ભગવંતો અને ૫૦ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં પાંચ મુમુક્ષુઓનો દીક્ષા મહોત્સવ વધતા ઉલ્લાસે શાસન અને ધર્મપ્રભાવનાપૂર્વક ઉજવાયો.

પાંચ મુમુક્ષુઓમાં ત્રણ મોટી ઉંમરના અમદાવાદના શ્રદ્ધાસમ્પન્ન, ૧૨ વ્રતધારી શ્રાવકો છે. તેમાં (૧) શ્રી દીપકભાઈ સકરચંદ શાહ (દીપકલા સાડી સેન્ટરવાળા) સુપ્રસિદ્ધ વ્યાપારી અને કરોડપતિ છે છતાં તેઓએ વરસોથી નવા કપડાં સીવડાવ્યા નથી અને પગમાં ચપ્પલ પહેર્યા નથી. પોતાના વિશાળ ભવ્ય મહેલ જેવા બંગલાની એક રૂમમાં સામાયિક-પૌષધ-સ્વાધ્યાયમાં મસ્ત રહેતા હતા. (૨) બીજા શ્રી રતિલાલ મોતીલાલ શાહ (ચા વાળા) વરસોથી ઉપાશ્રયમાં સૂતા હતા અને પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની ઉલ્લાસપૂર્વક વૈયાવચ્ચ કરતા હતા અને દીક્ષાની ભાવના ભાવતા હતા. આ બંને મુમુક્ષુઓએ પોતાના સંસારી જીવનનું છેલ્લું ચાતુર્માસ પૂજ્ય આચાર્યશ્રીની પાવન નિશ્રામાં (૨૦૪૬) કોઈમ્બતૂર મુકામે કર્યું હતું. ત્યારે પૂજ્યશ્રીના સંવેગ-વૈરાગ્ય ભર્યા પ્રવચનો સાંભળીને ચારિત્ર અંગીકાર કરવાનો જોરદાર પુરુષાર્થ સ્ફૂર્યો હતો. (૩) ત્રીજા શ્રી રસિકભાઈ જીવરાજભાઈએ વરસો પહેલાં પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના વ્યાખ્યાનથી પ્રેરણા પામીને ખાન-પાનના ચાર ટંકનો નિયમ કરી ધર્મ પામેલા. પછી રહેઠાણ નજીક આવેલા પાંજરાપોળના ઉપાશ્રયે વ્યાખ્યાન શ્રવણ-પૌષધ આદિ આરાધના કરતા હતા. નિત્ય બિયાસણાની સાથે તેઓ વરસોથી પાઠશાળાના બાળક-બાલિકાઓને તત્ત્વાર્થસૂત્ર, નવસ્મરણ, ૪ પ્રકરણ આદિનો પાઠ આપી શિખવતા અને આ રીતે માનદ શાસન સેવા બજાવતા હતા. વરસોથી ૧૦૦ આદિ લોગસ્સનો કાયોત્સર્ગ તેઓ ઊભા ઊભા કરતા હતા. અમદાવાદમાં આંબાવાડીમાં દંપતી મુમુક્ષુ શ્રી જતીનભાઈ અને ભારતીબેનની યુગલ જોડીને આજીવન બ્રહ્મચર્ય વ્રતધારી જોઈ, તેની અનુમોદના સ્વરૂપે શ્રી રસિકભાઈનો પણ ચારિત્ર લેવાનો ઉલ્લાસ વધ્યો અને એકાએક બધી તૈયારી કરી ચારિત્ર લેવા ઉદ્યત બન્યા.

પાંચમાંના બે મુમુક્ષુઓ શ્રી જતીનભાઈ શાંતિલાલ શાહ (૩૫ વર્ષ) અને

તેમના ધર્મપત્ની ભારતીબેન (શ્રી લક્ષ્મીચંદ મોહનલાલ સંઘવીના સુપુત્રી-૨૮ વર્ષ) લગ્નજીવન પછી પણ વ્રતગ્રહણપૂર્વક બ્રહ્મચારી હતા. આજીવન બ્રહ્મવ્રત-ધારક આ આદર્શ યુગલે પોતાના લગ્નના મંડપમાં જાણે સુદર્શનશેઠ, પૃથ્વીચંદ્ર-ગુણસાગર, વિજયશેઠ-વિજયાશેઠાણી અને જંબૂકુમાર આદિને નિમંત્ર્યા હશે અને એ બધા સાથે વિચાર-વિમર્શ કર્યો હશે. તેનો સાર ઉપદેશ ગ્રહણ કરી લગ્નજીવનમાં પણ સંપૂર્ણ બ્રહ્મચારી રહ્યા હતા.

શ્રી જતીનભાઈ સં. ૨૦૨૭માં ઝરિયા મુકામે સુવિશુદ્ધસંયમી, તપસ્વીરત્ન પૂજ્ય મુનિરાજશ્રી જયસોમવિજયજી મ. સાહેબના પાવન પરિચયમાં આવ્યા હતા. પૂજ્ય મુનિરાજશ્રીની નિર્મળ-વિશુદ્ધ સંયમચર્યાથી પ્રભાવિત થઈ. તેઓ ચારિત્રમાર્ગ સાધવા લાલાયિત થયા હતા. પાછળથી તેઓ બેંગલોર આવ્યા. ઓડિટીંગ તથા સ્ટેટેસ્ટિક સાથે બી.કોમ.નો અભ્યાસ કર્યો છતાં ચારિત્રભાવના પ્રબળ રહી. પૂજ્ય મુનિશ્રી સાથેનો પ્રત્યક્ષ સંબંધ છૂટ્યો છતાં પત્રવ્યવહાર દ્વારા સંબંધ જળવાઈ રહ્યો. તેથી સંયોગવશાત્ લગ્નસંબંધથી જોડાવાનું થયું છતાં ધર્મપત્ની સૌ. ભારતીદેવી સાથેની સંપૂર્ણ મસલત અને સહમતીથી બંને આજીવન બ્રહ્મચારી રહ્યા. સુશીલા મુમુક્ષુ શ્રી ભારતીબેન ઈન્ટર આર્ટસ સુધીનો અભ્યાસ કરવા છતાં ધર્મના રંગ રંગાઈને ધર્મનો સુંદર અભ્યાસ ધરાવે છે. આ બંને આદર્શ દંપતીએ અનેક તીર્થોની કેટલીકવાર યાત્રા કરીને પોતાના સમ્યગ્દર્શનને ઝળહળતું બનાવ્યું છે. બંનેએ ગુરુપર્યુપાસના, જ્ઞાન-ધ્યાનમાં ૧૦ વર્ષ સાથે ગાળ્યા છતાં ભાઈ-બેનવત્ નિર્મળ-પવિત્ર સંબંધે રહ્યા તે તેમના જીવનની ધન્યતા છે.

આ પાંચે ય મુમુક્ષુઓની દીક્ષાનું શુભમુહૂર્ત ફાગણ વદ-૩ રવિવાર તા. ૩-૩-૧૯૯૧નું આવતા સર્વત્ર જયજયકાર થયો હતો. બેંગલોર ગાંધીનગર જૈનસંઘના ટ્રસ્ટીઓએ કોઇમ્બતૂર આવી આ પાંચે ય દીક્ષાઓ તેમના આંગણે કરવાની પૂજ્યશ્રીને વિનંતી કરી હતી. આ પાંચેય મુમુક્ષુઓ દ્વારા અદ્‌ભુત રીતે શાસનનો જયજયકાર થયો હતો. અનેક સ્થળોએ વરસીદાનના વરઘોડા ઘણા જ ઉલ્લાસ અને અદ્‌ભુત ઠાઠ-વૈભવથી નીકળ્યા હતા. તથા આજીવન બ્રહ્મચારી આ મુમુક્ષુ દંપતીના આદર્શને ગ્રહણ કરી અનેક દંપતીઓએ બ્રહ્મચર્યવ્રત સ્વીકારી પોતાનું જીવન નિર્મળ બનાવ્યું હતું. જેમ કે -

(૧) વિજયવાડા : શ્રી સંઘે શાસનપ્રભાવક સંયમૈકલક્ષી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબ આદિની પાવનનિશ્રામાં વરસીદાનનો ભવ્ય વરઘોડો ચડતે રંગે ચડાવ્યો હતો. મુમુક્ષુઓના બહુમાનની ઊંચી બોલીઓ

બોલાઈ હતી. આ કાર્યક્રમ સવારના ૯ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી ચાલ્યો અને જૈન-જૈનેતરોએ અદ્‌ભુત રીતે માણ્યો હતો.

(૨) ઈરોડ : પૂજ્યપાદશ્રીની પાવનનિશ્રામાં અહીં ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. અંજનશલાકા વિધિમાં ભગવાનશ્રી વાસુપૂજ્ય સ્વામીના દીક્ષા કલ્યાણકનો ભવ્ય વરઘોડો નિકળ્યો હતો. તેમાં આ મુમુક્ષુઓના વરસીદાનની સજાવેલી ગાડી આકર્ષણનું કેન્દ્ર બની હતી. મુમુક્ષુઓએ ઉલ્લાસથી વરસીદાન આપ્યું હતું. બાદમાં વિશાળ જનસમુદાય વચ્ચે મુમુક્ષુઓનું બહુમાન-તિલક કરવાની બોલી ૪૧ હજાર રૂ.ની બોલાઈ હતી. આ પ્રસંગે સુશ્રાવક નવીનભાઈ શાહે (મુંબઈ) પોતાની શીઘ્ર ચારિત્ર લેવાની ભીષ્મપ્રતિજ્ઞા દોહરાવી હતી.

(૩) અમદાવાદ : પ્રખર પ્રવચનકાર પરમપૂજ્ય ગણિવર્યશ્રી હેમરત્નવિજયજી મ. સાહેબની પાવનનિશ્રામાં આંબાવાડીથી વરસીદાનનો વરઘોડો શાનદાર નિકળ્યો હતો. જે ચાર-પાંચ કલાક ચાલ્યો હતો. માનનીય શ્રાદ્ધવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ શેઠની અધ્યક્ષતામાં ભવ્ય સન્માન સમારંભ યોજાયો હતો. પૂજ્ય ગણિવર્યશ્રીની સચોટ પાવન પ્રેરણાથી લગભગ ૧૫ યુગલોએ ચતુર્થવ્રત ઉચ્ચર્યું હતું. એમાં એક યુગલ તો ભરયુવાનવયે (૩૬ અને ૩૨ વર્ષ) આ વ્રત ઉચ્ચારી જીવન ધન્ય બનાવ્યું હતું. સત્કાર-સન્માનની આ સભામાં ૪ વરસોના આરાધક-સાધક ધર્મનિષ્ઠ સુશ્રાવક શ્રી રસિકભાઈ જીવરાજભાઈ શાહે વરસોથી ભંડારી રાખેલી ચારિત્ર લેવાની ભાવના આ પ્રસંગ પામીને જાહેર કરી હતી અને આ માટેની તુરંત તૈયારી આરંભી હતી. તેઓ પૂજ્યશ્રીના આશીર્વાદ લેવા માટે, પૂજ્યશ્રી ઈરોડથી બેંગલોરના વિહારમાં હતા ત્યારે આવેલા. તેમનો વરસીદાનનો ભવ્ય વરઘોડો શાસનપ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવનનિશ્રામાં અમદાવાદ પાંજરાપોળના ઉપાશ્રયેથી પણ ચઢ્યો હતો. એમાં શ્રી સંઘે અદ્‌ભુત ઉલ્લાસ દાખવ્યો હતો.

(૪) મદ્રાસ : પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી વિમલસેનવિજયજી ગણિવર્ય મ. સાહેબ તથા પૂજ્ય મુનિરાજશ્રી નંદીભૂષણવિજયજી મ. સાહેબ આદિની પાવનનિશ્રામાં મુમુક્ષુઓના વરસીદાનનો ભવ્ય વરઘોડો નિકળ્યો હતો. વરઘોડો સવારે ૮ વાગ્યે ચઢ્યો અને સન્માનના કાર્યક્રમ સહિત ૨॥ વાગે પૂરો થયો હતો. લોકોની ભારે ભીડ ૨॥ વાગ્યા સુધી પણ તેવી જ જામેલી રહી હતી. પૂજ્ય મ. સાહેબની પાવનપ્રેરણા અને મુમુક્ષુ નવયુવાન બ્રહ્મચારી દંપતીના આદર્શથી પ્રેરણા પામીને ૨૩ થી પણ વધુ દંપતીઓએ બ્રહ્મચર્યવ્રતનો નિયમ લીધો હતો. એમાં એક

દંપતી સૌથી નાનુ (૩૧ વર્ષ-૨૯ વર્ષ) હતું. અહીં ભારે ભાવોલ્લાસનું વાતાવરણ સર્જાયુ હતુ તેનું કારણ એ કે જતીનભાઈની આ જન્મભૂમિ છે.

(૫) મુંબઈ : આ પાંચ દીક્ષાઓના કારણે અને મુંબઈમાં પૂજ્યપાદ પંન્યાસપ્રવર શાસનપ્રભાવક પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી ગણિવર્ય સાહેબનું પાવન સાંનિધ્ય હતુ તેથી યુવાનોમાં અદ્‌ભુત જાગૃતિ આવી હતી. મુમુક્ષુઓના મુંબઈના વિવિધપરામાં શાનદાર સન્માનો થયા હતા. જેમાં

(i) **મલાડ :** પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબના શિષ્યરત્ન પ. પૂજ્ય મુનિરાજશ્રી નિપુણચંદ્રવિજયજી મ. આદિની શુભનિશ્રામાં મુમુક્ષુઓનું સન્માન થયેલ. ત્યારે પાંચ દંપતીઓએ આજીવન બ્રહ્મચર્યવ્રત ઉચ્ચર્યું હતું.

(ii) **ઈર્લા :** શાસનપ્રભાવક પૂજ્યપાદ્‌ પંન્યાસપ્રવરશ્રી ચંદ્રશેખરવિજયજી ગણિવર્ય સાહેબે મુમુક્ષુઓને ૩૫ મિનિટ સુધી ભવોદધિતારક, આત્મલક્ષી અતિ ઉપયોગી હિતશિક્ષા ફરમાવી હતી.

(iii) **ભાયખલા :** શાસનપ્રભાવક પૂજ્યપાદ્‌ આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય પદ્મસાગરસૂરીશ્વરજી મ. સાહેબની પાવનનિશ્રામાં મુમુક્ષુઓનું ભવ્ય સન્માન થયું હતુ. પૂજ્ય આચાર્યશ્રીએ પ્રેરક પ્રવચન ફરમાવ્યું હતું.

(iv) **ગોડીજી જૈનસંઘ :** પ્રગટપ્રભાવી, પુરિસાદાનીય શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનની પાવન છત્રછાયામાં શ્રી વર્ધમાન સંસ્કૃતિ ધામના યુવાન વીરસૈનિકો દ્વારા આયોજીત દીક્ષાર્થીઓનો સત્કાર સમારંભ ૨૫૦૦ યુવાનો તથા ૩૦૦૦ જેટલા અન્ય આરાધકોની વચ્ચે અપાર ઉલ્લાસ અને આનંદ-ઊમંગથી ઉજવાયો. આજીવન બ્રહ્મચારી મુમુક્ષુ ભારતીબેને બ્રહ્મચર્યવ્રત માટે કરેલા આહ્વાનનો અતિ સુંદર પ્રતિસાદ મળ્યો હતો. લગભગ ૭૫ જેટલા યુગલોએ બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો હતો.

આ વિશાળ સભામાં શ્રી જતીનભાઈએ પોતાના જીવન પર પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી ચંદ્રશેખરવિજયજી ગણિવર્યનો પોતાના ઉપર થયેલ ગુપ્ત ઉપકાર સભામાં વર્ણવ્યો હતો. અનેક યુવાનોએ 'સંયમ કબહી મિલે સસનેહી'ની ભાવના સાથે મુમુક્ષુઓની ભૂરી ભૂરી પ્રશંસા કરી હતી. ઉપાશ્રયના વિશાળ હોલમાં માનવમેદની ઉભરાતી હતી. મુંબઈના દૂર દૂરના પરામાંથી આવેલા સેંકડો વીર સૈનિકો અને ભાવિકો રાત્રે ૧૧ વાગ્યા સુધી સમતા અને શાંતિથી બેસીને અનુમોદના સાથે વિસ્મયમાં ગરકાવ રહ્યા હતા. મુમુક્ષુશ્રી અતુલભાઈએ પ્રેરક અને રોચક ઉદ્‌બોધન કર્યું.

(v) **ગોવાલિયા ટેંક :** અત્રે પણ શ્રી સંઘમાં દીક્ષાર્થીઓનું બહુમાન-સન્માન થતાં લગભગ ૭૫ જેટલા યુગલોએ સંપૂર્ણ અથવા આંશિક બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો હતો.

આ રીતે મુમુક્ષુઓ દ્વારા મુંબઈમાં જૈનશાસનનો જયડંકો વાગ્યો હતો. અનેક લોકોએ બ્રહ્મચર્યના પાવન ધર્મની પ્રેરણા મેળવી હતી અને લગભગ ૨૫૦થી પણ વધુ યુગલોએ 'એ વ્રત જગમાં દીવો'ની ભાવના સાથે બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો હતો.

(૬) બેંગલોર : બેંગલોર એ આબાલ બ્રહ્મવ્રત-ધારક મુમુક્ષુ શ્રી જતીનભાઈ અને ભારતીબેનની શિક્ષાભૂમિ અને કર્મભૂમિ રહી છે અને હવે દીક્ષાભૂમિ બનવાની છે. તેથી અહીંના લોકોનો ઉત્સાહ અવર્ણનીય હતો. આ બંને બ્રહ્મચારી મુમુક્ષુઓની ભાવના એવી હતી કે બ્રહ્મચર્યવ્રત સ્વીકારે તેમના ઘેર વાયણા માટે જવું. લગભગ ૧૨૫ જેટલા દંપતીઓએ ભાવોલ્લાસપૂર્વક સંપૂર્ણ અથવા આંશિક બ્રહ્મવ્રતનો સ્વીકાર કરવાપૂર્વક મુમુક્ષુઓના વાયણા-જમણ કરાવ્યા હતા. અનેક પરિવારો મુમુક્ષુઓને વાજતે ગાજતે બેન્ડવાજાની સાથે પોતાના ઘેર લઈ ગયા હતા.

આ પ્રસંગ પામીને સાધ્વીરત્ના પ્રવર્તીની વિદૂષી પૂ. સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ. સાહેબની પાવન પ્રેરણાથી ૨૦૦થી વધુ ભાવિકોએ ૫ યા ૧૦ વર્ષમાં ૯ લાખ નવકારમંત્ર ગણવાની પ્રતિજ્ઞા કરી હતી. અનેક ભાવિકોએ જીવદયામાં અમુક રકમ નિયમિત ખર્ચ કરવી, આજીવન જિનપૂજા, ૧ મહિનામાં ઓછામાં ઓછુ એક એકાસણું યા આયંબિલ, રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ આદિ વિવિધ નિયમોની પ્રતિજ્ઞા કરી હતી.

● **બેંગલોર - ગાંધીનગર** મુકામે ભારત સરકારના કૃષીમંત્રી શ્રાવકરત્ન શ્રી જે.વી. શાહ પધાર્યા હતા. તેઓશ્રીની પાવન નિશ્રામાં જે.વી. શાહ દ્વારા મુમુક્ષુઓનું ભવ્ય બહુમાન અપાર જનમેદની વચ્ચે થયેલ. ત્યારે મુમુક્ષુ જતીનભાઈએ પોતાનું નાનું પણ સચોટ વક્તવ્ય અંગ્રેજી ભાષામાં કરીને સભાને મુગ્ધ કરી હતી. બેંગલોર-ચિકપેટ મુકામે પણ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ. સાહેબની પાવન નિશ્રામાં આજ રીતે મુમુક્ષુઓનું ભવ્ય બહુમાન થયેલ. ત્યારે શ્રી સંઘે ભારે ઉલ્લાસથી મુમુક્ષુઓને શુભાશિષ આપ્યા હતા.

દીક્ષા આપવા માટે કોઈમ્બતૂરથી ઈરોડ થઈ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ પોતાના વિશાળ પરિવાર સાથે બેંગલોર પધાર્યા. પૂજ્યશ્રીનું શાનદાર-સ્વાગત સામૈયુ મુમુક્ષુ શ્રી જતીનભાઈ શાંતિલાલ શાહના

ઘેરથી શરૂ થયું. આજે બેંગલોર શ્રી સંઘનો ઉલ્લાસ સમાતો ન હતો. બેન્ડ-વાજાપૂર્વક ભવ્ય સામેયું થયું. પૂજ્યશ્રી ગાંધીનગર પધાર્યા અને માંગલિક પ્રવચન આદિ થયા.

પાંચ દીક્ષાઓના ભવ્ય કાર્યક્રમની ઝલક

- પાંચ દીક્ષા નિમિત્તે ૯ દિવસનો ભવ્ય શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાયો. પ્રતિદિન ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ તથા વિદ્વાન મુનિરાજશ્રી જયસુંદરવિજયજી મ. સાહેબના સંવેગ-વૈરાગ્ય ભર્યા પ્રવચનો.
- ભક્તિરસ પીરસવા મુંબઈથી સંગીત મંડળી સહિત પધારેલા સંગીતકાર શ્રી ઠાકુર.
- વિવિધ ધર્માનુષ્ઠાન માટે શ્રી સુરેન્દ્રભાઈ શાહ અને શ્રી બેંગલોર લબ્ધિસૂરી મંડળ પધારેલ.
- વાતાવરણને સૂરીલું બનાવવા માટે વીરમગામથી આવેલ દેશીવાદ્ય મંડળી.
- મુમુક્ષુઓના પરિવાર અને શ્રી સંઘ દ્વારા ભવ્ય અને આકર્ષક આમંત્રણ પત્રિકા.
- મુંબઈથી પધારેલા ૨૦ જેટલા વીર સૈનિકો દ્વારા સર્વત્ર સુંદર વાતાવરણનું સર્જન.
- બેંગલોરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ૩ આચાર્ય ભગવંત સહિત લગભગ ૩૯ સાધુ ભગવંતો અને ૫૦ જેટલા સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રા.
  દીક્ષાર્થીઓનો અતિભવ્ય વરસીદાનનો વરઘોડો, બેંગલોરના સ્મરણમાં યાદગાર અને અદ્વિતીય, ૦॥ માઈલ લાંબો, શહેરના મુખ્ય માર્ગો પર લગભગ ૬ કિ. મિટર ફર્યો. લગભગ ૧ લાખ લોકોએ નિહાળ્યો. મુમુક્ષુઓએ મનમૂકીને આપ્યું વરસીદાન. વરસીદાનમાં સાડીઓ, સ્ટીલના વાસણો અને કાપડને છુટ્ટે હાથે ઉછાળાયું. રૂપિયાના સિક્કા સહિત ચોખાથી ભરેલી પ્લાસ્ટીકની થેલીમાં હજારો રૂપિયા છુટ્ટે હાથે ઉછાળ્યા હતા. ચોખા નકામા ન જાય તે માટે પ્લાસ્ટીકની થેલીની સુંદર વ્યવસ્થા કરાયેલ.
- વિશાળ દીક્ષા મંડપમાં અંદાજે ૨૫ હજાર જેટલી માનવમેદની ઊમટેલી.
- દીક્ષાર્થીઓના ઉપકરણની રેકોર્ડબ્રેક ઉછામણી થઈ.
- જીવદયા અને અનુકંપાના યાદગાર કાર્યો થયા.
- અમેરિકા, મુંબઈ, મદ્રાસ, ઈરોડ, સેલમ, હુબલી, દાવણગિરિ, કોઈમ્બતૂર, કલીકટ, કોચીન, અમદાવાદ, કોલ્હાપુર, ટીપટુર, ટુમકુર, ભદ્રાવતી, નાસિક,

પીંપળગાંવ, વેલુર, કાંચીપુરમ્, વિજયવાડા, સિકંદરાબાદ આદિ અનેક સ્થળોએથી માનવ મહેરામણ ઉમટેલ.

- પત્રકાર પરિષદમાં જતીનભાઈ અને ભારતીબેને આપેલા શાનદાર ઉત્તરો સાંભળીને પત્રકારો મોંમા આંગળા નાખી ગયા.
- વિવિધ અખબારોએ દીક્ષાર્થીઓ અને દીક્ષાપ્રસંગની લીધેલી વિશિષ્ટ નોંધ.
- બોરીવલી (મુંબઈ)ના મુમુક્ષુશ્રી કનકરાય માનસંગ મહેતાએ વરસીદાન આપવાપૂર્વક પૂજ્યશ્રી પાસે દીક્ષાનું મુહૂર્ત માંગેલ અને પૂજ્યશ્રીએ મુહૂર્ત ફરમાવતા સભામંડપ 'દીક્ષાર્થી અમર રહો.....' 'દીક્ષાર્થીનો જયજયકાર'ના નાદોથી ગુંજી ઉઠયો હતો.
- બેંગલોરવાસી મુમુક્ષુઓના માતા-પિતાનું શ્રી સંઘ દ્વારા અદ્ભુત બહુમાન થયું.
- શ્રી રવિભાઈ તથા શ્રી કિરીટભાઈ આદિ ટ્રસ્ટીમંડળ અને જૈન સેવામંડળ આદિ અનેક મંડળોએ કરેલી ભવ્ય અને સુંદર વ્યવસ્થા.
- મુમુક્ષુ શ્રી જતીનભાઈના પિતાજી દ્વારા બેંગલોર-પાઠશાળાના શિક્ષકોનું આગવું બહુમાન.
- મુમુક્ષુ ભારતીબેન દ્વારા રચિત સતી અંજનાનું નાટક બહેનો માટે અને શ્રી મહાવીરસ્વામી જૈન મંદિર-પેઢી દ્વારા સંચાલિત પાઠશાળાના બાળકો દ્વારા 'શેઠ સવા-સોમાની ટુંક' એ નામનાં નાટકો ભવ્ય ભજવાયાં.
- નૂતન દીક્ષિતોના નામને જાહેર કરવાની બોલી રેકોર્ડબ્રેક રકમની થઈ.

નૂતન દીક્ષિત નામાવલી

મુમુક્ષુનું નામ	નૂતન નામ	ગુરુનું નામ
(૧) દીપકભાઈ	મુનિશ્રી હર્ષઘોષવિજયજી	પૂ. આચાર્યશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.
(૨) રતિભાઈ	મુનિશ્રી રત્નઘોષવિજયજી	"
(૩) રસિકભાઈ	મુનિશ્રી રાજઘોષવિજયજી	"
(૪) જતીનભાઈ	મુનિશ્રી જયદર્શનવિજયજી	" ના શિષ્ય તપસ્વીરત્ન પૂ. ગણિવર્યશ્રી જયસોમ વિ. મ. સા.
(૫) ભારતીબેન	સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી	સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી

હાલ પૂજ્યપાદ આચાર્યશ્રી આદિ ઠાણા-૪૦ બેંગલોર ચિકપેટમાં બિરાજમાન

છે. ચૈત્રી ઓળી પણ અહીં જ થવાની છે. પૂજ્યશ્રીનું ચાતુર્માસ હુબલી (કર્ણાટક)માં નક્કી થયેલ છે.

''દિવ્ય-દર્શન'' - **''શાસન પ્રભાવના''** વર્ષ-૪૦,અંક-૫,તા.૧૨-૧૦-૧૯૯૧

હુબલી શહેરમાં ધર્મારાધના

સં. ૨૦૪૭ નું વર્ષ હુબલી નગર માટે મોટા આશીર્વાદરૂપ નીવડ્યું છે. સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય ગુરુદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ વિશાલ પરિવાર સાથે અત્રે ચાતુર્માસ માટે પધાર્યા છે. પૂજ્યશ્રીના પ્રેરક પ્રવચનોથી અત્રેના શ્રી સંઘમાં સુંદર ધર્મજાગૃતિ ફેલાઈ ગઈ છે.

પૂજ્યશ્રીના ધામધૂમથી પ્રવેશ થયા બાદ ચોમાસી ચૌદશે વ્રત-નિયમો ઉપર સુંદર પ્રવચન થયું. એનાથી શ્રાવક-શ્રાવિકાવર્ગે યથાશક્તિ ઘણા વ્રત-નિયમો ગ્રહણ કર્યા. ચાતુર્માસ વ્યાખ્યાન શ્રવણ માટે શ્રી શ્રાદ્ધદિનકૃત્ય અને શ્રી સમરાઇચ્ચ કહા બે ગ્રન્થો વહોરાવવાની હજારોની ઉછામણી બોલાઈ. પુરુષોને રાત્રિપ્રવચનોમાં પણ પૂ.વિદ્વાન મુનિરાજશ્રી જયસુંદરવિજયજી મહારાજે યુવાનવર્ગમાં સારી જાગૃતિ આણી. ચતુર્વિધ સંઘના લાભાર્થે પૂજ્યશ્રીએ રોજ સવારે યોગદૃષ્ટિ-સમુચ્ચય ગ્રંથ ઉપર વાચનાઓ આપવાનો પ્રારંભ કર્યો તેમાં પણ ઘણા જિજ્ઞાસુઓ પોતાની જ્ઞાન-પિપાસા તૃપ્ત કરતા રહ્યા.

વિદ્યાર્થીવર્ગમાં વિશેષ ધર્મજાગૃતિ લાવવા માટે દર રવિવારે બપોરે બેથી સાડાચાર શિબિરના આયોજનમાં જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર અને જૈન ઇતિહાસના વિષયો ઉપર વાચનાઓ થઈ તેમાં પણ ઘણા વિદ્યાર્થીઓએ લાભ લીધો. તથા સ્થાનિક શ્રી સંઘના વિશેષ લાભાર્થે દર બુધવારે પૂજ્યશ્રીએ રામાયણના પ્રેરક પ્રસંગો ઉપર વ્યાખ્યાનોનો ધોધ વરસાવા માંડ્યો, શ્રોતાઓ મુગ્ધ થઈ ગયા.

પૂજ્યશ્રીની મંગલ પ્રેરણાઓથી ઘણા ઘરોમાં રાત્રિભોજન બંધ થઈ ગયા. ઘણાએ ભગવાનની પૂજા નવેસરથી ચાલુ કરી દીધી. ઘણાએ બ્રહ્મચર્ય-પાલનના અભિગ્રહ કર્યા. ઘણાએ નવકારશી વગેરે પચ્ચક્ખાણ કરવાનું ચાલુ કર્યું. ઘણા પ્રતિક્રમણ ન કરનારાઓએ સવાર/સાંજ પ્રતિક્રમણ કરવાનું ચાલુ કર્યું. ઘણાએ ચાર મહિના અથવા પાંચ તિથિ લીલોતરી ખાવાનું બંધ કર્યું. શ્રી સંઘમાં વિવિધ ધર્માનુષ્ઠાનોની રેલમછેલ ચાલુ થઈ ગઈ. પૂ. સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજી મ.ના ખાસ બહેનો માટેના બપોરના વ્યાખ્યાનોથી શ્રાવિકા સંઘમાં અનેરી આરાધનાની

સુવાસ ફેલાઈ ગઈ.

પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રી સંઘમાં રોજ ને રોજ એક સાંકળી અક્રમનાં પચ્ચક્ખાણો ચાલુ થયા. પહેલા રવિવારે ૨૪ તીર્થંકરોના ૧૨૦ કલ્યાણકોની સમૂહ આરાધનારૂપે એકાસણા અને શ્રી કલ્યાણકના પદના જાપ-અનુષ્ઠાનમાં ૩૦૦ ભાવિકો જોડાયા. અષાઢ સુદિ ૧૦ થી શ્રી ધર્મચક્ર તપની આરાધના શરૂ થઈ એમાં પણ પચાસ ઉપર આરાધકો જોડાયા છે. દરેક આરાધકને પારણામાં સામૂહિક બેસણા કરાવવા માટે ઘણા ભાગ્યશાળીઓ લાભ લેવા નામો લખાવવા લાગ્યા. બીજા એક રવિવારે ખીરના એકાસણાં સાથે શ્રી અરિહંત પદના જાપનું સુંદર સામૂહિક આયોજન થયું તેમાં ચારસો ઉપર પુણ્યાત્માઓએ ભાગ લીધો. દરેક આરાધકે પચાસ હજાર 'અરિહંત' પદનો જાપ કરવાનો હતો.

શ્રાવણ સુદિ પાંચમ-છઠ એટલે શ્રી નેમનાથ ભગવાનના જન્મ અને દીક્ષાના કલ્યાણકના પવિત્ર દિવસો. એની આરાધના માટે સામુદાયિક છઠ્ઠ તપની આરાધના થઈ. તથા માસધરના દિવસે ઘણા ભાગ્યશાળીઓએ માસખમણની ભાવનાથી અક્રમ છઠ્ઠ કે ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા. એ પછીના રવિવારે સામુદાયિક નવપદજીની આરાધના માટે આયંબીલતપનું આયોજન થયું એમાં પણ બસોથી ઉપર આરાધકોએ ભાગ લીધો. એ પછીના રવિવારે સામુદાયિક ૨૦ સ્થાનક તપના એક સાથે ચારસો ઉપવાસનું ભવ્ય આયોજન થયેલું. ૪૦૦ ને બદલે લગભગ ૪૫૦ આરાધકો એમાં હોંશે હોંશે જોડાયા. પહેલા ક્યારેય ઉપવાસ કર્યો ન હતો. એવા ૫૦ થી પણ વધુ ૫ થી ૧૦ વર્ષના બાળક-બાલિકાઓએ પહેલીવાર ઉપવાસ કર્યો એ જોઈને લોકોનાં હૃદય ગદ્‌ગદ થઈ ગયા. એ પછી એક રવિવારે સામુદાયિક સિદ્ધિતપની આરાધના થઈ એમાં પણ આરાધકોને ખૂબ આનંદ આવ્યો. જેમ જેમ પજુસણ નજીક આવતા ગયા તેમ તેમ તપશ્ચર્યાનો તો જુવાળ ચડતો ગયો. એક તો પૂજ્યશ્રી પોતે જ મહા તપસ્વી અને બીજી બાજુ પૂજ્યશ્રીની રોજ રોજ અવનવી પ્રેરણા - પછી શું બાકી રહે ! ઘણી મોટી સંખ્યામાં પુણ્યશાળીઓએ અક્રમ, અક્રાઈ, ૧૦ ઉપવાસ, ૧૧ ઉપવાસ, ૧૫ ઉપવાસ, ૨૧ ઉપવાસ, સિદ્ધિતપ, માસખમણ, શ્રેણિતપ સમોસરણતપ, વર્ધમાન આયંબીલતપનો પાયો વગેરે તપસ્વીઓના પચ્ચક્ખાણના વરઘોડા રોજ રોજ ચઢવા માંડ્યા. પૂ. મુનિશ્રી યશોવિજયજીને સિદ્ધિતપ, પૂ. મુનિશ્રી મનોરત્નવિજયજીને સમવસરણ તપ, પૂ. સાધ્વીજી ભવ્યગુણાશ્રીજીને (૩૨) માસખમણ તપ તેમજ અન્ય પણ ઘણા સાધુ-સાધ્વીજીઓને ઉત્તરાધ્યયન વગેરે સૂત્રોના યોગોદ્વહનના તથા આંબેલની ઓળી તપ વગેરેથી, તેમજ શ્રાવક-શ્રાવિકા સંઘમાં થઈ રહેલા વિવિધ તપોથી સારા યે હુબલી

શહેરમાં તપાદ્વૈતનું ગુંજન ચાલુ થઈ ગયું. ઉપરાંત ઘણી મોટી સંખ્યામાં સંઘપૂજન અને પ્રભાવના વગેરે થતા રહ્યા. પૂ. સાધ્વીજીશ્રી ભવ્યગુણાશ્રીજી (સંસારી નામ ભારતીબેન) કે જેઓએ બેંગલોરમાં ચાલુ વર્ષે દીક્ષા ગ્રહણ કરી હતી તેઓને સંસારીપણામાં બેસણાનો તપ પણ મુશ્કેલીથી થતો તેમને પ્રથમ ચાતુર્માસમાં જ પરાક્રમ ફોરવીને ચાલુ ધર્મચક્ર તપમાં જ ૩૨ ઉપવાસની તપસ્યા કરી. ભા.સુ. ૬ ના પારણા પ્રસંગે તેઓશ્રીના સંસારી પિતા લક્ષ્મીચંદ સંઘવી માતુશ્રી ઇંદુબેન તથા સસરા શ્રી શાંતીલાલ જે. શાહ બેંગલોરથી આવેલ. તપસ્યાની અનુમોદના નિમિત્તે તેમના તરફથી સંઘમાં ઘરદીઠ મીઠાઈના પેકેટની પ્રભાવના કરેલ. મુનિશ્રી શિવસુંદર વિ.મ.ના શ્રી મહાનિશીથસૂત્રના યોગની પૂર્ણાહુતિ નિમિત્તે તેમના સંસારી કુટુંબીઓ નેરથી આવેલ તેમના તરફથી ૧૦૮ પાર્શ્વનાથપૂજન સંઘપૂજન - સ્નાત્રમહોત્સવ પ્રભાવનાદિ થયેલ. વિધિ માટે બેંગલોરથી શ્રી જુગરાજજી પધારેલ. ભવ્ય અંગરચના થયેલ. પૂજન ઠાઠથી થયું.

પર્યુષણમાં પૂજ્યશ્રીએ વૃદ્ધવયે પણ રોજ બે-બે ત્રણ-ત્રણ કલાક સુધી સળંગ પાંચ કર્તવ્યો, ૧૧ કર્તવ્યો અને પૂ. મુનિરાજશ્રી જયસુંદરવિજયજી મહારાજે કલ્પસૂત્ર-બારસા સૂત્રના માર્મિક પ્રવચનો પ્રસારિત કર્યા. વ્યાખ્યાનસભામાં તો પગ મૂકવાની પણ જગ્યા રહેતી ન હતી. રોજ સવારે દેરાસરમાં સ્નાત્ર અને રાત્રે ભાવના પણ બેસતી હતી. ભગવાન મહાવીર જન્મ કલ્યાણક વાંચન પ્રસંગે ૧૪ સ્વપ્ન, ભગવાનનું પારણું બાર મહિનાના સાધારણના તથા અષ્ટપ્રકારી પૂજા, પ્રતિક્રમણ સૂત્રો, કલ્પસૂત્ર-બારસાસૂત્ર વહોરાવવાના તથા તપસ્વીઓને પારણા કરાવવાના ચઢાવા રેકર્ડરૂપ થયા. દેવદ્રવ્ય આદિ ખાતાઓમાં સારી ઉપજ થઈ. તદુપરાંત બહારગામથી - રાજસ્થાનના મહાવીરજી તીર્થની સુરક્ષા માટે વર્ષોથી પ્રયાસ કરનારા પલ્લીવાલ સંઘના આગેવાનો તીર્થરક્ષા માટે જરૂરી ફંડ કરવા આવ્યા હતા તે માટે પણ પૂજ્યશ્રીએ સારી પ્રેરણા કરી અને સુંદર ટીપ થઈ. લગભગ ૨૫૦ થી ૩૦૦ ની મોટી સંખ્યામાં શ્રી સંઘમાં અઠ્ઠાઈ કે તેની ઉપરની મોટી તપશ્ચર્યાઓ થયેલી જોઈને લોકો ખૂબ અનુમોદના કરવા માંડ્યા. પજુસણપર્વમાં ચોસઠ પ્રહરી પૌષધ પણ પુરુષોમાં ૨૬ અને બહેનોમાં ૪૮ લગભગ થયા. તે ઉપરાંત પહેલા અને છેલ્લા દિવસે તેમજ વચમાં પણ છૂટા છૂટા ઘણા પુણ્યશાળીઓએ પૌષધ કર્યા. સંવત્સરીના પર્વ દિવસે ચૈત્યપરિપાટી કર્તવ્યની આરાધના ઉપરાંત જેઓથી અઠ્ઠાઈ ન થઈ શકી તે ઘણા બધાએ મોટી સંખ્યામાં અઠ્ઠમની આરાધના કરી. શ્રી સંઘમાં નવા બંધાયેલા આયંબીલભવન માટે તેમજ ધાર્મિક પાઠશાળા માટે પણ સરસ ટીપો થઈ. આઠે દિવસ જૈન યુવા મંડલના યુવાનો અને જૈન મહિલા મંડલના બહેનોએ વ્યવસ્થા

જાળવવામાં ખૂબ જ પ્રશંસનીય સહકાર આપ્યો જેથી દરેક આરાધનાના કાર્યો સારી રીતે ઉજવાયા.

હુબલી પાસે ધારવાડ શહેરમાં પર્યુષણાની આરાધના માટે પૂ. ગણિવરશ્રી જયસોમવિજયજી મહારાજ આદિ ચાર ઠાણા પધારેલા. તેમની નિશ્રામાં ત્યાં પણ તપશ્ચર્યા વગેરેની સારી એવી ધામધૂમ તેમજ દેવદ્રવ્ય વગેરેની સારી ઉપજ આદિ ધર્મકાર્યો થવા પામ્યા.

હુબલીમાં કચ્છી દ. ઓ. ગુજરાતી જૈન સંઘના ઉપાશ્રયે પર્યુષણ દરમ્યાન રોજ વ્યાખ્યાન માટે પૂ. મુનિશ્રી ગુણસુંદર વિજય મહારાજ પધારતા. ગુજરાતી જૈન સંઘમાં પણ તપશ્ચર્યા, દેવદ્રવ્ય વગેરેના ચઢાવા આદિ સુંદર કાર્યો થયા.

અત્રે ચાતુર્માસથી માંડીને રોજ નવી નવી ડીઝાઈનની સુંદર આંગીઓ રચાય છે. એમાં ય પજુસણમાં તો વિશિષ્ટ આંગીઓની રચના થઈ.

એક બાજુ મહારાષ્ટ્ર-ગુજરાતના ઘણા સંઘો અને મહાત્માઓ ત્યાં પધારવા માટે વારંવાર વિનંતીપત્રો લખી રહ્યા છે તો બીજી બાજુ દક્ષિણના સંઘોમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી જે ચેતના પ્રગટી છે તે જોઈને દક્ષિણના સંઘો હજુ પણ પૂજ્યશ્રીને અનેક પ્રતિષ્ઠા આદિ ધર્મકાર્યો માટે દક્ષિણમાં રોકાવા આગ્રહ રાખે છે.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૪૦,અંક-૧૩,તા.૨૮-૧૨-૧૯૯૧

નરગુંદ પ્રતિષ્ઠા મહોત્સવ

● **હુબલી :** અત્રે પર્યુષણામાં ૧૧ ઉપવાસ અને તેનાથી ઉપરની તપસ્યાવાળાને શ્રી શંખેશ્વર-પાલીતાણાની યાત્રા કરાવવાની એક સદ્‌ગૃહસ્થની જાહેરાત મુજબ ૧૫૨ તપસ્વીઓને ચાતુર્માસ પૂર્ણ થયા બાદ યાત્રાએ લઈ જવામાં આવ્યા. ચોમાસા દરમિયાન જન ઉત્સાહ એટલો બધો હતો કે પર્યુષણામાં ઉપરોક્ત તપસ્યા ઉપરાંત ધર્મચક્રતપ વગેરે અનેકાનેક તપસ્યાઓ ચાલી હતી. નવપદજીઓળી દરમિયાન નવા વર્ધમાનતપના પાયા તથા ઓળીઓ સારી સંખ્યામાં થઈ. એક સદ્‌ગૃહસ્થ તરફથી ઓળીનો બોલી બોલીને લાભ લેવાયો. ઓળીવાળાને સ્ટીલની પરાતની પ્રભાવના કરાઈ. બહેનોમાં મોક્ષદંડક તપ વગેરે પણ થયા. સ્કૂલ-કૉલેજમાં દશેરા-દિવાળીની રજા હોવાથી ૧૫ દિવસીય નાની-મોટી શિબિરનું આયોજન કરવામાં આવ્યું. મોટી શિબિરમાં ૧૦૦ અને નાની-બાળકોની શિબિરમાં ૧૨૫ છાત્ર-છાત્રાઓને જૈન તત્ત્વજ્ઞાન-જૈન આચાર-જૈન ઇતિહાસનું શિક્ષણ આપવામાં આવ્યું.

વિદ્યાર્થીઓએ એની નોટસ પણ સુંદર બનાવી. અંતે લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ઉત્સાહથી અને ખંતથી ભણતા હોવાથી પરીક્ષાનું પરિણામ લગભગ ૭૫% / ૮૦% આવ્યું. અને ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને સુંદર પ્રમાણપત્ર સહિત ૧૧૦૦૦, રૂપિયાના ઈનામો વહેંચવામાં આવ્યા. વિદ્યાર્થીઓનાં સાંસ્કારિક ઘડતરમાં શિબિર દરમિયાન ૨૫૦૦ ઉપર સામાયિકો થયા. કેટલાકોએ વિધિ સહિત નવપદ ઓળી પણ કરી. અને પછીની જીવનચર્યામાં રોજ માટે જિનપૂજા નવકારશી તિવિહાર કંદમૂળ-અભક્ષ્ય ત્યાગ - રાત્રિભોજન ત્યાગ-૭ વ્યસનનો ત્યાગ-માતા-પિતાને પ્રણામ-સિનેમા ત્યાગ વગેરે અનેકાનેક સુંદર નિયમો અપાયા. આની સુંદર ફળશ્રુતિ એ થઈ કે સાવ તદ્દન અજાણ્યા વિદ્યાર્થીઓને મંદિર વિધિ શું, જૈનપણાના આચાર કયા કયા, જૈન જીવનમાં કર્તવ્ય કયા કયા વગેરેનો બોધ મળ્યો. સંઘને પણ ભવિષ્ય માટે શિબિર પ્રવૃત્તિની અતિ આવશ્યકતા સમજાઈ. સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજના સાંનિધ્યમાં થયેલ ચાતુર્માસિક શિબિર વિદ્યાર્થીનીઓની પરીક્ષા લેવાઈ અને સારા ઈનામો અપાયા.

ચોમાસું પૂર્ણ થતા પહેલા બીજાપુર સંઘના ભાઈઓની ઉપધાન કરાવવા ખાસ વિનંતી હોવાથી કોલ્હાપુર-સાંગલી-નીપાણી બેલગામ શહેરના સંઘની એમના ક્ષેત્રને પાવન કરવાની ઘણી વિનંતી હોવા છતાં બીજાપુર વણસ્પર્શ્યું રહી જતું હોવાથી પૂજ્ય આચાર્યશ્રી જયશેખરસૂરિજી આદિની નિશ્રામાં કા.વ. ૧૧ થી ઉપધાન કરાવવાની આજ્ઞા આપી અને પોતે ઉપધાન માળ પહેલા પધારવાની સંમતિ આપી. દરમિયાન હુબલી-બીજાપુરના માર્ગ પર આવતા નરગુંદ શહેરમાં જિનમંદિરમાં મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાન તથા અન્ય પ્રભુજીની પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારવાની પૂજ્યશ્રીએ પહેલાં સંમતિ આપી હોવાથી ચોમાસું પૂર્ણ થયે તે તરફ તરત વિશાલ પરિવાર સાથે વિહાર કર્યો. પૂજ્યશ્રીની અત્રેથી વિદાય થતી હોવાથી સંઘના બાળકથી માંડીને વૃદ્ધ સુધીના સૌની વિરહ વેદના અશ્રુવાટે દેખા દેખી હતી. કોઠારી કુટુંબે સંઘપૂજનાદિ કર્યું. કેશવાપુર શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી વિહાર લંબાવ્યો. નરગુંદ પધારતા સંઘે સામૈયા સાથે પધરામણી કરાવી. અત્રે જિનમંદિર ન હોવાથી નરગુંદથી શ્રી શાંતિનાથ પ્રભુજીને લાવી પધરાવી પૂજા રાખેલ. એમાં સંઘનો હરખ વધી જતાં પૂ. આચાર્યદેવશ્રીએ ગૃહમંદિર કરવાનો ઉપદેશ આપતાં શ્રી રતનચંદ હરકચંદ બાગરેચાની ભાવના વધતાં પોતાના મુકામમાં ગૃહમંદિર કરવાનું નક્કી કર્યું. પ્રભુજીને શુભમુહૂર્તે ગૃહમંદિરમાં બેંડવાજા અને સંઘના ઉલ્લાસ સાથે પધરાવવામાં આવ્યા. બાદ પ્રભાવના કરાઈ. કા.વ. ૫ ના સવારે પૂજ્યશ્રીનો પ્રવેશ નરગુંદ શહેરમાં હોવાથી સામૈયાદિના ચઢાવા પણ સુંદર થયેલ.

સંઘનો ઉલ્લાસ ઘણો હતો. પૂ.આ. શ્રી ધનપાલસૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તી પૂ. સાધ્વીજીશ્રી વસંતપ્રભાશ્રીજી આદિ ઠા. ૧૩ તેમજ પૂજ્યશ્રીના વિશાલ પરિવાર સાથે ભવ્ય સામૈયું થયું. દેરાસરની આખી ગલી અને મુખ્ય બજારને લાઈટિંગ-ધજા-પતાકા અને બેનરોથી સુશોભિત કરાયું હતું. બેંક-પોસ્ટ-ટેલિફોન-પોલિસ-મ્યુનિસિપાલીટી આદિના ઑફિસરો કર્મચારીઓ તેમજ બજારના મુખ્ય મુખ્ય આગેવાન વ્યાપારી આદિ ૨૦૦૦ ઉપરાંત સંખ્યામાં પ્રતિષ્ઠા નિમિત્તે જમણ આપવામાં આવ્યું. વદ-૭ થી પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ થયો. પૂર્વે દરરોજ નાસ્તો-બપોર સાંજની નવકારશીના ચઢાવા લેનાર ભાઈઓનું સંઘ તરફથી બહુમાન કરવામાં આવતું. સાફો પહેરાવવાનો તેમજ તિલક-હાર પહેરાવવાનું દૃશ્ય અનેરું બનતું. નવકારશીની એક સાથે સારી વ્યવસ્થા થાય તે માટે ગામની બહાર જિનીંગ ફેક્ટરીમાં જમવાનું રાખેલ અને તે માટે સંઘને જવા-આવવા માટે ૭ જીપ અને બે ગાડીની સંઘ તરફથી વ્યવસ્થા થયેલ. કુંભ સ્થાપના-પાટલાપૂજનાદિ પૂજનો તેમજ પૂજાઓમાં પ્રભુભક્તિની રમઝટ રહેતી. ખાસ પૂજાદિ માટે ભવ્ય મંડપ શણગારવામાં આવેલ. શનિવારે સવારે ૧૮ અભિષેક ધ્વજદંડ પૂજન-કળશ પૂજનાદિ થયા. બપોરે રથયાત્રાનો ભવ્ય વરઘોડો ખૂબ ઠાઠથી નીકળેલ. લક્ષ્મીસર - સીરહટ્ટી - સૌદંતી - રામદુર્ગ - રોન - બોગલકોટ - અન્નીગેરી નવલગુંદ-ધારવાડ - હુબલી વગેરે આજુબાજુના તેમજ સાંગલી-ઈચલકરંજી-કર્નુલ-બેંગલોર-મદ્રાસ-ટુમકુર-મલેબેન્નુર વગેરેગામોથી સારી સંખ્યામાં લોકો આવતાં વરઘોડામાં જનમેદની ચિક્કાર થઈ. હુબલીના પ્રખ્યાત દરબાર બેંડે મીઠા અવાજોથી આકાશ ભરી દીધું હતું. મૂળનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાન તથા બે બાજુ શ્રી મુનિસુવ્રતસ્વામી અને શ્રી આદીશ્વર ભગવાનના નયનરમ્ય આરસના ભવ્ય બિંબો ગાદી પર બિરાજમાન કરવાના ચઢાવા પણ સારા થયા. કા.વ. ૧૧ ના સવારે પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ તથા સિદ્ધાંત દિવાકર પ.પૂ.આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. આદિના શુભ હસ્તે મંગળ મુહૂર્તે વાસક્ષેપ કરવાપૂર્વક પ્રતિષ્ઠા વિધિ થઈ. થાળીડંકા-ઘંટનાદ અને બેન્ડની સુરાવલિથી આખા નગરને ગજવી મૂક્યું. મંદિરના શિખરે કળશ તેમજ ધ્વજ ફરકાવવામાં આવ્યો અને શિખર પરથી ખોબે ખોબા ભરી ચલણીનાણાના સિક્કાઓ ઉછાળવામાં આવેલ. વિધિકારક શ્રી અરવિંદભાઈ નીપાણીવાલાએ બધી વિધિ સુંદર કરી. બપોરે શ્રી શાંતિસ્નાત્ર ભણાવ્યું. કા.વ. ૧૨ ના પૂજ્ય આચાર્યદેવશ્રી આદિ ચતુર્વિધસંઘ સાથે દ્વારોદ્‌ઘાટન થયું. ગદગ શ્રી મહાવીર મંડળ તેમજ સ્થાનિક નવયુવક મંડળે સારી સેવા બજાવી. જૈનોની નાની વસતી હોવા છતાં પ્રસંગ ખૂબ સુંદર ઉજવાયો. બહારના મહેમાનો બોલતા હતા

કે અમને આટલી કલ્પના નહોતી કે નાના ગામમાં આટલી બધી સગવડ મળશે. બધો પ્રભાવ ભગવાન શ્રી શ્રેયાંસનાથ દાદાનો કે મહોત્સવ દરમિયાન આખા ગામમાં કોઈ માંદુ નથી પડ્યું કે કોઈનું મરણ થયું નથી, અને દરેકે દરેક પ્રસંગ યાવત્ ત્રિટંકના જમણ પણ યશસ્વી થયા. પ્રતિષ્ઠાદિને શહેરના કતલખાના બંધ રાખવામાં આવેલ. એકંદરે પ્રસંગ યાદગાર બન્યો. નવલગુંદ-અન્નીગેરી-રામદુર્ગ વગેરે બાજુના ગામમાં દરેક જૈનોના ઘરે મીઠાઈના પડિકા અપાયા.

ગદગનગરના ઈતિહાસમાં પહેલી વાર થયેલી જિનશાસન-પ્રભાવના

પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુણ્ય નિશ્રામાં નરગુંદમાં પ્રતિષ્ઠા મહોત્સવ થયો. ત્યારબાદ બીજાપુર જવાનો પ્રોગ્રામ હતો. પરંતુ વચમાં ગદગ જૈન સંઘે પૂજ્યશ્રીને ગદગ પધારવાની આગ્રહભરી વિનંતી કરી. ગદગ જવામાં વિહાર લાંબો થતો હતો છતાં પૂજ્યશ્રીએ ગદગ જૈન સંઘની વિનંતીનો સ્વીકાર કર્યો અને ગદગ તરફ પ્રયાણ કર્યું. તા. ૮-૧૨-૯૧ના દિવસ ગદગ શહેરનો પ્રવેશ નક્કી થયો. સંઘના આગેવાન શ્રી છગનલાલજી વગેરે મહાનુભાવોએ ભવ્ય પ્રવેશની તૈયારી શરૂ કરી. સ્થાનિક મહાવીરમંડળના યુવાનોએ ગદગ શહેરના મુખ્ય બજારો તેમજ દેરાસરનો વિશાળ પટાંગણ આદિને ધજા-પતાકા-ઝરીના તોરણો વગેરેથી શણગાર્યો. તા. ૮ ના મહાવીર સર્કલથી સવારે ૯ વાગે સ્વાગતયાત્રા શરૂ થઈ. સૌથી આગળ ગજરાજ લોકોનું ધ્યાન ખેંચતો હતો. બેલગામના સુપ્રસિદ્ધ બેંડે મધુર સૂરાવલીથી આખા નગરને ગજાવી મૂક્યું. મુખ્ય બજારોમાં સ્વાગતયાત્રા ૨।। કલાક ફરીને જૈનભવનમાં ઊતરી. સ્વાગતગીત થયા બાદ પૂજ્યશ્રીનું વૈરાગ્યસભર પ્રવચન થયું. યોગાનુયોગ આજના શુભ દિવસે પૂજ્યશ્રીના આચાર્યપદવીના ૨૦ વર્ષમાં પ્રવેશ દિવસ હતો. તે નિમિત્તે પૂજ્યશ્રીને કામળી ઓઢાડવાની તેમજ ગુરુપૂજનની સારી ઉછામણી થઈ. શ્રી મીશ્રિલાલજી પીરાજી પરિવાર (મોકલસર વાળા)એ કામળીની તેમજ ગણેશમલજીએ ગુરુપૂજનનો લાભ લીધો. ગદગ સંઘે મૌન એકાદશીની આરાધના સુધી રોકાવાની અતિ આગ્રહભરી વિનંતી કરી. તેમજ ત્યાં સુધીના દિવસોમાં તપ-જપ-જિનભક્તિ આદિના અનુષ્ઠાનોનો કાર્યક્રમો નીચે મુજબ નક્કી થયો. અને પત્રિકામાં જણાવવામાં આવ્યું કે ''શ્રી ગદગ જૈન સંઘના મહાન સૌભાગ્યથી પધારેલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબની પાવન નિશ્રામાં તપ-જપ-ધ્યાનના ભવ્ય

અનુષ્ઠાનમાળાનું આયોજન કર્યું છે. અહીં પૂર્વે નહિ થયેલ તેમજ ભવિષ્યમાં કોને ખબર ક્યારે થશે એવી અનેરી આરાધના અવશ્ય કરો અને અભૂતપૂર્વ કર્મનિર્જરા અને લખલૂંટ પુણ્યાનુબંધી પુણ્ય કમાઓ.''

● તા. ૧૨-૧૨-૯૧, ગુરુવારના જીવનભર સ્મરણીય **'અરિહંત'** પદનો ૫૦ હજારનો જાપ-ધૂન-દેવવંદન. **તપ :** ખીરનું સામૂહિક એકાસણું. વ્યાખ્યાનમાં 'અરિહંત' પ્રભુના અદ્ભુત ગુણગાન થયા.

● તા. ૧૩-૧૨-૯૧, શુક્રવારના ક્યારે ય ન સાંભળી હોય એવી વિવિધ રાગો સહિત આખ્યાનરૂપ **'અષ્ટાપદજીની મહાપૂજા'** સવારે ૮-૩૦ વાગે. સાંજે કુમારપાળ મહારાજાની ભવ્ય સવારીયુક્ત સામૂહિક આરતિ. સર્વે મહાનુભાવો પોતાના ઘેરથી દીપક લઈને આવવું.

● તા. ૧૪-૧૨-૯૧, શનિવારના જનમ જનમના અસંખ્ય પાપાનુબંધો તોડનારી અને 'મિચ્છામિદુક્કડં' અને ભવોભવના છોડેલા પુદ્ગલોને વોસિરાવવાનું અભૂતપૂર્વ અનુષ્ઠાન અને શ્રાવકના સંક્ષેપથી ૧૨ વ્રતનું ઉચ્ચારણનું અનુષ્ઠાન શ્રી અરિહંત ભગવાનની સમક્ષ કરાવવામાં આવશે. સવારે ૮-૩૦ વાગે. **તપ** - શક્ય હોય તો આયંબિલ.

● તા. ૧૫-૧૨-૯૧, રવિવારના પ્રશ્નોત્તરી. પોતાના પ્રશ્નોની ચિઠ્ઠીઓ શનિવાર સુધી ઉપાશ્રયમાં રાખેલ પેટીમાં નાખવી. સાંજે ૬ વાગે **''ભવ્ય મહાપૂજા''**નું ઉદ્ઘાટન-દર્શન.

● તા. ૧૬-૧૨-૯૧, સોમવાર - ૧। લાખ નવકાર-મંત્રનો સામૂહિક જાપ દરેકે ૧૦-૧૦ પાકી નવકારવાળી ગણવાની રહેશે.

● તા. ૧૭-૧૨-૯૧, મંગળવાર - **મૌન એકાદશી.** સવારે ૬ વાગે પૌષધ. ૮-૩૦ વાગે વ્યાખ્યાન. ભગવાનના ૧૫૦ કલ્યાણની ૧૫૦ માળા ગણવી. બપોરે ૨ વાગે દેવવંદન, સાંજે ૬ વાગે પ્રતિક્રમણ.''

તા. ૧૨. આજે **''અરિહંત''** પદના ૫૦ હજારનો જાપ કરવા માટે સ્પેશિયલ કાર્ડ છપાવીને આપવામાં આવેલ. જેથી મનથી યાદ કરીને નહિ પરંતુ આ કાર્ડ વાંચીને જ જાપ કરવાનો હતો. અક્ષર વાંચવાના હોવાથી મનની એકાગ્રતા સારી રહે છે, આખા દિવસમાં ૫૦ હજારવાર 'અરિહંત' અક્ષર વાંચવાના હોય છે. મનની એકાગ્રતા સારી કેળવાય છે. લોકોને જીવનમાં પહેલીવાર આવી માનસિક એકાગ્રતાનો સારો અભ્યાસ મળ્યો. એક સદ્ગૃહસ્થ તરફથી ખીરના એકાસણા કરાવવામાં આવ્યો.

તા. ૧૩. આજે અષ્ટાપદજીની પૂજા સહિત આખ્યાનનો કાર્યક્રમ હતો. એમાં સાંભળનારને જીવનમાં પહેલીવાર પૂજાની નવી નવી તર્જો અને પૂજાની કડીયે કડીનું અર્થ વિવેચન સાંભળવા મળ્યું. શ્રી ઋષભદેવ ભગવાનના કેટલાક જીવન-પ્રસંગોનું આખ્યાન સાંભળવા મળ્યું. આનાં વિસ્તૃત વિવેચનના સમાચાર હવે પછી પ્રગટ થશે. સાંજે કુમારપાળ મહારાજાની સામૂહિક આરતીનો કાર્યક્રમ હતો. એ માટે કુમારપાળ મહારાજા, સામંતરાજાઓ, નગરશેઠ, મહામંત્રી. સેનાપતિ આદિના ચઢાવા અષ્ટાપદજીની પૂજા પ્રસંગે સારા બોલાયેલ. કુમારપાળ મહારાજા સમ્રાટના વેશમાં પોતાની મહારાણીની સાથે શણગારેલી ગાડીમાં બેસી વરઘોડો-સાંજે ૬ વાગે નીકળી એમાં જનસમૂહ સારી સંખ્યામાં સામેલ થયેલ. સવારી મંદિરની પાસે આવી. મહાનુભાવો પણ પોતપોતાના દીપક હાથમાં લાવેલ. ૧૦૮ દિવાની આરતી સાથે બધાએ પોતાના દીપક પ્રગટાવ્યા અને 'જય જય આરતી... સમૂહમાં લોકોએ ગાવાનું શરૂ કર્યું. તેમજ 'દીવો, દીવો દીવો રે...' મંગળદીવો પણ સમૂહમાં ગાવામાં આવ્યો. લોકોનો ઉલ્લાસ એટલો બધો વધી ગયો કે આરતી બાદ 'જય જય બોલો પારસનાથ...'ની ધૂન કલાકેક ચાલુ રહી.

તા. ૧૪. આજે બાર વ્રત ઉચ્ચારણાદિનો કાર્યક્રમ હોવાથી વિશાળ હોલમાં નાણ-સમોવસરણ સ્થાપિત કરવામાં આવ્યું. ભગવાનની સમક્ષ પહેલાં ગત જન્મોમાં પોતાના છોડેલા પૃથ્વીકાયાદિ શરીરોના પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા કરાવવામાં આવી. શ્રી ભગવતીસૂત્રમાં પ્રભુ મહાવીર ભગવાને ગૌતમસ્વામીને જણાવ્યું છે કે જીવ દરેક ગતિમાં પોતાના શરીરનું મમત્વ છોડતો નથી તેથી મરણ બાદ તે મૂકેલા શરીરોથી થનારી હિંસા આદિ ક્રિયાઓ અને વિષય-વિલાસની ક્રિયાઓથી થનારા પાપો લાગે છે. તેવી જ રીતે ભવોભવ શરીર ઉપરાંત છોડેલી જડ-ચેતન માલમિલકતની મમતા પણ મૃત્યુ સમય છોડી નથી તેથી તેનાથી થનારી પાપક્રિયાઓના પાપ તેના માલિક જીવને લાગે છે. તેથી પૂર્વ ભવના પુદ્ગલ વોસિરાવવા જોઈએ. આ ક્રિયામાં ગતિ-ગતિના નામ લઈ તે પુદ્ગલોને વોસિરાવવાના. બાદમાં પૂર્વ જન્મોના જે દુષ્કૃતો કર્યા છે, તે પણ આવેશ-આસક્તિ અને કઠોરતાની સાથે કર્યા હોય તેના અશુભ અનુબંધ યાને પાપાનુબંધ આત્મા પર લાગે છે. જેથી જીવને આગળ આગળ પાપબુદ્ધિ થતી રહે છે. તે અશુભ અનુબંધોને તોડવા માટે આજના અનુષ્ઠાનમાં દરેક ગતિમાં થયેલા પાપોનો 'મિચ્છામિદુક્કડં' આપવામાં આવ્યો. પછી બાર વ્રતનું ઉચ્ચારણ કરાવાયું. આવા પ્રદેશમાં પહેલી વાર આવું અનુષ્ઠાન કરવામાં આવતા લોકોને અપૂર્વ આનંદ થયો અને તત્ત્વબોધ મળ્યો.

તા. ૧૫. આજે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ હતો. આવેલા પ્રશ્નોનો પૂજ્યશ્રીએ સરળ રીતિથી સમાધાન આપ્યું. જેમાં ભગવાનની પૂજામાં હિંસા થાય છે તો પૂજા શા માટે અને કેમ કરવી ? ઉત્તરમાં બતાવ્યું કે આ સ્વરૂપ હિંસા છે તે દોષરૂપ નથી. જેમકે ચાતુર્માસમાં વરસાદમાં ચાલીને વ્યાખ્યાન સાંભળવા જવામાં દોષ નથી... વગેરે. સાંજે 'મહાપૂજા'નું ઉદ્ઘાટન હતું. તે માટે અત્રેનું સ્થાનિક મહાવીર યુવક મંડળ વીર બાલિકા કન્યા મંડળ ઉપરાંત જૈન યુવક મંડળ હુબલી અને શ્રી પાર્શ્વનાથ ભગવાનના મોટા મંદિરમાં પ્રભુજીની ભવ્ય અંગરચના, મંદિર તેમજ બહારના વિશાળ પટાંગણની શોભા-સજાવટ કરવામાં આવી હતી. જેથી પ્રવેશદ્વારથી જ દિવ્ય ડેકોરેશનના દર્શન થતા. બંને બાજુમાં ધાતુની યાંત્રિક બે અપ્સરાઓની મૂર્તિ કલશમાંથી સતત ધારાએ પાણી વહેવડાવતી હતી. ખૂબી એ હતી કે પાણી નવું નવું નહિ પણ એનું એજ હતું. દેરાસરની એક બાજુ સમોવસરણની ભવ્ય રચના તેમજ બીજી બાજુ પાવાપુરીની રચના કરવામાં આવેલ. એક સાઈડમાં ભગવાન મહાવીરસ્વામીને કેવળજ્ઞાન અને બીજી સાઈડમાં ચંદનબાળા દ્વારા પ્રભુને પારણા પ્રસંગની રંગોળી, તેમજ રંગમંડપમાં કમળના નવકાર મહામંત્રની આકર્ષક રંગોળી કરેલ. તેમજ દેરાસરના પટાંગણમાં ચંડકૌશિકના ઉપસર્ગને બતાવતું જંગલનું દશ્ય ખડું કરાયેલ. તેમજ આખા મંદિરને તેમજ થાંભલા-ભીંતો વગેરેને ફૂલોથી શણગારેલ. ઉદ્ઘાટનવિધિ થયા બાદ પ્રથમ આરતી-મંગળ દીવો-સમૂહ રીતે થયેલ. તેમાં પ્રભુભક્તિની રમઝટ મચેલ. દેરાસરના પ્રાંગણમાં સ્ટેજપર શ્રી શાંતિનાથ જૈન સંગીત મંડળ, હુબલીને ભાવનાનો પ્રોગ્રામ આપેલ. લોકોનો દર્શન માટે પ્રવાહ ઠેઠ રાતના ૧૧ વાગ્યા સુધી ચાલુ રહ્યો.

તા. ૧૬. આજે સવા લાખ નવકારમંત્રનો સામૂહિક જાપ કરવાનો હતો. દરેકને નવકારમંત્રના કાર્ડ વાંચીને ૧૦ માળાનો જાપ કરવાનો હતો. પ્રવચનમાં નવકાર મહામંત્રનો મહિમા સમજાવતા ઘણા ભાગ્યશાળીઓએ ૫-૮ વર્ષમાં નવલાખ નવકારના જાપ પૂરા કરવાના નિયમો લીધા.

તા. ૧૭. આજે મૌન એકાદશીનું મહાપર્વ હતું. સંઘને પહેલેથી સમજાવેલ હતું કે પૌષધાદિપૂર્વક આરાધના કરવાની. એમાં આજના ૯૦ ભગવાનના ૧૫૦ કલ્યાણકની આરાધનાથી ૧૫૦ ગણો લાભ મળે છે. પૌષધો સારી સંખ્યામાં થયેલ. પ્રવચનમાં પૂજ્યશ્રીએ ફરમાવેલું શ્રી મલ્લિનાથ ભગવાનના પૂર્વ જન્મમાં મહાબલ રાજર્ષિએ કનકાવલી તપ આદિ ભીષ્મ તપની એવી આરાધના કરી હતી કે જેથી ઘાતિકર્મ એવા નાશ થઈ ગયા હતા કે શ્રી મલ્લિનાથ ભગવાનના ભવમાં ૫૫ હજાર વર્ષની જિંદગીમાં માત્ર ૧૦૦ વર્ષની ઉંમરે ચારિત્ર લીધું અને એજ દિવસે

ઘાતિકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમજ પૂર્વભવના ૬ મિત્ર રાજાઓએ પણ સાથે ચારિત્ર લઈને બધા અનુત્તર વિમાનમાં ગયા અને અહીં પણ મલ્લિનાથ ભગવાન સાથે દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું હતું. આ બધા પ્રસંગોનું રોચક વર્ણન સાંભળી શ્રોતાઓને અનન્ય આનંદ થયો. પછી સુવ્રતશેઠની મૌન એકાદશીની આરાધના અને એમાં ચોરી કરવા આવેલા ચોરોને રાજા પાસેથી અભયદાન દેરાવવાનું નક્કી કરાવ્યા બાદ જ પારણું કરવાનું નક્કી કર્યું, તેમજ સુવ્રતશેઠની આરાધનાનો એવો ભવ્ય પ્રભાવ પડ્યો કે બજારમાં આગ લાગી અને બીજી દુકાનો-વખારો બળ્યા છતાં સુવ્રતશેઠની દુકાન-વખાર બળ્યા વિના સમુદ્ર વચ્ચે દ્વીપની જેમ અખંડ ઊભી રહી. સુવ્રતશેઠે દીક્ષા લીધા પછી પણ મૌન એકાદશીની આરાધનામાં દૃઢતા રાખેલી. તેની ઈન્દ્રે પ્રશંસા કરવાથી દેવતા પરીક્ષા કરવા આવેલા. તેમાં પણ ઉત્તીર્ણ થઈ દેવતાને પ્રભાવિત કર્યા. કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જગત પર ઉપકાર કરી મોક્ષે પધાર્યા.

ગદગ સંઘને આ બધું શ્રવણ અભૂતપૂર્વ હતું. તેથી ચિરસ્મરણીય બન્યું.

તા. ૧૮ ના પૂજ્યશ્રીનો સપરિવાર સવારે બીજાપુર તરફનો વિહાર હતો પરંતુ સંઘનો પ્રવચન શ્રવણ કરાવ્યા બાદ બપોરનો વિહાર નક્કી કરવાની વિનંતી થઈ. બપોરે બે વાગેથી વિદાય આપવા માટે લોકો ભેગા થવા લાગ્યા. ત્રણ વાગે વિહારનો પ્રારંભ થયો. લોકોની સંખ્યા એટલી બધી વધી કે જાણે ચાતુર્માસ પૂર્ણ કરી પૂજ્યશ્રી પધારતા ન હોય ? નગરની બહાર મંગલિક સંભળાવી પૂજ્યશ્રીએ યાદગીરી નિમિત્તે સૌને દરેક ચૌદસે ઓછામાં ઓછું બીયાસણું કરવાનું ફરમાવતા લોકોએ અભિગ્રહ ગ્રહણ કર્યા. ૬ કિ.મિ. સુધી ૨૦૦ થી ૨૫૦ ભાઈબેનો વળાવવા આવેલ. આ બધા અનુષ્ઠાનોના ઉપકારથી ગદગ જૈન સંઘ ગદ્‌ગદ થઈ ગયો. પૂજ્યશ્રીને જિંદગીભર કદી નહીં ભૂલે.

• અમદાવાદ (વાસણા)થી શંખેશ્વર તીર્થ છ'રી' પાલિત સંઘ...

પ.પૂ. અજોડ તપસ્વી હિમાંશુસૂરીશ્વરજી મહારાજ, પૂ. નરરત્નસૂરીશ્વરજી મ., પૂ. હેમચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. કુલચંદ્ર વિ. ગણિવર્ય આદિ વિશાળ મુનિમંડળની નિશ્રામાં અમદાવાદથી શંખેશ્વરના સંઘના શુભ પ્રયાણ વખતે હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઊમટ્યો હતો. ૫ હાથીઓ, બગીઓ - સાંબેલાઓ રચનાઓ વિવિધ બેંડ પાર્ટીઓ સાથે સંઘનો ભવ્ય પ્રારંભ થયો હતો. ૩૫૦ યાત્રિકો - ૭૫ સાધુ-સાધ્વીજી મ. ભગવંતો જોડાયા હતા... છ એ 'રી'નું સંપૂર્ણ કડક પાલન સૌએ કરેલ... ગામેગામ ભવ્ય સ્વાગત યાત્રા યોજાયેલ... માત્ર ૧૨ દિવસના

સંઘમાં સેરિસા વામજ કડી ભોયણી રાંતેજ સંખલપુર જેવા મહાન તીર્થો-પ્રાચીન પ્રતિમાઓના દર્શન કરી સૌ હરખઘેલા થઈ ગયા હતા... સવાર સાંજ સામુદાયિક ચૈત્યવંદન - ભક્તામર 'નમો જિણાણં'ની ધૂન, પૂ. ગુરુભગવંતના વૈરાગ્યઝરતા પ્રવચનો, સામુદાયિક સ્નાત્ર - રાત્રે ભાવના આદિમાં આખો દિવસ આનંદ ને આરાધનામય પસાર થઈ જતો.

પૂ. હિમાંશુસૂરિ મ.ના સળંગ ૧૨૦૦ થી ઉપર ચાલતા આંબેલની અનુમોદનાર્થે ચૌદશના દિવસે લાંબો વિહાર છતાં ૩૫૦ માંથી ૩૦૦ યાત્રાળુઓએ આંબેલતપ કરેલ... રસિકભાઈ - રામલાલજી - પ્રવિણભાઈ મહુડીવાળા તથા આમલાબેન આદિ સંઘપતિઓના ઠેર ઠેર યાદગાર અનુમોદન થયા... શિસ્ત-મર્યાદાને વ્યવસ્થાનું પાલન પરમાત્માની કૃપાથી સહજ થયા કરતું હતું... બપોરે રથયાત્રા દ્વારા હજારો જૈનેતરો ઉમટ્યા ને પ્રભુદર્શન કરી બોધિબીજનું વપન કરતા... શંખેશ્વરમાં ભવ્ય સામૈયું ને માળારોપણ પ્રસંગ પણ દાદાની નિશ્રામાં હજારો હૈયાના આનંદ-ઉમંગ સાથે ઉછામણીની છોળો સાથે ખૂબ જ ભવ્યતયા સમાપન થયો... ટૂંકમાં સંઘ શ્રી વાસણા સંઘ યાત્રિકો માટે યાદગાર સંભારણું બની રહ્યો.

"દિવ્ય-દર્શન" - "શાસન પ્રભાવના" વર્ષ-૪૦,અંક-૧૮,તા.૮-૨-૧૯૯૨

બીજાપુર (કર્ણાટક)માં ઉપધાનતપનો જયજયકાર

પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં અહીં બીજાપુર (કર્ણાટક)માં ઉપધાનતપ માલારોપણ પ્રસંગ ભવ્ય અને શાસનપ્રભાવક ઉજવાયો.

પૂજ્યશ્રીના પ્રભાવક પ્રશિષ્યરત્ન સૂરિમંત્ર પંચપ્રસ્થાન સમારાધક પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જયશેખરસૂરીશ્વરજી મ. સાહેબ આદિ ઠાણા ૯ નું અહીં પ્રભાવક ચાતુર્માસ થયું. પ્રવચનકાર વિદ્વદ્વર્ય પૂ. મુનિરાજશ્રી અભયશેખર વિજયજી મ.સા.ના પ્રેરક પ્રવચનોથી પ્રેરણા પામી શ્રી સંઘમાં અનેકવિધ તપશ્ચર્યા આદિ અનુષ્ઠાનો સારી રીતે થયા. ચાતુર્માસના અંતમાં પૂ. આચાર્યશ્રીની પાવની પ્રેરણાથી શ્રી સંઘમાં ઉપધાન તપની આરાધનાનું આયોજન કરવામાં આવ્યું. સુવિશાલ મુનિપરિવાર સાથે હુબલીમાં ચાતુર્માસ બિરાજમાન પૂજ્યશ્રીજીને બીજાપુર ઉપધાનમાં નિશ્રાપ્રદાન કરવા માટે શ્રી બીજાપુર સંઘે જોરદાર વિનંતી કરી અને પૂજ્યશ્રી અનુકૂળતા મુજબ બીજાપુર પધારશે તેમ જય બોલાવાઈ.

પૂજ્યશ્રીજી દ્વારા અપાયેલા કારતક વદ-૧૧ ના શુભ દિવસે ૧૫૦ આરાધકોએ ઉપધાનતપની આરાધનામાં ભવ્ય પ્રવેશ કર્યો. જેમાં ૯૬ માળવાળા-પ્રથમ ઉપધાનના આરાધકો હતાં જે અતિ આનંદદાયક વાત હતી. પૂજ્યપાદશ્રીજીનો નરગુંદ, નવલગુંદ, ગદગ, બાગલકોટ, મુધોળ, જમખંડી આદિ શહેરોમાં ભવ્ય શાસનપ્રભાવના કરતાં કરતાં પોષ સુદ-૩ ના દિવસે શાનદાર નગરપ્રવેશ થયો. એથી બીજાપુર જૈનસંઘમાં તથા ઉપધાનના તપસ્વીઓના ઉલ્લાસ અને આનંદમાં ચાર ચાંદ લાગી ગયા.

પોષ વદ-૧ ના ઉપધાનતપ માળાના શુભ પ્રસંગ નિમિત્તે શ્રી સંઘમાં અષ્ટાહ્નિકા શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવનું ભવ્ય આયોજન થયું.

ઉપધાનતપ માળા પ્રસંગે મહોત્સવની ઝલક

- પૂજ્યશ્રીજી આદિ ૩૮ મુનિભગવંતો તથા સાધ્વીરત્ના પૂ. વસંતપ્રભાશ્રીજી આદિ ઠાણા ૧૭ સાધ્વીજીભગવંતો મળી વિશાળ સાધુ-સાધ્વીજી સમુદાયના દર્શન બીજાપુરમાં સૌ પ્રથમવાર થયા.
- પૂજ્યશ્રીના વૈરાગ્યનીતરતા પ્રેરક પ્રવચનોથી શ્રી સંઘમાં તથા ઉપધાનતપના આરાધકોમાં અતિ ઉત્સાહ પૂરાયો. વ્યાખ્યાનમાં વિવિધ વિષયો દ્વારા પૂજ્યશ્રીજીએ અનેકવિધ વ્રત-નિયમોની લહાણી કરી અનેકોને આચારમય જીવનમાં સ્થિર કર્યા.
- અનેકવિધ પૂજન તથા પૂજાઓનું ભવ્ય આયોજન થયું.
- નિત્ય નવી પ્રભુજીને ભવ્ય અંગરચના થઈ.
- સંગીતકાર શ્રી પ્રફુલ્લભાઈ કોચીનવાળાએ પૂજા અને ભક્તિભાવનામાં ભક્તિરસની અનેરી રમઝટ બોલાવી. સાથે સાથે સ્થાનિક મંડળોએ પણ ભક્તિનો સુંદર લાભ લીધો.
- સોલાપુરથી વિધિકારક શ્રી કનુભાઈ શાહે પધારી વિશુદ્ધ વિધિ-વિધાનો કરાવી ઉત્સાહ વધાર્યો.
- ૨૯ છોડનું ભવ્ય ઉજમણું થયું.
- દેરાસરજીમાં તથા વ્યાખ્યાનહોલમાં વિવિધ રચનાઓથી ભરપૂર ડેકોરેશન ભવ્ય થયું.
- સકલ શ્રી સંઘના ૩ સ્વામિવાત્સલ્ય થયા. જેમાં લગભગ પાંચ-પાંચ હજાર ભાવિકોએ સાધર્મિકભક્તિ માણી હતી.

- માળના પ્રસંગે ગજરાજ, ઘોડા, ત્રણ બેન્ડ, દેશી વાદ્ય, પ્રભુજીનો ભવ્ય રથ, ઈન્દ્રધ્વજા આદિ યુક્ત અનેક નર-નારીઓથી શોભતો શાસનપ્રભાવક વરઘોડો બહુ જ ઠાઠપૂર્વક નીકળ્યો હતો.
- મદ્રાસ, બેંગલોર, રાણીબેન્નૂર, જમખંડી, બાગલકોટ, હુબલી, નવસારી, બારડોલી, મુંબઈ, ગુલબર્ગા, અહમદનગર, બેલ્લારી, કોલ્હાપુર, સાંગલી, અમદાવાદ, ઈરોડ, સોલાપુર, બેલગાંવ, કોરેગાંવ, વડગાંવ, રાયચૂર, ઈચલકરંજી, ઈસ્લામપુર, સાતારા, સોલાપુર ઈત્યાદિ અનેક શહેર-નગરના હજારો મહેમાનોએ બીજાપુરમાં પધારીને માળના પ્રસંગને દીપાવ્યો હતો.
- માળા પહેરવાની ઉછામણીની બોલીઓ રેકોર્ડબ્રેક થઈ હતી.
- બીજાપુર શહેરના વિશાળ નાટ્યગૃહના હોલમાં માળારોપણનો કાર્યક્રમ શાનદાર રીતે થયો હતો. પ્રથમ તથા બીજી માળ એક જ પરિવારમાં નણંદ અને ભોજાઈની હતી તેથી ભાભીને નણંદને તથા નણંદે ભાભીને માળ પહેરવા આગ્રહ કર્યો. આ મીઠી રકઝક બે-પાંચ મિનિટ ચાલી. અંતે ભાભી આગળ નણંદબાઈ ઝુક્યા ને તેમણે પ્રથમ માળા પહેરી ત્યારે આખો મંડપ તાલીઓના ગડગડાટ ને જયજયકારના નાદથી ગાજી ઊઠ્યો હતો.
- માળની વિધિ સાથે એક યુવકે આજીવન બ્રહ્મચર્યવ્રત સહર્ષ સ્વીકાર્યું હતું.
- માળા પહેરાવવા આવેલા ભાઈ-બહેનોને વિવિધ તપ-નિયમ કરવાની મોક્ષની ટિકિટ આરાધના માટે અપાઈ હતી.

બીજાપુર શહેરમાં શ્રી સંઘ માટે અતિ આનંદનો પ્રસંગ એ બન્યો કે - માળાના અષ્ટાહ્નિકા મહોત્સવમાં જ અનાયાસે પૂજ્યશ્રીજીનો ૫૮મો મહામંગલકારી દીક્ષાનો દિવસ આવ્યો. પોષ સુદ-૧૨ ના મંગળપ્રભાતે પૂજ્યશ્રીજીએ નિર્મળ ચારિત્રજીવનના ૫૮મા વર્ષમાં પ્રવેશ કર્યો. આ દિવસ પામીને પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો તથા શ્રી બીજાપુર સંઘ ધન્ય-ધન્ય બની ગયો, કારણ કે ૮૧ વર્ષની વયોવૃદ્ધ ઉંમરમાં પણ પૂજ્યશ્રીની વ્યાખ્યાનચર્યા, સંયમચર્યા આદિ જોઈને બધા ગદ્‌ગદ બન્યા જ હતા.

પોષ સુદ-૧૨ના આ ધન્ય દિવસે સિદ્ધાન્તદિવાકર પરમપૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબની નિશ્રામાં ગુણાનુવાદની ભવ્ય-વિશાળ સભાનું આયોજન થયું. અનેક મુનિભગવંતો દ્વારા પૂજ્યશ્રીના સદ્‌ભુત ગુણોનાં ગુણાનુવાદ થયા. જેને સાંભળીને શ્રોતાજનો મંત્રમુગ્ધ બની ગયા. પૂજ્યશ્રી એક મોટી યુનિવર્સિટી જેવા, એક હાલતી-ચાલતી લાઈબ્રેરી જેવા, અનેકના તારણહાર

ને શાસનના શિરતાજ છે છતાં પણ સાદાઈ, સંયમની કાળજી, જીવરક્ષાની સાવધાની, જયણાની ઝંખના, તપ-ત્યાગ-જ્ઞાનના ત્રિવેણી સંગમસમા છે તેમ સાંભળીને વિશાળ જનસમુદાય ભાવવિભોર બની ગયો. ને આવા પાવન સંતના દર્શન મળ્યાનું સૌભાગ્ય પામ્યા તેમ સંતોષની લાગણી સર્વત્ર પ્રસરી. આ દિવસે પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મ. સાહેબ દ્વારા શ્રી ભાષારહસ્ય નામના તાર્કિક ગ્રંથની ટીકા અને હિંદી ભાષાંતર કરેલનું વિમોચન કોલ્હાપુર નિવાસી શ્રાદ્ધરત્નશ્રી જયંતિભાઈ વડેચાના હસ્તે થયું.

૫૮મા દીક્ષાદિવસની વિશેષતા

- પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો સહિત શ્રી સંઘમાં ૩૦૦ જેટલા આયંબિલની સામૂહિક આરાધના પૂજ્યશ્રીના નિર્મળ સંયમજીવનની અનુમોદના તથા દીર્ઘાયુ બની શ્રી સંઘોના યોગક્ષેમ કરે તે ઉદ્દેશથી થઈ.
- આયંબિલના દરેક આરાધકોને ૨૪-૨૪ રૂપિયાની પ્રભાવના થઈ.
- માળવાળા આરાધકોએ પણ ૪૭ દિવસની આરાધનાની પૂર્ણાહુતિમાં અંતિમ ઉપવાસ કર્યો હતો છતાં પૂજ્યશ્રીજીના ઉપકાર સ્મરણ કરી પારણાના આ દિવસે ખાસ આયંબિલ કર્યું હતું.
- શ્રી સંઘ દ્વારા અનુકંપાદાનનું વિશાળ આયોજન થયેલ જેમાં લગભગ ૭ હજાર જેટલા ગરીબો લાપસી અને રામખીચડીનું ભોજન પેટ ભરીને જમ્યા.
- પૂજ્યપાદશ્રીજીને ગુરુપૂજન તથા કામળી ઓઢાડવાની બોલીઓ ખૂબ જ ઊંચી ગઈ.
- સંઘપૂજનો થયા હતા.
- પૂજ્યશ્રીના ગુણાનુવાદ દર્શાવતું મુનિરાજશ્રી હંસદર્શનવિજયજી રચિત ગીત "હે ભુવનભાનુસૂરિરાયા..., તમે શાસનની છો છાયા..." સંગીતકાર શ્રી પ્રફુલ્લભાઈએ શ્રી સંઘને ઝીલાવ્યું.
- પૂજ્યશ્રીના ૫૮ મા દીક્ષાદિવસના ઉપલક્ષમાં આ દિવસે કુમારપાળ રાજાની સામૂહિક ભવ્ય આરતીનો સુંદર કાર્યક્રમ થયો. કુમારપાળ મહારાજા બનવાની ને આરતી ઊતારવાની બોલી ખૂબ સારી થઈ. સાંજના ૬ વાગે અનેક ભાઈ-બહેનો ઘીના દીપક લઈ મંદિરજીના હોલમાં ઉપસ્થિત થયા અને આરતીનો ભવ્ય કાર્યક્રમ સંગીત સાથે થયો. બાદ કુમારપાળ રાજાએ ભાવવિભોર બનીને ચામર નૃત્ય કર્યું. 'પારસનાથ... પારસનાથ...'ની ગગનભેદી ધૂન ચાલી.

અષ્ટાપદજીની પૂજાનું ભવ્ય આખ્યાન :

પોષ સુ. ૧૪ ના દિવસે બીજાપુરના ઇતિહાસમાં સૌપ્રથમ વાર શ્રી અષ્ટાપદજીની પૂજાનું આખ્યાન પૂજ્યશ્રીના શ્રીમુખે રોમાંચક થયું. સવારના ૯ થી બપોરના ૧ વાગ્યા સુધી અષ્ટાપદજીની પૂજામાં આવતા ભગવાન શ્રી ઋષભદેવનું જીવનચરિત્ર, અષ્ટાપદ તીર્થનિર્માણ, સગરચક્રવર્તીના ૬૦ હજાર પુત્રોનું અષ્ટાપદજી તીર્થરક્ષા નિમિત્ત ભવ્ય બલિદાન આદિ પ્રસંગો બીજાપુર જૈનસંઘે ઉલ્લાસ અને આશ્ચર્યચકિત થઈ સાંભળ્યા.

પૂજાની ઢાળોને પૂજ્યશ્રીએ અલગ અલગ રાગોમાં બધાને ઝીલાવી. આ ભવ્યપૂજા માટે વ્યાખ્યાનસભા મંડપને અતિભવ્ય રીતે સજાવવામાં આવ્યો હતો. આઠ પગથિયા યુક્ત અતિભવ્ય વિશાળ અષ્ટાપદજીતીર્થનું નિર્માણ કરવામાં આવ્યું હતું તથા અષ્ટાપદજીતીર્થનો વિશાળ-આબેહૂબ પટ પણ બાંધવામાં આવ્યો હતો.

અહીંના સ્થાનિક જૈનયુવક સેવા-સંગીત મંડળના સદસ્યોએ ઉપધાન તથા મહોત્સવમાં અદ્ભુત સેવા આપી હતી. આ યુવાનોએ વિશાળ શ્રી પાર્શ્વનાથ જિન મંદિરની શુદ્ધિનો કાર્યક્રમ અતિ ઉલ્લાસપૂર્વક કર્યો હતો. તેમજ અષ્ટાપદજીની આબેહૂબ વિશાળ આકૃતિને બનાવી હતી.

આ રીતે બીજાપુરમાં પૂજ્યશ્રીના પાવન પગલે અનેરી શાસનપ્રભાવક પ્રવૃત્તિઓ થવા પામી હતી. પૂજ્યશ્રીએ બીજાપુરથી પોતાનો વિહાર સોલાપુર-બાર્શી થઈ અહમદનગર તરફ શરૂ કર્યો છે. સાંઈબાબાના શિરડીગામમાં ત્રણ મજલાનું ભવ્ય જિનમંદિર નિર્માણ થયેલ છે. જેમાં ૫૧ ઈંચના શ્રી આદીશ્વર ભગવાન આદિની ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના વરદહાથે ચૈત્ર વદ-૩ ના થવાની છે. તેની ભવ્ય તૈયારી અત્યારે શીરડીમાં ચાલી રહી છે. પૂજ્યશ્રી સાથે સંપર્ક : C/o, ભાઈલાલ ડી. શાહ, ૨૧૫૭ પીંજારાગલી, **અહમદનગર** (મહારાષ્ટ્ર)

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૪૦,અંક-૨૦,તા.૨૨-૨-૧૯૯૨

સોલાપુર (મહારાષ્ટ્ર)માં દેવદ્રવ્યશુદ્ધિનો ચમત્કાર

૧૦૮ વર્ધમાનતપોનિધિ, શાસનપ્રભાવક પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ પોતાના સુવિશાલ મુનિ પરિવારની સાથે સોલાપુર શ્રી સંઘની વિનંતીથી સોલાપુર પધાર્યા. સોલાપુરની બહાર મહારાષ્ટ્રીયન જૈનેતર શ્રી દત્તાઅણ્ણા સુખસેની પોલ ફેક્ટરીમાં તેમની આગ્રહભરી વિનંતી સ્વીકારીને

પધાર્યા. ત્યાં પધારવા માટે સકલ શ્રી સોલાપુર જૈન સંઘને પણ નિમંત્રણ અપાયું હતું. ફેક્ટરી પર બાધેલા વિશાળ મંડપમાં પ્રભાવક વ્યાખ્યાન થયું તે જૈનેતર ભાઈ તરફથી જ સાધર્મિક વાત્સલ્ય ભોજનનો કાર્યક્રમ થયો.

પોષ વદ-૧૧. ગુરુવાર તા. ૩૦-૧-૯૨ ના શુભ દિવસે પૂજ્યશ્રીનો સોલાપુર નગરમાં સુસ્વાગત ભવ્ય પ્રવેશ થયો. માંગલિક પ્રવચન થયું. પછી શ્રીફળની પ્રભાવના થઈ. પૂજ્યશ્રીના પ્રથમ દિવસના આકર્ષક જોરદાર વ્યાખ્યાનથી પ્રભાવિત થયેલા લોકો આ વિષયક આનંદથી ચર્ચા કરવા લાગ્યા હતા.

અહીં સોલાપુર શ્રી જૈનસંઘમાં દેવદ્રવ્યની રકમથી ઉપાશ્રય આદિ બંધાવાયેલ. આ રીતે દેવદ્રવ્યની અશુદ્ધિ ચાલી રહી હતી. પૂજ્યશ્રીએ વિશાળ વ્યાખ્યાન સભામાં દૃષ્ટાંતપૂર્વક દેવદ્રવ્યની શુદ્ધિના લાભો સમજાવ્યા. અને પૂજ્યશ્રીની પ્રેરણા પામી સકલશ્રી સંઘે દેવદ્રવ્યની શુદ્ધિ માટે પૂજ્યશ્રી જેમ કહે તેમ કરવાની સમ્મતિ વ્યક્ત કરી. ૧૧ વર્ષ પહેલા દેવદ્રવ્યની શુદ્ધિ માટેની ટીપ પૂ. મુનિરાજશ્રી જયચંદ્ર મ. સાહેબની પ્રેરણાથી પ્રારંભ થઈ હતી. તેમાં સંઘના ૧૧ શ્રાવકોએ સારી રકમ લખાવી હતી. પરંતુ તે ટીપ પૂરતી ન હતી. પૂજ્યશ્રીની પ્રેરણા પામી શ્રી સંઘે તે ટીપ આગળ વધારવાની અથવા તો વ્યાખ્યાન હોલ આદિ પર નામકરણની બોલી બોલાવી દેવદ્રવ્યની ઋણમુક્તિ માટે તૈયારી બતાવી હતી. આ સમયે પૂર્વે જે ૧૧ દાતાઓએ ટીપ આપી હતી તેમણે જ વિનંતી કરી કે પૂજ્યશ્રી દેવદ્રવ્યની ઋણમુક્તિ માટે જે રકમ કહે તે રકમ અમે ૧૧ વ્યક્તિઓ સાથે મળીને ભરી દઈશું. તેમની વિનંતી માન્ય વ્યક્તિઓ સાથે મળીને ભરી દઈશું. તેમની વિનંતી માન્ય રખાઈ અને પૂજ્યશ્રીએ વ્યાજના વ્યાજ સહિત બધી જ ગણતરી કરી એ હિસાબે પોતાનો ચૂકાદો આપ્યો. સંઘની ૧૧ વ્યક્તિઓએ પૂરેપૂરી રકમ ચૂકાવી આપવાનું સ્વીકાર્યું. દેવદ્રવ્યની વ્યક્તિગત સંપૂર્ણશુદ્ધિ માટે પૂજ્યશ્રીએ જણાવ્યું કે પ્રત્યેક પરિવાર ચૂલા દીઠ ૧૦૦-૧૦૦ રૂપિયા દેવદ્રવ્યમાં દંડ તરીકે ભરે તે વાતનો પણ શ્રી સંઘે સહર્ષ સ્વીકાર કર્યો. આમ દેવદ્રવ્યની સંપૂર્ણશુદ્ધિ થતાં શ્રી સંઘમાં આનંદ આનંદનું વાતાવરણ છવાઈ ગયું.

પોષ સુદ. ૧૪ રવિવાર તા. ૨-૨-૯૨ ના શ્રી અષ્ટાપદજીની પૂજા એના આખ્યાન સાથે પૂજ્યશ્રીએ તેમના શ્રીમુખે વિવિધ રાગની તર્જોમાં અને મનોરમ ઇતિહાસ તથા પ્રાચીન-અર્વાચીન રિવાજોના વિવેચન સાથે ભગવાનશ્રી ઋષભદેવનો ભવ્ય ઇતિહાસ સંભળાવ્યો. સોલાપુર શ્રી જૈનસંઘને આવું હૃદયસ્પર્શી આખ્યાનપૂર્વક અષ્ટાપદજીની પૂજા સાંભળવાનો પ્રથમ જ મોકો હતો. તેથી પૂજા સાંભળી બધા મંત્રમુગ્ધ બની ગયા હતા. પૂજા સવારે ૯-૩૦ થી બપોરના ૧-૩૦ સુધી ચાલી.

લાડુની પ્રભાવનામાં ૧૧ સો લાડુ વહેંચાયા હતા.

અહીં સમ્રાટ ચોકમાં નૂતન શિખરબંધી જૈનમંદિરના નિર્માણ માટે મુંબઈ-કાંદીવલીના નિવાસી સુશ્રાવિકા ગંગસ્વરૂપ મધુબેન મોહનલાલ શાહે તેમના સ્વ. પતિદેવની ભાવના - ઇચ્છા પૂર્ણ કરવા પૂ. આચાર્યદેવશ્રી વિજય જયશેખરસૂરિ મ. સાહેબના સદુપદેશથી પોતાની પાંચ લાખ રૂપિયાની જમીન ભેટ કરી અને શ્રી સંઘની દેખરેખમાં પોતે મંદિર બનાવી આપવાનું પણ સ્વીકાર્યું. તેનો શિલાસ્થાપનનો વિધિ પૂજ્યશ્રીની પાવનનિશ્રામાં બહુ ઠાઠથી ઉજવાયો. શ્રીસંઘે પણ આઠ દિશાની શિલાઓનો સારી બોલીઓ બોલી લાભ લીધો. મહા સુદ-૩ ગુરુવારના દિવસે શિલાન્યાસ બાદ નૂતન જિનમંદિરમાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની આજુબાજુમાં બિરાજમાન થનારા બે પ્રભુજી શ્રી મહાવીર સ્વામી ભગવાન તથા શ્રી સુમતિનાથ ભગવાનને ભરાવવાનો ચઢાવો કલ્પનાતીત રકમથી પૂજ્યશ્રીની નિશ્રામાં બોલાયો.

પૂજ્યશ્રીની નિશ્રામાં આ કલ્પનાતીત રકમની બોલીઓ થઈ તેથી સંઘ આશ્ચર્યચકિત બની ગયો. આ વખતે પૂજ્યશ્રીએ આ બોલીઓ બોલનારના સુકૃતની અનુમોદના માટે તેમનું તિલક અને હાર પહેરાવવાપૂર્વક બહુમાન-સન્માનનું સૂચન કર્યું. તેની પણ બોલીઓ મોટી રકમથી બોલાઈ. આજરોજ દાદાગુરુદેવ પૂજ્યપાદ્ વિજય દાનસૂરીશ્વરજી મ. સાહેબની સ્વર્ગારોહણ તિથિ હોઈ તેમના પણ ગુણગાન થયા.

મહા સુ. ૫ રવિવાર તા. ૯-૨-૯૨ દિવસે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ૧૨ વ્રત તથા ચોથા વ્રત આદિ સ્વીકારવાનો ભવ્ય કાર્યક્રમ થયો. આ વિષય પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં બે-ત્રણ દિવસથી સમજાવ્યો હતો અને તેના છાપેલા કાર્ડ પણ વિતરણ કરવામાં આવ્યા હતા. તેથી લગભગ ૭૦ લોકોએ ૧૨ વ્રત ગ્રહણ કર્યા અને બે પતિ-પત્ની સહિત બીજા ૧૬ વ્યક્તિઓએ આજીવન બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો. ૧૨ વ્રત ગ્રહણ કરવાવાળા પ્રત્યેકને ૨૪-૨૪ રૂપિયા તથા આજીવન ચતુર્થવ્રત ગ્રહણ કરવાવાળા પ્રત્યેકને ૧૭૬ રૂપિયાની પ્રભાવના થઈ હતી. વ્રતગ્રહણ કરવાવાળાઓએ આજે આયંબિલનો તપ કર્યો હતો.

આ રીતે પૂજ્યશ્રીના પધારવાથી સોલાપુર શ્રી સંઘમાં જયજયકાર વર્ત્યો હતો. પૂજ્યશ્રી અહીંથી વિહાર કરી બાર્શી, અહમદનગર થઈ શીરડી અંજનશલાકા પ્રતિષ્ઠા હેતુ પધારશે. અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગ ૧૧-૪-૯૨ થી શરૂ થનાર છે.

પૂજ્યશ્રી સાથે પત્રવ્યવહાર : C/o, **નેમિચંદ નવલમલજી જૈન**
સાંઈલીલા સ્ટોર, શીરડી. (જિ. અહજમદનગર) મહારાષ્ટ્ર-૪૨૩૧૦૯.

શિરડી નગરમાં ઉજવાયેલ ભવ્યાતિભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવનો આંખે દેખ્યો અહેવાલ

સિદ્ધાંતમહોદધિ, વાત્સલ્યવારિધિ, બ્રહ્મચર્યસમ્રાટ સ્વ.આ.ભ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનાં પટ્ટાલંકાર ન્યાયવિશારદ, જિનભક્તિપરાગમધુકર, સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ સુવિશાલ સાધુ-સાધ્વીજી ભગવંતોની પુનીત છત્રછાયામાં શિરડીનગરમાં નવનિર્મિત "સિદ્ધાચલ શણગાર" ભવ્ય તીર્થસ્વરૂપ જિનપ્રાસાદમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા નિમિત્તે ૧૧ દિવસીય જિનભક્તિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

ગુડા બાલોતાન (રાજ.) નિવાસી શ્રી નેમિચંદજી નવલમલજી શાહ વ્યવસાયાર્થે મહારાષ્ટ્રના શિરડીનગરમાં આવ્યા. મહારાષ્ટ્રકેસરી વૈરાગ્યવારિધિ પ.પૂ.આ.ભ. યશોદેવસૂરીશ્વરજી મહારાજાનાં પુનીત સમાગમે ગૃહમંદિરની ભાવના થઈ. જે સં. ૨૦૨૭માં પૂજ્યશ્રીનાં શિષ્યરત્ન તપસ્વીસમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજાની પુનીત નિશ્રામાં પૂર્ણ થઈ.

તે સમયે આચાર્યશ્રીએ કરેલ શિખરબંધી જિનાલયનાં નિર્માણની પ્રાપ્ત થયેલી પ્રેરણા સં. ૨૦૩૮માં શિરડી પધારેલ પ.પૂ. ગણિવર્ય શ્રી જયશેખર વિજયજી (હાલ આચાર્ય) મહારાજાની પ્રેરણાથી ફરી જાગૃત થતા હાઈવે ઉપર વિશાલ ભૂમિ પ્રાપ્ત કરી પ્રશાંતમૂર્તિ પ.પૂ.આ.ભ. ધનપાલસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં શિલાસ્થાપન કરી જામનગરના સોમપુરા વેલજીભાઈની દેખરેખ નીચે અતિ ભવ્ય જિનાલય નિર્માણકાર્યનો શુભારંભ થયો.

સુશ્રાવક નેમિચંદજીના અંતરની ભાવના કંઈક અનેરી હતી. વરસોવરસની ચાલુ ધંધામાં થતી આવક એમણે જિનાલયના નિર્માણકાર્યમાં લગાડી દેવાનો સંકલ્પ કરેલો જેમ જેમ આવક થતી ગઈ તેમ તેમ મંદિરનું કાર્ય આગળ ધપતું ગયું. શીલાસ્થાપન માટે ૧૪ ફૂટ ઊંડા કરેલા ખાડાને સિમેન્ટ કોંક્રીટથી ભરી દેવાને બદલે નીચે ૩૩ x ૭૦ ના ભવ્ય અંડર ગ્રાઉન્ડનું આયોજન કર્યું. જેમાં જૈન ઈતિહાસના દશ્યોને સજીવન કરી શકાય તેવા મ્યુઝીયમનો પ્લાન પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી નિર્ધારિત કર્યો. શીરડીમાં પ્રતિવર્ષ લાખોની સંખ્યામાં આવતા યાત્રિકો જેના દર્શન દ્વારા જૈનધર્મના ઈતિહાસને તત્ત્વજ્ઞાનને અને ભવ્યતાને જાણી શકશે. અંડર ગ્રાઉન્ડની ઉપર બે મજલાનું ભવ્ય

જિનાલયનું કામ આગળ ધપી રહ્યું હતું તે દરમ્યાન પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવશ્રીને દક્ષિણ તરફ જવાનું થયું ત્યારે પણ સુશ્રાવક નેમિચંદજી પૂજ્યશ્રીને ખાસ વિનંતી કરી ગયેલા કે બસ ! હવે માત્ર બે વર્ષમાં કામ પૂર્ણ થવાની તૈયારી છે આપ બે વર્ષ દક્ષિણમાં લાભ આપીને આ તરફ પધારો અને આપશ્રીની પાવન નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય. પણ ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે ? પૂજ્યશ્રી પધારે તે પહેલાં જ નેમિચંદજીના આત્માએ પરલોકની વાટ પકડી લીધી પરંતુ તેમના ધર્મપત્ની ફેન્સીબાઈએ હિંમતપૂર્વક કાર્ય અખંડિત રાખ્યું. નેમિચંદજીના સહકારી શ્રી મુરલીધર તિવારી (બાબાજી)એ પણ સખત પરિશ્રમ ઉઠાવી કાર્યની ગતિશીલતામાં ભવ્ય ફાળો અર્પણ કર્યો.

દક્ષિણમાં દિવ્ય પ્રકાશ ફેલાવી શાસનપ્રભાવના કરી રહેલા વર્ધમાનતપોનિધિ પ.પૂ.આ.ભ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાને મદ્રાસ, કોઈમ્બતુર, બેંગલોર અને અંતે હુબલી ચાતુર્માસમાં પણ વારંવાર આગ્રહપૂર્ણ વિનંતી કરતાં તે વિનંતીનો સ્વીકાર કરી બિજાપુર, સોલાપુર, બાર્શી, અહમદનગર, શ્રીરામપુર વિ. અનેક સ્થાનોમાં શાસનનાં અનેક મહાન કાર્યો કરતાં પૂજ્યશ્રીએ ચૈત્ર સુદ-બીજના મંગલ મુહૂર્તે સિદ્ધાંતદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા આદિ વિશાલ મુનિપરિવાર સાથે શિરડી મુકામે મહોત્સવ નિમિત્તે પ્રવેશ કર્યો. તે જ દિવસે **પૂ. ગણિવર શ્રી પદ્મસેનવિજયજી મ.**, આદિ ૯ મહાત્માઓને વૈ.સુદ-૫ ના શુભ મુહૂર્તે પંન્યાસ પદ અર્પણ કરવાની જાહેરાત થતાં શિરડી, માલેગામ, શ્રીરામપૂર, સંગમનેર વગેરે સંઘો તથા "ધર્મચક્ર પ્રભાવક ટ્રસ્ટ" નાસિકનાં ટ્રસ્ટીઓએ પદપ્રદાન મહોત્સવ ઉજવવાનો લાભ આપવાની વિનંતી કરી. પૂજ્યશ્રીની નિશ્રામાં થનાર પાંચ પંન્યાસપદવીની ઉજવવાનો આદેશ "ધર્મચક્ર પ્રભાવક ટ્રસ્ટ" નાસિકને પ્રાપ્ત થયો એ જ મંગલ મુહૂર્તે પૂજ્યશ્રીની રજા અને આશીર્વાદથી નાસિક નજીક મુંબઈ-આગ્રા રોડ ઉપર નાસિકથી ૧૨ કિ.મી. વિલ્હોળી મુકામે નવનિર્માણ થનાર "શ્રી ધર્મચક્રવર્તી મંત્રાધિરાજ પાર્શ્વનાથ મહાતીર્થ"ની ભૂમિનું ખાતમુહૂર્ત નક્કી થયું હોવાથી આ લાભ તે ટ્રસ્ટને આપવામાં આવ્યો.

ચૈત્ર સુદ-૯ ને શનિવારનાં સિદ્ધિયોગમાં કુંભસ્થાપના અખંડ દીપકસ્થાપના અને જવારારોપણ દ્વારા મહા-મહોત્સવનો મંગલ આરંભ થયો. માણેક સ્તંભ આરોપણ, ક્ષેત્રપાળ, ભૈરવસ્થાપના, ૧૬ વિદ્યાદેવી પૂજન, વેદિકા-સ્થાપન પૂજન ભવ્ય રીતે થયું. બપોરે પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી.

ચૈત્ર સુદ-૧૦ ને રવિવારે સવારે નવગ્રહ પૂજન, દશદિગ્પાલ પૂજન,

અષ્ટમંગલ પૂજન કરવામાં આવેલ. પૂજ્યશ્રીએ સ્વહસ્તે નંદાવર્તનું મંગલ આલેખન કર્યું.

ચૈત્ર સુદ-૧૧ સોમવારે શ્રી નવપદ (સિદ્ધચક્ર) પૂજન, અને શ્રી વીસસ્થાનક પૂજન ભણાવવામાં આવ્યું. બપોરે ઇન્દ્ર-ઇન્દ્રાણી તથા માતા-પિતાની સ્થાપના કરી અને પરમાત્માનાં ચ્યવન કલ્યાણકની વિધિ કરવામાં આવી.

ચૈત્ર સુદ-૧૨ ને મંગળવારે "દેવ દેવી પૂજન" ભણાવવામાં આવ્યું.

આજે ૨૫૮૯ વર્ષ પૂર્વે સાતે નરકોમાં પણ અજવાળા પ્રસરાવનાર સકલવિશ્વજંતુસુખકારક ચરમ-તીર્થપતિ શાસનાધિપતિ દેવાધિદેવ પરમાત્મા મહાવીરના જન્મથી પરમ પવિત્રતાને વરેલાં ચૈત્ર સુદ-૧૩ ના શુભ દિવસે વિશ્વભરના સર્વ જૈનો ભેદને ભૂલીને આસન્ન ઉપકારી પરમાત્માની કલ્યાણક તિથિની ઉજવણીમાં મશગૂલ બન્યા હોય ત્યારે શિરડી નિવાસી અને આગંતુક થયેલા જૈનો પણ તે આનંદને માણવામાં મશગુલ બન્યા હોય તે સહજ છે.

પરંતુ શિરડીવાલાનો આજનો આનંદ અન્ય સ્થાનિક જીવો કરતાં કંઈક અનેરો હતો. શાસનપતિના જન્મ કલ્યાણક તિથિની ઉજવણીની સાથોસાથ અંજનશલાકા વિધાન મુજબ વર્તમાન મહોત્સવમાં આજના જ શુભ દિવસે શિરડીનાં શણગાર બનનારા આદિનાથ પરમાત્મા આદિ સેંકડો જિનબિંબોનાં જન્મકલ્યાણકનું વિધાન કરી અને જન્મોત્સવ ઉજવાઈ રહ્યો હતો.

પૂજ્યશ્રીએ સ્વમુખે કરેલા મંત્રોચ્ચારોના શુદ્ધ ઉચ્ચારપૂર્વક પરમાત્માનું જન્મ વિધાન થતા જ ઉપસ્થિત હજારો ભાવુકોએ કરેલા હર્ષનાદો અને જય જય આદિનાથનાં ગગનભેદી નાદોથી સમગ્ર વાતાવરણ શબ્દમય બની ગયું અને હર્ષઘેલા બનીને નાચતા તે ભાવુકોનાં ચરણોથી ઊડતી ધુલીના કારણે સર્વત્ર રજોમય બની ગયેલી દિશાઓને જોઈને જાણે એવું લાગતું હતું કે ભાઈ ધર્મરાજાના મંડપમાં નાચતા આ ભવ્યાત્માઓનાં આત્મપ્રદેશો ઉપર વ્યાપેલી અનાદિકાલીન કર્મોની રજ ઊડી ઊડીને દૂર જઈ રહી છે. આદિનાથના જયનાદરૂપ સિંહનાદથી ઘબરાયેલ મોહરાજાની સેના પોતાના બિસ્તરા પોટલા લઈને શીઘ્રતાથી પલાયન થઈ રહી છે.

જન્મકલ્યાણક વિધાન બાદ ઘોડનદી (મહા.)થી પધારેલ બાલિકા મંડળે ૫૬ દિક્કુમારિકાઓનું વિધાન ભાવવાહી રીતે પૂર્ણ કર્યા બાદ ગામોગામથી પધારેલા યુવાનોએ મેરુપર્વત ઉપર જઈને પ્રભુનો ઇન્દ્ર મહોત્સવ ખૂબ જ ભવ્ય રીતે ઉજવ્યો. ૨૫૦ અભિષેક થયા બાદ તુરંત જ ભગવાન મહાવીરનાં જન્મ કલ્યાણક તિથિ નિમિત્તે અને દેવાધિદેવ આદિનાથના જન્મ કલ્યાણક વિધાન નિમિત્તે ભવ્ય રથયાત્રા

શિરડીના રાજમાર્ગો ઉપર ફરી સુંદર શાસનપ્રભાવના કરી.

ચૈત્ર સુદ-૧૪ સવારે ૧૮ અભિષેક પૂજન ઠાઠપૂર્વક ભણાવવામાં આવ્યું. ત્યારબાદ વિનીતા નગરીનાં વિશાલ રાજદરબારમાં પ્રિયંવદા દાસી દ્વારા પુત્રજન્મ વધાઈ, પારણા ઝુલાવવા અને પ્રભુજીનું નામકરણ આદિ વિધિઓ પ્રત્યક્ષ જોઈને હજારો દર્શકોએ આંખડીને શીતલતા પમાડી.

પાંચ કરોડની સાથે પુંડરિક ગણધર જે પુનીત દિવસે સિદ્ધાચલના શિખરેથી સિદ્ધિગતિને વર્યા હતાં એ **ચૈત્ર સુદ-૧૫નો** પવિત્ર દિવસ હતો અંજનશલાકા વિધિ વિધાન મુજબ પ્રભુજીનું પાઠશાલા ગમન, મામેરુ અને લગ્ન આદિનાં કાર્યક્રમો અનેરા ઉમંગપૂર્વક ઉજવવામાં આવ્યાં.

ચૈત્ર વદ-૧ ને શનિવારે રાજ્યાભિષેક, રાજદરબારી નૃત્ય, અને ૯ લોકાંતિક દેવો દ્વારા પ્રભુજીને તીર્થ પ્રવર્તાવોની વિનંતીનો કાર્યક્રમ આકર્ષક રીતે ઉજવાયો. ધજાદંડ તથા કલશ પૂજાનું વિધાન આજ કરવામાં આવ્યું.

ચૈત્ર વદ-૨ : આજે પરમાત્માના દીક્ષા કલ્યાણકની ઉજવણી નિમિત્તે નીકળેલો વરઘોડો વિલેપાર્લાનું બેન્ડ, ગજરાજ, અશ્વસવારો, મંગલ કળશ લઈને ચાલતી સેંકડો બહેનો; ૫૬ દિક્કુમારિકાઓ, આકર્ષક સાંબેલાઓ, ૬૪ ઇન્દ્રો દ્વારા ખેંચાતો રથ, રાજ પરિવાર અને રિમોટ કંટ્રોલ વિમાન દ્વારા ચતુર્વિધ સંઘ ઉપર થતી પુષ્પવૃષ્ટિને લીધે ખૂબ જ ભવ્ય અને અવિસ્મરણીય બન્યો હતો. ત્યાર બાદ દીક્ષા કલ્યાણકનું વિધાન થતા પોતાનો કોઈ નિકટનો સ્નેહી જાણે પ્રવ્રજ્યાના પંથે સંચરતો હોય તે રીતે ઉપસ્થિત સર્વે દર્શકોના આંખે આંસુઓનાં તોરણો બંધાયા હતા.

ચૈત્ર વદ-૩ : આજે પ્રતિષ્ઠાનો મંગલ દિવસ હતો. આજે વહેલી પ્રભાતે જ પરમાત્માનાં કેવળજ્ઞાન કલ્યાણકનું વિધાન કરવામાં આવ્યું. રિઝર્વ બેંકનાં સ્ટેમ્પ માત્રથી જેમ એક કાગળનો ટૂકડો પણ કરન્સી નોટ બની જાય છે તેમ જિનશાસનનાં સુવિહિત આચાર્ય ભગવંતોનાં વરદ હસ્તે પરમાત્માને કેવળજ્ઞાન થતાં જ્ઞાનદૃષ્ટિ પ્રગટે છે તેના અનુકરણરૂપે શ્રેષ્ઠ એવા ચૂર્ણોનું પ્રતિમાની દૃષ્ટિમાં અંજન કરી અને તે પ્રતિમા મંત્રોના પ્રભાવે પરમાત્મભાવને પામી જાય છે. પૂજ્યશ્રીએ સ્વહસ્તે તે વિધાન કરી કેવળી દેશના આપી. ત્યારબાદ નિર્વાણ કલ્યાણકની ઉજવણીરૂપે ૧૦૮ અભિષેકનું વિધાન કરવામાં આવ્યું. મંગલ મુહૂર્તે વિવિધ વાજિંત્રોના નાદપૂર્વક હજારો ભાવુકોની ઉપસ્થિતિમાં પૂજ્ય ગુરુભગવંતોએ મંત્રોચ્ચારપૂર્વક કરેલા વાસક્ષેપની સાથોસાથ મૂળનાયક શ્રી આદિનાથ પરમાત્માની પ્રતિષ્ઠા નેમિચંદજીના પરિવારે કરી હતી. જમણી બાજુ શાંતિનાથ પ્રભુજી... ડાબી બાજુ મહાવીર પ્રભુ... બાજુનાં

ગોખલામાં આદિનાથ પ્રભુ... બાજુનાં ગોખલામાં આદિનાથ પ્રભુ... ઉપરનાં ગભારામાં મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ... જમણી બાજુ મુનિસુવ્રત સ્વામી પ્રભુજી... ડાબી બાજુ સીમંધર સ્વામી પ્રભુજી આદિ જિનબિંબોની તથા પ્રાસાદદેવી આદિ દેવદેવીની પ્રતિષ્ઠા વિવિધ પરિવારોએ અનેરા ઉમંગપૂર્વક કરતા જ ઉપસ્થિત સર્વ ભક્તજનોનાં દિલમાંનો આનંદોદધિ ઉછાળા મારવા લાગ્યો અને એના તરંગો ઉછળી ઉછળીને ગગનને ચુંબવા લાગ્યા.

પૂજ્યપાદશ્રી, પૂ. જયઘોષસૂરિ મ.પૂ. જયશેખરસૂરિ મ. પૂ. ઉપા. યશોભદ્રવિજયજી મ. પૂ. પં. વિમલસેનવિજયજી મ. પૂ. પ્રવર્તક યોગીન્દ્રવિજયજી મ., પૂ. પ્રવર્તક જિનરત્નવિજયજી મ., પૂ. ગણિવરશ્રી પદ્મસેનવિજયજી મ., પૂ. ગણિવરશ્રી વિદ્યાનંદવિજયજી મ., પૂ. ગણિવરશ્રી જયસોમવિજયજી મ. પૂ. ગણિવરશ્રી જગવલ્લભવિજયજી મ.પૂ. ગણિવરશ્રી હેમરત્નવિજયજી મ. આદિ વિશાલ શ્રમણ-શ્રમણી વૃંદની તારક નિશ્રામાં ઉજવાયેલા આ મહોત્સવની ભવ્યતામાં...

નેમિચંદજી પરિવારનાં સભ્યોના, શિરડી જૈન સંઘ, તિવારી (બાબાજી) હીરાચંદભાઈ યેવલા, બિપીનભાઈ નંદુરબારવાળા, સીમંધર ભક્તિ મંડળ અ.નગર, પાર્શ્વ ભક્તિ મંડળ યેવલા, રાજકોટના નૃત્યકાર મહેન્દ્રભાઈ, ધુલીયાના બાલકલાકાર ભરતભાઈ, સંગમનેરના નૃત્યકાર ચંદ્રેશભાઈનાં કાર્યક્રમોએ ખૂબ સહકાર આપ્યો જે અવિસ્મરણીય બની રહેશે.

સંગીતકાર હસમુખભાઈ દિવાને ભક્તિરસમાં તરબોળ બનાવવામાં સહાયતા કરી, તો જામનગરથી પધારેલા વિધિકાર નવીનભાઈએ વિધિવિધાનની શુદ્ધિનાં ખ્યાલપૂર્વક પ્રસંગને અસરકારક બનાવ્યો.

ઉગ્ર વિહાર કરી પધારેલા પ્રવચનસમ્રાટ ગણિવર્યશ્રી હેમરત્નવિજયજી મહારાજ તથા મધુરભાષી પ્રવચનકાર પૂ. મુનિશ્રી ભુવનસુંદરવિજયજી મહારાજનાં પ્રસંગાનુરૂપ પ્રેરક અને પ્રભાવક પ્રવચનોએ પણ પ્રસંગને અનોખો રંગ અર્પ્યો હતો.

આમ શીરડી નગરમાં ઉજવાયેલ અંજનશલાકા મહોત્સવ એક સ્વયં ઈતિહાસ બની ગયો. ગામેગામના હજારો ભાવિકોનું આગમન, વિશાળ સાધુ સાધ્વી ગણની ઉપસ્થિતિ, ભરતચક્રી ભોજનગૃહમાં ચાલતી અપૂર્વ સાધર્મિકભક્તિ, પ્રસંગ પ્રસંગે થતા પૂજ્યોના પ્રવચનો, પ્રભુભક્તિની રમઝટ, મોટી રકમમાં થયેલી વિવિધ ઉછામણીઓ, અભૂતપૂર્વ રથયાત્રા, વિશાળ અને ભવ્ય મંડપો, વેદિકા પર બિરાજેલા સો ઉપરાંત જિનબિંબો આદિ અનેક નેત્રદીપક મનોહર અને રમ્ય દશ્યો કદાપિ ભૂલ્યા ભૂલાશે નહિ. હજારોની સંખ્યામાં મુંબઈ આદિ શહેરોમાંથી તેમજ આજુબાજુના

નજીકના ગામોથી પધારેલા ભાવિકોની જબાન પર વારંવાર અહો ! અહો ! અદ્‌ભુત ! કમાલ ! વાહ ! ઈત્યાદિ શબ્દો સહેજે સરી પડતા હતા. સ્વદ્રવ્યથી જિનાલયનું નિર્માણ કરાવનાર શેઠશ્રી નેમિચંદજીનો આખો પરિવાર તેમજ તેમના સગા સંબંધીઓ પૂજ્યશ્રીની પાવન નિશ્રા સંપ્રાપ્ત થવાથી તેમજ આવો અદ્‌ભુત પ્રસંગ ઉજવાયાથી અતિ પ્રસન્ન બન્યા હતા. અને આવા અપૂર્વ સુકૃતનો લાભ મળવા બદલ વારંવાર અનુમોદનાથી ભાવિત બન્યા હતા. શીરડીનગરના સ્થાનકવાસી ભાઈઓ-બહેનો તથા અજૈનો પણ આ મહોત્સવમાં મન મૂકીને જોડાયા હતા.

દિવ્ય-દર્શન'' - **"શાસન પ્રભાવના"** વર્ષ-૪૦,અંક-૩૪,તા.૩૦-૫-૧૯૯૨

નાસિકમાં ધર્મચક્ર તીર્થની સ્થાપના, પાંચ ગણિવર્યોને પંન્યાસપદ પ્રદાન

● **નાસિક :** શ્વે.મૂ.પૂ. જૈન સંઘ નાસિકની અતિ આગ્રહભરી વિનંતીનો શીરડી મુકામે સ્વીકાર થતાં વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણા પદ્ધ નાસિક શ્રી સંઘના આંગણે પધાર્યા હતા. તા. ૧-૫-૯૨ ના રોજ પૂજ્યપાદશ્રી આદિનો સામૈયાસહ ભવ્ય નગરપ્રવેશ થયો હતો.

બેલગામથી આવેલા બેન્ડે નગરના માર્ગો ગજવી દીધા હતા. નગરજનોએ ઠેર ઠેર ગહુંલીથી પૂજ્યશ્રીના વધામણા કર્યા હતા. નાસિકના વિવિધ રાજમાર્ગો પર ફરીને સાડાદશ વાગે સામૈયું પગડબંધ લેનમાં પૂજ્ય આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી જૈન પોષધશાળાના ઉપાશ્રયમાં ઊતર્યું હતું.

પૂજ્યશ્રીએ માંગલિક ફરમાવ્યું હતું અને પૂજ્યશ્રીના આદેશથી પૂ. ગણિ શ્રી હેમરત્નવિજયજી મ.એ પ્રવચન કર્યું હતું. જનમેદનીથી ખીચોખીચ ઊભરાતા હોલમાં સતત ૧॥ કલાક પ્રવચનનો પ્રવાહ વહેતો રહ્યો હતો. ઘડિયાલે બારના ટકોરા પાડી દીધા હતા છતાં કોઈ ચસકવા તૈયાર ન હતું. પ્રવચન બાદ વિવિધ ભાગ્યશાળીઓ તરફથી કુલ છ સંઘપૂજન થયા હતા. તે પછીના બે દિવસોમાં પણ લોકો મન મૂકીને ઊમટ્યા હતા. પ્રવેશના દિવસે બપોરે અષ્ટાપદજીની પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજની પૂજામાં પૂજ્યશ્રીએ સ્વયં પૂજાની ઢાળોના ભાવોને આખ્યાન સ્વરૂપે રજૂ કર્યું હતું. જેનું અમૃતપાન કરવા માટે ગુરુમંદિરનો વિશાળ હોલ ચિક્કાર ઊભરાઈ ગયો હતો. બપોરે બે વાગ્યાથી માંડીને છેક સાંજના

છ વાગ્યા સુધી વિવિધ રાગોમાં પૂજ્યશ્રીએ પૂજાની કડીઓ ઝીલાવી હતી. તેમજ તેના રહસ્યોનું ઉદ્‌ઘાટન કરતાં સહુના નયનો વિસ્ફારિત બની ગયા હતા.

અખાત્રીજના શુભ દિવસે પૂ. ગણિવર્યશ્રી જયસોમ વિ.મ.ને વર્ષીતપનું તથા મુનિશ્રી વિવેકસારવિજયજી મહારાજને છઠ્ઠથી વર્ષીતપનું તથા સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.ના શિષ્યા સાધ્વીશ્રી સુમંગલાશ્રીજી મ.ના વર્ષીતપના પારણા હતા. તે નિમિત્તે પૂજ્યશ્રી સકલ સંઘ સાથે વાજતે ગાજતે આદીશ્વર-ચિંતામણિ પાર્શ્વનાથના દેરે પધાર્યા હતા. પ્રવચનમાં પૂજ્યશ્રીનું ગુરુપૂજન કરીને ઉપકરણો વગેરે વહોરાવવાનો વિધિ થયો હતો. વર્ષીતપના પારણા નિમિત્તના મહોત્સવનો બધો લાભ નાસિક શ્રી સંઘથી આદેશ પ્રાપ્ત કરનાર

(૧) ચંદનબેન મણિલાલ ધરમચંદ, (૨) સ્વ. લીલાબેન કેશવલાલ ધરમચંદ

(૩) શાહ ચંપાલાલ કેશવલાલ, (૪) સ્વ. કમળાબેન બાબુલાલ પોપટલાલ કોઠારી

(૫) શા. બાબુલાલ સોભાગચંદ આદિ પરિવારોએ લીધો હતો. આજના દિવસે તેમના તરફથી સાધર્મિક વાત્સલ્યનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વૈશાખ સુદ-૫ ના દિવસે વિલ્હોળી મુકામે ધર્મચક્ર તીર્થનું ભૂમિપૂજન તથા પાંચ ગણિવર્યોને પંન્યાસપદ પ્રદાન મહોત્સવ પર પૂજ્યશ્રી આદિ ઠાણા ત્યાં પધાર્યા હતા. આ પ્રસંગે ગામેગામથી અનેક ભાવિકો ઊમટ્યા હતા. મહારાષ્ટ્રના મુંબઈના અનેક સંઘો પણ ચાતુર્માસિની વિનંતીઓ લઈને આજે આવી પહોંચ્યા હતા. તળાજા અને કદંબગીરીની યાદ અપાવતી ટેકરીઓની વચ્ચે ઊભા કરાયેલા સમીયાણામાં ભરગરમીમાં પણ પાંચેક હજારની માનવમેદનીએ આ પ્રસંગની રસલહાણ માણી હતી.

પ્રથમ પાંચ ગણિવર્યોને પૂજ્યશ્રીએ પંન્યાસપદ પ્રદાનની વિધિ કરાવી હતી. પૂ. ગચ્છાધિપતિને કામળી તથા ગુરુપૂજન અને નૂતન પંન્યાસ પ્રવરોને કામળી, પટ, નવકારવાળી વગેરે વહોરાવવાની ઉછામણીની રમઝટ મચી હતી. પૂ. ગચ્છાધિપતિને પાંચ ગણિવરોને પંન્યાસપદ આપવાની વિનંતીની ઉછામણી **ચંપાલાલ મગનલાલ પુનાવાળા પરિવારે** લીધી હતી.

બધા જ આદેશમાં ભક્તજનોએ ખૂબ જ ઉદારતાપુર્વક મોટી રકમ બોલીને લાભ લીધો હતો. ત્યારબાદ શ્રેષ્ઠિવર્ય શ્રી દીપચંદભાઈ ગાર્ડીના વરદ હસ્તે જિનાલયનું ભૂમિપૂજન-ખનન વગેરે કરવામાં આવ્યું હતું.

ગામોગામથી વિનંતીઓ લઈને આવેલા સંઘોએ પૂજ્યશ્રીનું આખું સ્ટેજ ઘેરી લીધું હતું. શક્યતા મુજબ ઘણા ક્ષેત્રોના ચાતુર્માસિની જય બોલાઈ હતી. બૃહદ્‌ મુંબઈના અનેક સંઘોની વિનંતીઓમાંથી માત્ર ૧૨ ક્ષેત્રોની વિનંતીનો સ્વીકાર કરવામાં

આવ્યો હતો. તેમજ મહારાષ્ટ્રના તેમજ મરાઠાવાડાના સંઘોની વિનંતીનો સ્વીકાર કરી માલેગામ, શીરપુર, ઔરંગાબાદ, જાલના જલગાંવ આદિ ક્ષેત્રોની જય બોલાઈ હતી. યેવલા, નેર, નંદુરબાર આદિ ક્ષેત્રોની વિનંતીઓ પણ હતી. પૂજ્યશ્રીના વરદ હસ્તે **પૂ.ગ. શ્રી પદ્મસેન વિ.મ., પૂ.ગ. શ્રી વિદ્યાનંદ વિ.મ., પૂ.ગ. શ્રી જયસોમ વિ.મ., પૂ.ગ. શ્રી જગવલ્લભ વિ.મ., પૂ.ગ. શ્રી હેમરત્ન વિ.મ.** આદિને પંન્યાસપદ પ્રદાન વિધિ નિર્વિઘ્ને પરિપૂર્ણ થઈ હતી. બપોરે મહાપૂજન ભણાવાયું.

આમ ધર્મચક્રતીર્થની ભૂમિ પર જંગલમાં મંગલ જેવું વાતાવરણ સર્જાયું હતું. આજના દિવસે પણ સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આખા પ્રોગ્રામનો બધો લાભ શ્રી ધર્મચક્ર પ્રભાવક ટ્રસ્ટ નાસિકે લીધો હતો.

ધર્મચક્ર તીર્થની ભૂમિ પરથી વિહાર કરીને પૂજ્યશ્રી પુનઃ નાસિક ગુરુમંદિરે પધાર્યા હતા. યુવાનોના અતિશય આગ્રહના કારણે રવિવારના રોજ સવારે ૯ થી ૧ સુધી યુવા ઉત્કર્ષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડૉક્ટરો વકીલો સમેત અનેક યુવાનો જોડાયા હતા. પૂજ્ય આચાર્યદેવશ્રી તથા પૂ. પંન્યાસ શ્રી હેમરત્નવિજય ગણિવર મ.ના સહિયારા પ્રવચનો તેમજ પૂજ્યશ્રીના મધુર કંઠેથી વહેતા ભાવવાહી સ્તવનો, ગીતો અને ધૂનની રમઝટમાં સમય ક્યાં પસાર થઈ ગયો તે ખબર જ પડી ન હતી. બપોરે એક વાગે શિબિરમાં પધારેલ યુવાનો માટે સાધર્મિક ભક્તિ રાખવામાં આવી હતી.

આજની શિબિરની વિશેષતા એ હતી કે શિબિર પ્રવચનો પર ક્વીઝનો અભિનવ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ૩ કલાકમાં સાંભળેલા પ્રવચનો પરથી ક્વીઝ રૂપે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પ્રવચન પૂર્વે જ જાહેર કરી દેવામાં આવ્યો હતો. તેથી યુવાનોએ એકાગ્રચિત્તે પ્રવચનોનું શ્રવણ, મનન અને લેખન કર્યું હતું. શિબિર પ્રવચનોમાં સમય ઘણો વીતી જવાથી ક્વીઝ કાર્યક્રમ બપોરના જાહેર પ્રવચનમાં ગોઠવાયો હતો. જેમાં આબાલ વૃદ્ધો હર્ષભેર જોડાયા હતા. સેકંડોમાં અપાતા જવાબોની રમઝટમાં આખી સભાને ભારે આકર્ષણ અને ઉંતેજારી રહી હતી. સાચા જવાબો આપનારને ઇનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સોમવારના દિવસે સવાર બપોર બે સમય પૂજ્યશ્રીએ પ્રવચનો ફરમાવ્યા હતા. બપોરે પ્રવચન ઊઠ્યા બાદ તુરત જ પૂજ્યશ્રી આદિ ઠાણા વિહાર કરીને પીંપળગાંવ તરફ પધાર્યા હતા. ટૂંક સમયની પૂજ્યશ્રીની સ્થિરતામાં પણ નાસિક નગરમાં પર્વાધિરાજ પર્યુષણા જેવું હિલોળા લેતું વાતાવરણ સર્જાયું હતું, જેમાં શ્રી સંઘે ઉલ્લાસભેર લાભ લીધો હતો.

પીંપળગાંવથી પૂજ્યશ્રીએ માલેગામ-ધૂલીયા તરફ વિહાર વિચારેલ પણ અતિ

ગરમીના કારણે માલેગામનો લાંબો રસ્તો મુલત્વી રાખી વણી-વાસંદાના રસ્તે વિહાર લંબાવ્યો હતો. હવે વણી, વાસંદા, બારડોલી, નવસારી થઈને પૂજ્યશ્રી અષાઢ સુદમાં સુરત પધારે એવી ધારણા છે.

સુરતમાં ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ-૭ સોમવાર તા. ૬-૭-૯૨ નો વિચારાયો છે.

પૂજ્યશ્રી સાથે પત્રવ્યવહાર ૐકારસૂરિજી આરાધના ભવન, સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૨. સેવંતિભાઈ (ઑફિસ) ૫૫૦૧૮-૫૫૦૧૯.

"દિવ્ય-દર્શન" - **"શાસન પ્રભાવના"** વર્ષ-૪૧,અંક-૪,તા.૩-૧૦-૧૯૯૨

સુરત-ગોપીપુરા ૐકારસૂરિ આરાધના ભવનમાં પાવન પગલાં

વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ અ. સુદ-૨ ના દિવસે સુરતની ધરતી પર જ્યારથી પગ મૂક્યો ત્યારથી આખા સુરત નગરની મુરત જાણે સાવ બદલાઈ ગઈ છે. ચારેકોર શાસન પ્રભાવના, પ્રવચનો અને તપસ્યાથી સુરત બંદર ધમધમી રહ્યું છે.

અ.સુદ-૨ ના અઠવાલાઈન્સ જૈન સંઘની વિનંતીને સ્વીકારીને પૂજ્યશ્રી ત્યાં પધાર્યા હતા. દસ હજાર માનવોની વિરાટ મેદનીના જયનાદો વચ્ચે નૂતન ઉપાશ્રયના ઉદ્‌ઘાટનનો લાભ શ્રીમાન શેઠ શ્રી દલપતભાઈ કકલભાઈ પરિવારે તથા શેઠ શ્રી મીયાંચંદભાઈ વરધીચંદભાઈ જેતાવાડા પરિવારે લીધો હતો. તે જ દિવસે પૂજ્ય અધ્યાત્મ મૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ આદિઠાણાનો ચાતુર્માસ પ્રવેશ પણ હતો. ઉપાશ્રય ઉદ્‌ઘાટન વિધિ બાદ પૂજ્યશ્રીના પ્રવચનો થયા હતા. શ્રી સંઘની વિનંતીથી ત્રણ દિવસ ત્યાં જ સ્થિરતા કરી હતી.

અ.સુદ-૩ ના દિવસે નાનપુરા શ્રી સંઘની વિનંતીનો સ્વીકાર કરીને પૂજ્યશ્રી વાજતે-ગાજતે નાનપુરા જૈન ઉપાશ્રયે પધાર્યા હતા. સામૈયા બાદ વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનું તથા ત્યાં ચાતુર્માસ બિરાજમાન શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજા આદિના પ્રવચનો થયા હતા.

ચાતુર્માસ પ્રવેશ :

અ.સુદ-૭ ના દિવસે પૂજ્યશ્રીએ ભવ્ય સામૈયા સમેત ગોપીપુરા આ. ઓંકારસૂરિ આરાધના ભવનમાં પ્રવેશ કર્યો હતો. સામૈયું વિવિધ રાજમાર્ગો ઉપર

ફરીને આ. ૐકારસૂરી આરાધના ભવને ઉતર્યું હતું. સામૈયા બાદ પૂજ્યશ્રીએ મંગલાચરણ ફરમાવ્યું હતું તે પછી પૂ.આ.શ્રી જયચંદ્રસૂરિ મ., પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી રત્નસુંદર વિ.મ., પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી હેમરત્ન વિ.મ. આદિના સુંદર પ્રવચનો થયા હતા. પ્રવચન બાદ સહુને શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

નવ લાખ નવકારના જાપની આરાધના :

પૂજ્યશ્રીની પાવનકારી પ્રેરણાથી શ્રી સંઘમાં એકાસણા સાથે નવ લાખ નવકારના જાપનું અનુષ્ઠાન ગોઠવાયું હતું. જેમાં તેરસો (૧૩૦૦) આરાધકો જોડાયા હતા. વિશાળ પ્રવચન ખંડની મધ્યમાં દેવાધિદેવશ્રી ભગવાન મહાવીર સ્વામીનું ભવ્યાતિભવ્ય જિનબિંબ બિરાજમાન કરવામાં આવ્યું હતું. પરમાત્માની સમક્ષ ભાઈઓ તથા બહેનો લાંબી ઊભી કતારોમાં ગોઠવાયા હતા.

પ્રથમ પાંચ સ્તુતિથી પરમાત્માની સ્તવના કરવામાં આવી હતી. પછી પૂજ્ય પંન્યાસ શ્રી હેમરત્ન વિજય મહારાજે જાપના ત્રણ પ્રકારો સમજાવ્યા હતા. પૂજ્યશ્રીએ સહુને વજ્ર પંજર સકલીકરણ પંચભૂત શુદ્ધિ આદિનો વિધિ કરાવ્યો હતો. ત્યારબાદ ચઉવિસંપિ જિનવરા તિત્થયરા મે પસીયંતુ આદિ પદોનો સમૂહ જાપ કરાવ્યો હતો. ત્યારબાદ સહુએ શ્વેત પુષ્પો પર મંત્રાધિરાજ શ્રી નવકારના જાપનો પ્રારંભ કર્યો હતો. બેકગ્રાઉન્ડ મ્યુઝિક રૂપે સંગીતના સૂર વહી રહ્યા હતા. પ્રસન્ન વાતાવરણ વચ્ચે સહુએ સતત બે કલાક સુધી જાપ કર્યો હતો ગીત સંગીત ભક્તિ ગીત, મંત્રાધિરાજની અષ્ઠપ્રકારી પૂજા આદિ બધો કાર્યક્રમ પૂર્ણ થતાં બપોરે એક વાગી ગયો હતો. નવકારમંત્ર પદની અષ્ટપ્રકારી પૂજાના ચઢાવા સારા થયા.

૨૪ તીર્થંકર શ્રેણી તપ આરાધના :

ચાતુર્માસના બીજા રવિવારે ઉપરોક્ત આરાધનામાં આઠસો આરાધકો જોડાયા હતા. ઉપાશ્રયના વિશાળ હોલમાં ૨૪ જિનબિંબોને બિરાજમાન કરાયા હતા. પ્રત્યેક પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા સમૂહમાં કરવામાં આવી હતી. પૂજાની વચ્ચેવચ ૨૪ તીર્થંકરો ભગવાનના જીવન ચરિત્રો પ્રવચનરૂપે સભા સમક્ષ રજૂ કર્યા હતા. સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ સુધી ભાવિકો પૂજાના કપડાંમાં ભક્તિરસમાં ઝીલતાં રહ્યા હતા.

શંખેશ્વર પાર્શ્વનાથ અક્રમતપ આરાધના :

પ્રગટ પ્રભાવી શંખેશ્વર પ્રભુના અક્રમતપની વાત શરૂ થતાં સહુ પોતપોતાની બુદ્ધિથી સંખ્યાનો અંદાજ લગાવતાં હતાં. વધુમાં વધુ ૩૦૦ અક્રમ થશે તેવી ધારણા સાથે અત્તરવાયણાની તૈયારીઓ વ્યવસ્થાપકોએ કરેલી પણ પૂજ્ય

આચાર્યદેવશ્રીની પ્રેરણાને ઝીલી લઈને કુલ ૭૮૦ આરાધકો અક્ષમતપમાં જોડાયા હતા. જેમાં નાના પાંચ-પાંચ વર્ષના બાળકો પણ હતા. અક્ષમતપના ત્રણેય દિવસ સવાર-બપોરના પ્રવચનમાં દેવાધિદેવ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનો અથથી ઇતિ સુધીનો ઇતિહાસ પૂજ્ય પં.શ્રી હેમરત્ન વિજય મહારાજે રજૂ કરીને સહુના હૈયા દાદા પ્રત્યેના ભક્તિભાવથી ભીંજવી દીધા હતા. પૂજ્ય આચાર્ય ભગવંતે વૈરાગ્યભરી વાણીમાં પાર્શ્વનાથ પ્રભુના દસ ભવનું ચરિત્ર રજૂ કરીને કષાયોની ભયંકરતા અને પરમાત્માના અદ્‌ભુત સમભાવને સભા સમક્ષ રજૂ કરીને સહુના હૈયા ડોલાવી દીધા હતા. આરાધકોએ ત્રણ દિવસમાં સહુએ સાડાબાર હજારનો પ્રભુના નામનો જાપ કર્યો હતો. ચાતુર્માસનો ત્રીજો રવિવાર અક્ષમતપની આરાધના સાથે પૂર્ણ થયો હતો.

૪૫ આગમતપ આરાધના :

ચોથા રવિવારે ૪૫ આગમતપની આરાધનામાં ૭૦૦ ભાવિકો જોડાયા હતા. ૪૫ ચંદરવા, પુંઠીયા, તોરણ બાંધીને ૩ ફૂટ ઊંચા સ્ટેજ પર ૪૫ આગમસૂત્રોને પધરાવવામાં આવ્યા હતા. જિનાગમો સામે ઊભી કતારોમાં ભાવિકો ગોઠવાયા હતા. આગમસૂત્રોની અષ્ટપ્રકારી પૂજા, ઉછામણી બોલનારા ભાવિકોએ કરી હતી તેમજ ૪૫ આગમસૂત્રોમાં શી શી વાતો સમાયેલ છે તેની વિગત પૂ.પં.શ્રી હેમરત્ન વિ. મહારાજે પ્રવચનરૂપે રજૂ કરી હતી. સમયમર્યાદાના કારણે માત્ર ૧૧ અંગ અને ૧૨ ઉપાંગની જ માહિતી અપાઈ હતી. પરંતુ શ્રોતાજનોને ને અને ખાસ કરીને સાધ્વીવૃંદને આગમના રહસ્યો સાંભળવાની અત્યંત જિજ્ઞાસા હતી. તેઓએ પૂ. આચાર્યદેવશ્રીને વિનંતી કરતાં પૂ.પં.શ્રી હેમરત્ન વિ. મહારાજે આગમ રહસ્યના પ્રવચનો ૧૫ દિવસ સુધી આગળ લંબાવ્યા હતા. જેમાં ૧૦ પ્રયન્ના, ૬ છેદ, ૪ મૂળ અને ૨ ચૂલિકા સૂત્રનું વર્ણન પૂર્ણ કર્યું હતું. માત્ર એમાં છેદ-આગમોની પ્રાયશ્ચિત આદિ વાતોને ગુપ્ત રાખીને પ્રેરણાત્મક વાતો રજૂ કરી હતી.

આ તમામ પ્રવચનો સાંભળતાં સમગ્ર સભા અશ્રુતરબોળ બની ગઈ હતી. અંતસમયની આરાધના ભવ આલોચના આદિ બાબતોની ખૂબ જ સારી રીતે છણાવટ કરવામાં આવી હતી. તંદુલવૈતાલિક શાસ્ત્રની શાખ આપીને ગર્ભમાં ઉત્પત્તિના પ્રથમ સમયથી જ જીવ હોય છે અને ક્રમશઃ કેવી રીતે વૃદ્ધિ પામે છે વગેરે વાતો સાંભળતાં સહુને લાગ્યું હતું કે વિજ્ઞાન 'ભૂ' પીવે છે.

અષ્ટાપદજી તીર્થની પૂજા :

ચાતુર્માસિના પાંચમા રવિવારે ઉપરોક્ત પૂજા રાખવામાં આવી હતી. ઉપાશ્રયના હોલ વચ્ચે અષ્ટાપદ તીર્થની રચના કરવામાં આવી હતી. ચારેકોર જિનબિંબોને

બિરાજમાન કરાયા હતા. પર્વતને ફરતી ગંગા નદીની નહેરને વહેતી કરવામાં આવી હતી. પૂજા ભણાવવા માટે શ્રી લલિતભાઈ ધામી તથા મુંબઈથી સોભાગભાઈ ઝવેરી આવ્યા હતા. પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીએ પૂજાને વિવિધ રાગોમાં અને તર્જોમાં રજૂ કરી હતી. જેમ જેમ પૂજાઓ આગળ વધતી જતી હતી તેમ તેમ સાથે સાથે પૂજ્યશ્રી પૂજાના ભાવાર્થો સમજાવતા જતા હતા. ભગવાન શ્રી ઋષભદેવનું સમગ્ર ચરિત્ર અને અષ્ટાપદ તીર્થની સ્થાપના આદિ ઐતિહાસિક વાતો સાંભળીને સભા આનંદવિભોર બની ચૂકી હતી. ઘડિયાળે બપોરે એકનો ડંકો પાડ્યો ત્યાં સુધી કોઈ હટવા કે ખસવા તૈયાર ન હતા. ઘણા વર્ષો બાદ પૂજ્યશ્રીનાં શ્રીમુખે સરુતની જનતાને આ પૂજા સાંભળવાનો એક વિરલ લહાવો મળ્યો હતો. શ્રી રજનીભાઈ કેશવલાલે પૂજાનો લાભ લીધો હતો.

જાહેર પ્રવચનો :

ચાતુર્માસિના પ્રત્યેક રવિવારે બપોરે પૂ. પંન્યાસપ્રવર શ્રી રત્નસુંદરવિજયજી મહારાજના જાહેર પ્રવચનો થતા હતા, ૩ વાગે શરૂ થનારા પ્રવચનોમાં જગ્યા રોકવા માટે લોકો બે વાગ્યાથી આવીને ગોઠવાઈ જતા હતા. આખો હોલ ખીચોખીચ માનવમેદનીથી ઉભરાઈ જતો હતો, વિવિધ વિષયોની રજૂઆતમાં શ્રોતાજનો ઓળઘોળ બની જતા હતા. પૂ. પંન્યાસ શ્રી રત્નસુંદર વિ. મહારાજ ચાલુ દિવસોમાં સાધુ-સાધ્વીજીને શાસ્ત્ર-વાચના ફરમાવતા હતા, જેમાં ઠેરઠેરથી સાધ્વીજી મહારાજો પધારતા હતા.

પર્વાધિરાજ શ્રી પર્યુષણાની પધરામણી :

વિવિધ આરાધના અનુષ્ઠાનો અને પ્રવચનોમાં દિવસો ક્યાં વીતી ગયા એ ખબર જ પડી નહિ અને એકાએક પર્વાધિરાજનું ટાણું આવી ગયું, ઘરેઘરમાં તપશ્ચર્યાના યજ્ઞો મંડાયા. એકેક કુટુંબમાં પાંચ-પાંચ ને આઠ-આઠ જણાએ અઠ્ઠાઈ તપના મંડાણો કર્યા. સવારથી પચ્ચકખાણ માટે વિવિધ તપસ્વીઓની પૂંજણાની લાઈનો શરૂ થાય તે છેક બપોર સુધી લાઈનો ચાલ્યા કરતી.

પ્રથમ દિવસે અમારી પ્રવર્તનનું કર્તવ્ય પૂજ્ય આચાર્યદેવશ્રીએ સભા સમક્ષ રજૂ કરીને અકબરના જીવન પરિવર્તનનો પ્રસંગ સહુને સમજાવ્યો હતો, તે પછી બાકીના ઉત્તરાર્ધમાં પૂ. પંન્યાસ શ્રી હેમરત્ન વિ. મહારાજે જગદ્‌ગુરુ હિરસૂરિ મહારાજના જીવનચરિત્ર, તેમના ઉપકારો અને છેલ્લે અંતિમ ઉનાના ચાતુર્માસમાં જગદ્‌ગુરુ આચાર્ય ભગવંતના સ્વર્ગવાસનો પ્રસંગ અને પૂ.આ.શ્રી સેનસૂરિ મહારાજને પડેલા વિયોગનું હૃદયદ્રાવક વર્ણન કરીને આખી સભાને હીબકા ભરી-ભરીને રોવડાવી

હતી. સતત અડધો કલાક સુધી આખા પ્રવચન હોલમાં બોર બોર જેવડા આંસુઓ સભાની આંખમાંથી સરતા રહ્યા હતા. આજના આ પ્રથમ દિવસે આખી સભામાં સાધુ-સાધ્વી સમેત કોઈની પણ આંખો ભીની ભીની થયા વિના રહી શકી ન હતી.

બીજા દિવસનું પ્રવચન પૂ. પંન્યાસપ્રવર શ્રી રત્નસુંદર વિ. મહારાજે ફરમાવ્યું હતું. સાધર્મિક ભક્તિ અને ક્ષમાપનાના કર્તવ્યો ખૂબ જ રોચક ભાષામાં રજૂ થયા હતા. તે પછીના પ્રવચનો પણ પૂજ્ય આચાર્યદેવશ્રીએ તથા બંને પૂ. પંન્યાસજી મહારાજોએ તથા પૂજ્ય મુનિરાજશ્રી જયસુંદર વિ. મહારાજે ફરમાવ્યા હતા.

પ્રવચનો દરમ્યાન જીવદયા, આયંબિલ શાળા, ઉપાશ્રય, સાધારણ અને સ્વપ્નદ્રવ્ય આદિની ખૂબ જ સારી આવક થઈ હતી.

દેવનાર કતલખાનામાં પશુઓનો પૂરવઠો તૂટી જાય એ માટે મુંબઈમાં ચાલી રહેલા આંદોલન માટે પણ પૂજ્યશ્રીની પાવન પ્રેરણાથી ખૂબ જ સારું ફંડ થયું હતું. આમ પર્વાધિરાજની આરાધના અનેકવિધ શાસન પ્રભાવના, તપશ્ચર્યા અને પ્રવચનોની હારમાળાઓ સાથે અત્યંત ઉલ્લાસપૂર્વક પરિપૂર્ણ થઈ હતી. પર્યુષણા પર્વનો વરઘોડો અત્રેનો તથા નેમુભાઈની વાડીનો ભેગો નીકળતા ભવ્ય નીકળ્યો હતો.

યુવા ઉત્કર્ષ શિબિર :

પર્વાધિરાજની આરાધના પૂર્ણ થયા બાદ હવે ૧૫ થી ૪૫ વર્ષના યુવાનો માટે શિબિરનો આરંભ થઈ રહ્યો છે. જેમાં ૨૫૦૦ જેટલા યુવાનો જોડાઈ રહ્યા છે. પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી સાધુ-સાધ્વીને પંચાશકજી સૂત્ર ઉપર વાચનાઓ ફરમાવી રહ્યા છે. દૈનિક પ્રવચનો તથા રોજની પહેલાની જેમ સાધુ-સાધ્વીજી મહારાજોને વાચના પૂ. પંન્યાસપ્રવર શ્રી રત્નસુંદર વિ.મ. ફરમાવે છે તેમજ રવિવાર મહાભારતના ઐતિહાસિક પાત્રોને નજરમાં રાખી પૂ. પંન્યાસ શ્રી હેમરત્ન વિ.મ. જાહેર પ્રવચનો આપી રહ્યા છે. સુરતના શ્રોતાજનો આ વિવિધ પ્રવચનોની વાનગીઓને આસ્વાદતાં ખૂબ જ રોમાંચ અનુભવી રહ્યા છે.

સિદ્ધાંત દિવાકર આચાર્યશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ ગચ્છાધિપતિ પદથી વિભૂષિત થયા

શ્રી જવાહરનગર જૈન શ્વેતાંબર મૂર્તિ. સંઘ ગોરેગાંવ મુંબઈના આંગણે નગર ઉપનગરના હજારો સંઘ-પ્રતિનિધિઓની ઉપસ્થિતિ વચ્ચે ગચ્છાધિપતિ પદ પ્રદાનનો સમારોહ ઉજવાઈ ગયો.

તારીખ ૯ મે રવિવારે સવારે ૮ કલાકે વિશાળ મંડપમાં મુમુક્ષુભાઈ શ્રી દિનેશકુમારની દીક્ષા અંગીકાર વિધિનો તથા ગચ્છાધિપતિ પદ પ્રદાનનો વિધિ શરૂ થયો હતો.

પરમપૂજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી યશોવર્મસૂરીશ્વરજી મહારાજ, પૂ.પં. શ્રી જયસોમવિજયજી મ., પૂજ્ય મુનિશ્રી શીલરત્નવિજયજી મહારાજ, પૂ.પં. શ્રી હેમરત્નવિજયજી ગણિ, પૂ.પં. શ્રી જયસુંદરવિજયજી ગણિ. ઈત્યાદિ મુનિભગવંતો તથા પૂજ્ય આચાર્ય શ્રી વિજય ધનપાલસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાવર્તી સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. આદિની નિશ્રામાં જ્યારે સિદ્ધાંત દિવાકરશ્રીને ગચ્છાધિપતિ પદની કામળી અર્પણ થઈ ત્યારે જયનાદોથી મંડપ ગુંજી ઊઠ્યો હતો.

આ પ્રસંગે પૂજ્ય આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, આચાર્ય શ્રી યશોવર્મસૂરીશ્વરજી મહારાજ તથા પ્રખર પ્રવચનકાર પૂ.પં. શ્રી હેમરત્નવિજયજી ગણિના પ્રવચનો થયા હતા. સર્વશ્રી કુમારપાળ વિ. શાહે પણ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું.

શ્રી અનુભાઈ ગીરધરલાલ જીવણલાલ પરિવાર તથા ગોળાવાળા પરિવારે કામળી તથા ગુરુપૂજનનો લાભ લીધો હતો. દીક્ષાર્થીના ઉપકરણની પણ નોંધપાત્ર બોલીઓ ઉલ્લાસપૂર્વક થઈ હતી.

ગોરેગાંવ જવાહરનગર સંઘે પ્રસંગનું આયોજન ખૂબ જ વ્યવસ્થિત કર્યું હતું. સંઘ અગ્રણી શ્રી શનાભાઈની આગેવાની હેઠળ થયેલ પ્રસંગમાં સંઘના નાના મોટા સૌની સેવાઓ નોંધપાત્ર બની રહી હતી.

પરમપૂજ્ય સિદ્ધાંત દિવાકર નૂતન ગચ્છાધિપતિની આ છે જીવન ઝરમર.

જીવનના વહેણો વહેતા જાય છે... ને કાળે કાળે હુંડા અવસર્પિણીમાં પણ 'બહુરત્ના વસુંધરા'ના ન્યાયે મહાપુરુષો જનમતા રહે છે. આ જગતમાં અવતરી

સ્વ-પરનું કલ્યાણ કરતા રહે છે. આવી જ એક વિભૂતિનો જન્મ પાટણ નિવાસી સુશ્રાવક મફતભાઈના ધર્મપત્ની કાંતાબેનની કુક્ષિએ વિ.સં. ૧૯૯૨ માં એટલે કે આજથી ૫૭ વર્ષ પૂર્વે થયેલ... ભાવિની દિવ્યતાને ભવ્યતાનું સૂચક નામ તેનું હતું જવાહર. બાળક જન્મ્યો હોય ત્યારે કોઈને કલ્પના ય ક્યાંથી હોય કે ભાવિમાં આ જ માસુમ બાળક જૈન શાસનનું સાચું જવાહર બનશે ? પૂર્વની પ્રકૃષ્ટ આરાધનાથી સુકુળ જન્મ મળ્યો. વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક સંસ્કરણનું સિંચન પણ થતું રહ્યું... તોફાનની માત્રા વધુ હતી... છતાં કહેવાય છે કે તોફાની બદલાઈ જાય તો સુકાની બની શકે !

કમનસીબે બાળપણમાં જ માતાનો વિયોગ થયો. પણ ગુરુમાતાના યોગે તેમના જીવનને મહાન બનાવ્યું. સંવત ૨૦૦૫ માં સિદ્ધાંત મહોદધિ સ્વ. આચાર્ય ભગવંતની આજ્ઞાથી તેઓના શિષ્યરત્ન વૈરાગ્યવારિધિ મુનિરાજશ્રી ભાનુવિજયજી મ. મુંબઈ લાલબાગ ચાતુર્માસાર્થે પધાર્યા. પૂજ્યશ્રીની વૈરાગ્યવાણીથી સારોય મુંબઈનો સંઘ ભાવિત થયો. તોફાની જવાહરમાં પણ પૂજ્યશ્રીએ કોઈ ભાવિ મહાનતાનાં દર્શન કર્યા... વાત્સલ્યના ધોધ વરસાવી પૂજ્યશ્રીએ જવાહરને વશ કર્યો... દીક્ષા માટે તૈયાર થયો. પિતા મફતલાલના બેને દીક્ષા લીધેલી. સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી... પાટણ વતન... બેનની દીક્ષા વગેરેથી ભાવિત થયેલ મફતલાલ દીક્ષાનો ઈન્કાર કેવી રીતે કરે ?

તેમને સહર્ષ સંમતિ આપી પણ પૂજ્યશ્રીને સંતોષ ન હતો. પૂજ્યશ્રીએ વાત મૂકી. પુત્ર સાધુના સંયમની રક્ષા માટે તમારે પણ દીક્ષા લેવી ઉચિત છે. પિતા-પુત્ર બંનેની દીક્ષા નિશ્ચિત થઈ મફતભાઈ બન્યા. ધર્મઘોષવિજયજી મ. અને જવાહર બન્યા જયઘોષવિજયજી મ., બંને પૂજ્યોના કૃપાપાત્ર સેવકો બન્યા.

જવાહરમાંથી જયઘોષ બનેલા મુનિનું નવજીવન શરૂ થયું. કુમળી વય... તોફાની સ્વભાવ... બાળ સહજ અજ્ઞાનતાને કારણે શરૂ શરૂમાં ક્ષયોપશમ મંદ રહ્યો. તેથી અધ્યયન - સ્વાધ્યાયની લગન ઓછી. પણ વિનય - ભક્તિ - ત્રણે ગુરુ પ્રત્યે અનહદ રાગ - તેમનો પડતો બોલી ઝીલી અમલમાં મૂકવાનો થનગનાટ - ગુરુકુલવાસની મસ્તી - સૂરિપ્રેમની વરસતી અનહદ કૃપા - ભાનુવિજય ગુરુમહારાજની પ્રેમાળ પ્રેરણાઓ - વગેરે દ્વારા તેમના જીવનમાં અણધાર્યો વળાંક આવ્યો. સંસ્કૃતની બુક ૭/૭ વાર કરનારા આ બાળ મુનિ ગુરુકૃપાના એક માત્ર બળે પ્રકૃષ્ટ પ્રજ્ઞાના સ્વામિ બન્યા. દિવસમાં માંડ ૪-૫ ગાથા કરતાં તેમને હવે એક વાર વાંચતાંની સાથે ગ્રંથો કંઠસ્થ થવા લાગ્યાં. કારણ તન તોડીને ગુરુભક્તિ કરી.

ગુરુની અમીદૃષ્ટિમાં સ્નાન કરવાની તેમની તીવ્ર ઝંખના હતી કે જે ફળી તેમના જીવનમાં અદ્‌ભુત ચમત્કાર સર્જાયો. એક વખત તો પૂજ્યપાદશ્રીની પાવન નિશ્રામાં અનેક સાધુઓ વચ્ચે એક કલાક સુધી પ્રાકૃતમાં પ્રવચન આપ્યું. જે સાંભળી વિદ્વાન મુનિઓ પણ આશ્ચર્ય પામ્યા. ટૂંકી વય અને સાવ નાના સંયમ પર્યાયમાં તેઓ મહાન ગીતાર્થ બની ગયા. પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના અંતરમાં વસી ગયા. જ્ઞાન પામવા સાથે તેને પચાવવાની અદ્‌ભુત પાત્રતા પ્રાપ્ત કરી લીધી. લગભગ બધા જ આગમોનું તલ-સ્પર્શી અધ્યયન કરી સેંકડો સાધુઓને તેનો અભ્યાસ કરાવ્યો. ૨૦ વર્ષની ઉંમરે ને માત્ર ૭ વર્ષના દીક્ષા પર્યાયમાં પરમગુરુદેવે તેમને શાસ્ત્રોમાં ગહન અને અતિગુપ્ત ગણાતા છેદ ગ્રંથો ભણાવ્યા. ને તે જ વખતે ભાનુ વિ. ને કહ્યું કે તારી પાટ આ મુનિ શોભાવશે... તારી બધી જવાબદારી તેને સોંપજે અને શાસ્ત્રીય પદાર્થોની ક્યારે પણ ગુંચ ઊભી થાય ત્યારે બધાએ તેમની સલાહ લેવી. ઝવેરીમાં જવાહર પારખવાની કેવી અદ્‌ભુત કળા ! વિજયમાંથી સૂરિ બનેલા આ મહાપુરુષ સૌમ્યમૂર્તિ છે જ્ઞાનનો મહાસાગર છે છતાં અભિમાનનો છાંટો નથી. પોતે સમર્થ હોવા છતાં આખી જિંદગી ગુરુકુલવાસમાં રહી ગુરુની સેવા - સમુદાયની સારણા-વારણાદિ-સાધુઓને ભણાવવાનું સુંદર કાર્ય કરી રહ્યાં છે તેઓ જૈનશાસનમાં ગુપ્ત રત્ન છે. તેમની ગંભીરતા-ઉદારતા-પરાર્થ રસિકતા વિ. ગુણોનું માપ કાઢવા અનેક ભવ પણ ઓછા પડે. શાસ્ત્રથી અત્યંત ભાવિત મતિ છે.

સમસ્ત જૈનસંઘના શિરોમણિને શિરોમાન્ય - આ અજાતશત્રુ - હાલતું ચાલતું આગમ (Mobile Aagam) છે ગમે ત્યારે ગમે તે વિષયના ગમે તેવા ક્લિષ્ટ-પ્રશ્નો-શંકાઓ લઈને જાવ. શાસ્ત્રીય પરિભાષાને સરળ કરી એવા સચોટ અને સુંદર ઉત્તર મળે કે સાંભળનારને સોંસરું ઉતરી જાય. પ્રભાવકતા અને પ્રસિદ્ધિ અપાવતા પાટ અને પ્લેટફોર્મથી સદા પર છે. મરજીવા બની શાસ્ત્ર સાગરના અતલ ઊંડાણમાં ડૂબકી મારી શ્રુતરત્નોના નિચોડ કાઢવામાં તત્પર છે. ઉચ્ચ પદાર્થોનું આશ્રિત વર્ગને દાન કરવામાં ને પોતાના આત્માની આંતર સાધનામાં મગ્ન છે. કોઈ પણ સમજુ શ્રાવક કહી શકશે કે આજે આ જિનશાસનમાં આ મહાત્મા જ્ઞાની - ગીતાર્થ પુરુષ મળવા દુર્લભ છે. નાની ઉંમરમાં સેંકડો સાધુઓના સુકાની બનવા રૂપ **ગચ્છાધિપતિ** જેવું મહાનપદ તેઓ પ્રાપ્ત કરી રહ્યા છે. પદ પામવાની પરિપૂર્ણ પાત્રતા તો છે જ. તેથી આવી ઉચ્ચપદવી દ્વારા તેઓ ભારતભરના સંઘના શિરોમાન્ય-સન્માનનીય બનશે જ...

યુવા શિબિરના આદ્યપ્રણેતા પરમપૂજ્ય
આ.ભ.શ્રી.વિ.ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.નો ભવ્ય ઉપકાર...

જગતને ઉપકારી હેતુ જેમનુ જીવન,
જૈનશાસનને જેમણે બનાવ્યું નંદનવન;
દાન-શીલ-તપ-ભાવના ખીલાવ્યા સુમન,
સૌરભ મહેંકી રહી જેની જન-ગણ-મન.
ઓ ચારિત્ર ચુડામણિ, મુમુક્ષુઓના મુગટમણિ,
દિવ્ય સુખોના ધણી, પ્રાણપ્યારા ઓ ગુરમૈયા ! વંદના ઘણી...

આજથી લગભગ ૨૧ વર્ષ પૂર્વે **પરમારાધ્યપાદ** સકલસંઘહિતચિંતક પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીજી **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા., આગમ શાસ્ત્રવિશારદ પૂ. ગચ્છાધિપતિ **જયઘોષસૂરીશ્વરજી** મ.સા., તર્કશાસ્ત્રનિપુણમતિ પૂ.આ.ભ. **જયસુંદરસૂરીશ્વરજી** મ.સા., તપસ્વીરત્ન પ.પૂ. **જયસોમવિજયજી** મ.સા. આદિઠાણા ૪૫ અને ભવજલનિધિનિયામિકા પ.પૂ. પ્રવર્તિની **વસંતપ્રભાશ્રીજી** મ.સા. આદિઠાણા ૧૭નું ચાતુર્માસ હુબલી નગરના પ્રાંગણમાં અતિ ઉલ્લાસ-ઉમંગ-ઉત્સાહસભર થયેલું.

જેમા સકલ શ્રી સંઘ પણ હર્ષના હિલોળે ચઢી માસક્ષમણ, ૧૬ ઉપવાસ, ધર્મચક્ર તપ આદિમાં જોડાઈને આલંબન સ્વરૂપ સુંદર આદર્શ ઊભો કરેલો. જે સ્મૃતિપટમાં આવતા આજે પણ હૃદય આનંદવિભોર બની ગદ્‌ગદ્‌ થઈ જાય છે.

આ ઐતિહાસિક યશસ્વી ચાતુર્માસના ફલસ્વરૂપ હુબલીમાં ૧૯-૧૯ મુમુક્ષુઓ પરમકરૂણા નિધાન પરમાત્માના પુનિત પંથે પ્રયાણ કરી ગયા છે. અતઃ આ થયેલ અભૂતપૂર્વ ચાતુર્માસને જિનશાસનના ગગનમાં ચારચાંદ લાગી ગયા છે. આટલેથી જ અટક્યુ નથી કિન્તુ હજુ પણ આ હુબલીની ધન્યધરામાંથી રત્નો તૈયાર થઈ રહ્યા છે અને હું-બલી એ નામને સાર્થક કરી રહ્યા છે. જેમાં સહુથી મહત્ત્વનું કારણ હોય તો એ છે દિવ્યલોકે વસનારા પરમકૃપાળુ પૂજ્યપાદસૂરીશ્વરજીની દિવ્ય અસીમ-અનરાધાર-અવિરત કૃપા...

બસ-આ અવિરત દિવ્યકૃપાવૃષ્ટિમાં હુબલી સંઘ સતત સ્નાન કરીને નિજ આતમને પાવન કરતો રહે એજ એક મંગલમનીષા...

જ્ઞાન ગંગામાં સ્નાન કરતા-કરતા જે થયા વિદાય,
યાદ આપની મીઠી મધુરી, સતાવતી સદાય.

અનીલકુમાર આર. (હુબલી)

• • •